(४३)

Regd. With Registrar of Newspapers for India No. R. N. I. 6067/57
Posted at Patrika Channel sorting office Mumbai-400 001
Licence to post without prepayment No. 271
● વર્ષ : (૫૦) + ૧૬ ● અંક : ૧ ● ૧૬ જાન્યુઆરી, ૨૦૦૫ ● ● Regd. No. TECH / 47-890 / MBI / 2003-2005

● ● ● શ્રી મુંબઈ જૈન યુવક સંઘનું માસિક મુખપત્ર ● ● ●

# પ્રબુદ્ધ જીવન

● ● પ્રબુદ્ધ જીવન પાક્ષિક ૧૯૩૯થી ૧૯૮૯ : ૫૦ વર્ષ ● ● વાર્ષિક લવાજમ રૂા.૧૦૦/- ● ● છૂટક નકલ રૂા. ૧૦/- ● ●

તંત્રી : રમણલાલ ચી. શાહ સહતંત્રી : ધનવંત તિ. શાહ

## પ્રબુદ્ધ જીવન વિશે

ઇ. સ. ૨૦૦૫ના જાન્યુઆરીના આ અંકથી 'પ્રબુદ્ધ જીવન' ૬૬મા વર્ષમાં પ્રવેશ કરે છે. સંસ્થાના એક વૈચારિક મુખપત્રનું, જાહેરખબર ન લેવાની નીતિ સહિત ૬૫ વર્ષ સુધી નિયમિત પ્રકાશિત થવું એ ગુજરાતી પત્રકારત્વના ઇતિહાસમાં એક વિરલ, નોંધનીય ઘટના ગણાય. એના પાયામાં સમર્થ, નિઃસ્વાર્થ, સંનિષ્ઠ, દૃષ્ટિસંપન્ન, રાષ્ટ્રીય ભાવનાવાળા પુરોગામીઓનું તપ રહેલું છે.

પ્રબુદ્ધ જીવનનો ઇતિહાસ ઘણો રસિક છે. (જુઓ સુવર્ણજયંતી અંક.) ઈ. સ. ૧૯૨૯માં જૈન યુવક સંઘની સ્થાપના થઈ ત્યારે સંસ્થાનું એક મુખપત્ર પ્રકાશિત કરવાનો ઠરાવ થયો હતો. એ મુજબ 'મું. જૈ. યુ. સંઘ પત્રિકા' નામથી મુખપત્ર પ્રગટ થયું અને તેના તંત્રી તરીકે સ્વ. જમનાદાસ અમરચંદ ગાંધીએ બે વરસ કામ કર્યું હતું. ત્યાર પછી ૧૯૩૩માં 'પ્રબુદ્ધ જૈન' સ્વ. રતિલાલ ચીમનલાલ કોઠારીના તંત્રીપદે પ્રગટ થયું. પણ તે વર્ષે બ્રિટિશ સરકારની દરમિયાનગીરીને કારણે પત્ર બંધ કરવું પડ્યું અને ત્યાર પછી 'તરુણ જૈન'ના નવા નામથી નવું મુખપત્ર શરૂ થયું.

આઝાદીની રાષ્ટ્રીય ચળવળમાં ભાગ લેનાર સંઘના તે સમયના સભ્યોએ 'પ્રબુદ્ધ જીવન'ને પ્રકાશિત કરવામાં જે નીતિ ઘડી તેના પાયામાં તેમની સ્વતંત્રતાની, વીરતાની, તટસ્થતાની અને સ્વાર્પણની ભાવના રહેલી હતી. એમના તપના પ્રભાવે 'પ્રબુદ્ધ જીવન' પાંસઠ વર્ષથી વધુ સમય ટકી શક્યું છે. વળી 'પ્રબુદ્ધ જીવન'ના તંત્રીઓએ એના આરંભકાળથી આજ સુધી માનાર્હ સેવાઓ આપી છે.

જૈન યુવક સંઘના મુખપત્રના પ્રથમ અંકથી તે વર્તમાન સમય સુધીની ફાઈલો ઉપર નજર ફેરવતાં એના મુખપત્રના વિકાસની ગતિનો એક ગ્રાફ જોવા મળે છે. પાંસઠ વર્ષના સમયમાં સમાજ, દેશ અને દુનિયામાં કેવાં કેવાં પરિવર્તનો થતાં ગયાં અને તેમાં કેવાં કેવાં પરિબળોએ કામ કર્યું, તેનો પડઘો સંઘના આ મુખપત્રમાં પડતો રહ્યો છે. એથી આ મુખપત્રનું એક ઐતિહાસિક દસ્તાવેજી મૂલ્ય પણ રહે છે.

સંઘની સ્થાપનાના સમયે દેશ ગુલામ હતો. ત્યારપછી બીજા વિશ્વયુદ્ધની પરિસ્થિતિની અસર ભારતના લોકજીવન પર પણ પડી હતી. ભારત આઝાદ થતાં અનાજ, કાપડ અને રહેઠાણની સમસ્યાઓ ઊભી થઈ હતી. ભાષાવાર પ્રાંતરચના, વસ્તીવધારો, સરકારી તુમારશાહી, ભ્રષ્ટાચાર વગેરેની સમસ્યાઓ પણ ઊભી થઈ હતી. આમ સંસ્થાની સ્થાપનાનાં આ પંચોતેર વર્ષના ગાળામાં ભારતીય ભાતીગળ જનજીવન અને તેમાં પણ મુંબઈનું જનજીવન વિવિધ તબક્કાઓમાંથી પસાર થયું. આ પંચોતેર વર્ષના ગાળામાં એક બાજુ ગાંધીજી જેવી વર્તમાન સમયની સર્વોચ્ચ પ્રતિભા જોવા મળી, તો બીજી બાજુ બીજા વિશ્વયુદ્ધ સહિત દેશ અને દુનિયામાં અધોગતિનાં અનેક પ્રકરણો પણ જોવા મળ્યાં. આ બધાંના પડઘા 'પ્રબુદ્ધ જીવને' સમયે સમયે કેવા કેવા ઝીલ્યા છે એ એના ભૂતકાળના અંકો ઉપર નજર નાખતાં જોવા મળે છે. આ બધા જૂના અંકો જોઇએ છીએ ત્યારે કાળની ગતિ કેવી વિચિત્ર અને વિલક્ષણ હોય છે તેની પ્રતીતિ થાય છે. પોતપોતાના સમયમાં અત્યંત ગંભીર, મહત્ત્વની કે ક્યારેક પ્રાણસમી લેખાતી બાબતો બે-ત્રણ દાયકા પછી કેટલી નાની, ગૌણ અને ક્યારેક તો ક્ષુદ્ર જેવી બની જાય છે તે એમાંથી જોવા મળે છે. ક્યારેક એમ થાય છે કે કેવી નજીવી બાબતો માટે સમાજના ધુરંધરોને પોતાની શક્તિ વેડફી નાખવાની કાળે ફરજ પાડી છે. વર્તમાન પેઢીને જે કેટલીક બાબતો સિદ્ધ સ્વરૂપે સહજ રીતે મળે છે તે સિદ્ધ કરવા ભૂતકાળની પેઢીઓને સામાજિક રૂઢિઓની સામે કેટલો મોટો પુરુષાર્થ કરવો પડ્યો હતો !

ઈ. સ. ૧૯૩૯માં સંજોગો બદલાતાં ફરીથી 'પ્રબુદ્ધ જૈન' પ્રગટ થયું ત્યારે સંઘ તરફથી તેના તંત્રી તરીકે શ્રી મણિલાલ મોકમચંદ શાહની અને સંપાદક તરીકે શ્રી પરમાનંદ કુંવરજી કાપડિયાની નિમણૂંક થઈ હતી. સ્વ. મણિભાઇના અવસાન પછી ૧૯૫૧ થી શ્રી પરમાનંદ કાપડિયાએ 'પ્રબુદ્ધ જીવન'ના તંત્રી તરીકે જવાબદારી સ્વીકારી અને ઈ. સ. ૧૯૭૧માં એમનું અવસાન થયું ત્યાં સુધી એમણે આ જવાબદારી સારી રીતે વહન કરી હતી. એમના તંત્રીપણા દરમિયાન, તે સમયના ગાંધીવાદી વિચારક અને સાહિત્યકાર સ્વ. કાકા કાલેલકરની ભલામણથી સંઘના મુખપત્રનું 'પ્રબુદ્ધ જૈન'માંથી 'પ્રબુદ્ધ જીવન' એવું નામ રાખવામાં આવ્યું હતું. 'પ્રબુદ્ધ જીવન'ના ઇતિહાસમાં સુદીર્ઘ સેવા આપનાર સ્વ. પરમાનંદભાઈ છે. તેઓ જાણે 'પ્રબુદ્ધ જીવન' સાથે એકરૂપ બની ગયા હતા !

ઈ. સ. ૧૯૭૧માં શ્રી પરમાનંદભાઈના અવસાન પછી 'પ્રબુદ્ધ જીવન'નું સુકાન સ્વ. ચીમનલાલ ચકુભાઈ શાહે સંભાળ્યું હતું. તેઓ રાજકીય પુરુષ અને તત્ત્વચિંતક હતા. સ્વ. ચીમનભાઈની પ્રતિભા અનોખી હતી. તેઓ વ્યવસાયે સોલિસિટર હતા. રાજકારણમાં તેઓ સક્રિય હતા અને પાર્લામેન્ટના સભ્ય હતા. એમણે તંત્રીપદ સંભાળ્યા પછી દરેક અંકે તંત્રીલેખ લખવાની પ્રથા પાડી હતી. તેમણે લખેલા લેખોમાં રાજકીય વિષયો પરના ચિંતનાત્મક લેખો મૂલ્યવાન રહ્યા હતા.

ઈ. સ. ૧૯૮૨ના નવેમ્બરમાં શ્રી ચીમનલાલ ચકુભાઈ શાહનું અવસાન થતાં 'પ્રબુદ્ધ જીવન'ના તંત્રી તરીકેની જવાબદારી મને સોંપવામાં આવી. 'પ્રબુદ્ધ જીવન' માટે છેલ્લાં બાવીસ વર્ષથી હું સતત કામ કરતો રહ્યો છું. પહેલાં સાત વર્ષ પાક્ષિક તરીકે અને પછીનાં પંદર વર્ષ માસિક તરીકે 'પ્રબુદ્ધ જીવન' નિયમિત પ્રગટ

થતું રહ્યું છે. 'પ્રબુદ્ધ જીવન'માં મારો પોતાનો તંત્રીલેખ લખવા ઉપરાંત બીજા લેખકોના આવેલા લેખો પસંદ કરવા, વાંચવા, તપાસવા, સુધારવા (અક્ષરો સહિત), પ્રેસને આપવા, બે વાર પ્રૂફ તપાસવાં અને છેલ્લે પેજસેટિંગ કરવાં–આ બધું કાર્ય એકલે હાથે આજ દિવસ સુધી કરતો રહ્યો છું.

મારા બાવીસ વર્ષના તંત્રીપદ દરમિયાન વિવિધ વિષયો પર તંત્રીલેખ નિયમિત લખતો આવ્યો છું. અત્યાર સુધીમાં ત્રણસોથી વધુ તંત્રીલેખો લખાયા છે અને એમાંના ઘણાખરા ગ્રંથસ્થ થયા છે. 'સાંપ્રત સહચિંતન'ના ૧ થી ૧૫ ભાગમાં આ બધા લેખો છે. તદુપરાંત 'અભિચિંતના', 'વંદનીય હૃદયસ્પર્શ' (૧ થી ૩) તથા 'જિનતત્ત્વ' (૧ થી ૮) માં પણ લેખો ગ્રંથસ્થ થયા છે. 'પ્રબુદ્ધ જીવન'નું તંત્રીપદ ન હોત તો મારું આટલું બધું લેખનકાર્ય થયું ન હોત. એ માટે હું જૈન યુવક સંઘનો અને એના કાર્યકરોનો આભારી છું.

હવે મને ૭૮ વર્ષ પૂરાં થયાં છે. એટલે મારી ભલામણથી સંઘની સમિતિએ સંઘના મંત્રી ડૉ. ધનવંતભાઈ શાહની સહતંત્રી તરીકે નિમણૂંક કરી છે. ૨૦૦૫ના આ નવા વર્ષથી તેઓ સહતંત્રી તરીકે જોડાય છે. હું તેમને સહર્ષ આવકાર આપું છું. ડૉ. ધનવંતભાઇએ ઉદ્યોગપતિ થતાં પૂર્વે વર્ષો સુધી કૉલેજમાં ગુજરાતી વિષયના અધ્યાપક તરીકે કાર્ય કર્યું છે. કવિ ન્હાનાલાલ વિશે શોધનિબંધ લખી પીએચ.ડી.ની ડિગ્રી એમણે પ્રાપ્ત કરી છે. કવિ નાનાલાલ અને કવિ કલાપી ઉપર તેમણે નાટક લખ્યાં છે જે પ્રકાશિત થયાં છે. આ જવાબદારી માટે તેઓ પૂરા સજ્જ છે.

'પ્રબુદ્ધ જીવન'માં સહતંત્રી તરીકે જોડાતાં હવે તેમણે પોતાનો કાર્યભાર સંભાળી લીધો છે. હવેથી લેખો વાંચવા, પસંદ કરવા, પ્રૂફ તપાસવાં વગેરેની જવાબદારી તેમણે સ્વીકારી છે.

ફરીથી ડૉ. ધનવંતભાઇને સહતંત્રી તરીકે આવકારું છું અને તેઓ પોતાના કાર્યમાં યશસ્વી રહે એવી શુભેચ્છા દર્શાવું છું.

□ તંત્રી

# હોઠે હલવો હૈયે હળાહળ

□ પ. પૂ. શ્રી પૂર્ણચન્દ્રસૂરિજી મહારાજ

આ દુનિયાના દેદારને પરખવો જરાય આસાન નથી; કેમકે ઘણીવાર જે દેખાય છે, એના કરતા હકીકત જુદી જ હોય છે. જ્યારે ક્યારેક હકીકત જુદી હોય છે અને દેખાતું વળી બીજું જ કંઈ હોય છે. કંકર બધા શંકર હોતા નથી, પણ કંકર કંકર વચ્ચે ય તફાવત હોય છે, કોઈ કંકર મણી હોય છે, તો કોઈ કંકર પથ્થર જેવી ય કિંમત ધરાવતો હોતો નથી. આવું જ માનવ માટે સમજી શકાય છે. માનવ માનવ વચ્ચે ય અંતર હોય છે, કોઈ માનવ મિત્ર, તો કોઈ શત્રુ હોય છે. જેટલા મિત્ર દેખાતા હોય છે, એ ય બધા મિત્ર હોતા નથી, એમાંય કુમિત્ર ઘણા હોય છે. અને શત્રુ કરતા ય આવા કુમિત્રને ખોળી કાઢવો, એ કઠીન ગણાતું હોવાથી, એનાથી આપણું અહિત પણ ઘણું ઘણું થઈ જતું હોય છે.

શત્રુને શોધી કાઢવો, સહેલી વાત છે, મિત્રને માણવો, એ ય હજી કઈ બહુ કઠિન બાબત નથી. પણ અઘરામાં અઘરી પરીક્ષા હોય, તો આવા કુ મિત્રને ઓળખી કાઢવાની છે. કેમકે એનો ચહેરોમહોરો મિત્રનો જ હોય છે, પણ એનું અંતર શત્રુ કરતા ય ભયંકર હોય છે. આવા કુમિત્રની ઓળખાણ ટૂંકમાં મેળવવી હોય, તો એક સુભાષિતનો સંદેશ સાંભળવો જ રહ્યો. સુભાષિત કહે છેઃ

પરોક્ષમાં જે કાર્યનો નાશ કરવાની બાજી રચતો હોય, છતાં પ્રત્યક્ષ પરિચયમાં એ બાજુની ગંધ ન આવી જાય, એ માટે જે મધ જેવું મીઠું મીઠું બોલતો-ચાલતો હોય, જેના મોઢામાંથી તો અમૃત ઝરતું હોય, પણ જેના પેટમાં વિષ ભર્યું પડ્યું હોય, આવી માયાને કુમિત્ર જાણવો અને એનો તો પડછાયો પણ ન લેવો જોઇએ.

હોઠે હલવો રાખીને, હૈયે બળબળતો બળવો છૂપાવી રાખનારા ઘણા માણસો ફરતા હોય છે. મુખમાં રામને રમતા રાખીને બગલમાં છૂરીને છૂપાવી રાખનારા આવા માણસોને સાચા સ્વરૂપમાં ઓળખી કાઢવામાં ભલભલા મહા-મુસદીઓ પણ થાપ ખાઈ જતા હોય છે. શત્રુને પગમાંથી પરખી લેનારા, મિત્રને મિલનની પહેલી પળે જ તારવી લેનારા ભલભલા બુદ્ધિશાળીઓ કુમિત્રને કસોટીએ કસવામાં નાસીપાસ થતા હોય છે. કેમકે એમના હૈયે બળવો જાગતો હોવા.છતાં હોઠે હલવો ગોઠવાયેલો હોય છે. એથી જ આવા કુમિત્રનો સંગ થઈ જતા વિનાશની જે વણઝાર જન્મ લેતી હોય છે, એનો તાગ પામવો કઠિન બની રહે છે.

સાક્ષાત્ શત્રુ હજી સારો ! કેમકે એના હાથમાં ઘૂમતી સમશેર જોઇને, આપણે એનાથી દૂર રહી શકીએ, પણ આવો કુમિત્ર તો ખૂબ જ ખોટો ! કેમકે એના મુખમાંથી માયાના ઘરની મધમીઠાશ ઝરતી હોવાથી, આપણે સુમિત્ર કરતાં ય ઘણીવાર એની પર વધુ વિશ્વાસ રાખતા થઇએ, અને એ આપણી જાણ બહાર જ આપણું કાસળ કાઢવાની કળા અજમાવતો રહે. એમાંથી બચવા આપણે કુમિત્ર પર જ વધુ વિશ્વાસ મૂકીને એનો સંગ ગાઢ બનાવીએ, એથી આપણે જ આપણા વિનાશને વહેલો ખેંચી લાવવામાં નિમિત્ત બની જઇએ. માટે આવા કુમિત્રનો તો પડછાયો પણ ન લેવાની શાણી સલાહ આ સુભાષિતે આપણને આપી છે.

ભૌતિક દુનિયા માટે જ આ સલાહ લાભપ્રદ નીવડે એવી છે, એમ નથી. આધ્યાત્મિક દુનિયાના પ્રવાસીને માટે પણ આ સલાહ ખૂબ જ લાભપ્રદ નીવડી શકે એમ છે. કેમકે આ દુનિયામાં ય કુમિત્ર જેવું કાળું કામ કરનારા તત્ત્વોની બોલબાલા ઓછી નથી ! જેનામાં ભોળવાઈને આજ સુધી આપણે આપણું અહિત આજ સુધી નોંતરતા જ આવ્યા છીએ.

આધ્યાત્મિક દુનિયામાં પાપ અને પુણ્ય શત્રુ અને મિત્રના સ્થાને ઓળખાવી શકાય એવા તત્ત્વો છે. સામાન્ય રીતે પાપોદયથી આપણે ચેતીને ચાલતાં હોઇએ છીએ. કેમકે એક અપેક્ષાએ એનામાં આપણને ઉઘાડો શત્રુ દેખાય છે. તેવી જ રીતે પુણ્યોદયની આપણે મિત્રતા ઇચ્છતા હોઇએ છીએ, કેમકે એને મિત્ર માનવાની સામાન્ય-દૃષ્ટિ આપણને વંશવારસાગત મળી હોય છે. આટલા સુધી તો આપણો રાહ કંઈક સાચો હોય છે. પરંતુ આ પછી જ ગરબડ સરજાય છે. કુમિત્રના વાઘા ધરાવતો એક પુણ્યોદય પણ ચોરી છૂપીથી આપણી આસપાસ ફરતો હોય છેઃ જેને પાપાનુબંધી પુણ્યોદય તરીકે ઓળખી શકાય. હોઠે પુણ્યોદયનો હલવો ધરાવતો આ કુમિત્ર હૈયે પાપાનુબંધનો બળવો ધરાવતો હોવાથી તજવા જેવો હોવા છતાં આપણે એને બરાબર પરખી નથી શકતા અને એને ભજવા લાગી પડીએ છીએ. એથી પાપાનુબંધી આ પુણ્યોદય કુમિત્રની જેમ આપણું કાસળ કાઢવામાં કઈ જ બાકી રાખતો નથી, એની આ માયામાં મોહાઇને આપણે આપણા જ હાથે આજ સુધી આપણી જે દુર્દશા સરજી છે, એનો ઇતિહાસ અતિ કરુણ છે, આવી અતિકરુણતાનું અવતરણ ફરીથી પણ આપણા જીવનમાં ન જ થવા દેવું હોય, તો કુમિત્ર જેવા આવા પુણ્યોદયના પડછાયાથી પણ ચેતીને ચાલવા જેવું છે.

જેના હોઠ અને જેનું હૈયું વિભિન્ન ન હોય, જેનું મુખ અને જેની કુળ વચ્ચે ભેદ ન હોય, એ સુમિત્ર ગણાય. સહારો લેવો જ હોય, તો આવા સુમિત્રનો હજી લઈ શકાય.આધ્યાત્મિક દુનિયામાં એ જાતનો પુણ્યોદય જ આવો એક સુમિત્ર ગણાય, જેનો અનુબંધ પણ પુણ્યનો હોય. ઉદય અને અનુબંધમાં આ જાતની સમાનતા સુમિત્રનું લક્ષણ છે. પુણ્યાનુબંધી પાપોદયને પણ ગણવો હોય, તો આવો સુમિત્ર હજી ગણી શકાય.

સુભાષિતે કુમિત્રને તજવા પૂર્વક જે સુમિત્રને ભજવાની વાત કરી છે. એને ભૌતિક અને આધ્યાત્મિક ક્ષેત્રમાં અમલી બનાવનાર વ્યક્તિનો વિકાસ સર્વતોમુખી અને સર્વોચ્ચ-શિખરનો સ્પર્શી બની રહે, એમાં કોઈ આશ્ચર્ય નથી.

# પ્રણય અને કર્તવ્યના સંઘર્ષની અમરકથા

☐ ડૉ. રણજિત પટેલ 'અનામી'

માનવજીવન ધારીએ કે ઇચ્છીએ એટલું સીધું-સરળ નથી હોતું ! એક જ શ્રેયને અનુસરવાનું હોય ત્યાં દ્વિધાવૃત્તિનાં વિઘ્ન નથી હોતાં, પરંતુ જ્યારે શ્રેય પ્રેયનો વિવેક કરી એકને જ જીવનમાં ઉતારવાનું હોય છે ત્યારે સંઘર્ષ શરૂ થાય છે. અગ્નિ અને ગંગાજલને પણ પવિત્ર કરે એવો એક બાજુ સીતા પ્રત્યેનો રામનો પતિપ્રેમ ને બીજી બાજુ પ્રજાના મનનું સમાધાન ને રંજન...આ દ્વિધા વૃત્તિમાં પ્રણય અને કર્તવ્યના સંઘર્ષમાં, પુટપાક-પ્રતીકાશો રામના જીવનનો કરુણ રસ સર્જાય છે. મહાભિનિષ્ક્રમણ કરતાં, નભના તારકોને ઉદ્દેશીને બોલતા મહાત્મા બુદ્ધઃ-

'મને પ્રેરતા તારકવૃંદ ! આ હું આવ્યો રે,
દુઃખ ડૂબ્યાં હો જગજન ! આ હું આવ્યો રે.'

ત્યાં પણ ગૃહત્યાગ-રાજ્યત્યાગ અને દુઃખમાં ડૂબેલી માનવજાતિનો ઉદ્ધાર કરવાના કર્તવ્યનો સંઘર્ષ જોવા મળે છે. અસુરોથી ત્રસ્ત દેવો સંજીવની વિદ્યા પ્રાપ્ત કરવા માટે દેવોના ગુરુ બૃહસ્પતિના પુત્ર કચને, અસુરોના ગુરુ શુક્રાચાર્ય પાસે મોકલે છે. વર્ષો બાદ, શુક્રાચાર્યની પુત્રી દેવયાનીના સમભાવ ને સાથ સહકારથી કચ સંજીવની વિદ્યા તો પ્રાપ્ત કરે છે પણ એ ગુરુગૃહવાસ દરમિયાન કચ-દેવયાનીના અંતરમાં પ્રણયઝરણી પ્રગટે છે. સંજીવની વિદ્યા સિદ્ધ થતાં કચ સ્વર્ગ પ્રતિ પ્રયાણ કરે છે ત્યારે ઉભયના અંતરમાં પ્રગટેલા પ્રણય અને સંજીવની વિદ્યા સિદ્ધ કરી સ્વર્ગ પ્રતિ પ્રયાણ કરવાના સંઘર્ષની...કચ-દેવયાનીની-અમરકથા અનેક સાહિત્યકારોએ કાવ્ય-નાટકમાં નિરૂપી છે. આપણે અહીં કવિવર રવીન્દ્રનાથ ટાગોરની 'વિદાય-અભિશાપ' અને ઉમાશંકર જોષીની 'કચ' શિર્ષકવાળી કૃતિનો વિચાર કરીશું.

ટાગોરની કૃતિ પદ્ય-રૂપક પ્રકારની સંવાદકથા છે જ્યારે ઉમાશંકર જોષીની, પ્રણયનું પશ્ચાદ્દર્શન કરતી એકોક્તિ છે, અલબત્ત, બંનેયમાં પ્રણયનું નિરૂપણ મુખ્ય છે. સંજીવની વિદ્યા પ્રાપ્તિથી સિદ્ધકામ થયેલો ટાગોરનો કચ દેવયાનીને કહે છેઃ-

'દેહો, આજ્ઞા, દેવયાની ! દેવલોકે દાસ
કરિબે પ્રયાણ, આજે ગુરુગૃહવાસ સમાપ્ત આમાર'

દેવયાની ! આજ્ઞા આપો તો દાસ દેવલોક પ્રતિ પ્રયાણ કરે. આજે મારો ગુરુગૃહવાસ પૂરો થયો.'

જ્યારે ઉમાશંકરનો કચ બોલે છેઃ-

'મળી સંજીવની વિદ્યા, નિવેદિત કરું જઈ
દેવોને સધિ રે કિન્તુ સંજીવની કઈ ? કઈ ?

ઉમાશંકરે, મરેલાંને જીવતા કરનાર ગુરુ શુક્રાચાર્યે કચને આપેલી સંજીવની વિદ્યા અને પ્રણયની સંજીવની વિદ્યા-એ બે વચ્ચે કચની એકોક્તિમાં વિરોધ-શંકા સર્જી કાવ્યનો ઉઘાડ કર્યો છે. આદિથી અન્ત સુધી કચની એકોક્તિમાં આ વિદ્યાવૃત્તિનું નિરૂપણ છે. બંનેય સર્જકોએ, ગુરુગૃહે સંજીવની વિદ્યા પ્રાપ્ત કરવા આવેલા કચનો શુક્રાચાર્ય-દુહિતા દેવયાની દ્વારા સ્વીકાર સરળ બને છે તે વાતને પોતપોતાની રીતે નિરૂપી છે. ટાગોરનો કચ કહે છેઃ 'મને મનમાં શંકા હતી કે રખે ને દાનવોના ગુરુ સ્વર્ગના બ્રાહ્મણને પાછો કાઢે.' ત્યારે દેવયાની કહે છેઃ 'હું તેમની શુક્રાચાર્યની પાસે ગઈ, હસીને બોલી-'પિતા ! તમારે ચરણે એક માગણી છે.' સ્નેહથી પાસે બેસાડીને મારે માથે હાથ મૂકીને શાંત મૃદુ શબ્દોથી તેમણે કહ્યુંઃ

'કિછુ નાહિ અદેય તોમારે...' તને કશું અદેય નથી. જ્યારે ઉમાશંકરનો કચ શુક્રાચાર્યને ગૃહે આવે છે ત્યારે તેઓની અનુપસ્થિતિમાં દેવયાની તેનું સ્વાગત કરતાં કહે છેઃ

'કહી 'બેસો' નેત્રસ્મિતથી મલકી સ્વાગત મીઠું',
વળી તુ વાતે; હા, વદન સહસા ત્યાં શું જ દીઠું ?
કહીંથી આછી શી નમણી લમણે લ્હેકી લહરી,
ઢળેલાં નેત્રેયે ઊતરી કહીંથી છાંય ગહરી
સ્વરૂપ પ્રીતિનું પ્રિય તવ કપોલે સ્ફૂટ લીધું,
ને હોઉં જન્મોનો સહચર,-કહી એ સહુ રહ્યું.'

શુક્રાચાર્યની અનુપસ્થિતિમાં કચને દેવયાનીનું મિલન જાણે કે 'ન હોઉં જન્મોનો સહચર' એવું લાગે છે જ્યારે ટાગોરમાં એ વિભાવને વિકસાવવામાં ઠીક ઠીક ઉપાદાનો ને ઉદ્દીપનોની આવશ્યકતા રહે છે, કારણ કે ઉમાશંકરને કચના ઇંગિતને સ્વગત-એકોક્તિ દ્વારા નિરૂપવાનું છે જ્યારે ટાગોરને સંવાદ દ્વારા. અસુરો દ્વારા મારી નાખવામાં આવેલા કચને ત્રણ ત્રણ વાર દેવયાની જીવતદાન આપે છે એ વાતનો ઉલ્લેખ ઉમાશંકરમાં વિગતે છે જ્યારે ટાગોરમાં એનો અછડતો ઉલ્લેખ છે. ઉમાશંકરે એકવીસ પંક્તિઓમાં જે વાત કહી છે તે ટાગોરે ચાર જ પંક્તિમાં પતાવી છે. બંનેય સર્જકોએ, કચ પ્રત્યેના દેવયાનીના પ્રણયને કારણે સંજીવની વિદ્યા-પ્રાપ્તિ સરળ બની છે એ વાતનું વિગતે નિરૂપણ કર્યું છે. ઉમાશંકરનો કચ એની-દેવયાનીની કૃતજ્ઞતા અને 'પોતાની આ વિરલ સિદ્ધિમાં પરિણમનાર પ્રણયાનુભવને વાગોળે છે જ્યારે રવીન્દ્રનાથનો કચ પ્રણયના એકરારમાં, પ્રણય ને કર્તવ્યના સંઘર્ષને કારણે 'હેમ્લેટમેન્ટાલિટી-'ટુ બી ઓર નોટ ટુ બી'ની દ્વિધા વૃત્તિમાં અટવાય છે. સંજીવની વિદ્યા પ્રાપ્તિ સાથે સિદ્ધ-કામ બની સ્વર્ગપ્રતિ પ્રયાણ કરનાર કચને વારંવાર ઉથલાવી ઉથલાવીને દેવયાની પૂછે છેઃ 'તારે બીજી કોઈ કામના, વાછના, તૃષ્ણા અંતરમાં રહી નથી ? ત્યારે તે કહે છેઃ 'આજે મારું જીવન સંપૂર્ણ કૃતાર્થ થયું છે, મારામાં કોઈ સ્થાને કોઇપણ દૈન્ય, કોઇપણ શૂન્યતા રહી નથી.' દેવયાની ત્યાંની સુંદર, અરણ્યભૂમિ, વિહંગોનું કૂજન, તરુરાજિ, અતિથિવત્સલ વડઆશ્રમની હોમધેનુ સ્રોતસ્વિની વેણુમતી વગેરેની દુહાઈ દઈ કચના અંતરને ઢંઢોળવા પ્રયત્ન કરે છે પણ 'સિદ્ધિકામ' કચ ટસનો મસ થતો નથી કે મગનું નામ મરી પાડતો નથી ત્યારે વાજ આવી ગયેલી દેવયાની પ્રકૃતિદત્ત નારી-લજ્જાનો ઘૂંઘટ ફગાવી દઇને કહે છેઃ-

'હાય બન્ધુ ! એ પ્રવાસે
આરો કોનો સહચરી છિલ તવ પાસે,
પરગૃહવાસ દુઃખ ભુલાબાર તરે
યત્ન તાર છિલ મને રાત્રિ દિન ધ'રે-
હાય રે દુરાશા !'

હાય બંધુ ! આ પ્રવાસમાં બીજી પણ કોઈ સહચરી તારી સાથે હતી, પરગૃહવાસમાં દુઃખો ભુલાવવા માટે તે રાત ને દિવસ યત્ન કરતી હતી. હાય રે દુરાશા ! આખરે એક જ પંક્તિમાં કચ પ્રણય એકરાર કરતાં કહે છેઃ-

'ચિર જીવનેર સને તાર નામ ગાંથા હયે ગે છે'
'તેનું નામ સમગ્ર જીવન સાથે ગૂંથાઈ ગયું છે.'

ઉમાશંકરે પ્રણય-વિભાવને ખીલલવા ચારેક પ્રસંગો કલ્પ્યા છે. એક તો કચ જ્યારે સંજીવની વિદ્યા શિખવા ગુરુ શુક્રાચાર્યને આશ્રમે આવે છે ત્યારે ગુરુની અનુપસ્થિતિમાં કચ-દેવયાનીનું પ્રથમ મિલન,

બીજું શિષ્યો જ્યારે નદીએ સ્નાન કરવા જાય છે ને દનુજો તસ્કર સમો આ સુર-યુવક મહાવિદ્યા શીખી જાય એ પહેલાં એનું નિકંદન કાઢવાને ઘાટ ઘડે છે તે જ કટોકટી-કાળે દેવયાની નદીએ આવી બોલે છે 'બોલાવે ગુરુ કચ તને' જેવા શબ્દો સાંભળતાં 'શું વરસતાં, નભેથી પીયૂષો અણ-અનુભવ્યાં' એ પ્રસંગ-આ દર્શન ને દેવયાનીને મુખે ઉચ્ચારાયેલા શબ્દો એની અસર કચના ચિત્રમાં કેવી થઈ ?

'સમાધિમાં જાણે ઊતરી તુજને માત્ર ભજતું'-પ્રથમ દર્શન પછી નામનું ઉચ્ચારણ અને તે સમયની એની વેશભૂષાઃ-

'શિરીષો કર્ણે, કે કુરબક ધરી કેશ હસતી' પરિણામે
'અહો હૈયાં કેવાં સહજ સહચારે મળી ગયાં,
જરી નેત્રોષ્માએ કંઈ વિધિ વિનાયે હળી ગયાં.
હતાં, રોકાયાં કે જગત ઉપચારેય દિલ ના,
હતું એ તો કેવું અકિતવ ઉરોનું સુમિલન !

અને ત્રીજો પ્રસંગ ગુરુ પ્રવાસે ગયા છે તે રાતે અદય બની અંકે વીણા લઈ, દેવયાનીએઃ-

'અચિંતી તંત્રી ને વિધુ વિધુર તે શાંત રજની
વલોવીને જાગ્યું તવ હૃદયસંગીત સભર,
સમાશે શે-ક્યાં ?-આ વિરહ જનમોનો રસભર ?
-રહ્યો છાત્રાયાસે અવશ હું વિમાસી જડ બની;
અને રોઈ રોઈ હતી બધી ગુજારી જ રજની.

વહેલી સવારે જળસરિતા ઘાટે સદ્યઃસ્નાતા દેવયાની નયનમાં નયન રોપી પૂછે છેઃ-

'સુખે સૂતા ?' બોલી, પગ જરી ઉપાડી તું સરલા
જતી; કંઠે તારે વિરલ હતી તે કોકિલકલા.
વદી થોડું, તો યે સ્મિતમુખર કેવું હતું મુખ ?

અને ચોથો પ્રસંગ :-

'પછી વર્ષા-પૂરે હતી જ વીફરી એક દી નદી
લઇને નૌકાઓ મદદ કરી સામે તટ, વળ્યાં
જહીં પાછાં, મૌન ત્યજ્યુ જ લહી તેં ભાવિ, અવળાંઃ
'મળે વિદ્યા તો તું તરત મુજને શું તજી જશે ?
જશે ક્યાં ? હા, ક્યાં ? ના ઉભય ઉર આ ભિન્ન જ થશે.'

આમ વિદ્યા પ્રાપ્ત થતાં જ પ્રભાતે એ સ્વર્ગે જવા પ્રયાણ કરે છે ત્યારે 'આખે રસ્તે' એ પોતાની આ વિરલ સિદ્ધિમાં પરિણમનાર પ્રણયાનુભવ વાગોળે છે-દેવયાની સાથે જાણે વાત કરી રહ્યો ન હોય એ રીતે !

ઉમાશંકરે આ ચાર પ્રસંગો યોજીને કચ દેવયાનીના પ્રણયનો ઉત્કર્ષ સાધ્યો છે જ્યારે રવીન્દ્રનાથે કચ-દેવયાનીના સંવાદ દ્વારા ભૂતકાળની સ્મૃતિઓને તાજી કરી એ ધ્યેયને સિદ્ધ કરવા સફળ પ્રયત્ન કર્યો છે. દેવયાની કચને કહે છેઃ એકવાર વિચાર તો કરી જો કે આ વનમાં કેટકેટલી ઉષા, કેટકેટલી જ્યોત્સના, કેટકેટલી અંધારી પુષ્પગંધઘન અમાવાસ્યાની રાત્રિઓ, તારા જીવનમાં સુખદુઃખ સાથે ભળી ગયેલી છે-તે બધામાં એવું કોઈ પ્રભાત, એવી કોઈ સંધ્યા, એવી કોઈ મુગ્ધ રાત્રિ, એવી કોઈ હૃદયની લીલા, એવું કોઈ સુખ, એવું કોઈ મુખ નજરે પડ્યું નહોતું, જે મનમાં સદાને માટે ચિત્રરેખાની પેઠે અંકાઈ રહે. કેવળ ઉપકારી સૌંદર્ય નહીં, પ્રીતિ નહીં, બીજું કશું નહિં ?' નાક દબાતાં નિરૂપાયે મુખ ખોલી કચ સ્નેહનો એકરાર કરતાં કહે છેઃ 'સખી ! બીજું જે કાંઈ છે તે પ્રગટ થઈ શકે એવું નથી, જે વસ્તુ રક્ત બનીને અંતરમાં વહી રહી છે તે બહાર બતાવવી શી રીતે ?' કચના આ સ્નેહ-એકરારથી વિશ્વસ્ત બનેલી દેવયાની કહે છેઃ 'તેથી જ તો આજે સ્ત્રીની આવી ધૃષ્ટતા. તો રહી જા, રહી જા, જઇશ મા. યશના ગૌરવમાં સુખ નથી, અહીં વેણુમતી તીરે આપણે બે જણ, બીજું બધું ભૂલી આપણાં મૌન, વિશ્રબ્ધ, મુગ્ધ હૈયા આ નિર્જન વનચ્છાયા સાથે મેળવી દઈ અભિનવ સ્વર્ગ રચીશું. સખા ! જાણું છું તારા મનની વાત !...હવે તું મારા હાથમાં બંદી છે. તું એ બંધન નહિ તોડી શકે. ઇન્દ્ર હવે તારો ઇન્દ્ર રહ્યો નથી.' નિરૂપાયે, લાચારીથી કચે સ્નેહનો એકરાર તો કર્યો પણ જે ઇષ્ટ સિદ્ધિને કાજે તે સ્વર્ગપુરીથી અહીં દૈત્યપુરીમાં આવ્યો હતો તેનું સ્મરણ થતાં કહે છેઃ-'શુચિસ્મિતે ! સહસ્ર વર્ષો સુધી આ દૈત્યપુરીમાં શું મેં એટલા માટે સાધના કરી હતી ?' કચની આ દલીલનો જડબાતોડ જવાબ આપતાં દેવયાની કહે છેઃ 'કેમ નહિ ? આ જગતમાં કેવળ વિદ્યાને માટે જ લોકો કષ્ટ વેઠે છે ?...શું કેવળ વિદ્યા જ દુર્લભ છે અને પ્રેમ જ અહીં એટલો સુલભ છે ? સહસ્ર વર્ષો સુધી તેં કંઈ સંપત્તિ માટે સાધના કરી છે તેની તને જ ખબર નથી. એક બાજુ વિદ્યા, એક બાજુ હું-કોઇવાર મને તો કોઇવાર તેને તેં ઉત્સુકતાપૂર્વક ઇચ્છી છે. તારા અનિશ્ચિત મને ગુપ્ત રીતે જતનપૂર્વક બંનેની જ આરાધના કરી છે.' ઉમાશંકરે આ વાત આ પંક્તિઓમાં કહી છેઃ-

મળે વિદ્યા તો તું તરત મુજને શું તજી જશે ?
જશે ક્યાં ? હા, ક્યાં ? ના ઉભય ઉર આ ભિન્ન જ થશે.'

રવીન્દ્રનાથે એ જ વાત આમ કહી છેઃ-દેવયાની કચને કહે છેઃ-

'વિદ્યાય નાહિકો સુખ, નાહિ સુખ યશે,
દેવયાની ! તુ મિ શુધુ સિદ્ધિ મૂર્તિ મતી.
તોમારેઇ કરિનું વરણ નાહિ ક્ષતિ,
નાહિ કોનો લજ્જા તાહે, રમણીર મન
સહસ્ર વર્ષેરિ સખા ! સાધનાર ધન !

વિદ્યામાં સુખ નથી, યશમાં સુખ નથી, દેવયાની ! કેવળ તુ જ મૂર્તિમંત સિદ્ધિ છે, તને જ હું પસંદ કરી લઉં છું, તો તેમાં કશી હાનિ નથી, કશી શરમ નથી. રમણીનું મન હે સખા! હજારો વર્ષની જ સાધનાનું ધન છે.' દેવયાનીની દલીલોથી આહત થયેલો કચ વારંવાર કેવળ એક જ વાત કહ્યા કરે છે તે મહા સંજીવની વિદ્યા ઉપાર્જન કરીને દેવલોક પ્રતિ પ્રયાણ કરવાની, દેવો સમક્ષ લીધેલી એની પ્રતિજ્ઞાની વાત. બાકી એ દેવયાની સાથે પ્રતારણા કરતો નથી. અંગત સ્નેહ એ એના એકલાની વાત છે. તે જાણવાથી કોઇનું ભલું થનાર નથી. સુખ શૂન્ય સ્વર્ગધામમાં જઇને દેવોને સંજીવની વિદ્યા આપવામાં જ એનું સુખ ને પ્રાણની સાર્થકતા તે સમજે છે. જ્યારે દેવયાનીની બધી જ દલીલો વ્યર્થ જાય છે. ત્યારે તે પોતાના ભાવિ જીવનની લાચારીની સ્થિતિ આ શબ્દોમાં મૂર્ત કરે છેઃ-'તું તો ગૌરવપૂર્વક સ્વર્ગલોકમાં ચાલ્યો જઇશ, પોતાના કર્તવ્યના આનંદમાં સઘળાં દુઃખોને ને શોકને ભૂલી જઈશ, પણ મારે કયું કામ છે? મારે કયું વ્રત છે? મારા આ પ્રતિહત નિષ્ફળ જીવનમાં શું રહ્યું છે? શાનું ગૌરવ રહ્યું છે? મારે તો આ વનમાં નિઃસંગ એકલી અને લક્ષ્યહીન બનીને નતશિરે બેસી રહેવું પડશે. જે દિશામાં આંખ ફેરવીશ તે દિશામાંથી હજારો સ્મૃતિના નિષ્ઠુર કાંટા ભોંકાશે. છાતી નીચે છુપાઇને અતિ ક્રૂર લજ્જા વારંવાર ડંખ દેશે. ધિક ધિક હે નિર્મમ પથિક! તું ક્યાંથી આવ્યો? મારા જીવનની વનચ્છાયામાં બેસીને નવરાશની બે ઘડી વિતાવવાને બહાને જીવનનાં સુખોને ફૂલની પેઠે ચૂંટી લઈ એક સૂત્રમાં ગૂંથીને તેં એની માળા બનાવી. જતી વખતે તે માળા તેં ગળે ન પહેરી પણ પરમ અવહેલનાપૂર્વક તે સૂક્ષ્મ સૂત્રના તોડીને બે ટુકડા કરી નાખી ગયો. આ પ્રાણનો સમસ્ત મહિમા ધૂળમાં મળ્યો.'

'છિંડે દિયે ગેલે ! લુટાઇલ ધૂલિ-' પરે
એ પ્રાણેર સમસ્ત મહિમા.'

પોતાના પ્રાણનો સમસ્ત મહિમા ધૂળમાં મળતાં ક્રુદ્ધ-ખિન્ન બનેલી દેવયાની એને અભિશાપ આપે છે:-

'એઈ મોર અભિશાપ-યે વિદ્યાર તરે
મોરે કર અવહેલા, સે-વિદ્યા તોમાર
સંપૂર્ણ હબે ના વશ; તુ મિ શુધુ તાર
ભારવાહી હયે રબે કરિબે ના ભોગ;
શિખાઇબે, પારિબે ના કરિતે પ્રયોગ.'

'તને મારો આટલો અભિશાપ છે-જે વિદ્યાને ખાતર તું મારી અવહેલા કરે છે તે વિદ્યા તને પૂરેપૂરી વશ નહિ વર્તે. તું કેવળ તેનો ભારવાહી બની રહીશ, ઉપભોગ નહિ કરી શકે. શીખવી શકીશ, પ્રયોગ નહિ કરી શકે.'

શાપિત-કચ, અભિશાપને બદલે વરદાન આપે છે:-

'આમિ વર દિનુ, દેવી, તુમિ સુખી હબે
ભૂલે યા બે સર્વગ્લાનિ વિપુલ ગૌરવે'

'હું વરદાન આપું છું દેવી, તું સુખી થજે, વિપુલ ગૌરવમાં સર્વ ગ્લાનિ ભૂલી જજે.' કૃતજ્ઞતાનો પ્રતિભાવ અવહેલના જાતે જ અભિશાપરૂપ છે.

ઉમાશંકરે, રવીન્દ્રનાથના અભિશાપને બદલે વિદાયનો અંત આ રીતે નિરૂપ્યો છે.

કચ સંજીવની વિદ્યા લઇને સ્વર્ગ દ્વારે પહોંચી ઉદ્‌ઘોષ કરે છે કે એની પ્રતિજ્ઞા પ્રમાણે દેવોને કાજે સંજીવની વિદ્યા લઈ આવ્યો છે...પણ એના આંતરમનમાં સંજીવની વિદ્યા સંબંધે ગડમથલ ચાલે છે. પોતે કંઈ સંજીવની વિદ્યા લાવ્યો છે ? એનો જવાબ છે: 'એક પ્રણયિનીની હૃદયસંજીવની સમી પ્રીતિ, જેના વિના આ વિદ્યા મળવી અસંભવ હતી-અરે ! પોતાનું જીવતા હોવું જ અસંભવ હતું. તેનો તો પોતે સ્વીકાર કર્યો નથી, કે પછી એવી પ્રીતિના પાત્ર સિવાય આવી ઉજ્જવળ વિદ્યા લાવવી જ મુશ્કેલ હતી ? સંજીવની વિદ્યાનું ઉમાશંકરનું આ અર્થઘટન નવીન છે પણ દેવોને તો આનંદ છે કેવળ પેલી ચીલાચાલુ સમજણ પ્રમાણેની સંજીવની વિદ્યામાં જ...એમને કચના મંથનની કશી જ પડી નથી. પણ કચની સંજીવની વિદ્યાની વિભાવનાની ભલે દેવોને ન પડી હોય પણ એની દિવ્ય સ્વીકૃતિ અંગે કવિએ સંસ્કૃત નાટકોમાં આવે છે તેવી અશરીરિણી વાણીનો આશ્રય લઈ-આકાશવાણી દ્વારા સમાપન સાધ્યું છે:-

આકાશવાણી:-

'મહા સંજીવની વત્સ, તારું આ આવું આવવું ?
વત્સ ! તારું આવી રીતે આવવું એ જ મહાસંજીવની છે.

શ્રી કનૈયાલાલ મુનશીએ 'પુત્ર સમોવડી' નાટકમાં કચ દેવયાનીના પ્રસંગનું સુંદર આલેખન કર્યું છે પણ મને અભિપ્રેત છે કેવળ તદ્ વિષયક બે કાવ્યોની તુલનાનું. ❖❖❖

---

# સજ્ઝાયનો સ્વાધ્યાય

☐ ડૉ. કવિન શાહ

આવશ્યક ક્રિયામાં સજ્ઝાય મહત્ત્વનું સ્થાન ધરાવે છે. જૈન ધર્મના વિચારો માત્ર આદર્શ તત્ત્વજ્ઞાન તરીકે સ્થાન ધરાવતા નથી પણ વિચારને આચારમાં મૂકીને મુક્તિમાર્ગ સિદ્ધ કરવા માટે માર્ગદર્શક છે. શાસ્ત્રીય વિચારો વિધિ અનુસાર અમલમાં મૂકવાથી આત્મ કલ્યાણનો માર્ગ સુલભ બને છે. જૈન ધર્મના જ્ઞાનના વારસારૂપે ૪૫ આગમ ગ્રંથોમાં ૧૧ અંગ સૂત્રો છે તેમાં પ્રથમ આચારાંગ સૂત્ર છે. તે ઉપરથી પણ આચારધર્મનું મહત્ત્વ સમજી શકાય છે. તત્ત્વાર્થસૂત્રના પ્રથમ અધ્યાયનું પ્રથમ સૂત્ર પણ આચારને જ ચરિતાર્થ કરે છે.

સમ્યગ્‌દર્શન જ્ઞાન ચારિત્રાણિ મોક્ષમર્તા:

સમ્યક્‌દર્શન, સમ્યક્‌જ્ઞાન અને સમ્યક્‌ચારિત્ર એ ત્રણના સમન્વયથી મોક્ષપ્રાપ્તિ થાય છે. અહીં જ્ઞાન સાથે ચારિત્ર શબ્દ પ્રયોગ આચાર ધર્મનો સંદર્ભ દર્શાવે છે. એ દૃષ્ટિએ વિચારીએ તો વિચાર અને આચારનો સમન્વય એટલે આત્મ સ્વરૂપની પ્રાપ્તિ.

પ્રતિક્રમણની આવશ્યક ક્રિયામાં પ્રભુ ગુણગાન નિમિત્તે સ્તવન બોલવાનો-ગાવાનો ક્રમ છે. ત્યારપછી સર્વવિરતિ ધર્મના પાયારૂપ વૈરાગ્યભાવથી સમૃદ્ધ સજ્ઝાયનો ક્રમ-વિધિ છે. સજ્ઝાય વૈરાગ્યભાવની વૃદ્ધિકારક અને રક્ષક તરીકે સ્થાન ધરાવે છે. સ્તવન સમૂહમાં ગાઇને પ્રભુભક્તિમાં નિમગ્ન થવાય છે જ્યારે સજ્ઝાય સમૂહમાં ગવાતી નથી પણ એક વ્યક્તિ સજ્ઝાય બોલે અને અન્ય વ્યક્તિ એ સાંભળીને તેના અર્થચિંતન દ્વારા વૈરાગ્ય ભાવમાં લીન બને છે. સજ્ઝાયના વિચારોનું ચિંતન અને મનન આત્મ સ્વરૂપ સિદ્ધિ માટે અનન્ય પ્રેરક છે. આત્માનું શુદ્ધ સ્વરૂપ શું છે ? આત્મા જન્મ મરણ કેમ કરે છે ? આત્માની દુર્ગતિ સદ્‌ગતિ કેવી રીતે થાય ? વગેરેના વિચારો સજ્ઝાય દ્વારા વિચારવાની મોંઘેરી ક્ષણ પ્રાપ્ત થાય છે. એટલે પ્રતિક્રમણમાં સજ્ઝાય પ્રત્યેનો ઉપરોક્ત અભિગમ આત્મલક્ષી બનવા માટે એક અમોઘ શસ્ત્ર સમાન છે.

સંસ્કૃત ભાષામાં 'સ્વાધ્યાય' શબ્દ છે તે ઉપરથી અર્ધમાગધી ભાષામાં સજ્ઝાય શબ્દ વપરાયો છે. તેનો અર્થ સ્વ-અધ્યાય એટલે પોતાના આત્માની વિચારણા કરવી એમ સમજવાનું છે. જૈન સાહિત્યમાં ત્યાગ અને વૈરાગ્ય પ્રધાન સજ્ઝાય રચનાઓ વિપુલ પ્રમાણમાં ઉપલબ્ધ થાય છે તેમાં ચરિત્રાત્મક દુર્ગુણોનો નાશ અને તેના વિકટ પરિણામ, સદ્‌ગુણોનું મહત્ત્વ અને વૃદ્ધિ કરવી, જૈન દર્શનના તત્ત્વજ્ઞાન અને આત્માને ઉપયોગી વિચારોનું નિરૂપણ, ધર્મની આરાધનાનો પ્રભાવ અને નરજન્મનું મહત્ત્વ સમજીને તેને સફળ કરવાના ઉપાયો, તીર્થંકર ભગવાન, સાધુ ભગવંતો, આરાધક મહાત્મા અને સતીઓના સતીત્વ અને શીલનો મહિમા વગેરે વિષયોને સ્પર્શતા વિચારો સજ્ઝાયમાંથી પ્રાપ્ત થાય છે. બાર અને ચાર ભાવનાની સજ્ઝાય પણ વિશુદ્ધ વિચારો-મનશુદ્ધિ માટે ઉપયોગી છે. મહાવ્રત અને અણુવ્રતના પાલનથી આત્માની ઊર્ધ્વગતિ થાય છે તે અંગેની સજ્ઝાય પણ આત્મા માટે પોષક વિચારો પૂરા પાડે છે. સામાન્ય દિવસોની તુલનામાં પર્વના દિવસો વિશિષ્ટ સ્થાન ધરાવતા હોવાથી તેનો મહિમા દર્શાવતી સજ્ઝાય પણ જૈન સમૂહને ધર્મમાર્ગમાં જોડાવા અને પ્રગતિ કરવા નિમિત્તરૂપ બને છે.

વીતરાગના ગુણગાન પછી વીતરાગ થવા માટે સજ્ઝાયની વિધિ પણ મહત્ત્વની ગણી છે. મુક્તિ મળી એમ મોટા ભાગના લોકો વિચારે છે પણ પ્રતિક્રમણમાંથી મુક્ત થયા પછી આત્માની મુક્તિ માટે શ્રવણ કરેલી સજ્ઝાયના વિચારોનું ચિંતન-રટણ કરવાની જરૂર છે. પ્રતિક્રમણ પછી ઘેર જવાના આનંદ કરતાં તો વિશેષ રીતે ત્યાગ અને વૈરાગ્યના વિચારોથી મનને પુષ્ટ કરવાની ઉદાત્ત ભાવના ભાવવી જોઇએ એ જ સાચો અભિગમ છે. સજ્ઝાય એ આત્મજાગૃતિની ક્ષણે ક્ષણે ચેતવણી આપે છે અને તેનાથી ધીર-ગંભીર બનીને સ્વસ્થિતિ

પ્રતિ વિચાર કરવાની પ્રેરણા આપે છે. સજ્ઝાય માત્ર દ્રવ્ય ક્રિયા નથી પણ આત્મ ભાવનું દર્શન કરવા માટેનું સાધન છે. દેવસિ પ્રતિક્રમણમાં જે સજ્ઝાય છે તેના કરતાં વિશિષ્ટ પ્રકારની સજ્ઝાય રાઈ પ્રતિક્રમણ અને પૌષધની ક્રિયામાં છે. રાઇ પ્રતિક્રમણમાં ભરહેસર બાહુબલી અને પૌષધમાં ત્રણ વખત મન્હ જિણાણંની સજ્ઝાયનો સ્વાધ્યાય કરવાનો હોય છે. પર્વના દિવસોમાં રાઈ પ્રતિક્રમણ કરનારા ઘણા છે પણ બાકીના દિવસોમાં રાઈ પ્રતિક્રમણ કરનારાની સંખ્યા અલ્પ છે. તેનાથી પણ ઓછી સંખ્યા પૌષધ કરનારાની છે એટલે દેવસિ પ્રતિક્રમણની સજ્ઝાય પછી બે સજ્ઝાયનો વિશેષાર્થ બહુ ઓછા લોકોને ખબર છે. પર્વાધિરાજ પર્યુષણમાં રાઈ પ્રતિક્રમણ અને પૌષધમાં સજ્ઝાયનું શ્રવણ થાય છે પછી આ અંગે કોઈ વિશિષ્ટ વિચારણા થતી નથી. વિધિ પ્રમાણે વિધિ કર્યાનો સંતોષ છે પણ વિધિ દ્વારા આત્મલક્ષી પણાનો ભાવ કેટલો વધ્યો-વિકાસ પામ્યો તેનો વિચાર નહિવત્ છે. માંગલિક પ્રતિક્રમણમાં મન્હ જિણાણંની સજ્ઝાયનો વિધિ છે. પક્ખી, ચોમાસી અને સંવત્સરી પ્રતિક્રમણમાં સંસારદાવાનળની સજ્ઝાયનો વિધિ છે અને ચોથી ગાથા સમૂહમાં મોટા અવાજથી બોલાય છે. આ સજ્ઝાયનો ભાવ પણ કોઈ રીતે વિચારવામાં આવતો નથી. દેવસિ પ્રતિક્રમણની સજ્ઝાય ત્યાગ અને વૈરાગ્ય પ્રધાન છે તો રાઇ પ્રતિક્રમણની સજ્ઝાય પ્રાતઃકાળમાં મહાપુરુષો અને સતીઓના પુણ્ય સ્મરણ દ્વારા આત્માને માનસિક શુદ્ધિ વૃદ્ધિમાં પૂરક બને છે. ભરહેસરની સજ્ઝાયમાં ઉચ્ચ કોટિના આરાધકોની સૂચી છે. તેનું પ્રતિદિન સ્મરણ કરવાથી ગુણાનુરાગ કેળવાય અને આત્મા પણ તેમાંથી પ્રેરણા લઇને આરાધક ભાવમાં સ્થિર થાય તેવી વિશિષ્ટ શક્તિ એ નામોમાં રહેલી છે. આ સજ્ઝાયની ૧૩ ગાથા છે. ૧ થી ૭ ગાથામાં ૫૩ મહાત્માઓ અને ૮ થી ૧૩ ગાથામાં ૪૭ મહાસતીઓનો નામોલ્લેખ છે. સાતમી ગાથાના અર્થની વિચારણા કરવા જેવી છે. તેમાં જણાવ્યું છે કે જેમના નામ સ્મરણથી પાપના બંધ નાશ પામે છે એવા ગુણના સમૂહથી યુક્ત, એવા (નામ નિર્દેશ કરેલા) અને બીજા મહાપુરુષો સુખ આપો. ભરત, બાહુબલીથી આરંભીને મેઘકુમાર સુધીના મહાપુરુષોના ચારિત્રોની ખબર હોય તો સજ્ઝાય બોલતાં કે શ્રવણ કરતાં શુભ ભાવમાં લીન થવાય. સજ્ઝાયના હાર્દને પામવા માટે મહાપુરુષો અને મહાસતીઓના જીવનનો ઓછોવત્તો પરિચય અવશ્ય હોવો જ જોઇએ. તે વિના શુદ્ધ ઉપયોગમાં આત્મા આવે નહિ. સુલસા, ચંદનબાળાથી સ્થૂલિભદ્રની સાત બહેનોનો નામ નિર્દેશ થયો છે તો આ સતીઓના જીવનનો મિતાક્ષરી પરિચય પણ સાર્થક નીવડે છે. પ્રત્યેક નામની સાથે જીવનનો એક મહાન ગુણ રહેલો છે, તેનું જો જ્ઞાન પ્રાપ્ત થાય તોય આત્માને શાંતિ મળે. દ્રવ્ય પ્રતિક્રમણમાંથી ભાવપ્રતિક્રમણ પ્રતિ ગતિ કરવા માટે આ પ્રકારનું જ્ઞાન ખૂબ જ ઉપયોગી છે. આ માટે જાગૃતિ કેળવવાની અનિવાર્ય આવશ્યકતા છે.

'મન્હ જિણાણં'ની સજ્ઝાય માંગલિક પ્રતિક્રમણ અને પૌષધમાં સાંભળવા મળે છે. પૌષધ આત્માના જ્ઞાન, દર્શન અને ચારિત્ર જેવા ગુણોની વૃદ્ધિ અને શુદ્ધિ માટે છે. એટલે આત્માએ શ્રાવક તરીકે કયો ધર્મ કરવાનો છે તેનો ઉલ્લેખ તેમાંથી મળે છે. પૌષધ આ સજ્ઝાય ત્રણ વખત બોલવામાં આવે છે અને સાચા અર્થમાં એ આત્માનો સ્વાધ્યાય બને છે. સજ્ઝાયની પાંચ ગાથામાં શ્રાવકનાં ૩૬ કૃત્યોનો ઉલ્લેખ થયો છે.

જિનાજ્ઞાનું પાલન, મિથ્યાત્વનો ત્યાગ અને સમકિતનો સ્વીકાર, છ આવશ્યકનું આચરણ, પર્વતિથિએ પૌષધ ગ્રહણ કરવો, દાન-શીલ તપ અને ભાવ એમ ચાર પ્રકારના ધર્મનું પાલન, નવકારમંત્રનો સ્વાધ્યાય, પરોપકાર કરવો, જયણા ધર્મનું અનુસરણ, જિનપૂજા, પ્રભુની સ્તુતિ-ગુણગાન ગાવા, ગુરુ સ્તુતિ-ભક્તિ, સાધર્મિકભક્તિ, વ્યવહાર જીવનમાં નીતિ પરાયણતા દ્વારા શુદ્ધિ, રથયાત્રા, તીર્થયાત્રા, ઉપશમ, સંવર અને વિવેકના ગુણો કેળવવા, ભાષા સમિતીનું પાલન, છકાયના જીવો પ્રત્યે કરૂણા અને રક્ષણ, ધર્મીજનની સોબત-સત્સંગ, ચરણ, કરણ ધર્મપાલન, સંઘપતિનું બહુમાન, ધાર્મિક પુસ્તક લેખન અને તીર્થમાં પ્રભાવના જેવાં સુકૃત શ્રાવકે કરવાં જોઇએ. વડિલ પુરુષ સજ્ઝાય બોલે છે પણ શ્રવણ કરનારા તેનો અર્થ સમજીને વિચારે કે નરજન્મ પૂરો થાય ત્યાર પહેલાં કેટલું કર્યું છે અને કેટલું બાકી છે તે કરીને જીવન સાર્થક કરવાનો વિચાર કરનારા અતિ અલ્પ સંખ્યામાં છે. સજ્ઝાયમાં આત્માનો વિચાર કરવા માટે આ સૂચિ માર્ગદર્શક સ્તંભ સમાન છે કે જેનાથી શ્રાવક ધર્મમાં કેટલી પ્રગતિ થઈ તેનું માપ નીકળે છે. ધર્મ ફુરસદે કરવાનો નથી. એ તો શ્વાસોશ્વાસ સમાન છે. ફુરસદનો ધર્મ માત્ર સામાજિક પ્રતિષ્ઠા બની જાય છે. તેનાથી આત્માનું કોઈ શ્રેય થતું નથી. ભગવાન મહાવીરના શ્રાવકો આનંદ અને કામદેવ જેવા ઘણી જવાબદારીવાળા હતા છતાં તેમાંથી સમય કાઢીને શ્રાવક ધર્મનું પાલન કરતા હતા. ધર્મમાં સંતોષ માનવાનો નથી. એ તો ભવોભવ આરાધના થાય અને મુક્તિ મળે ત્યાં સુધી મુશળધાર વૃષ્ટિ સમાન આચરવાનો છે. સ્ત્રી, ધન અને ભોજનમાં સંતોષ માનવો. બાકી ધર્મ, જ્ઞાન અને આરાધનામાં સંતોષ માનવો નહિ. પક્ખી, ચોમાસી અને સંવત્સરી પ્રતિક્રમણની સજ્ઝાય સંસાર દાવાનળની સ્તુતિ દ્વારા થાય છે.

'સંસારદાવાનળ દાહ નીરં, સંમોહ ધૂલી હરણે સમીરં
માયા રસાદારણ સીરં, નમામિ વીરં ગિરિ સાર ધીરં.'

સજ્ઝાયના આરંભમાં સંસાર, દાવાનળ છે એમ જણાવીને આત્માને ચેતવણી આપી ભગવાન મહાવીર સ્વામીની વિશેષતા દર્શાવી છે અને નમસ્કાર કર્યાનો ઉલ્લેખ થયો છે. સંસાર એટલે શુભાશુભ કર્મ ભોગવવા માટેનું સ્થાન અને મોક્ષની સાધના માટેનું સાધન. સંસાર એટલે ચાર કષાયની ચંડાળ ચોકડી કર્મબંધ કરીને ભવભ્રમણ કરાવે છે તેનો નાશ કરવા માટે પ્રભુ મહાવીર અને એમને પ્રતિપાદન કરેલા ધર્મની આરાધના એ જ ઉત્તમોતમ માનવ જન્મનું કાર્ય છે.

સજ્ઝાયનો આ ભાવ પ્રતિક્રમણમાં આવી જાય તો આત્માની જાગૃતિ અવશ્ય થાય અને તે માર્ગે પ્રવૃત્ત થયા વિના રહે નહિ.

સજ્ઝાય આત્માનો સ્વાધ્યાય છે એમ જાણીને સજ્ઝાયના હાર્દને પામવા માટે ને પુરૂષાર્થ થાય તો આત્મ ભાવને આત્મદશાનો પરિચય થાય. સજ્ઝાય શ્રવણથી એક કદમ આગળ વધીને અર્થ અને ભાવ સમજવાનો પ્રયત્ન સાફલ્ય ટાણું બની રહે છે. ❖❖❖


## અસ્થિ સારવાર કેન્દ્ર

સંઘના ઉપક્રમે હાડકાનાં નિષ્ણાત ડૉ. જમશેદ પીઠાવાલા દ્વારા હાડકાનાં દર્દીઓને મફત સારવાર દર રવિવારે સવારના ૧૦-૩૦ થી ૧-૩૦ સુધી સંઘના કાર્યાલયમાં (૩૮૫, સરદાર વી. પી. રોડ, પ્રાર્થના સમાજ, મુંબઈ-૪૦૦૦૦૪, ફોનઃ ૨૩૮૨૦૨૯૬) અપાય છે. હાડકાનાં દર્દીઓને તેનો લાભ લેવા વિનંતી છે.

જયાબેન વીરા — સંયોજક

નિરુબહેન એસ. શાહ
ડૉ. ધનવંત ટી. શાહ
મંત્રીઓ

# શ્રી દેવચંદ્રજી મહારાજ રચિત-શ્રી સંભવનાથ જિન સ્તવન

☐ શ્રી સુમનભાઈ એમ. શાહ

સર્વ સાંસારિક જીવની અંતર્ગત આત્મ-સત્તા સિદ્ધ-ભગવંત સમાન હોવા છતાંય, તેને પ્રકાશિત કરવા શ્રી અરિહંત પ્રભુનું નિમિત્તાવલંબન સાધક માટે અત્યંત આવશ્યક છે, એવું જ્ઞાનીપુરુષોનું કથન છે. એટલે સિદ્ધ પરમાત્માનું જેવું શુદ્ધ ગુણ-પર્યાયમય સ્વરૂપ છે એવું દરેક જીવમાં સત્તાએ અવશ્ય હોય છે, પરંતુ તે બહુધા કર્મમલથી આવરણ યુક્ત હોય છે. શ્રી તીર્થંકર પ્રભુનું સિદ્ધતારૂપ કાર્ય કે પરિપૂર્ણ પ્રગટ સ્વરૂપ સાધકના આત્મકલ્યાણમાં પ્રધાન નિમિત્ત-કારણ નિપજે છે. શ્રી જિનેશ્વર દેવની પ્રભુતા તથા ઉપયોગિતા ગુરુગમે યથાર્થ ઓળખી અને સાધ્યદૃષ્ટિ લક્ષમાં રાખી જે સાધક પુરુષાર્થમાં પ્રવૃત્ત થાય છે, તે મુક્તિ માર્ગનો અધિકારી નીવડે છે, એવો સ્તવનનો મુખ્ય હેતુ જણાય છે. હવે સ્તવનનો ગાથાવાર ભાવાર્થ જોઇએ.

શ્રી સંભવ જિનરાજજી રે, તાહરું અકલ સ્વરૂપ;<br>
સ્વપર પ્રકાશક દિનમણિ રે, સમતા રસનો ભૂપ.<br>
જિનવર પૂજો રે;<br>
પૂજો પૂજો રે ભવિકજન ! પૂજો રે, પ્રભુ પૂજ્યા પરમાનંદ;<br>
જિનવર પૂજો રે...૧

હે સંભવનાથ પ્રભુ ! આપનામાં સમસ્ત વિશ્વના સર્વ પદાર્થોના શુદ્ધ કે અશુદ્ધ ત્રિકાળી ભાવો કે ગુણો જેમ છે તેમ પ્રકાશિત કરવાનું સામર્થ્ય છે. અથવા હે પ્રભુ ! આપ પોતાના અને અન્ય દ્રવ્યના ત્રણે કાળના ભાવો જોઈ-જાણી યથાર્થ સ્વરૂપે સૂર્યની જેમ પ્રકાશિત કરો છો. હે પ્રભુ ! આપનું જ્ઞાનદર્શનાદિ ગુણ-પર્યાયરૂપ શુદ્ધ સ્વરૂપ મારા જેવા છદ્‌મસ્થ જીવનથી મન-બુદ્ધિ-ચિત્તાદિ મારફત જાણી શકાય એવું નથી. પરંતુ ગુરુગમે મને આપના સહજાનંદી સ્વરૂપની ઓળખાણ થઈ છે. હે પ્રભુ ! આપને સર્વ જીવ પ્રત્યે સરખી કરુણા અને કલ્યાણકારી દૃષ્ટિ હોવાથી આપ સમતારસના સમ્રાટ છો. હે પ્રભુ ! આપનું નિમિત્તાવલંબન અને ઉપકારકતા સાધકો માટે અજોડ કે અદ્વિતિય છે.

હે ભવ્યજીવો ! તમો પણ અરિહંત પરમાત્માની પૂજા, સેવના, ગુણકરણાદિ વિધિવત્ કરો અને સનાતન સુખ કે પરમાનંદ અનુભવો એવું સ્તવનકાર શ્રી દેવચંદ્રજીનું ભક્તજનોને આવાહન છે.

અવિસંવાદ નિમિત્ત છો રે, જગત જંતુ સુખકાજ;<br>
હેતુ સત્ય બહુમાનથી રે, જિન સેવ્યા સિવરાજ.<br>
જિનવર પૂજો રે....૨

જગતના જીવોને સનાતન સુખ અને સહજાનંદ પમાડી શકે તેવી ક્ષમતા ધરાવનાર શ્રી અરિહંત પ્રભુ સાધકો માટે નિર્વિવાદપણે સર્વોત્તમ નિમિત્ત છે. ભ્રાંતિમય ભૌતિક સુખાદિ છોડી, માત્ર પોતાની આત્મસત્તામાં રહેલ જ્ઞાનદર્શનાદિ ગુણોને પ્રકાશિત કરવાનો જે ભવ્યજીવનો મુખ્ય હેતુ છે, તેને માટે શ્રી અરિહંત પરમાત્માનું શુદ્ધાવલંબન પુષ્ટ-નિમિત્તરૂપે પરિણમે છે. આ હેતુથી સાધક પ્રત્યક્ષ સદ્‌ગુરુની નિશ્રામાં જિનેશ્વરદેવની વિધિવત્ અને બહુમાનપૂર્વક પૂજા, સેવના, ઉપાસનાદિમાં પ્રવૃત્ત થાય છે. આવા પુરુષાર્થના પરિણામે સાધક ઉત્તરોત્તર આત્મકલ્યાણ સાધી મોક્ષસુખ પામવાનો અધિકારી નીવડે છે.

ઉપાદાન આતમ સહી રે, પુષ્ટાલંબન દેવ;<br>
ઉપાદાન કારણ પણે રે, પ્રગટ કરે પ્રભુ સેવ.<br>
જિનવર પૂજો રે....૩

ઉપાદાન એટલે આત્મતત્ત્વના અનંત જ્ઞાનદર્શનાદિ ગુણ-પર્યાયનું શુદ્ધ સ્વરૂપ, જે દરેક જીવ માત્રમાં કાયમનું સત્તાએ કરીને અવશ્ય હોય છે. પરંતુ સાંસારિક જીવનું આવું સ્વરૂપ અનાદિકાળથી કર્મમલથી બહુધા આવરણ યુક્ત હોય છે, કારણ કે રાગદ્વેષ અને અજ્ઞાનવશ જીવથી વિભાવિક પ્રવૃત્તિ મનુષ્યગતિમાં થયા કરે છે. જે જીવને સંસાર બંધનરૂપ લાગે છે અને તેમાંથી છૂટવાની તીવ્ર જિજ્ઞાસા ઉત્પન્ન થાય છે, તેને માટે શ્રી જિનેશ્વરદેવનું પુષ્ટ-અવલંબન અત્યંત આવશ્યક છે એવું જ્ઞાનીપુરુષોનું કથન છે. શ્રી અરિહંત પ્રભુને સઘળા આત્મિકગુણો પ્રગટપણે વર્તતા હોવાથી તેઓનું શરણું સાધકો માટે સર્વોત્તમ નિમિત્ત છે. પ્રત્યક્ષ સદ્‌ગુરુની નિશ્રામાં સાધક શ્રી અરિહંત પરમાત્માની ભક્તિ, પૂજા, સેવના, ગુણકરણ, આજ્ઞાપાલનાદિ સત્‌સાધનો વડે ઉપાસના કરે તો તેનું સત્તાગત ઉપાદાન કે શુદ્ધ સ્વરૂપ પ્રગટ થાય.

કાર્ય ગુણ કારણપણે રે, કારણ કાર્ય અનૂપ;<br>
સકલ સિદ્ધતા તાહરી રે, મારે સાધન રૂપ.<br>
જિનવર પૂજો રે...૪

શ્રી તીર્થંકર પ્રભુનું વિશેષતામય સમગ્ર જીવન, તેઓને પ્રગટપણે વર્તતા કેવળ જ્ઞાન-દર્શન-ચારિત્ર-વીર્યાદિ આત્મિકગુણો, તેઓની સ્યાદ્‌વાદમયી મધુર ધર્મદેશના ઇત્યાદિની ઓળખાણ સાધકને પ્રત્યક્ષ સદ્‌ગુરુ મારફત થાય છે. સાધકને અરિહંત પ્રભુ પ્રત્યે અહોભાવ અને બહુમાન ઉત્પન્ન થાય છે. સાધક હર્ષોલ્લાસ વ્યક્ત કરતાં કહે છે કે પ્રભુ ! આપના અનુપમ સ્વરૂપનું નિશ્ચય અને વ્યવહારદૃષ્ટિથી મને ગુરુગમે સમ્યક્‌દર્શન થયું છે. હે પ્રભુ ! આપની કરુણા અને ઉપકારકતા મારા જેવા છદ્‌મસ્થ માટે અજોડ છે. હે પ્રભુ ! આપનું સિદ્ધતારૂપ કાર્ય કે પ્રગટ કેવળ જ્ઞાનાદિ સ્વરૂપ મારા માટે પુષ્ટ-નિમિત્તકારણ નિપજ્યું છે. હે પ્રભુ ! મને અતૂટ શ્રદ્ધા ઉત્પન્ન થઈ છે કે આપની વિધિવત્ પૂજા-સેવનાથી મારું સત્તાગત ઉપાદાન પ્રગટ થઈ આત્મકલ્યાણ થશે.

એક વાર પ્રભુ વંદના રે, આગમ રીતે થાય;<br>
કારણ સત્યે કાર્યની રે, સિદ્ધિ પ્રતીત કરાય.<br>
જિનવર પૂજો રે....૫<br>
પ્રભુપણે પ્રભુ ઓળખી રે, અમલ વિમલ ગુણગેહ;<br>
સાધ્યદૃષ્ટિ સાધકપણે રે, વંદે ધન્ય નર તેહ.<br>
જિનવર પૂજો રે....૬

શ્રી અરિહંત પ્રભુને ગુરુગમે યથાર્થ ઓળખી તેઓનું શરણું લઈ, સાધકને મુક્તિમાર્ગરૂપ કાર્યની સિદ્ધિ સફળ નીવડે તેની સરળ રીત ઉપરની ગાથાઓમાં સ્તવનકારે પ્રકાશિત કરી છે.

જિજ્ઞાસુ સાધક સૌ પ્રથમ તો શ્રી અરિહંત પ્રભુને પ્રગટપણે વર્તતું શુદ્ધ આત્મ-સ્વરૂપ ગુરુગમે યથાર્થપણે ઓળખે. શ્રી જિનેશ્વરદેવને સઘળા ઘાતીકર્મનો ક્ષય થયો હોવાથી તેઓ કર્મમલથી રહિત નિર્દોષદશાને પામેલા હોય છે. તેઓના કેવળ જ્ઞાનદર્શનાદિ આત્મિકગુણો પૂર્ણરૂપે પ્રગટ થયેલા હોઈ, તેઓ ઉજ્જવળ ગુણોના ભંડાર છે. આવા જ ગુણો સાધકને તેની અંતર્ગત સત્તામાં બહુધા અપ્રગટપણે રહેલા છે એ ગુરુગમે જાણે. સાધકના આત્મિકગુણો રાગદ્વેષ અને અજ્ઞાનાદિ વિભાવિક પ્રવૃત્તિથી આવરણ યુક્ત હોય છે. આત્મિકગુણો પ્રગટ થવા માટે સાધકને શ્રી જિનેશ્વરદેવનું પુષ્ટ-નિમિત્તાવલંબન અત્યંત આવશ્યક છે. સાધક જ્યારે તીર્થંકર

પરમાત્માને શરણે જઈ, સાધ્યદૃષ્ટિ લક્ષમાં રાખી સત્‌સાધનોથી વિધિવત્ પુરુષાર્થ ધર્મની આરાધના કરે છે ત્યારે તેના આત્મિકગુણો નિરાવરણ થવા માંડે છે. સાધક ઉત્તરોત્તર પ્રગતિ કરતાં આત્માનુભવ કરે છે. જે ભવ્યજીવને શ્રી જિનેશ્વરનું પુષ્ટ-નિમિત્ત પ્રાપ્ત થાય છે તે ધન્ય છે. આવા ભવ્યજીવને પ્રાપ્ત થયેલ કૃત-કૃત્યતા અન્ય સાધકોને પણ પ્રેરણાદાયક નીવડે છે.

ઉપર જણાવ્યા મુજબ એક વાર પણ જો સાધક શ્રી અરિહંત પરમાત્માની પ્રભુતા ઓળખી, તેઓનું શરણું લે અને સદ્‌ગુરુની નિશ્રામાં વિધિવત્ ઉપાસના કરે તો તેનાથી મોક્ષસુખરૂપ કાર્યની સિદ્ધિ અવશ્ય અનુભવી શકાય.

જન્મ કૃતારથ તેહનો રે, દિવસ સફળ પણ તાસ;
જગત શરણ જિન ચરણને રે, વંદે ધરીય ઉલ્લાસ.

જિનવર પૂજો રે...૭

સમસ્ત જગતના જીવોના તરણતારણ અને પતિતપાવન એવા શ્રી તીર્થંકર પ્રભુનું સાધ્ય-સાધન ભાવે સાધક શરણું લે અને તેઓના આજ્ઞાધીનપણામાં પ્રણામ-વંદનાદિ ઉપાસના કરે ત્યારે તેનું મનુષ્યગતિમાં થયેલ અવતરણ સફળ થયું ગણાય. આવો સાધક કે ભવ્યજીવ સત્‌સાધનો વડે ઉલ્લાસ અને ભક્તિભાવપૂર્વક ઉપાસનામાં પ્રવૃત્ત થાય છે. આવા સાધકને નિશ્ચય વર્તે છે કે શ્રી જિનપૂજા એ દરઅસલ તો નિજ આત્મ-પૂજના છે જેનાથી તેના શુદ્ધ ગુણો પ્રકાશિત થયા છે. છેવટે આવો મુમુક્ષુ કૃત-કૃત્યતા અનુભવી આત્મ-કલ્યાણ સાધે છે.

નિજ સત્તા નિજ ભાવથી રે, ગુણ અનંતનું ઠાણ;
દેવચંદ્ર જિનરાજજી રે, શુદ્ધ સિદ્ધ સુખખાણ.

જિનવર પૂજો રે...૮

ઉપર જણાવ્યા મુજબ દરેક જીવમાં આત્મિક જ્ઞાનદર્શનાદિ ગુણ-પર્યાયરૂપ નિજ-સત્તા તો અવશ્ય કાયમની હોય છે. પરંતુ આવી નિજ-સત્તા શ્રી અરિહંત પ્રભુમાં સ્વસત્તારૂપે કે સ્વભાવસ્થ થયેલી હોય છે. એટલે પ્રભુને અનંત કેવળ જ્ઞાન-દર્શન-ચારિત્ર્ય-વીર્યાદિ ગુણો પ્રગટપણે વર્તે છે, માટે તેઓ અનંત સુખસંપદાના ભંડાર છે એવું સ્તવનકાર જણાવે છે. બીજી રીતે જોઇએ તો પ્રભુનું સિદ્ધતારૂપ કાર્ય પરિપૂર્ણ થયું છે, જે અનેક સાધકોને અવલંબન માટે અત્યંત ઉપકારી નીવડે છે.

આમ જિનેશ્વર પરમાત્માનું અવલંબન સાધ્ય-સાધન ભાવે આત્માર્થી લે, તો તેની સત્તામાં રહેલ શુદ્ધ આત્મ-સ્વરૂપ પ્રગટ થવા માંડે છે. અંતે મુમુક્ષુ સનાતન-સુખની ખાણરૂપ દેવોમાં ચંદ્ર સમાન ઉજ્જવળ પરમાત્મપદ પામવાનો અધિકારી નીવડે છે.


સંઘનું નવું પ્રકાશન

**જૈન ધર્મના પુષ્પગુચ્છ**

**લેખક : ડૉ. બિપિનચંદ્ર હી. કાપડિયા**
**ડૉ. રમણલાલ ચી. શાહ**

**કિંમત-રૂા. ૧૦૦/-**

(નોંધ-સંઘના સભ્યોએ અડધી કિંમતે કાર્યાલયમાંથી મેળવી લેવું. મોકલવામાં આવશે નહિ.)

☐ નિરુબહેન એસ. શાહ
☐ ધનવંત ટી. શાહ
મંત્રીઓ


# શ્રી મુંબઈ જૈન યુવક સંઘ

## કાર્યવાહક સમિતિ ૨૦૦૪-૨૦૦૫

શ્રી મુંબઈ જૈન યુવક સંઘની વાર્ષિક સામાન્ય સભા શુક્રવાર તા. ૩૦-૯-૨૦૦૪ના રોજ સંઘના કાર્યાલયમાં મળી હતી. જેમાં સને ૨૦૦૪-૨૦૦૫ના વર્ષ માટે હોદ્દેદારો, કાર્યવાહક સમિતિના સભ્યો, કો-ઓપ્ટ સભ્યો તથા નિમંત્રિત સભ્યોની વરણી સર્વાનુમતે નીચે મુજબ કરવામાં આવી હતી.

હોદ્દેદારો

**પ્રમુખ** : શ્રી રસિકલાલ લહેરચંદ શાહ
**ઉપપ્રમુખ** : શ્રી ચંદ્રકાન્ત દીપચંદ શાહ
**મંત્રીઓ** : શ્રીમતી નિરુબહેન સુબોધભાઈ શાહ
ડૉ. શ્રી ધનવંત તિલકરાય શાહ
**સહમંત્રી** : શ્રીમતી વર્ષાબહેન રજ્જુભાઈ શાહ
**કોષાધ્યક્ષ** : શ્રી ભૂપેન્દ્ર ડાહ્યાભાઈ જવેરી
**સભ્યો** : ડૉ. શ્રી રમણલાલ ચીમનલાલ શાહ
પ્રો. શ્રીમતી તારાબહેન રમણલાલ શાહ
શ્રી વલ્લભદાસ આર. ઘેલાણી
શ્રી નટુભાઈ પટેલ
કુ. વસુબહેન ભણશાલી
શ્રીમતી ઉષાબહેન પ્રવીણભાઈ શાહ
કુ. મીનાબહેન શાહ
શ્રીમતી પુષ્પાબહેન ચંદ્રકાન્ત પરીખ
શ્રી ગાંગજીભાઈ પોપટલાલ શેઠિયા
શ્રીમતી કુસુમબહેન નરેન્દ્રભાઈ ભાઉ
શ્રીમતી જયાબહેન ટોકરશી વીરા
શ્રી ભંવરભાઈ વાલચંદ મહેતા
શ્રીમતી રમાબહેન વિનોદભાઈ મહેતા
શ્રીમતી રમાબહેન જયસુખલાલ વોરા
**કો-ઓપ્ટ સભ્યો** : શ્રી પીયૂષભાઈ કોઠારી
શ્રી શૈલેશભાઈ હિંમતલાલ કોઠારી
શ્રી લલિતભાઈ પોપટલાલ શાહ
શ્રી દિલીપભાઈ વીરેન્દ્રભાઈ કાકાબળીયા
શ્રી દિલીપભાઈ મહેન્દ્રભાઈ શાહ
**નિમંત્રિત સભ્યો** : શ્રીમતી રેણુકાબહેન રાજેન્દ્રભાઈ જવેરી
શ્રી જયંતીલાલ પોપટલાલ શાહ
શ્રી નીતિનભાઈ કાંતિલાલ સોનાવાલા
શ્રી રશ્મિભાઈ ભગવાનદાસ શાહ
કુ. યશોમતીબહેન શાહ
શ્રી રમણીકલાલ ભોગીલાલ શાહ
શ્રીમતી સુશીલાબહેન રમણીકલાલ શાહ
શ્રી બસંતલાલ નરસિંગપુરા
શ્રી દેવચંદ શામજી ગાલા
શ્રી ચંદ્રકાન્ત પરીખ
શ્રી કાંતિલાલ પાનાચંદ શાહ
શ્રીમતી કલાવતી શાંતિલાલ મહેતા
શ્રી રમણીકલાલ આર. સલોત
શ્રી જેવતલાલ સુખલાલ શાહ
ડૉ. શ્રી રજ્જુભાઈ એન. શાહ
શ્રીમતી ચંદ્રાબહેન પીયૂષભાઈ કોઠારી
શ્રી નીતિનભાઈ ચીમનલાલ શાહ
શ્રી કિરણભાઈ હીરાલાલ શાહ
શ્રીમતી અલકાબહેન કિરણભાઈ શાહ
શ્રી મહેન્દ્રભાઈ શામજી ગોસર
શ્રી શાન્તિભાઈ કરમશી ગોસર

Printed & Published by Nirubahen Subodhbhai Shah on behalf of Shri Mumbai Jain Yuvak Sangh and Printed at Fakhri Printing Works, 312/A, Byculla Service Industrial Estate, Dadaji Konddev Cross Road, Byculla, Mumbai-400 027. And Published at 385, S.V.P. Road, Mumbai-400 004. Editor: Ramanlal C. Shah.

Regd. With Registrar of Newspapers for India No. R. N. I. 6067/57
Posted at Patrika Channel sorting office Mumbai-400 001 Licence to post without prepayment No. 271
● વર્ષ : (૫૦) + ૧૬ ● અંક : ૨ ● ૧૬ ફેબ્રુઆરી, ૨૦૦૫ ● ● Regd. No. TECH / 47-890 / MBI / 2003-2005
● ● ● શ્રી મુંબઈ જૈન યુવક સંઘનું માસિક મુખપત્ર ● ● ●

# પ્રબુદ્ધ જીવન

● ● પ્રબુદ્ધ જીવન પાક્ષિક ૧૯૩૯થી ૧૯૮૯ : ૫૦ વર્ષ ● ● વાર્ષિક લવાજમ રૂા.૧૦૦/- ● ● છૂટક નકલ રૂા. ૧૦/- ● ●

તંત્રી : રમણલાલ ચી. શાહ સહતંત્રી : ધનવંત તિ. શાહ

## सूरं मणणइ अप्पाणं, जावं जेयं न पस्सइ ।

☐ ભગવાન મહાવીર

### [જ્યાં સુધી વિજેતાને જોયો નથી, ત્યાં સુધી પોતાને શૂરવીર માને છે.]

ભગવાન મહાવીરે નવદીક્ષિત મુનિઓને પરિષહ અને ઉપસર્ગના વિષયમાં આ શિખામણ આપી છે, પરંતુ તે જીવનના સર્વ ક્ષેત્રોમાં સર્વ કાળે સર્વને લાગુ પડે છે.

સૂત્રકૃતાંગસૂત્રમાં ત્રીજા અધ્યયનમાં 'ઉપસર્ગ પરિજ્ઞા'ના પહેલા ઉદ્દેશકની પહેલી જ ગાથા છે:

सूरं मणणइ अप्पाणं, जावं जेयं न पस्सइ ।
जुज्झंतं दढ धम्माणं सिसुपालो व महारहं ॥

[જ્યાં સુધી વિજેતા પુરુષને જોયો નથી, ત્યાં સુધી કાયર માણસ પોતાની જાતને શૂરવીર માને છે. યુદ્ધ કરવામાં દઢધર્મી મહારથી શ્રીકૃષ્ણને જોયા ન હતાં ત્યાં સુધી શિશુપાલ રાજા પોતાની શૂરવીરતાનું અભિમાન કરતો હતો.]

અહીં ભગવાને શ્રીકૃષ્ણ અને શિશુપાલનું ઉદાહરણ આપ્યું છે. (મહાભારતની ઘટના ભગવાન શ્રી મહાવીર સ્વામીના જન્મ પૂર્વે હજારો વર્ષ પહેલાંની છે.)

શિશુપાલ ચેદિ દેશનો રાજા હતો. તે ઘણો શૂરવીર અને પરાક્રમી હતો. તે રુક્મિણીને પરણવા ઇચ્છતો હતો. રુક્મિણીના ભાઈની ઇચ્છા રુક્મિણીને શિશુપાલ સાથે પરણાવવાની હતી. પરંતુ શિશુપાલ જ્યારે પરણવા આવ્યો ત્યારે શ્રીકૃષ્ણે રુક્મિણીનું હરણ કરી એની સાથે લગ્ન કર્યાં. આથી શિશુપાલ ઘણો રોષે ભરાયો હતો.

શિશુપાલ શ્રીકૃષ્ણના ફોઇનો દીકરો થાય. પરંતુ શિશુપાલ નાનપણથી જ ઉદ્ધત હતો. શ્રીકૃષ્ણ વધુ બળવાન છે એ ફોઈ જાણતાં હતાં. એટલે શિશુપાલનો કંઈ વાંક હોય, અપશબ્દો બોલે તો મારામારીમાં કૃષ્ણ એને મારે અને શિશુપાલને માર ખાવો પડે. એટલે ફોઇએ પોતાના પુત્ર શિશુપાલને શ્રીકૃષ્ણના ચરણોમાં નમાવીને કહ્યું કે એ જો કંઈ ગાળ બોલે કે અપમાન કરે તો એને ક્ષમા આપજે. શ્રીકૃષ્ણે વચન આપ્યું કે જો એ નવ્વાણું વખત ગાળ બોલશે ત્યાં સુધી હું એને માફી આપીશ. પણ જો એ સોમી વખત અપમાનજનક વચનો બોલશે તો હું અવશ્ય એને શિક્ષા કરીશ. શ્રીકૃષ્ણ એ રીતે ફોઇને આપેલા વચનનું બરાબર પાલન કરતા હતા.

એક વખત યુદ્ધિષ્ઠિર રાજા શ્રીકૃષ્ણના કહેવાથી રાજસૂય યજ્ઞ કરવાના હતા ત્યારે ઘણા મોટા મોટા રાજાઓ પધાર્યા હતા. તેમાં શિશુપાલ રાજા પણ હતો. ભીષ્મે યુધિષ્ઠિરને કહ્યું કે આ યજ્ઞમાં જે સર્વશ્રેષ્ઠ હોય તેની અર્ઘ્યપાદ પૂજા કરવી જોઇએ. શ્રીકૃષ્ણ સર્વશ્રેષ્ઠ છે. માટે તેમની પૂજા કરો.'

તે વખતે શિશુપાલ ક્રોધે ભરાયો. તેણે કહ્યું, 'હે યુધિષ્ઠિર ! તમે કેવળ સ્વાર્થી છો. તમારે માન આપવું હોય તો વસુદેવને, દ્રુપદને, દુર્યોધનને, દ્રોણાચાર્યને કે વ્યાસજીને આ માન આપો. શ્રીકૃષ્ણને શા માટે ? તેઓ બ્રાહ્મણ નથી, આચાર્ય નથી, રાજા નથી. તે પોતાના રાજાનો ઘાત કરનાર છે અને ગોવાળિયો છે.' એમ કહી એણે પોતાનું ખડ્ગ કાઢ્યું. તેણે કહ્યું કે કોઈ પણ રાજા મારી સામે થશે એને હું કાપી નાખીશ.' શ્રીકૃષ્ણે રાજાઓને કહ્યું, 'શિશુપાલ યાદવોનો શત્રુ છે. મારી ફોઇને આપેલા વચન અનુસાર મેં એને નવ્વાણુ વખત માફી આપી છે. આજે એણે મારું અને યજ્ઞમાં પધારેલા રાજાઓનું અપમાન કર્યું છે. હવે હું એને ક્ષમા નહિ આપી શકું.'

શ્રીકૃષ્ણનાં આ વચનો સાંભળી ક્રોધે ભરાયેલો શિશુપાલ શ્રીકૃષ્ણને ખડ્ગથી મારવા ધસ્યો ત્યાં જ શ્રીકૃષ્ણે સુદર્શન ચક્રનું સ્મરણ કર્યું. ચક્ર જેવું હાથમાં આવ્યું કે તરત એ વડે શ્રીકૃષ્ણે શિશુપાલનું મસ્તક ઉડાવી દીધું.

શિશુપાલ પોતે પોતાને બહુ બળવાન માનતો હતો, પણ શ્રીકૃષ્ણ પાસે એનું કશું ચાલ્યું નહિ. શ્રીકૃષ્ણનો વિજય થયો.

ભગવાન મહાવીરે અહીં નવદીક્ષિત સાધુઓને લક્ષમાં રાખીને કહ્યું છે કે 'જ્યાં સુધી પરીષહ–ઉપસર્ગથી તમારી કસોટી નથી થતી ત્યાં સુધી તમે તમારી જાતને સાધુપણામાં શૂરવીર માનો તે યોગ્ય નથી.'

યાચના પરીષહ માટે ભગવાને આ અધ્યયનમાં જ કહ્યું છે:

एवं सेहे वि अप्पुट्ठे भिक्खायरिया अकोविए ।
सूरं मणणइ अप्पाणं जाय लूहं ण सेवइ ॥

[એવી રીતે ભિક્ષાચર્યામાં અનિપુણ (અકોવિદ) એવા સાધુ (નવદીક્ષિત મુનિ) પોતાની જાતને ત્યાં સુધી શૂરવીર માને છે જ્યાં સુધી એમને પરીષહનો સ્પર્શ થયો નથી.]

નવદીક્ષિત મુનિને ગોચરી વહોરવાનો હજુ બરાબર અનુભવ થયો નથી. ગોચરી વહોરવામાં શું અઘરું છે ? આવો પ્રશ્ન કોઇકને થાય. પણ બીજા પાસે આહારાદિ માગવા માટે નીકળનારની ઘણી કસોટી થાય છે. મોટા શહેરોમાં તો ઘણા ભક્તો હોય છે, પણ નાના ગામડાંઓમાં મધ્યમ વર્ગના લોકોને ત્યાં ગોચરી વહોરવામાં ઘણા ધૈર્યની અપેક્ષા રહે છે. એટલા માટે યાચનાને પરીષહ તરીકે ઓળખાવવામાં આવી છે.

ભિક્ષા માગનાર કોઈપણ ધર્મના નવા નવા યાચકનાં લક્ષણો નીચેના શ્લોકમાં આબેહૂબ વર્ણવાયાં છે. કહ્યું છે :

खिज्जइ मुखलावण्यं वाया घोलेइ कंठमज्झंमि ।
कहकहकहेइ हियय देहित्ति परं भणंतस्स ॥
गति भ्रंशो मुखे दैन्यं गात्रस्वेदो विवर्णता ।
मरणे यानि चिह्नानि तानि चिह्नानि याचके ॥

[મુખનું લાવણ્ય ઓછું થવું, વાચા ગળામાં જ ઘૂંટાય, એટલે કે સ્પષ્ટ અવાજ બહાર ન નીકળે, હૃદયના ધબકારા વધી જાય-'મને આપો' એવું બોલનાર-યાચકનાં આ લક્ષણો છે.

પગનું લથડાવું, ચહેરા પર દીનતા છવાઈ જાય, શરીરે પરસેવો વળે, શરીર ફિક્કું થઈ જાય-આમ મૃત્યુ વખતે જેવાં ચિહ્નો જોવા મળે તેવાં ચિહ્નો યાચકના શરીરમાં જોવા મળે છે.]

આ વર્ણનમાં થોડી અતિશયોક્તિ હોય તો પણ યાચકના મનોભાવ તેમાં જોઈ શકાય છે.

નવદીક્ષિત સાધુ વેશ ધારણ કરી સાધુ થાય છે તે દિવસથી જીવન પર્યંત તે યાચક બને છે. ગૃહત્યાગ કરી, ધનસંપત્તિ છોડીને માણસ જ્યારે સાધુ બને છે ત્યારે એના જીવનનો એક નવી જાતનો તબક્કો શરૂ થાય છે. હવે અન્ન, પાણી, વસ્ત્ર, આશ્રય, ઉપકરણો બીજા પાસે માંગવા પડે છે. સમાજ તેમને ગૌરવપૂર્વક આપે છે, તેમ છતાં જેમણે ક્યારેય કોઇની પાસેથી કશું લીધું નથી, કેટલાકે તો આપ્યા જ કર્યું છે તેઓને હવે ઘરે ઘરે ગોચરી વહોરવા જવું પડે છે. આરંભમાં તો કોઇને ક્ષોભ પણ લાગે. ગોચરી વહોરવી એ પણ એક કળા છે. ઘરમાં ખાવાનું હોય છતાં 'જોગ નથી' એમ સ્ત્રીઓ બોલે, સરખું વહોરાવે નહિ, વહોરાવતા ચહેરા પર પ્રસન્નતા ન હોય, વહોરાવનારનું મુખ મ્લાન થઈ જાય, 'આ ક્યાંથી આવી ચડ્યા ?' આવા ભાવો વહોરાવનારને થાય તે વખતે ચિત્તમાં સમતા અને પ્રસન્નતાનો ભાવ રાખવો, કોઇની ટીકાનો, દોષનો ભાવ મનમાં ન ઉદ્ભવવા દેવો એ માટે સારી તાલીમ જોઇએ. નવદીક્ષિત સાધુઓએ આવી બાબતમાં હારી જવું ન જોઇએ. યાચના પરીષહ દરેક સાધક માટે કષ્ટદાયક છે એવું નથી. યાચના વખતે દીનતા, હીનતા, ગ્લાનિ અથવા પોતે સાધુ છે એવું વધારે પડતું ગૌરવ અનુભવવું નહિ. સાધુએ લૂખોસૂકો, તુચ્છ, અલ્પ આહાર વહોરતી વખતે શ્રાવક પ્રત્યે તુચ્છકારનો ભાવ ન અનુભવવો જોઇએ કે મોંઢું મચકોડવું ન જોઇએ. બીજી બાજું અભિમાનપૂર્વક ના કહેવી, વહોરાવનારના દોષો બતાવી અપમાનસૂચક વર્તન ન કરવું જોઇએ.

જૈન સાધુની દિનચર્યાથી અપરિચિત અન્યધર્મી લોકો કોઇક વખત સાધુને ગોચરી માટે જતા જોઇને અંદરઅંદર બોલે કે આ બિચારા માણસના પૂર્વકર્મોનો કેવો ઉદય આવ્યો છે કે અત્યારે એને ભીખ માગવાનો વખત આવ્યો છે ! આવાં વચનો સાંભળીને સાધુને ચીડ, તિરસ્કાર, દ્વેષ વગેરેના ભાવો ન થવા જોઇએ.

શીત પરિષહ માટે ભગવાને કહ્યું છેઃ

जया हेमंतमासम्मि सीयं फुसइ सवायगं ।
तत्थ मंदा विसीयंति रज्जहीणा व खत्तिया ॥

[જ્યારે હેમંત ઋતુમાં ઠંડી સર્વ અંગોને સ્પર્શ કરે છે ત્યારે મંદ શક્તિવાળા સાધુ, રાજ્ય ગુમાવનાર ક્ષત્રિયની જેમ વિષાદ અનુભવે છે.]

સાધુ અપરિગ્રહી હોય છે. શિયાળાની કડકડતી ઠંડીમાં તેની પાસે ગાદલું, ઓશીકું, ગરમ કપડાં અને ઓઢવાની રજાઈ હોતાં નથી. એ વખતે ધીમે ધીમે પ્રસન્નતાપૂર્વક, મનોબળ કેળવીને ઠંડી સહન કરતાં શીખવું જોઇએ. જો તેમ ન કરી શકે તો એનું ચિત્ત વિષાદ અનુભવે છે અને વિચારે છે કે 'મારું કેવું સરસ ઘર છોડાઈ ગયું !' ભગવાને ઉપમા આપી છે કે ક્ષત્રિય રાજાનું રાજ્ય જ્યારે ચાલ્યું જાય, પોતે પરાજય પામે તે વખતે તે કેટલો બધો વિષાદ અનુભવે છે ! આવો વિષાદ નવદીક્ષિત સાધુ જો મંદ પરાક્રમી હોય તો કડકડતી ઠંડીમાં અનુભવે છે.

સાધુજીવનમાં બ્રહ્મચર્યની કસોટી કરે એવા પરીષહો પણ આવે છે. આ આકરો પરીષહ છે. સંયમમાં પૂરી શ્રદ્ધા હોય તો એવા પરીષહો જીતી શકાય. વધનો ઉપસર્ગ સમતાપૂર્વક સહન કરનારા મહાત્માઓ ઘણી ઊંચી આત્મદશા ધરાવતા હોય છે.

બ્રહ્મચર્યવ્રતમાં સ્થૂલિભદ્રજી અને સિંહગુફાવાસી સાધુનાં દૃષ્ટાંત જાણીતાં છે.

સ્થૂલિભદ્રજી દીક્ષા લે છે ત્યારે એમના ગુરુ મહારાજ એમને પહેલું ચાતુર્માસ કોશાને ત્યાં એકલા જઇને રહેવાની આજ્ઞા કરે છે. પોતાની પૂર્વ પ્રેયસી રૂપવતી કોશાને ત્યાં ચાતુર્માસ કરવા જવામાં બ્રહ્મચર્યવ્રતની કેટલી ભયંકર કસોટી કહેવાય ! છતાં સ્થૂલિભદ્રજી જરા પણ વિચલિત થયા વગર, પૂરી આરાધના કરીને તથા કોશાને પણ બોધ આપીને પાછા ગુરુ મહારાજ પાસે આવે છે ત્યારે ગુરુમહારાજ સ્થૂલિભદ્રજીને 'દુષ્કર, દુષ્કર' એમ બે વાર કહીને શાબાશી આપે છે. એ વખતે બીજા એક સાધુ પણ કઠોર ચાતુર્માસ કરીને આવે છે. તેમણે સિંહની ગુફામાં રહીને ચાતુર્માસની આરાધના કરી હતી. એમને શાબાશી આપતાં ગુરુ મહારાજ 'દુષ્કર'-એમ એક વખત બોલે છે. એક નવયૌવનાને ત્યાં રહેવું એ 'દુષ્કર' કે સિંહની ગુફામાં રહેવું 'દુષ્કર' ? 'દુષ્કર, દુષ્કર' એમ બે વખત બોલાયું એટલા માટે તેઓ સ્થૂલિભદ્રની ઇર્ષ્યા કરે છે અને પોતે બીજું ચાતુર્માસ કોશાને ત્યાં કરવાની આજ્ઞા માગે છે. ગુરુ મહારાજની આજ્ઞા મળતાં તેઓ કોશાને ત્યાં ચાતુર્માસ માટે જાય છે, પણ જતાંની સાથે કોશાને જોતાં જ મનથી તેઓ બ્રહ્મચર્યવ્રતથી ચલિત થઈ જાય છે. પરંતુ કોશા એમ વશ થાય એવી નથી. તે કામભોગ માટે નેપાળથી રત્નકંબલ લાવી આપવાની શરત મૂકે છે અને સિંહગુફાવાસી શિષ્ય રત્નકંબલ લેવા માટે નેપાળ જવા નીકળે છે. કહેવાનું તાત્પર્ય એ છે કે પોતાને સમર્થ માનનાર માણસ પણ બ્રહ્મચર્ય વ્રતમાં પરાજિત થઈ જાય છે.

ભગવાને જે ઉપદેશ સાધુઓને આપ્યો છે તે ગૃહસ્થોએ પણ ગ્રહણ કરવા યોગ્ય છે. જીવનમાં જ્યાં સુધી વિપરીત સ્થિતિ ઉત્પન્ન થતી નથી અથવા કસોટીના પ્રસંગ આવતા નથી ત્યાં સુધી માણસ પોતાને ચડિયાતો માને છે. પરંતુ જીવનમાં કેટલીયે વાર શેરને માથે સવાશેર હોય છે. પોતાનું અભિમાન અમુક સમય સુધી જ ટકતું હોય છે.

પોતાની ભિન્નભિન્ન પ્રકારની શક્તિ માટે માણસ જે અભિમાન કરે છે તેનાં પ્રકારો ઘણાં બધાં છે. પરંતુ શાસ્ત્રકારોએ અભિમાનના-મદના મુખ્ય આઠ પ્રકાર બતાવ્યા છે : (૧) જાતિ, (૨) કુલ, (૩) બલ, (૪) રૂપ, (૫) તપ, (૬) શ્રુત, (૭) લાભ અને (૮) ઐશ્વર્ય. આ આઠ પ્રકારના મદના દરેકના કેટલાયે પેટા પ્રકારો છે. મદને લીધે જેમણે ભારે કર્મો બાંધ્યાં હોય એવાં અને મદને લીધે પરાજિત થયા હોય એવાં ઘણાં પૌરાણિક-ઐતિહાસિક દૃષ્ટાન્તો જોવા મળે છે. સામાન્ય વ્યવહારમાં પણ આવા દાખલા જોવા મળે છે.

એક વખત એક નાના શહેરમાં ગામડેથી એક માણસ ઘોડા પર બેસી ખરીદી કરવા આવ્યો. એક મકાન આગળ પોતાના ઘોડાને એક થાંભલા સાથે બાંધીને તે બજારમાં ખરીદી કરવા ગયો. એ થાંભલા નજીક એક મકાનમાં એક કદાવર માણસ પોતાના ઘરની બારીઓ રંગતો હતો. બારીઓ રંગાઈ ગઈ એટલે પોતાની પીંછીમાં રહી ગયેલો રંગ તેને કાઢવો હતો. એવામાં એની નજર ઘોડા પર ગઈ. એણે પોતાની પીંછી ઘોડાના શરીર પર લપેડા કરીને સાફ કરી. ઘોડો જાણે કે રંગાઈ ગયો. બે કલાક પછી મુસાફર ખરીદી કરીને પાછો આવ્યો. પોતાના ઘોડા પર રંગના લપેડા જોઇને તે ક્રોધથી ભભૂકી ઊઠ્યો. તે બરાડા પાડવા લાગ્યો, 'કોણ બદમાશે મારા ઘોડાને રંગ લગાડ્યો છે. મને ખબર પડે તો અત્યારે જ તે ગદ્ધાની સાન ઠેકાણે આણું. બોલો, કોણે આમ કરવાની હિંમત કરી છે ?'

ત્યાં બાજુના મકાનમાંથી પેલો છ ફૂટ ઊંચો કદાવર માણસ મૂછ

મરડતો બહાર નીકળ્યો અને બરાડ્યો, મેં રંગ લગાડ્યો છે. બોલ, તું શું કરી લેવાનો છે ?'

ઘોડેસ્વાર ગભરાઈ ગયો. મારામારીમાં તો પોતે મરશે. એણે તરત પોતાની વાણીનો ભાવ બદલ્યો. નરમ થઇને એણે કહ્યું, 'ભાઈ સાહેબ, તમે રંગ લગાડ્યો છે તે બહુ સારું કર્યું. ઘોડો કેવો સરસ દેખાય છે ! હવે મારે એટલું પૂછવાનું છે કે આ રંગ સૂકાઈ ગયો છે. બીજો હાથ મારવાનો હોય તો રોકાઉં, નહિ તો હુ જાઉં.'

પેલો કદાવર માણસ કશું બોલ્યા વગર ઘરમાં ગયો કે તરત ઘોડેસ્વારે તક જોઇને ઘોડા પર બેસી પોતાનો ઘોડો દોડાવી મૂક્યો.

એક જૂની કહેવત છેઃ

જંગલે જટ્ટ (જંગલી આદિવાસી) ન છેડીએ; બજારે બકાલ;
કસબે તુર્ક (મુસલમાન) ન છેડીએ, નિશ્ચય આવે કાળ.'

માણસ ગમે તેટલો બહાદુર અને હિંમતવાન હોય પણ જંગલમાં એકલો જતો હોય અને કોઈ જંગલી માણસ સાથે તકરાર થાય, મુસાફર સાચો હોય અને ન્યાય એના પક્ષે હોય તો પણ જટ્ટની સાથે તકરાર ન થાય. મુસાફર એકલો હોય અને જટ્ટ ઘણા લોકો એકઠા થઇને એને મારી નાખે. તેવી રીતે માણસ એકલો હોય અને બજારમાં કોઈ બકાલ (શાકભાજી વેચનાર કાછિયા) સાથે ઝઘડો થાય તો મારામારી પર ન ઊતરી પડાય કારણ કે બકાલ વગેરે ઘણા બધા હોય તો તેઓ પોતાના જાતભાઇને બચાવવા એકલા માણસને ઘેરી વળે છે, વધારે થાય તો ધોલધપાટ પણ કરે છે. તેવી રીતે મુસલમાનોના રાજ્યના વખતમાં કસબામાં, પોલીસના થાણામાં કોઈ તુર્ક (મુસલમાન) સાથે ઝઘડો કર્યો તો બીજા તુર્કો તરત એકઠા થઈ જશે. આમ કેટલીક એવી પરિસ્થિતિ હોય છે કે જેમાં નીડર બહાદુર માણસે પણ બાંયો ચડાવવા જેવું હોતું નથી.

માણસે પોતાની શક્તિ માટે આત્મવિશ્વાસ ધરાવવો જ જોઇએ, પરંતુ કેટલાક માણસો પોતાની વિવિધ પ્રકારની શક્તિ માટે વધુ પડતો આત્મવિશ્વાસ ધરાવે છે, પરંતુ કસોટીનો પ્રસંગ આવે ત્યારે તેઓ હારી જાય છે. કેટલાક નાનાં પ્રલોભનો વખતે માણસ દૃઢ રહે છે, પણ મોટાં પ્રલોભનો વખતે ડગી જાય છે. પાંચ પચીસ હજારની લાંચ મળતી હોય તો માણસની પ્રામાણિકતા ટકી રહે છે, પરંતુ પાંચ-પંદર કરોડ રૂપિયા મળતા હોય ત્યારે તેઓ ડગી જાય છે. પોતાના બ્રહ્મચર્ય માટે ગર્વપૂર્વક વાત કરનાર સામાન્ય સ્ત્રીઓથી ચલિત થતા નથી, પણ કોઈ રૂપવતી લલના આગળ તેઓ ડગી જાય છે.

ભગવાન બુદ્ધનો અંકમાલ નામનો એક શિષ્ય હતો. તેણે ભિખ્ખુ તરીકે સારી તાલીમ મેળવી હતી. તે ત્યાગવૈરાગ્યનો નમૂનો હતો. બ્રહ્મચર્યના પાલનમાં તે દૃઢ હતો. તે ઘણો હોંશિયાર હતો અને સારું વ્યાખ્યાન આપી શકતો. એક વખત એણે ભગવાન બુદ્ધ પાસે સ્વતંત્ર વિહાર કરવાની અને લોકોને ધર્મોપદેશ આપવાની માગણી કરી. બુદ્ધે એને થોડો વખત થોભી જવા કહ્યું, અને એની ગુપ્ત કસોટી કરવાનું વિચાર્યું. ત્યાર પછી બુદ્ધની સૂચનાનુસાર બે બૌદ્ધ ભિખ્ખુઓ રાજ્યના ગુપ્તચરોનો સ્વાંગ સજીને અંકમાલ પાસે ગુપ્ત રીતે એકાંત સાધીને પહોંચ્યા અને કહ્યું કે સમ્રાટ હર્ષે તેઓને મોકલ્યા છે. વળી કહ્યું કે તમારી ખ્યાતિ અને કાબેલિયતથી સમ્રાટ ખૂબ જ પ્રભાવિત થયા છે. વળી કહ્યું, 'સમ્રાટે આપને રાજ્યનું મંત્રીપદ સ્વીકારવા માટે વિનંતી કરવા અમને મોકલ્યા છે. આ વાત અત્યંત ગુપ્ત રાખવાની છે. આપ વિચાર કરીને એ માટે સંમતિ આપો એટલે અમે સમ્રાટને તે જણાવીએ. એ માટે અમે અહીં થોડા દિવસ રોકાઇશું.'

અંકમાલે વિચાર કર્યો કે સમ્રાટ હર્ષના આવડા મોટા રાજ્યનું મંત્રીપદ મળતું હોય તો ભિખ્ખુ તરીકે જીવન જીવવાનો કોઈ અર્થ નથી. એણે ગુપ્તચરોને પોતાની સંમતિ જણાવી. આ વાત જાણીને બુદ્ધને લાગ્યું કે ત્યાગવૈરાગ્ય કરતાં રાજ્યનું મંત્રીપદ અંકમાલને મોટું લાગ્યું છે. ત્યાર પછી ભગવાન બુદ્ધ એક દિવસ અંકમાલને મળવા ગયા. ત્યારે સંકેત કર્યા પ્રમાણે આમ્રપાલી બુદ્ધને કંઈક પૂછવા માટે આવી અને ત્યાં ઊભી રહી. આમ્રપાલીએ અંકમાલ સામે જોઇને કંઈક હાવભાવ પણ કર્યા. એ વખતે બુદ્ધ સાથે વાત કરતાં કરતાં અંકમાલની નજર વારંવાર અપ્સરા જેવી આમ્રપાલી તરફ જવા લાગી. વાત કરવામાં એનું બરાબર ધ્યાન નહોતું. અંકમાલ સાથે વાત કરીને બુદ્ધ પાછા આવ્યા. થોડા દિવસ પછી તેમણે અંકમાલને જણાવ્યું કે 'ધર્મોપદેશ આપવા માટે તમે હજુ કાચા છો.' મોટાં પ્રલોભનો જ્યારે આવે છે ત્યારે ભલભલા માણસ ડગી જાય છે.

કેટલાક માણસો નાના વર્તુળમાં બહુ તેજસ્વી લાગે છે. લોકો પણ તેમનાથી અંજાય છે. તેઓ સર્વોપરિ જણાય છે. એક વખત કર્ણાટકમાં ગોકાકમાં અમારો એન.સી.સી.નો કેમ્પ હતો. અમારા કેમ્પ કમાન્ડન્ટ કર્નલ બ્રિટો હતા. તેઓ બહુ તેજસ્વી, કાર્યદક્ષ ઑફિસર હતા. એમ હોય તો જ એવી ઊંચી રેન્ક પર પહોંચી શકે. પંદરસો કેડેટ અને પચાસ ઑફિસરના અમારા જોઇન્ટ કેમ્પમાં કર્નલ બ્રિટો છવાઈ ગયા હતા. ઍંગ્લો ઈન્ડિયન, ગોરી ચામડી, ધારદાર આંખો, ચપળ ગતિ, સત્તાવાહી અવાજ આ બધાને લીધે કર્નલ બ્રિટોની એક જુદી જ સરસ છાપ બધાંના મન પર પડી હતી. અમને થતું કે કમાન્ડર હોય તો આવા હોય. પંદર દિવસ પછી કેમ્પના નિરીક્ષણ માટે દિલ્હીથી એન.સી.સી.ના વડા બ્રિગેડિયર વીરેન્દ્રસિંહ આવ્યા અને બે દિવસ રોકાયા. કર્નલ કરતાં બ્રિગેડિયરનો હોદ્દો ઊંચો. તેઓ અત્યંત તેજસ્વી હતા. તેઓ આવ્યા ત્યારે કર્નલ બ્રિટોની સાથે અમે બધા ઑફિસરોએ સલામ કરી એમનું સ્વાગત કર્યું. હવે બ્રિગેડિયરની સાથે 'યસ સર, યસ સર'. કહીને વાતો કરનારા કર્નલ બ્રિટો અમને એમની પાસે ઝાંખા લાગવા માંડ્યા. બે દિવસ પછી બ્રિગેડિયર કેમ્પમાંથી વિદાય થયા, પણ પછીના પંદર દિવસ સુધી કર્નલ બ્રિટો અમને એવા તેજસ્વી નહોતા લાગતા, જેવા આરંભમાં લાગતા હતા.

મહાત્મા ગાંધીજીની એવી તેજસ્વી પ્રતિભા હતી અને એમની પ્રજ્ઞા એવી પરિપક્વ હતી કે તેઓ ક્યાંય પણ જાય તો શ્રોતાઓ ઉપર છવાઈ જતા. અમે નજરોનજર જોયું છે કે આઝાદીની લડત વખતે એક સભામાં કોંગ્રેસી નેતાઓ વચ્ચે મતભેદ થયો હતો અને ખેંચતાણ થતી હતી. એવામાં ગાંધીજી આવી પહોંચ્યા. થોડાક વક્તાઓને સાંભળ્યા પછી તેઓ બોલવા લાગ્યા ત્યારે સૌ સ્તબ્ધ બનીને એમને સાંભળવા લાગ્યા અને મતમતાંતર મટી ગયાં અને એમણે ઉચ્ચારેલો અભિપ્રાય સહર્ષ સર્વસ્વીકૃત બની ગયો હતો.

જીવનના દરેક ક્ષેત્રમાં એક કરતાં એક ચડિયાતા માણસો હોય છે. આમ છતાં દરેક ક્ષેત્રમાં પોતાની શક્તિનું અભિમાન કરનારા અનેક માણસો હોય છે. તેઓ પોતાનું અભિમાન પોષવા માટે પોતાના કરતાં વધુ શક્તિશાળી માણસોના સમાગમમાં સહેતુક આવતા નથી. એવો પ્રસંગ આવી પડવાનો હોય તો તેને તેઓ ચતુરાઈપૂર્વક ટાળે છે.

માણસની શારીરિક શક્તિ જીવનના અંત સુધી એક સરખી રહેતી નથી. બાલ્યકાળ અને કિશોરકાળ પછી યૌવનકાળમાં એની શરીરસંપત્તિ ઉત્કૃષ્ટ કોટિની હોય છે, પણ પછી વૃદ્ધાવસ્થા આવતાં એ શક્તિ કરમાવા લાગે છે. ક્યારેક માણસ શક્તિહીન બને છે. એવરેસ્ટનું આરોહણ કરનાર તેનસિંગ વૃદ્ધાવસ્થામાં હૃદયરોગના હુમલા પછી ડગલું પણ માંડી શકતો નહોતો. બાણાવળી બહાદુર અર્જૂનને જંગલમાં કાબાએ લૂંટી લીધો હતો. એટલે જ કહેવત પડી છે કે-

કાબે અર્જૂન લૂંટિયો, વો હી ધનુષ્ય, વો હી બાણ.

માણસે પોતાની શક્તિઓમાં દૃઢ આત્મવિશ્વાસ અવશ્ય રાખવો જોઇએ, પરંતુ મિથ્યાભિમાનની કોટિ સુધીનો વધુ પડતો આત્મવિશ્વાસ એને હરાવી દે છે.

□ રમણલાલ ચી. શાહ

❖❖❖

# ૧૦૫ વર્ષ પૂર્વે ભજવાયેલું 'કરણઘેલો' નાટક

□ ડૉ. ધર્મેન્દ્ર મ. માસ્તર (મધુરમ્)

જૂની કે ધંધાદારી ગુજરાતી રંગભૂમિનો પ્રારંભ ઇ. સ. ૧૮૪૩ના ઑક્ટોબરની પહેલી તારીખે પારસીઓએ 'પારસી નાટક મંડળી' નામની કંપની સ્થાપી 'રૂસ્તમ સોહરાબ' નામનું પહેલું ગુજરાતી નાટક ભજવ્યું ત્યારથી થવા પામ્યો છે. એ નાટકના ગીતો કવિ દલપતરામે લખ્યાં હતાં. એના પહેલા તબક્કામાં ઐતિહાસિક ને ધાર્મિક કથાવસ્તુવાળાં નાટકો જે ભજવાયાં હતાં તેમાં ઈ. સ. ૧૮૬૯માં કવિ વીર નર્મદ કૃત 'કૃષ્ણાકુમારી', ઇ. સ. ૧૮૭૬માં 'સીતાહરણ' ને 'સાર શાકુંતલ', ઇ. સ. ૧૮૭૮માં 'દ્રૌપદી દર્શન' અને ઇ. સ. ૧૮૮૬માં 'બાલકૃષ્ણ વિજય' નાટકો ભજવાયાં હતાં. આ રીતે નર્મદ આપણો પ્રથમ ધંધાદારી નાટ્યલેખક ગણાય.

એ પછી જે ઐતિહાસિક નાટકોની લોકપ્રિયતાનો યુગ આવ્યો તેમાં ઇ. સ. ૧૮૮૯માં સ્થપાયેલ 'મુંબઈ ગુજરાતી નાટક મંડળી'એ સૂરતના 'ત્રણ નન્ના' ધુરંધર સાહિત્યકારો પૈકીના એક એવા નંદશંકર મહેતા કૃત કરણઘેલો નવલકથાથી પ્રેરાઇને 'કરણઘેલો' નામક નાટક ઇ. સ. ૧૮૯૯ના અરસામાં આજથી ૧૦૫ વર્ષ પૂર્વે ભજવ્યું હતું. તેની મારી પાસેની 'ઓપેરા'ના મુખપૃષ્ઠ પર નાટ્ય નામની નીચે કૌંસમાં 'ગુજરાતનો છેલ્લો રજપૂત રાજા'નો ઉલ્લેખ ભાવપૂર્વક થયો છે. એમાં ગુજરાત પ્રેમ પ્રગટ થયેલો જોવા મળે છે.

નાટકનું કથાવસ્તુ ત્રણ અંકમાં વહેંચાયું છે. પહેલા અંકની કથા મુજબ દશેરાની સવારીથી પાછા ફરતાં રાજા કરણ પોતાની અતિ વહાલી રૂપવતી કૌળારાણીને બદલે રાણી ફુલાંદેને મહેલે પહેલો ગયો, એટલે કૌળાથી એ ન ખમાયું. તેથી રાજારાણી વચ્ચે વેરભાવ થયો અને રાજાના વિનવવા છતાં રાણી કૌળા તિરસ્કાર કરીને ચાલી ગઈ. એથી રાજાને અંતરમાં આઘાત લાગ્યો, તેના મનથી કૌળા ઊતરી ગઈ.

પછી રાજા કરણને મહેલમાં સૂનકાર લાગતાં તે સ્મશાનમાં ગયો. ત્યાં ભવિષ્ય પૂછતાં વંત્રીઓએ પરસ્ત્રી પર કુદૃષ્ટિ ન કરવાનો ઉપદેશ આપ્યો. એટલે શૂન્યહૃદયે ઊંઘવાળી આંખે થાકેલો કરણ સવારે એક શિવમંદિરમાં ગયો. ત્યાં તેના પ્રધાન માધવની સ્ત્રી રૂપસુંદરી શિવપુજા માટે જે આવેલી તે તેની નજરે પડી અને પછી આઘાત પામેલા કરણે કુમતિથી માધવને કોઈ બહાને બહારગામ મોકલીને તથા તેના ભાઈ કેશવની હત્યા કરીને રૂપસુંદરીનું હરણ કર્યું. કેશવની સ્ત્રી ગુણસુંદરી પતિ પાછળ સતી થઈ.

આ નાટકમાં રાજા કરણની મુખ્ય કથાની સાથે જે બે ઉપકથા છે તે પૈકી એકમાં પ્રધાન માધવના મિત્ર મોતીશાના ઘરસંસારનું ચિત્ર છે. એની સ્ત્રી ચંચળ છોકરમત નાદાન હોવાથી તે તેની સાસુને બહુ પજવે છે. પણ બીજી બાજુ સાસુ ભલી ને વ્યવહારૂ હોવાથી ઘરની આબરૂ સાચવવા ને કંકાસ ન થવા દેવા વહુની પજવણીની બાબત પુત્રને કહેતી નથી, પણ મૂંગે મોઢે સહન કરે છે. પણ છેવટે મોતીશા જે માને છે કે 'માણસનો સ્વભાવ મારથી નહિ, પણ મન પરની છાપથી બદલાય છે' એ મુજબ તે ઉપાય લે છે.

અંક બીજાના કથાવસ્તુ મુજબ માધવની પાયમાલી થયેલી જોઇને મોતીશા તેની માતા દુઃખી ન થાય તેવી ગોઠવણ કરી મિત્ર માધવ પાસે જાય છે. માધવ રાજા કરણના દુષ્કૃત્યનો બદલો વેરમાં લેવા ઉત્સુક છે. તે અંબામાતાને શરણે જાય છે ને ત્યાંથી પ્રેરણા પામી દિલ્હીનો રસ્તો લે છે.

દિલ્હીના બાદશાહ અલાઉદ્દીન ખીલજીનો શાહજાદો ખીજરખાં ત્યારે શિકારે જતાં થાકી જવાથી જંગલમાં સૂઈ ગયેલો છે. તે સ્થિતિમાં એક ઝેરી નાગ તેની છાતી પર ચડી ગયો. દિલ્હી જતા રસ્તામાં એ જંગલમાંથી પસાર થતાં માધવ તે દૃશ્ય જુએ છે ને તે ઝેરી નાગને મારી નાખીને શાહજાદાને બચાવી લે છે, એટલે શાહજાદો ખુશ થઈ જઈ માધવના અપમાનની વાત જાણી લઈ દિલ્હી પહોંચી બાદશાહ દ્વારા ગુજરાત જીતવા માટે સેનાપતિ અલેફખાનની સરદારી હેઠળ મોટું લશ્કર મોકલે છે. આમ, માધવ વેર લેવામાં સફળ થાય છે.

બીજી તરફ ઉપકથામાં મોતીશા પોતાનું બુદ્ધિબળ અજમાવે છે. મોતીશાને ફસાવવા માટે ચાર ઉઠાવગીરો ને એક સ્ત્રી તેની પાછળ પડેલા. પણ મોતીશા ચેતી જઇને એ બધાને ધૂતીને તેમની માલમતા પચાવી પાડી તેમને રડતે મોંઢે પાછા ધકેલે છે. બાદશાહના મુસલમાન સૈન્યમાં એક સિપાઈ કડુમિયાં જરા લુચ્ચાઈ કરવા જાય છે, પણ તેની આડાઈ નિષ્ફળ જાય છે ને તેને લશ્કરમાં જોડાવું પડે છે. છેવટે એ લશ્કર કૂચકદમ કરતું ગુજરાતની સરહદે પહોંચે છે, પણ તેની સાથે ગયેલ માધવે બોલાવેલા ગુજરાતના કોઈ સરદારો મળવા ન આવતાં તેનું મન આળું થઈ બદલાવા લાગે છે. સેનાપતિ અલેફખાનને એની ગંધ આવવાથી એ માધવને તરત કેદ કરવા ઇચ્છે છે, પણ શાહજાદા ખીજરખાં તેને તેમ કરતાં અટકાવે છે.

ત્રીજી તરફ રૂપસુંદરી રાજા કરણના મહેલમાં આવે છે, પણ તે રાજાની ઇચ્છાને વશ નથી થતી. રાજા કરણનો ય પાછળથી મોહ ઊતરી જવા પામે છે ને તેની રાણી કૌળા તરફની પ્રીતિ પાછી જાગવા પામે છે. એવામાં તો લડાઇના દુંદુભિ ગરજી ઊઠ્યાં અને રાજા કરણ બધી વાત છોડી લડવા માટે સજ્જ થઈ ગયો. પણ લડાઇમાં દગો થવાથી રજપૂતો હાર્યા ને કરણ માર્યો ગયો. એના મરણના સમાચાર મળ્યાથી રાજમહેલમાંથી બધી રાણીઓ બહાર આવીને સતી થવા તત્પર થઈ. પણ કૌળાએ પોતાની બે કુંવરી કનકદેવી ને દેવળદેવીને પોતાને પિયેર મોકલી દીધી. એ દરમ્યાન મહેલ સળગાવતા પહેલા પ્રધાન માધવની પત્ની રૂપસુંદરી કૂનેહથી બહાર નીકળી ગઈ. એટલે તેને થોડીવારમાં જ માધવ મળ્યો ને બંનેનું સુખદ મિલન થયું.

ત્રીજા અંકના કથાવસ્તુમાં રાજા કરણની રાણી કૌળા દુશ્મનના હાથમાં ન સપડાવા માટે પુરુષવેશ લઇને નાસી ગઈ. તેને પકડવા સરદાર અલેફખાંના માણસો પાછળ પડ્યા ને એક જગ્યાએ તે ભીલોના હાથમાંથી ઉગરી ગઈ, પણ મુસલમાનોના હાથમાં સપડાઈ ગઈ. એને દિલ્હી લઈ જવામાં આવી. ત્યાં તે રાણી સુલતાના બની.

આ તરફ રાજા કરણ લડાઇમાં માર્યો નહોતો ગયો. એને દક્ષિણમાં બાગલાણના કિલ્લામાં લઈ જવાયો હતો. કુંવરી કનકદેવી તથા દેવળદેવીને ય ત્યાં લઈ જવામાં આવેલી. ત્યાં કુંવરી કનકદેવી રોગથી મરણ પામી, પછી એકલી પડેલી દેવળનો પ્રેમ બાગલાણના રાજા રામદેવના પુત્ર શંકલદેવ તરફ ઢળે છે. એટલે શંકલદેવ તેનું માંગું કરવા ભાટને કરણ પાસે મોકલે છે, પણ અભિમાની કરણ ભાટનો તિરસ્કાર કરે છે. એવામાં દિલ્હીમાં સુલતાના કૌળાને પુત્રીનો વિયોગ સાલે છે ને તેથી અલેફખાન દેવળદેવીને લેવા લશ્કર લઇને બાગલાણ આવે છે. આથી કરણ શંકલદેવ સાથે લગ્નની માંગણી કબૂલ કરે છે અને મુસલમાન સૈન્યના હાથમાં ગયેલી તેને મરાઠા ને રજપૂત સૈન્ય યુક્તિથી છોડાવી લે છે.

બીજી બાજુ અલેફખાન પ્રધાન માધવનાં ઘરબાર લૂંટી લઇને તેને ત્રણ દિવસમાં ગુજરાતની સરહદ છોડવાનો હુકમ આપે છે. આમ

થવાથી માધવ પોતે વેર લેવાની દાઝમાં માતૃભૂમિ ગુજરાતને બેવફા નીવડ્યાની ભૂલ કર્યા બદલ પસ્તાવો અનુભવે છે. એની આવી સંકટ વેળાએ કોઈ એની મદદે જતું નથી ત્યારે એનો મિત્ર મોતીશા મિત્રધર્મ અદા કરીને પોતાની મિલ્કત વેચીને એ પણ ગુજરાતની બહાર જતો રહે છે.

ત્રીજી તરફ રાજા કરણ એક પછી એક એવા અનેક આઘાતથી વિહ્વળ થઈ જાય છે. તેની પાછળ પડેલા મુસ્લિમ લશ્કરને કારણે તે દેવગિરિ પહોંચી શકતો નથી, એટલે તે અને દેવળ એકલા પડીને ગુજરાતમાં આવે છે, પણ ત્યાં મુસલમાનોને હાથે ઝડપાઈ જાય છે. એકલો હોવા છતાં કરણ દુશ્મન સૈન્ય સામે લડાઇમાં ઝઝૂમે છે, પણ આખરે માર્યો જાય છે ને દેવળદેવીને દિલ્હી લઈ જવામાં આવે છે. આમ, ગુજરાતના છેલ્લા રજપૂત રાજા કરણસિંહના પતન સાથે ગુજરાત પાયમાલ ને સત્ત્વહીન થવા પામે છે. છેલ્લે નાટકકાર પ્રશ્ન પૂછે છે-'ક્યારે થશે પાછું ઉજ્જવળ ઉન્નત ને સોનાનું ગુજરાત ?'

આ નાટકમાં પંદર પુરુષપાત્રો ને દસેક સ્ત્રીપાત્રો છે. પુરુષપાત્રોમાં ગુજરાતનો છેલ્લો રજપૂત રાજા કરણ, તેનો પ્રધાન માધવ, તેનો મિત્ર મોતીશા, રાજાનો ખવાસ જસો, પ્રધાન માધવનો નાનો ભાઈ કેશવ, દેવગિરિના રાજા રામદેવનો પુત્ર સંકળદેવ, તેનો મોટો ભાઈ ભીમદેવ, દિલ્હીનો બાદશાહ અલાઉદ્દીન ખીલજી, તેનો પિતરાઈ ને સેનાપતિ અલેફખાન, તેનો માનીતો સરદાર મલેક કાકુર, બાદશાહનો શાહજાદો ખીજરખાં ને લશ્કરી સિપાઈ કદુમિયાં મુખ્યત્વે છે.

સ્ત્રીપાત્રોમાં કરણ રાજાની પટરાણી કૌળાદેવી, તેની કુંવરીઓ કનકદેવી ને દેવળદેવી, પ્રધાન માધવની પત્ની રૂપસુંદરી, એના ભાઈ કેશવની પત્ની ગુણસુંદરી, એના મિત્ર મોતીશાની પત્ની ચંચળ આદિ મુખ્યત્વે છે. આ ઉપરાંત સૂત્રધાર, ભાગ્યદેવી, નટી, વારાંગના, દાસીઓ, દરબારીઓ, સૈનિકો, નાયકો, ચોપદાર, સખીઓ ને ભૂતડાં જેવાં ગૌણ પાત્રો તરીકે નાટકમાં ભાગ ભજવે છે.

તત્કાલીન પરંપરા મુજબ આ નાટકમાં કુલ ૬૮ ગીતો છે. તે પૈકી પહેલા અંકમાં ૧૭, બીજા અંકમાં ૨૫ ને ત્રીજા અંકમાં ૧૬ ગીતો છે. ગીતો મુખ્યત્વે પાત્રોનો ભાવ વ્યક્ત કરવા, કથાવસ્તુ સ્પષ્ટ કરવા ને તેને વેગ આપવા યોજાયાં છે. મોટે ભાગે કરણ, કૌળા, કનકદેવી, દેવળદેવી ને માધવ તથા રૂપસુંદરીના મુખેથી વધારે ગીતો ગવાયાં છે. નાટકના આરંભમાં સૂત્રધાર 'જય જય સામ્બ'ની પંક્તિથી શરૂ થતું ઇશ્વરસ્તવન લલકારીને પછી નાટક જોવા પધારેલા વિદ્દ્જનમંડળને સત્કારીને પ્રયોજન સ્પષ્ટ કરતાં કહે છે-

ગુજરાત પતિ કર્ણશૂરો, ગુણે કર્ણકુંતા સૂતા પૂરો;
પડ્યો પરની પ્રિયા પ્રેમ પાસે, ફસાવ્યા સ્ત્રી સૂતા મલેચ્છ ફાંસે,
ધરા ધામ નષ્ટ સહુ કીધાં, બીયાં દુઃખનાં વાવી દીધાં
જુવો અંતમાં એહ અકાળે, બુદ્ધિ વિપરિત વિનાશ કાળે.

દિલ્હીના અલ્લાઉદ્દીન ખિલજી બાદશાહ સમક્ષ પ્રધાન માધવે ગુજરાત-મહિમા ગીત રૂપે ગાયો છે-

છે અજબ પ્રાંત ગુજરાત વાત શાહ શી રીતે વરણાય ?
શી રીતે વરણાય શાહ, મુખથી તે નવ કહેવાય ?
નદી ઝરણ સુંદર વૃક્ષોથી વનની છે શોભાય,
અઢળક ધન ભંડાર ભર્યા જ્યાં કુબેર હારી જાય;
સુવર્ણથી ભરપૂર પ્હાડ જ્યાં અતિ વિશ્વે વખણાય,
જમીન રસકસથી બસ પૂરી જોતાં મન લોભાય.

આમ, સમગ્ર નાટકની ભાષા સરળ ને સુબોધ છે. ગીતો સાધારણ કક્ષાનાં છે. તેમાં ખાસ કવિત્વ, કલ્પના-અલંકારો ય ઉચ્ચ પ્રકારનાં નથી, નાટકની મારી પાસેની 'ઓપેરા' પર નાટકના લેખક કે તેના ગીતકવિના નામનો ઉલ્લેખ તત્કાલીન રંગભૂમિની પરંપરા મુજબ થયેલ નથી. ભલે, પણ આ નાટક તે જમાનામાં લોકપ્રિય બન્યું હતું ને સમાજના ઘડતર માટે ઉપયોગી પણ થયેલું અને તે જ હતો ત્યારની રંગભૂમિનો ઉદ્દેશ. જૂની ગુજરાતી રંગભૂમિના દસ્તાવેજ તરીકે નમૂનારૂપે આ નાટક નોંધપાત્ર છે. ❖❖❖

# શ્રી દેવચંદ્રજી મહારાજ રચિત શ્રી શાંતિનાથ જિન સ્તવન

**□ શ્રી સુમનભાઈ એમ. શાહ**

નિશ્ચય અને વ્યવહારદૃષ્ટિથી શ્રી જિનપ્રતિમાના દર્શનનો મહિમા અજોડ છે કારણ કે તેમાં સિદ્ધિતારૂપ કાર્ય અને પુષ્ટ-નિમિત્ત કારણતા અંતર્ગત છે. શ્રી જિનશાસનના શ્રદ્ધાવંત સાધકોને પ્રતિમાજીનું દર્શન અને અવલંબન કેવી રીતે આત્મકલ્યાણમાં ઉપકારી નીવડી શકે છે તેનું માહાત્મ્ય શ્રી દેવચંદ્રજી રચિત શાંતિનાથ જિન સ્તવનમાં અનેક નય-નિક્ષેપાથી પ્રકાશિત થાય છે, જે નીચે મુજબ જણાય છે:

૧. પ્રતિમાજીને વંદના કરતાં સાધક પોતાના આત્મસ્વરૂપની સન્મુખ થાય છે અને તેને શ્રી તીર્થંકર પ્રભુનું નામ-સ્મરણ થાય છે. ૨. પ્રતિમાજીનું દર્શન થતાં સાધકને વીતરાગ પરમાત્માના સઘળા આત્મિક ગુણો અને ઐશ્વર્યનો બોધ થાય છે. ૩. જિન-પ્રતિમાજીને જોતાં જ સાધકથી વિધિવત્ વંદના-નમસ્કારાદિનો વ્યવહાર સહજપણે થાય છે. ૪. શ્રી જિનદર્શનથી સાધકમાં શુદ્ધભાવ પ્રગટે છે કે ક્યારે તે પણ પોતાના સત્તાગત આત્મસ્વરૂપને પામશે. ૫. પ્રતિમાજીના શુદ્ધાવલંબનથી સાધકની ઉપાદાનશક્તિ જાગૃત થાય છે, અથવા સમ્યક્જ્ઞાન-દર્શનાદિ આત્મિકગુણોનો આવિર્ભાવ થવા માંડે છે. ૬. પ્રતિમાજીના આલંબનથી સાધકને આત્મિક જ્ઞાનાદિ ગુણોમાં રુચિ, પ્રવૃત્તિ, તત્ત્વરમણતાદિ થાય છે. ૭. શ્રી જિનપ્રતિમાજીના ધ્યાનાદિથી સાધકને આત્મ-સ્વભાવમાં રમણતા અને છેવટે શુકલધ્યાનની પ્રાપ્તિ થઈ શકે છે.

આમ વિવિધ નય-નિક્ષેપાથી સાધક શ્રી જિનપ્રતિમાજીના આલંબનથી પોતાની સત્તાગત ઉપાદાનશક્તિ પ્રગટ કરી શકે છે એ પ્રસ્તુત સ્તવનનો મુખ્ય હેતુ જણાય છે. હવે સ્તવનનો ગાથાવાર ભાવાર્થ જોઇએ:

**જગત દિવાકર જગત કૃપાનિધિ, વ્હાલા મારા સમવસરણમાં બેઠા રે;**
**ચઉ મુખ ચઉ વિહ ધર્મ પ્રકાશે, તે મેં નયણે દીઠા રે;**
**ભવિકજન હરખો રે, નિરખી શાંતિ જિણંદ; ભવિકજન.**
**ઉપશમ રસનો કંદ નહીં ઇણ સરખો રે...૧**

જેમ સૂર્ય અંધકારને દૂર કરી જગતને પ્રકાશમાન કરે છે, એવી રીતે શ્રી શાંતિનાથ પ્રભુ ત્રણે જગતમાં જ્ઞાનપ્રકાશ ફેલાવી અજ્ઞાનરૂપ અંધારું દૂર કરે છે. આવા તીર્થંકર પરમાત્મા સર્વ જીવો પ્રત્યે સરખી કરુણાદૃષ્ટિથી આત્મકલ્યાણ કરનાર હોવાથી હે ભવ્યજનો ! તેઓ મને અત્યંત પ્રિય છે. શ્રી અરિહંત પ્રભુ પૂર્વ દિશા તરફ મુખ રાખી સમવસરણમાં અશોકવૃક્ષની નીચે મણિમય રત્નસિંહાસન પર બિરાજમાન થાય છે, ત્યારે બાકીની ત્રણ દિશામાં પ્રભુના સ્વરૂપ જેવી મૂર્તિઓની રચના દેવો કરે છે. સમવસરણની પર્ષદામાં ચારે

બાજુ હાજર રહેલા સર્વે ભવ્યજનો શ્રી તીર્થંકર પ્રભુનું ચતુર્મુખ સ્વરૂપે દર્શન કરી ધન્યતા અનુભવે છે. શ્રોતાજનો દાન, શીયળ, તપ, ભાવાદિથી ભરપૂર ધર્મદેશના સ્યાદ્‌વાદમયી વાણીથી સાંભળે છે. આવા પ્રભુની સમ્યક્ ઓળખાણ મને આગમાદિ ગ્રંથો અને પ્રત્યક્ષ સદ્‌ગુરુ મારફત થઈ છે. હે ભવ્યજનો ! તમો પણ શ્રી શાંતિનાથ પ્રભુનાં આંતરચક્ષુથી દર્શન કરો કારણ કે તેઓ સમતારસના ભંડાર છે અને તેઓની ઉપકારકતા અજોડ હોવાથી અન્ય કોઈ સાથે સરખામણી થઈ શકે તેમ નથી.

**પ્રાતિહાર્ય અતિશય શોભા, વા. તે તો કહીએ ન જાવે રે;**
**ઘૂક બાલકથી રવિ કરભરનું, વર્ણન કેણી પરે થાવે રે.**
**ભવિકજન હરખો રે...૨**

સમવસરણમાં બિરાજમાન શ્રી અરિહંત પરમાત્માનું ઐશ્વર્ય આઠ પ્રાતિહાર્યોથી અત્યંત શોભાયમાન હોય છે. લીલુંછમ અશોકવૃક્ષ, મણિમય રત્નસિંહાસન, ભામંડળ, સુરપુષ્પવૃષ્ટિ, દિવ્યધ્વનિ, શ્વેત ચામરો વીંઝાવા, દુંદુભિ અને ત્રિછત્ર એવાં આઠ પ્રાતિહાર્યોથી સમવસરણમાં પ્રભુ શોભી ઊઠે છે. જેમ ઘૂવડના બચ્ચાથી સૂર્યનાં તેજોમય કિરણોનું વર્ણન અશક્યવત્ છે, તેમ મારા જેવા મંદ બુદ્ધિવાળાથી શ્રી તીર્થંકર પ્રભુના અદ્વિતીય ઐશ્વર્યનું વર્ણન થઈ શકે તેમ નથી. ટૂંકમાં શ્રી તીર્થંકર પરમાત્માનું સમગ્ર જીવન ચોત્રીશ અતિશયોથી યુક્ત અને સ્યાદ્‌વાદમયી ધર્મદેશના કે વાણી પાંત્રીશ અતિશયોથી ભરપૂર (વિશેષતામય) હોય છે.

**વાણી ગુણ પાંત્રીશ અનોપમ, વા. અવિસંવાદ સરૂપે રે;**
**ભવ દુઃખ વારણ, શિવસુખ કારણ, સુધો ધર્મ પ્રરૂપે રે.**
**ભવિકજન હરખો રે...૩**

સમવસરણમાં બિરાજમાન શ્રી તીર્થંકર ભગવંતની મધુર અને ગંભીર વાણી પાંત્રીશ અતિશયોથી ભરપૂર, અનુપમ અને પરસ્પર વિરોધાભાસ-રહિત હોય છે. આવી અપૂર્વ વાણી (શુદ્ધ ધર્મ કે સમ્યક્‌બોધ) પૂર્વાપર વિરોધરહિત, મહાઅર્થવાળી, પ્રશ્નોનું નિરાકરણ કરનારી, સંદેહરહિત, અવસરને ઉચિત, તત્ત્વને યથાર્થ જણાવનારી, શ્રોતાની ગ્રાહ્યતાને અનુરૂપ, વિવિધતાવાળી, ધર્મ અને અધર્મને જણાવનારી, સહજભાવે પ્રવર્તનારી ઇત્યાદિ વિશેષતામય હોવાથી તે શ્રોતાજનોને આત્મકલ્યાણમાં ઉપકારી નીવડે છે. આવી અદ્‌ભુત વાણીના શ્રવણથી શ્રદ્ધાવંત શ્રોતાજનોનો ભવભ્રમણ રોગ મટે છે અને છેવટે મુક્તિસુખ પ્રદાન કરનારી નીવડે છે.

**દક્ષિણ, પશ્ચિમ, ઉત્તર દિશિમુખ, વા. ઠવણા જિન ઉપકારી રે;**
**તસુ આલંબન લહિય અનેકે, તિહાં થયા સમકિત ધારી રે.**
**ભવિકજન હરખો રે...૪**

સમવસરણમાં શ્રી અરિહંત પ્રભુ પૂર્વ દિશાએ બેસીને ધર્મદેશના આપે છે અને તેઓની સન્મુખ વ્રત ગ્રહણ કરનાર જિજ્ઞાસુઓ બેસે છે. બાકીની ત્રણ દિશાઓમાં પ્રભુના મૂળ સ્વરૂપ જેવી જ આબેહૂબ પ્રતિમાઓની રચના દેવો કરે છે, જેને સ્થાપનાજિન કહેવામાં આવે છે. આવી મૂર્તિઓની સન્મુખ બેઠેલા શ્રોતાજનોને ધર્મદેશનાનું શ્રવણ તો પોતપોતાની ભાષામાં થાય છે, તે ઉપરાંત પ્રતિમાજીના શુદ્ધાવલંબનથી ભવ્યજનોને સમ્યક્‌દર્શનની પ્રાપ્તિ પણ થાય છે. જે શ્રદ્ધાવંત સાધકોને સમવસરણમાં હાજર રહેવાનો યોગ પ્રાપ્ત ન થયો હોય, તેવાઓ પણ જો જિનપ્રતિમાજીનું શુદ્ધભાવથી અવલંબન લે તો સમ્યક્‌દર્શનની પ્રાપ્તિનો અધિકારી થઈ શકે છે.

**ષટ્ નય કારજ રૂપે ઠવણા, વા. સગનય કારણ ઠાણી રે;**
**નિમિત્ત સમાન થાપના જિનજી, એ આગમની વાણી રે.**
**ભવિકજન હરખો રે...૫**

**સાધક તીન નિક્ષેપા મુખ્ય, વા. જે વિણું ભાવ ન લહિયે રે;**
**ઉપકારી દુગ ભાષ્યે ભાંખ્યા, ભાવ વંદકને ગ્રહિયે રે.**
**ભવિકજન હરખો રે...૬**

કોઈપણ આધ્યાત્મિક વિષય, પદાર્થ કે તત્ત્વનાં સઘળાં પાસાં ઉપર તલસ્પર્શી સ્વાધ્યાય થવા અર્થે અનેક નય કે દૃષ્ટિબિંદુઓનું સાત વિભાગમાં વર્ગીકરણ કરવામાં આવ્યું છે, જેને સપ્તનય કહેવામાં આવે છે (નૈગમ, સંગ્રહ, વ્યવહાર, ઋજુસૂત્ર, શબ્દ, સમભિરૂઢ અને એવંભૂત નયો). આવાં દૃષ્ટિબિંદુઓ અને ચાર પ્રકારના નિક્ષેપોના (નામ, સ્થાપના, શ્રવ્ય અને ભાવનિક્ષેપ) સદુપયોગની વિધિવત્ ગોઠવણીથી સાધક મહદ્ અંશે મર્મ જાણી કાર્યસિદ્ધિ મેળવી શકે છે (સ્તવનના ભાવાર્થની શરૂઆતમાં પ્રતિમાજીની ઉપકારકતાનું જુદી જુદી દૃષ્ટિબિંદુથી સંક્ષિપ્ત વર્ણન કરવામાં આવ્યું છે). નામ અને સ્થાપના નિક્ષેપા છદ્‌મસ્થ જીવોને ગ્રાહ્ય છે એવું આગમાદિ ગ્રંથોમાં જ્ઞાનીપુરુષોનું કથન છે.

પાંચમી ગાથામાં સ્તવનકાર ભારપૂર્વક પ્રકાશ પાડે છે કે સાક્ષાત્ અરિહંત પરમાત્મા અને સ્થાપનાજિન (પ્રતિમાજી) બન્ને પુષ્ટ-નિમિત્ત કારણરૂપે શ્રદ્ધાવંત ભવ્યજીવોને સમાન ઉપકારી છે એવું આગમ વચન છે, કારણ કે અરિહંત પ્રભુની વિદ્યમાનતામાં પણ તેઓના અરૂપી કેવળ જ્ઞાન-દર્શનાદિને છદ્‌મસ્થ જીવ ગ્રહણ કરી શકતો નથી.

છઠ્ઠી ગાથામાં શ્રી દેવચંદ્રજી જણાવે છે કે નામ અને સ્થાપના નિક્ષેપાના અવલંબનથી સાધક ઉત્તરોત્તર ભાવનિક્ષેપમાં (જે અરૂપી છે) પ્રવેશ કરવાનો અધિકારી થઈ શકે છે, કારણ કે દ્રવ્યનિક્ષેપનો યોગ સર્વકાળ અને સર્વક્ષેત્રે હંમેશ માટે સંભવિત હોઈ શકતો નથી. આમ અપેક્ષાએ કહી શકાય કે નામ અને સ્થાપના નિક્ષેપાના સદુપયોગથી સાધક ભાવનિક્ષેપમાં પ્રવેશ કરી આત્મકલ્યાણ સાધી શકે છે.

**ઠવણા સમવસરણે જિનસેંતિ, વા. જો અભેદતા વાધી રે;**
**એ આત્માના સ્વસ્વભાવ ગુણ, વ્યક્ત યોગ્યતા સાધી રે.**
**ભવિકજન હરખો રે...૭**

પ્રસ્તુત ગાથામાં સ્તવનકાર પોતાનો અનુભવ વ્યક્ત કરતાં જણાવે છે કે સમવસરણમાં બિરાજમાન સ્થાપનાજિનની (પ્રતિમાજીની) મારા હૃદયમંદિરમાં અંતરૂપ્રતિષ્ઠા કરી, સાક્ષાત્ દર્શન કર્યાનો ભાવ પ્રગટ કરવાથી મારા અને પ્રભુના શુદ્ધ આત્મસ્વભાવમાં અભેદતાની વૃદ્ધિ થઈ છે. એટલે જેવું તીર્થંકર પરમાત્માનું શુદ્ધ જ્ઞાન-દર્શનમય સ્વરૂપ છે તેવું જ મારું સ્વરૂપ સત્તાગતે છે અને જે હું ઉપાદાન અને નિમિત્તકારણતાથી પ્રગટ કરી શકું એવી યોગ્યતા મારામાં જણાય છે. અથવા શ્રી જિનપ્રતિમાજીના અવલંબનથી મને આત્મસ્વભાવમાં જ અવસર આવે રમણતા અને તન્મયતા થશે એવી દૃઢતા મારામાં પ્રગટી છે અને જે પ્રભુકૃપાએ સફળ થશે.

**ભલું થયું મેં પ્રભુગુણ ગાયા, વા. રસનાનો ફલ લીધો રે;**
**'દેવચંદ્ર' કહે મારા મનનો, સકલ મનોરથ સીધો રે.**
**ભવિકજન હરખો રે...૮**

સ્તવનના ઉપસંહારમાં છેવટે શ્રી દેવચંદ્રજી કહે છે કે શ્રી તીર્થંકર ભગવંતનું કે સ્થાપનાજિનનું ગુણકરણ ઉપર મુજબ મારાથી થયું છે તે મને અત્યંત ઉપકારી નીવડ્યું છે. આવા ગુણગાનથી મને આત્મિક અનુભવ કરવાનો સુયોગ પ્રાપ્ત થયો છે. હવે મારા સઘળા મનોરથો પરિપૂર્ણ થયા છે અને યથા અવસરે મારું શુદ્ધ આત્મસ્વરૂપ પ્રગટ થશે એવો નિશ્ચય મારામાં વર્તે છે.

❖❖❖

# લઘુપ્રતિક્રમણ અને તેનાં સૂત્રોનું ઝુમખું

☐ ડૉ. બિપિનચંદ્ર હીરાલાલ કાપડિયા

જૈનદર્શન તેની આવશ્યક ક્રિયાકલાપો તથા અનુષ્ઠાનાદિથી જગતના વિવિધ ધર્મો કરતાં એક પ્રકારની આગવી છાપ ઉભી કરે છે. વિવિધ દર્શનો જેવાં કે ઈસ્લામ, ક્રિશ્ચિયન, બૌદ્ધ; હિંદુ દર્શનો જેવાં કે ષડ્દર્શનો, ઝોરોસ્ટ્રીયનાદિ કરતાં ઉપર જણાવેલાં દર્શન, તપ, સંયમ, સ્વાધ્યાય, જ્ઞાન, ભક્તિ, પ્રભુપૂજા વ્રતાદિના કલાપોથી વિશિષ્ટ પ્રકારની ભાત તથા છાપ ઉભી કરે છે.

આ લેખમાં એક તદ્દન અપરિચિત તથા ઓછા પરિચિત પ્રતિક્રમણના પ્રકાર વિષે કંઈક ઉહાપોહ કરવા માંગું છું. પ્રતિક્રમણ એટલે શુભ યોગ થકી અશુભ યોગને વિષે ગમન કરનારને ફરી પાછું શુભ યોગમાં જ ક્રમણ કરવું તે પ્રતિક્રમણ. મોક્ષ આપનારા શુભ યોગને વિષે નિઃશલ્ય થવું તે જ પ્રતિક્રમણ છે. શ્રાવકને દિવસે તથા રાત્રીએ લાગેલાં પાપો આલોવવાને તથા સર્વ અતિચારની શુદ્ધિ માટે છ આવશ્યકોને ષડાવશ્યક રૂપ પ્રતિક્રમણ કહેવાય છે. પ્રતિક્રમણની વ્યાખ્યા આમ આપેલી છેઃ–

સ્વસ્થાનાત્પસ્થાનં પ્રમાદસ્યવશાદ્ ગતઃ ।<br>
તત્રૈવ ગમનં ભૂયઃ પ્રતિક્રમણ મુચ્યતે ।।

આત્મા પ્રમાદને લીધે પોતાના ક્ષમાદિરૂપ સ્થાનમાંથી કષાયાદિ ભાવરૂપ પરસ્થાનમાં ગયાં હોય તો તેવા આત્માને પાછો પોતાના સ્થાનમાં ક્ષમાદિભાવમાં લાવવો તેનું નામ પ્રતિક્રમણ છે.

ભગવાન શ્રી મહાવીરના સાધુઓ વક્ર અને જડ સ્વભાવના હોવાથી અતિચારોનો, દોષોનો પૂરેપૂરો સંભવ હોવાથી સપ્રતિક્રમણ ધર્મ છે. તેથી હંમેશાં નિયત સમયે પ્રતિક્રમણ કરવું જ જોઇએ. આવાં પ્રતિક્રમણો ૧ દૈવસિક, ૨ રાત્રિક, ૩ પાક્ષિક, ૪ ચાતુર્માસિક અને ૫ સાંવત્સરિક છે.

વર્તમાન ચાલુ અવસર્પિણીના અંતિમ તીર્થંકર ભગવાનના શ્રી મહાવીરસ્વામી કેવળજ્ઞાન પ્રાપ્ત થતાં જ્યારે સમવસરણમાં આવ્યા ત્યારે પાંડિત્યના ભારથી ગર્વિષ્ઠ થયેલાં અભિમાનરૂપી હાથી પર બેઠાં હોય તેમ ૧૧ બ્રાહ્મણો વૈદિક પરંપરા પ્રાપ્ત જ્ઞાનથી લચી પડેલાંનો જ્યારે ભગવાને નામોલ્લેખ સહિત અંતર્ગત શંકાઓનો ઘટસ્ફોટ કર્યો જેનું વિસ્તૃત વિવેચન ગણધરવાદમાં કર્યું છે તે પછી નરમ ઘેંસ બનેલા ૧૧ દિગ્ગજો પ્રભુના ગણધર બનીને ત્રિપદી પ્રાપ્ત કરે છે અને સૌ પ્રથમ છ આવશ્યકમાંનું સાંજ વ્યતીત થતાં દૈવસિક પ્રતિક્રમણ સૌ પ્રથમ કરે છે અને બીજા દિવસથી નિત્ય રાઈ તથા દૈવસિક પ્રતિક્રમણ કરે છે. આ વાત જૈન દર્શન તથા શાસ્ત્રમાં માન્ય થયેલી છે.

પ્રતિક્રમણની ક્રિયા જૈન ધર્મમાં અતિ આવશ્યક મનાય છે. જેમાં છ આવશ્યક સામાયિક, ચતુર્વિંશતિસ્તવ વંદન, પ્રતિક્રમણ કાયોત્સર્ગ અને પચ્ચક્ખાણ છે. સવાર સાંજના પ્રતિક્રમણને 'આવશ્યક' શબ્દથી ઓળખાય છે. ગણધર ભગવંતો પણ 'આવશ્યક સૂત્રો'ની રચના પ્રથમ કરે છે ને ? પાપ અને દોષોથી પાછા હઠવાનું, ભાવથી અર્થ વિચારણા, ભૂલોનો પસ્તાવો, પામરતાનો ખ્યાલ, ફરી તે ન થાય તેની સવિશેષ કાળજી, વિરાધનાનો બળાપો, ૮૪ લાખ જીવ યોનિ પ્રત્યે ક્ષમાપના, ૧૮ પાપોનું મિચ્છાદુક્કૃત્ય, ફરી ન થાય તેની સાવધાની, દેવ–સ્તુતિ, ગુરુવંદન, સદ્ધ્યાન, સંઘની શાંતિ માટે સમકિતી દેવોને જાગૃત રાખવા. આ છે પ્રતિક્રમણની પાવનકારી પ્રક્રિયા.

અર્ધમાગધી ભાષામાં 'પડિક્કમણ' તરીકે પ્રયોજાતા આને સંસ્કૃતમાં 'પ્રતિક્રમણ' અને ગુજરાતીમાં પડિક્કમણ કહેવાય છે, જ્યારે ગામઠી ભાષામાં 'પડિકમણ' કહેવાય છે. પ્રતિક્રમણની સમગ્ર પ્રક્રિયા ઉત્તમ કોટિના આધ્યાત્મિક વ્યાયામરૂપ છે. પ્રતિક્રમણ અર્થથી સ્વયં શ્રી તીર્થંકર પરમાત્માએ પ્રકાશ્યું છે અને સૂત્રરૂપે પ. પૂ. શ્રી ગણધર ભગવંતોએ ગૂંથ્યું છે. કહ્યું છે કેઃ–

સામાઈય માઈયં સુયનાણં બિંદુ સારાઓ ।<br>
તસ્સ વિ સારો ચરણં સારં ચરણસ્સ નિવ્વાણં ।।

પાંચમા આરામાં યુગપ્રભાવક પ. પૂ. આચાર્યદેવથી માંડીને આરાધકોએ સવાર–સાંજ શાસ્ત્રોક્ત વિધિપૂર્વક નિત્ય પ્રતિક્રમણ કરવું પડે છે. સર્વ વિરતિધર સાધુ–સાધ્વીજી મહારાજાઓને પણ નિત્ય સવાર–સાંજ પ્રતિક્રમણ કરવું પડે છે તો પછી પાપના ઘરમાં રહેનારા આપણે પ્રતિક્રમણ ન કરીએ તો આત્માના ઘરની હાલત કંદોઈની ભઠ્ઠી જેવી થઈ જાય.

જમાનાવાદીઓએ, પ્રતિક્રમણના માગધી–સંસ્કૃતમાં રહેલાં સૂત્રો યાદ કરવા અઘરા પડે છે તેથી તેનું ગુજરાતી કરી તે કેમ ન કરી શકાય ? આવું વિચારનારાઓને ખબર હશે જ કે પ. પૂ. આચાર્યદેવ શ્રી સિદ્ધસેન દિવાકર સૂરીશ્વરજીએ આજ્ઞા નિરપેક્ષપણે રચેલા 'નમોઽર્હત્ સિદ્ધાચાર્યોપાધ્યાય સર્વ સાધુભ્યઃ' ને કારણે પારંચિત પ્રાયશ્ચિત્ત કરવું પડેલું.

ટુંકમાં સકલ લોકમાં પ્રતિક્રમણ જેવી સર્વાંગ સંપૂર્ણ, શરીર વિજ્ઞાન, મનોવિજ્ઞાન અને અધ્યાત્મ વિજ્ઞાન એ ત્રણેના સુભગ સમન્વય સ્વરૂપ ધ્યાનના ચરમ શિખરે પહોંચાડનારી અમૃતમયી બીજી કોઈ સ્વ–પર હિતકારી ક્રિયા નથી. તેથી પ્રતિક્રમણ દ્વારા આપણે શિવપદના ઉમેદવારની આગવી પાત્રતા ખીલવવાની છે. કેમકે કટાસણુ મોબાઈલ હાલતી–ચાલતી સિદ્ધશિલા છે; મુહપત્તિને શુકલ લેશ્યાનું પ્રતીક ગણવાની છે, ચરવળાને ભાવશુદ્ધિપ્રદ શક્તિનો પર્યાય સમજવાનો છે.

સિનેમા, નાટકચેટક, ક્રિકેટ, ટીવીની અશ્લિલ સિરિયલો, રસકથા, સ્ત્રીકથા, છાપા વગેરે જોતાં જે રસ પડે છે તેવો પ્રતિક્રમણાદિ અનુષ્ઠાનોની લાંબી ક્રિયાઓ કંટાળો પ્રેરે છે. સૂત્રોના અર્થો તથા ભાવ સમજાતાં નથી, તેવી વ્યક્તિઓ માટે લઘુ–પ્રતિક્રમણ સૂત્રોના ઝુમખા વિષે કંઈક ઉહાપોહ કરું ? સૌ પ્રથમ આ પ્રતિક્રમણ માત્ર બે મિનિટનું જ છે. ખુશ થઈ ગયાને ? તેમાં માત્ર ચાર સૂત્રો જેવાં કે ઇરિયાવહિય, તસ્સ ઉત્તરીકરણ, અન્નત્થ અને લોગસ્સ જ આવે છે, અને તે પછી પ્રગટ લોગસ્સ કરવો જોઇએ. આ ચાર સૂત્રોના ઝુમખાનું નામકરણ પ્રતિક્રમણ–સૂત્ર–વિવેચના (નવકારથી લોગસ્સ) ભગવંત શ્રીમદ્ વિજયપ્રેમસૂરીશ્વર મહારાજા સાહેબના વિનેય મુનિશ્રી ચંદ્રશેખર વિજયજીએ પૃ. ૯૧ પર કર્યું છે.

રાત્રિક, દૈવસિક, પાક્ષિક, ચાતુર્માસિક અને સાંવત્સરિક પાંચે પ્રતિક્રમણો ક્રમશઃ સવારે–સાંજે, ૧૫ દિવસે, ૪ મહિને અને ૧૨ મહિને કરાતાં પ્રતિક્રમણોની સરખામણીમાં પ્રસ્તુત ૪ સૂત્રોવાળું પ્રતિક્રમણ ખૂબ નાનું હોઈ લઘુ–પ્રતિક્રમણ વિધિ કહેવાય છે.

આ ચાર જ સૂત્રો જો ભાવ અને શ્રદ્ધાપૂર્વક કરીએ તો તેથી પણ કર્મનિર્જરા થઈ શકે છે અને તે સમકિત સુધી પહોંચાડે પણ. તે કેવી રીતે તે જોઇએ અથવા સમજવા પ્રયત્ન કરીએ. જ્યાં સુધી એક પણ જીવની અલ્પ પણ વિરાધનાનો સંતાપ ઉભો ન કરીએ ત્યાં સુધી ધર્મક્રિયા ચિત્ત પ્રસન્નતા ઉત્પન્ન કરતી નથી. આ પ્રથમ સૂત્રમાં પંચેન્દ્રિયોની જે ૧૦ પ્રકારે હિંસા વિરાધના થાય તે રાગ અને દ્વેષથી, મન–વચન–કાયાથી, કરવી, કરાવવી, અનુમોદવી તથા છ વિશિષ્ટ વ્યક્તિઓની સાક્ષી–નજર સામે કરીએ તો ૧૮૨૪૧૨૦ રીતે જીવોની હિંસા થાય. તેનો એક જ દાખલો આપું. અઈમુત્ત મુનિએ બાળસુલભ ચેષ્ટાથી પાણીમાં હોડી તરતી મૂકી અને પણગ–મટ્ટી મક્કડા બોલતાં તીવ્ર ઝાટકો લાગી ગયો. ઉંડા ચિંતન થકી કેવળજ્ઞાન સુધી પહોંચી ગયા ને ? તો એક માત્ર ઇરિયાવહી સૂત્રનું ભાવ–શ્રદ્ધાપૂર્વક રટણ થાય તો મોક્ષે પહોંચાડે ને ?

❖❖❖

# 'શારદા સંકુલ'–કપડવંજ નિધિ અર્પણવિધિનો કાર્યક્રમ

□ મથુરાદાસ ટાંક

શ્રી મુંબઈ જૈન યુવક સંઘ તરફથી છેલ્લા ૧૯ વર્ષથી પર્યુષણ વ્યાખ્યાનમાળા દરમ્યાન શ્રોતાઓને દાન માટે અપીલ કરીને મુંબઈ બહાર ખાસ કરીને ગુજરાત રાજ્યના પછાત અને આદિવાસી પ્રદેશમાં માનવસેવા–લોકસેવાનું કામ કરતી કોઈ એક સંસ્થાને પ્રતિવર્ષ આર્થિક સહાય કરવામાં આવે છે. ગત પર્યુષણ વ્યાખ્યાનમાળા દરમ્યાન કપડવંજ સ્થિત 'શારદા સંકુલ'–વાડીલાલ એસ. ગાંધી ચેરિટેબલ ટ્રસ્ટને આર્થિક સહાય કરવી એમ ઠરાવવામાં આવ્યું હતું.

અમને જણાવતાં ખૂબ જ આનંદ થાય છે કે 'શારદા સંકુલ' માટે રૂા. સોળ લાખ અગિયાર હજાર ચારસો સત્તાવીસ (૧૬,૧૧,૪૨૭/-) જેવી માતબર રકમ એકઠી કરી શકાઈ હતી. આ રકમનો ચેક અર્પણ કરવાનો કાર્યક્રમ કપડવંજ મુકામે શનિવાર તા. ૮મી જાન્યુઆરી ૨૦૦૫ના રોજ યોજવામાં આવ્યો હતો.

શ્રી મુંબઈ જૈન યુવક સંઘ તરફથી હોદ્દેદારો, સભ્યો, દાતાઓ અને શુભેચ્છકો સહિત કુલ ૩૦ ભાઈ–બહેનો શુક્રવાર તા. ૭મી જાન્યુઆરી ૨૦૦૫નાં રોજ વડોદરા એક્ષપ્રેસમાં રવાના થયાં હતાં. અમો બધાં શનિવારે ૬–૧૫ કલાકે વડોદરા પહોંચી ગયાં હતાં. આ પ્રવાસમાં પહેલી વખત જ સંઘના ભૂતપૂર્વ પ્રમુખ ડૉ. રમણલાલ ચી. શાહ પોતાની નાદુરસ્ત તબિયતને લીધે સાથે આવી શક્યા નહોતા. હંમેશા એમના માર્ગદર્શન હેઠળ સંઘની આખી ટીમ જાય છે. એમની ગેરહાજરી આ વખતે દરેક કાર્યક્રમમાં અને સમારંભમાં વર્તાઈ હતી. તેમ જ સંઘના ઉપપ્રમુખ શ્રી ચંદ્રકાંતભાઈ દીપચંદ શાહ પણ એમના બીજા રોકાણને લીધે આવી શક્યા ન હતાં.

વડોદરા સ્ટેશને પહોંચતાં 'શારદા સંકુલ' તરફથી તેમના બે પ્રતિનિધિ ભાઈ ચેતન બારોટ અને ભાઈ લાલદાસ હાજર હતાં. તેઓએ બસની વ્યવસ્થા કરી હતી. તેમાં અમે સૌ વ્યવસ્થિત ગોઠવાઈ ગયાં. વડોદરાથી નીકળી અમે સૌ ચિખોદરાના પૂ. ડૉ. દોશીકાકાની આંખની હૉસ્પિટલના ગેસ્ટ હાઉસમાં ઉતરી, સ્નાનાદિ ક્રિયા પતાવી, ચા–નાસ્તાને ન્યાય આપી, કપડવંજ માટે રવાના થયાં. પૂ. ડૉ. દોશીકાકાના સ્ટાફના માણસોએ બધાની સરભરા કરવામાં જરાયે કચાશ રાખી ન હતી તે માટે અમે તેમના આભારી છીએ.

ચિખોદરાથી કપડવંજ જતાં રસ્તામાં બોરીઆવી ગામે અમે પહોંચ્યાં, જ્યાં સંઘના ઉપક્રમે શ્રી ભૂપેન્દ્ર ડાહ્યાભાઈ જવેરીના સહયોગથી તેમનાં સ્વર્ગસ્થ ધર્મપત્ની સ્વ. જ્યોત્સના ભૂપેન્દ્ર જવેરીના સ્મરણાર્થે પૂ. ડૉ. દોશીકાકાના અને તેમના સ્ટાફના ડૉક્ટરોના માર્ગદર્શન નીચે નેત્રયજ્ઞનું સુંદર આયોજન કરવામાં આવ્યું હતું. બોરીઆવીના સ્થાનિક કાર્યકરો, ડૉક્ટરો તથા ચિખોદરાના ડૉક્ટરો અને સ્ટાફના અન્ય માણસોએ સારી સંખ્યામાં આવેલા દર્દીઓને નેત્રનિદાન, મફત ચશ્મા વિતરણ વગેરેનું કાર્ય કર્યું હતું. આંખના ઓપરેશનવાળા દર્દીઓને ચિખોદરા હૉસ્પિટલમાં વાનમાં લઈ જઈ દાખલ કરવા માટેની વ્યવસ્થા કરવામાં આવી હતી.

બોરીઆવીથી અમે કપડવંજ પહોંચ્યાં. ત્યાં પહેલાં અમે શેઠ જે. વી. મહેતા જનરલ હૉસ્પિટલમાં ગયાં. ત્યાં ખેડા જિલ્લા અંધત્વ નિયંત્રણ સોસાયટી દ્વારા 'કેટરેટ–૧૦૦૦'નો કાર્યક્રમ યોજવામાં આવ્યો હતો. ૨૦૦૫માં ખેડા જિલ્લાના બધા તાલુકાઓના ગામમાં એક પણ વ્યક્તિ દૃષ્ટિવિહીન ન રહે એવા ભગીરથ પ્રયાસ કરવાનો દૃઢ સંકલ્પ કરવામાં આવ્યો છે. કાર્યક્રમમાં મંચ ઉપર બેઠેલા મહાનુભાવો સાથે સંઘના પ્રમુખ શ્રી રસિકલાલ લહેરચંદ શાહ અને સંઘના હોદ્દેદારોનું પુષ્પગુચ્છથી સન્માન કરવામાં આવ્યું હતું.

આ કાર્યક્રમ પતાવી અમે સૌ શારદા સંકુલ તરફથી થયેલ વ્યવસ્થા પ્રમાણે ભોજનાર્થે વાડીમાં ગયા. ત્યાં શ્રી મુકુંદભાઈ ગાંધીના સમસ્ત પરિવારના સભ્યોએ અમને બધાને પોતે પીરસીને ખૂબ જ આગ્રહ અને પ્રેમપૂર્વક જમાડ્યાં તે માટે અમે તેમના આભારી છીએ.

ભોજનાદિ પતાવી અમે સૌ વિકલાંગ પુનર્વસન કેન્દ્રના ઓપન એર થિયેટરમાં ચેક–નિધિ અર્પણવિધિ સમારોહમાં ઉપસ્થિત થયાં. આ કાર્યક્રમનું પ્રમુખસ્થાન પૂ. ડૉ. દોશી કાકાએ સંભાળ્યું હતું. કાર્યક્રમની શરૂઆત દીપ પ્રગટાવી, સરસ્વતી વંદનથી ડૉ. પુષ્પાબેન કુંડલિયા દ્વારા કરવામાં આવી હતી.

કાર્યક્રમની શરૂઆત વિકલાંગ બાળકો દ્વારા ગીત અને નૃત્યથી કરવામાં આવી હતી. ત્યાર પછી મંચ પર બિરાજમાન સર્વ મહાનુભાવોનું ફુલહારથી સન્માન કરવામાં આવ્યું તથા મુંબઈથી પધારેલા દરેકે દરેકનું પુષ્પગુચ્છ દ્વારા સન્માન કરવામાં આવ્યું. શરૂઆતમાં સંસ્થાના માનદ મંત્રી શ્રી જ્યોતીન્દ્રભાઈ પરીખે વિવિધ સંસ્થાઓના સંદેશાઓ વાંચી સંભળાવ્યાં. ત્યારબાદ શ્રી મુકુંદભાઈ ગાંધીએ શ્રી મુંબઈ જૈન યુવક સંઘનો પરિચય આપ્યો અને એ જે સેવાના કાર્યો કરે છે તેની રૂપરેખા આપી. ત્યાર પછી સંઘના પ્રમુખ શ્રી રસિકલાલ લહેરચંદ શાહે પોતાની લાક્ષણિક શૈલીમાં વક્તવ્ય આપ્યું. એમણે કહ્યું કે સામાન્ય માણસ વિકલાંગની પરિભાષા ન સમજી શકે તો આપણે બધા પણ માનસિક રીતે વિકલાંગ જ છીએ. સંઘના મંત્રી શ્રી ધનવંતભાઇએ શારદા સંકુલની કાર્યશૈલી અને વિકલાંગો માટે કરાતી પૂર્વ તૈયારીનાં ખૂબ વખાણ કર્યા. પૂ. દોશીકાકા માટે તેમણે કહ્યું કે અમે પૂ. મહાત્મા ગાંધીને જોયા નથી પણ આજના જીવંત ગાંધીજી તરીકે પૂ. ડૉ. દોશીકાકાને એ માન આપી શકાય. ૮૮ વર્ષની ઉંમરે એક જુવાનને શરમાવે એવી નિઃસ્વાર્થ ભાવે તેઓ સેવા કરે છે. ત્યાર પછી સંઘના મંત્રી શ્રી નિરુબહેન શાહે પોતાનું વક્તવ્ય રજૂ કર્યું અને શારદા સંકુલની પ્રવૃત્તિઓને બિરાદવી.

ત્યારબાદ સંઘના પ્રમુખ શ્રી રસિકલાલ લહેરચંદ શાહે શ્રી મુકુંદભાઈ ગાંધીને સંઘ દ્વારા એકત્ર થયેલ રકમનો ચેક અર્પણ કર્યો. પ્રમુખ સ્થાનેથી બોલતાં પૂ. ડૉ. દોશી કાકાએ કહ્યું કે અહીં બધા ભગવાન ઉપસ્થિત છે. વિકલાંગ બાળકો અને તેના વાલીઓ દરિદ્ર નારાયણ–વાડીલાલ એસ. ગાંધી ચેરિટેબલ ટ્રસ્ટના કારોબારીના સભ્યો સેવા નારાયણ, મંચ ઉપર બિરાજમાન બધા સ્વામિનારાયણ અને મુંબઇથી પધારેલા શ્રી મુંબઈ જૈન યુવક સંઘના હોદ્દેદારો અને સભ્યો લક્ષ્મી નારાયણ છે. આ નિધિથી સંસ્થાની ઉત્તરોત્તર પ્રગતિ થાય, વિકલાંગ વ્યક્તિને જરૂરી સેવા પહોંચી શકે અને વિકલાંગોનો સર્વાંગી વિકાસ થાય તે માટે 'શારદા સંકુલ'ને આશીર્વાદ આપ્યા.

કાર્યક્રમને અંતે ડૉ. કુંડલિયાએ આ કાર્યક્રમની સફળતા માટે મુંબઈમાં પર્યુષણ વ્યાખ્યાનમાળા દરમ્યાન એકત્ર કરેલો ફાળો આપવા સંઘના હોદ્દેદારો અને અન્ય સભ્યોએ પોતાનો અમૂલ્ય સમય આપી, અહીં ચેક આપવા પધાર્યા તે માટે અંતઃકરણપૂર્વક આભાર માન્યો હતો.

અંતમાં શ્રી રાજેશભાઈ ગાંધીએ કહ્યું કે આ કાર્યક્રમની સફળતા માટે પ્રત્યક્ષ કે પરોક્ષ રીતે જેઓએ ભાગ લીધો છે તે સૌનો સંસ્થા ખૂબ જ આભાર માને છે. નિધિ–અર્પણવિધિ કાર્યક્રમનું સંચાલન પ્રિતિબેન શાહે ખૂબ જ સરળ શૈલીમાં કર્યું તે માટે તેમને અભિનંદન.

ચેક અર્પણવિધિના કાર્યક્રમ પછી સંસ્થા તરફથી યાત્રીભવનમાં ચા–નાસ્તો પતાવીને અમે બસમાં ગોઠવાઈ ગયાં.

આ રીતે અમારો કાર્યક્રમ સંપન્ન થયો, પણ સંઘના ભૂતપૂર્વ પ્રમુખ ડૉ. રમણલાલ ચી. શાહની ગેરહાજરી દરેક પ્રસંગે દેખાઈ આવતી હતી.

Printed & Published by Nirubahen Subodhbhai Shah on behalf of Shri Mumbai Jain Yuvak Sangh and Printed at Fakhri Printing Works, 312/A, Byculla Service Industrial Estate, Dadaji Konddev Cross Road, Byculla, Mumbai-400 027. And Published at 385, S.V.P. Road, Mumbai-400 004. Tel.: 23820296. Editor: Ramanlal C. Shah.

Regd. With Registrar of Newspapers for India No. R. N. I. 6067/57
Posted at Patrika Channel sorting office Mumbai-400 001 Licence to post without prepayment No. 271
● વર્ષ : (૫૦) + ૧૬ ● અંક : ૩ ● ૧૬ માર્ચ, ૨૦૦૫ ● ● Regd. No. TECH / 47-890 / MBI / 2003-2005
● ● ● શ્રી મુંબઈ જૈન યુવક સંઘનું માસિક મુખપત્ર ● ● ●

# પ્રબુદ્ધ જીવન

● ● પ્રબુદ્ધ જીવન પાક્ષિક ૧૯૩૯થી ૧૯૮૯ : ૫૦ વર્ષ ● ● વાર્ષિક લવાજમ રૂા.૧૦૦/- ● ● છૂટક નકલ રૂા. ૧૦/- ● ●
તંત્રી : રમણલાલ ચી. શાહ સહતંત્રી : ધનવંત તિ. શાહ

## સ્વ. કવિ બાદરાયણ

કવિ બાદરાયણ એટલે ભાનુશંકર બાબરભાઈ વ્યાસ. એમનું આ જન્મશતાબ્દી વર્ષ છે.

કવિ બાદરાયણનું જીવન એટલે ચડતી, પડતી અને ફરી પાછી ચડતીનું જીવન.

ભાનુશંકર વ્યાસનો જન્મ ઈ. સ. ૧૯૦૫માં મોરબીમાં (કે કચ્છમાં આધોઈમાં ?) થયો હતો. તેમણે પ્રાથમિક અને માધ્યમિક શિક્ષણ મોરબી લીધું હતું અને ત્યારે મોરબીમાં હાઈસ્કૂલની સગવડ ન હોવાથી તેઓ રાજકોટ ગયા હતા અને ત્યાંની આલ્ફ્રેડ હાઈસ્કૂલમાંથી મેટ્રિક પાસ થયા હતા. વિદ્યાર્થી તરીકે તેઓ તેજસ્વી હતા એટલે ત્યાર પછી તેઓ કૉલેજના અભ્યાસ માટે મુંબઈ આવ્યા હતા. તેઓ એલ્ફિન્સ્ટન કૉલેજમાંથી સંસ્કૃત વિષય સાથે બી.એ. થયા હતા અને ત્યાર પછી ૧૯૩૦ માં ગુજરાતી અને સંસ્કૃત વિષય સાથે એમ.એ. થયા હતા. એમ.એ.માં તેઓ નરસિંહરાવ દિવેટિયાના વિદ્યાર્થી હતા.

ત્યાર પછી એમણે વકીલાતના વિષયનો અભ્યાસ કરી એલ.એલ.બી.ની ડિગ્રી મેળવી હતી.

આઝાદી પૂર્વે મુંબઈ યુનિવર્સિટીનું ક્ષેત્ર એટલે આખો મુંબઈ ઈલાકો (પ્રેસિડન્સી), ઠેઠ કરાંચીથી કર્ણાટકમાં ધારવાડ સુધી. આજે જે એસ.એસ.સી.ની પરીક્ષા છે તે ત્યારે મેટ્રિકની પરીક્ષા કહેવાતી. સમગ્ર ઈલાકામાં મેટ્રિકની પરીક્ષા પણ યુનિવર્સિટી લેતી. ત્યારે કૉલેજ અને યુનિવર્સિટીમાં ગુજરાતીનો વિષય ઘણો મોડો દાખલ થયો હતો. વળી આ વિષય દાખલ કરવાનો ક્રમ પણ વિપરીત હતો. પહેલાં એમ.એ.માં ગુજરાતી વિષય દાખલ થયો, ત્યાર પછી બી.એ. માં અને ત્યાર પછી ઈન્ટરમાં અને પછી ફર્સ્ટ ઈયરમાં. ત્યારે ગુજરાતી વિષયનાં પ્રશ્નપત્રો ઇંગ્લિશમાં છપાતા અને વિદ્યાર્થીઓ જવાબ પણ ઇંગ્લિશમાં લખતા (સંસ્કૃતની જેમ). નરસિંહ દિવેટિયા આસિસ્ટન્ટ કલેક્ટર તરીકે નિવૃત્ત થયા એટલે મુંબઈ યુનિવર્સિટી તરફથી એલ્ફિન્સ્ટન કૉલેજમાં એમ.એ.ના ગુજરાતી વિષય માટે એમની નિમણૂંક થઈ. નરસિંહરાવના ઘણા વિદ્યાર્થીઓમાં ચંદ્રવદન મહેતા, સુંદરજી બેટાઈ, કાંતિલાલ વ્યાસ, રમણ વકીલ, અમીદાસ કાણકિયા, બાદરાયણ વગેરે જાણીતા હતા. નરસિંહરાવે પોતાના ઘણા વિદ્યાર્થીઓને પ્રેરણા કરીને કવિતા લખતા કરી દીધા હતા.

નરસિંહરાવ નિવૃત્ત થયા ત્યારે એમની જગ્યાએ ગુજરાતી વિષય સાથે એમ.એ. થયેલા બાદરાયણની એમ.એ.ના અધ્યાપક તરીકે નિમણૂંક થઈ હતી. ભગવાનદાસ ભૂખણવાળા વગેરે ત્યારે એમના એમ.એ.ના વિદ્યાર્થી હતા. એલ્ફિન્સ્ટન અને ઝેવિયર્સ કૉલેજમાં ત્યારે ગુજરાતી વિષયના પ્રાધ્યાપકોની નિમણૂંક થઈ હતી. ૧૯૩૮-૪૦ની આ વાત છે.

યુનિવર્સિટીનું એમ.એ.નું માનાર્હ કાર્ય પૂરું થતાં બાદરાયણે બે ઠેકાણે અધ્યાપક તરીકે પાર્ટ ટાઈમ નોકરી સ્વીકારી. એક મુંબઈમાં બોરાબજારમાં કબીબાઈ હાઈસ્કૂલમાં સંસ્કૃતના શિક્ષક તરીકે અને ઝેવિયર્સ કોલેજમાં ગુજરાતી વિષયના પ્રાધ્યાપક તરીકે. બાદરાયણ ત્યારે કાવ્યો લખતાં, કવિ સંમેલનમાં જતા. રેડિયો પર નાટકોમાં ભાગ લેતા. એમનો અવાજ બુલંદ હતો અને ઉચ્ચારો સ્પષ્ટ હતા. તેઓ અભિનયકલામાં નિપુણ હતા. મધુર કંઠે તેઓ ગીતો રજૂ કરતા. તેમની કાયા પડછંદ, ચાલ છટાદાર, તેમનો વર્ણ ઉજળો, પ્રભાવશાળી મુખમુદ્રા, પાન ખાવાની ટેવને લીધે હોઠ હંમેશાં લાલ રહેતા. તેઓ હસમુખા, મળતાવડા અને નિરભિમાની હતા. એ દિવસોમાં મુંબઈના ગુજરાતી સમાજમાં બાદરાયણનું નામ બહુ મોટું હતું.

બાદરાયણ જીવ્યા ત્યાં સુધી ખાદી પહેરતા. તેઓ સફેદ ખાદીનાં કોટ અને પેન્ટ પહેરતા અને ટાઈ પણ ઘણુંખરું સફેદ પહેરતા. પણ એમને વધારે ફાવતો પહેરવેશ તે પહેરણ અને ધોતિયું હતાં. જાહેર સભાઓમાં તેઓ પહેરણ-ધોતિયું પહેરીને આવતા. (એ કાળના ઘણા અધ્યાપકો ઘરે ધોતિયું પહેરતા.)

મુંબઈની ઝેવિયર્સ કૉલેજમાં ગુજરાતીના અધ્યાપક તરીકે નિમણૂંક થઈ ત્યારે પ્રો. ગૌરીપ્રસાદ ઝાલા, જે ત્યાં સંસ્કૃત શીખવતા હતા તેમને પણ ગુજરાતી શીખવવાનું સોંપાયું હતું. બાદરાયણ ફર્સ્ટ ઈયર, ઈન્ટર અને બી.એ.માં ગુજરાતી શીખવતા. એ દિવસોમાં બી.એ.માં ગુજરાતી વિષય લેવાનો પ્રવાહ હતો. બાદરાયણના તેજસ્વી વિદ્યાર્થીઓમાં ભગવાનદાસ ભૂખણવાળા, લલિત દલાલ, માલતીબહેન (પછીથી શ્રી દામુભાઈ ઝવેરીનાં ધર્મપત્ની) ગિજુભાઈ વ્યાસ, મધુકર રાંદેરિયા, પ્રવીણચંદ્ર રૂપારેલ, હસમુખ શુકલ, કંચનલાલ તલસાણિયા, મોહન સૂચક, રમણ કોઠારી, ડૉ. જયશેખર ઝવેરી, સુશીલા વાંકાવાળા, અમર જરીવાલા વગેરે હતા. બીજાં પણ કેટલાંક નામો હશે!

૧૯૪૪માં મુંબઈમાં બાબુ પનાલાલ હાઈસ્કૂલમાંથી હું મેટ્રિક પાસ થયો હતો. ત્યારે ફર્સ્ટ કલાસ બહુ ઓછા વિદ્યાર્થીઓને મળતો, પણ સદ્‌ભાગ્યે મને ફર્સ્ટ કલાસ મળ્યો હતો. એ જમાનામાં એલ્ફિન્સ્ટન કૉલેજ એક નંબરની કૉલેજ ગણાતી એટલે મેં એમાં પ્રવેશ મેળવવા માટે ફોર્મ ભર્યું હતું. પરંતુ સ્કૂલમાં ગયો ત્યારે

અમારા વર્ગશિક્ષક અમીદાસ કાણકિયા મળ્યા. તેઓ અમને ગુજરાતી શીખવતા. મને ગુજરાતી વિષયમાં રસ લેતો એમણે કર્યો હતો. એમણે કહ્યું, 'રમણભાઈ, તમારે જો બી.એ.માં ગુજરાતી વિષય લેવો હોય તો ઝેવિયર્સ કૉલેજમાં જાવ. ત્યાં કવિ બાદરાયણ ભણાવે છે. તમને સારો લાભ મળશે. તેઓ મારા મિત્ર છે. અમે નરસિંહરાવ દિવટિયાની પાસે સાથે ભણેલા હતા.' કાણકિયા સાહેબની ભલામણ થઈ એટલે એલ્ફિન્સ્ટન છોડી હું ઝેવિયર્સ કૉલેજમાં દાખલ થયો. કૉલેજ ચાલુ થતાં બાદરાયણને મળવાનું થયું અને પરીક્ષામાં ગુજરાતી વિષયમાં સૌથી વધુ માર્ક્સ મળવાને લીધે અમારો પરિચય વધુ ગાઢ થયો. એ દિવસોમાં હું મુંબઈમાં ખેતવાડીમાં રહેતો અને બાદરાયમ સી. પી. ટેન્ક પાસે રહેતા એટલે એમને ઘરે જવાનું પણ ક્યારેક બનતું.

એક વખત વર્ગમાં કોઈ વિદ્યાર્થીએ 'બાદરાયણ' નામ વિશે પૂછ્યું ત્યારે એમણે ભગવાન વેદવ્યાસનું એ બીજું નામ છે એ તો કહ્યું અને બાદરાયણ શબ્દ બદરી એટલે કે બોરડીના ઝાડ ઉપરથી આવ્યો છે એ પણ સમજાવ્યું. પછી એમણે બાદરાયણ સંબંધ એટલે શું એ વિશે કહ્યું કે કોઈપણ સંબંધ ખેંચી તાણીને બેસાડી દેવામાં આવે તેને બાદરાયણ સંબંધ કહે છે. પ્રાચીન સમયમાં એક શ્રીમંત માણસને ત્યાં લગ્નપ્રસંગ હતો. ઘણાં બધા જમવા આવ્યા હતા. ક્યારેક બધાની ઓળખાણ ન હોય. તેઓ એક પછી એક બધાંને આવકારતા હતા. ત્યાં બે અજાણ્યા માણસો જમવામાં ઘૂસી ગયેલા. યજમાને પૂછ્યું, 'ભાઈ, તમને ઓળખ્યા નહિ.' એટલે મહેમાનોએ કહ્યું, 'ન ઓળખ્યા અમને ? આપણો તો બાદરાયણ સંબંધ છે.' યજમાન વિચારમાં પડી ગયા. પછી નમ્રતાથી પૂછ્યું, 'બાદરાયણ સંબંધ એટલે શું ? અમને સમજ ન પડી.' ત્યારે મહેમાનોએ કહ્યું, युष्माकं बदरी गृहे, अस्माकं बदरी चक्रे । એટલે કે તમારા ઘરઆંગણામાં બદરી એટલે કે બોરડીનું ઝાડ છે અને અમારા ઘરે ગાડાનું જે પૈડું છે એ બોરડીના ઝાડના લાકડામાંથી બનાવ્યું છે. આ બંને બોરડીઓ માદીકરી થાય.'--આ રીતે 'બાદરાયણ સંબંધ' એક રૂઢપ્રયોગ બની ગયો.

બાદરાયણ વખતોવખત અમારા વર્ગમાં કોઈક સાહિત્યકારને લઈ આવતા. એ રીતે અમને વર્ગમાં ચંદ્રવદન મહેતા, જ્યોતીન્દ્ર દવે, સુંદરજી બેટાઈ વગેરેને સાંભળવાની તક મળી હતી. એમાં જ્યોતીન્દ્ર આવ્યા તે પ્રસંગ યાદ રહી ગયો છે. લાંબો કોટ, ધોતિયું અને ટોપી પહેરેલા જ્યોતીન્દ્રનો પરિચય આપતાં બદરાયણે કહ્યું કે એમનું શરીર એટલું બધું દૂબળું અને હાડકાં દેખાય એવું છે, જાણે કે તેઓ કોઈ દુકાળમાંથી ન આવ્યા હોય !' જ્યોતીન્દ્ર–બાદરાયણની મૈત્રી એટલી ગાઢ હતી કે એમને કશું માઠું ન લાગે. પછી હાજરજવાબી જ્યોતીન્દ્ર બોલવા ઊભા થયા ત્યારે એમણે કહ્યું કે 'બાદરાયણે મારો પરિચય આપતાં જે કહ્યું તે સાચું છે. હું દુકાળમાંથી આવ્યો હોઉં એવું લાગે છે. પણ તમને બાદરાયણનું શરીર જોઈને નથી લાગતું કે તેઓ ક્યાંક દુકાળ પાડીને આવ્યા છે.'

તેઓ બંનેની આ મજાક તો ત્યાર પછી તેઓ બંનેએ ઘણી સભાઓમાં કહી હતી.

બાદરાયણ સ્વભાવે લહેરી હતા. તેઓ મિત્રો સાથે હોય, વિદ્યાર્થીઓ સાથે હોય, જ્યાં હોય ત્યાં હાસ્યની છોળો ઊડતી. લહેરી સ્વભાવને કારણે જ તેમની કાયા હૃષ્ટપુષ્ટ રહેતી. તેઓ ભારે વજનવાળા હતા, પણ ચાલવામાં ધીમા નહોતા. આ લહેરી સ્વભાવને કારણે તેમનામાં ભૂલકણાપણું હતું. ક્યાંક જાય તો પોતાની ચીજવસ્તુ ભૂલી જાય કે કોઇને ઘણા દિવસ પછીનો સમય આપ્યો હોય તો ભૂલી જાય એવું બનતું. તેઓ સ્કૂલ કે કૉલેજના નાટકોમાં કે રેડિયો રૂપકોમાં ભાગ લેતા ત્યારે ક્યારેક સંવાદો ભૂલી જતા, પણ હોંશિયારીને લીધે પરિસ્થિતિ બરાબર સાચવી લેતા કે સાંભળનારને સંવાદમાં કંઈ ગડબડ થઈ છે એવો અણસાર પણ ન આવે.

એ દિવસોમાં ઝેવિયર્સ કૉલેજે સરસ મોટો હૉલ બનાવ્યો હતો. એમાં કૉલેજનાં અને બહારનાં બિનધંધાદારી નાટકો ભજવાતાં. કૉલેજનું ગુજરાતી મંડળ પણ એના વાર્ષિક દિન નિમિત્તે નાટક ભજવતું. એમાં વિદ્યાર્થીઓ સાથે બાદરાયણ પણ ભાગ લેતા. એક વખત 'પુત્ર સમોવડી' નાટક ભજવવાનું નક્કી થયું. એમાં માલતીબહેન દેવયાની થયાં, મધુકર રાંદેરિયા કચ થયા અને બાદરાયણ શુક્રાચાર્ય થયા. એમાં બાદરાયણ ગોખેલા સંવાદો ભૂલી ગયા અને પરિસ્થિતિ અનુસાર પોતાને સૂઝ્યા એવા સંવાદો બોલવા લાગ્યા. એથી મધુકર જરાપણ ગભરાયા વગર લખેલા સંવાદોને બદલે બાદરાયણના વાક્યના અનુસંધાનમાં બીજા જ સંવાદો બોલવા લાગ્યા. એથી માલતીબહેન બહુ ગૂંચવાયા. તો પણ પરિસ્થિતિ અને ભાવ અનુસાર તેઓ પણ થોડા લખેલા અને થોડા કલ્પેલા સંવાદો બોલ્યા. ત્રણેનો અભિનય એવો સહજ અને સરસ હતો કે ઘણા શ્રોતાઓને ખબર ન પડી કે આમાં કોઈ છબરડો થયો છે.

એક વખત રેડિયો ઉપર કોઈ સામાજિક વિષય પર નાટક (રૂપક) ભજવવાનું હતું. એમાં ભાગ લેનાર ચંદ્રવદન મહેતા, બાદરાયણ અને ભૂખણવાળા હતા. રેડિયો નાટકમાં શ્રોતાઓને માત્ર અવાજ સંભળાય. ચહેરા કે અભિનય દેખાય નહિ. રેડિયો નાટકમાં ભાગ લેનાર દરેકને એમના સંવાદોની સ્ક્રિપ્ટ આપવામાં આવતી. નાટકના દિવસે બાદરાયણ આવ્યા, પણ એમની થેલીમાંથી સ્ક્રિપ્ટ નીકળી નહિ. ઘરે ભૂલી ગયા. હવે શું થાય ? આવી બાબતોમાં ચંદ્રવદન હિંમતવાળા. એમણે કહ્યું, 'ભાનુશંકર, નાટકની થીમ યાદ રાખજો અને તમને સૂઝે એ બોલજો. હું પરિસ્થિતિ સંભાળી લઈશ.' નાટક એવી રીતે ભજવાયું (બોલાયું) કે શ્રોતાઓને કંઈ ખબર ન પડી કે આમાં કંઈ ગરબડ થઈ છે.

જેમને પાન ખાવાની આદત હોય એવા કેટલાક લોકો લહેરી સ્વભાવના થઈ જાય. બાદરાયણની સાથે પાન ખાનારા મિત્રોમાં જ્યોતીન્દ્ર દવે, અમીદાસ કાણકિયા વગેરે હતા. પાનનો રસ ઘૂંટાતો હોય ત્યારે ઝટ ઊભા થવાનું મન ન થાય. વળી એમનું શરીર સ્થૂળ હતું. એથી બાદરાયણ સમયપાલનમાં કંઈક મંદ હતા. કૉલેજમાં કેટલીકવાર અમારા વર્ગમાં પાંચ સાત મિનિટ મોડા આવવું એ એમને માટે સ્વાભાવિક હતું. વિદ્યાર્થીઓ પણ એનાથી ટેવાઈ ગયા હતા. ક્યારેક કબીબાઈ સ્કૂલમાંથી છૂટી ઝેવિયર્સ સુધી ચાલતા આવવામાં વાર લાગતી. ચંદ્રવદન સાથેની મૈત્રીને કારણે અને પોતાનામાં રહેલી એવી શક્તિને કારણે બાદરાયણને રેડિયો–રૂપકમાં ભાગ લેવા ઘણી વાર નિમંત્રણ મળતું. ત્યારે રૂપકનું જીવંત પ્રસારણ થતું. એ માટે બાદરાયણ ક્યારેય મોડા પડતા નહિ. મોડા પડવું પોસાય નહિ. તેઓ પંદરવીસ મિનિટ વહેલા પહોંચતા. પરંતુ કેટલાયે સાહિત્યિક કાર્યક્રમોમાં તેઓ અને જ્યોતીન્દ્ર મોડા પહોંચતા. ત્યારે જ્યોતીન્દ્ર ખુલાસો કરતા કે અમારે મોડું થયું કારણ કે અમે 'પીવા' ગયા હતા. (બધા હસે), પણ બીજું કંઈ નહિ, ચા પીવા ગયા હતા.

ભૂખણવાળા બાદરાયણના પ્રથમ શિષ્ય એટલે બંને વચ્ચે ગાઢ સંબંધ હતો. ભૂખણવાળાની નિમણૂંક ગુજરાતી એનાઉન્સર તરીકે દિલ્હી રેડિયોમાં થઈ ત્યારે ભૂખણવાળાનું દિલ્હી જવાનું નક્કી થયું. એ દિવસે બોમ્બે સેન્ટ્રલ પર એમનાં સગાં, મિત્રો વગેરે ઘણાં એમને વળાવવા આવ્યાં હતાં. ચંદ્રવદન મહેતા પણ આવ્યા હતા. બાદરાયણે પણ કહ્યું હતું કે તેઓ પણ વળાવવા આવશે. પરંતુ તેઓ દેખાયા

નહિ. એટલે ભૂલી ગયા હશે એમ મનાયું. પરંતુ ટ્રેન ઊપડી ત્યારે તેઓ પ્લેટફોર્મમાં દાખલ થતા દેખાયા. પરંતુ ભૂખણવાળાનો મેળાપ થયો નહિ. બધા પાછા ફરતા હતા અને સામા મળ્યા એ જોઈ બાદરાયણને ક્ષોભ થયો. ચંદ્રવદને બાદરાયણની મોડા પડવા અંગે મજાક ઉડાવી.

બાદરાયણ અને સુંદરજી બેટાઈ બંને નરસિંહરાવના વિદ્યાર્થી. તેઓ એલ્ફિન્સ્ટન કૉલેજમાં ભણતા. નરસિંહરાવે પોતાના બધા વિદ્યાર્થીઓને કાવ્ય રચનાની લગની લગાડેલી હતી. એ વખતે બાદરાયણ અને સુંદરજી બેટાઈએ એક નવો પ્રયોગ વિચાર્યો હતો. જે કોઈ કાવ્યરચના થાય તે બંનેએ સાથે મળીને જોઈ જવી, સુધારવી અને સંયુક્ત એક જ નામે પ્રગટ કરવી. એ માટે એમણે પૌરાણિક ઉપનામ પસંદ કર્યું. 'મિત્રાવારુણી' તેઓ બંનેએ આ રીતે કેટલાંક કાવ્યો લખ્યાં અને એક નાનો સંગ્રહ પણ પ્રગટ કર્યો. પરંતુ પછીથી બંનેનું કાવ્યસર્જન એવું વેગવાળું બન્યું કે નક્કી થયું કે પોતાનાં કાવ્યો પોતાનાં નામે લખવાં. સુંદરજી બેટાઈએ 'જ્યોતિરેખા' અને 'ઈન્દ્રધનુ' એ બે સંગ્રહો પ્રગટ કર્યા. બાદરાયણનો ૧૯૪૧માં 'કેડી' નામનો સંગ્રહ પ્રગટ થયો. આ સંગ્રહથી બાદરાયણે તત્કાલીન ગુજરાતી કવિતાક્ષેત્રે મહત્ત્વનું સ્થાન પ્રાપ્ત કર્યું હતું.

બાદરાયણે ૧૯૪૧ પછી પણ ઘણાં કાવ્યો—એક સંગ્રહ થાય એટલાં લખ્યાં હતાં, પરંતુ જીવનના અસાધારણ વળાંકને લીધે બીજો કાવ્યસંગ્રહ પ્રગટ કરવાનો એમને ઉત્સાહ રહ્યો નહોતો.

ન્હાનાલાલ બાદરાયણના પ્રિય કવિ, બાદરાયણનાં ગીતોમાં ન્હાનાલાલની છાયા વરતાય છે. બાદરાયણે મુંબઈ યુનિવર્સિટીમાં ઠક્કર વસનજી માધવજી વ્યાખાનમાળામાં ન્હાનાલાલ વિશે વ્યાખ્યાનો આપેલાં પણ તે છપાયાં નથી અને એની ખાસ નોંધ લેવાઈ પણ નથી.

૧૯૪૮માં બી.એ. થયા પછી હું પત્રકાર તરીકે મુંબઈના 'સાંજ વર્તમાન' નામના દૈનિકમાં જોડાયો અને સાથે એમ.એ.નો અભ્યાસ પણ ચાલુ રાખ્યો. 'સાંજ વર્તમાન'ની ઑફિસમાંથી સવારનું દૈનિક 'મુંબઈ વર્તમાન' પ્રગટ થતું. એના તંત્રી નવસારીના પારસી સજ્જન મીનુ દેસાઈ સાથે મારે સાહિત્યિક દોસ્તી થઈ. એમણે પ્રસ્તાવ મૂક્યો કે 'આપણે બંને સાથે મળીને કોઈક પુસ્તક તૈયાર કરીએ.' એમ વિચાર કરતાં મેં સૂચવ્યું કે આપણે ગુજરાતી સોનેટનું સંપાદન કરીએ.' 'મનીષા' એનું નામ રાખ્યું. કવિઓની યાદી નક્કી કરી તેમના કાવ્યસંગ્રહો વાંચી જવા અને એમનું સારામાં સારું સોનેટ હોય તે પ્રગટ કરવું. વળી એ માટે મુંબઈના કવિઓને રૂબરૂ મળવું અને એમની સાથે એમના સોનેટની પસંદગી વિશે ચર્ચા વિચારણા કરવી. અને બહારગામના કવિઓ સાથે પત્રવ્યવહાર કરવો. એ રીતે ૭૦ શ્રેષ્ઠ ગુજરાતી સોનેટનો સંગ્રહ તૈયાર કરીને ૧૯૫૦માં અમે પ્રગટ કર્યો હતો. ગુજરાતી સાહિત્યમાં આ પ્રકારનો પહેલો સોનેટ સંચય હતો. એમાં બાદરાયણનું સોનેટ 'સ્મરણોને વિદાય' અમે પસંદ કર્યું હતું. એ વખતે મુંબઈમાં સી.પી.ટેન્ક પર, ચંદારામજી ગર્લ્સ સ્કૂલની સામે આવેલા મકાનમાં રહેતા બાદરાયણને મળવા અમે એમને ઘરે જતા. ઘરમાં બાદરાયણનાં પત્ની અને એક દીકરી હતાં. એ વખતે તેઓ અમને સારો આવકાર આપતા. એમના ભૂતપૂર્વ વિદ્યાર્થી તરીકે તેઓ મને નામથી પણ ઓળખતા.

બાદરાયણ છંદોબદ્ધ અને ગેય એમ બંને પ્રકારનાં કાવ્ય લખતાં. એમણે મુક્તકો, સોનેટ, દીર્ઘ ચિંતનકાવ્ય, પદ, ભજન વગેરે લખ્યાં છે. એમનાં કાવ્યોમાં ગાંધીયુગનો પ્રભાવ પડ્યો છે. છંદોબદ્ધ કાવ્યો કરતાં ગેય કાવ્યો એમને વિશેષ અનુકૂળ હતાં. ગેય કાવ્યોની રચનામાં તેમનામાં શીઘ્રકવિત્વ હતું. કોઈ વિષય, વિચાર કે ભાવ પર તેઓ તરત કાવ્યરચના કરી શકતા. એ દિવસોમાં કવિતાના ક્ષેત્રે પાદપૂર્તિના કાર્યક્રમો ઘણા થતા. બાદરાયણ એમાં પણ કુશળ હતા. દીપોત્સવી અંકો વખતે તો ચારે તરફથી કવિતાની માંગ રહેતી. બાદરાયણનાં કેટલાંક કાવ્યો એવા અંકોમાં છપાયાં છે. એક વખત એવું બન્યું કે તેઓ એક તંત્રીને કાવ્ય મોકલી નહિ શકેલા. તંત્રી મહાશયે પોતાના એક પત્રકારને બાદરાયણના ઘરે મોકલ્યો. એણે બાદરાયણને કહ્યું, 'તમે હા કહ્યા પછીથી હજુ સુધી કાવ્ય મોકલ્યું નથી.' બાદરાયણે કહ્યું, 'ભાઈ, તમને દસ મિનિટનો ટાઈમ છે ?' પત્રકારે કહ્યું, 'જરૂર.' તો બાદરાયણે કહ્યું 'તો પછી દસ મિનિટ અહીં બેસો અને આ સામાયિક વાંચો, પણ એક પણ શબ્દ બોલતા નહિ.' પછી બાદરાયણ પાંચ સાત મિનિટ આંખો બંધ કરી કાવ્યસર્જનના ભાવમાં આવી ગયા. વિષય પણ સ્ફુર્યો. પછી એમણે કાગળ પેન લઈ, જે કાવ્યનું મનમાં ગુંજન ચાલ્યું તે એમણે કાગળમાં ઉતારી આપ્યું. થોડીવારમાં જ એક સરસ ગીતની રચના થઈ ગઈ. બાદરાયણમાં આવી શક્તિ હતી. બાદરાયણના ગીતોમાં સૌથી વધુ પ્રસિદ્ધ ગીત તે 'આપને તારા અંતરનો એક તાર, બીજું હું કાંઈ ન માંગું રે.' એમના કાવ્યસંગ્રહ 'કેડી'માં પ્રગટ થયેલું આ ગીત પણ થોડીક ભાવદશા પછી તરત લખાયેલું ગીત છે.

૧૯૪૪ના સપ્ટેમ્બરની આસપાસ મુંબઈના ઈંગ્લિશ, ગુજરાતી વગેરે બધાં છાપાંઓમાં મુખ્ય હેડલાઈન હતીઃ 'ભાનુશંકર વ્યાસ-શિક્ષણ ક્ષેત્રમાંથી બરતરફ' એવાં દિલ ધડકાવનાર આઘાતજનક સમાચાર પ્રગટ થયા. યુનિવર્સિટીએ ફરમાવેલી સજા સાથે અન્ય ભાષા અને વિષયના બીજા ત્રણ અધ્યાપકો પણ બરતરફ થયા. હું નથી માનતો કે યુનિવર્સિટીએ પોતાના ઇતિહાસમાં આવી કડક સજા ક્યારેય કોઇને કરી હોય. ચીભડાના ચોરને ફાંસીની સજા જેવી આ કોઈને લાગે. બન્યું હતું એવું કે બાદરાયણ મેટ્રિકની પરીક્ષામાં ગુજરાતી વિષયના ચીફ મોડરેટર હતા. એ વર્ષે પોતાના એક બહુ ગાઢ શ્રીમંત મિત્રના ભારે દબાણથી એમણે એક વિદ્યાર્થિનીને ઉચ્ચ વર્ગ મળે એ માટે ચીફ મોડરેટર તરીકેની પોતાની સહી સાથે માર્ક્સમાં વધારો કર્યો હતો. પોતાના હાથે જ સહી કરી હતી એટલે બીજા કોઈ પુરાવાની જરૂર નહોતી. આ ગેરરીતિ પકડાતાં સજા થઈ હતી.

બાદરાયણના જીવનમાં આ સૌથી મોટો આઘાતજનક પ્રસંગ હતો અને આ ઘટના પછી એમના જીવનમાં વળતાં પાણી આવી ગયાં.

છાપાના આ સમાચાર પછી બીજે દિવસે તેઓ અમારો વર્ગ લેવા કૉલેજમાં આવ્યા હતા. દિવસ રાત રડવાને કારણે એમની આંખો લાલ લાલ થઈ ગઈ હતી અને સૂજી ગઈ હતી. ચહેરા પરનું કાયમનું સ્મિત ઊડી ગયું હતું. એમના ચહેરાનું એ દૃશ્ય આજે પણ યાદ કરું તો નજર સામે તરવરે છે.

યુનિવર્સિટીએ કૉલેજને બાદરાયણને છૂટા કરવા માટે સૂચના આપી, પરંતુ અમારા પ્રિન્સિપાલ ફાધર કોઇનએ (Coyne) યુનિવર્સિટીને વિનંતી કરી કે બાદરાયણને વર્ષ પૂરું કરવા દેવું કે જેથી વિદ્યાર્થીઓનો અભ્યાસ ન બગડે. એવી રીતે કબીબાઈ સ્કૂલે પણ રજા માગી અને બંનેની રજા એ માટે મંજૂર થતાં બાદરાયણ અમને વર્ષના અંત સુધી ભણાવવા આવતા, પણ હવે એમનો રસ ઊડી ગયો હતો.

ઝેવિયર્સ કૉલેજ અને કબીબાઈ હાઈસ્કૂલની નોકરી છોડ્યા પછી આજીવિકા માટે શું કરવું એ મોટો પ્રશ્ન હતો. એમની ઉંમર ચાલીસની થઈ હતી. સરસ મળતાવડા ઉદાર સ્વભાવને લીધે બાદરાયણનું મિત્રવર્તુળ મોટું હતું. વળી એમનો ભૂતપૂર્વ વિદ્યાર્થીઓ સાથે સંબંધ

સારો હતો. બાદરાયણે વકીલાતનો અભ્યાસ કર્યો હતો. એટલે આજીવિકા માટે એમણે વકીલાત કરવાનું સ્વીકાર્યું. ધોળા ખાદીના કોટને બદલે એમણે કાળો કોટ પહેરવાનું શરૂ કર્યું. હાથમાં બ્રીફના કાગળો અને કાળો ઝભ્ભો લઈને તેઓ એસ્પ્લેનેડ કોર્ટમાં જતા. કોર્ટ અમારી કૉલેજની બાજુમા. એટલે કોઈકવાર રસ્તામાં મળી જતા. શરૂઆતના દિવસોમાં કૉલેજ પાસેથી પસાર થતાં તેઓ નિઃશાસો નાખતા. (બાદરાયણ છૂટા થયા પછી ઝેવિયર્સમાં પ્રો. મનસુખલાલ ઝવેરીની નિમણૂક થઈ હતી.)

બાદરાયણે પંદરેક વર્ષ વકીલાત કરી પરંતુ એમાં બહુ સારી બરકત ન હતી. કુટુંબ-નિભાવનો ખર્ચ પણ માંડ કાઢી શકતા. ક્યારેક આર્થિક મુશ્કેલી પણ અનુભવવી પડતી.

ઈ. સ. ૧૯૬૦ મહારાષ્ટ્ર એસ.એસ.સી. બોર્ડે ગુજરાતી વિષયની અભ્યાસ સમિતિમાં મારી નિમણૂંક કરી હતી. સમિતિમાં મારા વડીલો હતા રમણ વકીલ તથા મજમુદાર (બંને મોડર્ન સ્કૂલના), સુંદરજી બેટાઈ અને ખુશમન વકીલ. અમારે બીજાં કામો ઉપરાંત મુખ્ય કામ તે એસ.એસ.સી. માટે ગદ્યપદ્ય સંગ્રહ તૈયાર કરવાનું હતું. એમાં સૌથી નાનો હું હતો અને કૉલેજમાં ગુજરાતી વિષય ભણાવતો એટલે કવિતા, વાર્તા, નિબંધ વગેરે કૃતિઓ પસંદ કરવા માટે ગ્રંથો લઈ જવાની જવાબદારી મારે માથે હતી. કેટલીક વાર અમારી મિટીંગ ફાર્બસ ગુજરાતી સભાની લાયબ્રેરીમાં થતી કે જેથી જે ગ્રંથ જોવો હોય તે તરત મળી જાય. એક વખત અમારી મિટિંગ પછી ફાર્બસના મંત્રી અને ગ્રંથપાલ શ્રી શંકરપ્રસાદ રાવળે રમણ વકીલને વાત કરી કે કોઇએ ફાર્બસ માટે અમુક મોટી રકમ બાદરાયણને આપી હતી કારણ કે બાદરાયણ ફાર્બસની સમિતિના સભ્ય હતા. એ રકમ ચારેક મહિના થયા છતાં બાદરાયણે ફાર્બસમાં જમા કરાવી નથી. એ વખતે મેં કહ્યું કે બાદરાયણને હમણાં આર્થિક મુશ્કેલી રહે છે. એ સાંભળી રમણ વકીલે તરત કહ્યું, 'અરે એમને આટલી તકલીફ છે પણ મને વાત પણ નથી કરી. અમે કૉલેજના વર્ષોથી ગાઢ મિત્રો છીએ.' પછી કહ્યું, 'શંકરપ્રસાદ, કાલે બાપુ (પ્યૂન)ને મારી મોર્ડન સ્કૂલમાં મોકલી રકમ મંગાવી લેજો અને જમા કરી દેજો. આ વાત હવે કોઇને કરશો નહિ.' રમણ વકીલે ફાર્બસમાં રકમ જમા કરાવી એટલું જ નહિ બાદરાયણને ઘરે જઈ એમને સારી આર્થિક મદદ પણ કરી હતી.

૧૯૫૭-૫૮માં ઓલ ઈન્ડિયા રેડિયોએ બધી ભાષાઓમાં બે પાર્ટટાઈમ પોસ્ટ ઊભી કરી-પ્રોગ્રામ આસિસ્ટન્ટની. મુંબઈમાં રેડિયોના ગુજરાતી વિભાગમાં એ માટે નિમણૂંક થઈ મનસુખલાલ ઝવેરીની વાર્તાલાપ-ચર્ચા વગેરેના કાર્યક્રમો માટે અને ભાનુશંકર વ્યાસની રેડિયો રૂપકો માટે. રેડિયો પર ત્યારે ગિજુભાઈ વ્યાસ એસિસ્ટન્ટ ડાયરેક્ટર હતા. બાદરાયણના એ પ્રિય વિદ્યાર્થી. એમણે બાદરાયણને આ નોકરી અપાવવામાં મહત્ત્વનો ભાગ ભજવ્યો હતો. આ નોકરીથી બાદરાયણની આર્થિક ચિંતા નીકળી ગઈ. પરંતુ આ સમય દરમિયાન બાદરાયણની તબિયત બગડી. સતત આર્થિક ચિંતામાં વર્ષો પસાર થયાં એટલે એમને હૃદયરોગની તકલીફ વધી હતી. વળી એમનું શરીર પણ સ્થૂળ હતું. એટલે ૧૯૬૩માં હૃદયરોગના હુમલાથી અઠ્ઠાવન વર્ષની વયે એમનું અવસાન થયું.

બાદરાયણ મારા પ્રોફેસર હતા એટલે એમની જન્મ શતાબ્દીના અવસરે એમનાં સંસ્મરણો તાજાં થાય છે. મારા વિદ્યાગુરુ કવિ બાદરાયણને ભાવથી અંજલિ અર્પું છું.

☐ રમણલાલ ચી. શાહ

# શા માટે મોક્ષ મેળવવાનો ?

☐ સ્વ. શ્રી પનાલાલ જગજીવનદાસ ગાંધી

શા માટે આપણે માનવે મોક્ષ મેળવવા મથવું ? બધાં જ આર્યધર્મો કહે છે કે આ મનુષ્યજીવન મેળવીને માનવ ખોળિયા દ્વારા, આ અસિ મસિ કૃષિના વ્યવહારની કર્મભૂમિ કે જે મર્ત્યલોક કહેવાય છે તે મર્ત્યલોકના બજારમાં આવી, ઉચ્ચતમમાં ઉચ્ચતમ જો કોઈ ચીજ મેળવવા જેવી હોય તો તે મોક્ષ જ છે, જે અહીં સિવાય બીજે કશેથી મળતો નથી.

આપણે દેશાટન કરીએ ત્યારે પરદેશથી વતનમાં પાછા ફરતા, તે તે સ્થળની નામી, વખણાતી ચીજ લઈ આવતા હોઇએ છીએ. ઉદાહરણ તરીકે અમેરિકા જનાર વ્યક્તિ પાછા વળતાં ત્યાંથી છેલ્લામાં છેલ્લું શોધાયેલ, લેટેસ્ટ મોડેલનું કૉમ્પ્યુટર, લેપટોપ, મોબાઇલ હેન્ડસેટ, હેન્ડી લાઇટવેઈટ ડીજીટલ વિડીઓ કેમેરા આદિ લઈ આવવા ઇચ્છુક હોય છે અને તે માટે પ્રયત્નશીલ થાય છે. અમેરિકા જઇને ઢેફાં, પોપકોર્ન, વેફર જેવી ક્ષુલ્લક ચીજો કોઈ લાવતું નથી. એવું કરનાર તો મૂર્ખ શિરોમણિ જ ઠરે !

એમ ભવભ્રમણમાં જન્મ-મરણના ચોર્યાસીના ફેરામાં, માનવભવ પામીને ચારેય ગતિમાં એકમાત્ર અહીં જ મળતો, મર્ત્યલોકની સર્વોત્તમ ચીજ જે મોક્ષ છે, તે જ અહીંથી લઈ જઇએ તો અહીં આવવું સાર્થક ઠરે.

યોગીરાજ આનંદઘનજી મહારાજા ગાય છે...

'જશ સૂનો બાતાં, યેહી મિલે તો મેરે ફેરો ટળે.<br>નિરંજન નાથ મોહે કેસે મિલેંગે...'

પરંતુ દુર્ભાગ્ય એ છે કે સર્વોત્તમની સર્વોત્તમતા સમજાઈ નથી અને હજુ હૈયે વસી નથી. તેથી જ તો જીવને ઉપર્યુક્ત પ્રશ્ન ઉદ્‌ભવે છે.

પુણ્યોદયે જીવને જીવનમાં સઘળી સાનુકૂળતા મળી છે. સ્વસ્થ સુંદર નીરોગી શરીર મળ્યું છે, હાથમાં હાથ મિલાવી ચાલનારી સુંદર ભાર્યાનો સથવારો મળ્યો છે, સાનુકૂળ આજ્ઞાંકિત પુત્રપૌત્રાદિનો પરિવાર મળ્યો છે, જીવન જીવવા અને માણવા માટે જરૂરી મનપસંદ વિપુલ ભોગોપભોગની સામગ્રી મળી છે. આમ (૧) જાતે નર્યાનું પહેલું સુખ, (૨) કોઠી જારનું બીજું સુખ, (૩) સુંદર ભાર્યાનું ત્રીજું સુખ, (૪) સાનુકૂળ આજ્ઞાંકિત પરિવારનું ચોથું સુખ અને કળશ રૂપે (૫) આબરૂદાર હોવાનું પાંચમું પ્રતિષ્ઠાનું સુખ પણ મળ્યું છે. પૂરાં પાંચ પાંચ સુખ મળ્યાં પછી એ મળેલાં સુખને લાત મારી મોક્ષ શા માટે મેળવવો ? જે હાથમાં છે તેને આરોગવાને બદલે જે નથી તેને માટે શું કરવા ફાંફા મારવા ?

આવો પ્રશ્ન ઉદ્‌ભવે તે સ્વાભાવિક છે. પ્રશ્ન સરસ છે. આ યક્ષ પ્રશ્નનું સમાધાન પણ જાતને પ્રશ્નો પૂછીને જાત સાથે પ્રામાણિકપણે વિચારણા કરી આંતર સંશોધન કરીશું તો વિચારવંતને સમાધાન અવશ્ય થશે જ કે મોક્ષ જ મેળવવા જેવો છે, બલ્કે જીવની જાણે અજાણે જે માંગ (Demand) છે મોક્ષની જ છે.

બંધન હોય તો, મુક્તિનો કે છૂટકારાનો પ્રશ્ન ઉદ્‌ભવે. શું બંધન છે ? બંધાયેલો હોય તો બંધન કેમ દેખાતા નથી ? ખરી વાત છે. બંધન દેખાતું નથી. શું બધાં બંધન દેખાય એવાં હોય છે કે પછી અદૃશ્ય સ્નેહના તંતુના સ્નેહબંધન પણ હોય છે ? શું પત્ની, પુત્રપૌત્રાદિ પરિવાર, માતાપિતા, ભાઈબહેન, સ્નેહી, સંબંધી,

સ્વજન, મિત્રાદિની માયાના, મમતાના, પરિગ્રહના બંધન નથી ? બંધન દેખાતા નથી તો ચાલો બંધનની વાત બાજુએ રાખીએ. પરંતુ જીવને જીવનમાં ક્યાંક ને ક્યાંક, ક્યારેય કશાંકનું, કોઇ ને કોઈ દુઃખ શું નથી અનુભવાતું ? વિચારીશું તો જણાશે કે દુઃખ છે અને દુઃખનું વેદન પણ છે. હવે દુઃખનું કારણ (મૂળ) તપાસીશું તો દુઃખના મૂળમાં ભૂલ, દોષ જણાશે. આપણો સામાજિક નાગરિક વ્યવહાર પણ એવો છે કે જે ભૂલ કરે, અપરાધ કરે તો તે બંદીખાનામાં જાય અને બંધનનું દુઃખ અનુભવે. દુઃખનો અને બંધનનો અવિનાભાવિ સંબંધ છે. દુઃખ હોય ત્યાં બંધન હોય અને બંધન હોય ત્યાં દુઃખ હોય. બંધન ભલે નહિ દેખાતું હોય પણ દુઃખ છે તે દુઃખનું હોવાપણું જ બંધન સૂચવે છે. બંધનમાં પરાધીનતા છે અને પરાધીનતા કોઇને ગમતી નથી. તેમ દુઃખ પણ કોઇને ય ગમતું નથી. જીવ માત્ર જેમ પરાધીનતાથી મુક્ત થવા ઇચ્છે છે, તેમ દુઃખથી પણ મુક્ત થવા ઇચ્છે છે. દુઃખનો સર્વથા નાશ એટલે બંધનનો સર્વથા નાશ. એ જ તો મુક્તિ છે.

બહારના વસ્તુ અને વ્યક્તિના બંધનો તો છોડવા ધારીએ તો છોડી શકાય એમ છે અને એ છૂટી પણ જતાં હોય છે. પરંતુ શરીર જે જીવે પોતે ધારણ કર્યું છે, એ તો જીવનું પોતાનું નજીકમાં નજીકનું અને મોટામાં મોટું બંધન છે. એ શરીરને કેટકેટલું ખવડાવ્યું–પીવડાવ્યું, પહેરાવ્યું–ઓઢાડ્યું, સંવાર્યું–સજાવ્યું ! શરીર જ મોટામાં મોટું કેદખાનું, પિંજર, બંધન છે. શરીર ધારણ કરવામાં પણ જન્મનું, ગર્ભાશયમાં રહેવાનું અને તેમાંથી બહાર પડવાનું, કેવું કારમું દુઃખ હોય છે ! શરીરમાં રહે પણ રોગનું, સાજું સારું સ્વસ્થ રાખવાનું અને વૃદ્ધાવસ્થાનું દુઃખ, તેમ અંતે એને છોડી જતાં મરણનું દુખ. શરીર છોડી દઇએ અને ફરી પાછું શરીર ધારણ જ ન કરવું પડે એવી અજન્મા, અશરીરી અવસ્થાની પ્રાપ્તિ જ સર્વથા બંધન (દુઃખ) મુક્તિ છે. શરીર એ મુક્તિ પ્રાપ્તિ માટે મળેલું સાધન છે, જેને અશરીરી બનવા માટે પ્રયોજાય તો તે યોગ બને છે. અન્યથા ભોગવિલાસનું સાધન બનાવે તો આત્માનો ભોગ લેવાય છે. એટલે કે આત્મભાવ નાશ થાય છે. આપણે સહુ જાણીએ છીએ કે જે હાથ મારવા માટે ઉગામી શકાય છે, તે જ હાથથી સેવા કરી શાતા પણ પહોંચાડી શકાય છે અને બે હાથ જોડી, મસ્તક નમાવી પ્રણામ કરવા દ્વારા અભિવાદન કરી સામાનું બહુમાન પણ કરી શકાય છે. દેહ જ દુઃખરૂપ છે, એ સંબંધમાં સંત કબીરજી પણ લખે છે...

સૂર મુનિ ઔર દેવતા સાત દીપ નવખંડ,
કહે કબીર સબ ભોગીઆ, દેહ ધરેકા દંડ.
દેહ ધરેકા દંડકો ભોગવતે સબ કોય,
જ્ઞાની ભોગવે જ્ઞાનસે, અજ્ઞાની ભોગવે રોય.

દુઃખથી મુક્તિ તો સહુ કોઈ વાંછે છે, કેમકે દુઃખ કોઇને ગમતું નથી. દુઃખથી મુક્તિ મેળવવા ઇચ્છનારે પાપ એટલે કે ભૂલ જે દોષ છે, તે દોષથી મુક્ત થવું જરૂરી છે.

આમ બંધન કહેતા દુઃખથી સર્વથા છૂટવા માટે મોક્ષ મેળવવાનો છે, જે સહુ કોઈ જીવ ઇચ્છે છે.

દુઃખ તો વિકૃતિ છે. અને દુઃખ કોઈ ઇચ્છે નહિ તે સ્વાભાવિક છે. પરંતુ સુખ તો જીવનું સ્વરૂપ છે. સુખ એ તો જીવની પોતાની માંગ (Demand) છે. સહુ કોઈ સુખ ઇચ્છે છે. માટે સુખની બાબતમાં તો સુખથી મુક્ત થવાનું વિચારવાનું નથી, પણ એ જે સુખ વર્તમાનમાં મળ્યું છે તે, પૂરું મળ્યું છે કે ઓછું અધુરું મળ્યું છે ? શુદ્ધ મળ્યું છે કે ભેળસેળિયું અશુદ્ધ મળ્યું છે ? સ્વમાલિકીનું સ્વાધીન મળ્યું છે કે પરાધીન મળ્યું છે ? અવિકારી અવિનાશી મળ્યું છે કે વિકારી વિનાશી મળ્યું છે ? સર્વોત્તમ મળ્યું છે કે પછી મધ્યમ, જઘન્ય, પ્રકારનું મળ્યું છે ? એની પ્રામાણિક વિચારણા કરવાની છે.

**સંપૂર્ણ કે અપૂર્ણ ?** જે સુખ વર્તમાને મળ્યું છે તે ઓછું અધૂરું મળ્યું છે કે પૂર્ણ ? અપૂર્ણ મળ્યું છે. બધેબધું સુખ નથી મળ્યું. તેથી તો હજુ બીજું બીજું જે નથી મળ્યું તે અને મળ્યું છે તેમાંય વધુ અને વધુ મળે એવું માંગ્યા કરીએ છીએ. જીવ સ્વરૂપથી પૂર્ણ સ્વરૂપ છે તેથી એની માંગ પૂર્ણતાની–સંપૂર્ણતાની Perfectની છે. બજારમાં ખરીદીએ જઇએ ત્યારે જીર્ણ શીર્ણ, ફાટેલું, તૂટેલું, ભાંગ્યું, ફૂટ્યું હોય તેને નકારીએ છીએ. જીવને આખેઆખું અને પૂરેપૂરું જોઇતું હોય છે. છાંદોગ્ય ઉપનિષદ કહે છે...

યો વૈ ભૂમા તત્સુખં, નાલ્પે સુખમસ્તિ ।
ભૂમૈવ સુખં; ભૂમા ત્વેવ વિજિજ્ઞાસિતવ્ય ઇતિ ।।

પૂર્ણતામાં (અનંતતામાં) જ સાચું સુખ છે; અલ્પતામાં (સાન્તતામાં) સુખ નથી. અનંતતામાં–પૂર્ણતામાં જ સુખ છે માટે ભૂમા (અનંત)ને જાણવાની સાધના કરવી જોઇએ. પૂર્ણિમા તપનું આયોજન પૂર્ણ થવા માટે છે. જીવ સ્વરૂપથી પૂર્ણ છે માટે એની પૂર્ણતાની માંગ એ પોતાના જ સ્વરૂપની માંગ છે.

**શુદ્ધ કે અશુદ્ધ ?** જે કાંઈ ઇચ્છીએ છીએ તે ચોખ્ખું ચણાક, ડાઘાડુઘી વગરનું, ભેળસેળ વગરનું શુદ્ધ–Pure માંગીએ છીએ તે સ્વાભાવિક જ છે, કેમકે જીવ પોતે એના મૌલિક સ્વરૂપે શુદ્ધ છે. જે અસલ છે, મૂળ છે, સ્વચ્છ છે તેને માંગીએ છીએ અને નકલી, બનાવટી, ભેળસેળિયું, સડેલું, બગડેલું, વિકારી છે તેને નકારીએ છીએ. જીવ સ્વરૂપથી શુદ્ધ છે તેથી શુદ્ધતાની માંગ એ નિજ સ્વરૂપની માંગ છે.

**સ્વાધીન કે પરાધીન ?** જીવે પોતે જ પોતાની જાતને પ્રશ્ન કરવાનો છે અને વિચાર કરવાનો છે કે જે કાંઈ શરીરથી લઇને બધું પ્રાપ્ત થયું છે તેમાં હું સ્વાધીન છું કે પરાધીન છું ? વિચાર કરતાં વિચારવંતને જણાશે કે જે કાંઈ મળ્યું છે અને એ મળેલામાં જે સુખ વર્તાય છે, તે સઘળું પરમાંથી મળતું સુખ છે. પરમાં પરને આધીન રહી જીવાતું જીવન એ ગુલામી કહેવાય કે સ્વતંત્રતા ? 'પરમાં પરાધીનતા જ હોય અને સ્વમાં સ્વાધીનતા જ હોય !' કહેવત પણ છે ને કે આપ મૂઆ વિના સ્વર્ગે જવાય નહિ.

અંગ્રેજોના શાસનકાળમાં સલામતી હતી. ખાધેપીધે સુખી હતાં. છતાં પણ ગુલામી કઠતી હતી. માથે કોઈ ધણી, માલિક બીજો કોઈ છે કે જેની મુનસફી ઉપર આપણું જીવન નિર્ભર હતું. તેથી જ તો કુરબાનીઓ આપીને અંગ્રેજોના પારતંત્ર્યને હઠાવીને સ્વાતંત્ર્ય મેળવ્યું. જ્ઞાનીઓ કહે છે...

'સર્વ પરવશં દુઃખં, સર્વમાત્મવશં સુખમ્'

પરમાર્થ દૃષ્ટિથી, પરપદાર્થના સંયોગથી જે કાંઈ વેદન થાય, તે આત્માનું વિકૃત સ્વરૂપ છે, માટે તે દુઃખરૂપ છે. જ્યારે પરપદાર્થના સંયોગથી નિરપેક્ષ આત્મપરિણામનું સંવેદન તે સુખ છે. એ સ્વ વડે સ્વમાંથી મેળવાતું અને સ્વ વડે સ્વમાં જ ભોગવાતું સ્વને આધીન એવું સ્વાધીન સ્વસુખ છે, જે આત્મિકસુખ છે. માટે જ જ્ઞાનીઓએ સૂત્ર આપ્યું...'સ્વમાં વસ, પરથી ખસ.'

મર્ત્યલોકમાં તો આપણને પ્રાપ્ત થયેલ સુખમાં પરાધીનતા છે પણ દેવલોકમાં દેવને પ્રાપ્ત થયેલ સુખમાં તો સ્વાધીનતા છે, કેમકે ત્યાં તો ઇચ્છા થતાં જ ઇચ્છાપૂર્તિ થયા તેવી સાનુકૂળતાનું સુખ છે. તો પણ ત્યાં તેને દુઃખરૂપ ગણાવ્યું અને દેવોને પણ મુક્તિસુખના ઉત્સુક કહ્યાં. શું કારણ ? કારણ કે ત્યાં ઇચ્છા હોવી અને ઇચ્છા થવી તેને જ દુઃખરૂપ ગણાવ્યું. વિચારવંત જ્ઞાની તો ઇચ્છાના મૂળમાં અભાવ જુએ છે, જે અતૃપ્તતા સૂચવે છે અને તે અતૃપ્તતા જ તો દુઃખરૂપ છે, ઇચ્છા જ ન હોવી અને ઇચ્છા જ ન થવી તે નિરીહિતાનું, વિતરાગતાનું, સંતૃપ્તતાનું, આત્મતૃપ્તતાનું એવું પૂર્ણકામનું પૂર્ણસુખ છે. એ ઇચ્છામુક્તિનું એટલે કે મોહ મુક્તિનું એવું

સ્વાધીનતાનું સાચું સુખ છે. એટલું જ નહિ પણ તે દેવલોકનું દિવ્યસુખ દેવગતિના પુણ્યોદયને આધીન એવું પરાધીન સુખ છે કે જે દેવગતિનું પુણ્ય ક્ષીણ થતાં છીનવાઈ જનારું છે. એટલ જ તો શ્રીમદ્ દેવચંદ્રજી મહારાજા પણ શ્રી ઋષભજિન સ્તવનામાં ગાય છે...

'પ્રીતિ અનંતી પર થકી, જે તોડે હો તે જોડે એહ;
પરમ પુરુષથી રાગતા, એકત્વતા હો દાખી ગુણ ગેહ.
ઋષભ જિણંદશું પ્રીતડી.'

સ્વરૂપથી સ્વાધીન એવો જીવ પોતાના સ્વાધીન સ્વરૂપને જ ચાહે છે.

**અવિકારી અવિનાશી કે વિકારી વિનાશી ?** કોઈ જીવ મરણને ઇચ્છતો નથી. સહુ કોઈ જીવવા ઇચ્છે છે તેથી તો જીવ કહેવાય છે. અમૃત એટલે કે અમરણ અર્થાત્ અમરને જ આપણે સહુ કોઈ ઇચ્છીએ છીએ અને માંગીએ છીએ. આપણી પ્રાર્થના છે કે...'મૃત્યોર્ મા અમૃતં ગમય' 'મહા મૃત્યુમાંથી અમૃત સમીપે નાથ તું લઈ જા.' ખરીદી કરતાં વસ્તુના ટકાઉપણાને ખ્યાલમાં રાખીએ છીએ. બાકી તો આજ સુધીમાં ભવોભવ મેળવી મેળવીને મળેલાને મેલી મેલી (મૂકી)ને મોતના મુખમાં ધકેલાયાં છીએ અથવા તો ક્યારેક આપણે રહ્યાં પણ મેળવેલું બધું ગુમાવી દીધું. આપણે એવું ઇચ્છીએ છીએ કે એવું મેળવીએ કે પછી આગળ કાંઈ મેળવવાનું બાકી રહે નહિ અને મેળવેલું કદી ય ચાલી ન જાય કે પછી એને છોડીને આપણને ચાલતા થવું પડે નહિ. પ્રભુ સન્મુખ આલેખાતા અક્ષતના સ્વસ્તિકમાં જ્ઞાનીઓએ એવી ગર્ભિત માંગણી ગૂંથી છે કે...'અક્ષત, અક્ષય, અક્ષર, અજરામર, અવિનાશી એવાં મારાં 'સ્વ' 'અસ્તિ'થી હું એક થાઉં.' આપણ અજ્ઞાનીઓ માટે જ્ઞાનીઓએ કેવું સુંદર અદ્ભુત આયોજન કર્યું છે ! આપણે જાણતા નથી એટલે કરતાં હોવા છતાં તેની કિંમત નથી. પૂર્વાચાર્યોના સાંકેતિક આયોજનના સંકેતના રહસ્યને પામીએ, એને ડીકોડ (Dicode) કરીએ તો વારી જઇએ !

**સર્વોચ્ચ કે સામાન્ય ?** આપણને સહુ કોઇને બીજાથી ચઢિયાતા થવું છે અને ચઢિયાતા અને ઊંચા દેખાવું છે. સહુને સર્વોપરી થવું છે. અને સર્વશ્રેષ્ઠ સાબિત થવું છે. એની જ હોડ લાગી છે, તેથી અધિક અને અધિક, સારામાં સારું ઉત્તમોત્તમ (Exclusive-Paramount) મેળવવાની દોડ મચી છે. સામાન્ય કે આલતુ ફાલતુ કોઇને ગમતું નથી અને ખપતું નથી. શેઠને ત્યાં કામ કરનાર વાણોતરને શેઠ જ થવું હોય છે અને શેઠની શેઠાઈ એમાં જ છે કે તે વણોતરને શેઠ બનાવે. ઉપાધ્યાયજી વિનયવિજયજી પણ સ્તવના કરતાં પ્રાર્થે છે કે...

દાન દીયંતા રે કોસીર કીસી, આપો પદવી રે આપ. સિદ્ધારથના રે નંદન...

જ્ઞાનવિમલજી પણ પ્રભુની ઉદારતા પ્રત્યે અહોભાવ વ્યક્ત કરે છે કે...

લીલા લહેરે દે નિજ પદવી, તુમ સમ નહિ કો ત્યાગી. અખિયા હરખન...

છયે દ્રવ્યમાં જીવ સર્વોચ્ચ છે તેથી જીવની સર્વોચ્ચતાની માંગ એ તો વાસ્તવિક જીવની પોતાના સ્વરૂપને પામવાની માંગ છે.

આ વિચારણાથી વિચારવંતને નિર્ણય થશે કે જીવ સ્વરૂપથી, આનંદ સ્વરૂપી છે તેથી એ સુખ ઇચ્છે છે. વળી તે અનંત સુખનો સ્વામી પૂર્ણાત્મા એવો પરમાત્મા હોવાથી પૂર્ણ સુખને વાંછે છે. નિરંજન નિરાવરણ શુદ્ધાત્મા હોવાથી શુદ્ધ સુખને ઇચ્છે છે. નિરાવલંબી નિરપેક્ષ સ્વાધીન હોવાથી સ્વાધીન સુખને માંગે છે. અક્ષય, અજરામર અવિકારી અવિનાશી એવો શાશ્વત આત્મા હોવાથી શાશ્વત સુખને શોધે છે. ષડદ્રવ્યમાં આત્મ(જીવ)દ્રવ્ય સર્વોચ્ચ હોવાથી સર્વોચ્ચતા ચાહે છે. આમ જીવ જે પોતાનું નિજસ્વરૂપ સુખ છે તે સુખને ઇચ્છે છે–માંગે છે અને તે એવું સુખ માંગે છે કે જે સંપૂર્ણ, શુદ્ધ, સ્વાધીન, શાશ્વત અને સર્વોચ્ચ એટલે અંગ્રેજીમાં કહીએ તો Perfect, Pure, Personal, Permanant અને Paramount સુખને માંગે છે. જીવને માંગવાથી મળતું હોય અને પસંદગીની છૂટ હોય તો એને આવું જ સુખ જોઇએ છે, જેની ઝલક જીવના રોજબરોજના જીવાતા જીવનની માંગમાં જોઈ શકાય છે. જીવની માંગ જ જીવના મૂળ મૌલિક સ્વરૂપનો નિર્દેશ કરે છે.

હવે જે 'સ્વ' રૂપ છે તે 'પર'માંથી એટલે કે બહારથી કેમ કરીને મળે ?' 'સ્વ'નું એટલે કે પોતાનું તો પોતામાં જ હોય ને ! માટે એને પોતામાંથી જ નિખારવું (બહાર લાવવું) રહ્યું ! એવાં પોતામાંથી મળતાં પોતાના સુખને આત્મિક કે આધ્યાત્મિક સુખ કહેલ છે. એ જ સુખ તો મોક્ષસુખ છે, જે અજાણતામાં પણ માંગીએ છીએ. માંગ તો સાચી છે પણ ભૂલ એટલી જ છે કે એ ક્યાંથી મળે તે જાણતા નથી અને જ્યાંથી (પુદ્ગલમાંથી) મળે એમ નથી ત્યાંથી માંગીએ છીએ. ખોટી જગાએથી માંગીએ છીએ તેથી અતૃપ્ત જ રહીએ છીએ અને સુખી થવાને બદલે દુઃખીના દુઃખી જ રહીએ છીએ. થાકીએ છીએ અને હતાશ થઇએ છીએ.

આ આત્મિક અક્ષય મોક્ષસુખ તો સહજ, સ્વાભાવિક, અપ્રતિપક્ષી, અપૂર્વ, અપરાધીન, અદ્વૈત એવું નિર્દ્વંદ્વ નિર્મળ સુખ છે. એ લાભ–ગેરલાભ, જય–પરાજય, પુણ્ય–પાપ, હર્ષ–શોક, રતિ–અરતિ, નફા–નુકશાન, સાનુકૂળતા–પ્રતિકૂળતા, શાતા–અશાતા, સુખ–દુઃખના દ્વૈત એટલે કે દ્વંદ્વથી પર છે. દ્વંદ્વ છે ત્યાં દ્વંદ્વ (યુદ્ધ) છે અને અશાંતિ છે. અદ્વૈતતા–નિર્દ્વંદ્વતા છે ત્યાં પ્રશાંતતા છે. મહામહોપાધ્યાયજી પણ ગાય છે કે...

ભક્તવત્સલ પ્રભુ કરુણાસાગર, ચરણ શરણ સુખદાઈ,
જશ કહે ધ્યાન પ્રભુકા ધ્યાવત, અજરઅમર પદ પાઈ,
દ્વંદ્વ સકલ મીટ જાઈ...સખીરી આજ આનંદ કી ઘડી આઈ.

આવું સુખ જે માંગીએ છીએ તે મુક્તિ મળે તો જ પ્રાપ્ત થાય એમ છે. માટે જ આપણે એ માંગની પૂર્તિ અંગે મોક્ષ મેળવવાનો છે. જે મેળવ્યા પછી મેળવવાનું, ઇચ્છવાનું, માંગવાનું, બનવાનું, થવાનું, કરવાનું કાંઈ રહે નહિ એવી કાર્યકારણની પરંપરાની શૃંખલાનો અંત આણનારી એ કૃતકૃત્યતા છે. એ જ સાચી શેઠાઈ છે અને સાચું ધણી(માલિક)પણું છે.

આપણી આ માંગને આપણા રોજબરોજના જીવનવ્યવહારથી વિચારીશું તો તે સુસ્પષ્ટ થશે.

દૂધપાક કે શ્રીખંડ એક ચમચી માત્ર ચાખવા પૂરતો આપે તો આપણું સુખ અધુરું અપૂર્ણ. દૂધપાક કે શ્રીખંડ ઢોળી નાંખે અને ચાટવાનું કહે કે પછી આરારોટ યા સિંગોડાના લોટ મિશ્રિત આપે તો તે વિકારી થયેલ નહિ ગમે. દૂધપાક-શ્રીખંડ હાથમાં આપે કે પછી કલઈ વગરના વાસણમાં આપે, જે રૂપાંતરમાં ફાટી જાય કે બગડી જાય તેવો વિનાશી નહિ ગમે. કંદોઈ હાથમાં રાખી બતાડે પણ આપે નહિ તેવો પરાધીન નહિ ગમે. વળી રંગે રૂપે સુગંધે રૂચિકર એવો મેવામસાલાથી ભરપૂર સર્વોચ્ચ પ્રકારના દૂધપાક-શ્રીખંડને ઇચ્છીશું.

પરણવા લાયક થયેલો પરણવા ઉત્સુક મુરતિયાને કાણી–કૂબડી, લૂલી-પાંગળી કન્યા નહિ ખપશે. એને તો રંગે–રૂપે પૂરી પાંચે ઇન્દ્રિયોથી પરિપૂર્ણ સર્વાંગ સાબુત કન્યા જ પસંદ આવશે. કાચી કુંવારી અબોટ કન્યા જ જોઇશે. પોતાની જ થઇને રહે એવું ધણીપણું સ્વીકારનારી પતિવ્રતા, પડછાયાની જેમ સદાય સાથ નિભાવનારી અર્ધાંગના બની રહેનારી અને મળી શકતી હોય તો વિશ્વસુંદરીના જ સપના હોય છે.

સ્ત્રીઓ કુંભારને ત્યાં માટલું ખરીદવા જાય છે ત્યાં પણ ટકોરાબંધ આખું, પાણી ભરતાં તૂટી ન જનારું, બરોબર પકાવેલું રંગેરૂપે સુંદર

પરિપુર્ણ જોઇને લે છે. તેમ કાપડિયાને ત્યાંથી કપડું પણ ડાઘડૂઘ વગરનું, ફસકી ન જાય એવું, તાણેવાણે પૂર્ણ, રંગેરૂપે નયનરમ્ય, મુલાયમ અને ટકાઉ જોઇને ખરીદે છે.

આમ સંસારના વિપરીત ક્ષેત્રે પણ જીવની જે ચાહ છે તેમાં પણ એના પ્રચ્છન્નપણે રહેલા મૌલિક સ્વરૂપની જ છાયા વર્તાતી હોય છે.

આપણી ભીતર છે તે જ આપણે બહાર માંગીએ છીએ. જીવની માંગ જીવનું સ્વરૂપ છે. મનુષ્યને મનુષ્યમાં, ઈશ્વરમાં કે બીજાં કશાકમાં પૂર્ણતાનો આદર્શ જોઇતો હોય છે. સ્વરૂપથી જીવ સચ્ચિદાનંદ સ્વરૂપ છે. તેથી તે સત્ અને આનંદથી વિખૂટો પડેલો ચિદ્ (આત્મા) સત્ અને આનંદને શોધે છે. માનવ જીવન કેટલું ક્ષણિક છે અને સત્ય સ્વરૂપ કેટલું ભવ્ય અને સનાતન છે ! એ ક્ષણિકને માટે સનાતનનો ત્યાગ કરવો, એ શું શ્રેયસ્કર છે ? વિચારવંતે વિચારવું રહ્યું.

જીવ માત્ર જીવન જીવે છે. એના જીવનથી એની માંગ નક્કી થાય છે. મોક્ષને ન માનનાર અને ન સમજનાર તથા પરમાત્માને ન માનનાર, ન સમજનાર કે ન સ્વીકારની માંગ જો તપાસીશું તો જણાશે કે જાણે કે અજાણે જીવ માત્રની માંગ તો મોક્ષની જ છે, પરમાત્મ તત્ત્વની જ છે. કેવું આશ્ચર્ય છે નહિ ? પોતે જીવન જીવતો હોય અને ન માને એનું જ નામ અજ્ઞાન !

આમ વર્તમાનકાળે જે કાંઈ સુખ મળ્યું છે તે સંપૂર્ણ, શુદ્ધ, સ્વાધીન, શાશ્વત, સર્વોચ્ચ એવું વાંછિત સુખ મળ્યું નથી, જે કાંઈ કહેવાતું સુખ મળ્યું છે એ સુખની પૂર્વમાં પણ દુ:ખ છે અને એ સુખની પછી પણ દુ:ખ છે, તેમ સુખની સાથે પણ દુ:ખ છે. જ્ઞાની કહે છે...

'અર્થાનામ્ અર્જને દુઃખમ્ અર્જિતાનામ્ ચ રક્ષણે ।
આયે દુઃખમ્ વ્યયે દુઃખમ્ ધિગર્થાન્ દુઃખભાજનમ્ ।।'

શ્રીમદ્જી પણ કહે છે...

નિર્દોષ સુખ નિર્દોષ આનંદ, લ્યો ગમે ત્યાંથી ભલે;
એ દિવ્ય શક્તિમાન જેથી, જંજીરેથી નીકળે,
પર વસ્તુમાં નહિ મુંઝવો, એની દયા મુજને રહી;
એ ત્યાગવા સિદ્ધાંત કે પશ્ચાત દુઃખ તે સુખ નહીં.

વર્તમાને પ્રાપ્ત ઉભય કર્મજનિત સુખ કે દુઃખ કર્માધીન છે. પૂણ્યોદયે સુખ છે અને પાપોદયે દુઃખ છે. દુઃખ આવે નહિ એમ ઇચ્છીએ છીએ અને સુખ જાય નહિ એમ ઇચ્છીએ છીએ. પરંતુ દુઃખનું કે સુખનું આવવું, રહેવું કે જવું કર્માધીન હોવાથી એમાં પરાધીનતા છે. જ્ઞાનીએ દુઃખ અને સુખની વ્યાખ્યા કરી છે કે ન ઇચ્છો તો ય આવે તેનું નામ દુઃખ અને ન ઇચ્છો તો પણ ચાલી જાય તેનું નામ સુખ. મુણ્ડક ઉપનિષદમાં બે પક્ષીની કથાના માધ્યમથી સુખ-દુઃખ એટલે કે પુણ્ય-પાપથી મુક્તિની પ્રક્રિયા સરસ રીતે સમજાવી છે.

સનાતન સાખ્યની ગાંઠથી જોડાયેલાં સુંદર પીછાંવાળાં બે પક્ષીઓ એક જ વૃક્ષ પર વાસ કરી રહ્યાં છે. એક પક્ષી વૃક્ષની નિમ્નતર શાખા ઉપર વાસ કરી વૃક્ષ (જીવન)ના કડવા-મીઠાં (પાપ-પુણ્ય) ફળનો રસાસ્વાદ લે છે. એ જ વૃક્ષની ઉચ્ચત્તમ શાખાએ વસતું પંખી પોતે પોતામાં જ નિમગ્ન છે. ફળના રસાસ્વાદ કે ફળના આકર્ષણથી એ નિર્લેપ રહે છે. એ પોતે પોતામાં આત્મતૃપ્ત અને આત્મસંતુષ્ટ રહે છે.

આ માનવ આત્માનું ચિત્ર છે. માનવી, જીવનનાં સારાં નરસાં ફળ ચાખે છે. એ માયાવી સુવર્ણમૃગની મૃગયા કરે છે. પોતાની ઇન્દ્રિયોની, જીવનનાં મિથ્યાભિમાનોની મૃગયા કરે છે. સોનેરી સ્વપ્નો જોતાં જોતાં ભાન થાય છે કે આ બધું અસાર છે-મિથ્યા છે. છતાં એ માયાજાળમાંથી કેમ છટકવું તેની જાણ નથી. આ જ તો જીવનો સંસાર છે. છતાંય દરેકના જીવનમાં સોનેરી ક્ષણો આવે છે. ઘેરામાં ઘેરા શોકની વચ્ચે, અરે આનંદોની વચ્ચે પણ, એવી ક્ષણો આવે છે જ્યારે સૂર્યપ્રકાશને ઢાંકતા વાદળોનો એક ભાગ હટી જાય છે અને આપણી પોતાની પ્રકૃતિ છતાં આપણને જાણે કે, કશાક દૂરના તત્ત્વની ઝાંખી થાય છે, જે ઇન્દ્રિયોના જીવનથી પર છે, જીવનની પરીચિકાઓથી પર છે, જીવનના હર્ષ શોકથી પર છે, પ્રકૃતિથી પર છે, ઈહલોકમાંના અને પરલોકમાંના આપણા સુખની કલ્પનાથી પર છે, સુવર્ણની, કીર્તિની, નામની કે ભાવિની બધી પ્યાસથી પર છે. નિમ્નતર શાખાએ રહેલ પક્ષી એટલે કે મનુષ્ય આ ઝાંખી થતાં એક ક્ષણ થંભે છે અને ઉચ્ચત્તમ શાખાએ સ્થિત બીજા પક્ષીને જુએ છે કે જે ધીરગંભીર છે, મીઠાં કે કડવા કોઈ ફળ એ ખાતું નથી પણ પોતે પોતામાં નિમગ્ન છે. નિમ્નત્તર શાખાએ રહેલ પંખીને આ ઝાંખી થવા છતાં એને વીસરી જઇને એ ફરી પાછા જીવનનાં મીઠાં કડવા ફળ આરોગવા લાગે છે. કેટલોક કાળ ગયે ફરી વાર પણ ઝાંખી થાય છે અને નીચલી ડાળે રહેલું પક્ષી એક પછી એક ઘા પડતાં ઉપલી ડાળે રહેલ પક્ષીની નજીક અને નજીક સરકતું જાય છે. એમાંય સદ્ભાગ્યે જો આકરા ઘા પડ્યા તો એ પોતાના સાથી સમીપ વધારે વેગથી સરકે છે. ઉચ્ચત્તમ શાખાએ વસતો સાથી એનો પરમ મિત્ર છે, બલ્કે એનું જીવન છે. જેમ જેમ નિમ્નતર શાખા વાસિત પક્ષી, ઉચ્ચત્તમ શાખા વાસિત પોતાના જ સાથી પક્ષી સમીપ આવતું જાય છે તેમ તેમ એ અનુભવે છે કે તે ઉચ્ચત્તમ શાખા સ્થિત પક્ષીના પ્રકાશથી પોતાના પીંછાં ચમકી રહ્યાં છે. એ જેમ જેમ ઉચ્ચત્તમ સ્થિત પક્ષીની નિકટ થતો જાય છે તેમ તેમ એનામાં પરિવર્તન આવતું જાય છે અને અહેસાસ થાય છે કે જાણે પોતે ઓગળી રહ્યું છે અને અંતે સાવ અદૃશ્ય થઈ ગયું છે. વાસ્તવિક રીતે તો નિમ્નતર શાખાસ્થિત પક્ષીનું અસ્તિત્વ જ નહોતું. એ તો માત્ર પેલાં ઉચ્ચત્તમ સ્થિત પક્ષીનું પ્રતિબિંબ હતું, જે હલતાં પાંદડામાં ધીરગંભીર સ્થિર (ધ્રુવ) બેઠું હતું. બધો મહિમા એ ધ્રુવ રહેલ ઉપરના પક્ષીનો જ હતો. પછી એ નિર્ભય સંપૂર્ણપણે આત્મતૃપ્ત અને પ્રશાંત બને છે.

આ આખીય પ્રક્રિયા નીચેના અનાત્મભાવમાંથી ઉપરના આત્મભાવમાં જઇને, અર્થાત્ પુણ્યપાપના શુભાશુભ ભાવમાંથી શુદ્ધભાવમાં જઈ વિશુદ્ધિને પરમપદ (ધ્રુવતત્ત્વ)ને પ્રગટ કરવાની સાધના પ્રક્રિયા છે.

આ પ્રક્રિયા ત્યારે જ થઈ શકે કે જ્યારે વ્યવહારડાહ્યાઓએ કહેલા સંસારના ઉપર્યુક્ત પાંચેય સુખોથી ઉપરના જ્ઞાનીઓએ પ્રબોધેલા છઠ્ઠા સુખને પામે કે...'ખરો સુખી તે કે જે પૂર્વોક્ત પાંચેય સુખને માને અસાર.' આ પાંચેય સુખને અસાર સમજનારો જ એ આવવા જવાના સ્વભાવવાળા સુખના આવવાથી ફુલાશે નહિ અને જવાથી કરમાશે નહિ. એ જ એ સુખને છોડી શકશે અને સંસારના બંધનથી છૂટી શકશે.

ચક્રવર્તી ભરત મહારાજાને એ પાંચેય સુખ પરાકાષ્ટાના મળ્યાં હતાં. છતાં ય એ પાંચેય સુખ અસાર છે એવી સમ્યગ્ માન્યતા હૈયે દૃઢ થયેલી હતી. તેથી જ રોજેરોજ એની અસારતાની યાદી થયાં કરે એવી વ્યવસ્થા કરી હતી. એના જ પરિણામે એ ચક્રવર્તીપણામાં ગૃહસ્થાવાસમાં કેવળજ્ઞાન પ્રગટ કરી જીવનમુક્તાવસ્થાને પામી પરમ સુખદાયી પરમાનંદી પરમપદને પામ્યા.

સાધુ પણ સુખ માટે જ ઉદ્યમશીલ છે. એઓ દુઃખ નથી વેઠતાં. એઓ તો દુઃખને પણ કર્મોનિર્જરાનું નિમિત્ત ગણી, એને સુખરૂપ લેખે છે. સાધુ ભગવંતો તો સુખદુઃખ, શુભાશુભ, શાતાઅશાતા, ઉભય દ્વૈતથી પર થઈ, ઇન્દ્રિયોની ગુલામીથી મુક્ત થઈ, ઇન્દ્રિયો પર સવાર થઇને ઇન્દ્રિયોથી પર જવાની સાધના કરે છે. પરિણામ સ્વરૂપ અતીન્દ્રિય દિવ્યસુખની પ્રાપ્તિ કરે છે. જ્યારે સામાન્ય સ્તરના લોકો ઇન્દ્રિયોના ગુલામ હોય છે એટલે કે ઇન્દ્રિયો એમના ઉપર

હાવી (સવાર) થયેલ હોવાથી ઇન્દ્રિયજનિત અનુભવ સુધીની સાંકડી સીમિત અનુભૂતિમાં જ રાચે છે. કહ્યું છે કે મન એ સંગીતના તંતુવાદ્ય જેવું છે કે જેનો તાર યોગ્ય માત્રામાં બરોબર ખેંચાયેલા હશે તો જ તે સારું સંગીત પેદા કરી શકશે.

જીવની વર્તમાનદશા જડ સાપેક્ષ એટલે કે કર્મ સાપેક્ષ છે. એ નથી તો શુદ્ધ ચૈતન્યવસ્થા કે નથી તો પૂરી જડ (અજીવ) અવસ્થા. જીવ અને અજીવ અર્થાત્ ચૈતન્ય અને જડ ભેગાં થવાથી ત્રીજી કર્મયુક્ત સંસારી અવસ્થા પેદા થઈ છે.

જીવ માત્રને પ્રશ્ન વેદનનો છે. અશાતાનું દુ:ખ વેદન જોઇતું નથી અને શાતાનું સુખવેદન જોઇએ છે. વેદન છે તે માત્ર જીવને જ છે અને તેથી વેદનનો જે પ્રશ્ન છે તે જીવનો પોતાનો છે. પુદ્ગલ જડ છે અને તે વેદનવિહીન હોવાથી પુદ્ગલ (જડ)ને કોઈ વેદનનો પ્રશ્ન નથી. એ તો જીવ સહિત હોય તો સચિત અને જીવ રહિત હોય તો અચિત પુદ્ગલ સ્કંધ તરીકે ઓળખાય છે. બે ભેગાં ભળ્યાં છે અને એકમેક થયા છે પણ એકરૂપ કે તદ્રુપ નથી થયા. આ પરિસ્થિતિમાં જડ સંગે જો ચેતન જડ થઈ જઈ શકતો હોત તો ચેતન, જડ થઈ જઈ દુ:ખમુક્ત થઈ શક્યો હોત અને સુખ પ્રાપ્તિનો પ્રશ્ન ઊભો રહેત નહિ કારણ કે જડને વેદન નથી. જડ ચેતનને અને ચેતન જડને નિમિત્ત નૈમિત્તિક ભાવે અસર પહોંચાડે છે પણ જાત્યાંતર એટલે કે દ્રવ્યાંતર થતું નથી માટે જ હવે જીવે પોતે જ જડથી છૂટવાનો અને દુ:ખમુક્ત થવાનો પ્રશ્ન ઉકેલવાને રહે છે. આમ જડથી એટલે કે કર્મથી મુક્ત થવા માટે જીવે મોક્ષ મેળવવાનો છે.

રામે (આત્માએ-ચેતને) રાવણ (અનાત્મ-અચેતન) સાથે યુદ્ધ કરી પોતાની સીતા (ચેતના-આત્મભાવ)ને મુક્ત કરી, કંઈ કેટલાંય કષ્ટ વેઠીને, કંઈ કેટકેટલી સામગ્રી અને જીવોના જીવનના ભોગે રામે પોતાની સીતાને મુક્ત કરાવી. એક માત્ર સીતાને મુક્ત કરવા રામે આટઆટલો ભોગ આપ્યો. કારણ શું ? કારણ કે રાવણની બંદી બન્યા છતાં પણ સીતા કોઈ ધાકધમકી કે પ્રલોભનને વશ પડી જઈ રાવણની ન થઈ જતાં રામની જ રહી. સીતાના સતીત્વના રક્ષણ માટે યુદ્ધ ખેલાયું. એ માત્ર સીતા માટે જ ખેલાયેલું યુદ્ધ નહોતું. પણ સમસ્ત સ્ત્રી જાતિના સતીત્વની રક્ષા માટેનું, રાક્ષસો (વાસનારાક્ષસો) સામેનું યુદ્ધ હતું. સતીના સતીત્વની તો રામે રક્ષા કરી પણ સાથે સાથે પાછું એ સતીત્વની અગ્નિપરીક્ષા લઇને જગતના ચોકમાં જગજાહર કર્યું કે સતીનું સતીત્વ અકબંધ છે અને શંકાથી પર છે.

એ જ પ્રમાણે ચેતનની ચેતના જડના સંગે જડ થઈ જતી નથી તેથી જ ચેતને જડ એવા પુદ્ગલ કે જે એનો વિરોધી (વિરૂદ્ધ ગુણધર્મ ધરાવનાર) અરિ (શત્રુ) સામે યુદ્ધ કરી ચેતનાને મુક્ત કરાવી અરિહંત બનવાનું છે. આમ માયાવી સ્વર્ણ મૃગની તૃષ્ણામાં અપહૃત થયેલી ચેતનાને છોડાવી, ચેતનથી એકરૂપ-તદ્રુપ બનાવવા માટે મોક્ષ મેળવવાનો છે.

વળી જડ એવાં કાર્મણ પુદ્ગલોનું પરિણમન એટલે કે કર્મબંધન એવી રીતે થતું નથી કે બધાંયને બધાંય કાર્મણ પુદ્ગલો એક સાથે, એક સમયે, એક સરખા રૂપે ફળે. અને સર્વને સર્વકાળ સુખમય સમસ્થિતિમાં રાખે. પ્રત્યેક જીવના ભાવ જુદા જુદા હોય છે અને એક જ જીવના પણ ભાવ પ્રત્યેક સમયે જુદા જુદા હોય છે. જીવના ભાવની આવી વિચિત્રતાને કારણે, કાર્મણ પુદ્ગલોનું ફળ પણ વિચિત્ર હોય છે. 'કર્માણામ્ ગહનામ્ ગતિ.' કર્મની ગતિ વિચિત્ર છે. આ વિચિત્રતાનું પરિણામ જ વૈવિધ્ય છે અર્થાત્ વિષમતા છે. સ્વરૂપથી સમસ્વરૂપી એવાં જીવો આ કર્મ વૈચિત્ર્યતાના કારણે વિષમ સ્વરૂપી થયાં છે. જીવ, જીવ વચ્ચે ભેદ પડી ગયા છે. જીવના ૫૬૩ ભેદમાં મૂળમાં જુદા જુદા જીવોના જુદા જુદા કર્મો છે.

હવે એક અસદ્ કલ્પના કરીએ કે ઉપર્યુક્ત વૈવિધ્ય અને વિચિત્રતાથી ત્રસ્ત અસહાય જીવ જડ એવાં પુદ્ગલને વિનંતિ કરે છે કે...

"હું તો તારાથી છૂટી શકવા અશક્ત છું માટે વિનંતિ કરું છું કે હવે તમે જ મને સહાય કરો અને તમે બધાંય પુદ્ગલો એક સાથે, એક સમયે તમારા આ સ્કંધ સ્વરૂપને છોડી તમારા મૂળ સ્વતંત્ર કાર્મણ વર્ગણારૂપ પરમાણુ સ્વરૂપમાં આવી જાઓ, જેથી હું જ નહિ પણ અમો સઘળાંય જીવો અમારા મૂળ શુદ્ધ ચૈતન્ય સ્વરૂપને પામી શકીએ !"

જીવની આવી વિનંતિ સાકાર થવી શક્ય નથી. કારણ કે કર્મ રૂપે પરિણમેલ બધાંય કાર્મણવર્ગણારૂપ પુદ્ગલ પરમાણુઓનું યુગપદ્ નિર્જરણ શક્ય નથી. કેમકે કર્મરૂપે બંધાયેલાં કાર્મણ વર્ગણારૂપ પુદ્ગલોનું નિર્જરણ (ખરવાપણું) ક્રમિક જ હોય છે. વળી નિર્જરણની સાથોસાથ નવા નવા પુદ્ગલોનું પરિણમન પણ સતત ચાલુ જ હોય છે.

આમ જીવ જડ પુદ્ગલના સંગે જડ થઇને વેદનરહિત બની શકતો નથી અને બીજી બાજુ બધાં જડ પુદ્ગલ પરમાણુઓ એના સ્કંધસ્વરૂપને છોડી મૂળ કાર્મણસ્વરૂપ (પુદ્ગલ પરમાણુસ્વરૂપ)ને યુગપદ્ પામતા નથી. આ સંજોગોમાં જીવે પોતે જ વૈયક્તિક પ્રયત્ન કરી, જડ પુદ્ગલથી છૂટવાના માટે મોક્ષ મેળવવાનો છે.

જે જડ પુદ્ગલની સાથે જોડાયા છીએ-બંધાયા છીએ તેના ગુણધર્મો આપણા જીવસ્વરૂપના ગુણધર્મોથી વિરુદ્ધ છે. પુદ્ગલ રૂપ (વર્ણ), રસ, ગંધ અને સ્પર્શયુક્ત રૂપી એવું પરિવર્તનશીલ અને પરિભ્રમણશીલ એટલે કે રૂપરૂપાંતરને પામનારું અનિત્ય છે અને ક્ષેત્રક્ષેત્રાંતરતાને પામનારું અસ્થિર છે. એથી વિપરીત જીવ દર્શન, જ્ઞાન, સુખ, વીર્ય યુક્ત નિત્ય અને સ્થિર અરૂપી છે. ખાણમાંથી મળી આવતા કનકપાષાણને ભઠ્ઠીમાં તપાવી, ઓગાળી અશુદ્ધિઓ દૂર કરી કનકને પાષાણથી છુટું પાડીને જ કનકનો કનક એટલે કે સુવર્ણ તરીકે ઉપભોગ થઈ શકે છે. આમ જેની સાથે જોડાયા છીએ તેના જેવાં બની શકાતું નથી અને તે આપણાથી એની મેળે છૂટું પડી જવાનું નથી, તો પછી હવે એનાથી છૂટા પડ્યા સિવાય અને આપણને પોતાને આપણા પોતાપણામાં લાવ્યા વિના કોઈ જ આરો વારો (છૂટકારો) નથી. મનુષ્યયોનિ, કર્મયોનિ છે. મોક્ષપ્રાપ્તિનો કર્મપુરુષાર્થ-મોક્ષપુરુષાર્થ કર્મભૂમિના સંજ્ઞિ પંચેન્દ્રિય મનુષ્યપણામાં જ થઈ શકતો હોય છે. બીજે મોક્ષ પુરુષાર્થ શક્ય નથી. માટે જ કર્મભૂમિમાં સંજ્ઞિ પંચેન્દ્રિય મનુષ્યપણાને પામેલા આપણે અહીં જ થઈ શકતા મોક્ષ પુરુષાર્થથી આપણે કરમુક્ત થવા મોક્ષ પુરુષાર્થ કરવાનો છે.

એક વ્યક્તિ, બીજી વ્યક્તિને મળતાં પ્રથમ તો પૃચ્છા કરતી હોય છે કે...'કેમ છો ?' 'મજામાં તો છો ને ! આનંદમાં તો છો ને ! સારા નરવા તો છો ને !' જીવ માત્ર નિરંતર સુખને ઝંખે છે અર્થાત્ સુખને જ શોધે છે. કારણ જીવનું મૌલિક સ્વરૂપ આનંદ છે. જીવ સચ્ચિદાનંદ એટલે સત્, ચિદ અને આનંદ સ્વરૂપ છે. એમાં ચિદ્ કહેતાં જ્ઞાન એટલે આત્મા રહ્યો છે પણ તે એના સત્પણા અર્થાત્ અવિનાશીતા (નિત્યતા) અને આનંદ (શાશ્વત-અદ્વૈત સુખ)થી વિખૂટો પડી ગયો છે, એટલે જ્ઞાન જે નિત્ય અને આનંદસ્વરૂપી હોવું જોઇએ તે અનિત્ય અને સુખદુ:ખરૂપ થઈ જવાથી, એ જ્ઞાન નિરંતર નિત્યતા, નિરામયતા, નિરાકુલતા ને આનંદને શોધે છે. આમ મોક્ષ મેળવવાનો છે કેમકે એ જીવાત્માનું પોતાનું જ પોતામાં ધરબાયેલું પ્રચ્છન્નપણે રહેલું અપ્રગટ સ્વરૂપ છે, જે જીવની જડ પુદ્ગલસંગેની અશુદ્ધાવસ્થામાં પણ એના અસ્તિત્વની ઝાંખી કરાવે છે. ઊંડા ઉતરીને આપણે જીવનવ્યવહારને તપાસીશું તો બુદ્ધિમંતને એના અસ્તિત્વનો

અહેસાસ થશે.

આત્માની ગુણશક્તિ અનંત છે. એ અનંત ગુણાત્મક છે. આત્મા અનંત દર્શન, અનંત જ્ઞાન, અનંત સુખ અને અનંતવીર્ય એમ અનંત ચતુષ્કાય હોવાથી છદ્મસ્થાવસ્થામાં પણ એની ઇચ્છાનો કોઈ અંત જ નથી. એક પછી એક એવી અનંત ઇચ્છાઓ જીવને ઉદ્‌ભવતી જ રહે છે. એને કોઈ Raw Material-કાચા માલના પૂરવઠાની જરૂર પડતી નથી.

આત્મા એના મૌલિક સ્વરૂપમાં સ્વ-પર પ્રકાશક જ્ઞાનમય છે, પૂર્ણ છે, અવિનાશી છે અને સર્વોચ્ચ છે. તો એની સામે જીવ એની છદ્મસ્થ અવસ્થામાં પણ જાણનારો અને જણાવનારો છે અને એની માંગ સર્વત્ર, સર્વદા પૂર્ણતાની, નિત્યતાની, સર્વોપરિતાની છે.

પરમાત્માના કેવળજ્ઞાનમાં સર્વ ક્ષેત્રના સર્વ દ્રવ્યો એના સર્વ ભાવ એટલે કે સર્વ ગુણ અને પર્યાય સહિત એક સમય માત્રમાં જણાય છે અર્થાત્ સર્વ જ્ઞેય સર્વજ્ઞના જ્ઞાન પ્રકાશમાં ઝળકે છે–પ્રતિબિંબિત થાય છે. આમ સર્વજ્ઞના જ્ઞાનને દ્રવ્ય, ક્ષેત્ર, કાળ અને ભાવના કોઈ બંધન રહેતા નથી. જીવને એની પૂર્ણતામાં પૂર્ણપણે સર્વજ્ઞ થયેથી જે છે તે, અલ્પજ્ઞ છદ્મસ્થ હોતે છતે પણ આંશિક ઝલકરૂપે એને મળેલાં મનમાં જોવામાં આવે છે. એક સમય માત્રમાં મન ક્ષેત્રના બંધન તોડીને મુંબઇથી સુરત, અમદાવાદ, ધ્રાંગધ્રા, લંડન, ન્યુયોર્ક, મહાવિદેહક્ષેત્ર, દેવલોકના દેવવિમાનો સુધી મનથી જઈ આવી શકે છે. તેમ જીવને એક દ્રવ્યની વિચારણામાંથી બીજા દ્રવ્યની વિચારણામાં વિષયાંતર કરવામાં કોઈ વાર લાગતી નથી. તેવી જ રીતે મનને આ સંવત ૨૦૬૦ કે ઇ. સ. ૨૦૦૪ના સપ્ટેમ્બરના વર્તમાનકાળમાંથી બ્રિટીશકાળ, મોગલકાળ, મૌર્યકાળ, મહાવીરસ્વામીજી, આદિનાથ પ્રભુજી સુધીના ભૂતકાળમાં ડોકિયું કરવામાં કાળવિલંબ હોતો નથી. એ જ પ્રમાણે જીવને પ્રાપ્ત દીર્ઘકાલિકી સંજ્ઞા શક્તિથી આલોક, પરલોક, પરમલોક આદિની ભાવિની દીર્ઘકાલિકી વિચારણા થઈ શકતી હોય છે. વળી શાંત બેઠેલું મન નિમિત્ત મળતાં જ પલકારામાં શાંતભાવથી ખસી રૌદ્રસ્વરૂપ ધારણ કરી શકતું હોય છે. મન જે આત્માનો અંશ છે એની આંશિક શક્તિ જો આવી અગાધ હોય તો પછી પૂર્ણ એવાં પરમાત્મસ્વરૂપની શક્તિ પૂર્ણ–અનંત હોય એમાં આશ્ચર્ય પામવા જેવું નથી, પણ સંકલ્પ કરવાની જરૂર છે કે અલ્પજ્ઞ એવો હું સર્વજ્ઞ બનું અને મારા અંશને એના પૂર્ણ સ્વરૂપમાં વિકસિત કરું. આમ અંશમાંથી પૂર્ણ થવા માટે મોક્ષ મેળવવાનો છે. આત્માનું આવું એકમેવ અદ્વિતીય અદ્‌ભુત પરમાત્મપણું જે પોતાની માલિકીનો મૌલિક આત્મવૈભવ અર્થાત્ સનાતન આત્મઐશ્વર્ય છે, જે પોતામાં જ અપ્રગટ પડેલ છે, તેને ભ્રાન્ત દુન્યવી નશ્વર ઐશ્વર્યનો ત્યાગ કરી પ્રકાશમાં લાવવું તે બુદ્ધિશાળીનું કર્તવ્ય છે.

એ તો આપણી જ પોતાની માલિકીની ચીજ છે જે આપણે પોતે જ કોઇપણ ભોગે મેળવીને જ રહેવું જોઇએ !

સંસારમાં તો આપણે અભાવનો ભાવ કરવા મથીએ છીએ. અને પાછા અભાવમાં જ રહીએ છીએ. કર્મજનિત અવસ્થામાં જે સત્તામાં રહેલ પ્રારબ્ધ કર્મ છે તેનો ઉદય થતાં એ કર્મનો ભોગવટો કરી એને ખપાવીએ છીએ. આ નથી, છે, નથીની સ્વપ્નાવસ્થા જેવી પ્રક્રિયા છે. સ્વપ્નપૂર્વેની અવસ્થામાં સ્વપ્ન હતું નહિ, સ્વપ્નાવસ્થામાં સ્વપ્નસૃષ્ટિ જે છે તે પાછી જાગૃતાવસ્થામાં આવતા રહેતી નથી. પૂર્વે જે હતું નહિ, પછી જે રહેનાર નથી તેનું વચગાળાના વર્તમાનમાં હોવાપણું એ ન હોવાપણા બરોબર છે. બધીય સાંસારિક અવસ્થા મોહનિદ્રામાં પડેલા સંસારીની મોહદશા એટલે કે સ્વપ્નદશા છે.

એથી વિપરીત અધ્યાત્મક્ષેત્રે તો સાધકાત્માએ ભાવનો જ ભાવ કરી પોતાના આત્મભાવ એવાં સ્વભાવમાં સાદિ–અનંત સ્થિત થવાનું હોય છે. એ તો છે, છે, છેની ઉજાગર થવાની પ્રક્રિયા છે. આ તો જે આપણું જ હતું અને આપણા જ ઘરમાં દટાયેલું, છૂપાયેલું, ગુપ્ત રહેલું હતું તે દટાયેલાને ખોદી કાઢી પ્રકાશમાં લાવવાનું છે અને એને અનુભૂતિમાં લાવવાનું છે. આ આપણી, આપણાપણામાં પોતાપણામાં આવવાની પ્રક્રિયા છે.

આપણા આપ્તપુરુષોએ આપણને જે સાધના ચતુષ્કો, અનંત ચતુષ્કની પ્રાપ્તિ માટે આપવાની કૃપા કરી છે, તે વિષે વિચારીશું તો જણાશે કે એ સાધના ચતુષ્કોના કળશમાં ભાવથી ભાવમાં એટલે કે સ્વભાવમાં જવાની સાધનાનો જ નિર્દેશ છે. એ સાધના ચતુષ્કો છે...

(૧) દ્રવ્ય–ક્ષેત્ર–કાળ–ભાવ.

(૨) દાન–શીલ–તપ–ભાવ.

(૩) નામ–સ્થાપના–દ્રવ્ય–ભાવ.

(૪) ધર્મ–અર્થ–કામ–મોક્ષ.

અનુકૂળ દ્રવ્ય–ક્ષેત્ર–કાળના સંયોગોને મેળવીને કે પછી પૂર્વ કર્મ અનુસાર મળેલાં દ્રવ્ય–ક્ષેત્ર–કાળના સંયોગોને સાધનામાં અનુકૂળ બનાવી સાધ્યને અનુરૂપ ભાવ ભાવતાં ભાવતાં ભાવમાં એટલે કે સ્વભાવમાં જવાનું છે. અર્થાત્ મોક્ષ પામવાનો છે. પરિણામે દેશ (ક્ષેત્ર) અને કાળના બંધનથી મુક્ત થવાય અને દ્રવ્ય જે ભાવ સ્વરૂપ છે તે ભાવ એટલે કે ગુણપર્યાયથી દ્રવ્ય અભેદ થાય. ફળ સ્વરૂપ ક્ષેત્ર દ્રવ્યમાં સમાઈ જાય અને કાળ ભાવમાં સમાઈ જાય.

દાન–શીલ–તપના ત્યાગધર્મથી ગૃહિત પુદગલોનો દાન દ્વારા ત્યાગ કરીને, અગૃહિત પુદ્‌ગલોની ઇચ્છા અને કામનાનો, શીલધર્મના પાલન દ્વારા વિષયસેવન અને અબ્રહ્મના સેવનથી દૂર રહેવારૂપ, ત્યાગ કરીને, તપ એટલે તલપ કહેવાં ઇચ્છાનો નિરોધ કરવા રૂપ ઇચ્છાનિરોધ તપથી આહારસંજ્ઞા તોડી અશરીરી અદેહી, અનામી, અરૂપી બનવા રૂપ અણાહારીપદને એટલે કે સ્વભાવને પામવાનો છે. અર્થાત્ પુદ્‌ગલયુક્ત એવાં આપણે પુદગલમુક્ત બનવાનું છે.

પ્રાપ્ત સંયોગોમાં જિનોક્ત ચાર પ્રકારના ત્યાગધર્મની પાલના માટે જિનેશ્વર ભગવંતના નામ, સ્થાપના, દ્રવ્ય, ભગવદ્‌ભાવનું આલંબન લઇને પરમભાવ એવાં સ્વભાવમાં આવવાનું છે.

ઉપર્યુક્ત ધર્મારાધના કરતાં કરતાં એટલે કે ધર્મપુરુષાર્થ કરતાં વચમાં આવતા અર્થ અને કામના વચગાળાના સ્થાનકો (સ્ટેશનો)ને ઓળંગી જઈ, અંતિમ પડાવ એવાં મોક્ષના અંતિમ મુકામે પહોંચવાનું છે.

આ માટે પરમ દુઃખી આપણા જેવાં પરમાત્મસ્વરૂપ સંસારી જીવોની સેવા કરવારૂપ કર્મયોગની પાંખ અને પરમસુખી એવાં પરમાત્માની ભક્તિરૂપ ભક્તિયોગની પાંખ, પ્રજ્ઞાશક્તિથી પસારી સાધનાના વિહંગમ માર્ગે ઉડ્ડયન કરી મોક્ષને આંબવાનો છે.

દુનિયા આખી ફરીએ પણ ઘરે આવીએ ત્યારે ઠરીએ ! દુનિયા આખીમાં ફરવા છતાં ઘર ભૂલાતું નથી. તેમ ચૌદ રાજલોકરૂપ બ્રહ્માંડ આખામાં રખડીયે છતાં આત્મા–આત્મઘર ભૂલાતું નથી. પરિભ્રમણ અને પરિવર્તનનો અંત આણી આપણે ઘરે જઇએ તો ઠરીએ, તે માટે પણ મોક્ષ મેળવવાનો છે. પરદેશ બહુ ફર્યા. પરદેશમાં આપણું કોણ ? હવે તો આપણે દેશ ચાલીએ !

આપણે સહુ કોઈ સર્વથા સર્વદા દુઃખથી મુક્ત થઈ વાંછીત સંપૂર્ણ, શુદ્ધ, સ્વાધીન, શાશ્વત, સર્વોચ્ચ સુખને પ્રાપ્ત કરી આપણા મૌલિક સચ્ચિદાનંદ સ્વરૂપમાં રમીએ ! જો કે એ પ્રાપ્તિ આ કાળે આ ક્ષેત્રમાં શક્ય નથી. પરંતુ એને મેળવી આપનાર સમ્યક્ત્વ જે વર્તમાનકાળે આ ક્ષેત્રમાં મળી શકે એમ છે, તે તો આપણે સહુ મેળવીએ જ એવી અભ્યર્થના !

**સંકલન : સૂર્યવદન ઠાકોરદાસ જવેરી**

# જૈન સંઘનું આભૂષણ : સાધ્વીગણ

☐ પૂ. મુનિશ્રી વાત્સલ્યદીપ

ચતુર્વિધ જૈન સંઘની સ્થાપના કરતી વખતે શ્રી તીર્થંકર પરમાત્મા 'નમો તિત્થસ્સ' કહીને તેનું બહુમાન કરે છે અને અદકેરું મહત્ત્વ પ્રસ્થાપિત કરે છે. ચતુર્વિધ જૈન સંઘને પચીસમા તીર્થંકર તુલ્ય ગણાય છે. સાધુ, સાધ્વી, શ્રાવક, શ્રાવિકા સ્વરૂપ આ જૈન સંઘ ધર્મસાધક છે અને ધર્મવાહક પણ છે.

પંચપરમેષ્ઠિમાં આચાર્ય, ઉપાધ્યાય, સાધુ પદ દ્વારા સાધુ પદનું પ્રસ્થાપન અને મહત્ત્વ બન્ને સિદ્ધ થયા છે અને સાધ્વી સંઘ પણ એ સાધુ પદમાં જ સમાવિષ્ટ થઈ જાય છે. પંચ મહાવ્રતનું પાલન કરવા સાથે આત્મોન્નતિ માટે પળે પળે પુરુષાર્થ કરનાર શ્રમણી સંઘ એ તો જૈન સંઘની અનન્ય શોભા છે. મહાકવિ નાનાલાલ 'જૈન સાધ્વીને નિહાળીને માતા સરસ્વતીની પુત્રીઓનું સ્મરણ થાય છે' તેમ કહે છે. અહિંસા, સત્ય, અચૌર્ય, બ્રહ્મચર્ય, અપરિગ્રહના ઉત્કૃષ્ટ વ્રતપાલન સાથે પોતાની તમામ મર્યાદાઓ સાચવીને અદ્ભુત અને સાધનામય જીવન જીવનાર જૈન સાધ્વી, આ સમગ્ર વિશ્વમાં નિર્મળ જીવનના પ્રતિક રૂપે છે અને શ્રેષ્ઠ અજાયબી છે.

રૂપરૂપના અંબાર સમી અને સંસારના તમામ સુખોને મેળવવા શક્તિમાન સ્ત્રી ઘર, પરિવારનો ત્યાગ સ્વેચ્છાએ કરે છે ત્યારે તે આત્મોત્થાનના ઉત્કૃષ્ટ સ્વરૂપને પામવાનો પ્રચંડ પુરુષાર્થ આદરે છે અને તે ક્ષણે તપ, ત્યાગ, અનાસક્તિ અને જ્ઞાનાર્જનનો જે યજ્ઞ માંડે છે તે કોઈને પણ આશ્ચર્યમાં મૂકી દે તેમ છેઃ કઠોર સાધનાથી ભરેલું અને ભક્તિમય જીવન કોઈને પણ અભિભુત કરે તેમ છેઃ સ્ત્રી એક અનોખી શક્તિ છે પણ તેમાં સાધનાનો તંતુ જોડાય ત્યારે તેનું કે પછી તેમાં પૂછવાનું જ શું રહે ? જગતના ઇતિહાસમાં સ્ત્રીને જેમ અબળા રૂપે જોઈ શકાય છે તેમ, એ કલ્પનાને ખોટી ઠરાવનાર મહાન નારીઓ પણ જોઈ શકાય છેઃ શીયળના રક્ષણ માટે, ધર્મ અને કર્તવ્યના રક્ષણ માટે, પ્રતિષ્ઠા જાળવવા માટે સ્ત્રી ફૂલ જેવી મટીને વજ્ર જેવી કઠોર બને ત્યારે પર્વતો કંપી ઉઠે છે, ધરતી ધ્રૂજી ઉઠે છે. સંસારનો હજારો વર્ષનો ઈતિહાસ આ વાતનો સાક્ષી છે. ઈતિહાસને આ મૂલવણી સુધી ન દોરીએ તો પણ આત્મકલ્યાણના હેતુથી શરૂ થતું પ્રમાણ, જેમાં નિતાંત નિર્મળતાનો વાસ છે તે, સર્વ મંગલકારી તો છે જ, પરંતુ સુખને માટે તલસતા સંસારીઓ માટે આશ્ચર્ય સર્જક છે તે ન ભૂલવું જોઇએ.

સુકોમળ શરીર અને કરૂણાભીનું હૃદય ધરાવતી સ્ત્રીનું મન કેટલું દઢ હોય છે તેનો અનુભવ જૈન સાધ્વીનું વૈરાગ્યવાસિત અને તપ સુવાસિત જીવન જોયા પછી જ થઈ શકે. સતત તપ, વડીલોની સુશ્રુષા, ભક્તિ અને જ્ઞાનનો નિત્ય સંગ અને તે દ્વારા આત્મોત્થાન માટેનો સતત પ્રયાસ એ જૈન સાધ્વીઓનાં આભૂષણ છે.

અનુકૂળતાને છોડીને પ્રતિકૂળતાને સામેથી સ્વીકારવું એટલે જૈન ધર્મની દીક્ષા. સંસાર માટે નહિ પણ આત્માને માટે મનુષ્ય જીવન ખર્ચવાની આંતરિક સમજણ એટલે જૈન ધર્મની દીક્ષા. પારાવાર પ્રતિકૂળતાની વચમાં પણ જ્યાં પ્રસન્નતા નિહાળવા મળે તેનું નામ સાધુત્વ. આ સંયમજીવન યુવક સ્વીકારે તે તો મહાન ઘટના છે જ પણ યુવતી સ્વીકારે તે પણ એટલી જ મહાન ઘટના છે કેમકે એને સવિશેષ કષ્ટનો સામનો કરવાનો છે છતાંય તે પંથે જવાની એ સ્ત્રીની તત્પરતા છે અને તે ઇચ્છાપૂર્વક તેમ કરે છે.

જૈન સાધ્વી એટલે જ સંસ્કારનો ભંડાર. જૈન સાધ્વી એટલે જ સંસ્કારની ખાણ.

હજારો વર્ષોનો જૈન સાધ્વીગણનો અપૂર્વ ઈતિહાસ છે. શ્રી તીર્થંકર દેવો ચતુર્વિધ જૈન સંઘમાં 'સાધ્વી' પદની સ્થાપના કરે છે અને તેને પણ 'મુક્તિ પદ' પામવાનો સંપૂર્ણ હક છે તેમ કહે છે. અદ્યાપિ થયેલ અસંખ્ય નામાંકિત સાધ્વીજીઓ મોક્ષ પામનારા તો નીકળ્યા જ પરંતુ વિવિધ સ્વરૂપે શાસન સેવા કરનારાં પણ નીકળ્યા છે. ભગવાન આદિનાથની સંસારી પુત્રીઓ બ્રાહ્મી અને સુંદરી દીક્ષિત થઈ તેમાં, સુંદરીએ, દીક્ષા માટે ૬૦,૦૦૦ વર્ષ પર્યંત આયંબિલ તપ કર્યું હતું અને તે બન્ને સાધ્વીઓ ભાઈ મુનિ બાહુબલીને ગર્વના ગજ પરથી ઉતારીને કેવળજ્ઞાન પ્રાપ્ત કરાવવામાં નિમિત્ત પણ બની હતી ! સાધ્વી રાજીમતીએ મુનિ રહનેમિને વૈરાગ્યના પંથે પાછા વાળ્યા તો સાધ્વી સરસ્વતીએ શીલધર્મની જય પતાકા લહેરાવી. આચાર્ય શ્રી હરિભદ્રસૂરિની દીક્ષામાં એક સાધ્વીજીનો સ્વાધ્યાય નિમિત્ત બન્યો હતો અને તેથી જ તો પોતાને 'યાકિની મહત્તના સૂનુ' ગણાવે છે. એવી જ રીતે કામવિજેતા સ્થૂલિભદ્રજીના બહેન સાધ્વી સેણીએ પ્રેરણા કરીને બે મુમુક્ષુઓ સંયમમાર્ગે મોકલ્યા અને તેમાંથી જૈન શાસનને આર્ય મહાગિરિ અને આર્ય સુહસ્તિસૂરિ જેવા મહાન સૂરિવરોની ભેટ મળી !

આ તો કેટલાંક સુવર્ણ જેવા પુણ્યશાળી નામો સંભાર્યા પણ આજે પણ કેટલાંક પુણ્યવંતા સાધ્વીરત્નો વિદ્યમાન છે જ કે જેઓ અનેક ભાષાઓમાં સાહિત્યસર્જન કરી રહ્યા છે, કૉલેજ-યુનિવર્સિટી દ્વારા શિક્ષણ મેળવીને પીએચ.ડી.ની કક્ષા સુધી પહોંચ્યાં છે, એક જ દિનમાં ૫૦/૧૦૦ શ્લોક કંઠસ્થ કરતાં હોય છે, સેંકડો સ્તવન, સજ્ઝાય, રાસ આદિ મુખસ્થ હોય છેઃ સંસ્કૃત, પ્રાકૃત આદિ ભાષાઓ તથા વ્યાકરણ, ન્યાય, જ્યોતિષ અને કર્મગ્રંથોના ગહન અભ્યાસી હોય છે.

પ્રાચીનકાળથી આજ સુધીમાં શ્રમણી સંઘનો યશોજ્જવલ ઈતિહાસ નિહાળીએ તો એ પુરવાર થઈ જાય છે કે જૈન શાસનની પ્રભાવનામાં શ્રમણીઓનું યોગદાન બહુ મોટું છે અને તેણે ભારતીય નારીની સર્વોચ્ચ સંસ્કારિતાનું શ્રેષ્ઠ પ્રતિનિધિત્વ કર્યું છે.

સફેદ વસ્ત્રોમાં શોભતા સાધ્વીઓના આચારધર્મનો પ્રભાવ વિશાળ છે. શ્રમણી સંઘ છૂપાયેલી પ્રતિભાઓના ભરેલા દાબડા જેવો છે. વૈરાગ્ય, તપ અને સંયમથી ઉભરાતા સાધ્વીઓનું જીવન પ્રેરક છે તેટલું જ ઉદાત્ત છે ! પ્રસિદ્ધિમાં પડ્યા વિના, મૌન પાળીને અને મૌન જીવીને તથા અન્યને ઉપયોગી થઈને નિર્મળ આયુષ્ય પૂરું કરવાની તત્પરતા જ કેટલી પ્રેરક છે ! વિભિન્ન કુળ, ગામ અને ક્ષેત્રમાંથી આવતી સ્ત્રીઓ સાધ્વી બનીને જીવનભર સંગાથે રહે, એકબીજાને ઉપયોગી બને, સહાયક બને અને વહેતા જળની જેમ વિચરતા રહીને સર્વત્ર પ્રેરણાનાં પુષ્પો વેર્યા કરે એવા પ્રભાવક જીવનમાંથી જે આચારધર્મનો મહિમા જન્મે છે તે સૌને સન્માર્ગે વાળે છે ! એટલું જ નહિ, શ્રમણી સંઘ હંમેશાં સાધુ ભગવંતોને પણ તેમના કાર્યોમાં ઉપયોગી બને છે. 'સહાય કરતાં સાધુજી'-એમ કહેવાયું છે.

સાધ્વીઓના તપપ્રધાન જીવનનો તો વિચાર કરીએ તો ગમે તેટલું લખાય તો પણ ઓછું પડે તેવું છે ! કેટલાંય એવા સાધ્વીજીઓ છે કે જે તમામ સ્વાદિષ્ટ ભોજન સામગ્રી ઉપલબ્ધ હોવા છતાં આજીવન મેવા, મીઠાઈ, ફળ ઇત્યાદિનો ત્યાગ કરીને માત્ર દાળ ને રોટલી જ વાપરે છે ! એવા કેટલાંય સાધ્વીઓ છે જેઓ ફક્ત કરિયાતું અને

રોટલી વાપરીને વર્ધમાન તપની અનેક ઓળીઓ કરે છે ! ઘણાં સાધ્વીજીઓ જીવનપર્યંત એકાશન પણ મર્યાદિત દ્રવ્યો વાપરીને કરે છે, ઘણાં આજીવન લીલાં શાકભાજીનો જ ત્યાગ કરી દે છે ! બીજા સાધ્વીજીઓને આહાર પાણી વપરાવીને આયંબિલ કરનારાં પણ ઘણાં છે !

એવા પુષ્કળ સાધ્વીજીઓ પણ નિહાળવા મળે છે કે જેઓ કેન્સરની જેવી વિકટ/ભયાનક વેદના હસતાં મોંએ સહી લે છે, દેહની ક્ષણભંગુરતા વિચારતા આત્મચિંતનમાં મગ્ન રહે છે. સંયમજીવનને દૂષણ ન લાગે તેની તત્પરતા, દૃઢ આચારચુસ્તતા, ચિત્તપ્રસન્નતા અને અપાર સમતા જોઈએ ત્યારે થાય કે આ જીવનની પછીતમાં નક્કી કોઈ દિવ્યશક્તિ પ્રેરક બળ બનીને ઉભી છે !

ભારતભરમાં જૈનોની સંખ્યા વધુમાં વધુ એકાદ કરોડની માની શકાય. તેમાં, ૫૦ લાખ શ્રાવિકાઓ ગણીએ તો આ સાધ્વીસંઘ તેમનું નેતૃત્વ કરે છે. ૫૦ લાખ જૈન શ્રાવિકાઓ (મહિલાઓ) માટે આરાધના, ભક્તિ, સંસ્કાર અને ઉત્થાનનું કેન્દ્ર જૈન સાધ્વીઓ છે. શ્રાવિકાઓ તેમની પાસે જ ધર્મક્રિયા, ધર્મસાધના માટે જાય છે અને તેમના સંપર્કમાં રહીને આત્મકલ્યાણ પામવા પુરુષાર્થ કરે છે. અને આમ પણ, જૈન સંઘમાં વધુમાં વધુ ધર્મસાધના મહિલાઓ જ કરે છે અને તે તમામનું ભક્તિબિંદુ આ સાધ્વીસંઘ સાથે જોડાયેલું છે.

અને તે નેતૃત્વ સફળ રીતે જૈન સાધ્વીગણ અદા પણ કરે જ છે. પચ્ચકખાણ, સામાયિક, પ્રતિક્રમણ, પૌષધ ઇત્યાદિ ક્રિયાઓ અને નાની-મોટી શિબિર, સંગોષ્ઠિ દ્વારા શ્રાવિકાસંઘનું ઘડતર અને વિકાસ શ્રમણીસંઘ સફળતમ રીતે સંભાળે છે અને તેથી જ ધર્માચરણની સુગંધ હજી જનતામાં પ્રત્યક્ષ નિહાળવા મળે છે: શાસનપ્રભાવના એને જ કહેવાય !

આમ છતાં પણ, એમ પણ કહી શકાય કે પ્રતિભાસંપન્ન સાધ્વીગણ હજી પણ આજ કાર્ય વિશેષરૂપે અદા કરી શકે.

અને બીજું, આજની સ્ત્રી-પછી તે ગમે તે ઉંમરની હોઈ શકે-જે પહેરવેશ, અભ્યાસ, ખાન-પાન અને શોખ પાછળ દોડે છે તેણે પોતાના જીવનને તથા સંસ્કારને સુરક્ષિત રાખવા આ સંસ્કારના ધામ જેવા સાધ્વીગણના અધિકાધિક સંપર્કમાં રહેવા જેવું છે. ભૂકંપનો એક જ ઝાટકો જીવન કેટલું ક્ષણભંગુર છે તે પુરવાર કરે છે ત્યારે, એ નશ્વર દુનિયા તરફ દોટ મૂકવા જેવી નથી: જીવન સંસ્કારના અલંકારથી મઢવા જેવું છે અને તે આ સદાચારશીલ સાધ્વીઓ જ શીખવશે તે નક્કી.

સંસારસાગરમાં નિર્મળ આચાર, વિચાર અને વાણીના સ્વામી, ઉત્તમ તપ, સંયમ અને જ્ઞાનના ધારક પંચમહાવ્રતધારીઓના શરણમાં જે જાય છે તેનું કલ્યાણ અવશ્ય થાય છે. ❖❖❖

# દેખાવું અને હોવું

□ ડૉ. રણજિત પટેલ (અનામી)

'દેખાવું અને હોવું'નો 'ગજગ્રાહ' આ દુનિયામાં વર્ષોથી ચાલ્યો આવે છે. એનો સંવાદ સાધનારા સાધકો વિરલ ગણાય; પણ એવા વિરલ વીરલાઓનો સાક્ષાત્કાર અને સ્વીકાર કરનાર તો અતિ વિરલ ગણાય. મારી આ સાચી કે ખોટી માન્યતાના સમર્થનમાં હું કેટલાંક દૃષ્ટાંતો આપીશ.

મારા બે મિત્રો તો નહીં પણ પરિચિત, સ્વ. અનવર આગેવાન અને શાયરીના ઉસ્તાદ શ્રી નટવર ભટ્ટ અર્ધી સદી પૂર્વે મુંબઈમાં પત્રકારત્વના ક્ષેત્રે હતા. બંનેય રૂપાળા, પ્રભાવશાળી ને કોઈને પણ આંજી નાખનારા. એકવાર એ બંને મિત્રો ચોપાટીને બાંકડે બેઠેલા તો ત્યાં ફરનારા બેત્રણ જણે પૂછ્યું: 'માફ કરજો, તમો સિનેમા જગતના અભિનેતાઓ છો ? ત્યારે નટવર ભટ્ટે મુફલિસીનો એક શેર કહ્યો ને અનવરે કહ્યું: 'ભલા માણસ ! અમારી પાસે તો ગજવામાં પિક્ચર જોવાનાય પૈસા નથી.' આ દેખાવું અને હોવું નો વિરોધાભાસ ! અનવર તો ગુજરી ગયા પણ શ્રી નટવર ભટ્ટ વડોદરાવાસી બન્યા બાદ મારા પરમ આત્મીય સુહૃદ બની ગયા છે. આજે પંચોતેર વર્ષે પણ એમની રોનક રૂઆબદાર છે-અભિનેતા શા! એમ તો ફાઈન આર્ટસના પ્રોફેસર અમારા બિહારી બારભૈયા 'સરસ્વતીચંદ્ર'ના મુખ્ય અભિનેતા મનિષ જેવા લાગે છે...દેખાય છે પણ ખરેખર વાસ્તવમાં નથી.

રજ્જુમાં સર્પનો આભાસ થવો, છીપમાં મૌક્તિકનો અને કટોરામાં પડતી પૂર્ણિમાની જ્યોત્સનામાં બિલાડીને દૂધનો આભાસ થવો-આવા વિચારે કદાચ નરસિંહ મહેતાએ ગાયું હશે:-

'જાગીને જોઉં તો જગત દીસે નહીં,<br>
ઊંઘમાં અટપટા ભોગ ભાસે;<br>
ચિત્ત ચૈતન્ય વિલાસ તદ્રૂપ છે,<br>
બ્રહ્મ લટકાં કરે બ્રહ્મ પાસે.'

આ વાત છે સને ૧૯૫૭ની જ્યારે હું નડિયાદની આર્ટસ સાયન્સ કૉલેજમાં ગુજરાતીનો પ્રોફેસર ને વાઈસ પ્રિન્સિપાલ હતો. અમારા પ્રિન્સિપાલ હતા ડૉ. મહાદેવ અવસારે અને અમારા લાયબ્રેરીઅન હતા શ્રી મુકુન્દ દેસાઈ. અવસારે સાહેબ એમના વિષયના નિષ્ણાત પણ દેહદૃષ્ટિ જરાય પ્રભાવશાળી નહીં. જ્યારે શ્રી મુકુન્દભાઈ દેસાઈ કેવળ લાયબ્રેરીઅન પણ કોઈ પ્રભાવશાળી આઈ.સી.એસ. જેવા લાગે. એકવાર યુનિવર્સિટી ડેપ્યુટેશન આવેલું ત્યારે મોટાભાગના સભ્યો મુકુન્દભાઈને પ્રિન્સિપાલ સમજી બેઠેલા ! પણ જ્યારે એમણે જાગીને જોયું તો બધા 'અટપટા'ની ખટપટ ટળી ગઈ ! 'દેખાવું અને હોવું'નો સંભ્રમ જેવો તેવો નથી જ.

અવસારે સાહેબ પછી હું, મારી જ વાત કરું, એકવાર મારા મિત્ર શ્રી કુલીનચંદ્ર યાજ્ઞિક વડોદરાના કલેક્ટર હતા. એમનાં શ્રીમતી ચંદ્રિકાબહેન યાજ્ઞિક (પરણ્યા પહેલાંનાં ચંદ્રિકાબહેન પંડ્યા) નડિયાદ કૉલેજમાં મારાં વિદ્યાર્થિની હતાં ને ગુજરાતી સાહિત્ય મંડળનાં મંત્રી પણ. એકવાર તેઓ એમના દીકરા ચિ. નીરજ સાથે શહેરમાં જતાં હતાં ને રસ્તામાં મને મળી ગયાં એટલે પગે લાગી દીકરા નીરજને કહ્યું: 'જો બેટા' આ 'અનામી' સાહેબ કૉલેજમાં મારા પ્રોફેસર હતા ! ચિ. નીરજ પગે તો લાગ્યો, પણ મારા ધોતી ઝભ્ભાના પહેરવેશ પરથી હું એને પ્રોફેસર જેવો ન લાગ્યો. મારા કરતાં તો એકવારના એમ.એ.ના મારા વિદ્યાર્થી ડૉ. મહેન્દ્ર ચોકસી, જે એમની હાઈસ્કૂલના પ્રિન્સિપાલ હતા, તે તેને મન પ્રોફેસર જેવા વધુ પ્રભાવશાળી લાગ્યા હશે !

ડૉ ધીરુભાઈ ઠાકરે ગુજરાતી વિશ્વકોશનું મહાભારત કામ ઉપાડ્યું છે. એકવાર લગભગ છ હજારનાં પુસ્તકો લઈ એક આંગડિયો પ્રો. ડૉ. આર. એમ. પટેલ-'અનામી'ના નામનું રટણ કરતો મારે ઘરે આવ્યો. ત્યારે હું મારી ઓસરીમાં સદરો ને લૂંગી પહેરીને બેઠો હતો. મારી પાસે મારો મોટો દીકરો પણ હતો. આંગડિયાને મેં કહ્યું; 'હું ડૉ. આર. એમ. પટેલ છું.' એ મારી સામે શંકાની દૃષ્ટિએ જોઈ રહ્યો.

એના મનમાં એમ કે છ હજારનાં પુસ્તકો કોઈ બીજી વ્યક્તિ તો પડાવી લેતી નથી ? એણે મારા દીકરાને પૂછયું...એટલે મેં એને કહ્યું: કેમ હું તને પ્રોફેસર જેવો લાગતો નથી ? એણે સહસા કહ્યું: 'હા, મને તમે પ્રોફેસર જેવા લાગતા નથી પણ આ ભાઈ (મારો દીકરો), કહે છે એટલે પાર્સલ આપું છું.' આંગડિયો તો શું, મારી પુત્રવધૂ પણ મને અનેકવાર કહે છે કે પપ્પા ! તમે સારા ને મોટા પ્રોફેસર છો એ હું જાણું છું પણ 'હજાર નૂર લુગડાં'ની ન્યૂનતાનું શું ? મારો પૌત્ર તો મારો સ્હેજ ફાટેલો ઝભ્ભો જુએ તો કાણામાં આંગળીની કાતર નાખી લીરે લીરા કરી નાખે છે !

એકવાર વડોદરા કૉલેજમાં શ્રી રમણલાલ વ. દેસાઈનું 'સંયુક્તા' નામનું નાટક ભજવાતું હતું: સ્ટેજ પર સંયુક્તા ને સંયુક્તાની દાસી હતા...પ્લોટ પ્રમાણે પૃથ્વીરાજ ચૌહાણે સંયુક્તાનું અપહરણ કરવાનું હતું પણ સંયુક્તા કરતાં દાસી વધુ પ્રભાવશાળી લાગી હશે વા અન્ય સંભ્રમમાં પૃથ્વીરાજ દાસીને ઉપાડીને ભાગ્યો ને સંયુક્તા એ બંનેની પાછળ ભાગતાં ભાગતાં બોલતી હતી: 'એ નહીં હું, એ નહીં હું'... 'દેખાવું ને હોવું'નો આ સંભ્રમ કેવળ સ્ટેજ પર જ નહીં પણ સંસાર-વ્યવહારનાં અનેક ક્ષેત્રોમાં, અનેકવાર અનેક રૂપે જોવા-જાણવા મળે છે ! 'બ્રહ્મ લટકાં કરે બ્રહ્મ પાસે'ની જેમ !

અર્ધી સદી પૂર્વે, પીએચ.ડી.નો મારો શોધપ્રબંધ (થીસિસ) પૂર્ણ કરીને એના બાઈન્ડીંગ માટે હું એક વહોરાજી પાસે ગયો. બે દિવસ બાદ લઇ જવાનો એણે વાયદો કર્યો. ત્રીજે દિવસે હું ગયો તો 'બાઈન્ડીંગ'ની કમાલનાં વખાણ કરતાં એ કહે: 'જુઓ સાહેબ ! છે ને ફર્સ્ટ કલાસ ! આ 'બાઈન્ડીંગ' જોઇને જ તમને 'ડીગ્રી' મળી ગઈ સમજો.' મેં કહ્યું: 'મીયાં ! બાઈન્ડીંગ જોઇને ડીગ્રી નથી અપાતી, અંદરની કમાલ જોવાની હોય છે.' મારી વાત, એ સમજ્યો કે નહીં, ન-જાને, પણ 'હોવા' કરતાં 'દેખાવાનો' એનો અહોભાવ સ્પષ્ટ હતો.

૬૫ સાલ પુરાણા મારા એક એડવોકેટ મિત્ર માધ્યમિક શાળામાં ભણતા હતા ત્યારે હસ્તલિખિત માસિક કાઢતા હતા. એકવાર એમણે નર્મદનું 'કબીરવડ' કાવ્ય પોતાના નામે ઠઠેડી દીધું ! એમના ને મારા મઝિયારા બીજા મિત્ર-જેઓ મુંબઇમાં પબ્લિક પ્રોસિક્યૂટર થયેલા-તેમણે કૃતક નર્મદની કાનબૂટ્ટી પકડી ફજેતો કર્યો ત્યારે 'દેખાવું ને હોવું' ક્યાં ક્યાં એની કમાલ કરે છે તેનો ખ્યાલ આવ્યો, પણ આ તો સ્કૂલ-કક્ષાની વાત કરી...અરે ! કૉલેજ લેવલની વાત કરું તો વર્ષો પૂર્વે, એક રઘુવીર દેસાઈએ 'સોપાન'ને નામે પ્રોફેસરોને પુસ્તકો ભેટ આપી ઠીક ઠીક સંભ્રમમાં નાખેલા ! હાઈસ્કૂલમાં આ રઘુવીર દેસાઈ મારો સહાધ્યાયી હતો-ટીખળી ને નટખટ !

યુવાવસ્થાથી જ અમો ત્રણેક મિત્રોને રાજકારણનો ભારે શોખ. 'કરીઅર' તરીકે અપનાવવાની પણ તૈયારી. એક પીઢ ને પ્રૌઢ રાજકારણી નેતાએ અમને સલાહ આપેલી: 'બિમાર હો કે સ્વસ્થ હો, ઠંડી હોય કે ગરમી, કામ હોય કે ન હોય, પણ જે પક્ષમાં તમો પેસારો કરવા માગો છો-એની ઑફિસનાં પગથિયાં ઘસી નાખો. લાયકાત મેળવવાની જરૂર નથી, દેખાડો કરવાની જરૂર છે...જતે દિવસે તમારો ઉદ્ધાર થવાનો જ.' સાંપ્રત રાજકારણની મિસાલ જોતાં એ પીઢ-પ્રૌઢ રાજકારણી નેતાની સલાહ સાચી લાગે છે ! અત્યારે તો ફૂલ ડૂબી જાય છે ને પત્થરો તરી જાય છે ! કેવળ રાજકારણ પૂરતી જ આ વાત સત્ય ને સીમિત નથી પણ જીવનના સર્વ ક્ષેત્રમાં સ્વસ્થતાથી જોતાં એનાં વરવાં દર્શન થશે જ થશે. હાથે કંકણ ને અરીસામાં શું જોવું ?

અષ્ટાવક્રની કેવળ દેહની કુરૂપતાને જોઇને હસનારાઓ 'ચમાર' હતા-ચર્મદષ્ટિવાળા હતા. તેઓ એના આંતરસૌંદર્યને જોઈ શક્યા નહીં. કવિ ભર્તૃહરિને દાંતની બત્તીસી દાડમની કળીઓ જેવી લાગી હશે પણ તત્ત્વજ્ઞાની ભર્તૃહરિને એ કેવળ ગોઠવેલા અસ્થિના ટૂકડા લાગ્યા હશે. કવિ ભર્તૃહરિને, પિંગલામાં પાગલ હશે ત્યારે નારી સ્તન કલકના અમૃત-કલશ સમાન લાગ્યા હશે પણ પિંગલાની બેવફાઈને પામ્યા બાદ એને કનકના એ બે અમૃત-કલશ, કેવળ માંસના પિંડ લાગે છે ! અત્તર નાખીને પટિયાં પાડેલા શિર-કેશ કબીરને 'ઘાસની પૂળી' જેવા લાગ્યા-અગ્નિમાં ભસ્મ થઈ જવાની બાબતમાં ! 'મતલબ કે જે દેખાય છે તે સત્ય નથી હોતું-સદા-સર્વદા ને જે સત્ય છે તે-

हिरण्ययेन पात्रेण सत्यस्यापिहितं मुखम् ।
तत त्वं पूषन् अपावृणु सत्य धर्माय दृष्टये ॥

મતલબ કે સુવર્ણના જેવા ચમકીલા ઢાંકણથી સત્યનું મુખ બંધ છે, હે પૂષન્ ! (જગતનું પોષણ કરનાર ભગવાન) સત્યની ખોજ કરનાર એવા મને સત્યનું મુખ સ્પષ્ટ દેખાય એટલા માટે એ આવરણ તું દૂર કર. 'દેખાવું અને હોવું'માં કેટલા બધા સંભ્રમો, કેટલાં બધાં પ્રલોભનો, કેટલાં બધાં આવરણો છે તે સર્વને દૂર કરવાની આપણને સત્ય દૃષ્ટિ પ્રાપ્ત હો. સત્ય અને ન્યાય-કેવળ હોવાં Seeing & Being નો જ મહિમા મોટો છે. જોઈએ જ નહીં, દેખાવાં પણ જોઇએ.

❖❖❖


## પ્રબુદ્ધ જીવન

(રજીસ્ટ્રેશન ઓફ ન્યુઝ પેપર્સ રુલ્સ ૧૯૫૬ અન્વયે)
(ફોર્મ નં. ૪, જુઓ રૂલ નં. ૮)
'પ્રબુદ્ધ જીવન' સંબંધમાં નીચેની વિગતો પ્રગટ કરવામાં આવે છે.

| | | |
|---|---|---|
| ૧. પ્રસિદ્ધિનું સ્થળ | : | રસધારા કો.ઓ.હા.સોસાયટી, ૩૮૫, સરદાર વી. પી. રોડ, મુંબઈ–૪૦૦૦૦૪. |
| ૨. પ્રસિદ્ધિનો ક્રમ | : | દર મહિનાની ૧૬મી તારીખે |
| ૩. મુદ્રકનું નામ | : | શ્રીમતી નિરુબહેન સુબોધભાઈ શાહ |
| ૪. પ્રકાશકનું નામ | : | શ્રીમતી નિરુબહેન સુબોધભાઈ શાહ |
| કયા દેશના | : | ભારતીય |
| સરનામું | : | રસધારા કો. ઓ. હા. સોસાયટી, ૩૮૫, સરદાર વી. પી. રોડ, મુંબઈ–૪૦૦૦૦૪. |
| ૫. તંત્રીનું નામ | : | ડૉ. રમણલાલ ચી. શાહ |
| કયા દેશના | : | ભારતીય |
| સરનામું | : | રસધારા કો. ઓ. હા. સોસાયટી, ૩૮૫, સરદાર વી. પી. રોડ, મુંબઈ–૪૦૦૦૦૪. |
| ૬. માલિકનું નામ અને સરનામું | : | શ્રી મુંબઈ જૈન યુવક સંઘ રસધારા કો. ઓ. હા. સોસાયટી, ૩૮૫, સરદાર વી. પી. રોડ, મુંબઈ–૪૦૦૦૦૪. |

હું રમણલાલ ચી. શાહ આથી જાહેર કરું છું કે ઉપર આપેલી વિગતો મારી જાણ અને માન્યતા મુજબ બરાબર છે.

તા. ૧૬–૩–૨૦૦૫ રમણલાલ ચી. શાહ


Printed & Published by Nirubahen Subodhbhai Shah on behalf of Shri Mumbai Jain Yuvak Sangh and Printed at Fakhri Printing Works, 312/A, Byculla Service Industrial Estate, Dadaji Konddev Cross Road, Byculla, Mumbai-400 027. And Published at 385, S.V.P. Road, Mumbai-400 004. Tel.: 23820296. Editor: Ramanlal C. Shah.

Regd. With Registrar of Newspapers for India No. R. N. I. 6067/57
Posted at Patrika Channel sorting office Mumbai-400 001
Licence to post without prepayment No. 271
● વર્ષ : (૫૦) + ૧૬ ● અંક : ૪ ● ૧૬ એપ્રિલ, ૨૦૦૫ ● ● Regd. No. TECH / 47-890 / MBI / 2003-2005
● ● ● શ્રી મુંબઈ જૈન યુવક સંઘનું માસિક મુખપત્ર ● ● ●

# પ્રબુદ્ધ જીવન

● ● પ્રબુદ્ધ જીવન પાક્ષિક ૧૯૩૯થી ૧૯૮૯ : ૫૦ વર્ષ ● ● વાર્ષિક લવાજમ રૂા.૧૦૦/- ● ● છૂટક નકલ રૂા. ૧૦/- ● ●

તંત્રી : રમણલાલ ચી. શાહ સહતંત્રી : ધનવંત તિ. શાહ

## कडाण कम्माण ण मोक्ख अत्थि ।

–ભગવાન મહાવીર

## [કરેલાં કર્મો ભોગવ્યા વિના છૂટકો નથી.]

આ સંસારમાં કોઈ પણ જીવને પોતાનાં શુભાશુભ કર્મ અવશ્ય ભોગવવાનાં આવે છે. ક્યારેક તે આ ભવમાં તો ક્યારેક ભવાન્તરમાં. ક્યારેક તો વળી એવા જ ક્રમે ભોગવવાં પડે છે.

કેટલાક વખત પહેલાં જવલ્લે જ બને એવી એક વિલક્ષણ અને વિચિત્ર ઘટના મુંબઈમાં બની હતી. એક બહુમાળી મકાનની બારીએથી વૃદ્ધ પતિપત્નીએ પડતું મૂકીને આપઘાત કર્યો. એમ જાણવામાં આવ્યું કે પિતાપુત્ર વચ્ચે સંપત્તિના ઝઘડા એટલી ઉગ્ર કોટીએ પહોંચ્યા કે પુત્રે પોતાનાં માતાપિતાને ફ્લેટના એક રૂમમાં પૂરી રાખ્યાં. પુત્રના આ કાર્યમાં એની પત્ની અને પુત્રીનો પણ પૂરો સહકાર હતો.

તેઓ વૃદ્ધ વડીલ માતાપિતાને નહી જેવું ખાવાનું આપતા અને માનસિક ત્રાસ આપતા. રૂમમાં ન્હાવા વગેરેની સગવડ નહોતી. આથી માતાપિતાનો માનસિક સંતાપ દિવસે દિવસે એટલો બધો વધી ગયો કે તેઓ બન્નેએ નિશ્ચય કરીને એક દિવસ બારીમાંથી પડતું મૂક્યું. એમ કહેવાય છે કે તેઓ બન્નેએ એકબીજાના હાથ જોરથી પકડી રાખ્યા હતા કે જેથી એમાંથી કોઈ પણ એક હિમ્મત હારી ન જાય. પડતાં જ તેઓ મૃત્યુ પામ્યા.

આ ઘટનાની મુંબઈમાં સમાજ જીવનમાં ઘણી ચકચાર થઈ. પોલીસ કેસ થતાં છાપાંઓમાં ઘણી વિગતો આવી. વળી પડોશીઓ દ્વારા વધુ વિગતો બહાર આવી. પુત્ર તથા પુત્રવધૂને સમાજમાં ક્યાંય મોઢું બતાવવા જેવું રહ્યું નહિ. તેમની સામે પોલીસ કેસ થયો. અદાલતમાં કેસ ચાલ્યો. બન્નેને સજા થવાનો પૂરો સંભવ હતો. પુત્ર, પુત્રવધૂ અને તેમની યુવાન દીકરી. ત્રણે થનારી સજાથી એકદમ ભયભીત થઈ ગયાં કે તેમને લાગ્યું કે જેલજીવન ભોગવવા કરતાં જીવનનો અંત લાવવો સારો. એટલે તેમણે ત્રણેએ પોતાના ફ્લેટની બારીમાંથી પડતું મૂકીને આપઘાત કર્યો.

માતાપિતાના આપઘાતની ઘટના જેવી રીતે બની તેવી જ રીતે આ ત્રણેના આપઘાતની ઘટના બની. જે રીતે માતાપિતાએ માનસિક સંતાપને કારણે આત્મહત્યા કરી તેના જ ફળસ્વરૂપે તેમને સંતાપ આપનારાઓને પણ આત્મહત્યા કરવી પડી. તેમણે ઝેર લઈને આપઘાત કરવાને બદલે બારીમાંથી પડતું મૂકીને આત્મહત્યા કરી. પાપકર્મનો ઉદય ક્યારેક એવી રીતે આવે છે કે જીવને પોતાના જે કર્મો ભોગવવા પડે છે તેમાં પણ આગલી ઘટનાનું જ પુનરાવર્તન થાય છે.

ઘણાં વર્ષો પહેલાં મુંબઈમાં એક ચાલીમાં અમે રહેતા હતા ત્યારે બનેલી એક વિલક્ષણ ઘટના યાદ રહી છે. ચાલીની એક ઓરડીમાં એક વિધવા માતા, એમનો દીકરો અને વહુ અને એમનાં સંતાનો રહેતાં હતાં. વિધવા માતાનું નામ લલિતાબહેન અને પુત્રવધૂનું નામ માયાબહેન. આ સાસુવહુ વચ્ચે રોજ વાગ્યુદ્ધ થતું. એમાં એકબીજાની કે પડોશીઓની જરા પણ શરમ નહિ. સાસુ પૂરેપૂરું સાસુપણું ભજવે અને વહુ ધડાધડ સામા જવાબ આપે.

એક દિવસ સવારે લલિમા (અમે બધાં એ નામથી બોલાવતાં) માધવબાગમાં લક્ષ્મીનારાયણનાં દર્શન કરવાં રોજની જેમ ગયાં. તે વખતે મંદિરનાં પગથિયાં ચડતાં લલિમાનો પગ લપસ્યો અને જમણા પગે ફ્રેક્ચર થયું. તેમને ઉપાડીને ઘરે લાવવામાં આવ્યાં. હવે ઘરે તેમની ચાકરી કરવાની જવાબદારી વહુના માથે આવી. વહુ જબરી અને બેધડક બેશરમ રીતે બોલવાવાળી હતી. તે બોલી 'ડોશી પડી તેથી મારે ચાકરી કરવાનો વારો આવ્યો. તેના કરતાં તે મરી ગઈ હોત તો સારું હતું.' લાચાર લલિમા આ સાંભળે, સહન કરી લે અને વહુને ગાળો અને શાપ પણ આપે. સાસુનું કામ કરતાં વહુ રોજ બબડતી, 'જોને ડોશી મારો કેડો છોડતી નથી. હવે મરે તો સારું.' છ મહિના સુધી આ રીતે રોજ ગાળાગાળી અને કંકાસ ચાલ્યો. અને લલિમા ગુજરી ગયા. ઘરમાં શાંતિ થઈ. વહુ પણ રોજ માધવબાગમાં દર્શન કરવા જતી. ત્યાર પછી એકાદ વર્ષ પસાર થયું. એક દિવસ વહુ માધવબાગમાં દર્શન કરવા ગઈ ત્યારે જે પગથિયા પરથી સાસુનો પગ લપસ્યો હતો બરાબર એ જ પગથિયા પરથી વહુનો પગ લપસ્યો. તેને પણ તે જ રીતે જમણા પગે ફ્રેક્ચર થયું. એને ઉંચકીને ઘરે લાવ્યા. પીડાને લીધે વહુ ઘરમાં પથારીમાં પડી પડી જે રીતે ડોસી ચીસો પાડતી હતી તે જ રીતે ચીસો પાડવા લાગી. છ મહિને એટલા જ દિવસે તેનું પણ મૃત્યુ થયું. આખી ઘટનાનું જાણે પુનરાવર્તન થયું.

કર્મફળ ભોગવવાનાં આ તો વિલક્ષણ પ્રકારનાં ઉદાહરણો છે. કેટલીક વાર કોઈક બીજા પ્રકારની વિલક્ષણતા કે વિચિત્રતા કર્મફળના વિષયમાં જોવા મળે છે. કર્મની ગતિ બહુ ન્યારી છે અને ગહન તથા અકળ છે. એટલા માટે ભગવાને ઉત્તરાધ્યયન સૂત્રમાં કહ્યું છે:

तेणे जहा संधिमुहे गहीए सकम्मुणा किच्चइ पावकारी ।
एवं पया पेच्च इहं च लोए कडाण कम्माण ण मोक्ख अत्थि

[જેમ ખાતર પાડતી વખતે જ 'સંધિમુહે' એટલે છીંડું પાડવાની જગ્યાએ પકડાઈ જતાં પાપી ચોર પોતાનાં પાપકર્મોથી દુઃખ પામે છે તેમ દરેક જીવ પોતાનાં કરેલાં કર્મોનું ફળ આ લોકમાં કે પરલોકમાં

ભોગવે છે, કારણ કે કરેલાં કર્મો ભોગવ્યા વિના છૂટકો નથી.]

વળી ઉત્તરાધ્યયનસૂત્રમાં જ ભગવાને કહ્યું છે:

**जे पावकम्मेहिं धणं मणुस्सा समाययंति अमइं गहाय ।**
**पहाय ते पासपयट्टिए णर वेराणुबद्धा णरयं उवेंति ।।**

[જે મનુષ્યો પાપકર્મ કરીને ધનનું ઉપાર્જન કરે છે અને ધનને અમૃતતુલ્ય સમજીને સંગ્રહ કરે છે, પરંતુ સંસારની જંજાળમાં સપડાયેલો તે ધન અહીં મૂકીને જ જાય છે. વેરભાવથી બંધાઈ તેવા જીવો મરીને નરક ગતિમાં જાય છે.]

ભગવાને અહીં 'સંધિમુખ' શબ્દ પ્રયોજ્યો છે. એનો અર્થ થાય છે ભીંતમાં પાડેલા બાકોરાનું મોઢું.

કેટલાંક કર્મો એવાં છે કે એનાં ફળ તરત જ ભોગવવાનાં આવે છે. અહીં જૂના વખતમાં ચોરી કરનાર ચોરનું ઉદાહરણ આપવામાં આવ્યું છે. જૂના વખતમાં જ્યારે વીજળીના દીવા નહોતા અને સાંજ પડે અંધારું થાય ત્યારે અંધારામાં ચોરો પ્રવૃત્ત થતાં. તેઓ ચોરી કરવા માટે દિવસ દરમિયાન ઘર જોઈ રાખતા અને ઘરમાં દાખલ થવા માટે કઈ ભીતમાં બાકોરું પાડવાની શક્યતા છે તે પણ નક્કી કરી લેતા, આવી રીતે ચોરી કરવા માટે રાતના ભીંતમાં બાકોરું કરવું એને 'ખાતર પાડવું' કહે છે, બાકોરું બહુ મોટું પાડવામાં નહોતું આવતું, કારણ કે એમાં સમય વધુ લાગે અને પકડાઈ જવાની બીક રહે, એટલે નાના બાકોરામાં પહેલાં પગ નાખી પછી સૂતાં સૂતાં કે બેઠાં બેઠાં ઘરમાં દાખલ થવાતું. કોઈ ચોર તો દાખલ થતાં, 'સંધિમુખ' એટલે છિદ્રના મોઢા આગળ જ પકડાઈ જતા.

જૂના વખતમાં ચોરી એ પણ એક કલા ગણાતી. નાટ્યકાર શૂદ્રકે 'મૃચ્છકટિક' નાટકમાં ચૌર્યકલાનો નિર્દેશ કર્યો છે. કેટલાક સુતાર, લુહાર, કુંભાર વગેરે જાતિના લોકો પણ ચોરી કરવા નીકળતા. તેઓને એમ થાય કે આપણે ચોરી કરી એ પણ જોવા જેવી હોવી જોઈએ. ચોરી કર્યા પછી સવારે જ્યારે માણસ બાકોરું જોવા એકઠા થયા હોય ત્યારે તો તેઓ પણ પોતે બનાવેલું બાકોરું જોવા જતા. બાકોરાનો આકાર કળશ જેવો, કમળ જેવો, સાથિયા જેવો, ધ્યાનમાં બેઠેલા માણસ જેવો કરતા. આપણને થાય કે એમાં તો વધારે વાર લાગે, પણ તેઓ એટલા અનુભવી અને કુશળ હોય ભીંતમાં તરત કલાત્મક બાકોરું કરી શકતા.

ભગવાને આ શ્લોકમાં 'સંધિમુખ' શબ્દના ઉલ્લેખ દ્વારા તે કાળે બનતી ચોરીની એવી ઘટનાઓનો નિર્દેશ કર્યો છે. આ શ્લોકના સંદર્ભમાં 'સંધિમુખ'નો ઉલ્લેખ કરીને ટીકાકાર શાસ્ત્રકારોએ ચોરનાં કેટલાંક દૃષ્ટાંતો વર્ણવ્યાં છે. પ્રિયંવદ નામનો એક સુથાર લાકડાની કલાકૃતિઓ બનાવવામાં ઘણો કુશળ હતો. બહુ થોડા સમયમાં એ સુંદર કલાકૃતિઓ બનાવી શકતો. વળી ભીંત ઉપર ખોદીને પણ જે કહો તે કલાકૃતિ ઘડીમાં બનાવી આપતો. એ સુથારને પછીથી ચોરીની ટેવ પડી.

કલાત્મક બાકોરું કરવું એ એને માટે રમત વાત હતી. એક રાતે એણે કરવત અને બીજાં ઓજારો વડે ભીંતમાં કમળના આકારનું બાકોરું બનાવ્યું. પછી ચોરી કરવા માટે એણે બેઠાં બેઠાં બાકોરામાં દાખલ થવાનો પ્રયાસ કર્યો. સૌથી પહેલાં એણે પોતાના બે પગ બાકોરામાં દાખલ કર્યા. પરંતુ એજ વખતે ઘરનાં માણસો જાગી ગયા. દીવો કરીને જોયું તો બાકોરામાં બે પગ દેખાયા. તેમણે તરત જ બે પગ પકડી લીધા અને દોરી વડે મજબૂત રીતે બાંધી દીધા. ચોરે તરત બહાર નીકળવાનો પ્રયાસ કર્યો. પણ ઘરના લોકોએ પગ ખેંચી રાખ્યા અને એના ઉપર તીક્ષ્ણ પ્રહારો કર્યા.

ચોરના સાથીદારો બહારથી તેને પકડીને જોરથી જેમ ખેંચતા જાય તેમ બન્ને બાજુ ખેંચાતા ચોરના પગ ભાંગ્યા અને એમ કરતાં તો ચોર ત્યાં જ મૃત્યુ પામ્યો. ચોર ચોરી કરવા ગયો. હજુ એણે ચોરી કરી નહોતી, ત્યાં જ એને ચોરીના ફળરૂપે મૃત્યુને ભેટવું પડ્યું.

બીજા એક દૃષ્ટાંતમાં એક ચોર આવી રીતે રાત્રે અંધારામાં સુંદર કલાત્મક બાકોરું પાડીને કુશળતાપૂર્વક ચોરી કરતો અને પકડાતો નહિ. જે ઘરમાંથી રાતે ચોરી કરીને આવે, પછી સવારે પોતે દોરેલી આકૃતિ જોવા થાય. એક વખત એણે મોટી ચોરી કરી હતી. એનું કલાત્મક બાકોરું જોવા આખું ગામ ઉમટ્યું હતું. પોતે પણ ગયો હતો. લોકો ચોરીની વાત છોડીને બાકોરાની પ્રશંસા કરવા લાગ્યા. એ વખતે એનાથી રહેવાયું નહિ. એનાથી ઉત્સાહથી ભૂલમાં બોલાઈ ગયું કે 'અરે, આ કલાત્મક સંધિમુખ તો મેં કર્યું છે', પણ પછી તરત પોતાની ભૂલ સમજાઈ ગઈ. તે પકડાઈ ગયો. તેની ચોરી પુરવાર થઈ અને રાજાએ એને ફાંસીની સજા કરી. કેટલીકવાર માણસો પાપ કરે છે અને પાપ માટે બડાઈ હાંકે છે, પણ જ્યારે એનાં ફળ ભોગવવાનાં આવે છે ત્યારે તે ઘણાં મોટાં હોય છે. કર્મનાં ફળ ભોગવ્યાં વિના કોઈનો છૂટકારો નથી. કેટલીકવાર માણસ પોતાના કુટુંબ માટે પાપ કરે છે, પરંતુ એ જ્યારે ઉદયમાં આવે છે ત્યારે તે ભોગવવામાં કોઈ ભાગ પડાવવા આવતું નથી. ગંભીર રોગના રૂપમાં તે કર્મ ઉદયમાં આવે છે અને અસહ્ય યાતના ભોગવવી પડે છે તો તે પોતે એકલાએ જ ભોગવવાની રહે છે.

કેટલાક માણસો ચોરી કરીને ઘણું ધન કમાય છે, પણ પછી તે અહીં જ મૂકીને જવાનું થાય છે. પરંતુ પોતાનાં કર્મનું ફળ એને આ ભવમાં કે પરભવમાં ભોગવવાનું આવે છે.

પોતાના લોભ કે સ્વાર્થને માટે માણસ અસત્ય બોલે છે, ચોરી કરે છે, બીજાનું છીનવી લે છે. 'જર, જમીન અને જોરુ એ ત્રણે કજિયાનાં છોરું' એ કહેવત તદ્દન સાચી છે. એના માટે મોટાં વેર બંધાય છે, વેરનો બદલો લેવાય છે. એ માટે ઘોર હિંસા થાય છે. પરંતુ આવી હિંસાને પરિણામે તેવા જીવો નરક ગતિમાં જાય છે. એટલા માટે જ કહેવાયું છે કે 'બંધ સમય ચિત્ત ચેતીએ, ઉદયે શો સંતાપ ?'

કયું કર્મ ક્યારે ઉદયમાં આવે છે એ તો કોણ કહી શકે ? ક્યારેક તે તરત ઉદયમાં આવે છે અને ક્યારેક હજારો ભવ પછી. પરંતુ કર્મનો હિસાબ અવશ્ય ચૂકતે થાય છે.

કોઈવાર ચોરી કે બળાત્કાર કરવા જતાં માણસ પકડાય અને તે વખતે જ લોકો એના પર એવા તૂટી પડે કે માણસ ત્યાં જ મૃત્યુ પામે, ત્યારે એને એના કર્મનું ફળ તરત મળ્યું એમ લોકો કહે છે. કેટલીક વાર માણસે મોટી દાણચોરી કરી હોય પણ આખી જિંદગી તે પ્રકાશમાં ન આવી હોય. એ રીતે ચોરીથી મેળવેલી રકમમાંથી તે સમાજમાં મોટું દાન આપે અને દાનવીર તરીકે પ્રખ્યાત થાય છે. એટલે કેટલીક વાર કર્મનું ફળ જિંદગીભર મળતું નથી. અરે કેટલાક ભવ સુધી પણ ન મળે. પરંતુ ગમે ત્યારે પણ એને એ કર્મ ભોગવ્યા વગર છૂટકો નથી. પરંતુ ભોગવવાનું આવે ત્યારે ઘણું વધારે ભોગવવાનું આવે. અશુભ કર્મ હસતાં હસતાં બંધાય છે અને રડતાં રડતાં ભોગવવાં પડે છે. જેમ અશુભ કર્મની બાબતમાં તેમ શુભ કર્મની બાબતમાં પણ સમજવું જોઇએ.

કર્મ અનંત પ્રકારનાં છે અને અનંત પ્રકારે ભોગવવા પડે છે. અનંત પ્રકારનાં કર્મોનું મુખ્ય આઠ પ્રકારમાં વર્ગીકરણ કરવામાં આવ્યું છે. આ બધા કર્મોના બંધ, સત્તા, ઉદય, ઉદીરણા વગેરે ઘણી બધી ઝીણવટભરી વિગતો 'કર્મગ્રંથ'માં અને બીજા શાસ્ત્રગ્રંથોમાં આપવામાં આવી છે. માણસ જો દિવસ રાત, પોતાનાં કાર્યો કરવા સાથે દુનિયામાં બનતી ઘટનાઓ પાછળ રહેલા કર્મ અને એના પ્રકારનું ચિંતન-મનન કરતો રહે તો એનો આત્મા બહુ નિર્મળ થાય છે એમ શાસ્ત્રકારો કહે છે.

જેઓ શુભાશુભ કર્મના બંધ અને ભોગવટામાંથી કાયમ માટે મુક્તિ મેળવે છે, મોક્ષગતિ પામે છે એ જીવો પરમ વંદનીય છે !

□ રમણલાલ ચી. શાહ

# ઉપાધ્યાય શ્રી યશોવિજયજી કૃત શ્રી અષ્ટસહસ્ત્રીતાત્પર્યવિવરણમ્

□ ડૉ. કુમારપાળ દેસાઈ

ગ્રંથનું પ્રાગટ્ય એ વિશિષ્ટ સાંસ્કૃતિક ઘટના ગણાય. કેટલાક ગ્રંથો સાહિત્યરસિકો માટે હોય છે, કેટલાક વિદ્વાનો માટે હોય છે અને કેટલાક વિરલ પ્રજ્ઞાપુરુષો માટે હોય છે. તાજેતરમાં પ્રકાશિત થયેલો 'અષ્ટસહસ્ત્રીતાત્પર્યવિવરણમ્' ગ્રંથ દાર્શનિક વાદશૈલીનો દિગ્ગજ મહાગ્રંથ છે. આ મહાનગ્રંથ ખુદ વિદ્વાનોને માટે પણ અત્યંત ગહન ગણાય છે. એમાં પ્રાચીન ન્યાય અને નવ્યન્યાયનું સંમિલન છે તો વળી જૈનધર્મની દિગંબર અને શ્વેતાંબર ગ્રંથનિર્મિતિનું દુર્લભ સાયુજ્ય છે. વિક્રમની ત્રીજી શતાબ્દીમાં રચાયેલા આ ગ્રંથ વિશે અનેક પંડિતોએ અભ્યાસ કર્યો છે. ખુદ વિદ્વાનોને માટે એ અત્યંત અઘરો અને કષ્ટદાયી ગ્રંથ હોવાથી આ કૃતિને કેટલાક 'અષ્ટસહસ્ત્રી'ને બદલે 'કષ્ટસહસ્ત્રી' તરીકે ઓળખે છે.

આ ગ્રંથનો પંદર સૈકાઓનો જ્વલંત ઇતિહાસ છે. એની રચના થઈ ત્રીજી સદીમાં થયેલા આચાર્ય સમંતભદ્ર દ્વારા. એમણે 'આપ્તમીમાંસા' નામના શાસ્ત્રની રચના કરી, જેની ૧૧૪ ગાથાઓમાં પરમાત્માની સ્તુતિ કરવામાં આવી હતી. શાસ્ત્ર પર ભાષ્ય રચાય, એ રીતે વિક્રમની છઠ્ઠી સદીમાં આચાર્ય ભટ્ટ અકલંક દેવ 'આપ્તમીમાંસા'નું ભાષ્ય રચે છે. ૧૧૪ ગાથાઓની એ સ્તુતિ પર ભાષ્ય રૂપે આઠસો નવા શ્લોકો રચે છે. ગ્રંથનાં રહસ્યો સમજવાની અને એના અર્થો પામવાની યાત્રા વણથંભી ચાલુ રહી છે. વિક્રમની નવમી સદીમાં આચાર્ય વિદ્યાનંદજી પેલા આઠસો શ્લોકના ભાષ્ય પર આઠ હજાર શ્લોકપ્રમાણ ટીકા રચે છે. આ ટીકા એ 'અષ્ટસહસ્ત્રી'ના નામે ઓળખાય છે. એ પછી તત્ત્વજ્ઞાનના આ અત્યંત કઠિન મહાગ્રંથ પર અધ્યયન-અધ્યાપન થતું રહ્યું. એની સમજ અને એના અર્થોની ખોજ ચાલુ રહી. વિક્રમની અઢારમી સદીના ન્યાયવિશારદ ન્યાયાચાર્ય ઉપાધ્યાય શ્રી યશોવિજયજી ગણિવર્ય 'અષ્ટસહસ્ત્રી' ગ્રંથ પર આઠ હજાર શ્લોક પ્રમાણ વિવરણ લખે છે. આ વિવરણ તે 'અષ્ટસહસ્ત્રીતાત્પર્યવિવરણમ્' તરીકે પ્રખ્યાત થાય છે.

ગુજરાતના મહાન જ્યોતિર્ધર અને પરમ પ્રભાવક એવા મહાન દાર્શનિક ઉપાધ્યાય શ્રી યશોવિજયજી મહારાજ 'ઉપાધ્યાયજી' તરીકે ઓળખાતા હતા. તેઓનું વિદ્યાતેજ જોઇને વિદ્વાનો એમને 'આ તો સાક્ષાત મૂછાળી સરસ્વતી જ છે' એમ કહેતા. એમના વાણી, વચનો અને વિચારો અત્યંત આધારભૂત અને શાસ્ત્રવચન સમા ગણાય છે. ઉપાધ્યાય શ્રી યશોવિજયજી મહારાજે સંસ્કૃત, પ્રાકૃત અને ગુજરાતીમાં અસંખ્ય કૃતિઓની રચના કરી છે, પરંતુ એમની કૃતિઓનું 'એવરેસ્ટ' શિખર એટલે 'અષ્ટસહસ્ત્રી-તાત્પર્યવિવણમ્'.

નવ્ય ન્યાયમાં વિષયના નિષ્કર્ષ આપતી સૂક્ષ્મ ચર્ચાઓ કરતી વિચારપદ્ધતિને 'વાદ' તરીકે ઓળખવામાં આવે છે. આ પ્રકારની ગ્રંથરચનાની શૈલી સમજવી અત્યંત અઘરી હોય છે. 'અષ્ટસહસ્ત્રી-તાત્પર્યવિવરણમ્'માં આવા એક-બે નહીં, પરંતુ છત્રીસ જેટલા વાદોનો સમાવેશ થયો છે.

રઘુનાથ તર્કશિરોમણિ, રઘુદેવ ભટ્ટાચાર્ય, મધુસૂદન સરસ્વતી, બ્રહ્મેન્દ્ર, ગંગેશ ઉપાધ્યાય, ભવદેવ તર્કાલંકાર, ભટ્ટોજી દીક્ષિત, ભર્તૃહરિ, ગોપાલ સરસ્વતી, શાન્તરક્ષિત, ધર્મકીર્તિ જેવા ધુરંધર તાર્કિકોની વિચારધારાની સૂક્ષ્મ સમાલોચના આ ગ્રંથમાં કરવામાં આવી છે. માત્ર ઉપાધ્યાય શ્રી યશોવિજયજી મ. જ આવું અદ્ભુત પ્રજ્ઞાસામર્થ્ય દાખવી શકે ! વળી આ ગ્રંથના પ્રત્યેક પરિચ્છેદના આરંભમાં ભક્તિભાવથી તરબોલ એવી સ્તુતિઓ છે. ઉપાધ્યાય શ્રી યશોવિજયજી મ.એ લખેલા આ ગ્રંથની એક વિશેષતા એ છે કે સ્વયં તેઓના સ્વહસ્તે લખાયેલી હસ્તપ્રત પુનાના ભાંડારકર ઓરિએન્ટલ રિસર્ચ સેન્ટરમાં જળવાયેલી છે. સર્જકના જ સ્વહસ્તે લખાયેલી હસ્તપ્રત મળવી એ કેટલું મોટું સદ્ભાગ્ય કહેવાય. આ હસ્તપ્રતનું સંશોધન અને સંપાદનનું કામ દર્શનશાસ્ત્રમાં નિપુણતા ધરાવતા મુનિરાજ શ્રી વૈરાગ્યરતિવિજયજીએ કર્યું. સંપાદનનું કામ એ ધૂળધોયાનું કામ છે. વર્ષોનો પરિશ્રમ માગી લે તેવું કામ છે. ક્યારેક તો કોઈ એક શબ્દ કે કોઈ એક વાક્યને સમજવા માટે દિવસોના દિવસો ઊંડા ચિંતન અને વિચારમાં પસાર કરવા પડે. આવી રીતે સતત બે વર્ષની અથાગ મહેનત બાદ મુનિરાજ શ્રી વૈરાગ્યરતિ વિજયજીએ આ અત્યંત કઠિન ગ્રંથને તૈયાર કર્યો.

આ ગ્રંથની પાછળ ગુરુના આશીર્વાદનું બળ રહેલું છે. પૂજ્યપાદ આચાર્ય ભગવંત શ્રીમદ્ વિજયરામચંદ્રસૂરીશ્વરજી મહારાજ સાહેબને ઉપાધ્યાયજી મહારાજના ગ્રંથો ખૂબ ગમતા હતા. એનું મુખ્ય કારણ એ કે તેઓને દ્રવ્યાનુયોગ સાહિત્યમાં વધુ રસ હતો. પૂજ્યપાદશ્રીને ઉપાધ્યાયજીનો સ્પષ્ટ અને તટસ્થ ઉપદેશ ખૂબ ગમતો, તેમ જ ઉપાધ્યાયજીની સંપૂર્ણ શ્રદ્ધામય વિચારશક્તિ પસંદ હતી. આથી ચૌદમા વર્ષે દીક્ષા લેનારા મુનિશ્રી વૈરાગ્યરતિવિજયજીને પૂજ્યપાદ આચાર્ય ભગવંતે કહ્યું,

'તારા જેવા સાધુઓ માત્ર ભણે અને ભણાવે એટલું પૂરતું નથી. તેના કરતાં તું ઉપાધ્યાયજી મહારાજના ગ્રંથો પર કામ કરે તો મને વધુ આનંદ થાય.'

આજે એ આનંદ કોઈ બિંદુ રૂપે નહીં, ઝરણાં રૂપે નહીં, નદી કે સરોવર રૂપે નહીં, પરંતુ એક સાગર રૂપે મુનિરાજ વૈરાગ્યરતિવિજયજીના ઉપાધ્યાયજીના ગ્રંથો પરના અનેક ગ્રંથોથી પ્રગટ થાય છે. આ સમયે મુનિરાજશ્રીના હૃદયમાં કઈ લાગણી હતી ? તે લાગણી વિશે તેમના લઘુબંધુ મુનિશ્રી પ્રશમરતિવિજયજી મહારાજ સાહેબના શબ્દોમાં કહીએ તો 'મંત્રી વસ્તુપાળે ભવ્ય સંઘ કાઢ્યો, સંઘની માળ પહેરી, સર્વત્ર ઉત્સવ, મહોત્સવ અને આનંદ હતો ત્યારે વસ્તુપાળ બાજુમાં ઊભા ઊભા રડી રહ્યા હતા. એમની આંખોમાં ચોધાર આંસુ જોઈને કોઈએ પૂછ્યું કે શા માટે આટલું બધું આક્રંદ કરો છો ? ત્યારે એમણે કહ્યું કે આ ક્ષણે મને મારી મા યાદ આવી ગઈ. એ આજે હાજર હોત તો કેટલી બધી ખુશ થાત !' ઉપાધ્યાય યશોવિજયજી મહારાજના અત્યંત કઠિન ગ્રંથ એવા 'અષ્ટસહસ્ત્રી-તાત્પર્યવિવરણમ્'ના પ્રાગટ્ય-પ્રસંગે આજે પૂજ્યપાદ આચાર્યમહારાજ હોત તો કેવું ! આવો અનુભવ મુનિશ્રી વૈરાગ્યવિજયજી મ.ના હૃદયમાં થઈ રહ્યો છે.

આ ગ્રંથ રચના પાછળ એક વિરલ ઘટના છે અને તે છે બે આચાર્ય મહારાજોની વિરલ પ્રેરણા. અમદાવાદના પાલડીમાં પૂ. આચાર્ય શ્રી વિજયપ્રદ્યુમ્નસૂરીશ્વરજી મહારાજ સાહેબ બિરાજમાન હતા. ઉપાધ્યાયજી મહારાજના સાહિત્યના રંગે રંગાયેલા એવા આચાર્ય મહારાજે પૂ. આચાર્ય શ્રી વિજયકીર્તિયશસૂરીશ્વરજી મહારાજને સમાચાર મોકલ્યા કે, 'મારે તમને એક ચીજ બતાવવી છે. તમે આવો,' આચાર્ય શ્રી વિજયકીર્તિયશસૂરિ જૈન સોસાયટીના

ઉપાશ્રયમાં ગયા અને આચાર્ય શ્રી વિજયપ્રદ્યુમ્નસૂરિએ ઉપાધ્યાય શ્રી યશોવિજયજી મહારાજના સ્વહસ્તાક્ષરમાં લખેલી અષ્ટસહસ્ત્રીતાત્પર્યવિવરણમ્‌ની ઝેરોક્ષ બતાવી. એ વાત આચાર્ય શ્રી વિજયકીર્તિયશસૂરિએ જ્યારે મુનિશ્રી વૈરાગ્યરતિવિજયજીને કરી. આચારાય શ્રી વિજયકીર્તિયશસૂરિએ કહ્યું કે એ અષ્ટસહસ્ત્રી-તાત્પર્યવિવરણમ્ જોતાં મારા મનમાં એવો ભાવ જાગ્યો કે તારા જેવા આ ગ્રંથ સંપાદન કરી શકશે અને તેથી તું આ કામ કર. આમ બંને આચાર્યશ્રીઓએ કહ્યું કે, 'તું નહીં કરે તો કોણ કરશે ?' અને એ વચનોએ મુનિરાજને પ્રબળ પ્રેરણાપાથેય પૂરું પાડ્યું.

એક તો અત્યંત કઠિન ગ્રંથ. એ ગ્રંથ અગાઉ પ્રગટ પણ થયેલો. રાજનગર જૈન ગ્રંથ પ્રકાશક સભાએ પૂજ્યપાદ આચાર્ય વિજયઉદયસૂરીશ્વરજીએ આ ગ્રંથ ૧૯૩૭માં પ્રકાશિત કર્યો હતો. તો પછી શા માટે એનું પ્રકાશન ? એનું કારણ એ હતું કે આચાર્ય શ્રી ઉદયસૂરીશ્વરજી પાસે કોઈએ કરેલી કોપી હતી. મૂળ ગ્રંથ નહોતો અને તેથી તેની પાઠશુદ્ધિ કરવાની જરૂર હતી. બીજું અષ્ટશતી અને અષ્ટસહસ્ત્રીના જુદા પાઠ ન હતા તે આ ગ્રંથમાં મુનિરાજશ્રીએ જુદા તારવ્યા. એના વિષયોને અલગ પાડ્યા. એટલું જ નહીં પણ આમાં જે વાદોની વાત આવે છે, તે દરેક વિષે એક એક પ્રકારણ થાય તેવા છત્રીસ જેટલા વાદો વિશે વિગતે નોંધ કરી.

આ ગ્રંથ સંપાદનમાં સતત મગ્ન એવા મુનિરાજ શ્રી વૈરાગ્યરતિમહારાજને સ્વપ્નમાં પણ આ જ ગ્રંથ દેખાતો હતો. વિહાર દરમિયાન તેઓએ ગંગા નદીને કિનારે ભ્રમણ કર્યું હતું. આ એ ગંગાનદી કે જ્યાં ઉપાધ્યાય યશોવિજયજીને સરસ્વતી પ્રસન્ન થયા હતા અને એમણે વરદાન આપ્યું હતું કે તમે વાદ-વિદ્યા અને ગ્રંથરચનામાં અજેય વિદ્વાન થશો. તર્ક-કાવ્યમાં તમારી સ્પર્ધા કરે તેવો કોઈ મળશે નહીં. મુનિરાજને ગંગા કિનારે તો સરસ્વતીનો સાક્ષાત્કાર ન થયો, પરંતુ આ ગ્રંથ સંશોધન સમયે ઉપાધ્યાય યશોવિજયજીનો સાક્ષાત્કાર થયો હોય તેવો વિરલ અનુભવ થયો. ક્યારેક કોઈ શબ્દનો અર્થ ન સમજાય ત્યારે તેઓ સાંજે જાપ કરતી વખતે ઉપાધ્યાયશ્રી યશોવિજયજી મ.નું સ્મરણ કરે અને પરિણામે એમને યોગ્ય પાઠ મળી જતો. એમ કહેવાય છે કે આ પ્રકારે દર્શનશાસ્ત્રનો અભ્યાસ કરનારને સ્વયં ઉપાધ્યાયજીની સહાય મળે છે. આ ગ્રંથ રચના સમયે એ કથા સત્ય હોવાનો અનુભવ સંપાદકશ્રીને વખતોવખત થયો છે. જાણે ઉપાધ્યાય શ્રી યશોવિજયજી મહારાજ સ્વયં બાજુમાં બેસીને ભણાવતા હોય તેવી વિરલ અનુભૂતિ થઈ. આ વિરલ અનુભૂતિ જ અત્યંત મુશ્કેલ એવા સંપાદનકાર્યની સૌથી મોટી આનંદ અનુભૂતિ બની રહી. બે વર્ષના ટૂંકા ગાળામાં આ સંપાદનકાર્ય કરવું અતિ કઠિન હતું પરંતુ ઉપાધ્યાયજી મહારાજની પ્રેરણાને કારણે એ સિદ્ધ થયું. પંડિતવર્ય શ્રી રજનીકાંતભાઈ પરીખ તથા શ્રી નારાયણશાસ્ત્રી દ્રવિડ જેવા ધુરંધર નૈયાયિક વિદ્વાનો પાસે દર્શનશાસ્ત્રોનો સઘન અભ્યાસ કરીને મુનિશ્રીએ ૩૫ વરસની વયે, વીસ વરસના દીક્ષા-પર્યાયમાં જ્ઞાનસાધનાનાં ક્ષેત્રે અનુમોદનીય પ્રગતિ હાંસલ કરી છે. ઉપાધ્યાયજી મહારાજના ગ્રંથોની ખોજ કરતાં એક નવો ગ્રંથ મળી આવ્યો અને તે 'ઉપદેશામૃતતરંગિણી.'

આ ગ્રંથનું સંશોધન પૂર્ણ થયા બાદ પ્રસ્તાવના લખવાની વેળા આવી. મુનિરાજ શ્રી વૈરાગ્યરતિવિજયજીએ ઘણી મથામણ કરી. પ્રસ્તાવના લખવા માટેના વિચારો ચિત્તમાં કોઈ આકાર ધારણ કરતા ન હતા. ખૂબ બેચેની થઈ. એવામાં વિહાર કરતા સિદ્ધપુરમાં આવ્યા. આ સિદ્ધપુરમાં ઉપાધ્યાય યશોવિજયજીએ 'જ્ઞાનસાર' ગ્રંથની રચના કરી હતી. તેઓની છબી જોઈ અને બસ, પછી ચિત્તમાં સ્ફુરણા થતા ત્રીજે જ દિવસે બે કલાકમાં અવિરત કલમ ચાલી અને પ્રસ્તાવના લખાઈ ગઈ.

આ ગ્રંથ સંશોધન સમયે માંદગી પણ એવી આવી કે જે સામાન્ય માનવીને જીવન પ્રત્યે નિરાશ કરી મૂકે. કમરથી પગના અંગૂઠા સુધીનો દુ:ખાવો એવો થયો કે જાણે પેરાલિસીસ ન થયો હોય! આમ તો વીસ વર્ષ જૂનું દર્દ હતું, પણ હવે એ દર્દ દેહને સતત ડામ દેવા લાગ્યું હતું. આ નિરાશા અને હતાશાના સમયે આ સંશોધનકાર્યે નવી ચેતના જગાવી. મુનિરાજ બેસી શકતા નહીં, વેદનાને કારણે ઊંધા સૂઈ રહેવું પડે. પાટ પર ઊંધા સૂતા સૂતા નીચે પાટલી રાખીને હસ્તપ્રતોનાં પાનાં ઉકેલતા જાય, નોંધ કરતા જાય અને એ રીતે મહિનાઓ સુધી એમણે આ સંશોધન કાર્ય કર્યું. સંપાદનકાર્યમાં ઝીણવટથી કામ કરવાનું હતું. એકાંતમાં જ કામ થાય તેવી અપેક્ષા હતી, માટે લગભગ એક મહિનો મુનિશ્રી અજ્ઞાતવાસમાં રહ્યા હતા.

આ ગ્રંથ સંપાદનની વિશેષતા એ છે કે ભારતીય શાસ્ત્ર પરંપરામાં દર્શનશાસ્ત્રના ગ્રંથો સૌથી કઠિન ગણાય છે. એમાં પણ ભારતની દાર્શનિક પરંપરામાં 'અષ્ટસહસ્ત્રી' ગ્રંથ એ સૌથી કઠિન ગ્રંથ ગણાય છે. એમાં સંશોધકને પદે પદે કષ્ટ આવે એનો અર્થ એ કે એને એકે એક શબ્દનો અર્થ પામવા ઘણો પ્રયાસ કરવો પડે. આનું કારણ એની નવ્ય-ન્યાયની ક્લિષ્ટ શૈલી છે. આમ જેનો વિષય ક્લિષ્ટ અને જેની શૈલી ક્લિષ્ટ એ ગ્રંથનું સંપાદન કેટલું કપરું હોય? એક એક શબ્દ કે પંક્તિના અર્થ બેસાડવા માટે દિવસરાત મહેનત કરવી પડે. એના મૂળ સ્થાનો શોધવા પડે. વળી એ મૂળના સંદર્ભને ગ્રંથકારે કઈ રીતે મૂલવ્યો છે તે જોવું પડે. એના શુદ્ધ પાઠ મેળવવા પડે.

આ સંપાદનને માટે દર્શનશાસ્ત્રના જૈન અને જૈનેતર એવા ૧૧૦૦ ગ્રંથો જોયા અને એનું પરિશિષ્ટ તૈયાર કર્યું. નવ્ય ન્યાય અને પ્રાચીન ન્યાયના સંદર્ભો કોઈ પ્રગટ થયેલા પુસ્તકમાં મળતા નહતા. એને માટે મૂળ હસ્તપ્રતો જોવી પડે. ન્યાયદર્શન, વૈશેષિકદર્શન, ચાર્વાકદર્શન, બૌદ્ધ દર્શન, વેદાંતદર્શન, મીમાંસાદર્શન, સાંખ્યદર્શન, યોગદર્શન, તંત્ર, શાસ્ત્ર, વિવિધ કોશગ્રંથ, સાહિત્યશાસ્ત્ર, પ્રાચીન ન્યાયના ગ્રંથો, નવ્યન્યાયના ગ્રંથો, આગમ ગ્રંથો, નિર્યુક્તિ ગ્રંથો, ભાષ્યગ્રંથો, પ્રકરણ ગ્રંથો, વિવરણ ગ્રંથો, પુરાણગ્રંથો, દિગંબર પ્રાભૃતગ્રંથોના આધારે શ્રી અષ્ટસહસ્ત્રીતાત્પર્યવિવરણમ્‌ના મૂળ વિષયને સ્પષ્ટ કરતી ટિપ્પણ લખી છે. એ રીતે મુનિશ્રી મહામહોપાધ્યાય શ્રી યશોવિજયજી મહારાજના શબ્દોને સુરેખ સ્પષ્ટતા આપી છે. એમના આ ગ્રંથની ટિપ્પણમાં એમણે છસ્સોથી વધુ સંદર્ભગ્રંથો નોંધ્યા છે. ઉત્તમ કક્ષાના સંપાદન ગ્રંથમાં હોય તેવા અગિયાર પરિશિષ્ટ ખંડો ગ્રંથના અંતે છે. વિસ્તૃત પરિભાષા અને ન્યાયોની અકારાદિક્રમ અનુસાર વિસ્તૃત સૂચિ પણ મૂકી છે. વિદ્વાનોને અત્યંત રસ પડે તેવી પરિશિષ્ટ યોજના આ ગ્રંથને આંતરરાષ્ટ્રીય સ્તરે મહત્ત્વનો પુરવાર કરે છે. આ ગ્રંથમાં સાતસો પૃષ્ઠ મૂળ ગ્રંથના છે અને બસો પાના પરિશિષ્ટના છે. આ પરિશિષ્ટ અત્યંત વિશિષ્ટ એ માટે છે કે એમાં ન્યાયસૂચિ અને વાદસૂચિ છે. આ ન્યાયસૂચિમાં આલેખાયેલો કહેવતો અને ઉક્તિઓનો સંગ્રહ સ્વયં એક પુસ્તક બની શકે તેમ છે. વળી સમગ્ર ભારતીય દર્શનના પારિભાષિક શબ્દોની સૂચિ અને દશ પરિચ્છેદમાં મળતી એકાંતવાદી દર્શનની ચર્ચા આ સંપાદનની વિશેષતા છે. વળી આમાં આવતા

ચાલીસથી પચાસ ચર્ચાના સ્થાનોને જુદા પાડીને દર્શાવવામાં આવ્યા છે. એ દૃષ્ટિએ એમ કહી શકાય કે એક હજાર ગ્રંથોના જે વાંચનથી જે જ્ઞાન મળે તે ગ્રંથોનું નવનીત અહીં પ્રાપ્ત થાય છે. વળી ગ્રંથની અક્ષરયોજના અને મુદ્રણ શૈલીમાં સૂક્ષ્મતા અને ઝીણવટથી કામ લીધું કે અષ્ટસહસ્રીગ્રંથ અને તાત્પર્યવિવરણમ્ ગ્રંથ એક જ પાને વાંચી શકાય. હજી ઓછું હોય તેમ મૂળ ગ્રંથ, પૂર્વપક્ષ–ઉત્તરપક્ષ, વિવરણગ્રંથ અને અવતરણ અને વિષય પ્રમાણોના શીર્ષકોને જુદી જુદી ટાઈપોગ્રાફીમાં મૂકીને એક નવી વિશિષ્ટતા અંકિત કરી છે.

આ પ્રસંગે ઉપાધ્યાય યશોવિજયજી મહારાજની આ પંક્તિઓનું સ્મરણ થાય છે. તેઓ નિર્ગ્રંથ મુનિવરનું કાવ્યચિત્ર આપતા કહે છેઃ

'ધન્ય તે મુનિવરા રે, જે ચાલે સમભાવે;
ભવસાગર લીલાએ ઊતરે, સંયમ કિરિયા નાવે. ધન્ય.
ભોગ પંક તજી ઉપર બેઠા, પંકજ પરે રે ન્યારા;
સિંહ પરે નિજ વિક્રમ શૂરા; ત્રિભુવન જન આધારા. ધન્ય.
જ્ઞાનવંત જ્ઞાની શું મળતા, તન મન વચને સાચા;
દ્રવ્ય ભાવ સુધા જે ભાખે, સાચી જિનની વાચા. ધન્ય.'

તે મુનિવરો ધન્ય છે કે, જે સમભાવે–રાગદ્વેષ રહિતપણે ચાલી રહ્યા છે ! જે આત્મપરિણતિમય શુદ્ધ ક્રિયારૂપ નૌકાવડે આ ભવસમુદ્રને લીલામાં–રમત માત્રમાં પાર ઊતરી જાય છે ! ભોગ-પંક છોડી દઈ, જે તે ઉપર ઉદાસીન થઇને પંકજ–કમલની જેમ ન્યારા થઈને બેઠા છે, સિંહની જેમ જે આત્મપરાક્રમી શૂરવીર છે–પોતાના આંતર શત્રુઓને હણવામાં વીર છે ને જે ત્રિભુવન જનના આધારરૂપ છે, જે પોતે જ્ઞાનવંત–આત્મજ્ઞાની છે ને જ્ઞાની પુરુષો સાથે હળીમળીને રહે છે, જે તન, મન, વચને સાચા છે અને જે દ્રવ્યભાવથી શુદ્ધ એવી સાચી જિનની વાચા વદે છે, સાચા વીતરાગપ્રણીત માર્ગનો ઉપદેશ આપે છે, એવા તે નિર્ગ્રંથ મુનિવરોને–શ્રમણોને ધન્ય છે !

અથાગ મહેનત દ્વારા આવા અત્યંત કઠિન ગ્રંથનું સંપાદનકાર્ય કરીને મુનિરાજશ્રી વૈરાગ્યરતિવિજયજીએ વીતરાગપ્રણિત માર્ગને આપણે માટે (કેવો) વિદ્યાતપથી અજવાળી આપ્યો છે.

❖❖❖

# ભોગસુખ : વિષ–મિશ્રિત દૂધપાક

□ આચાર્ય વિજય પૂર્ણચન્દ્ર સૂરિજી

ભૂખનું દુઃખ દૂર કરવું, એ જેટલી મહત્ત્વની બાબત છે, એથી કંઈ ગણી વધુ મહત્ત્વની બાબત ભૂખનું આ દુઃખ દૂર કરવા જેવું ભોજન આવકારવું, એ છે! ભૂખનું દુઃખ દૂર કરવા કાજે સામે દૂધપાકના પ્યાલા ભરેલા પડ્યા હોય, પણ એ જો વિષમિશ્રિત હોય, તો કોઈ એની પર નજર પણ કરતું નથી. આની સામે જો બાજરાના સૂકા રોટલાનું નિર્વિષ ભાણું પીરસાયું હોય, તો ય ભૂખનું દુઃખ દૂર કરવા એને હોંશ અને હૈયાથી આવકાર આપવામાં આવતો હોય છે.

માનવ–માત્રની આ તાસીર જ એ સત્યની–સચ્ચાઈની વધુ પ્રતીતિ કરાવી જાય છે કે, ભૂખના દુઃખને દૂર કરવું એ જરૂર મહત્ત્વનું છે, પણ એથી ય વધુ મહત્ત્વની ચીજ આહાર–ભોજનના પરિણામની વિચારણા છે! એથી જ ઝેરમિશ્રિત દૂધપાકથી ભૂખનું દુઃખ દૂર થતું હોવા છતાં, આના વિપાક રૂપે આવી પડનારા મોતના મહાદુઃખનો વિચાર જ માનવ પાસે એ દૂધપાકને જાકારો અપાવીને સૂકા રોટલાને આવકાર અપાવે છે.

આપણી સમક્ષ બે જાતના સુખ પ્રત્યક્ષ છે. એક ભોગસુખ, બીજું ત્યાગસુખ ! સંસારી ભલે ભોગસુખને જ સુખ માને, પણ ત્યાગ દ્વારા ય એક અનુપમ સુખ અનુભવાય છે, આ હકીકત છે. આની વિચારણાને હાલ બાજુ પર રાખીને પ્રસ્તુતમાં ઉંડાણથી વિચારવા જેવું એ છે કે, ભોગસુખ સરસ જણાતું હોવા છતાં વિષમિશ્રિત દૂધપાકની સાથે સમાનતા ધરાવે છે. એથી એના વિપાક રૂપે દુઃખોનો ભોગવટો અવશ્યંભાવિ બની જતો હોય છે. ત્યાગસુખ દેખીતી રીતે રોટલાના ભાણા સમું નીરસ ભાસે છે, પણ આના પ્રભાવે સાચા સુખની સૃષ્ટિનું અવતરણ અવશ્યંભાવિ બને છે.

એક સુભાષિતે આ જ વાતને બીજી રીતે રજૂ કરે છે કે, એવા ભોગસુખોથી સર્યું, જે પરિણામે દુઃખોની વણઝારને ખેંચી લાવનારા હોય ! કણ જેટલી સુખમજાની ટન જેટલી દુઃખસજા ! ભોગસુખોના ભાગે લાગેલી આ એક એવી કાળી ટીલી છે કે, જેને કોઈ જ ધોઈ શકે એમ નથી. ભોગનું કોઈ પણ એવું મોજથી ભોગવવા યોગ્ય સુખ મળવું અશક્ય છે જે પરિણામે દુઃખોમાં પલટાતું ન હોય ! માથાનો દુઃખાવો દૂર કરી આપતી દવા, જો હાર્ટ–ધમનીની મજબૂતાઈને તોડી નાંખવામાં નિમિત્ત બનીને એક દહાડો 'હાર્ટ–ફેઈલ'નો વિપાક નોતરી લાવતી હોય, તો આવી દવાને કયો ડાહ્યો માણસ આવકારે ? તત્કાળ દર્દ દૂર કરવા છતાં 'રી–એક્શન'નો વિપાક આણનારા ઇંજેક્શનથી આરોગ્ય પ્રેમીઓ સો ગાઉ દૂર રહેતા હોય છે, તો પછી આત્માના આરોગ્યને ઇચ્છનારાઓ દુર્ગતિ–દુઃખોનું 'રીએક્શન' લાવનારા ભોગસુખોને ભેટી પડવાનું ભોળપણ દાખવે ખરા ? ભોગનું સુખ રીએક્શન–રહિત નથી. જ્યારે ત્યાગના સુખો કોઈ 'રીએક્શન' અભડાવી શકતું નથી. લોભનું સુખ મૂર્ચ્છા-ગૃધ્ધિ, સાચવવાની તકેદારી, ચોરીનો ભય અને વધુ ને વધુ મેળવવાની નિત્ય–યૌવના તૃષ્ણા, વગેરે કેટલા બધા દુઃખોથી વિંટળાયેલું–ઘેરાયેલું છે ! જ્યારે લોભના ત્યાગના સુખને આમાંના કોઈ પણ દુઃખનો ઓછાયો ય અભડાવી શકે એમ છે ખરો ?

ક્રોધ–માન–માયા–લોભઃ આ ચાર ચીજો દ્વારા થતા સુખાનુભૂતિના આભાસની આસ–પાસ–ચોપાસ દુઃખોનો દરિયો ઘૂઘવી રહ્યો છે, જ્યારે ક્ષમા–નમ્રતા–સરળતા–સંતોષઃ આ ચીજો જે નક્કર સુખનો ભોગવટો કરાવી જાય છે, એને દુઃખનો એકાદ અંશ પણ અભડાવી શકવા સાવ જ નક્કર સુખનો ભોગવટો કરાવી જાય છે, એને દુઃખનો એકાદ અંશ પણ અભડાવી શકવા સાવ જ નામર્દ છે, આ સત્યનો કોણ ઈન્કાર કરી શકે એમ છે ?

ભર્તૃહરિનું પેલું વૈરાગ્ય–ગાન કાન આગળ ગુંજી ઉઠે છે. ભોગમાં રોગનો, વંશવેલામાં એની વૃદ્ધિ અટકી જવાનો, ધનમાં રાજાના કરવેરાનો, માનમાં દીનતાનો, બળમાં શત્રુનો, રૂપમાં જરાનો, વિદ્વતામાં વિવાદનો, ગુણમાં નિંદાનો અને કાયામાં મૃત્યુનો ભય રહેલો છે. આવી આ બધી જ ચીજો ભયની ભૂતાવળથી ઘેરાયેલી છે. આમાં નિર્ભય જો કોઈ હોય તો તે એક વૈરાગ્ય જ છે.

વૈરાગ્યને વરેલી નિર્ભયતા જો બરાબર સમજાઈ જાય, તો પછી દુઃખમાં પરિણમનારા ભોગ–સુખમાં આપણને થતી ભોગ અને સુખની ભ્રમણાનો ભાંગીને ભૂક્કો થઈ ગયા વિના ન રહે !

❖❖❖

# ચિંતન–જિંદગી એટલે કલ્યાણયાત્રા

□ ડૉ. બહેચરભાઈ પટેલ

જિંદગી એક સમસ્યા છે. 'કેમ જીવવું ?' એ આપણી સામેનો એક મહાપ્રશ્ન છે. 'જીવન શું છે? શા માટે છે? કેવું છે? કેવું હોવું જોઇએ? આ અંગે માનવજાત સતત ચિંતન કર્યા કરે છે. જિંદગી એટલે શું તે જાણ્યા વિના જ કરોડો–અબજો માણસ જીવે છે, મરે છે. પણ સમજુ માણસો જીવનના મર્મને પામ્યા વિના રહેતા નથી. જીવનનું સ્વરૂપ જાણવા માટે તો જીવનદર્શન (Philosophy of Life) છે. જીવન અને જગત એ આપણા ચિંતનના મુખ્ય વિષય છે. વસ્તુ, જીવન અને જીવનમૂલ્યો (Matter, Life and Values) વિષે તત્ત્વજ્ઞાની જોડે ઠીક ઠીક ચિંતન કર્યું છે, તે કહે છે કે જગતમાં વસ્તુઓ કરતાં જીવનનું મૂલ્ય વિશેષ છે, પણ જીવનમાંય મહત્ત્વ તો છે જીવનમૂલ્યોનું જ. આ જીવનમૂલ્યોને જાણીને–સમજીને, તે પ્રમાણે જીવવું એનું નામ છે જિંદગી.

આ વિરાટ વિશ્વમાં પાર વગરના પદાર્થો છે. કેટલાક પદાર્થો તુચ્છ છે, તો કેટલાક કિંમતી છે. માણસ મૂલ્યવાન પદાર્થો–સુવર્ણ, હીરા, મોતી, ઝવેરાત, પ્લેટીનમ, જમીન, જાયદાદ વગેરે પ્રાપ્ત કરવામાં ભારે પુરુષાર્થ કરે છે. હીરાની શોધમાં નીકળેલો માણસ એને માટે કેટકેટલા જંગ ખેલે છે ? અંતે એ જીતે છે તો તેને સંપત્તિ મળે છે પણ સંપત્તિ એ સર્વે કંઈ નથી. એ હારે છે, મરે છે, ને જીવન ગુમાવી દે છે. જિંદગીને ભોગે કશું ન થાય. આખરે તો જીવન જ મહત્ત્વનું છે. જીવન જીવવા માટે છે, સારી રીતે જીવવા માટે છે, વસ્તુઓ ભેગી કરવામાં ને ભેગી કર્યા પછીય એને ભોગવ્યા વિના મરી જવામાં સાર્થક્ય શું ? 'જર, જમીન ને જોરુ એ ત્રણેય કજિયાનાં છોરું.' મહાન સિકંદરને દિગ્વિજય કર્યા પછી અંતે સમજાયું કે માણસને આખરે તો બે ગજ જમીન જોઇએ છે, અને એટલી જમીન તો ગ્રીસમાં પણ હતી. સમ્રાટ અશોકને કલિંગના વિજય પછી સમજાયું કે માણસોને મારી નાખવાથી તેમને જીતી શકાતા નથી. માનવીના પ્રદેશ પર નહિ, તેના હૈયા પર વિજય મેળવવો એ જ સાચો વિજય છે.

આપણે માનવી બૌદ્ધિક, સામાજિક અને સાંસ્કૃતિક પ્રાણી છીએ. બધાં પ્રાણીઓમાં માનવ શ્રેષ્ઠ છે. કેમ ?

'આહાર નિદ્રા ભય મૈથુનમ્,
સામાન્ય મેતત, પશુભિર્નરાણામ્;
ધર્મો હિ તેષામધિકો મતો મે,
ધર્મેણ હીના; પશુભિઃ સમાનાઃ'

માનવીની વિશેષતા એ તેનો ધર્મ છે. આહાર, નિદ્રા, ભય અને મૈથુનમાં તો પ્રાણી માત્ર જીવે છે. ધર્મમાં જીવે તે માણસ. માનવને મન–બુદ્ધિ–આત્માની વિશિષ્ટ શક્તિ મળેલી છે. એ પશુની જેમ ન જીવે. પશુઓની સૃષ્ટિમાં તો 'જીવો જીવસ્ય જીવનમ્'નું ચક્ર ચાલે છે. એક પ્રાણી બીજા પ્રાણી, પશુ કે જીવજંતુને મારીને, ખાઈ જઈને, જીવે છે. પશુસૃષ્ટિમાં–જીવજંતુમાં સદા 'મત્સ્ય–ગલાગલ' ચાલે છે. એકને મારીને બીજું જીવે. માનવ સૃષ્ટિનો નિયમ છેઃ 'જીવો અને જીવવા દો.' 'અહિંસા પરમો ધર્મઃ' માણસો એકબીજાની હિંસા કર્યા વિના જીવે, કોઈ જીવની હિંસા ન કરે, સર્વ પ્રત્યે જીવદયા દાખવે, સર્વ સાથે પ્રેમથી રહે, તેમાં તેની માનવતા છે. માણસનું ધ્યેય છે પશુતાનો ત્યાગ કરી, પૂર્ણ માનવ બનવાનું, દેવ જેવા દિવ્ય બનવાનું. એથી જ માનવજીવન એક સંસ્કારયાત્રા છે, એક કલ્યાણયાત્રા છે.

જિંદગી એક કોયડો છે. એને ઉકેલતાં હિન્દુ તત્ત્વજ્ઞાને કહ્યું છે તે મનનીય છે. માનવ જીવનના ચાર પુરુષાર્થ છે, જેને માટે માણસે મથ્યા કરવું જોઇએ. ધર્મ, અર્થ, કામ અને મોક્ષ. પરમ અને ચરમ પુરુષાર્થ છે, મોક્ષ. પરમ જ્ઞાન, જીવન અને જગતના વિવિધ પાશોમાંથી મુક્તિ; એ આત્મકલ્યાણ છે. એને માટે સાધનરૂપ છે ધર્મ. આ ધર્મથી જ કામ અને અર્થ પ્રાપ્ત થાય છે. મહાભારતકાર વ્યાસ મુનિ કહે છેઃ 'હું ઊંચા હાથ કરીને કહું છું, પણ મારું કોઈ સાંભળતું નથી. ધર્મથી જ અર્થ અને કામ પ્રાપ્ત થાય છે. તો એ ધર્મને જ કેમ સેવતા નથી ? મહાભારતમાં એક બાજુ દુર્યોધન વગેરે છે. તે કહે છે કે ધર્મ શું છે, તે હું જાણું છું, પણ તે પ્રમાણે વર્તી શકતો નથી. અધર્મ શું છે તેય જાણું છું, પણ અધર્મ આચરણથી મુક્ત થઈ શકતો નથી. દુર્યોધન દુર્વૃત્તિ–દુર્વાસનાને કારણે ધર્મને છોડી દઈને કામ અને અર્થ, સત્તા અને સંપત્તિ, જર–જમીન ને જોરુ માટે મથે છે, લડે છે, અંતે મરે છે. જ્યારે પાંડવો અને શ્રીકૃષ્ણ 'જ્યાં ધર્મ ત્યાં જય' માનીને લડે છે, જીતે છે, આત્મકલ્યાણ અને વિશ્વકલ્યાણ સાધે છે.

એ વ્યાસ મુનિએ જ મહાભારતના અઢાર હજાર શ્લોકોનો સાર એક પંક્તિમાં જ આપતાં કહ્યું છેઃ 'પરોપકારઃ પુણ્યાય, પાપાય પરપીડનમ્' પરોપકાર એટલે કે જનકલ્યાણ કે જગકલ્યાણ કરવાથી પુણ્ય મળે છે. પરપીડન કરવાથી પાપ થાય છે. માટે જ ભક્તકવિ નરસિંહ મહેતાએ ઉત્તમ માનવ વૈષ્ણવજનનું ગુણચિત્ર આપતાં ગાયું છેઃ

'વૈષ્ણવ જન તો તેને રે કહીએ
જે પીડ પરાઈ જાણે રે,
પરદુઃખે ઉપકાર કરે તોય,
મન અભિમાન ન આણે રે.'

કોઈ પણ સજ્જનનું જીવન ધ્યેય છે આત્મકલ્યાણ અને તે દ્વારા વિશ્વકલ્યાણ. જિંદગી એ શું છે તે સમજાવતાં મહાકવિ નાનાલાલ કહે છેઃ "કાલોદધિના તટ પર જિંદગી એટલે કલ્યાણયાત્રા." આપણી આ ભવસાગરની યાત્રા એ જિંદગીની કલ્યાણયાત્રા છે. જીવનમાં આખરે આપણે શું સાધવાનું છે ? કલ્યાણ. આપણું અને સૌનું કલ્યાણ થાય એ જ અંતિમ, ચરમ અને પરમ, એક મનીષા છે. એક કવિએ ગાયું છેઃ

'એક મનીષા મુજને હું વહેંચાઈ સહુમાં જાઉં;
એક મટીને અનેક એવાંનો પણ હું કહેવાઉં.'

આપણે ઈશ્વરને પ્રાર્થીએ છીએઃ

'સૌનું કરો કલ્યાણ,
દયાળુ પ્રભુ, સૌનું કરો કલ્યાણ.'

આ જગતમાં નર, નારી, પશુ, પંખી, જીવજંતુ સૌનું કલ્યાણ થાય એ જ પ્રાર્થના છે.

આપણી વૈદિક પ્રાર્થનામાં શું કહ્યું છે, અંતે ?

'સર્વે જનાઃ સુખિનો ભવન્તુ, સર્વે સન્તુ નિરામયાઃ
સર્વે ભદ્રાણિ પશ્યન્તુ, મા કશ્ચિત્ દુઃખમાપ્નુયાત્'

સર્વ મનુષ્યો સુખી થાઓ, સર્વ નિરામય–તંદુરસ્ત રહો. સર્વેનું કલ્યાણ થાઓ. કોઇને દુઃખ ન પડો.

મહાકવિ કાલિદાસે 'અભિજ્ઞાન શાકુંતલમ્'માં શકુંતલાની વિદાયના પ્રસંગે તેના પાલકપિતા એવા કણ્વ ઋષિના મુખે શકુંતલાને આશીર્વાદ અપાવ્યા છેઃ 'શાન્તાનુકૂલ પવનશ્ચ શિવાસ્તે પન્થાનઃ સન્તુ.

તારા માર્ગે અનુકૂળ અને શાન્ત પવન વાજો. તારો માર્ગ કલ્યાણમય હજો.'

આપણી આ જિંદગીનો માર્ગ ભારે અટપટો છે. બાળપણ રમવા–ભણવામાં, યુવાની ભોગો ભોગવવામાં ને સંસારનાં કાર્યોમાં વિતી જાય છે. હવે વાન–પ્રસ્થાશ્રમ અને સંન્યાસાશ્રમ તો રહ્યા જ નથી. માણસ મરે છે, ત્યાં સુધી જિંદગીની તાણ અનુભવે છે. જીવન એટલે જાણે ટેન્શન, 'પેન્શન'માં પણ 'ટેન્શન' છે. તો કેટલાંકનું એવું છે કે દરજીનો છોકરો જીવે ત્યાં સુધી સીવે. આવકના અને જાવકના બે છેડા મેળવવામાં જ જિંદગી પૂરી થઈ જાય છે. કેટલાક જીવન–સંઘર્ષમાં

જ ખતમ થઈ જાય છે. કામ અને અર્થની સાધનામાં જ માણસ ખેંચાઈ જાય. ભણી ગણી તૈયાર થઈ નોકરી-ધંધામાં પડે છે, પરણે છે, સંસારમાં પડે છે, પછી ઉંચો આવતો નથી. પોતાના સુખ ને સ્વાર્થ માટે મથ્યા જ કરે છે. પણ એનું ધ્યેય જ ઉંચું નથી, ખાઈ પીને લહેર કરવી એ જીવન નથી. જીવન જીવવા માટે છે, પણ તે સારી રીતે જીવવા માટે છે. પેટ તો કૂતરાંય ભરે છે. તમે તમારે માટે શું કર્યું તેનું કોઈ મહત્ત્વ નથી, બીજાને માટે શું કર્યું તેનું જ મહત્ત્વ છે. આપણી પાસે જીવન છે. સો વર્ષનું આયુષ્ય છે. કાર્ય એટલે કે સત્કાર્ય–કલ્યાણકારી કાર્ય કરતાં કરતાં સો વર્ષ જીવવું જોઈએ. 'કુર્વન્નેવેહ કર્માણિ જિજિવેષેત્ શતમ્ સમાઃ' પણ કેટલાક માણસો જિંદગીને અંતે રડે છે કે ન સ્વાર્થ સધાયો ન પરમાર્થ કર્યો ને આખું જીવન નકામું ગયું ! 'ના ખુદા ભી મિલા, ના દિદારે સનમ' (ના ભગવાન મળ્યા કે ના પ્રિયતમાનું દર્શન થયું)–ના ઐહિક સુખ મળ્યું કે ના પારલૌકિક આનંદ મળ્યો, એવો ઘાટ થાય છે. હડકાયા કૂતરા જેવી જિંદગી જીવી કમોતે મરવું એ જિંદગી નથી. ઘણીવાર અફસોસ થાય છે. 'આ જિંદગી તે કંઈ જિંદગી નથી. જિંદગી જાણે એક લાચારી છે.' આપઘાત કરવાની હિંમત નથી. માણસ જીવે છે. બાકી, અસ્તિત્વવાદી ચિંતક સાર્ત્રે તો કહ્યું જ છે કે 'જ્યાં આપણે આપણા સ્વરૂપને કે સ્વપ્નને સિદ્ધ કરી શકતા ન હોઈએ ત્યાં આપઘાત સિવાય કોઈ ઉપાય નથી.'

જે માણસો જિંદગીનું મૂલ્ય સમજતા નથી તે જીવતાં જીવતાં અનેકવાર મરે છે, તેમનું મરણ એક બિનવારસી લાશ બની જાય છે. જીવન અમૂલ્ય છે તેને કલ્યાણયાત્રાની જેમ જીવવું જોઈએ. જીવનના વિવિધ તબક્કાઓ કલ્યાણતીર્થો બનવાં જોઈએ. કવિ બાલમુકુંદ દવેએ કહ્યું છે:

'આપણે તે દેશ કેવા ?
આપણે વિદેશ કેવા ?
આપણે પ્રવાસી પારાવારના હો જી.'

આપણે તો ભવોભવની જીવનયાત્રાએ નીકળ્યા છીએ. મોંઘો માનવદેહ મળ્યો છે, તો જિંદગીનું કલ્યાણ કરી લઈએ. જિંદગીની યાત્રા પૂરી થાય ત્યારે આપણે ખાતે કલ્યાણની મોટી મૂડી હોવી જોઈએ. આપણું જીવન એ 'આણંદજી કલ્યાણજી'ની પેઢી છે. આ જીવનમાં તો 'વાપરી જાણે તે બડભાગી'. 'પંડની પેટીમાં પારસ છે પડ્યો.' પણ એની એને ખબર નથી. અજ્ઞાન અંધકારમાં જિંદગી પસાર થઈ જાય છે. ગાંઠનું ગરથ છૂટી જાય છે, હાથનો હીરો ખોવાઈ જાય છે. સમયનું સોનું ખોટી રીતે ખર્ચાઈ જાય છે, જીવન હાથતાળી દઈને સરકી જાય છે, ખૂબ ઘૂંટીએ છીએ તોય જિંદગીની જોડણી ખોટી પડે છે. કાળ પસાર થતો નથી, આપણે જ પસાર થઈ જઈએ છીએ.

તો શું કરવું આ જીવનયાત્રાને સફળ બનાવવા ? એક તો જીવનયાત્રા સંસ્કારયાત્રા બનવી જોઈએ, અને બીજું કે જિંદગી કલ્યાણયાત્રા બનવી જોઈએ. ચારે તરફથી શુભ વિચારોને ગ્રહણ કરીએ, સદાચાર પાળીએ, એક સંસ્કારી માનવ બની રહીએ, 'હું માનવી માનવ થાઉં તો ઘણું' (સુંદરમ્) અને બીજું જિંદગીને સ્વાર્થે નહિ, પરમાર્થે જીવીએ. પરમાર્થ એ જ જીવનનો પરમ અર્થ છે અને પરમાર્થ એ જ જીવનનો પરમ સ્વાર્થ છે. પહેલું કરવાનું છે આત્મકલ્યાણ, અને પછી વિશ્વકલ્યાણ.

આત્મકલ્યાણ એટલે વ્યક્તિશ્રેય. વ્યક્તિનું શ્રેય તેના વૈયક્તિક વિકાસમાં રહેલું છે. તન, મન અને ધનની બાબતમાં માણસ સમૃદ્ધ રહે તે તેનું અંગત કલ્યાણ. વ્યક્તિને સુખ મળવું જોઈએ. ઈષ્ટની પ્રાપ્તિ તે સુખ, અને અનિષ્ટનું આવી પડવું તે દુઃખ 'પહેલું સુખ તે જાતે નર્યા'. 'શરીરમાદ્યમ્ ખલુ ધર્મ સાધનમ્.' 'શરીરે સુખી તો સુખી સર્વ વાતે.' પહેલાં ઇન્દ્રિયોનો સંયમ પાળીને, મન પર કાબૂ રાખીને ભોગો છોડી રોગોથી બચી શરીર-કલ્યાણ સાધવું. તંદુરસ્તી અને મનદુરસ્તી એ આત્મકલ્યાણનો માર્ગ છે. શુભ વિચાર, શિવ-સંકલ્પ, શીલ અને સદાચાર એ કલ્યાણપથ છે. જિંદગી સંસ્કારયાત્રા બને તો જ જિંદગી કલ્યાણયાત્રા બને. વિદ્યા, કલા, શીલ અને ઉદ્યોગ વિના કલ્યાણ નથી. માણસે અવિદ્યા-અલ્પ કે ઉતરની વિદ્યાથી જીવનનાં સુખસગવડ પામી, વિદ્યાથી અમૃત પામી, મૃત્યુને તરવાનું છે. યમ-નિયમનું પાલન એટલે કે સત્ય, અહિંસા, અસ્તેય, અપરિગ્રહ, બ્રહ્મચર્ય, શૌચ, તપ સ્વાધ્યાય, સંતોષ અને ઈશ્વર-પ્રાણિધાન એ વ્રતોને પાળવાં. ગાંધીજીએ કહેલાં અગિયાર વ્રતોનું પાલન કરવાથી આત્માનું જ નહિ, સર્વનું કલ્યાણ થાય છે. માણસે જીવનની જરૂરિયાતો ને સગવડો પૂરી કરવા નીતિને માટે સમ્યક્ આજીવિકા મેળવવી, પણ અનીતિને માર્ગે ન જવું. વૈભવ અને સત્તાથી માણસનું પતન થવા સંભવ છે. ગીતા કહે છે કે દિવ્ય સંપત્તિના છવીસ ગુણોથી માણસની ઉન્નતિ થાય છે. એમાં મુખ્ય છે સત્ય, અહિંસા, અભય અને નમ્રતા. જ્યારે કામ, ક્રોધ અને લોભ એ ત્રણે નરકના દ્વાર છે માટે તેથી બચીને ચાલવું. આ છે સાધુજીવનની કલ્યાણયાત્રા. ગીતામાં શ્રી કૃષ્ણે આશ્વાસન આપ્યું છે કે

'ન હિ કલ્યાણકૃત કશ્ચિત દુર્ગતિમ્ તાત ગચ્છતિ ।'
'કલ્યાણ કરનાર કદિ દુર્ગતિને પામતો નથી.'

બધી વ્યક્તિઓ જો કલ્યાણમાર્ગે ચાલે, તો આખાએ સમાજ, રાષ્ટ્ર અને વિશ્વનું કલ્યાણ થાય. વ્યક્તિએ સમાજ-રાષ્ટ્ર-વિશ્વને માટે ત્યાગ કરવો જોઈએ. નિઃસ્વાર્થભાવે જનસેવા કરવી જોઈએ. જનસેવા એ જ પ્રભુસેવા છે. મહાપુરુષો આત્મકલ્યાણ સાધતાં વિશ્વકલ્યાણ સાધે છે. રામ, કૃષ્ણ, બુદ્ધ, મહાવીર, ગાંધીજી, ઈસુ, અબ્રાહમ લિંકન જેવા મહાનુભવોએ પોતાના ઘરબાર, જાનમાલની પરવા કર્યા વિના જનસેવા કાજે જીવન સમર્પિત કર્યા. એમણે લોકસંગ્રહ ખાતર પોતાની જિંદગીનો ખજાનો લુંટાવી દીધો.

પંડિત ગોવર્ધનરામ ત્રિપાઠીએ 'સરસ્વતીચંદ્ર' નવલકથાને અંતે 'કલ્યાણગ્રામ'ની યોજના આપી છે. ધનિક ને શિક્ષિત સરસ્વતીચંદ્ર, કુસુમ અને કુમુદ એ ત્રણેય પોતાની મિલના વિકાસને બદલે ગામડાના વિકાસની યોજના કરે છે. તેમની ઇચ્છા છે કે આ જન-પશુ સર્વના હિતમાં પોતાનાં તન–મન–ધન હોમી દેવાં. ગાંધીજીએ અંગત મિલકતનો ત્યાગ કરી જીવન દેશને–દુનિયાને અર્પી દીધું. એ કલ્યાણયાત્રાના મહાન પ્રવાસી હતા. આપણી ભાવના પરમાર્થ, ત્યાગ, સેવા, સમર્પણની હોય તો જિંદગી કલ્યાણયાત્રા બને છે. મહાપુરુષોએ વિશ્વકલ્યાણનો વિચાર કરીને રાષ્ટ્રસંઘ જેવી કલ્યાણસંસ્થા ઊભી કરી છે. એ દ્વારા જગતભરનાં પછાત રાષ્ટ્રો, બાળકો, માણસો સૌના કલ્યાણની ને વિશ્વશાંતિની પ્રવૃત્તિઓ ચાલે છે. વિશ્વશાંતિ, વિશ્વબંધુત્વ અને વિશ્વકલ્યાણ એ આધુનિક યુગની વૈશ્વિક ભાવનાઓ છે.

આપણો માનવસમાજ એટલે કલ્યાણલક્ષી અને સામાજિક શ્રેયની કલ્યાણ સંસ્થા. પરસ્પર વ્યવહાર અને સહકારથી સમાજ બને છે. સામાજિક માણસ સદાય સમાજ કલ્યાણની પ્રવૃત્તિ કરે. અસામાજિક તત્ત્વો અકલ્યાણમાં રાચે છે ને સમાજ માટે ત્રાસરૂપ બને છે, ત્યારે સતની સેના ઊભી કરીને સમાજે હવે તો યુદ્ધ એ જ કલ્યાણ' કરીને લડી લેવું પડે છે. સમાજમાંના રાવણો, કુંભકર્ણો, કંસો, શિશુપાલો, જરાસંધોને તો મોતને ઘાટ ઉતરવાથી સમાજનું ને વિશ્વનું કલ્યાણ છે. વ્યક્તિજીવન તેમ સમાજજીવન, આખરે તો શ્રેયોલક્ષી વિકાસયાત્રા છે. જીવનનો મહાસંઘ કાશીના કલ્યાણધામમાં જઈ રહ્યો છે. એને સાફલ્ય મળે એ માટે આવશ્યક છે કે સૌ જિંદગી એટલે કલ્યાણયાત્રા સમજી આત્મકલ્યાણ અને વિશ્વકલ્યાણને માર્ગે આગેકૂચ કરતાં રહે, લોક મંગલ એ આપણું ધ્યેય છે. આપણે સૌ 'સત્યમ્ શિવમ્, સુંદરમ્'ના આરાધકો બનીએ અને વિશ્વકલ્યાણના હિમગિરિનાં એક પછી એક ઉન્નત શિખર સર કરતાં જઇએ અને વ્યક્તિકલ્યાણ, કુટુંબકલ્યાણ, ગ્રામકલ્યાણ, રાજ્યકલ્યાણ, રાષ્ટ્રકલ્યાણ વગેરેને માર્ગે આગળ વળીને વિશ્વકલ્યાણને સાધીએ અને 'કલ્યાણ વિશ્વ' (Welfare World) નું સ્વપ્ન સાકાર કરીએ.

❖❖❖

# શ્રી દેવચંદ્રજી મહારાજ રચિત શ્રી મહાવીરસ્વામી જિન સ્તવન

□ સુમનભાઈ શાહ

શ્રી જિનશાસનના અનુયાયીઓને જ્યારે પ્રત્યક્ષ સદ્ગુરુ મારફત શ્રી તીર્થંકર પરમાત્માનું યથાર્થ ઓળખાણ થાય છે ત્યારે તેને પ્રભુ પ્રત્યે અહોભાવ કે બહુમાન પ્રગટે છે. એટલે સાધકને પ્રભુના પ્રગટ આત્મિકગુણો અને ઐશ્વર્ય પ્રત્યે રુચિ અને ભક્તિ ઉત્પન્ન થાય છે. શ્રી અરિહંત પ્રભુ તરણતારણ અને પતિતપાવન હોવાની સાધકને ગુરુગમે જાણ થતાં, તેનાથી અજ્ઞાનદશામાં થયેલ વિભાવિક પ્રવૃત્તિનું પ્રભુ સન્મુખ નિખાલસ ભાવે નિવેદન કરે છે. અથવા આધિ, વ્યાધિ અને ઉપાધિમય ત્રિવિધ સંતાપમાંથી છૂટવા સાધક પ્રાર્થના અને ક્ષમાયાચના પ્રભુ સમક્ષ કરે છે. પોતાની સેવા-ભક્તિમાં રહેલ ઊણપને ધ્યાનમાં ન લેતાં પ્રભુ પોતાના તારક-બિરુદને સાર્થક કરવા પણ સાધકનો ઉદ્ધાર કરે એવી વિનંતિ ભક્તજન કરે છે. શ્રી દેવચંદ્રજી રચિત પ્રસ્તુત સ્તવનનો મુખ્ય હેતુ નીચે મુજબ જણાય છે.

(૧) કપટરહિત થઈ સાધક પ્રભુનું શરણું લઈ ભૂતકાળમાં થયેલ ભૂલો અને અવગુણોને પ્રભુ સન્મુખ જાહેર કરી પશ્ચાત્તાપ કરે અને ફરી આવી ભૂલોનું પુનરાવર્તન થાય નહીં એવો દૃઢ નિશ્ચય કરે.

(૨) પ્રભુ પાસે સાધક આત્મિક-શક્તિની માગણી કરે છે જેથી તે આત્માના શુદ્ધ ગુણો કે ધર્મોને તથા પરદ્રવ્યના ગુણોને નિશ્ચય-વ્યવહારદૃષ્ટિએ યથાર્થપણે જાણે.

હવે સ્તવનનો ગાથાવાર ભાવાર્થ જોઇએ.

**તાર હો તાર પ્રભુ મુજ સેવક ભણી, જગતમાં એટલું સુજશ લીજે;**
**દાસ અવગુણ ભર્યો, જાણી પોતાતણો, દયાનિધિ દીન પર દયા કીજે.**

**તાર હો તાર પ્રભુ....૧**

હે તરણતારણ ! હે દીનાનાથ ! આપનું જિનશાસન પામેલ મારા જેવા સેવક પર કૃપા કરી ભવ-સમુદ્રમાંથી મને હેમખેમ પાર ઉતારો. હે પ્રભુ ! મને આપના શરણમાં લઈ, મારું આત્મ-કલ્યાણ કરી જગતમાં આપ સુયશ મેળવનાર થાઓ. જો કે હું અનેક દૂષણો અને અવગુણોથી ભરપૂર છું, રાગદ્વેષ અને અજ્ઞાનવશ છું, છતાંય મને અદનો સેવક ગણી મારો ઉદ્ધાર કરો જેથી મારું ભવ-ભ્રમણ ટળે. હે પ્રભુ ! મારી આવી પ્રાર્થના આપની કૃપાથી સફળ થાઓ.

**રાગદ્વેષે ભર્યો મોહ વૈરી નડ્યો, લોકની રીતમાં ઘણુંય રાતો;**
**ક્રોધવશ ધમધમ્યો, શુદ્ધ ગુણ નિવિ રમ્યો, ભમ્યો ભવમાંહી હું વિષયમાતો.**

**તાર હો તાર પ્રભુ....૨**

પ્રભુની સન્મુખ આત્માર્થી પોતાના અવગુણો અને દૂષણોનું નિવેદન કરતાં જાહેર કરે છે કે : હે પ્રભુ ! હું મોહ, આસક્તિ, રાગદ્વેષ, વૈભવાદિમાં આજસુધી તન્મય રહ્યો છું. હું લોકવાયકા અને મિથ્યા-માન્યતાઓમાં રચ્યો-પચ્યો રહી, વિષય-કષાયાદિમાં અટવાઈ જઈ અનાદિકાળથી ચારગતિરૂપ સંસારમાં પરિભ્રમણ કરી રહ્યો છું. પ્રતિકૂળ સંજોગોમાં ક્રોધાયમાન થઈ સારાસારનો વિવેક મને વર્ત્યો નથી. હે પ્રભુ ! શુદ્ધ આત્મિકગુણો જેવાં કે સમ્યક્ જ્ઞાન, દર્શન, ચારિત્ર્ય, વીર્યાદિમાં મને રુચિ અને તત્ત્વરમણતા થઈ નથી. હે પ્રભુ ! કોઈપણ પ્રકારના ધ્યેય વગર મનુષ્યગતિમાં મારું અવતરણ નિષ્ફળ ગયું છે.

**આદર્યું આચરણ લોક ઉપચારથી, શાસ્ત્ર અભ્યાસ પણ કાંઈ કીધો;**
**શુદ્ધ શ્રદ્ધાન વલી આત્મ અવલંબન વિનું, તેહવો કાર્ય તેણે કો ન સીધો**

**તાર હો તાર પ્રભુ...૩**

અનાદિકાળથી સંસારના પરિભ્રમણમાં અનેકવાર મનુષ્યગતિમાં મારું અવતરણ થયું હશે. માનવભવમાં પણ આવ્યા પછી લોક-ઉપચારથી કે પરંપરાગત માન્યતાઓથી ધર્મક્રિયા અને અનુષ્ઠાનોનું ભૌતિક સુખાદિ મેળવવા મેં આચરણ કર્યું હશે. મારી મતિ-કલ્પનાથી શાસ્ત્રનો અભ્યાસ પણ મેં કર્યો હશે. પરંતુ આવી સઘળી પ્રવૃત્તિ યંત્રવત્, અશ્રદ્ધા, પુષ્ટ-આલંબન વિના, ભાવવિહીન તથા લૌકિક માન્યતાઓ મુજબ થવાથી મને આજસુધી સમ્યક્ જ્ઞાન-દર્શનાદિ પ્રાપ્તિરૂપ શુદ્ધ ધર્મની કાર્યસિદ્ધિ સાંપડી નથી. હે પ્રભુ ! હું આધિ, વ્યાધિ, ઉપાધિરૂપ સંસારના સંતાપ ભોગવી રહ્યો છું. હે પ્રભુ ! આપનું જિનશાસન પામી મને જન્મ-જરા- મરણાદિવાળા સંસારમાંથી હવે છૂટવાની જિજ્ઞાસા ઉત્પન્ન થઈ છે.

**સ્વામી દરિસન સમો નિમિત્ત લઈ નિર્મળું, જો ઉપાદાન એ શુચિન થાશે; દોષ કો વસ્તુનો અહવા ઉદ્યમ તણો, સ્વામી સેવા સહી નિકટ લાગે.**

**તાર હો તાર પ્રભુ...૪**

હે પ્રભુ ! મને હવે ગુરુગમે સમજણ પ્રગટી છે કે શ્રી તીર્થંકર ભગવંતનું દર્શન, તેઓનું પુષ્ટ-નિમિત્ત તથા તેઓએ પ્રરુપેલ શુદ્ધધર્મ પામવા છતાંય મારી સત્તાગત ઉપાદાન શક્તિ (શુદ્ધ ગુણ-પર્યાયમય આત્મિક સંપદા) પ્રગટ ન થઈ તેમાં જિનશાસનનો કિંચિતમાત્ર પણ દોષ નથી. પરંતુ કાર્યસિદ્ધિ ન થવામાં મારા પુરુષાર્થની ઊણપ અને સત્ સાધનોનો અશ્રદ્ધાથી ઉપયોગ જવાબદાર જણાય છે. આમ છતાંય મને દૃઢ નિશ્ચય વર્તે છે કે શ્રી જિનભક્તિ મને પ્રભુની નજીક લઈ જશે અને મારા તથા પ્રભુ વચ્ચેના અંતરને યથાયોગ્ય સમયે દૂર કરશે. અથવા શ્રી તીર્થંકર પ્રભુના પ્રગટ શુદ્ધ સ્વરૂપનું ગુણકરણ, પૂજના, ભક્તિ, ધ્યાનાદિ મને પરમાત્માની નજીક વહેલા-મોડા પહોંચાડશે.

**સ્વામી ગુણ ઓળખી સ્વામીને જે ભજે, દરિસન શુદ્ધતા તેહ પામે;**
**જ્ઞાન ચારિત્ર તપ વીર્ય ઉલ્લાસથી, કર્મ જીપી મુક્તિ ધામે.**

**તાર હો તાર પ્રભુ...૫**

આત્માર્થી સાધક પ્રત્યક્ષ સદ્ગુરુ મારફત શ્રી તીર્થંકર પ્રભુનું શુદ્ધ ગુણ-પર્યાયમય સ્વરૂપ અને ઐશ્વર્ય યથાર્થપણે જાણે. શ્રી અરિહંત પરમાત્માની પુષ્ટ-નિમિત્ત કારણતા અને ઉપકારકતાને ગુરુગમે સાધક ઓળખે. સાધક સદ્ગુરુની નિશ્રામાં પ્રભુનું બહુમાનપૂર્વક ગુણકરણ અને ભક્તિમાં તન્મય થાય. આવો સાધક ઉત્તરોત્તર શુદ્ધ સમ્યક્દર્શન પામવાનો અધિકારી નીવડે છે. ક્રમશઃ સાધક ઉલ્લાસપૂર્વક પોતાનો વીર્યગુણ પ્રવર્તાવી જ્ઞાન, દર્શન, ચારિત્ર્ય, તપાદિ સત્ સાધનોનો સદુપયોગ કરી એક બાજુ તત્ત્વરમણતા પામતો જાય છે અને બીજી બાજુ તેનાં કર્મરૂપ આવરણો દૂર થવા માંડે છે. છેવટે મુમુક્ષુને પ્રભુ જેવા જ શુદ્ધ આત્મિકગુણો આવિર્ભાવ પામે છે અને તે સનાતન સુખ કે સહજાનંદ પામવાનો અધિકારી નીવડે છે.

**જગતવત્સલ મહાવીર જિનવર વાણી, ચિત્ત પ્રભુ ચરણને શરણ વાસ્યો;**
**તારજો બાપજી બિરુદ નિજ રાખવા, દાસની સેવના રખે ન જોશો.**

**તાર હો તાર પ્રભુ...૬**

હે મહાવીર પ્રભુ ! આપ ભક્તવત્સલ અને ભવ્ય જીવોના આત્મિક હિતનું જતન કરનાર હોવાનું ગુરુગમે મને જાણ થઈ છે. હે પ્રભુ મને આપનું જ શરણ હો ! મારી સઘળી ચિત્તવૃત્તિઓ હે પ્રભુ ! આપના શુદ્ધ સ્વરૂપમાં જ સ્થિરતા પામો. મારા જેવા મામૂલી સેવકની ભક્તિમાં ઊણપ હોય તો હે પ્રભુ ! તેની ઉપેક્ષા કરી આપના તારક-બિરુદને સાર્થક કરવા પણ મને સંસાર-સાગરમાંથી હેમખેમ ઉગારી ઉદ્ધાર કરશો. હે પ્રભુ ! મારી આવી પ્રાર્થના આપની કૃપાથી સફળ થાઓ.

**વિનતી માનજો શક્તિએ આપજો, ભાવ સ્યાદ્વાદતા શુદ્ધ ભાસે;**
**સાધી સાધક દશા સિદ્ધતા અનુભવી, 'દેવચંદ્ર' વિમલ પ્રભુતા પ્રકાશે.**

**તાર હો તાર પ્રભુ...૭**

હે પ્રભુ ! મારી ઉપર મુજબની વિનંતિ અને પ્રાર્થનાનો સ્વીકાર કરી મને સેવકધર્મ બજાવવા ઉપકૃત કરશો. હે પ્રભુ ! મને એવી આત્મિક શક્તિનું પ્રદાન કરશો કે જેનાથી હું આત્મદ્રવ્ય અને પરદ્રવ્યના સઘળા ગુણો કે ધર્મોને નિશ્ચયદૃષ્ટિએ તથા વ્યવહારદૃષ્ટિએ યથાર્થપણે જાણું. આવા જાણપણાથી મને સ્યાદ્વાદ વર્તે જેથી મને નિજભાવ આવિર્ભાવ પામે અને પરભાવનું કર્તૃત્વ-ભોક્તૃત્વ મારામાંથી નિર્મૂળ થાય. અથવા મારી સાધકદશામાં મને આત્માનું અનુશાસન વર્તે અને સંસાર-વ્યવહારમાં આવતા સંજોગોનો સમતાભાવે નિકાલ થાય, જેથી નવાં કર્મબંધ ન થાય. છેવટે દેવોમાં ચંદ્રથી પણ અધિક ઉજ્જવળ અને નિર્મળ એવું આત્મસ્વરૂપ પ્રકાશમાન થઈ મારામાં પ્રભુતા પ્રગટે.

Printed & Published by Nirubahen Subodhbhai Shah on behalf of Shri Mumbai Jain Yuvak Sangh and Printed at Fakhri Printing Works, 312/A, Byculla Service Industrial Estate, Dadaji Konddev Cross Road, Byculla, Mumbai-400 027. And Published at 385, S.V.P. Road, Mumbai-400 004. Tel.: 23820296. Editor: Ramanlal C. Shah.

Regd. With Registrar of Newspapers for India No. R. N. I. 6067/57
Posted at Patrika Channel sorting office Mumbai-400 001
Licence to post without prepayment No. 271
● વર્ષ : (૫૦) + ૧૬ ● અંક : ૫ ● ૧૬ મે, ૨૦૦૫ ● ● Regd. No. TECH / 47-890 / MBI / 2003-2005
● ● ● ● શ્રી મુંબઈ જૈન યુવક સંઘનું માસિક મુખપત્ર ● ● ●

# પ્રબુદ્ધ જીવન

● ● પ્રબુદ્ધ જીવન પાક્ષિક ૧૯૩૯થી ૧૯૮૯ : ૫૦ વર્ષ ● ● વાર્ષિક લવાજમ રૂા.૧૦૦/- ● ● છૂટક નકલ રૂા. ૧૦/- ● ●
તંત્રી : રમણલાલ ચી. શાહ સહતંત્રી : ધનવંત તિ. શાહ

## આશાતના અને અંતરાય

થોડા વખત પહેલાં એક મિત્રે મને કહ્યું, 'રમણભાઈ, અમારા એક વડીલ કે જેઓ બંને પગે અપંગ છે એમને એક પવિત્ર દિવસે ભગવાનનાં દર્શન કરવાનો ભાવ થયો. અમે એમને ઊંચકીને ગાડીમાં બેસાડ્યા અને દર્શન કરવા લઈ ગયા. એક દેરાસરે ગયાં અને દરવાજા પાસે ગાડી એવી રીતે ઊભી રાખી કે જેથી ગાડીમાં બેઠાં બેઠાં ભગવાનનાં દર્શન થાય. પરંતુ દર્શન ન થયાં, કારણ કે દરવાજામાં ભગવાન આડે કાળું મોટું બોર્ડ હતું. એટલે અમે એમને બીજા દેરાસરે લઈ ગયા તો ત્યાં પણ દરવાજામાં આડું બોર્ડ હતું. ત્રીજા અને ચોથા દેરાસરે પણ એમ જ હતું. તેઓ બહુ નિરાશા થઈ ગયા. પછી અમે એમને સમજાવ્યા કે દેરાસરની ધજાનાં દર્શન કરો એટલે ભગવાનનાં દર્શન થઈ ગયાં કહેવાય. એમણે ધજાનાં દર્શનથી સંતોષ માન્યો.'

મારા એક મિત્ર શ્રી બિપિનભાઈ જૈને કહ્યું, 'કચ્છમાં અમારા નાની ખાખર ગામમાં પહેલાં દેરાસરનો દરવાજામાં ભગવાનની આડે કોઈ બોર્ડ નહોતું. બહારથી ઊભાં ઊભાં દર્શન થઈ શકતાં. હવે ત્યાં પણ પાટિયું આવી ગયું છે.'

મેં કહ્યું, 'કચ્છમાં ભદ્રેશ્વરના જૂના દેરાસરમાં આંગણામાં ઊભા રહીને અંદર દૂર અમે મહાવીર સ્વામીનાં દર્શન કરતા. દેરાસરની રચના એવી કરી હતી કે ઠેઠ બહાર ઊભેલો માણસ ભગવાનનાં દર્શન કરી શકે.'

એમ કહેવાય છે કે બોર્ડ રાખવાનું કારણ એ છે કે ભગવાનની પ્રતિમા પર ઓછાયો પડે એથી આશાતના થાય અને વળી બહાર નીકળતાં ભક્તોની પૂંઠ થાય એ બીજા પ્રકારની આશાતના થાય. એમ આ બે પ્રકારની આશાતના માટે દેરાસરોના દરવાજા પાસે બોર્ડ રાખવામાં આવે છે. આ ઉપરાંત બીજું કોઈક કારણ હોય તો તે મારા જાણવામાં નથી. પરંતુ આ અંગે જરા વિગતથી વિચારવાની જરૂર છે.

ભારતમાં બધાં જિનમંદિરોના દરવાજામાં બહાર મોટાં બોર્ડ નથી હોતાં. ગુજરાતમાં જૂના વખતમાં બધે એવું હશે કે નહિ તે ખબર નથી, ગુજરાત, રાજસ્થાન વગેરે ભારતનાં મંદિરોમાં ક્યાં ક્યાં આવાં બોર્ડ રાખવામાં આવ્યાં છે તેનો સર્વે કરવો જોઈએ. કેટલાંક મંદિરોમાં જિનપ્રતિમા જ પહેલે માળે રાખવામાં આવી હોય છે. એટલે તેઓને માટે આવા પ્રશ્નો ઉપસ્થિત થતા નથી. મુંબઈમાં પાયધૂનીના છ દેરાસર તથા દિગંબર દેરાસર પહેલે માળે છે.

જૂના વખતમાં પ્રસૂતિવાળી સ્ત્રી કે એનાં ઘરનાં સભ્યો માટે અથવા રજસ્વલા સ્ત્રી માટે દર્શનની જુદી કાયમની વ્યવસ્થા થતી. અમારા ગામમાં દેરાસરમાં એવી રચના પૂર્વજોએ કરેલી કે પ્રસૂતિવાળી સ્ત્રી કે રજસ્વલા સ્ત્રીને દર્શન કરવાં હોય તો તે માટે દેરાસરની બહાર એક જાળી રાખવામાં આવી હતી કે જ્યાંથી તેઓ દર્શન કરી શકે.

દેરાસરમાં ભગવાનની પ્રતિમાને કોઇની અશુભ દૃષ્ટિ લાગે, શૂદ્રાદિ માણસો દર્શન કરે, રજસ્વલા સ્ત્રી બહારથી દર્શન કરે માટે પડદો કે બોર્ડ રાખવામાં આવે છે પણ તે નિયમ કેટલો વ્યાજબી તે વિચારવું જોઈએ.

એક વખત પ. પૂ. સ્વ. કૈલાસસાગરસૂરિજી સાથે મારે વાત થઈ હતી ત્યારે એમણે કહેલું કે 'મહેસાણામાં ગામમાં નહિ પણ હાઇવે પર હું દેરાસર એટલા માટે કરાવું છું કે જતાં આવતાં પ્રવાસીઓ દૂરથી પણ દર્શન કરી શકે. સીમંધરસ્વામીની પ્રતિમા એટલી ઊંચી બનાવડાવી છે, બેઠક પણ ઊંચી રાખી છે અને દેરાસરનો દરવાજો પણ ઊંચો અને પહોળો બનાવ્યો છે કે જેથી રોડ ઉપરથી માણસ ભગવાનનાં દર્શન કરી શકે. મોટરકાર કે બસમાં જતા આવતા પ્રવાસીઓ પણ દર્શન કરી શકે.'

ભરત મહારાજાએ અષ્ટાપદ તીર્થમાં ચોવીસ ભગવાનની પ્રતિમા ભરાવીને પ્રતિષ્ઠા કરાવી હતી. આ પ્રતિમા 'નિજ નિજ દેહપ્રમાણ' એવી કરાવી હતી અને ચાર દિશામાં એની ગોઠવણી બે, ચાર, આઠ અને દસ એ ક્રમે રાખી હતી. સૂત્રમાં આવે છે.

**ચત્તારિ અટ્ઠ દસ દોય વંદિયા જિનવરા ચઉવિસ્સં.**

અષ્ટાપદ પર્વત ઘણો ઊંચો હતો. એટલે નીચે ઘણે દૂરથી પ્રતિમાઓ નિહાળી શકાય. હવે એ ચોવીશ ભગવાનનાં દર્શનમાં અંતરપટ ક્યાંથી ઊભો કરી શકાય ?

પ. પૂ. શ્રી દેવચંદ્રજી મહારાજે શ્રી શાન્તિનાથ ભગવાનના સ્તવનમાં લખ્યું છે કે:

**દક્ષિણ પશ્ચિમ ઉત્તર દિશિમુખ ઠવણા જિન ઉપગારી રે;**
**તસુ આલંબન લહીય અનેકે, તિહાં થયા સમકિતધારી રે.**

આ સ્તવનમાં દેવચંદ્રજી મહારાજે સમવસરણની વાત કહી છે. સમવસરણમાં સહુ કોઈ જઈ શકે છે. ભગવાન સમવસરણમાં પૂર્વાભિમુખ હોય છે. અન્ય દિશામાં બેઠેલા લોકોને પણ ભગવાનનાં સાક્ષાત્ દર્શન થાય એ માટે દેવો બાકીની ત્રણે દિશામાં ભગવાનની જીવંત પ્રતિકૃતિની સ્થાપના કરે છે. એ એવી આબેહૂબ હોય છે કે જોનારને એમ નથી લાગતું કે અમે ભગવાનને બદલે એમની પ્રતિકૃતિ જોઈએ છીએ. સમવસરણની રચના બધાંને દર્શનનો લાભ મળે અને ભગવાનની પવિત્ર દેશના સાંભળવા મળે એ માટે હોય છે. ત્યાં શૂદ્રાદિ, મિથ્યાત્વી અન્ય ધર્મી લોકો પણ ભગવાનનાં દર્શન કરે છે. અરે પશુપંખીઓ પણ ત્યાં આવે છે. પરંતુ એ માટે સમવસરણના દરવાજા બંધ કરવામાં નથી આવતા અથવા બોર્ડ મૂકવામાં નથી આવતું અને આવે તો પણ ભગવાન એટલે ઊંચે બિરાજમાન હોય છે કે દરવાજાનું કે બોર્ડનું ખર્ચ માથે પડે. વળી મહત્ત્વની વાત તો એ છે કેટલાય ભવ્ય જીવોને પ્રતિકૃતિ અર્થાત્ પ્રતિમા જોતાં જ ત્યાં સમવસરણમાં જ સમકિત પ્રાપ્ત થાય છે. સમવસરણમાં ભગવાન કે એમની પ્રતિકૃતિને કોઈનો ઓછાયો લાગતો નથી તો દેરાસરોમાં ભગવાનની પ્રતિકૃતિ–પ્રતિમાને

કોઈનો ઓછાયો કેમ લાગી શકે? દેરાસરોમાં તો યુરોપિયનો, કે અન્ય વિદેશોના પ્રવાસીઓને અથવા આપણા દેશના અન્ય ધર્મીઓને આવવા દેવાય છે. તેઓ હોય છે પ્રવાસી, પણ તેઓમાંના કોઈકને ભગવાનની પ્રતિમા જોતાં સમકિત થઈ શકે છે. એ જ એનો મહિમા છે. જિન પ્રતિમાના આકારની માછલીને જોતાં જો સમકિત થવાનાં ઉદાહરણ શાસ્ત્રમાં હોય તો બીજા લોકોમાંથી કોઈકને કેમ સમકિત ન થાય? અલબત્ત, દેરાસરની અંદર આવનારે દેરાસરના આચારનું પાલન કરવું જોઈએ.

નળદમયંતીની પૌરાણિક કથા છે. દ્યૂતમાં હારી જતાં તેઓને વનમાં ચાલ્યા જવાનો આદેશ થયો છે. વનમાં દમયંતીને મૂંઝવણ થઈ. તેને રોજનો નિયમ હતો કે ભગવાનની રોજ પૂજા કરીને પછી આહાર લેવો પણ વનમાં જિનપ્રતિમા ક્યાંથી હોય? પણ દમયંતી કલાકારીગીરીમાં હોંશિયાર હતી. એણે વેળુ (રેતી-માટી)માંથી એક સ્થળે કોઈક અનુકૂળ જગ્યામાં સુંદર જિનપ્રતિમા બનાવી. એના ઉપર પાણી છાંટી, માટીનો જ સરસ સુંવાળો લેપ કર્યો. આ રીતે તૈયાર થયેલી મનોહર જિનપ્રતિમાની વિધિસર સ્થાપના કરીને તે એની રોજ પૂજા કરતી. બીજે મુકામ કરે તો ત્યાં પણ એ રીતે વેળુની પ્રતિમા બનાવતી અને પૂજા કરતી. હવે દમયંતીના જિનમંદિરને કોઈ દિવાલ કે છાપરું નહોતું. એ વખતે ત્યાં આગળથી પસાર થતા આદિવાસી ભીલ જાતિના લોકોનો ઓછાયો ભગવાનની પ્રતિમા ઉપર પડે તો તેનું શું કરવું? પરંતુ દમયંતી જાણતી હતી કે જિનેશ્વર ભગવાનની પ્રતિમા ઉપર કોઈનો ઓછાયો પડે જ નહિ. ત્રિલોકના નાથનું સ્વરૂપ જ એવું અલૌકિક હોય કે ઓછાયો આવે તે પહેલાં ઓગળી જાય.

સામાન્ય રીતે દેરાસરો સવારથી સાંજ સુધી ખૂલ્લાં હોવાં જોઈએ અને પૂજા પણ સૂર્યાસ્ત સુધી થઈ શકે. પણ વ્યવહારુ દૃષ્ટિએ, ચોરી વગેરેના ભયને કારણે તથા વહીવટી ખર્ચ ઓછો રાખવા માટે પૂજા ફક્ત સવારની થઈ ગઈ અને સાંજે ફક્ત દર્શન થઈ શકે. સામાન્ય રીતે સાંજે આરતી થઈ જાય અને ત્યાર પછી દેરાસર માંગલિક થઈ જાય તે પછી કોઈના માટે તે ખોલી ન શકાય, પરંતુ કોઈ મોટો સંઘ આવ્યો હોય અથવા વિશિષ્ટ યાત્રાળુઓ આવ્યા હોય તો અથવા વિશિષ્ટ ઉત્સવ હોય તો દેરાસર અવશ્ય ખોલી શકાય છે.

પચાસ વર્ષ પહેલાં અમે શંખેશ્વરની યાત્રાએ જતાં. ચોમાસા પછી બસ રેતીમાં ચાલુ થાય. સવારે ગયેલી બસ સાંજે પાછી આવે. જાત્રા કરી, બસનો ટાઈમ થાય ત્યારે દરવાજા બહારથી દર્શન કરી સર્વ યાત્રીઓ બસમાં બેસતા. જૂના વખતમાં જ્યારે મુંબઇમાં ટ્રામ હતી. ત્યારે માટુંગા, સાયન જનારા લોકો ટ્રામમાં બેઠાં બેઠાં માટુંગાના ચૌમુખી ભગવાનનાં બે હાથ જોડી દર્શન કરતા.

એક ગામમાં અમે એવું દેરાસર જોયું છે કે જ્યાં ચોવીસે કલાક દર્શન થઈ શકે. એમાં ગભારામાં ફક્ત ત્રણ મોટી પ્રતિમાઓ છે. આંગી માટેના ચાંદીના મુગટ અમુક અવસરે જ સવારના પહેરાવાય છે. દેરાસરના ગભારાની જાળી બપોરે બંધ થાય, પણ તેને તાળું મારવાનું નહિ. બપોરે પણ કોઈને પૂજા કરવી હોય તો થઈ શકે. દેરાસરના મુખ્ય દ્વારને રાતના આંગળિયો ભરાવાય. પરંતુ અડધી રાતે પણ કોઈને દેરાસરમાં જઈ પ્રભુજી સામે બેસી ધ્યાન ધરવું હોય તો ધરી શકાય. દીવો ચોવીસે કલાક ચાલુ હોય. ત્યાં ચોરીનું કોઈ જ જોખમ જ નહિ એટલે ચોકીદારની જરૂર પણ નહિ. જૂના વખતમાં ગુજરાતમાં ઘણાં ગામડાંઓમાં બોર્ડ વગરનાં આવાં દેરાસરો હતાં. કિંમતી આંગીની પ્રથા આવી ત્યારથી બીજી બધી જરૂરિયાતો ઊભી થઈ.

આવાં બોર્ડ રાખવામાં બીજો એક આશય એમ કહેવાય છે કે દેરાસરની બહાર નીકળતાં માણસ જિનપ્રતિમાને પૂંઠ કરી ન નીકળે. બહાર નીકળતાં ભગવાનને પૂંઠ ન થાય. પરંતુ પૂંઠ કરવાના આ વિષયને પણ બરાબર સમજવો જોઈએ. જૂના વખતમાં નાનાં ગામમાં નાનું દેરાસર હોય અને રંગમંડપ નાનો હોય ત્યાં ભગવાનને પૂંઠ કર્યા વગર પાછા પગે ચાલીને બહાર નીકળી શકાતું. પણ ત્યાં બોર્ડ નહોતાં. પરંતુ હવે જ્યારે મોટા મોટા રંગમંડપો બંધાવા લાગ્યા ત્યાં અડધે સુધી તો માણસને પૂંઠ કરીને નીકળવું પડે છે. વળી પાછા પગે તો દરવાજો ઓળંગવાનું પણ અઘરું છે. ઊંધા પગે વધારે ચાલતાં માણસ ક્યારેક પડી જાય, ભટકાઈ પડે કે ચક્કર પણ આવે. મહેસાણા, અયોધ્યાપુરમ્, શાહપુર વગેરેનાં દેરાસરોમાં કેટલા મોટા રંગમંડપો છે! ત્યાં ક્યાંક ને ક્યાંક કોઈક ભગવાનને પૂંઠ થવાનો સંભવ રહે છે. પાલિતાણાના સમવસરણ મંદિરમાં ભમતીમાં પાર્શ્વનાથ ભગવાન છે. એટલે ક્યાંક તો પૂંઠ થવાનો સંભવ રહે છે. રાણકપુરના દેરાસરમાં બહારના ભાગમાં રચના જ એવી કરવામાં આવી છે બે પ્રતિમા સામસામે જોવા મળે. ત્યાં એક ભગવાનનાં દર્શન-પૂજા કરીએ તો બીજા ભગવાનને પૂંઠ થાય. પરંતુ એ અટકાવવા માટે ત્યાં ક્યાંય બોર્ડ રાખવામાં આવ્યાં નથી. આપણા ઘણા દેરાસરોમાં ગભારા બહાર રંગમંડપમાં બંને દીવાલોમાં જિનપ્રતિમા હોય છે; એક બાજુના ભગવાનની પૂજા કરીએ તો સામેની દીવાલના ભગવાનને પૂંઠ થવાની. બોર્ડ મુખ્ય દરવાજે હોય અને મોટા દેરાસરમાં બાજુના બે દરવાજા હોય તો ત્યાં તો નીકળતી વખતે પૂંઠ થવાની છે. એટલે આ કારણ પણ બહુ વ્યાજબી લાગતું નથી.

તીર્થંકર ભગવાનનો અવિનય થાય એમ હોય એવે વખતે અંતરપટ એટલી વાર માટે કરવામાં આવે છે. એ જરૂરી છે. દીક્ષા કે પદવી પ્રસંગે શિષ્ય ગુરુમહારાજને વંદન કરે ત્યારે ભગવાનની ઉપસ્થિતિમાં ગુરુ મહારાજને વંદન કરાય એટલો સમય ભગવાન અને ગુરુમહારાજ વચ્ચે અંતરપટ રાખવામાં આવે છે. એ યોગ્ય છે અને શાસ્ત્રોક્ત છે.

મોટા ભાગનાં દેરાસરોમાં બોર્ડ ઉપર ગામપરગામના ઉત્સવોની મોટી મોટી પત્રિકાઓ લગાડેલી હોય છે. બીજા પણ સમાચારો ચોકથી લખાયા હોય છે. આ બધું આવશ્યક છે, પણ તે અન્યત્ર હોય તો વધારે યોગ્ય ગણાય. દેરાસરમાં પ્રવેશતાં જ વચ્ચે બોર્ડ આવે અને માણસ પત્રિકાઓ વાંચવા રોકાય, તો એની 'નિસિહ'નો ભંગ થાય છે. ક્યારેક તો સમાચાર એવા હોય છે કે ભક્તનું મન પ્રભુનાં દર્શન કરતાં કરતાં એના વિચારે ચડી જાય છે. પરિણામે દર્શન-પૂજામાં એવી એકાગ્રતા રહેતી નથી.

આમ દેરાસરના દરવાજા પાસે ઊંચું પાટિયું રાખવાથી કેટલાય લોકોને દર્શનનો લાભ મળતો નથી. જેઓ દેરાસરનાં પગથિયાં ન ચડી શકે એવા વૃદ્ધો તથા અપંગોને ભગવાનનાં દર્શન સહજ રીતે થતાં નથી. કોઈ ઊંચકીને લઈ જાય તો થાય, પણ બધા વૃદ્ધો પાસે એવી સગવડ હોતી નથી.

આમ દેરાસરના દરવાજામાં બોર્ડ રાખીને કેટલાક લોકોને દર્શન કરતા અટકાવવા એમાં અંતરાય કર્મ બંધાય છે? અંતરાયનો આશય ન હોય તો પણ અંતરાય અવશ્ય થાય છે. જો અંતરાય કર્મ બંધાતાં હોય તો તે કોને લાગે? ટ્રસ્ટીઓને? સંઘપતિઓને? એની પ્રેરણા કરનાર સાધુ મહારાજને? તે વ્યક્તિગત બંધાય કે સામુદાયિક બંધાય? આ બધા પ્રશ્નોના જવાબ તો જ્ઞાની ભગવંતો આપી શકે.

વળી આશાતના અને અંતરાય કર્મ એ બેમાં શું વધુ ગંભીર? આશાતના એટલે આય+શાતના. આય એટલે આવક, નફો ઇત્યાદિ. શાતના એટલે ક્ષતિ. આશાતના એટલે વેપારી ભાષામાં કહેવું હોય તો નફે નુકશાન એટલે આશાતના દોષ જેટલો લાગે તેના કરતાં અંતરાયકર્મ વધુ ગંભીર ગણાય.

આ વિષય પર મેં લખ્યું છે તે મારી સમજ પ્રમાણે લખ્યું છે. એમાં કોઈ દોષ હોય તો તે માટે ક્ષમાપ્રાર્થી છું.

જ્ઞાની ભગવંતો આ વિષયમાં વધુ પ્રકાશ પાડે અને યોગ્ય માર્ગદર્શન આપે એમ ઇચ્છું છું.

☐ રમણલાલ ચી. શાહ

# બ. ક. ઠા.

□ ડૉ. રણજિત પટેલ 'અનામી'

પ્રો. બ. ક. ઠા. એટલે પ્રો. બલવંતરાય કલ્યાણરાય ઠાકોર. એમના 'ભણકાર' સોનેટ અને એ જ નામના કાવ્યસંગ્રહથી હું પરિચિત. 'મારાં સોનેટ' પણ વાંચેલાં; પણ એમને પ્રથમવાર મળવાનું સદ્ભાગ્ય તો પ્રાપ્ત થયું સને ૧૯૩૮માં હું અમદાવાદની ગુજરાત કૉલેજનો વિદ્યાર્થી હતો ત્યારે. ગુજરાતીના મારા સીનિયર પ્રો. અનંતરાય રાવળની 'પ્રસ્તાવના' સાથે મેં 'કાવ્યસંહિતા' નામે કાવ્યસંગ્રહ પ્રગટ કરેલો...કૉલેજના પ્રથમ વર્ષમાં, તાકડે પ્રો. ઠાકોર અમદાવાદમાં એમના મિત્ર શ્રી રતિલાલ લાખિયાને બંગલે હતા. પ્રો. રાવળ સાહેબની સૂચનાથી હું મારો કાવ્યસંગ્રહ તેમને ભેટ આપવા શ્રી લાખિયાને બંગલે ગયો તો પ્રથમ દર્શને જ હું તો 'નર્વસ' થઈ ગયો. મોટી મોટી મૂછો, ટૂંકી ગરદન, મારી તુલનાએ 'પ્રચંડ દેહયષ્ટિ', વિચિત્ર પહેરવેશ,-ટૂંકો પનો ને વેધક આંખો. પગે લાગીને પ્રો. રાવળ સાહેબની સૂચના અનુસાર આપને મારો આ કાવ્યસંગ્રહ ભેટ આપવા આવ્યો છું એમ કહી 'કાવ્યસંહિતા' એમના કરકમલમાં મૂકી. મારો કાવ્યસંગ્રહ ટેબલ ઉપર મૂકી મને કહે: 'મારો એક ભાણો છે...એ પણ કાવ્યો લખવા લાગ્યો. મેં એને કહ્યું: 'અલ્યા ! કાવ્યો લખનાર હું નથી તે પાછો તું મંડી પડ્યો ?'...આટલું બોલી મારો કાવ્ય સંગ્રહ હાથમાં લઈ, થોડાં પાનાં ફેરવી પુસ્તકને ટેબલ પર પછાડી મને કહે:

'બ્રહ્મચર્ય પાળો, બ્રહ્મચર્ય.' પાંચેક સેકન્ડ બાદ બોલ્યા: 'કલમનું.'

ચા-પાણીનું પત્યા બાદ મને કહે: 'નવજવાન ! હવે તું ક્યાં જવાનો ?' મેં કહ્યું: 'મારી હોસ્ટેલે. આપને કોઈ કામ હોય તો ફરમાવો' તો કહે: 'આંબાવાડીમાં મારે મારા પરમ મિત્ર પ્રો. આણંદશંકર ધ્રુવને-'વસન્ત' બંગલે જવું છે. તું તારો ખભો મને ધીરીશ ?' મેં કહ્યું: 'એક નહીં, બે.' ધ્રુવ સાહેબનો બંગલો બહુ દૂર નહોતો એટલે વાતો કરતા કરતા 'વસન્ત' બંગલે આવી પહોંચ્યા. પાંચેક મિનિટ રોકાઇને જ મારી હોસ્ટેલ ભેગો થઈ ગયો...પણ પ્રોફેસર સાહેબના પ્રથમ દર્શને જ ઘાયલ થઈ જવા જેવી અનુભૂતિ થઈ. રાવળ સાહેબને વિગતે વાત કરી તો કહે: એમની પ્રકૃતિ નારિયેળ જેવી છે. ઉપરથી રૂક્ષ, અંદરથી કોપરા-પાણીની મીઠાશ. એમની કવિતા પણ એવી. સને ૧૯૩૮ પછી તો એ પ્રકાંડ વિદ્વાન ને સ્વતંત્ર ચિંતકનું સને ૧૯૪૪ સુધીમાં ત્રણેકવાર દર્શન થયું. સંભવ છે કે સને ૧૯૪૩માં 'વિદ્યાસભા'ના ઉપક્રમે તેમણે નવીન કવિતા-વિષયક વ્યાખ્યાનો આપેલાં ત્યારે લગભગ બે અઢી કલાક માટે એમનું દર્શન ને સત્સંગ થયેલો. વ્યાખ્યાનો પ્રો. ઉમાશંકરભાઇએ વાંચેલાં. સને ૧૯૪૦માં મેં 'ગુજરાતી સાહિત્ય મંડળ'ના ઉપક્રમે ગુજરાત કૉલેજમાં ને સને ૧૯૪૫માં વડોદરાની 'પ્રેમાનંદ સાહિત્યસભા'ના ઉપક્રમે પ્રો. ઠાકોરની અર્થઘન કવિતા સંબંધે બે વ્યાખ્યાનો આપેલાં. 'મારાં સોનેટ' મને સોનેટો લખવાની પ્રેરણા આપેલી, ખાસ કરીને તેમનાં દામ્પત્ય પ્રણયનાં સોનેટોએ. જ્યારે એમણે નવીન કવિતા વિષે વ્યાખ્યાનો આપેલાં ત્યારે એમણે એમના 'લિરિક'ની પચાસેક નકલો ઉમાશંકરભાઇને આપેલી-વેચવા માટે સ્તો...એમાં 'લિરિક' નામના કાવ્ય પ્રકારની ઊંડી સ-દૃષ્ટાંત પર્યેષણા છે. સરસ પાકા બાઇન્ડિંગવાળું આ પ્રકાશન-મૂળ કિંમત તો રૂપિયાથી ઓછી નહોતી પણ ચચ્ચાર આનામાં કાઢવામાં આવેલી. એમાં એમના કેટલાક વિદ્યાર્થીઓ સમક્ષ જમણા હાથમાં 'લિરિક'ની નકલ રાખી ઉમાશંકરભાઇ બોલતા: 'લઈ લ્યો, લઈ લ્યો, ફક્ત ચાર જ આનામાં આવી લિરિકની પર્યેષણા તમને અન્યત્ર વાંચવા નહીં મળે. એ ઉપરાંત કોઇની સાથે ઝઘડો થાય તો છૂટો ઘા કરવામાં પણ શેર તરીકે ઉપયોગમાં આવશે...લઈ લ્યો, લઈ લ્યો, ફક્ત ચાર જ આનામાં.' મિત્રોને વહેંચવા માટે અઢી રૂપિયામાં 'લિરિક'ની દશ નકલો મેં લીધેલી. જે પાંચ મિત્રોને આપેલી તે બધા ભવિષ્યમાં સારા સાહિત્યકારો થયેલા...દા. ત. ડૉ. ભોગીલાલ સાંડેસરા, ડૉ. ઉપેન્દ્રભાઈ પંડ્યા, ડૉ. તનસુખભાઈ ભટ્ટ, શ્રી પીતાંબર પટેલ અને પ્રો. રામપ્રસાદ શુકલ. 'લિરિક'ને કારણે તેઓ સારા સાહિત્યકારો થયેલા એમ નહીં પણ એ સાહિત્ય પ્રકારે એમની સમજણમાં વૃદ્ધિ તો કરેલી જ. 'લિરિક', 'કવિતા શિક્ષણ', 'નવીન કવિતા વિષે વ્યાખ્યાનો' અને 'આપણી કવિતા સમૃદ્ધિ'માં કાવ્યકલાના શિક્ષાગુરુ તરીકેની પ્રો. ઠાકોરની ઉજ્જ્વળ છબીનું દર્શન થાય છે. તત્કાલીન અનેક કવિઓને એ ગ્રંથોએ પ્રેરણા ને માર્ગદર્શન આપ્યાં છે.

અર્થઘટન કવિતાના પ્રખર પુરસ્કર્તા તો તેઓ હતા જ પણ મને તેમની બીજી એક શક્તિ માટે વિશેષ માન થયેલું. તેઓ જૂની ગુજરાતીના બહુ સારા તો નહીં પણ એકંદરે સારા અભ્યાસી કહી શકાય. નિવૃત્તિ કાળે એમણે જૂની ગુજરાતીના બે ગ્રંથોનું સંપાદન કરેલું તેની સાથે મારે થોડોક દૂરનો સંબંધ પણ ખરો. સને ૧૯૫૦ થી સને ૧૯૫૮ સુધી હું નડિયાદની કૉલેજોમાં પ્રોફેસર ને અધ્યક્ષ હતો. નડિયાદની શ્રીમતી ડાહીલક્ષ્મી લાયબ્રેરીમાં જૂની હસ્તપ્રતો સચવાયેલી છે તેમાંથી એકનું સંપાદન પ્રો. ઠાકોરે કરેલું છે. 'અંબડ વિદ્યાધર રાસ' એમનું સંપાદન દાદ માગી લે તેવું છે, અલબત્ત, જ્યાં જરૂર પડે ત્યાં તેમણે ડૉ. ભોગીલાલ સાંડેસરાની આવશ્યક મદદ લીધી છે-સાભાર. બીજું એમનું સંપાદન છે ઉદયભાનુ વિરચિત 'વિક્રમ ચરિત્રરાસ'. મધ્યકાલીન વાર્તાસાહિત્ય-કથાસાહિત્ય બે સ્રોતમાં વહે છે: જૈન અને જૈનેતર. શામળ પૂર્વેનું જે વાર્તા-સાહિત્ય ગુજરાતીમાં ઉપલબ્ધ છે, તે મોટે ભાગ જૈનોનું છે. વિક્રમ ચરિત્રરાસના કર્તા શ્રી ઉદયભાનુ પણ સોળમા સૈકાના એક શિષ્ટ જૈન કવિ છે. તેમના આ રાસની સંખ્યાબંધ હસ્તપ્રતો જુદા જુદ ગ્રંથ ભંડારોમાં મળે છે, પરંતુ આ સંપાદન માટેની આધારભૂત પ્રત પ્રો. ઠાકોરે આ ગ્રંથ ભંડારમાંથી મેળવી છે તે જાણવા મળ્યું નથી, પણ આ કૃતિનો મૂળ પાઠ એમણે ઇ. સ. ૧૯૫૧માં શ્રી કિશનસિંહ ચાવડાના 'સાધના પ્રેસ'માં છપાવ્યો હતો, જેમાં લગભગ ૧૨૯ જગ્યાએ ભ્રષ્ટપાઠ રહી જવા પામેલો જેને મેં, રાસને અંતે 'શોધપત્ર' શીર્ષક નીચે પ્રગટ કર્યો હતો. આ નાનકડા રાસના ખાસ્સા છવ્વીસ પાનાના 'ઉપોદ્ઘાત'માં મેં છેક ઋગ્વેદથી શરૂ કરી બ્રાહ્મણ, આરણ્યક ને ઉપનિષદ સાહિત્ય તેમ જ મહાભારત, રામાયણ ને પુરાણોમાંથી અનેકાનેક વાર્તાઓ તેમ જ તેમના ઉપરથી પ્રાકૃત, અપભ્રંશ ને પ્રાંતીય ભાષાઓમાં ઉતરી આવેલા બૌદ્ધ, જૈન, જૈનેતર સાહિત્ય અંતર્ગત કઈ વૃત્તિ-પ્રવૃત્તિ રહી છે, તેની ઝાંખી કરાવી છે, વળી રાસનો વિગતપૂર્ણ સાર આપ્યો છે જે અનિવાર્ય હતો, કેમ જે કવિએ 'ટબા પદ્ધતિ' એ અતિ સંક્ષેપમાં ક્યાંક ક્યાંક વાર્તાનો વિસ્તાર કરેલો છે, વળી લગભગ ચારસો વર્ષ પૂર્વેની જૂની ભાષાથી ઘણા વાંચકો અજ્ઞાત ન પણ હોય !

આ રાસના સંપાદનમાં ઉપયોગમાં લેવાયેલી પ્રત સં. ૧૭૬૦ ની હોવા છતાં લહિયાએ મૂળ કૃતિની જૂની ભાષાને સાચવી રાખવાનો આગ્રહ સેવ્યો હોય એમ લાગે છે, એટલે આ પ્રકારનો

વાર્તાસાર વિસ્તારથી આપવાનો અભિગમ રાખ્યો છે. રાસની ભાષામાં કવિનું સંસ્કૃત ભાષાનું જ્ઞાન સર્વત્ર પ્રગટ થાય છે. ભાષામાં એક પ્રકારની શિષ્ટતા, લાઘવ, ગૌરવ, ચોટ અને પ્રાસાદિકતા વરતાય છે. વિશેષમાં, લોકવાર્તાનું પરંપરાગત વાતાવરણ આ રાસમાં તેની વિશેષતાઓ સહિત ઉપસ્થિત છે. છોંતેરમે વર્ષે આ રાસનું સંપાદન કરતાં પ્રો. ઠાકોર 'પુષ્પિકા:'માં લખે છે:-

'ભાષાપુરાણ અભુરુચિ ધને
પંક્તિમંક્તિ પઢશે એકમને,
શતક ચારના રાસ પ્રબંધ
તણી લાભશે કૂંચિ કમાલ–

થશે હૈમકૃતિયો ય રસાળ (પૃ. ૫૨) પણ આ રાસનો ઉપોદ્‌ઘાત કે 'શબ્દકોશ' તૈયાર થાય તે પહેલાં પ્રો. ઠાકોરનું અવસાન થયું એટલે વડોદરાની મહારાજા સયાજીરાવ યુનિવર્સિટીએ એ કામ મને સોંપેલું. 'ઉપોદ્‌ઘાત', 'શબ્દકોશ' ને 'શોધપત્ર' જોયા પછી આપણા મૂર્ધન્ય વિવેચક પ્રો. વિષ્ણુપ્રસાદ ત્રિવેદીએ મને ધન્યવાદ આપતાં લખેલું:-

'આપણા પ્રાધ્યાપકોનું કામ આવું હોવું જોઇએ.' વડોદરાની મ.સ. યુનિવર્સિટીમાં એમ.એ. કક્ષાએ આ પુસ્તક ત્રણ સાલ સુધી પાઠ્ય-પુસ્તક તરીકે રહેલું.

પ્રો. ઠાકોરની સાહિત્યસેવાનો ખ્યાલ આપવાનો મારો ઇરાદો નથી. કેંક સંસ્મરણાત્મક રજૂ કરવાનો પ્રયત્ન છે. બાકી ઉચ્ચ ભાવના, અર્થ લય ને સુદૃઢ બંધે ઘાટીલાં અનેક સોનેટના કવિ તરીકે અને નવીન કાવ્યવિભાવનાના જાગ્રત આચાર્ય તરીકે તેમ જ ગદ્યશૈલીના શિલ્પી તરીકે આજે પણ તેઓ જીવંત છે. હું ભણતો હતો ત્યારે ને આજે પણ એમનો કવિતાનો આ આદર્શ મને ખૂબ ખૂબ આકર્ષે છે:-

'બધા સૂર ખિલાવજે મનુજ ચિત્ર સારંગીના,
બધાં ફલક માપજે મનુજ-બુદ્ધિ-બ્રહ્માંડનાં.'

તેમના આ આદર્શને અનુસરીને લખાયેલી કેટલીક અર્થઘન દીર્ઘ કવિતાઓ અને અન્ય રચનાઓ માટે શ્રી મનુ હ. દવેએ, 'કવિમાં તકરાર' નામના હાસ્યરસિક કાવ્યમાં પ્રો. ઠાકોરના મુખમાં આ પંક્તિઓ મૂકી છે:-

'અર્થભારથી ભર્યા કાવ્યનો એક હૂં જ ઘડનાર,
લોક કહે છે, 'આ કવિથી તો માથાં છે ચડનાર
દવાની શોધ કોઈ કરનાર ?

મશ્કરીમાં આપણે હળવી કલ્પના કરી શકીએ...કો'ક અનિદ્રાનો રોગી દવા માટે ડૉક્ટર પાસે જાય છે...ઊંઘની દવા માટે તે પ્રો. ઠાકોરની અર્થ-ઘન કવિતા વાંચવાની સલાહ આપે છે ! શ્રી મહેન્દ્ર મેઘાણી સંપાદિત 'અરધી સદીની વાચનયાત્રા-ભાગ-૨ વાંચતો હતો તેમાં આવી જ એક સત્યઘટના ઉમાશંકરભાઇએ આલેખી છે. એક દર્દી ડૉક્ટર પાસે જાય છે. બધું જ તપાસીને ડૉક્ટર દર્દીને કહે છે: 'તમને કશો રોગ નથી. ચિંતા કર્યા કરવાની આદત પડી લાગે છે ! ફિકરની ફાકી કરી જાઓ, એ જ દવા. જરીક મોલિયેરના નાટક જોતા રહો એટલે ખડખડાટ હસીને તમે ખુશમિજાજ થઈ જશો.' દર્દીએ કહ્યું: 'દાક્તર સાહેબ ! પણ હું મોલિયેર પંડે જ છું.' કેટલાક સાહિત્યકારોનું સાહિત્ય ડૉક્ટરોને 'પ્રીસ્ક્રીપ્શન'માં પણ લેખે લાગે છે. કવિ તરીકેના ઠાકોરના પ્રભાવને નિરૂપતાં ઉમાશંકરે ઉચ્ચાર્યું છે: 'અદ્યતન ગુજરાતી કવિતા કથપિતાય પરત્વે ગાંધીજી અને આયોજન પરત્વે ઠાકોર-એમ બે ભિન્ન ભિન્ન પ્રકૃતિના માણસોને ખભે ચડીને જાય છે.' 'પ્રજાબંધુ' અઠવાડિયામાં આનું 'કાર્ટૂન', જોયાનું મને સ્મરણ છે. એક છેડો ગાંધીજીએ ને બીજો છેડો ઠાકોર ગુર્જર-કાવ્ય-પાલખીનો ઉચકેલો એમાં દર્શાવ્યો છે. એક બાજુ સુકલકડી ગાંધીજીને બીજી બાજુ પ્રચંડ દેહયષ્ટિવાળા ઠાકોરને એમાં ચિત્રિત કરેલા છે.

પ્રો. ઠાકોર, શ્રી કિશનસિંહ ચાવડા (જીપ્સી)ના ખાસ સ્નેહી હતા. વડોદરે આવે ત્યારે શ્રી ચાવડાના અલકાપુરી સોસાયટીના આઠ નંબરના ભાડાના બંગલામાં ઉતરે. વડોદરાની મહારાજા સયાજીરાવ યુનિ.ની સ્થાપના નહોતી થઈ ત્યારે પ્રતાપસિંહ રાવ કોમર્સ કૉલેજ અને બરોડા કૉલેજમાં ગુજરાતી-અંગ્રેજીના લેક્ચરર ને શ્રી ચાવડાના ને મારાય મિત્ર શ્રી ભાઇલાલ કોઠારી એકવાર નવાં રચેલાં બે ગીતો લઈ પ્રો. ઠાકોરને વંચાવવા ગયા. ઠાકોર સાહેબ ત્યારે આંખો મીંચીને કોઈ વિચારમાં ખોવાઈ જઇને હીંચકે ઝૂલતા હતા. કોઠારીએ એમનાં ગીતો સંભળાવવાની ઇચ્છા વ્યક્ત કરી...ઠાકોરે સંમતિ આપી...આંખો મીંચીને એક ગીત સાંભળ્યું...પછી કહે, 'તમ તમારે ગાયે જાવ...ગાયે જાવ...હું સાંભળું છું...ને જ્યાં બીજું ગીત ગાવાનું શરૂ કર્યું...ત્યાં ઠાકોર સાહેબનાં નસકોરાં બોલવા લાગ્યાં....પાંચ સાત મિનિટ સમાધિભંગ થવાની પ્રતીક્ષા કરી પણ વ્યર્થ...એટલે પ્રો. કોઠારી ગૃહમ્ પ્રતિ ગચ્છન્તિ કરી ગયા ! એકવાર પ્રો. ઠાકોર ચાવડાને ત્યાં આરામ કરતા હતા. વડોદરાની સયાજી આયર્ન વર્કસના માલિક શ્રી છોટાભાઈ પટેલને ત્યાંથી એકવાર ફોન આવ્યો. ચાવડાની દીકરીએ ફોન તો લીધો પણ તે વખતે ઠાકોર સાહેબનાં નસ્કોરાં બોલતાં હતાં એટલે એમને જગાડ્યા નહીં, જાગ્યા એટલે ચાવડાની દીકરીએ ફોનની વાત કરી તો કહે: 'હું ઊંઘતો હતો !' દીકરીએ કહ્યું: 'હા, જોરથી તમારાં નસકોરાં બોલતાં હતાં એટલે એમને જગાડ્યા નહીં, જાગ્યા એટલે ચાવડાની દીકરીએ ફોનની વાત કરી તો કહે; હું ઊંઘતો હતો ! દીકરીએ કહ્યું: 'હા, જોરથી તમારાં નસકોરાં બોલતાં હતાં' તો કહે: 'જો, મારાં નસકોરાં બોલતાં હોય ત્યારે હું ઊંઘી ગયો છું એમ સમજવાનું નહીં, હું કેવળ તંદ્રાવસ્થામાં હોઇશ. નિદ્રા ને તંદ્રાવસ્થાનો ભેદ તું સમજે છે ? પ્રો. કોઠારી અને ચાવડાની દીકરીને આવી સૂક્ષ્મ ભેદ-રેખાની જાણ નહીં બાકી ગીત ગાયે જાત ને ઠાકોરને કાને ડાયલ ધરી દેત !

સને ૧૯૩૮માં તો પ્રો. ઠાકોરે મને ઘાયલ કરી દીધો હતો પણ ચોસઠ સાલ બાદ, એમનાં શ્રીમતીની ભત્રીજીની ભાણી જ્યારે મારી દીકરીના મોટા દીકરા સાથે પ્રેમલગ્ન કરીને અમારા પરિવારની કુલવધૂ બનીને આવી ત્યારે પ્રો. ઠાકોરને જોવાની મારી દૃષ્ટિમાં આમૂલ પરિવર્તન આવી ગયું ! ને ત્રણેક માસ બાદ એમની આ કાવ્યાત્મક ચિત્રાત્મક સુંદર પંક્તિઓ સાર્થક થવાની પ્રતીક્ષા કરી રહ્યો છું.

'ગોરું ચૂસે અખુટ રસથી અંગુઠો પદ્મ જેવો,
આવી જોઈ, દયિત, ઉચરો લોચને કોણ જેવો.'
'જેવો' કે 'જેવી'-ભાવિના ગર્ભમાં.

❖❖❖


## સંઘનાં નવાં પ્રકાશન

(૧) જિન તત્ત્વ ભાગ-૮ કિંમત રૂા. ૫૦/-
(૨) સાંપ્રત સહચિંતન ભાગ-૧૫ કિંમત રૂા. ૮૦/-

☐ લેખક : ડૉ. રમણલાલ ચી. શાહ

(નોંધ : સંઘના સભ્યોએ અડધી કિંમતે કાર્યાલયમાંથી મેળવી લેવું મોકલવામાં આવશે નહીં.)

# કલિકાલસર્વજ્ઞ હેમચંદ્રાચાર્યની સૂક્તિઓ

☐ સંપાદક-ડૉ. ધર્મેન્દ્ર મ. માસ્તર (મધુરમ્)

ઈ. સ. ૧૦૮૮ના નવેમ્બર માસમાં ગુજરાતના ધંધુકા ગામે જન્મી ૮૪ વર્ષનું સાર્થક આયુષ્ય ભોગવી ઈ.સ. ૧૧૭૩માં પાટણ મુકામે કાળધર્મ પામનાર ગુજરાતની અસ્મિતાના પહેલા જ્યોતિર્ધર-ગાયક કલિકાલસર્વજ્ઞ હેમચંદ્રાચાર્યે છંદ, અલંકાર, શબ્દકોશ, પ્રમાણશાસ્ત્ર, મહાકાવ્ય, ચરિત્ર, યોગકાવ્ય, ન્યાય, વ્યાકરણશાસ્ત્ર આદિ ક્ષેત્રોમાં સમર્થ વિહાર કરી નાના મોટા મળી તેત્રીસ ગ્રંથો અને તેમાં આશરે લાખ ઉપરાંતના સંસ્કૃત શ્લોકો આપણને આપ્યા છે. વળી સિદ્ધરાજ જયસિંહ અને કુમારપાળ જેવા સંસ્કારી રાજવીઓને તેમણે વિવિધ વિષયના વાર્તાલાપ દ્વારા અનેકવિધ પ્રેરણા આપી છે. આ રીતે તેમનું ચિંતન વ્યાપક અને પ્રેરક છે ને સૂક્તિઓ પણ મનનશીલ છે. એનું વિષયવાર આસ્વાદન એમના જ શબ્દોમાં કરીએ.

**સત્ત્વગુણ :**

'સર્વે ગુણોમાં સત્ત્વગુણ ખરેખર સાર્વભૌમ તરીકે ગણાય છે. અન્ય સર્વગુણો જે સત્ત્વગુણની પાછળ કુલવાન નોકરોની માફક દોડે છે. એક સત્ત્વગુણ સિદ્ધ થવાથી દરેક કાર્ય સિદ્ધ થાય છે. અન્ય ગુણો એની આગળ વૃથા છે. જે સત્ત્વગુણથી ચિંતામણિ રાજાની જેમ સર્વે સંપત્તિઓ પ્રાપ્ત થાય છે. વ્યસન-દુઃખરૂપી સાગરમાં પડેલ પ્રાણી અન્નપુત્રની માફક સત્ત્વગુણ વડે લક્ષ્મીનો ભોકતા બને છે.

**શાશ્વત સુખ-મુક્તિ :**

'હે ભવ્યાત્માઓ ! આ જગતમાં દુર્લભ એવો મનુષ્યભવ પામી બુદ્ધિમાન પુરુષે એવું કાર્ય કરવું કે જેથી શાશ્વત સુખની પ્રાપ્તિ થાય. વળી તે અભય સુખ મુક્તિમાં રહેલું છે.

**શુદ્ધ-સત્ય ધર્મ :**

દર્ભાદિકના અંકુરોથી જેમ દિવ્ય ઔષધિ આચ્છાદિત થઈ ગઈ તેમ આ યુગમાં સત્ય ધર્મ અન્ય ધર્મોથી નિરોહિત થયો છે. પરંતુ સમગ્ર ધર્મોનું સેવન કરવાથી દર્ભાદિક ઘાસની અંદર રહેલી દિવ્ય ઔષધિની માફક કોઈક સમયે કોઈક માણસને શુદ્ધ ધર્મની પ્રાપ્તિ થાય છે.

**દયા-ધર્મનું મૂળ અને પરોપકાર :**

'સર્વ પ્રાણીઓને હિતકદ અને કુકર્મોને પ્રતિકુલ એવો મુખ્ય ધર્મ દયા મૂળ ગણવામાં આવ્યો છે. કારણ કે મેઘ વિના વૃષ્ટિ, બીજ વિના અંકુરો અને સૂર્ય વિના દિવસ હોઈ શકે જ નહિ તેમ દયા વિના ધર્મ હોતો નથી. વળી તે દયા ધર્મ માણિક્ય રત્નથી આભૂષણ જેમ ઉપકાર વડે સિદ્ધ થાય છે. જેમની અંદર દયા ધર્મ હંમેશાં તરુણાવસ્થા ભોગવે છે, માટે વિદ્વાન પુરુષોએ નિરંતર પરોપકાર કરવાનો પ્રયત્ન કરવો. કારણ કે પદ્મની અંદર લક્ષ્મી જેમ ઉપકાર વ્રતમાં પુણ્ય તત્ત્વ રહે છે. અન્ય ધર્મમાં સર્વ દર્શનીઓ પરસ્પર વિવાદ કરે છે, પરંતુ સર્વ સંમત ઉપકાર વ્રતમાં કોઇપણ વિવાદ કરતા નથી. અહો ! પરોપકારનો પ્રભાવ ! સજ્જનોએ કરેલો ઉપકાર વિપત્તિને દૂર કરે છે, કીર્તિને પ્રગટ કરે છે, વેરનો ઉચ્છેદ કરે છે, લોકોમાં માન વધારે છે. લક્ષ્મીને વશ કરે છે, દયામૂલક ધર્મને ઉત્પન્ન કરે છે અને સર્વત્ર મહોદયને ફેલાવે છે. વળી કોઈ પણ વસ્તુ એવી નથી કે પરોપકારથી સિદ્ધ ન થાય.'

**ચારિત્રધારી મુનિઓ :**

વાહનાદિકમાં બેસવાથી અન્ય પ્રાણીઓને બહુ દુઃખ થાય છે. માટે મુનિઓ કોઈપણ વાહનમાં બેસતા નથી. તેમ જ જેઓ ઉઘાડા પગે ઉપયોગપૂર્વક દિવસે ચાલે તે જ ચારિત્રધારી મુનિઓ ગણાય નહીં. દરેક જીવના સુખદુઃખને પ્રિય અને અપ્રિયને જાણનાર દયાળુ જૈન મુનિઓ પરપ્રાણીઓને કેમ દુઃખી કરે ?

**આત્મકથન :**

'માર્ગમાં હું પગથી ચાલું છું, રસવિનાનું ભિક્ષાન્ન દિવસમાં એકવાર જમું છું, જીર્ણ વસ્ત્ર પહેરું છું, રાત્રિએ જ ક્ષણમાત્ર ભૂમિ પર શયન કરું છું. સર્વથા સંગરહિત વર્તુ છું. હંમેશાં સમતા ગુણમાં રમું છું અને હૃદયમાં પરમ જ્યોતિનું ધ્યાન કરું છું. હવે રાજાનું શું કામ મારે ? (રાજવી સિદ્ધરાજ જયસિંહને ઉદ્દેશીને-વાર્તાલાપમાં).

**સર્વસંગનો ત્યાગ :**

'સર્વસંગનો ત્યાગ કરવો તે ચારિત્ર કહેવાય' એમ શ્રી જિતેન્દ્ર ભગવાને કહેલું છે. જળના સંયોગથી ચિત્ર, જેમ રાજ્ય વડે ચારિત્ર નષ્ટ થાય છે. સંયમશ્રી અને રાજ્યશ્રી એ બંને પરસ્પર વિરોધી છે, કારણ કે સપત્ની-શોક્યની માફક એકના આગમનથી બીજીનો નાશ થાય છે.'

**જીવઘાત :**

જીવનો ઘાત થયા વિના કોઈ દિવસ માંસની પ્રાપ્તિ થતી નથી. અને જીવઘાત સમાન બીજું કોઈ દુષ્ટ કાર્ય નથી, માટે માંસનો ત્યાગ કરવો ઉચિત છે. અદ્‌ભુત સ્વાદવાળું અન્ય ભોજન મળે છે તો કયો બુદ્ધિમાન માંસ ભક્ષણ કરે ? કારણ કે, પોતાની પાસમાં અમૃત હોય છતાં વિષની ઇચ્છા કોણ કરે ? મહાભારતના 'શાંતિપર્વ' વગેરેમાં કહ્યું છે કે, માંસનો ત્યાગ કરવાથી ઘણા રાજાઓ સ્વર્ગે ગયા છે, પણ ભોગાદિવડે સ્વર્ગ મળતું નથી. વળી માંસત્યાગના ભીષ્મપિતામહે કહેલા કેટલાંક વચનો મહાભારતમાં રહેલાં છે. જેમકે, 'જે પુરુષ માંસભક્ષણ કરતો નથી, તેમ જ પશુવધ કરતો નથી અને અનુમોદન પણ આપતો નથી, તે સર્વ પ્રાણીઓનો મિત્ર ગણાય છે, એમ સ્વયંભુ મનુએ કહ્યું છે. દ્રવ્ય વડે જે તે હન્તા-મારનાર, ઉપભોગ વડે જે ખાય અને વધ બંધન વડે જે ઘાત કરાવે તે ત્રણ પ્રકારનો વધ કહેવામાં આવ્યો છે. તેમ યોજના કરનાર, અનુમોદન આપનાર, મારનાર, ક્રિય-વિક્રય કરનાર, સંસ્કાર કરનાર અને ઉપભોગ કરનાર એ સર્વે ખાદક (ખાનાર) કહ્યા છે. સુવર્ણ, ગાય, ભૂમિ અને રત્નાદિકનાં દાનથી પણ માંસ નહિ ખાવામાં વિશેષ ધર્મ થાય છે, એમ શ્રુતિકોરનું માનવું છે. ચોમાસાના ચાર માસ સુધી જે માંસનો ત્યાગ કરે છે તે પુરુષ કીર્તિ, આયુષ્ય, યશ અને બળ એ ચાર માંગલિકને પ્રાપ્ત કરે છે. માંસની માફક મદ્ય પણ વૈકલ્યાદિક અનેક દૂષણોને પ્રગટ કરે છે, માટે બુદ્ધિમાન પુરુષે ઇષ્ટ કાર્યની સિદ્ધિ માટે માંસ તથા મદ્યનો ત્યાગ કરવો જોઇએ.'

**તીર્થાટન ને વાહન :**

ભૂખ્યા માણસને ભોજન માટે શું નિમંત્રણ કરવું પડે ખરું ? તેમ જ મહાત્માને યાત્રા માટે કોઈપણ સમયે ઘણું શું કહેવું પડે ? તીર્થયાત્રા કરવી એ જ મારું મુખ્ય કર્તવ્ય છે. તીર્થાટન વિના ક્ષણમાત્ર પણ મને હારેલા જુગારીની માફક સુખ પડતું નથી અમે પદાચારી છીએ. અમારે સુખાસનનું શું પ્રયોજન છે ? વિવેકી એવો ગૃહસ્થ માણસ પણ તીર્થયાત્રામાં વાહન વડે ચાલતો નથી, તો હંમેશાં પાદચારી જે યતિ-ચારિત્ર્યધારી હોય તે કેવી રીતે

વાહનમાં બેસે ?

**દેવવાણી :**

પરસ્પર વિરુદ્ધ એવી શાસ્ત્રોની ગોષ્ઠિઓથી ભર્યું. દેવવાણી સત્ય હોય છે.

**ઉત્તમ આચરણ :**

લવણ સમુદ્રમાંથી અમૃત, દ્રવ્યથી દાન, વાણીવિલાસમાંથી સત્ય, વૃક્ષથી ઉત્તમ ફલ, દેહથી ઉપકાર, વાંસમાંથી મુક્તામણિ, મૃત્તિકામાંથી સુવર્ણ, પુષ્પમાંથી સુગંધ અને કાદવમાંથી કમલ જેમ ગ્રહણ કરાય છે, તેમ અસાર એવા જીવનમાંથી ઉત્તમ આચરણરૂપી સારનો સંગ્રહ કરવો. વળી કંદમાંથી લતાઓ જેમ જેથી ઉત્કૃષ્ટ સંપત્તિઓ વૃદ્ધિ પામે તે જ પુણ્ય કહેવાય, એમ શ્રી જગ-પ્રભુએ કહેલું છે. ગમે ત્યાં ફરો અથવા ગમે તેવા ઉદ્યમ કરો. પણ પુણ્યશાળી પુરુષ જ વીરાંગદકુમારની જેમ લક્ષ્મી ભોગવે છે.

**જીવ અને કર્મ તથા સમ્યક્ત્વ :**

જીવ અનાદિ છે અને કર્મ પણ પ્રવાહથી અનાદિ છે. સુવર્ણ અને માટીની માફક જીવકર્મનો સંબંધ પણ અનાદિ છે. સદ્દેવ, ગુરુ અને ધર્મને વિષે જે દેવ, ગુરુ અને ધર્મની બુદ્ધિ રાખવી તે સમ્યક્ત્વ જાણવું અને તેથી વિપરિત બુદ્ધિ તે મિથ્યાત્વ કહેવાય. કામ, રોગ અને મોહથી ભરેલા તેમજ ક્રોધની ચેષ્ટાઓ વડે ભયંકર અને ભક્તોને છેતરવામાં તત્પર એવા દેવો મુક્તિ માટે સમર્થ થતા નથી. ચારિત્રરૂપ લક્ષ્મીને ક્રીડા કરવાની વાપી-વાવ સમાન, બ્રહ્મચર્ય પાળનાર અને શુદ્ધ ધર્મના ઉપદેશક એવા ગુરુઓ મોક્ષદાયક થાય છે. વિષયોમાં લોલુપ, નિર્દય, બ્રહ્મચર્યથી ભ્રષ્ટ, કલેશી, કષાયોનું સેવન કરનાર અને ધર્મનો નાશ કરનાર ગુરુઓને નામધારી જ સમજવા. તેઓ હિતકારક થતા નથી. જો હિંસામય ધર્મ મોક્ષ આપતો હોય તો પ્રાણીઓના જીવિત માટે વિષભક્ષણ કેમ ન થાય ? જેમના ચિત્તરૂપી ઘરમાં હંમેશાં સમ્યક્ત્વરૂપી દીવો અતિશય પ્રકાશ આપી રહ્યો છે તે પુરુષોને મિથ્યાત્વરૂપ અંધકારનો સમૂહ કોઈ દિવસ બાધ કરતો નથી. મનુષ્ય અંતર્મુહૂર્ત સુધી પણ હૃદયમાં સમ્યક્ત્વ ધારણ કરે છે તેનો સંસાર અપાર્ધ-અર્ધ પુદ્ગલ પરાવર્ત થાય છે. જો પૂર્વકાલમાં કુકર્મ વડે નરકાદિકનું આયુષ્ય ન બાંધ્યું હોય તો સમ્યક્ પ્રકારે સમકિતધારી પ્રાણી દેવતાની લક્ષ્મીને પ્રાપ્ત થાય છે. જો તમે પોતાને મુક્તિ સ્ત્રી પ્રત્યે રુચિ કરાવવાની ઇચ્છા કરતા હોય તો હંમેશાં સમ્યક્ત્વરૂપ અલંકાર વડે તમારા આત્માને સુશોભિત કરો. શમ, સંવેગ, નિર્વેદ, અનુકંપા અને આસ્તિકતા એ લક્ષણોથી જ્ઞાની પુરુષો સમ્યક્ત્વ પ્રતિપાદન કરે છે.

**હિંસા અને સુકૃત :**

દયા ધર્મમાં તત્પર થયેલા ભવ્યાત્માએ અપરાધ રહિત જીવોની સંકલ્પપૂર્વક હિંસા કરવી નહિ તેમ જ સ્થાવર પ્રાણીઓની પણ વ્યર્થ હિંસા ન કરવી. દેવ અને અતિથિ વગેરેની પૂજા માટે વેદ, સ્મૃતિ આદિના વાક્યથી જે વધ કરવામાં આવે છે તે પણ નરક પ્રાપ્તિનો સાક્ષી થાય છે. જેમકે કદાચિત સમુદ્ર મરુસ્થલતાને પામે, ચંદ્ર ઉષ્ણતાને ધારણ કરે, સૂર્ય અંધકારની પુષ્ટિ કરે, દિવસ રાત્રિપણાને અને રાત્રિ દિવસપણાને પામે તો પણ હિંસા કરવાથી સુકૃત થાય નહિ. તેવું શાસ્ત્ર, દેવ પૂજા, કુલક્રમ કે, તેવું પુણ્ય કોઈ નથી કે, જેની અંદર પ્રાણીની હિંસા હોય, માટે બુદ્ધિમાન પુરુષે દુર્જનની મૈત્રી માફક હિંસાને અતિ દૂર કરી સજ્જનની મૈત્રી સમાન બહુ સમીપ રહેલી એક જ દયા પાળવી.'

**અભયદાન :**

ચાર ગતિમય સંસારરૂપ ઉત્કટ વનને ભાંગવામાં હસ્તી સમાન દાન, શીલ, તપ અને ભાવ વડે તે ધર્મ ચાર પ્રકારનો છે. તેમાં સ્વર્ગ અને મોક્ષનું કારણભૂત જે દાન તે અભય, જ્ઞાન અને ધર્મનાં ઉપકરણરૂપ ભેદથી ત્રણ પ્રકારનું કહ્યું છે. વળી મૃત્યુથી ભય પામેલા પ્રાણીઓનું સંરક્ષણ કરવું તેને પુણ્યશ્રીને વધારવામાં ખાસ તત્ત્વરૂપ પ્રથમ અભયદાન કહ્યું છે. સુમેરુથી અન્ય કોઈ સ્થિર નથી. આકાશથી બીજું કોઈ વિશાલ નથી અને સમુદ્રથી અન્ય કોઈ શુદ્ધ નથી તેમ જ અભયદાનથી બીજું કોઈ હિત નથી.

**દાન-કલ્પવૃક્ષ, શીલવ્રત અને તપ :**

અનુપમ રૂપવાળું શરીર, ભાગ્ય અને સૌભાગ્યનો સંયોગ, અભિષ્ટ સિદ્ધિ વિશ્વમાં ભોગવવા લાયક વૈભવ, હંમેશાં ઉદાર સુખ અને સ્વર્ગ તેમજ મોક્ષની પ્રાપ્તિ એ સર્વ દાનરૂપ કલ્પવૃક્ષનું અખંડિત ફલ છે. વળી સર્વથી અથવા દેશ થકી પણ જે બ્રહ્મચર્ય વ્રત પાળવું તે શીલવ્રત કહેવાય છે. આ શીલવ્રત કીર્તિ વધારવામાં મુખ્ય સ્થાને ગણાય છે. એ જ શીલવ્રતની તુલના કરવા માટે કલ્પદ્રુમ કેવી રીતે શક્તિમાન થાય ? કારણ કે, જે શીલવ્રત કલિયુગમાં પણ સેવન કરવાથી કલ્પનાતીત ફલ આપ છે. તેમ જ વિવિધ પ્રકારની ઇષ્ટ વસ્તુઓમાં મન અને ઇંદ્રિયોની ઇચ્છાનો જે રોધ કરે છે તે તપ કહેવાય છે અને તે તપ પાપ સમુદ્રનું પાન કરવામાં અગત્સ્ય મુનિ સમાન હોય છે. દુર્ભાગીઓની માફક જેમની મુક્તિરૂપી સ્ત્રી ઇચ્છા કરતી નથી તેમને પણ તે તપ ઉત્કૃષ્ટ સૌભાગ્ય આપનારું થાય છે. તેમ જ દાનાદિક ધર્મકાર્યોમાં માનસિક અત્યંત પ્રીતિ દાખવી તે ભાવ કહેવાય અને તે ભાવ ભવ-સંસાર રૂપી વાદળોને વિખેરવામાં પવન સમાન હોય છે, જેમ લવણ વિનાનું ભોજન બહુ સ્વાદિષ્ટ હોતું નથી તેમ સમગ્ર દાનાદિક પણ એક ભાવ વિના રુચિકર થતાં નથી.

**સાચા વ્રતધારી-સજ્જનવાણી :**

આરોગ્ય સમયમાં કયા માણસો શીલવ્રત પાળતા નથી ? પરંતુ જેઓ પ્રાણ સંકટમાં પણ જીવિતની માફક કોઈ દિવસ શીલનો ત્યાગ કરતા નથી તેઓ જ સાચા વ્રતધારી જાણવા. ગ્રીષ્મઋતુમાં કયા પુરુષો નદી તરતા નથી ? પરંતુ જેઓ વર્ષાઋતુમાં પ્રવાહથી સંપૂર્ણ ભરેલી નદીને તરવા માટે શક્તિવાન હોય તેઓ જ ખરા તારા ગણાય. આ પૃથ્વી સત્યબ્રહ્મચર્યધારક તારાથી જ શોભે છે. પૂર્ણિમાના ચંદ્ર વડે જ રાત્રી પ્રકાશવાળી કહેવાય છે. સજ્જનોની વાણી મૃષા હોતી નથી.

**ચૈત્ય મહિમા :**

જગતને ધર્મનો આધાર છે. ધર્મને મોટા તીર્થોનો આધાર છે. તીર્થનું મૂળ પણ શ્રીમાન જિનેન્દ્ર ભગવાન છે અને હાલમાં તે શ્રી જિનેન્દ્ર ભગવાન પ્રતિમારૂપ છે. તેમને રહેવાનું સ્થાન ચૈત્ય છે. માટે હે મૈત્રીન્દ્ર ! તેં આ ચૈત્યનો ઉદ્ધાર કરી પોતાની સાથે સમગ્ર ભુવનનો પણ ઉદ્ધાર કર્યો એમ હું માનું છું. પહેલાના સમયમાં માટીના ઘડામાંથી ઉત્પન્ન થઈ અગસ્તિ મુનિ સાતે સમુદ્રોને અચોશન ક્રિયામાં એક અંજલિ વડે પી ગયા, તો હે મંત્રી ! તેં ચૈત્ય ઉપર સ્થાપન કરેલ સુવર્ણમય કલશથી પ્રગટ થયેલ પુણ્યરૂપી પુત્ર તારા એક ભવસાગરનું પાન કેમ નહિ કરે ?

**તીર્થયાત્રાનું મહત્ત્વ :**

તીર્થયાત્રા કરવાથી સહસ્ર પલ્યોપમથી પ્રગટ થયેલું પાપ દૂર થાય છે. અભિગ્રહ કરવાથી લસ પલ્યોપમથી થયેલું અને માર્ગે ચાલવાથી એક સાગરોપમથી કરેલું પાપ દૂર થાય છે તેમ જ તીર્થનો આશ્રય કરવાથી સદ્ગતિ પ્રાપ્ત થાય છે. દેવ-દર્શન કરવાથી લક્ષ્યાદિક સુખ મળે છે, પ્રતિમાનું પૂજન કરવાથી સ્વર્ગ સંપત્તિ અને દેવાર્ચન સંબંધી તીવ્રભાવ થવાથી મોહલક્ષી પ્રાપ્ત થાય છે. ખરેખર શુભ

કાર્યોમાં મુખ્ય તીર્થયાત્રા જ કહેવાય છે. દાનાદિક સર્વ ધર્મ પણ તીર્થમાં જ સમાઈ જાય છે. વળી તીર્થ બંધાવવાથી ધર્મસંપત્તિ કલ્યાણકારક થાય છે. કારણ કે, ઇક્ષુ-શેરડીના ખેતરમાં વરસવાથી શું પાણી માધુર્યદાયક ન થાય ? એકલો પણ બુદ્ધિમાન પુરુષ તીર્થયાત્રા કરવાથી કલ્યાણ મેળવે છે.

**મુનિધર્મ :**

માર્ગમાં પગે ચાલવું એ મુનિઓનો ધર્મ છે, કારણ કે તેઓ પ્રાણીઓના રક્ષક હોય છે.

**જીવ-વ્યવહારી અને સૂક્ષ્મ :**

જીવો વ્યવહારી અને અવ્યવહારી એમ બે પ્રકારના છે. સર્વ વ્યવહારી જીવો સૂક્ષ્મ હોય છે અને અવ્યવહારી જીવો નિગોદ જ હોય છે. તે જીવો સકર્મ હોવાથી સંસારી હોય છે અને કર્મોનો સર્વથા ક્ષય થવાથી કાંતમનોહર લોકાંતમાં વિશ્રાંતિ પામેલા અને અનંત ચતુષ્ટયથી સિદ્ધ થયેલા જીવો મુક્ત થાય છે. ચિદાનંદમય અક્ષયસુખને મુક્ત જીવો અનુભવે છે તે સુખને બુદ્ધિમાન પુરુષો પણ કોઈ સમયે કહી શકતા નથી.

**મોક્ષ :**

શ્રી જિનેન્દ્રોએ નિઃશેષ કર્મથી મુક્ત થવું તેને મોક્ષ કહ્યો છે અને તે મોક્ષ ખરેખર કેવળજ્ઞાની આત્માઓનો જ થાય છે. આ જગતમાં સર્વથા દુઃખના નાશ વડે જે શાશ્વત સુખ મેળવે છે તે મોક્ષ સર્વને પ્રિય હોય છે.

**ચાતુર્માસ-ધર્મ :**

વિવેકી પુરુષોએ વર્ષાઋતુમાં પોતાના સ્થાનમાંથી બહાર જવું નહીં, કારણ કે, વર્ષાઋતુમાં બહુ પાણીને લીધે સર્વ પૃથ્વી જીવાકુલ થાય છે. તે પર ઉન્મત્ત પાડાની માફક પરિભ્રમણ કરતો માણસ જીવોને હણે છે. મિથ્યાત્વીઓ પણ જીવરક્ષા માટે કહે છે કે ડાહ્યો માણસ એક ગાઉ ચાલે અને ચાતુર્માસ એક સ્થાનમાં રહે.

**દયાધર્મ-પુણ્યનું મૂળ :**

અંકુરના ઉત્તમ બીજની માફક પુણ્યનું મૂળ દયા છે, પૃથ્વી આદિકની માફક સત્ય વગેરે તેને સહાય આપનાર છે. દીન, હણાતા અને ભયમાં આવી પડેલા પ્રાણીઓનું પોતાના પ્રાણની માફક રક્ષણ કરવું તે કારુણ્ય-દયાધર્મ કહેવાય છે. કલ્યાણરૂપી વલ્લીઓનો કંદ, સર્વ વ્રત સંપદાઓના પ્રાણ સમાન અને સંસાર સમુદ્રની નૌકા પણ દયા કહેલી છે. તેમ જ આ દુનિયામાં અદ્ભુત વૈભવદાયક દયાધર્મ કહેલો છે. વળી તે દયા મનુષ્યોને દીર્ઘાયુષ્ય આપે છે, શરીરને આરોગ્ય આપે છે, દેવાંગનાઓને ભોગવવા લાયક ભાગ્ય આપે છે, તેમજ જગતમાં ઉત્તમ પ્રકારના ગુણ, અખંડિત બળ, સમૃદ્ધમય રાજ્ય, ચંદ્રસમાન ઉજ્જવલ યશ અને છેવટે સ્વર્ગ તથા મોક્ષસંપત્તિ આપે છે. આ દયાધર્મ સર્વ લોકોને સંમત છે. કેવળ જૈનો જ માને છે એમ નથી. પરતીર્થિકો પણ દયાધર્મને સ્વીકારે છે. વળી તેઓ કહે છેઃ 'એક તરફ પૃથ્વીરૂપ સર્વ દક્ષિણાવાળા સર્વ યજ્ઞો અને અન્ય બાજુએ ભયમાં આવી પડેલા પ્રાણીનો બચાવ કરવો તે બંને સમાન છે.' તેઓ એમ પણ કહે છે 'હે ભારત ! પ્રાણીઓની દયા જે કાર્ય કરે છે તે સર્વ વેદ, સર્વે યજ્ઞ અને સર્વે તીર્થાભિષેકો પણ કરી શકતા નથી.

**અસત્ય-કુકર્મ :**

આલોકમાં અપ્રતિષ્ઠાદિ અને પરલોક જન્માંતરમાં મૂકત્વ આદિ દોષો એ અસત્યનું ફલ છે એમ જાણી ધર્મિષ્ઠ પુરુષે સ્થૂલ અસત્યનો ત્યાગ કરવો. અંધકારમાં દીવો, સમુદ્રમાં વહાણ, શીતકાળમાં અગ્નિ, અને રોગમાં ઔષધ એમ દરેકના ઉપાય હોય છે. પરંતુ અસત્યવાદીની કોઈ પ્રતિક્રિયા નથી. અન્ય અસત્ય બોલવાથી પણ પ્રાણી દુર્ગતિમાં જાય છે, તો ધર્મ સંબંધી અસત્યભાષી માણસ કોણ જાણે કઈ ગતિમાં જશે ? માટે કુકર્મની માફક અસત્યનો સર્વથા ત્યાગ કરી વિશ્વાસાદિક ગુણોનું સ્થાનભૂત સત્યનો જ આશ્રય કરવો.

**ચોરીની વૃત્તિ :**

હસ્તછંદ, શિરછેદ અને શૂલારોપણ વગેરે વધ, બંધન ક્રિયાઓ ચોરીનું ફલ છે; એમ જાણી સ્થૂળ ચોરીનો ત્યાગ કરવો. વધ કરવાથી પણ ચોરી અધિક ગણાય છે, કારણ કે, મારવાથી એક જ પ્રાણી મરે છે પણ ધન ચોરવાથી તો બહુ ક્ષુધા વડે સમસ્ત કુટુંબ મરી જાય છે. મનુષ્યો પ્રાણ આપીને પણ દ્રવ્યનું રક્ષણ કરે છે. માટે વિવેકી પુરુષે પ્રાણથી પણ દ્રવ્યને અધિક જાણી સર્વથા ચોરી કરવી નહિ. તેમજ ચિરકાલ પોતાની કુશલવૃદ્ધિ ઇચ્છનાર બુદ્ધિમાન પુરુષે કાલકૂટની માફક પ્રાણાપહારી ચૌર્યવૃત્તિ કરવી નહિ.

**પરસ્ત્રી સંગતિ અને વારાંગના :**

દુષ્કીર્તિ, નપુંસકતા અને દ્રવ્યહાનિ એ અબ્રહ્મમૈથુનનું ફલ છે, એમ જાણી બુદ્ધિમાન પુરુષ પોતાની સ્ત્રી ઉપર પ્રીતિ કરે, ગૃહસ્થ પણ જે પુરુષ જિતેન્દ્રિય થઈ શીલવ્રત પાળે છે તેના ગુણો વડે ફલન થયેલી હોય તેમ સુકૃતથી પોતે આવી તેને વરે છે. પોતાની, પારકી, વેશ્યા અને કન્યા એમ એકંદર ચાર સ્ત્રીઓની ચાર જાતિ હોય છે. તેમાંથી સત્પુરુષોએ પોતાની સ્ત્રીનું જ સેવન કરવું. બાકીની સ્ત્રીઓને પોતાની માતા સમાન હંમેશાં જાણવી. કામ વડે અંધ બની જેઓ પર સ્ત્રી સેવે છે તેઓ આગળ નરક સ્થાનમાં અગ્નિથી તપાવેલી લોઢાની પૂતળીઓને દેખતા નથી. જે સ્ત્રી પોતાનો જમણો હાથ આપીને પણ પોતાના પતિનો ત્યાગ કરે છે, દાસી સમાન શીલથી ભ્રષ્ટ થયેલી તે સ્ત્રી ઉપર પ્રેમ કેવી રીતે થાય ? ક્ષણ માત્ર તાપ કરનારી અગ્નિ જવાલાનો આશ્રય કરવો સારો, પરંતુ બહુ ભવમાં તપાવનારી આ પરસ્ત્રીની સંગતિ સારી નહિ. પતિને દુઃખ દેનાર અને પિતૃબાંધવોનો નાશ કરનાર જેને દયા નથી, તેવી પરસ્ત્રીનો અનર્થકારી શસ્ત્રી-કટારની માફક સ્પર્શ પણ કરવો નહિ. તેમજ નિશ્વાસથી દર્પણ જેમ જેમના આલિંગનથી નિર્મલ એવો પણ કુલાચાર મલિન થાય છે તે વારાંગનાઓને પણ સર્વથા ત્યાગ કરવો. વળી તેમનું મન એટલું ચંચલ છે કે પ્રાસાદનો ધ્વજ, કુશ-દર્ભના અગ્રભાગમાં રહેલું જળ, વીજળીનો ચમકાર, ગજેન્દ્રનો કાન, ખલની પ્રકૃતિ, પર્વતમાંથી નીકળતું પૂર, લક્ષ્મી અને વાનરક્રીડા એ બધાની ચંચળતા એકઠી કરીને વિધિએ વેશ્યાઓનું હૃદય બનાવ્યું હશે, એમ હું માનું છું. કારણ કે, ધ્વજાદિકથી પણ તે ઘણું ચંચળ હોય છે. માટે એમનો સમાગમ કોઈ દિવસ કરવો નહિ. હાસ્ય કરીને, રૂદન કરીને અને કોટી કોટી કૂટ વચન બોલીને પણ જે સર્વસ્વ છીનવી લે છે તે વેશ્યા ઉપર કેવી રીતે પ્રીતિ થાય ? વળી હૃદયમાં વિષ, વાણીમાં અમૃત, નેત્રમાં આંસુ અને મુખમાં હાસ્યને ધારણ કરતી જેઓ બીજાઓને છેતરવામાં જ તૈયાર હોય છે, તે વારાંગનાઓનો સર્વથા ત્યાગ કરવો. એ પ્રમાણે કામાંધ થયેલા કોઇપણ પુરુષે કન્યા સાથે પણ ભોગની ઈચ્છા કરવી નહિ. કારણ કે, જે કન્યાના ભોગથી દુષ્કીર્તિ અને પાપ પણ બહુ પ્રગટ થાય છે. માટે પરસ્ત્રી વગેરેનો ત્યાગ કરી શુદ્ધ બ્રહ્મચર્ય વ્રત પાળવું, જેના પ્રભાવથી દેવતાઓ પણ દાસપણું ધારણ કરે છે.

**અપરિગ્રહ-સંતોષવૃત્તિ :**

માથે પરિગ્રહ વધારવો તે પાપના વ્યાપારનું કારણ છે અને તે પાપ વ્યાપાર દુઃખતરુનું મૂળ છે. માટે બુદ્ધિમાન પુરુષે જેમ બને તેમ પરિગ્રહની અલ્પતા કરવી. ઘણા મોટા પરિગ્રહ વડે સ્થૂળ સ્વરૂપને

પામતા આરંભો, ઊડેલી રેતી સૂર્યને જેમ સુકૃતને જરૂર ઢાંકી દે છે, એમ જાણી પરિગ્રહના માન વડે સંતોષ રૂપી ઉત્તમ વિધિની સેવા કરવી. જે સંતોષના અનુચરપણાને પામે છે. તેને કોઈ પ્રકારની વ્યગ્રતા રહેતી જ નથી.

**અભક્ષ્ય પદાર્થો :**

માંસ, મદ્ય, માખણ, મધ, પાંચે ઉદુંબર, રાત્રિભોજન, અનંત કાય, અજ્ઞાત ફલ, તુછ ફલ, બહુબીજ, રીંગણાં, કરક-કરા, બરફ, ચલિત રસ-જેનો રસ ચલાયલાન થયો હોય તે, અથાણુ, મૃતિકા, ઘોલવ-ટક, ધોલવડા અને વિષ-આ બાવીસ પદાર્થોને શ્રી જિનેન્દ્ર ભગવાને અભક્ષ્ય કહ્યા છે, તેમજ તેઓ પાપના કારણ છે. એ પદાર્થોનો જે ત્યાગ કરે છે તે પુરુષ વિવેકી કહેવાય છે. પંચેન્દ્રિય પ્રાણીનો વધ કરવાથી જ સર્વે જાતના માંસ ઉત્પન્ન થાય છે તો તે માંસને ખાનારા માણસો પણ રાક્ષસ કેમ ન કહેવાય ? પારકાના માંસ વડે જ જેઓ હંમેશાં પોતાનું શરીર પોષે છે તે નિર્દય મનવાળા મનુષ્યોમાં અને વાઘ વગેરે હિંસા પ્રાણીઓમાં કેટલો ભેદ રહ્યો ? અર્થાત્ બંને સરખા જ ગણાય. માટે દયામય ધર્મને જાણનાર પુરુષે તે સમયે ઉત્પન્ન થયેલા તેના સરખા વર્ણવાળા અનેક જીવોથી વ્યાપ્ત એવા માંસનું કોઇપણ સમયે ભક્ષણ કરવું નહિ. તેમજ જેના પાનથી જીવતો પણ મરેલા સરખો બેભાન બની જાય અને લોકમાં તથા શાસ્ત્રમાં દૂષિત એવા મદ્યની કોણ ઇચ્છા કરે ? ગાળેલા સીસાના પાન વડે મનુષ્યોએ મરવું તે સારું, પરંતુ મદિરાના પાન વડે સર્વત્ર ફજેત થવું તે સારૂં નહિ. અપકીર્તિ, ઉન્મત્તપણું, આદિક અનેક દોષોના સ્થાનભૂત મદ્યનો વિષમિશ્રિત જલની માફક સર્વ પ્રયત્નથી ત્યાગ કરવો. વળી જેની અંદર અંતર્મુહૂર્ત પછી તેના સરખી આકૃતિવાળા અનેક જીવો ઉત્પન્ન થાય છે તે નવનીત-માખણનો પુણ્યાર્થી પુરુષે ત્યાગ કરવો. તેમજ મક્ષિકાઓના મુખમાંથી નીકળેલું, જેની અંદર અનેક જીવડાઓ મરેલા હોય છે અને ગળફાની માફક નિંદનીય એવા મધનું પણ કોઈ દિવસ ભક્ષણ કરવું નહિ. તેમજ પીપળો, પીપર, કાકોદુંબર, ઉંબરો અને વડનું ફૂલ અનેક કીડાઓથી ભરેલું હોય છે, માટે તે ફલ કોઈ સમયે ખાવું નહિ. જેની અંદર વમન આદિ અનેક દોષ પ્રત્યક્ષ દેખાય છે તેવું રાત્રિભોજન તિર્યંચ સિવાય અન્ય કયો માણસ કરે ? નક્તવ્રત-રાત્રિભોજનાદિકના મિષથી જે મૂઢ માણસો રાત્રિએ ખાય છે તેઓ જરૂર શ્રી જિન ભગવાને કહેલા અધઃસ્થાનમાં જાય છે, એમ હું જાણું છું. પ્રાયઃ પશુઓ પણ રાત્રિએ ઘાસ ખાતાં નથી, તો રાત્રી ભોજન કરનારા મનુષ્યો તો તે પશુઓથી પણ અધમ કેમ ન ગણાય ? તેમજ સર્વ કંદ જાતિ, નવીન પલ્લવ અને સૂત્રમાં કહેલી કુવેર આદિ ઔષધિઓનાં અનંતકાય હોવાથી સર્વથા ત્યાગ કરવો. સોયના અગ્રભાગ જેટલા અનંતકાયના શરીરમાં અનંત સૂક્ષ્મ જંતુઓ હોય છે, એમ શ્રી જિતેન્દ્ર ભગવાને કહ્યું છે, જેમના અવયવો ગુપ્ત હોય, તેમજ નસો અને સાંધા ગુપ્ત હોય, વળી જેઓ કાપવાથી પુનઃ ઊગે-પલ્લવિત થાય તેવાં વૃક્ષોને અનંતકાય કહ્યા છે. વળી બીજા પણ જીનાગમમાં દૂષિત કરેલા અભક્ષ્ય પદાર્થોનું વિષવૃક્ષના ફળની માફક ધર્મનિષ્ઠ પુરુષોએ ભક્ષણ કરવું નહિ.'

મહાપંડિત હેમચંદ્રાચાર્યની આ સર્વે સૂક્તિઓ તે સમયની જેમ આજે પણ સાચી ને આચરણમાં મૂકવા જેવી છે-એટલું જ નહિ તે સર્વે શાશ્વત સમય માટે ચિરંજીવ મૂલ્ય ધરાવે છે, સાત્ત્વિક ને આરોગ્યપ્રદ તથા જીવનને ઊર્ધ્વપુણ્ય પંથે લઈ જાય તેવી છે એમાં કોઈ શકા નથી.

❖❖❖

## સંઘને ભેટ

ગત થોડા મહિનામાં નીચે પ્રમાણે રકમ સંઘને ભેટ મળી છે તેનો અમે સહર્ષ સ્વીકાર કરીએ છીએ અને તેઓનો આભાર માનીએ છીએ.

**કિશોર ટિંબડિયા કેળવણી ફંડ**

રૂા. ૩૧૦૦૦/- શેઠ હીરાચંદ તલકચંદ સ્મારક ટ્રસ્ટ તરફથી

**દીપચંદ ટી. શાહ પુસ્તક પ્રકાશન ફંડ (CORPUS)**

રૂા. ૧,૦૦,૦૦૦/-ડૉ. રમણલાલ ચીમનલાલ શાહ તરફથી

**પ્રબુદ્ધ જીવન**

રૂા. ૧૦૯૨૪/- (ડોલર ૨૫૧) ડૉ. હરખ વી. દેઢિયા મોરગન ટાઉન, યુ.એસ.એ. તરફથી

**નેત્રયજ્ઞ**

રૂા. ૨૦,૦૦૦/- કુમારી કુંતલ અભયભાઈ મહેતા તરફથી

**જમનાદાસ હાથીભાઈ મહેતા અનાજ રાહત ફંડ**

રૂા. ૧૫,૦૦૦/- તારાબહેન ડાહ્યાલાલ ચેરિટેબલ ટ્રસ્ટ તરફથી

ફરીથી સર્વનો આભાર માનીએ છીએ.

☐ મંત્રીઓ

## શ્રી નટુભાઈ પટેલનું અવસાન

સંઘના આજીવન સભ્ય, વર્ષોથી કાર્યવાહક સમિતિના સભ્ય શ્રી નટુભાઈ પટેલનું અચાનક અવસાન થયું છે. શ્રી નટુભાઈ પટેલ સંઘની દરેક મિટિંગમાં હાજર રહેતા હતા. તેઓ ઘણી પ્રવૃત્તિઓમાં રસથી ભાગ લેતા હતા. સંઘ તરફથી ચાલતી પ્રેમળ જ્યોતિના કાર્યક્રમમાં તેઓ દર શનિવારે દર્દીઓને દવા આપવા અને ચશ્મા આપવાના કાર્યક્રમમાં અચૂક હાજર રહેતા હતાં.

સ્વ. નટુભાઈ સંઘ તરફથી બહારગામ નેત્રયજ્ઞ અને બીજી પ્રવૃત્તિઓમાં ભાગ લેતા હતા. તેઓ વિનમ્ર, મળતાવડા અને સૌજન્યશીલ હતા.

વિધિની વિચિત્રતા કેવી છે દર શનિવારે બપોરે ૨-૩૦ થી ૪ વાગ્યા સુધી ચાલતા પ્રેમળ જયોતિના કાર્યક્રમમાં તેઓ સમયસર આવી જતા. છેલ્લે જ્યારે તેઓ આ કાર્યક્રમમાં આવવા માટે ઘરેથી નીકળ્યા ત્યારે ટ્રેન અકસ્માતમાં તેઓ મૃત્યુ પામ્યા.

સ્વ. નટુભાઇના અચાનક અવસાનથી સંઘને મોટી ખોટ પડી છે. પ્રભુ એમના આત્માને શાંતિ આપો.

☐ મંત્રીઓ

Printed & Published by Nirubahen Subodhbhai Shah on behalf of Shri Mumbai Jain Yuvak Sangh and Printed at Fakhri Printing Works, 312/A, Byculla Service Industrial Estate, Dadaji Konddev Cross Road, Byculla, Mumbai-400 027. And Published at 385, S.V.P. Road, Mumbai-400 004. Tel.: 23820296. Editor: Ramanlal C. Shah.

Regd. With Registrar of Newspapers for India No. R. N. I. 6067/57
Posted at Patrika Channel sorting office Mumbai-400 001 Licence to post without prepayment No. 271
● વર્ષ : (૫૦) + ૧૬ ● અંક : ૬ ● ૧૬ જૂન, ૨૦૦૫ ● ● Regd. No. TECH / 47-890 / MBI / 2003-2005
● ● ● ● શ્રી મુંબઈ જૈન યુવક સંઘનું માસિક મુખપત્ર ● ● ●

# પ્રબુદ્ધ જીવન

● ● પ્રબુદ્ધ જીવન પાક્ષિક ૧૯૩૯થી ૧૯૮૯ : ૫૦ વર્ષ ● ● વાર્ષિક લવાજમ રૂા.૧૦૦/- ● ● છૂટક નકલ રૂા. ૧૦/- ● ●
તંત્રી : રમણલાલ ચી. શાહ સહતંત્રી : ધનવંત તિ. શાહ

## અમારા પૂજ્ય શ્રી દોશીકાકા

ધોયેલાં સ્વચ્છ પણ ઇસ્ત્રી વગરનાં ખાદીનો ઝભ્ભો, બંડી અને પાયજામો પહેરેલા, ખભે ખાદીનો આછા લીલા રંગનો થેલો ભરાવેલા, ગામઠી ચંપલવાળા નીચું જોઈને ચાલતા સિત્તેર-એંસી વર્ષના કોઈ કાકા આણંદથી અમદાવાદની કે ગાંધીનગર જતી બસમાં ચડે અને જગ્યા હોય તો બેસે, નહિ તો દાંડો ઝાલીને ઊભા ઊભા પ્રવાસ કરે એમને તમે જુઓ તો સમજજો કે એ ચિખોદરાની આંખની હૉસ્પિટલવાળા ડૉ. રમણીકલાલ દોશી-દોશીકાકા છે. અમદાવાદ-ગાંધીનગરની બસમાં જ નહિ, બીજી કોઈ બસમાં પણ તમે એમને જોઈ શકો. ગુજરાતની બસોમાં સેંકડો વાર એમણે પ્રવાસ કર્યો હશે. ગાંધીજી અને રવિશંકર મહારાજ દાદાના પ્રભાવ નીચે આવેલા, અને લોકસેવાનો ભેખ ધારણ કરેલા ડૉ. દોશીકાકાને આજે ૮૯-૯૦ની ઉંમરે એ જ તરવરાટથી કામ કરતા તમે જોઇ શકો! એમના પરિચયમાં આવો તો તમને એમની મહત્તાનો ખ્યાલ આવે. એ ચાલ્યા જતા હોય તો એમના પહેરવેશ પરથી કોઈ અજાણ્યા માણસને ખ્યાલ ન આવે કે આ ડૉક્ટર છે, આંખના મોટામાં મોટા ડૉક્ટર છે.

એક વખત કાકાને અમે પૂછ્યું કે 'કાકા, તમારી પાસે સંસ્થાની પાંચ ગાડી છે, તો તમે સંસ્થાના કામ માટે અમદાવાદ કે ગાંધીનગર બસમાં કેમ જાવ છો ?' કાકાએ કહ્યું, 'જો મારે એકલાએ જવાનું હોય અને સમય હોય તો હું જીપ નથી વાપરતો. બીજા એક-બે વધારે હોય તો હું જીપમાં જાઉં છું. અમારી સંસ્થાની બધી જીપ આખો વખત કામ માટે ક્યાંથી ક્યાં જતી હોય છે. કોઈ વાર એક જ ડૉક્ટર હોય અને જીપ લઈ જાય છે. પરંતુ આ નિયમ તો મેં મારે માટે રાખ્યો છે. એથી સંસ્થાનું એટલું પેટ્રોલ બચે છે. જ્યાં સુધી મારાથી બસમાં જવાય છે ત્યાં સુધી બસમાં જાઉં છું. અમારી સંસ્થા શક્ય એટલી કરકસરથી અમે ચલાવીએ છીએ.'

કાકા ટ્રેનના પ્રવાસમાં સાદા બીજા વર્ગમાં બેસે છે. તેઓ કહે, 'રિઝર્વેશન'ના પૈસા બચે એટલે સંસ્થાના પૈસા બચે. સાદા બીજા વર્ગમાં બેસવાની જગ્યા મળી જાય. ન મળે તો વચ્ચે નીચે બેસી જાઉં છું. મને બેઠાં બેઠાં સારી ઊંઘ આવી જાય છે. ક્યારેય ખીસું કપાયું નથી. મારો દેખાવ જોઈને જ કોઈ ખીસું કાપવા ન લલચાય. જવા આવવાની ટિકિટ હોય પછી વધારે પૈસા રાખતો નથી. કેટલાયે શહેરોમાં સ્ટેશનથી રીક્ષા કે ટેક્ષી, અનિવાર્ય ન હોય તો કરતો નથી. સ્ટેશનથી ચાલી નાખું છું.'

ગુજરાતમાં અનેક ગામોમાં નેત્રયજ્ઞ કરવાને કારણે બસ કે ટ્રેનમાં કાકાને ઓળખનાર કોઈક ને કોઈક તો નીકળે જ અને જગ્યા આપવા તૈયાર હોય જ. વળી કાકા કહે કે 'આ રીતે પ્રવાસ કરવાથી જનતાની વચ્ચે આપણને રહેવાનું મળે. આપણામાં મોટાઈ આવી ન જાય.'

પૂજ્ય દોશીકાકાનું નામ તો મુ. મફતકાકા અને અન્ય કેટલાક દ્વારા સાંભળ્યું હતું. પણ એમને મળવાનો સંયોગ પ્રાપ્ત થયો નહોતો. ૧૯૮૪ દરમિયાન એક દિવસ અમારા વડીલ, અમારા રેખા બિલ્ડિંગમાં રહેતા ભૂદાન કાર્યકર્તા શ્રી કીર્તનભાઈ ધારિયાનો ફોન આવ્યો કે 'દોશીકાકા અત્યારે અમારે ઘરે આવ્યા છે. તમને અનુકૂળતા હોય તો અમે મળવા આવીએ.'

મેં કહ્યું, 'જરૂર આવો, ઘરમાં જ છું.'

શ્રી કીર્તનભાઈ અને દોશીકાકા પધાર્યા. કીર્તનભાઇએ એમની ક્ષયનિવારણ અને ચિખોદરાની આંખની હૉસ્પિટલનો પરિચય આપ્યો.'

વાતવાતમાં કાકાએ કહ્યું, 'કોઈવાર સમય કાઢીને અમારી આંખની હૉસ્પિટલ જોવા આવો.'

મેં કહ્યું, 'હમણાં હું કપડવંજ પાસે ઉત્કંઠેશ્વર આવવાનો છું. પરંતુ ત્યાંથી ચિખોદરા આવવાનો સમય નહિ રહે, કારણ કે ત્યાંથી પાંચ વાગે બસમાં નીકળી અમદાવાદથી ટ્રેન પકડવાનો છું.' કાકાએ કહ્યું, 'તમને અનુકૂળ હોય તો તમે ભોજન કરી લો પછી સાડા બારે ઉત્કંઠેશ્વર તમારે માટે જીપ મોકલું. ત્યાંથી અઢી કલાકમાં ચિખોદરા આવી જાવ. પછી ચિખોદરા હોસ્પિટલ જોઈ અને જમીને છ વાગે નીકળો તો અમારી જીપ તમને નવ વાગે અમદાવાદ સ્ટેશને પહોંચાડે. તમારી ટ્રેન રાતના દસ વાગ્યાની છે. તમને શ્રમ ન લાગતો હોય તો આ રીતે ગોઠવો.'

મેં કહ્યું, 'તમે આટલી બધી સગવડ કરી આપો છો તો પછી કેમ ન ફાવે.'

આ ગોઠવણ પ્રમાણે કાકાના ડ્રાઈવર રમેશભાઈ બરાબર સાડાબારના ટકોરે લેવા આવ્યા. અમે-હું, મારાં પત્ની અને નિરુબહેન (સંઘનાં મંત્રી) તૈયાર હતાં. અમે જીપમાં બેસી ચિખોદરા પહોંચ્યા.

ચિખોદરા પહોંચીને હૉસ્પિટલની મુલાકાત લીધી. દોશીકાકાએ અમારું ભાવભીનું સ્વાગત કર્યું. હૉસ્પિટલમાં સરસ અતિથિગૃહ હતું. એટલે બીજા મિત્રોને લઈ આવીએ તો સગવડ સારી મળે. નીરવ શાંત વાતાવરણ, વૃક્ષો, મોરના ટહૂકા વગેરેને કારણે ઉપવન જેવું લાગતું હતું. હૉસ્પિટલ પણ અમે જોઈ. સાંજે ભોજન વખતે કાકાનાં ધર્મપત્ની મુ. ભાનુબહેને પણ ભાવથી પીરસ્યું. અમને એક સરસ, Worth repeating, અનુભવ થયો. જીપ અમને અમદાવાદ સ્ટેશને સમયસર પહોંચાડી ગઈ. અમને એમ થયું કે પર્યુષણ વ્યાખ્યાનમાળા દરમિયાન આ સંસ્થાને સહાય કરવાની અપીલ કરવા જેવી છે.

ત્યાર પછી બીજા કેટલાક સભ્યો પણ ચિખોદરા જઈ આવ્યા.

અમે યુવક સંઘની કાર્યવાહક સમિતિમાં કાકાની હૉસ્પિટલને સહાય કરવાનો નિર્ણય કર્યો. એ માટે ઘણી સારી રકમ એકત્ર થઈ. એ રકમ આપવાનો કાર્યક્રમ ચિખોદરામાં યોજાયો. એનો જે પ્રતિસાદ સાંપડ્યો એને પરિણામે દોશીકાકા સાથે એવો ગાઢ નાતો બંધાયો કે વરસમાં ચાર-પાંચ વખત ચિખોદરા ન જઈએ ત્યાં સુધી ગમે નહિ. દોશીકાકા અને ભાનુબહેન સાથે વડીલ સ્વજન હોય એવો સંબંધ બંધાઈ ગયો.

ત્યારપછી અમારા યુવક સંઘના ઉપક્રમે ચિખોદરાની હૉસ્પિટલ દ્વારા વર્ષમાં ચાર-પાંચ વખત નેત્રયજ્ઞ યોજાવા લાગ્યા. એ માટે દાતાઓ તરફથી મળેલી રકમ અમે હૉસ્પિટલને પહોંચાડીએ છીએ. તદુપરાંત બીજી રકમો મોકલાવતા રહીએ છીએ. નેત્રયજ્ઞની તારીખો બે મહિના અગાઉ નક્કી થાય. કાકા સ્થળ જણાવે અને સાથે પૂછે કે 'આ વખતે કયા તીર્થની જાત્રાએ જશો ?

મુંબઇથી અમે આઠ-દસ સભ્યો ચિખોદરા જઈએ અને ત્યાંથી નેત્રયજ્ઞના સ્થળે જઈએ. આ રીતે બાવીસ વર્ષ દરમિયાન અમારા સિત્તેરથી વધુ પ્રવાસ થયા હશે અને એટલી જ તીર્થયાત્રા થઈ હશે.

અમારા જૈન યુવક સંઘ તરફથી આ રીતે આણંદ, પંચમહાલ, વડોદરા અને સૂરત જિલ્લામાં ઘણું ફરવાનું થયું હતું. અમે ઠાસરા, બોરસદ, વડવા, વડતાલ, બોચાસણ, ધોળકા, વેડછી, નારેશ્વર, સરભોણ, સાગતાળા, ધોળી ડુંગરી, રાજપીપળા, ઝઘડિયા, મંગલભારતી, બાંધણી, કપડવંજ, માતર, ગોધરા, દાહોદ, દેવગઢ બારિયા, બોડેલી વગેરે સ્થળે દોશીકાકાની આંખની હૉસ્પિટલ દ્વારા નેત્રયજ્ઞનું આયોજન કર્યું હતું. કેટલેક સ્થળે એક કરતાં વધારે વાર નેત્રયજ્ઞ યોજાયા હતા. દરેક નેત્રયજ્ઞનો જુદો જ અનુભવ થતો. વળી કાકાની સાથે સતત પ્રવાસ દરમિયાન કાકાના વિવિધ અનુભવોની વાત નીકળે. કોઈ વાર ગાંધીજી, કોઈ વાર રવિશંકર દાદાની, કોઈવાર ગંગાબાની પ્રેરક વાતો જાણવા મળે. કોઈ વાર નજીકમાં કોઈ જોવા જેવી સંસ્થા હોય તે બતાવે. કોઈ વાર નજીકમાં હોય એવાં કબીર વડ, માલસર, અંગારેશ્વર, મનન આશ્રમ, બહાઈ મંદિર, નારેશ્વર, ગરુડેશ્વર, નર્મદા ડેમ, વણાકબોરી ડેમ, અગાસ આશ્રમ, વડવા, બાંધણી, વેડછીનો આશ્રમ, બાજુમાં શબરીશાળા, વાત્સલ્યધામ, પાવાગઢ વગેરે અમને બતાવ્યાં હતાં.

કાકાને ખેડા (આણંદ સહિત) જિલ્લામાં અને પંચમહાલ જિલ્લામાં ગામે ગામ કેટલાય કાર્યકરો ઓળખે. કાકાની સરળ, નિરભિમાની, પ્રામાણિક, સેવાભાવી પ્રકૃતિને કારણે કાકાનું કામ સૌ કોઈ કરવા તૈયાર. આથી જ કાકા ગામેગામ નેત્રયજ્ઞોનું આયોજન કરે ત્યારે બધા સ્થાનિક કાર્યકર્તાઓની ટીમ વ્યવસ્થાની બધી જવાબદારી ઉપાડી લે. પ્રત્યેક અઠવાડિયે કાકાના નેત્રયજ્ઞો ચાલતા જ હોય. ચિખોદરા હૉસ્પિટલનો સ્ટાફ ખાટલા, ગાદલાં, અનાજ, ઓપરેશન થિયેટરની સામગ્રી, ચશ્માં-વગેરે માટે દરેકને સોંપવામાં આવેલી જવાબદારી તેઓ બરાબર સંભાળે. સ્ટાફ પણ અત્યંત વિનયી. ક્યારેક કોઈ પ્રશ્ન ઊભો થયો હોય તો છેવટનો નિર્ણય કાકાનો રહેતો.

દોશીકાકા સાથેના અમારા અનુભવના કેટલાક પ્રસંગો વર્ણવતાં પહેલાં દોશીકાકાના જીવનની અહીં ટૂંકી રૂપરેખા આપી છે. શ્રી આર. કે. દેસાઇએ 'કર્મયોગી શ્રી રમણીકભાઈ દોશી' નામની પુસ્તિકા લખી છે જેમાં દોશીકાદાના જીવનની વિસ્તૃત રૂપરેખા આપી છે.

દોશીકાકાનો જન્મ ઇ. સ. ૧૯૧૬ના બીજી સપ્ટેમ્બરના રોજ રાજકોટમાં થયો હતો. એમના પિતાશ્રી સ્વ. રામજીભાઈ દોશી રાજકોટ રાજ્યના દીવાન હતા. તેઓ કાર્યદક્ષ, સત્યનિષ્ઠ, પ્રામાણિક, દૃઢ સંકલ્પ, ધીરગંભીર સ્વભાવના અને પ્રગતિશીલ વિચાર ધરાવનાર હતા. એટલે રાજકોટના નરેશ લાખાજીરાજ પર એમનો ઘણો સારો પ્રભાવ હતો. તેઓ પોતે સુશિક્ષિત હતા એટલે સંતાનોને પણ ઉચ્ચ શિક્ષણ અપાવવાની દૃષ્ટિવાળા હતા. તેઓ એટલા પ્રામાણિક હતા કે રાજ્યના કારભાર માટેની પેન જુદી રાખતા અને અંગત વપરાશની જુદી રાખતા. રાજ્ય તરફથી મળેલ ટેલિફોનનો ઉપયોગ તેઓ અંગત કામ માટે વાપરતા નહિ. રામજીભાઇએ બે વાર લગ્ન કર્યાં હતાં અને એમને સાત દીકરા અને એક દીકરી એમ આઠ સંતાન હતાં. રામજીભાઇએ પોતાના કેટલાક દીકરાઓને અભ્યાસ માટે કરાંચી મોકલ્યા હતા. એટલે દોશીકાકાએ પણ થોડો વખત કરાંચીમાં અભ્યાસ કર્યો હતો. એ દિવસોમાં બહુ ઓછા વિદ્યાર્થીઓ દાક્તરી વિદ્યાનો અભ્યાસ કરી ડૉક્ટર થતા. રામજીભાઇનાં પાંચ દીકરા ડૉક્ટર થયા હતા. દોશીકાકા અમદાવાદમાં એલ.સી.પી.એસ. થયા અને મુંબઇમાં ડી.ઓ.એમ.એસ. થયા. એમણે કચ્છના ભચાઉમાં, તથા પાનેલી, જામજોધપુર વગેરે સ્થળે દાક્તર તરીકે અને નડિયાદમાં તે વિષયોના પ્રાધ્યાપક તરીકે સેવાઓ આપી હતી.

દોશીકાકાનાં ધર્મપત્ની ભાનુબહેન કાકાના દરેક કાર્યમાં સહયોગ આપતાં રહે છે. જૂનાગઢનાં વતની, પરંતુ રંગુનમાં ઉછરેલા ભાનુબહેન બીજા વિશ્વયુદ્ધ પછી પોતાનાં માતાપિતા સાથે જૂનાગઢ પાછાં ફર્યા હતાં. રાજકોટ ડૉ. રમણીકલાલ દોશી સાથે એમનાં લગ્ન થયાં. દોશી દંપતીને સંતાન નહિ, પણ તેઓએ પોતાનાં ભાઈઓનાં સંતાનોને ઘરે રાખી પોતાનાં સંતાનોની જેમ સારી રીતે ઉછેર્યા.

ભાનુબહેન શ્રીમંતાઈમાં ઉછર્યાં હતાં, પણ કાકા સાથે લગ્ન પછી એમણે કાકાની સાદાઈ, સેવા અને સમર્પણની ભાવનાને આત્મસાત કરી લીધી હતી. અમે વડોદરા જઈએ તો કેટલીયેવાર ત્યાં ભાનુબહેનની સાથે એમના ભાઈનું પણ આતિથ્ય માણ્યું છે. હોસ્પિટલમાં ભાનુબહેન રસોડાનું ધ્યાન રાખે. દોશીકાકા બહારગામ હોય તો ડૉ. છોટુભાઈ અને આંબાલાલ ધ્યાન રાખે, પણ ભાનુબહેન પણ હોસ્પિટલનું ધ્યાન રાખે. વિદેશથી આવેલા કપડાનું ગરીબોમાં વિતરણ કરે. ભાનુબહેન સવારનાં આંગણામાં પક્ષીઓને ચણ નાખે ત્યારે મોર, પોપટ, કબૂતર, કાબર, ચકલી વગેરે પક્ષીઓ એકસાથે મળીને ચણે એ રંગબેરંગી મનોહર દૃશ્ય રળિયામણું અને શાંતિપ્રેરક લાગે. આણંદમાં ઉપાશ્રય બંધાવવા માટે ફંડ એકત્ર કરવામાં ભાનુબહેને ઘણે ઘરે ફરીને સારી મહેનત કરી હતી. આમ કાકાની અર્ધાંગિની તરીકે ભાનુબહેને પણ પોતાના જીવનને સાર્થક કર્યું છે અને શોભાવ્યું છે.

ત્યારપછી દોશીકાકાએ અમદાવાદમાં રીલિફ રોડ ઉપર એક ડૉક્ટર મિત્રની ભાગીદારીમાં 'હિંદ મિશન હૉસ્પિટલ' શરૂ કરી. આ હૉસ્પિટલમાં ફક્ત એક રૂપિયો ફી લઈ દર્દીને આંખની સારવાર કરી આપવામાં આવતી. દરમિયાન દોશીકાકા પૂ. રવિશંકર દાદાના ગાઢ પરિચયમાં આવતા ગયા. ૧૯૪૩માં આઝાદી પૂર્વે દાદાએ રાધનપુરમાં નેત્રયજ્ઞ યોજ્યો હતો અને એમાં દોશીકાકાને સેવા આપવા માટે નિમંત્રણ આપવામાં આવ્યું હતું. દોશીકાકાને આ વખતે દાદાની સાથે રહેવાની અને એમની કામ કરવાની કુનેહનાં દર્શન થયાં.દર્દીઓની સ્ટ્રેચર રવિશંકર મહારાજ પોતે પણ ઉપાડતા. દાદાએ દોશીકાકાને શહેરને બદલે ગામડામાં જઈને લોકોની સેવા કરવાની ભલામણ કરી. એટલે દોશીકાકા અમદાવાદથી આણંદ અને બોચાસણ સેવા આપવા જવા લાગ્યા. પછીથી તો અમદાવાદ છોડીને આણંદમાં દવાખાનું કર્યું. પછી તેઓ દર શનિ, રવિ બોચાસણમાં નેત્રશિબિર યોજતા. એમાં એક પણ દર્દીને પાછો મોકલતા નહિ.

આમ દોશીકાદાની મફત નેત્રયજ્ઞોની પ્રવૃત્તિ વધતી ચાલી.

૧૦૦મો નેત્રયજ્ઞ બારામાં થયો. ત્યાર પછી દોશીકાકાએ પોતાની આણંદની હૉસ્પિટલ, ટ્રસ્ટ બનાવી ટ્રસ્ટને સોંપી દીધી. હવે પોતાની અંગત મિલકત રહી નહિ. કાકાની પાસે પોતાની માલિકીનું મકાન, જમીન, મિલકત, બેંકમાં ખાતું વગેરે કશું જ નથી. કાકાને ઈન્કમટેક્ષ ભરવાનો હોતો નથી. કાકાએ પોતાનું જીવન સમાજને સમર્પિત કરી દીધું.

દોશીકાકાને ગાંધીજી, વિનોબાજી, રવિશંકર મહારાજ, બબલભાઈ મહેતા, પૂ. મોટા સ્વામી સચ્ચિદાનંદજી, ગંગાબા, દાંડીયાત્રાવાળા શ્રી કૃષ્ણજી વગેરે પાસેથી લોકસેવાની પ્રેરણા મળી છે. ડૉ. છોટુભાઈ પટેલ, શ્રી ગોરધનભાઈ ઠક્કર, ડૉ. પ્રો. ભાનુપ્રસાદ ચોકસી, રવિશંકર મહારાજના પુત્ર પંડિત મેઘવ્રત, ડૉ. ચંપકભાઈ મહેતા, ડૉ. નહેન્દ્રભાઈ મહેતા વગેરેનો સરસ સહકાર સાંપડ્યો છે. અહીં તો થોડાંક જ નામ આપ્યાં છે.

દોશીકાકાનો નિત્યક્રમ તે વહેલી સવારે ઊઠી સીધા સામાયિકમાં બેસી જવું અને લોગસ્સનો જાપ કરવો. પછી દૂધ પીને (ચા તો કાકાએ જિંદગીમાં ક્યારેય ચાખી નથી.) હૉસ્પિટલમાં ઓપરેશન કરે અને ત્યાર પછી આણંદના દવાખાનામાં જાય.

દોશીકાકા સાંજે જમીને ભાનુબહેન સાથે સારા ગ્રંથોનું વાંચન કરે. રાત્રે દોશીકાકા ઑફિસમાં ટેબલ પર માત્ર ચાદર પાથરી, ટેલિફોન પાસે રાખી સૂઈ જાય. સૂતાં જ ઊંઘ આવી જાય. રાત્રે કોઈનો ફોન આવે તો દોશીકાકા તરત ઉપાડે. પછી જો ઊંઘ ઊડી જાય તો તરત સામયિકમાં બેસી જાય.

દોશીકાકાએ પાંચ દાયકા કરતાં વધારે સમયથી ક્ષયનિવારણ અને અંધત્વ નિવારણના ક્ષેત્રે સંગીન, સંન્ષ્ઠિ, સેવાભાવી કાર્ય કર્યું છે. એટલે એમની એ ક્ષેત્રની સિદ્ધિઓની કદર રૂપે વખતોવખત જુદી જુદી સંસ્થા કે સરકાર તરફથી એવોર્ડ, સન્માનપત્ર વગેરે ઘણાં મળ્યાં છે. અમેરિકા, ઇંગ્લેંડ, સ્વિત્ઝરલેન્ડ, સ્વીડન, જર્મની વગેરે દેશો તરફથી એમને સહાય મળી છે. દોશીકાકાએ કેટલીયે સંસ્થામાં પ્રમુખ, માનદ્ મંત્રી, ટ્રસ્ટી, સમિતિના સભ્ય તરીકે કાર્ય કર્યું છે. સરકારની સમિતિઓમાં પણ કાર્ય કર્યું છે. આ બધાંની વિગતો આપવામાં આવે તો એક મોટી યાદી થાય.

દોશીકાકાએ જ્યારથી મફત નેત્રયજ્ઞનું કામ ઉપાડી લીધું ત્યાર પછી ચિખોદરા હૉસ્પિટલ દ્વારા દર અઠવાડિયે ગુજરાતના જુદા જુદા ગામોમાં નેત્રયજ્ઞો થવા લાગ્યા. તે માટે મહિના અગાઉથી નક્કી કરેલાં ગામોમાં સર્વે કરવા માટે ટીમ રોજે રોજ રવાના થતી. દોશીકાકાને કેટલાયે સેવાભાવી આંખના ડૉક્ટરોની સેવા મળવા લાગી. આમ અત્યાર સુધીમાં ૮૦૦ થી વધુ જેટલા નેત્રયજ્ઞોનું દોશીકાકાએ આયોજન કર્યું છે. દરેક નેત્રયજ્ઞમાં દોશીકાકા પોતે હાજર હોય જ. ચિખોદરાની હૉસ્પિટલમાં અગાઉ દોશીકાકા ઓપરેશન કરતા. હાલ ૮૯ વર્ષની ઉંમર થઈ, પણ કોઈ ડૉક્ટર ન આવ્યા હોય તો દોશીકાકા પોતે ઓપરેશન કરે. અત્યાર સુધીમાં અઢી લાખથી વધુ મફત ઓપરેશનો થયાં છે. કુદરતની મહેરબાની કેવી છે કે ૮૯-૯૦ વર્ષની ઉંમરે કાકાને પોતાને હજુ મોતીયો આવ્યો નથી.

સાપ્તાહિક નેત્રયજ્ઞ ઉપરાંત ગાંધી પરિવાર તરફથી જમશેદપુરમાં અને રાજસ્થાનમાં જયપુર નજીક જૂનજૂન જિલ્લામાં એક સ્થળે અંબુજા સિમેન્ટ તરફથી આઠ-દસ દિવસનો મોટો નેત્રયજ્ઞ યોજાય છે. કાકા એમાં પણ સમયસર પહોંચી જાય છે.

આંખના દવાખાનામાં રોજ સવારથી જ ઘણા માણસો આંખ બતાવવા આવી જાય. દોશીકાકા ઉપરાંત આંખ તપાસનારા બીજા ડૉક્ટરો પણ હોય. પણ ઘણા દર્દીઓ પોતાની આંખ દોશીકાકાને જ બતાવવાનો આગ્રહ રાખે. એટલે એમને માટે ઘણી મોટી લાઈન થાય. એટલે કાકાના સહકાર્યકર્તાઓમાંથી કોઈકે સૂચન કર્યું કે 'કાકા, તમને બતાવવાનો આગ્રહ રાખનાર દર્દી પાસે આપણે પાંચ કે દસ રૂપિયાની ફી રાખીએ તો કેમ ? એથી થોડો બોજો ઓછો થશે, વિના કારણ આગ્રહ રાખનારા નીકળી જશે અને સંસ્થાને આવક થશે !' કાકાએ થોડીવાર પછી હસતાં કહ્યું, 'ભાઈ, દરિદ્રનારાયણ પાસે ફીની વાત કરવી એ મને યોગ્ય લાગતું નથી. દર્દી એ આપણા દેવ જેવો છે. એનું દર્દ દૂર કરીએ એ જ આપણું ધ્યેય હોવું જોઇએ.'

એક વખત એક નેત્રયજ્ઞમાં એક બાપ પોતાના નાના દીકરાને લઈને આવ્યા હતા. તેની બંને આંખ સદંતર ગઈ હતી. કાકાએ કહ્યું ત્યારે બાપ કાકાના પગ પકડી કરગરવા લાગ્યા. કાકાને કડવું સત્ય કહેવું પડ્યું. પણ એ કહેતાં કહેતાં કાકા પોતે રડી પડ્યા. ત્યાર પછી કાકાએ પોષણના અભાવે બાળકની આંખ ન જાય એ માટે બાળકોને ખવડાવવા માટે સુખડી કરી અને ગામે ગામ જઈ વહેંચવાનો-અંધત્વ નિવારણનો કાર્યક્રમ ઉપાડ્યો.

ઇ. સ. ૧૯૮૪ થી ૨૦૦૪ સુધીમાં જૈન યુવક સંઘ તરફથી દાતાઓના દાનથી ચિખોદરાની 'રવિશંકર મહારાજ' આંખની હૉસ્પિટલ દ્વારા ગુજરાતમાં કેટલાયે સ્થળે નેત્રયજ્ઞ થયા છે. પહેલી-બીજી વખતના અનુભવથી અમને એમ થયું કે નેત્રયજ્ઞમાં અવશ્ય જવું અને ગરીબ દર્દીઓ માટે થતી મફત આંખની શસ્ત્રક્રિયા જાતે નિહાળવી. ગુજરાતની ગરીબીનો એથી વાસ્તવિક ખ્યાલ મળે છે. કેટલાયે ગરીબ દર્દીઓ પાસે નેત્રયજ્ઞ સુધી આવવાનું બેચાર રૂપિયા જેટલું પણ બસભાડું ન હોય. એટલે આ નેત્રયજ્ઞોમાં અમે ગરીબોને બીજી પણ સહાય કરતા. દોશીકાકાના જુદી જુદી સંસ્થાઓ તરફથી થતા નેત્રયજ્ઞો આખું વરસ ચાલતા હોય એટલે અમે અમારા નેત્રયજ્ઞની તારીખ ત્રણ મહિના અગાઉ નક્કી કરી લેતા.અમારા સંઘની સમિતિમાં સાતા-આઠ સભ્યો એવા છે કે જે અવશ્ય નેત્રયજ્ઞમાં આવે. વળી આરંભથી જ કાકાને ખાતરી થઈ હતી કે જ્યાં નેત્રયજ્ઞ હોય ત્યાં નજીકમાં જે કોઈ તીર્થ હોય એની અમે યાત્રા કરતા. એટલે આ બાવીસ વર્ષ દરમિયાન સંઘ દ્વારા સિત્તેર જેટલા નેત્રયજ્ઞ યોજાયા હશે અને એટલી જ અમે તીર્થયાત્રા કરી હશે. દોશીકાકા સાથે આવે અને પહેલેથી પૂછાવે કે આ વખતે તમારે યાત્રા કરવા કઈ બાજુ જવું છે ?

દોશીકાકા એટલે આંખનું મોબાઇલ દવાખાનું. મેં કેટલીયે વાર જોયું છે કે અમે ચાલ્યા જતા હોઇએ ત્યાં સામેથી આવતો કોઈક માણસ કહે, 'દોશીકાકા, રામ રામ.' કાકા ઓળખે નહિ, પણ વાત કરવા પ્રેમથી ઊભા રહે. ત્યાં આવનાર વ્યક્તિ કહે, 'કાકા, મારી આંખ જોઈ આપોને, મોતિયો તો નથી આવતો ને ?'

કાકા એમ ન કહે કે 'ભાઈ અત્યારે ટાઈમ નથી. દવાખાને બતાવવા આવજે.' તેઓ તરત થેલીમાંથી બેટરી કાઢે અને બિલોરી કાચ કાઢે. પેલાની બંને આંખ વારાફરતી પહોળી કરી, ટોર્ચ મારીને અને જરૂર પડે તો કાચનો ઉપયોગ કરીને જુએ અને સંતોષકારક જવાબ આપે. આવું કામ કરવામાં કાકાને ક્યારેય મોડું ન થાય. કાકાને મન દર્દી એટલે દરિદ્રનારાયણ. કાકાએ હજારો માણસની આંખ રસ્તામાં જ બરાબર ધ્યાનથી જોઈ આપી હશે. કોઈ વાર એવું બને કે આંખ જોયા પછી કાકા કહે 'ભાઈ, તમારી આંખ મશીનમાં જોવી પડશે. દવાખાને આવજો.'

અમે યુવક સંઘના આઠ-દસ સભ્યો નેત્રયજ્ઞ માટે જ્યારે ચિખોદરા જઈએ ત્યારે કોઈકને આંખ બતાવવાની હોય, નંબર કઢાવવો હોય તો કાકા દવાખાનામાં બધાંની આંખો જોઈ આપે. કાકા નંબર કઢાવવા માટે લાઇટ કરીને નાના મોટા અક્ષરોના ચાર્ટમાં અમને

અક્ષરો વંચાવે. એમાં નીચે ઝીણા અક્ષરોની લીટી આવે. લ ન ગ ક ર. અમારા એક મિત્રે ભૂલથી વાંચ્યું 'લગન કર' એટલે હસાહસ થઈ પડી. ત્યારથી આંખો બતાવવી હોય તો અમે કહીએ, 'કાકા, લગન કર'. એટલે કાકા તરત સમજી જાય અને બધાંની આંખો જોઈ આપે. ચશ્માનો નંબર કાઢી આપે.

એક વખત અમે ગુજરાતના એક નગરમાં એક નવી થયેલી હૉસ્પિટલની મુલાકાતે ગયા હતા. હૉસ્પિટલ આધુનિક સાધનોથી સજ્જ હતી અને ડૉક્ટરો પણ સેવાભાવી હતા. હૉસ્પિટલમાં બીજે હોય એના કરતાં પંચોતર ટકા ચાર્જ ઓછો હતો. જે માટે બીજી હૉસ્પિટલમાં સો રૂપિયા ખર્ચ થાય તે માટે આ હૉસ્પિટલમાં પચીસ રૂપિયા ખર્ચ થાય. એકંદરે મધ્યમવર્ગના લોકોને સારો લાભ મળી શકે.

હૉસ્પિટલની મુલાકાત પછી ઉતારે અમે આવ્યા ત્યારે દોશીકાકાને અભિપ્રાય પૂછ્યો. એમણે કહ્યું, હૉસ્પિટલ ઘણી જ સારી છે અને મધ્યમવર્ગના લોકો માટે ઘણી જ રાહતરૂપ છે. આ વિસ્તારના ઘણા લોકોને એનો લાભ મળશે. પણ...

કાકા બોલતાં અટકી ગયા. અમે કહ્યું, 'કાકા પણ શું ?'

કાકાએ કહ્યું 'પણ મારે કરવાની હોય તો આવી હૉસ્પિટલ ન કરતાં ગરીબ લોકો લાભ લે એવી હૉસ્પિટલ કરું. મારું ક્ષેત્ર જુદું છે. અમેરિકા કે યુરોપના દેશોમાં લોકોની આર્થિક સ્થિતિ એવી છે કે કોઈને રાહત આપવાનો વિચાર થતો નથી. રવિશંકર મહારાજના હાથે તાલીમ પામેલા અમે લોકો ગાંધીજીએ જે રસ્કિનનો વિચાર અપનાવ્યો Un to this last એટલે અમે સાવ છેવાડાના ગરીબ માણસોનો વિચાર કરીએ. આ હૉસ્પિટલમાં સોને બદલે પચીસ રૂપિયા ચાર્જ છે. પરંતુ જેની પાસે પચીસ રૂપિયા ન હોય, અરે હૉસ્પિટલ સુધી આવવાના બસભાડાના રૂપિયા નથી એવા લોકો માટે કામ કરવું એ અમારું ક્ષેત્ર છે. શહેરોમાં નહિ, પણ દૂર દૂરના ગામડામાં અમે જઈએ ત્યારે ચીંથરેલાલ દશામાં જીવતા લોકોને જોઈ અમને દયા આવે.' ત્યારે અમને લાગ્યું કે ખરેખર, દોશીકાકા એટલે ગરીબોના બેલી.

એક વખત કાકા મારે ત્યાં જમવા પધાર્યા હતા. ઉનાળાનો સમય હતો. કાકા સવારના જમવામાં પાંચ વાનગી લે એ અમને ખબર હતી. અમે અમારે માટે પણ પાંચ વાનગી બનાવી હતી. જમવા બેઠા ત્યારે ઉનાળામાં કેરીની મોસમ હતી એટલે કાકાને પણ રસ પીરસ્યો હતો. બધા બેસી ગયા અને 'સાથે રમીએ, સાથે જ રમીએ...' એ પ્રાર્થના કર્યા પછી જમવાનું ચાલુ કર્યું ત્યારે કાકાએ રસની વાટકી બહાર મૂકી. અમે પૂછ્યું, 'કાકા, કેરીની બાધા છે?' એમણે કહ્યું, 'ના, પણ કેરી ખાવી નથી.' 'કેમ ?' તો કહ્યું 'પછી વાત!' અમે પાંચમી વાનગી તરીકે બીજી કોઈ વાનગી આપવાનું કહ્યું તો તે માટે પણ એમણે ના પાડી. કાકાએ રસ લીધો નહિ એટલે અમે રસની વાટકી બહાર મૂકતાં હતાં તો અમને આગ્રહપૂર્વક અટકાવ્યાં.

જમ્યા પછી અમે કાકાને કારણ પૂછ્યું તો એમણે કહ્યું, 'મોટા શહેરોમાં બધે કેરી ચાલુ થઈ ગઈ છે, પણ અમારા ગામડાંઓમાં ગરીબ લોકોને ત્યાં હજુ ચાલુ નથી થઈ. કેરી થોડા દિવસમાં સસ્તી થશે અને એમને ત્યાં ચાલુ થશે, પછી હું કેરી ખાઈશ.' કાકાની ગરીબો માટે કેટલી બધી સહાનુભૂતિ છે એનો ત્યારે ખ્યાલ આવ્યો.

ગાંધીજીની જેમ વ્યવહારમાં કરકસર કરવી એ દોશીકાકાનું પણ જીવનનું મુખ્ય લક્ષ. દરેક વિષયમાં કરકસરપૂર્વક વિચાર કરે. બે જોડ ખાદીનાં કપડાં આખું વર્ષ ચલાવે. ફાટે તો સાંધી લે. સાંધેલું કપડું પહેરવામાં શરમ નહિ. દોશીકાકા પાસે એક ગરમ કોટ છે. છેલ્લાં બાવીસ વર્ષથી અમે જોતા આવ્યા છીએ કે કાકાએ શિયાળામાં બહારગામ જવું હોય તો આ એક જ કોટ પહેર્યો હોય. કાકા કરકસર કરે, પણ મનથી દરિદ્રતા નહિ. જરૂર પડે, અનિવાર્ય હોય તો ગમે તેટલું મોટું ખર્ચ કરતાં અચકાય નહિ.

દોશીકાકા વૈશાખ મહિનામાં ઑફિસમાં બપોરે એક દિવસ કામ કરતા હતા અને ભયંકર ગરમી પડતી હતી. એ વખતે એક શ્રીમંત ભાઈ પોતાની એ.સી. કારમાંથી ઊતરીને કાકાને મળવા આવ્યા. એમનાથી ગરમી સહન થતી નહોતી. એમણે કહ્યું, 'કાકા આવી ગરમીમાં તમને કેવી રીતે કામ કરી શકો છો ?' કાકાએ કહ્યું, 'હું ગરમીથી ટેવાઈ ગયો છું.' પેલા શ્રીમંતે કહ્યું 'કાકા ઑફિસમાં મારા ખર્ચે એ.સી. નંખાવી આપું છું, એના વીજળીના બિલની જવાબદારી પણ મારી.' કાકાએ કહ્યું, 'ભાઈ તમારી દરખાસ્ત માટે આભાર. પણ એ.સી.વાળી ઑફિસ મને ન શોભે.'

નેત્રયજ્ઞની સભાઓમાં કાકા ઘણીવાર કહેતા કે આવા યજ્ઞનું આયોજન ત્રણ નારાયણ એકત્ર થાય ત્યારે થાય. દર્દીઓ તે દરિદ્રનારાયણ, દાક્તરો અને બીજા કાર્યકર્તાઓ એ સેવાનારાયણ અને યજ્ઞ માટે દાન આપનાર તે લક્ષ્મીનારાયણ. કાકાના વક્તવ્યમાં આ ત્રણ નારાયણ તો હોય જ, પણ કોઈવાર પ્રસંગાનુસાર કાકા બીજા એક બે નારાયણ જોડી દેતા. કોઈ વાર લક્ષ્મીની વાત નીકળે તો કહેતા કે લક્ષ્મી ત્રણ પ્રકારની છે, શુભ લક્ષ્મી, અશુભ લક્ષ્મી અને મહાલક્ષ્મી. પાપ કરીને, છેતરપિંડી કરીને જે ધન કમાય તે અશુભ લક્ષ્મી. પ્રમાણિકપણે જે કમાણી થાય તે શુભ લક્ષ્મી. અને લોકસેવાનાં કાર્યો જે કરે તેની લક્ષ્મી તે મહાલક્ષ્મી. અશુભ અને શુભ લક્ષ્મી અવશ્ય નાશ પામે. મહાલક્ષ્મી તો ક્યારેય નાશ ન પામે. તે ભવાંતરમાં પણ સાથે આવે.

જ્યાં નેત્રયજ્ઞ હોય ત્યાં કાકા સ્થાનિક કાર્યકર્તાઓને એક નાનકડી સભા યોજવાનું કહે. દર્દી અને એમના બરદાસીઓ તથા ડૉક્ટરો, કાર્યકર્તાઓ, સ્થાનિક લોકો એ અમારો શ્રોતાગણ. અડધો કલાક કાર્યક્રમ ચાલે. અમારામાંના કોઈક કાર્યકર્તાઓને આ સભાઓ દ્વારા જાહેરમાં બોલવાનો મહાવરો થયો હતો. એક વખત એક સભ્યને બોલતાં બીજું કંઈ આવડ્યું નહિ તો એમણે દોશીકાકાના ત્રણ નારાયણની જ વાત કરી. એટલે દોશીકાકાને તે દિવસે બીજો વિષય લેવો પડ્યો હતો. દરેક નેત્રયજ્ઞમાં સભા પછી ભોજનનું નિમંત્રણ સ્થાનિક કાર્યકર્તાઓ તરફથી હોય જ.

આરંભનાં વર્ષોમાં નેત્રયજ્ઞમાં ૭૦૦-૮૦૦ દર્દીઓ આવતા. કાકાની સુવાસ એવી કે દર્દીઓને જમાડવા માટે અનાજ વગેરે સામગ્રી ગામનાં શ્રેષ્ઠીઓ તરફથી મળતી. બળતણ માટે લાકડું દરેક ઘરેથી એક એક આવે. એટલે કશી મુશ્કેલી ન રહે. કાકામાં કુશળ વહીવટી શક્તિ અને સૂઝ છે. નેત્રયજ્ઞ એટલે આખા ગામનો ઉત્સવ. કાકા સવારના પાંચ વાગ્યાથી રાતના બાર સુધી કામ કરે. કોઈક વખત તો તેઓ એક દિવસમાં ૧૨૫ થી વધુ ઓપરેશન કરે, છતાં થાકનું નામ નહિ.

પહેલાં સરકારી નિયમ એવો હતો કે જે નેત્રયજ્ઞમાં સો કે તેથી વધુ દર્દીઓ થયા હોય તો તે નેત્રયજ્ઞ માટે સરકાર સહાય કરે. એક વખત એક નેત્રયજ્ઞમાં બધું મળીને નવ્વાણુ દર્દીઓ થયા. કાર્યકર્તાઓએ કહ્યું, 'કાકા, કોઈ એક માણસની આંખ જોઈને પછી એનું નામ-સરનામું ચોપડામાં લખી દઈએ તો સો દર્દી થઈ જાય અને આપણને સરકારી ગ્રાન્ટ મળે.'

પરંતુ કાકાએ કહ્યું, 'એવી રીતે ખોટું આપણાથી ન કરાય.' કાર્યકર્તાઓનો આગ્રહ છતાં કાકા મક્કમ રહ્યા હતા.

મહીકાંઠાના હરિલાલભાઈ બે આંખે વર્ષોથી સદંતર અંધ હતા. એક વખત આણંદની કૉલેજના સેવાભાવી પ્રોફેસર ડૉ. ભાનુપ્રસાદ

ચોકસી એમને કાકા પાસે લઈ આવ્યા. કાકાએ કહ્યું કે કદાચ ઓપરેશનથી પચીસેક ટકા તેજ આવે. એ રીતે ઓપરેશન થયું અને હરિલાલભાઈ થોડુંક દેખતા થયા. તેઓને જાણે કે નવી જિંદગી મળી. દોશીકાકાનો તેઓ રોજ સાંજે એક માળા 'દોશીકાકા, દોશીકાકા' એ નામની માળા જપતા.

એક વખત અમારો નેત્રયજ્ઞ પંચમહાલમાં દેવગઢ બારિયા પાસે સાગતાળા નામના ગામમાં હતો. જંગલ વિસ્તાર પાસે આવેલું આ ગામ છે. અમારો ઉતારો જંગલ વિભાગના ગેસ્ટ હાઉસમાં હતો.

નેત્રયજ્ઞ પછી બીજે દિવસે અમે અલિરાજપુર પાસે મધ્યપ્રદેશમાં આવેલા લક્ષ્મણી તીર્થની જાત્રાએ ગયા. કાકાએ આ તીર્થ જોયું નહોતું. અમારામાંના બીજા પણ ઘણાખરા પહેલીવાર આવતા હતા. આખો રસ્તો ખરબચડો. અમે પહોંચી, પૂજા કરી, ભોજન અને આરામ કરી પાછા આવવા નીકળ્યા. પણ ત્યાં તો રસ્તામાં ધોધમાર વરસાદ ચાલુ થયો. અંધારું થઈ ગયું હતું. એંસી કિલોમિટરનો રસ્તો વટાવતાં ઘણીવાર લાગી. રસ્તામાં થાકેલાં હોવાથી કોઈ ઝોલાં ખાતાં તો કોઈ વાતો કરતાં. એક કલાક પછી કાકાએ ગીત ઉપાડ્યું.

'આંખો પવિત્ર રાખ, સાચું તું બોલ,
ઈશ્વર દેખાશે તને પ્રેમળનો કોલ,
સત્ય એ જ પરમેશ્વર, બાપુનો બોલ
તારામાં ઈશ્વર છે કે નહિ ખોળ.'

બધાંએ કાકાનું ગીત ઝીલ્યું. પાંચ કલાક પછી અમે સાગતાળા આવ્યા. બીજે દિવસે કાકાએ કહ્યું, 'તમને ખબર છે, કાલે આપણે કેટલું જોખમ ખેડ્યું? આ ભીલ વિસ્તાર છે. રાતના કોઈ વાહન આવે તો ભીલો જરૂર લૂંટી લે. મને થયું કે હેમખેમ પાછા પહોંચી જઈએ તો સારું. આખે રસ્તે હું મનમાં ભક્તામર સ્તોત્ર બોલતો રહ્યો હતો. વચ્ચે 'આંખો પવિત્ર રાખ'નું ગીત ઝીલાવ્યું કે જેથી તમને ડરનો વિચાર ન આવે.'

એક વખત અમારા સંઘ તરફથી ઠાસરામાં નેત્રયજ્ઞ હતો. પચાસ જેટલા દર્દીઓનાં ઓપરેશન હતાં. અમે મુંબઈથી સંઘના સાતેક સભ્યો ચિખોદરા પહોંચ્યા. ઑગસ્ટ મહિનો હતો અને વરસાદના દિવસો હતા. ચિખોદરામાં સ્નાનાદિ વગેરેથી પરવારી, અમે જીપમાં બેઠા ત્યારે કાકાએ કહ્યું કે કાલે રાતના બહુ વરસાદ પડ્યો છે અને જોરદાર પવન ફુંકાયો છે એટલે દર્દી ઓછા આવશે એવો સંભવ છે. અમે ઠાસરા નેત્રયજ્ઞના સ્થાને પહોંચી ગયા. ઓપરેશન માટે દાક્તરો આવી ગયા હતા. ખાટલા પથરાઈ ગયા હતા. ઓપરેશન થિયેટર તૈયાર થઈ ગયું હતું. પરંતુ નવ વાગ્યા તો પણ કોઈ દર્દી આવ્યો નહોતો. રાહ જોવાતી ગઈ, સમય પસાર થતો ગયો. એમ કરતાં અગિયાર વાગ્યા તો પણ કોઈ દર્દી આવ્યા નહિ. અમે બધાં બેસીને માંહોમાંહે ગપાટા મારતા રહ્યા. અમારા માટે ભોજનની વ્યવસ્થા ત્યાં જ થઈ હતી એટલે બાર વાગે જમવા બેઠા. સાડા બાર સુધી કોઈ દર્દી ન આવ્યો એટલે એક વાગે નેત્રયજ્ઞ બંધ જાહેર કરવામાં આવ્યો. કાકાએ કહ્યું, અત્યાર સુધી આટલા બધા નેત્રયજ્ઞો કર્યા, પણ દર્દી વગરનો આ પહેલો થયો, તેનું કારણ ધોધમાર વરસાદ અને વાવાઝોડું છે.

દોશીકાકા અને ભાનુબહેન એક વખત અમેરિકા જવાનાં હતાં ત્યારે અમારા યુવક સંઘ તરફથી અમે વિદાયમાનનો કાર્યક્રમ યોજ્યો હતો. આટલી મોટી ઉંમરે તમને ફાવશે કે કેમ એમ અમે પૂછ્યું ત્યારે કાકાએ કહ્યું હતું કે 'મારા ભત્રીજાઓ ત્યાં રહે છે અને એરપોર્ટથી એરપોર્ટ અમને એટલા બધા સાચવે છે કે અમને જરાય તકલીફ પડતી નથી.' આ ભત્રીજાઓ નાના હતા ત્યારે કાકાએ અને ભાનુબહેને પોતાને ઘરે રાખીને સાચવ્યા હતા અને તૈયાર કર્યા [illegible]

ખાદીની ગરમ શાલ ભેટ આપી તો કાકાએ કહ્યું કે 'મારી પાસે એક શાલ છે અને એકથી વધારે ન રાખવાનો મારો નિયમ છે. એટલે તમારી શાલ હું તો જ સ્વીકારું કે મને જ્યારે યોગ્ય લાગે ત્યારે કોઈ યોગ્ય વ્યક્તિને હું આપી દઉં, એ માટે તમારી મંજૂરી હોય તો જ લઉં.' આ શરત અમે મંજૂર રાખીને અમે કાકાને શાલ ભેટ આપી.

દોશીકાકા અને એમનાં ધર્મપત્ની ભાનુબહેન અમેરિકા ત્રણેક વાર ગયાં છે. તેમના ભત્રીજાઓને ત્યાં રહે છે. કાકા જાય ત્યારે હોસ્પિટલ માટે કંઈક ફંડ લઈને આવે. છેલ્લે ગયા ત્યારે કાકાની ઉંમર ૮૭ અને ભાનુબહેનની ૮૩, વૃદ્ધાવસ્થાને લીધે કોઈપણ તેમને અમેરિકા જવાની સલાહ ન આપે. પણ તેઓ બંને મનથી દૃઢ હતા. વળી આરોગ્યમાં કોઈ ખામી નહોતી. ભાનુંબહેનનું શરીર ભારે, પણ તેઓ કહે 'અમારે તો બધા જ એરપોર્ટ પર વ્હિલચેર મળવાની છે.' અમેરિકા જતા હતા ત્યારે ભાનુબહેને કાકાને કહ્યું, 'તમારા ચંપલ ઘણા ઘસાઈ ગયા છે. અમેરિકામાં તૂટશે તો બહુ તકલીફ થશે. માટે તમે નવી જોડ લઈ લો.'

પણ કાકા જૂના ચંપલ પહેરીને જવામાં મક્કમ હતા. તેમનો નિયમ હતો કે એક ચંપલ ઘસાઈને તૂટી જાય ત્યારે જ નવા ચંપલ ખરીદવા. એટલે કાકાએ કહ્યું, 'ચંપલ તૂટી જશે તો ત્યાં ઉઘાડા પગે ચાલીશ. નહિ વાંધો આવે. બધે ગાડીમાં ફરવાનું છે. વળી ત્યાંનો ઉનાળો છે.' દોશીકાકામાં આત્મવિશ્વાસ ઘણો. પાછા ફર્યા ત્યાં સુધી ચંપલને વાંધો આવ્યો નહિ. આવ્યા પછી જૂના ચંપલ ઘસાઈ ગયા ત્યારે નવા ચંપલ લીધા.

એક વખત અમે નેત્રયજ્ઞ પછી એક તીર્થની યાત્રાએ ગયા હતા. રાતનો મુકામ હતો. એક રૂમમાં હું, દોશીકાકા અને અમારા એક સભ્ય મિત્ર હતા. થાકેલા હતા એટલે હું અને દોશીકાકા સૂઈ ગયા અને મિત્રને પરવારતાં થોડી વાર હતી. સવારે વહેલા ઊઠી, સ્નાનાદિથી પરવારીને અમે તૈયાર થયા. બહાર જતાં દોશીકાકાએ કહ્યું, 'મારા ચંપલ ક્યાં ગયા?' તો મિત્રે તરત એમના ચંપલ બતાવ્યા. કાકાએ કહ્યું, 'આ મારા ચંપલ નથી.' મિત્રે ફોડ પાડતાં કહ્યું, 'કાકા, રાતના મારા બુટ પાલીશ કરતો હતો ત્યાં પછી વિચાર આવ્યો કે તમારા બંનેના ચંપલને પણ પાલીશ કરી લઉં.'

કાકાએ કહ્યું, 'મને પૂછ્યા વગર તમે મારા ચંપલને પાલીશ કર્યું તે બરાબર ન કહેવાય. પાલીશવાળા ચંપલ મને શોભે નહિ. હવે પાલીશ કાઢી નાખો.' મિત્રે લૂગડા વડે પાલીશ કાઢવા પ્રયત્ન કર્યો, પણ પાલીશ બહુ ઓછી થઈ નહિ. ત્યાં બહાર જઈ કાકા મૂઠી ધૂળ ભરીને લાવ્યા અને ચંપલ પર નાખી. એટલે ચંપલ કંઈક બરાબર થયા.

અપંગ કન્યાઓ માટે ગુજરાતમાં કલોલ પાસે આવેલી સંસ્થા 'મંથન'ને માટે અમે પર્યુષણ પર્વ દરમિયાન સહાય માટે શ્રોતાઓને અપીલ કરી હતી અને એકત્ર થયેલ રકમ એ સંસ્થાને અર્પણ કરવાનો કાર્યક્રમ અમે ગોઠવ્યો હતો. એ માટે કાકાને પણ પધારવાનું નિમંત્રણ અમે આપ્યું હતું. કાકાએ 'મંથન' સંસ્થા જોઈ નહોતી અને ક્યાંથી જવાય એ તેઓ જાણતા નહોતા. એટલે અમે એમને અમદાવાદથી અમારી સાથે બસમાં જોડાઈ જવા કહ્યું હતું. અમદાવાદ સ્ટેશને 'ઈન્કવાયરી'ની બારી પાસે તેઓ ઊભા રહેવાના હતા. પરંતુ તે દિવસે ટ્રેનમાં અમારો ડબ્બો ઘણો આગળ આવ્યો એટલે અમે બધા પાર્સલના ફાટકમાંથી નીકળ્યા કે જેથી તરત સામે બસ પાસે પહોંચાય. સવારની ઉતાવળમાં અમે જે ભાઈને કાકાને લઈને આવવાનું સોંપ્યું હતું તે ભૂલી ગયા અને બીજા પણ ભૂલી ગયા. અમે શેરિસા પહોંચ્યા ત્યારે ખબર પડી કે કાકાને લેવાનું રહી ગયું છે. શેરિસા સ્નાનપૂજા કરી અમે મંથનમાં પહોંચ્યા તો કાકા ત્યાં [illegible]

જરા પણ ઠપકો નહોતો, એમણે હસતાં કહ્યું, 'તમે ભૂલી ગયા તે સારું થયું. એટલે તમારા કરતાં હું વહેલો અહીં આવી ગયો.' પછી કાકાએ કહ્યું કે 'બધા પેસેન્જરો નીકળી ગયા અને કોઈ મારી પાસે આવ્યું નહિ એટલે થયું કે તમે નીકળી ગયા હશો. પછી નિમંત્રણપત્રિકા જોઈ અને એમાંના એક સભ્યને ફોન કર્યો. તેઓ હજુ નીકળ્યા નહોતા. એટલે એમના ઘરે પહોંચી એમની સાથે ગાડીમાં અહીં આવી ગયો છું.' અમારી ભૂલ માટે એમણે જરાયે ઠપકો આપ્યો નહિ. એમની સમતા અને પ્રસન્નતા માટે માન થયું. એમણે હસતાં કહ્યું, 'તમે ભૂલી ગયા તે સારું થયું: મને ગાડીમાં અને તમારા કરતાં વહેલા આવવા મળ્યું.'

સાયલાના શ્રી રાજસોભાગ આશ્રમમાં મુંબઈની રત્નવિધિ ટ્રસ્ટ નામની સંસ્થા દ્વારા વિકલાંગો માટે એક કેમ્પનું આયોજન થયું હતું. એમાં દોશીકાકાને પણ નિમંત્રણ આપ્યું. સામાન્ય રીતે મંચ પર બેસવાનું દોશીકાકા ટાળે અને આગળની હારમાં બેસવાનું પણ ટાળે. દોશીકાકા થોડા પાછળ બેઠા હતા. આગળ આવવાનો આગ્રહ કર્યો ત્યારે કહ્યું કે તેઓ નિશ્ચિત સમયે નીકળીને ચિખોદરા પહોંચવા ઇચ્છે છે. સાયલાથી અમદાવાદ બસમાં અને અમદાવાદથી બસ બદલીને તેઓ આણંદ જવાના હતા. સભામાં એક સજ્જન પધાર્યા હતા, તેઓ કાર્યક્રમ પછી પોતાની ગાડીમાં આણંદ જવાના હતા. એટલે મેં તેમની સાથે ગાડીમાં જવાનું સૂચન કર્યું. પરંતુ દોશીકાકાએ કહ્યું 'મને એમ કોઈની ગાડીમાં જવાનું નહિ ફાવે. કોઈને મોડુંવહેલું થાય. બસ તરત મળી જાય છે એટલે મારે મોડું નહિ થાય.' અમે બહુ આગ્રહ કર્યો ત્યારે કહ્યું, 'ભલે જોઈશું.' પરંતુ કાર્યક્રમ પૂરો થયો ત્યારે દોશીકાકા તો નીકળી ગયા હતા. દોશીકાકાને શ્રીમંતો પ્રત્યે એલર્જી છે એવું નથી, પણ તેમને આમજનતા વચ્ચે આમજનતાના થઈને, જાણે કે કોઈ પોતાને ઓળખતું નથી એવા થઈને રહેવું ગમે છે. એમના વિગલિત થયેલા માનકષાયનું આ પરિણામ છે.

એક વખત અમારે આગલોડ અને મહુડીની યાત્રાએ જવું હતું. કાકા કહે 'અમારી જીપ લઈ જાવ.' અમે કહ્યું પણ કાકા તમારે ગાંધીનગર જવું છે તો તમે જ જીપ લઈ જાવ, અમે બીજી વ્યવસ્થા કરી લઈશું. કાકા કહે, 'જીપ તો તમે જ લઈ જાવ, હું બસમાં જ જઈશ.' બહુ આગ્રહ કરતાં કાકા કહે, 'એમ કરો, મારું કામ પતાવી હું મહુડી આવીશ અને વળતાં તમારી સાથે પાછો આવી જઈશ.'

કાર્યક્રમની વિગતો નક્કી થઈ. મહુડી પહોંચવાનો અમારો સમય પણ નક્કી થયો. પરંતુ ચિખોદરાથી નીકળ્યા પછી તરત અમારામાંના એક મિત્રે બીજું પણ એક સ્થળ સમાવી લેવાનો આગ્રહ કર્યો. અને ચિખોદરાથી પહેલાં એ સ્થળે જવું અને પછી જ આગલોડ અને મહુડી જવું. પણ એ સ્થળનો રસ્તો લાંબો હતો. એટલે એમ કરતાં અમારી બસ સાંજના સાત વાગે મહુડી પહોંચી. પહોંચતા જ ત્યાંના એક કર્મચારીભાઈએ કહ્યું, 'દોશીકાકા તો તમારી બે કલાક રાહ જોઈને બસમાં ચિખોદરા ગયા.'

આ સાંભળીને અમને બહુ અફસોસ થયો. જેમની જીપ છે તે બસમાં જાય. અમારે એમની જીપમાં જવાનું. વળી એમને બે કલાક રાહ જોવી પડી.

ચિખોદરા અમે પહોંચ્યા તો કાકાએ પૂછ્યું, 'કેમ મોડું થયું?' અમે એમની ક્ષમા માગી પણ એમણે એ વાતને સહજ ગણી, જરા પણ ચિડાયા નહિ કે ન ઠપકો આપ્યો, બલકે તેઓ હસતાં હસતાં અમારી સરભરામાં લાગી ગયા. દોશીકાકાની સમતાનું ત્યારે દર્શન થયું.

દોશીકાકાની ભોજનની પ્રવૃત્તિ અત્યંત શાંત અને સંયમિત. સવારે તેઓ ચાર કે પાંચ વાનગી લે. આખા દિવસમાં આઠ વાનગી લે. જરૂર પડ્યે દાળ અને શાકનું મિશ્રણ કરે. પછી આખો દિવસ વચમાં કશું ન લે. ચોવિહાર કરે અને તેમાં ફક્ત ત્રણ વાનગી લે. પ્રવાસમાં અમે હોઈએ અને સાંજ પડવા આવે પણ પોતે કશું બોલે નહિ. ડ્રાઈવર યાદ રાખે. સૂકી ત્રણ વાનગીઓનો ભાનુબહેને ડબ્બો બાંધી આપ્યો હોય તો તે આપે. ચાલુ પ્રવાસે જ તેઓ આહાર લે. એ માટે ગાડી થોભાવે નહિ. કોઈ વખત વેળાસર હોસ્પિટલમાં પહોંચી જવાની ધારણા હોય એટલે ભાનુબેને કશું બંધાવ્યું ન હોય, પણ મોડું થાય તો ડ્રાઈવર કહે કે ભાનુબહેને કશું આપ્યું નથી. પછી પોતે જ રસ્તામાં કોઈ કેળાંની લારી ઊભી હોય તો કેળાં લાવે. તેમાંથી દોશીકાકા એક અથવા બે લે. કોઈ વાર રસ્તામાં કેળાં ન મળે તો કાકા ભૂખ્યા રહે, પણ કોઈને કહે નહિ, કોઈની ભૂલ ન કાઢે કે કોઈને ટોકે નહિ. મહેમાનોનું પ્રેમભર્યું સ્વાગત કરવું, તેમને અતિથિગૃહમાં ઉતારો આપી તેમના ભોજનાદિની સગવડ કરવી, તેમની સેવામાં કર્મચારીઓને જુદાં જુદાં કામ સોંપવા, ગાડીમાં બેસાડીને તેઓને આસપાસ ફેરવવા ઇત્યાદિ પ્રવૃત્તિઓમાં દોશી દંપતીના ઉત્સાહની આપણને પ્રતીતિ થાય. કાકા અને મુ. ભાનુબહેન અતિથિગૃહમાં આવી બધી વસ્તુનું બરાબર ધ્યાન રાખે. કોઈ દિવસ એવો ન હોય કે માત્ર કાકા અને ભાનુબહેન-એમ બે જણે સાથે ભોજન લીધું હોય. અતિથિ બારે માસ હોય અને તેમને ઉત્સાહથી જમાડે. મહેમાન વગર ખાવાનું ન ભાવે. ચિખોદરાની હોસ્પિટલને આંતરરાષ્ટ્રીય ખ્યાતિ મળેલી છે એટલે દેશવિદેશથી મુલાકાતે આવનાર મહેમાનોની અવરજવર આખું વર્ષ રહે, છતાં નહિ થાકે કે નહિ કચવાટનું નામનિશાન. તેઓ કામ કરવામાં ચોક્કસ, પણ નોકરચાકરની કંઈ ભૂલ થઈ હોય છતાં દોશી દંપતીએ ક્યારેય ગુસ્સો કર્યો હોય, બરાડા પાડ્યા હોય એવું ક્યારેય ન બને. સમતાનો ગુણ તેમના જીવનમાં વણાઈ ગયો છે.

શ્રી આર. કે. દેસાઈને એમના જીવનવૃતાંતમાં લખ્યું છે: 'દોશીકાકામાં ક્રોધ કરમાઈ ગયો છે, ગુસ્સો ગાયબ થઈ ગયો છે. બધાં કામ પ્રેમથી જ કરવાનાં. અધરાત મધરાત ગમે ત્યારે ગમે તે કામ માટે એમને મળી શકાય. તેની સમક્ષ કોઈ ગુસ્સો લઈને આવ્યું તો તરત જ આવનાર વ્યક્તિ બરફ બની જતો. ભયંકર ગણાતી ક્ષતિને પણ માફ જ કરવાની વૃત્તિ. સૌ સાથે પ્રેમભાવનો ધોધ જ વહેતો જણાશે. કોઈના પ્રત્યે શત્રુતા નથી, વેર નથી કે કડવાશ નથી. શિથિલતા દર્શાવનાર વ્યક્તિઓ પ્રત્યે આકરા થવાની વૃત્તિ નથી. નરી શીતળતા ચંદ્રથી પણ વિશેષ શીતળતા. સૌનું વિશ્રામસ્થાન એટલે દોશીકાકા; થાક્યા પાક્યાનું એ વિશ્રામસ્થાન છે. એમને મળતાંની સાથે જ બોજ હળવો બને છે. તેઓ આબાલવૃદ્ધ સૌના વાત્સલ્યમૂર્તિ છે. તેઓ ઘેઘૂર વટવૃક્ષ સમી શીતળ છાયા પ્રદાન કરનાર છે.'

દોશીકાકા એટલે ગાંધીયુગના છેલ્લા અવશેષોમાંના એક. એમની કેટલીક વાતો, ભવિષ્યમાં લોકો જલદી માનશે નહિ. જેમની પાસે પોતાની માલિકીનું ઘર નથી, જમીન નથી, મિલકત નથી, બેંકમાં ખાતું નથી એવા આ લોકસેવકે ભરયુવાનીમાં રવિશંકરદાદાના પ્રભાવ હેઠળ આવી સેવાનો ભેખ લીધો. તેઓ સાચા વૈષ્ણવજન છે, સાચા શ્રાવક છે. એમણે ગીતાની પરિભાષામાં કર્મયોગી તરીકે ઓળખાવવા તે યોગ્ય જ છે.

ભાનુબહેન અને દોશીકાકા પાસે અમે હોઈએ તો જાણે માતાપિતા પાસે હોઈએ એવું અપાર વાત્સલ્ય અનુભવ્યું છે. જાણે કે જન્માન્તરનો સંબંધ ન હોય!

પૂ. ડૉ. દોશીકાકા અને મુ. ભાનુબહેનને ભાવપૂર્વક વંદન કરું છું અને એમના શતાયુ માટે પ્રાર્થના કરું છું.

□ રમણલાલ ચી. શાહ

# કવિશ્રી ખોડીદાસ સ્વામીના ચાબખા

❑ ડૉ. કવિન શાહ

ખોડીદાસ સ્વામી સ્થાનકવાસી ગોંડલ સંપ્રદાયના ડોસાજી સ્વામીના શિષ્ય હતા. ૨૨ વર્ષની વયે દીક્ષા અંગીકાર કરીને રત્નત્રયીની આરાધના સાથે સ્વ પરના કલ્યાણાર્થે કેટલીક કૃતિઓની રચના કરી હતી.

બ્રહ્મદત્ત ચક્રવર્તી, રાસ જુગટ પચ્ચીશી, જોબન પચ્ચીશી, સત્યચોવીશી, નિરંજન પચ્ચીશી, ભીમજી સ્વામીનું ચોઢળિયું, સત્યબાવીશી, સ્તવન ચોવીશી ચાબખા વગેરે કૃતિઓ પ્રગટ થયેલ છે. મધ્યકાલીન સમયમાં સંખ્યાવાચક શબ્દોથી કૃતિઓનું શીર્ષક આપવાની પ્રણાલિકા જોવા મળે છે. તેનું અનુસરણ કવિ ખોડીદાસ સ્વામીની કૃતિઓ નિહાળી શકાય છે.

આ કવિ ૧૯મી સદીના અંત સમયમાં થયા હતા અને ૨૦ મી સદીના સર્જક તરીકે સ્થાન પામ્યા છે. એમનો સમય સં. ૧૮૯૨ થી ૧૯૪૭ સુધીનો છે. આ લેખમાં કવિના ચાબખાનો પરિચય આપવામાં આવ્યો છે.

મધ્યકાલીન સમયમાં ભોજા ભગતના ચાબખા પ્રચલિત હતા. અખા ભગતની વાણીમાં બાહ્યાડંબર અને ગતાનુગતિક ધાર્મિક અનુસરણનો કટાક્ષ થયેલો જોવા મળે છે તે રીતે ભોજા ભગતે પણ કઠોર શબ્દમાં આવો કટાક્ષવાણીનો પ્રયોગ કર્યો હતો તે 'ચાબખા' નામથી પ્રચલિત છે. ભોજા ભગતનો સમય સં. ૧૮૪૧ થી ૧૯૩૬ સુધીનો હતો.

ખોડીદાસ સ્વામી ત્યારપછીના સમયમાં થયા છે. ભોજા ભગતના ચાબખાનો પ્રભાવ ખોડીદાસ સ્વામી પર પડ્યો હતો. અને જૈન સાહિત્યમાં ચાબખાની રચના થઈ છે. આ ચાબખામાં જૈન દર્શનના વિચારોનો સમાવેશ થયો છે. તેમાં ચાબખા મધ્યકાલીન જ્ઞાન માર્ગની શાખાનું અનુસંધાન કરે છે. આ પ્રકારની રચના સામાજિક અને ધાર્મિક જાગૃતિનું અનન્ય પ્રેરક કાર્ય કરવામાં ઉપયોગી બની છે. આત્મ જાગૃતિ માટે શાસ્ત્રનું યથાર્થ જ્ઞાન જરૂરી છે. તે વિનાનો ધર્મ નિષ્ફળ નીવડે છે. તે દૃષ્ટિએ ખોડીદાસ સ્વામીના ચાબખાનો પરિચય સમાજને સન્માર્ગે વાળવાનું પુણ્ય કાર્ય કરીને આત્મલક્ષી ધર્મ કરવા માટે બોધાત્મક વિચારોનું ભવોભાવના સાથી બનવામાં ઉપયોગી, ભાથું પૂરું પાડે છે.

**ચાબખો-૧**

પશ્ચિમની સંસ્કૃતિના પ્રભાવથી રંગાયેલા લોકો પોતાની જાતને સુધરેલા માને છે. આ લોકોને જોઈને કવિ ખોડીદાસે શાસ્ત્રીય સંદર્ભથી વિચારો વ્યક્ત કરતાં ચાબખાની રચના કરી છે. આરંભના શબ્દો છે. સાંભળો શ્રાવક શુભની વાતું અને આ દુઃખડું નથી ખમાતું. ઘણા દિવસ ગોપવીને રાખ્યો પણ હવે નથી ગોપવાતું. આ પંક્તિઓમાં કવિ હૃદયની વ્યથાનો આર્દ્રભાવ વ્યક્ત થયો છે. સુધારાના દુઃખથી હૈયું ભરાઈ ગયું છે. એટલે સ્વાભાવિક વિચારો વ્યક્ત થઈ ગયા છે.

યુવાનો ભેગા મળીને અંગ્રેજી ભણે છે. પ્રભુ નામનો જાપ કરતા નથી. ધ્યાનને દેશવટો આપ્યો છે. સાપ અને વીંછીની હત્યા કરે છે. સ્વધર્મમાં પોતાના ધર્મમાં શ્રદ્ધા નથી. શાસ્ત્ર વચન માનતા નથી. કેવળજ્ઞાનનું વચન માને નહિ. ધર્મનું ભાથું સ્વીકારે નહિ સ્વર્ગ અને નરક કર્યા છે.

આવા સુધરેલા લોકોને ઉપદેશરૂપી ઔષધથી પણ લાભ થતો નથી. વર્તમાનમાં જે સુખ મળે તેમાં જ રાચવું. જ્ઞાતિજાતિના વ્યવહારનું જ્ઞાન નથી. માતાપિતા અને વડીલોનો વિનય-મર્યાદાનું ભાન નથી. અભિમાનથી અક્કડ થઈ રહે. સ્નાન કરવામાં વધુ આનંદ. જાતજાતના ભોજનનો સ્વાદ ગમે. અભક્ષ પદાર્થોનું ભક્ષણ કરે. ધર્મની વાત જાણે નહિ અને સુધારાને સુધારો માને છે. આવા સુધારા જોઈએ. કવિ જણાવે છે કે

સુધરેલાનું ચણતર જોઈ
દયાવંતુ દિલ અકળાતું.

અંતે કવિ જણાવે છે કે સુધરેલા કહેવાતા લોકોએ પુનર્વિચારણા કરીને શાસ્ત્રના આચારને ગ્રહણ કરવો જોઈએ. કવિના શબ્દો છે. મણિ જેવો મનુષ્ય ભવ મળિયો તેમાં નથી શુભ થાતું. ખોડાજી કહે છે. ખરેખર અંતે આવશે માંડવે ગવાતું. નવા જાતના વિચારોથી પ્રભાવિત થયેલા કહેવાતા સુધરેલા લોકોને જોઈને કવિ હૃદયમાં ઉદ્ભવેલી વ્યથાને આ ચાબખામાં સ્થાન મળ્યું છે. સુધરેલા લોકોને પુનર્વિચારણા કરવાનો ઉપદેશ આપીને સન્માર્ગે આવવા માટે સંકેત કર્યો છે. સુધારાની વાતો ભારતીય વિચાર ધારાને અનુરૂપ નથી એટલે તેનો ત્યાગ કરીને આર્ય સંસ્કારોનું આચરણ કરવા માટેનો કલ્યાણકારી વિચાર સારભૂત ગણાય છે. દૂર કરવાનો બોધ મળે છે.

**ચાબખો-૨**

યુવાનોને નવા જમાનાનો રંગ લાગ્યો છે અને પોતાની જાતને સુધરેલા માને છે. એમને કેન્દ્રમાં રાખીને કવિ જણાવે છે.

સાંભળો સુધરેલ છેલ છબીલા,
થયા કેમ ધર્મ કરે વા ઢીલા
કંદમૂળ કેરો કેર કરો રે,
ઢોળી પાણી કરાવે ગોલો
ઊંટની પેરે ઉછળતા ફરો,
પહેરો બુટ જડાવી ખીલો.

કવિએ નવા જમાનાના યુવાનોનો લાક્ષણિક રીતે પરિચય આપ્યો છે. ઊંટની ઉપમા યથોચિત લાગે છે. પુસ્તકો વાંચે પણ ધર્મનો પંથ છે તે ન જાણે, વૈરાગ્યની વાત તો સમજાતી જ નથી. મનમોજી રહો છો. મિજાજ તો દુલાસા જેવો અને લડવામાં પાછા પડતા નથી. અવિવેકી વર્તનમાં રાચે છે. ભણ્યા પણ ગણ્યા નહિ. ગુણ જોયા નહિ ને દોષોનું પોષણ કર્યું. વાદવિવાદમાં સૂરા થયા. શિલા પથ્થર સમાન જડ હૃદય બનાવ્યું છે.

નવા જમાનાની વાસ્તવિકતા ચિત્રાત્મક શૈલીમાં દર્શાવી છે.

છેલછબીલા યુવાનનું શબ્દચિત્ર ચિત્તાકર્ષક છે અને ચાબખામાં પ્રગટ થયેલા દુર્ગુણો દૂર કરવા માટેનો સંદર્ભ મળે છે.

કવિએ છેલ્લી કડીમાં જણાવ્યું છે કે-

સદ્ગુણની શેરીની નવી શોધી હૃદય કઠણ જેમ શિલા ખોડાજી કરે છે.
જેમ વિકરાળ ઝાડ કશે તે ઝીલો ।। ૬ ।।

**ચાબખો-૩**

શ્રાવકને ઉપદેશાત્મક વિચારો રજૂ કરતો ચાબખો જૈનાચારનું યથોચિત પાલન કરવા માટે ઉદ્બોધન કરે છે. મુનિઓ ધર્મતત્ત્વની વાત જુદી જુદી રીતે સમજાવે છે. જીવ-અજીવ જાણે નહિ. ગુરુની સેવા ન કરે.

'સામાયિક કરે તેની શુદ્ધિ નહિ
ઝુકી ઝુકીને ઝોલા ખાવે રે
ધન્યવાણી સત્યવાણી કરીને મસ્તકડોલાવે.

અન્ય માહિતી કવિના શબ્દોમાં જોઇએ તો ગાથા-૪/૫.

આંધળાને અરીસો બતાવે, બહીરા આગળ ગાવે ।
મૂરખને ઉપદેશ કરીને રણમાં કોણહી વાવે રે।। ૪ ।।
કાગળમાં ગુણ કીતિ પણે રે શ્રાવક કેરી ગાવે ।।
પણ એહિ માંહિલો એડે નહી ગુણ ફોગટ ફુલાવે રે ।। ૫ ।।

ત્યાગ-વૈરાગ્ય નથી અનંતકાયનો ચાહક કરે, વ્રત-પચ્ચખાણ કરે નહિ આરંભ સમારંભ પ્યારા લાગે, પરિગ્રહ રાખે, રાત્રિ ભોજન કરે, ધર્મની નિંદા કરે, કુમળાં ઝાડ કપાવે, જીવહિંસાના ધંધા કરે, જીવોને દુઃખ આપે, ચુનાની ભઠ્ઠી ચલાવે, ભર વરસાદે ઘર ઉકેલે, ધર્મના કામમાં વિઘ્ન કરાવે, અપશબ્દોનો પ્રયોગ કરે, સાધર્મિક સાથે કજિયો કરે વગેરે. શ્રાવક ધર્મ નથી એમ જાણીને આચાર ધર્મનું પાલન કરવું જોઈએ. શ્રાવકની આકરણી આચાર ધર્મ વિરુદ્ધની છે. તેનો ત્યાગ કરવાનો ઉપદેશ વ્યક્ત થયો છે.

**ચાબખો-૪**

શ્રાવિકાને ઉપદેશ વિશેના ચાબખામાં ત્યાગ કરવા લાયક કાર્યોને પ્રવૃત્તિઓનો ઉલ્લેખ થયો છે. ચાબખાના આરંભમાં કવિના શબ્દો છે.

સાંભળો શ્રાવિકા ચોપડી ધરી
તમારી-વાત કહું વિસ્તારી

શ્રાવિકાએ નહિ કરવા જેવાં કાર્યોનો ઉલ્લેખ કરતાં કવિ કહે છે કે સમકિતની રીત જાણતી નથી. અંતરમાં વહેમ રાખવો, સંન્યાસી, બાવા, જોગી, ડોશી, ભુવા ભરડા જેવા મિથ્યાત્વનો વચનમાં વિશ્વાસ કરવો. તિથિ અને વારનું વ્રત કરે. દેવી, દેવતા ને પૂજે, માનતા માને, દોરા-ધાગા કરાવે અને શ્રાવિકાના વ્રત છોડ્યાં, પીપળાના વૃક્ષને પાણી ઢોળે ને નૈવેદ્ય ચઢાવે, છાણના દેવને બનાવી પૂજે. આવી મિથ્યાત્વની પ્રવૃત્તિ કરે પછી કેવી રીતે ભવપાર ઉતરે ? માત્ર મિથ્યાત્વ નહિ પણ મિથ્યાત્વ શલ્યથી વર્તે એટલે ઉદ્ધાર ક્યારે થાય, છાણના દેવને પૂજે એવી મિથ્યાત્વની કરણી કરો છો વગેરે કાર્યો કરવામાં આવે છે. શ્રાવિકાનાં અન્ય કાર્યોનો ઉલ્લેખ કરતી કાવ્યપંક્તિઓ નીચે મુજબ છે. છઠ્ઠી કડીમાં લખવાની સામાયિક-

વ્રતમાં શી શી વિધિ સાચવવી તેની ખબર નહીં ધારી ।
અંધારામાં ઠાંઠાં કૂટો છો ખૂબ એહમાં ખુવારી ।। ૧ ।।

જ્ઞાનસહિત ક્રિયા કરવી જોઇએ. વ્રતપાલનમાં વિધિનું અનુસરણ જોઈએ.

ચૂલા ખાંડણી પૂજે નહિ, અવીગણ પાણી વાપરે, વાસી ગાર રાખે વહેલી સવારમાં ઘંટીનો અવાજ અને અન્ય પ્રવૃત્તિઓમાં ઉપયોગના અભાવથી જીવહિંસા, કંદમૂળ વાપરવું, માથું ધોતા જુ, લીખ, જીવનો નાશ કરવો, ઘર આંગણે કાદવના ઢગલાં

'જીવ જતનને જાણો નહિ, નહિ વિવેક વિચારી,
રાંક તણી અનુકંપા ન આવે લોભ તણા શિરદારી
વેર વિરોધ ને વાંધા ઘણા વળી વાત કરો છો વધારાની
ઝેર કરો છો સગા સંગાથે ગર્વને ન શકો ગાળી
ગાળો આપો ને આળ ચઢાવે મર્મનાં વેણ ઉચારી,
સામાયિક પોસામાં સમતા નહિ, તમે જાઓ છો ધર્મને હારી
ઓ વે કરીને ચોપડી લખાવી, રંગભરી શણગારી,
પરણીને પરહરી મેલી તેને પાછી નહિ સંભાળી
ઉંદરે કરડી અને છોકરે ઉતરડી રઝળતી વાઈ રઢિયાળી
ખોડાજી કહે છે ચોપડી બિચારી કરમે રાંડી કુંવારી

આ ચાબખામાં જે કૌટુંબિક સામાજિક અને ધર્મપ્રવૃત્તિઓનો ઉલ્લેખ થયો છે તે નિષેધાત્મક છે તેનો ત્યાગ કરીને શાસ્ત્રવિધિ અને જયણાપૂર્વક કરવાનો ઉપદેશ વ્યક્ત થયો છે. સામાયિક પૌષધ જેવી અમૃત ક્રિયાઓ આત્મલક્ષી બનીને કરવાની છે. અને સમતાનો ગુણ કેળવવાનો છે. અને વિરતિ ધર્મનું નિરતિચારપણે પાલન કરવાનું છે. સ્ત્રીઓની વાસ્તવિકતાનો પ્રવૃત્તિઓનો ઉલ્લેખ કરીને ઉપદેશ દ્વારા સુધારો કરવાની શુભ ભાવના વ્યક્ત થયેલી છે.

**ચાબખો-૫**

સારા શ્રાવક શાસ્ત્રમાં જણાવ્યા પ્રમાણેના આચારનું પાલન કરીને સદ્‌ગુણોથી અલંકૃત હોય છે. દાન, શીલ, તપ અને ભાવના એમ ચાર પ્રકારના ધર્મનું આચરણ કરવામાં સુખ માને, વિષય કષાયથી મુક્ત રહે, વ્રત પાલનમાં શૂરવીર બનીને મોક્ષ માર્ગને સાધે અહમ્‌ભાવ રહિત વગેરે લક્ષણો હોય તો સારો શ્રાવક કહેવાય છે. અંતે કવિના શબ્દો છે-

ખોડાજી કહે તીલે શ્રાવક થયા
સદા દુનિયાને સુખ દેવા.

આ ચાબખામાં કાંઈ કઠોર વચન નથી પણ માનવીના સાત્વિક ગુણોનો શાસ્ત્રીય આચારના સંદર્ભમાં ઉલ્લેખ થયો છે. પરોક્ષ રીતે આ ગુણો પ્રાપ્ત કરવા માટે મનુષ્ય જન્મમાં પુરુષાર્થ કરવાનો બોધ રજૂ થયો છે.

**ચાબખો-૬**

નરસા શ્રાવકનાં લક્ષણો વિશે આરંભમાં કવિ જણાવે છે કે-

શાણા શ્રાવક થઈને ડોલો
મુખેથી સત્ય વચન નવિ બોલે,
મમ્મા ચચ્ચા ગાળ દિયે
આળ અનાહુત બોલે,
નિંદા કરતા નવરો ન થાયે
એવા બેઠો ગળોડાં ફોલે ।। ૧ ।।

તદુપરાંત અન્ય વ્યક્તિનાં દુર્ગુણો દેખે એની ચાલમાં સામી વ્યક્તિને છેતરવાની દૃષ્ટિ રહેલી છે. ગુપ્ત વાતને પ્રગટ કરે, છેતરવાની દૃષ્ટિથી વસ્તુની લેવડ દેવડમાં ઓછું તોળે, અવગુણ ગાઈને કાગડા સમાન ડોલે છે. અહીં કાગડાની ઉપમા દ્વારા શાણા શ્રાવકના લક્ષણ પ્રગટ કરવામાં આવ્યાં છે. કાગડો કાકા કરે તેનો કોઈ અર્થ નથી તેમ દુષ્ટ શ્રાવકોના નિંદારૂપી વચનો નિષ્ફળ છે.

કવિએ કટાક્ષ વેધક દ્વારા અંતે જણાવ્યું છે કે-

મુખે બાંધી મુહપત્તી બનાવીને ધર્મ સમજાવ્યો
ઢોલે ખોડાજી કરે મમ તાતને બજાવ્યાં તે ગુરુને બજાવ્યો ગોલે ।। ૪ ।।

બાહ્ય રીતે દેખાતા ધર્મીજનોના દુર્ગુણો પ્રગટ થાય એટલે સાચો ધર્મ કેવો છે તે સમજાય છે. નરસા શ્રાવકો માતા પિતા, જાતિ અને ધર્મને બજાવે છે. પરોક્ષ રીતે આવાં અપલક્ષણોનો ઉલ્લેખ થયો છે.

**ચાબખો**

ચાબખાના વિચારોમાં શ્રાવકના અતિચાર સંદર્ભમાં રહેલો છે. ખોડીદાસના ચાબખા શ્રાવક-શ્રાવિકા અને યુવાનોની કઠોર વાસ્તવિકતાનો વિવિધ ઉપમાઓ, વેધક શબ્દો અને કટાક્ષથી નિરૂપણ થયું છે. પરોક્ષ રીતે વિચારતાં તે પરિસ્થિતિમાંથી મુક્ત થઈને શાસ્ત્રની વિધિ અને આચારના પાલન દ્વારા વ્યવહાર ચલાવવો જોઈએ. વળી યુવાનોને સુધારાના રંગઢંગને બદલે વિનય-વિવેક મર્યાદા અને વિશુદ્ધ આચારથી જીવન ઘડતર કરવું જોઈએ એવી ઉપદેશાત્મક અભિવ્યક્તિ થઈ છે.

જૈન સાહિત્યની વિવિધતામાં ચાબખાની રચનાનો પરિચય સાહિત્યની સમૃદ્ધિની સાથે જીવન ઘડતર માટે માર્ગદર્શક નિયમોનું ભાથું અર્પણ કરે છે.

ઉપદેશની વાતો આજના વિજ્ઞાનયુગના માનવીને વાહિયાત લાગે તેમ છે. વડીલોનો ઉપદેશ ન સ્વીકારનાર પ્રત્યક્ષ રીતે સાધુજીવન અને ઉચ્ચ વિચારને સમર્પિત જીવન જીવનારા સાધુ-સંતોનો ઉપદેશ સ્વીકાર્ય બને તેવો છે. સંતો સ્વના કલ્યાણનો માર્ગ સ્વીકારીને બહુજન સમાજના કલ્યાણ માટે સન્માર્ગનું દર્શન કરાવે છે. એટલે એમના વચનોમાં જિનવાણીનો સાચો રણકાર છે. એથી માનીએ તો તે યથાર્થ ગણાશે. આ ચાબખા વ્રજઘાત પહોંચાડીને હૃદયની સુકુમારતાને ચેતનવંતી બનાવી માર્ગાનુસારીના પંથે પ્રયાણ કરવા માટે તેજીને ટકોરાની જરૂર સમાન શ્રાવક-શ્રાવિકા અને યુવાનોને જાગૃત થવા માટે સાચો પુરુષાર્થ કરવા પ્રેરે છે. કઠોર લાગતા ચાબખાની વાણીમાં રહેલી કોમળતા માનવ હૃદયને સ્પર્શીને ઉદાત્ત થવા માટે પુણ્ય કાર્ય કરે તેવી ક્ષમતા ધરાવે છે. વ્યવહાર જીવન કે અધ્યાત્મ સાધનાનો માર્ગ હોય તો પણ આત્મ સભાનતા વગર કોઇ શ્રેય સધાતું નથી. આવી આત્મ જાગૃતિ માટે સાધુ ભગવંતોએ, જિનવાણીએ પોતાની આગવી શૈલીમાં વ્યક્ત કરીને સમાજ સુધારણાનું મૂલ્યવાન કાર્ય કર્યું છે. ❖❖❖

# વધુ સાવધાન કોનાથી રહેવાનું ? અગ્નિથી કે વાયુથી ?

□ આચાર્ય વિજય પૂર્ણચન્દ્રસૂરિજી

અગ્નિ અને વાયુ આ બંન્નેને આપણે જોઈએ જાણીએ છીએ, છતાં કોઈ એવો પ્રશ્ન કરે કે, આ બેમાં વધુ બળવાન કોણ ? અને આ બેમાં વધુ નુકશાન કોણ કરી શકે ? તો આનો જવાબ આપવામાં આપણે લગભગ થાપ ખાઈ જઈને એમ જ રહેવાના કે, અગ્નિ અને વાયુમાં વધુ બળવાન અને વધુ નુકશાનકારક તો અગ્નિ જ ગણાય, કેમ કે વાયુ વાવાઝોડું બને, તો ય જે નુકશાન વેરી શકે, એના પ્રમાણમાં આગમાં પલટાતો અગ્નિ જે તારાજી સરજી જાય, એ કંઈ ગણી વધુ હોવાની પૂરી શક્યતા છે. માટે વાયુ કરતાં વધુ બળવાન તો અગ્નિ જ ગણાય !

દેખીતી દૃષ્ટિએ આપણો આ જવાબ સાચો લાગે એવો હોવા છતાં એક સુભાષિત આની સામે પડકાર ફેંકીને કહે છે કે, અગ્નિ કરતાં વધુ ભયંકર નુકશાન કરનાર તો વાયુ જ છે ! કેમ કે વનમાં ભડભડ કરતો ભભૂકી ઉઠેલો અગ્નિ બાળી-બાળીને માત્ર વૃક્ષોને જ બાળી શકે, એ વૃક્ષોના મૂળિયાને તો ઉની આંચ પણ પહોંચાડવાનું એનું જરાય ગજું નથી, જ્યારે વાવાઝોડામાં ફેરવાયેલો વાયુ તો વૃક્ષોને જડ-મૂળથી ઉખેડી નાંખતો હોય છે. આ દૃષ્ટિથી ભયંકર અને રૌદ્ર જણાતા અગ્નિ કરતાં મૃદુ અને શીતલ લાગતો વાયુ જ વધુ બળવાન અને નુકશાનકારક ગણાય !

સુંભાષિતે જે દૃષ્ટિથી અગ્નિ કરતાં વાયુને વધુ ભયંકર ગણાવ્યો છે, એ દૃષ્ટિકોણ સાથે આપણને પણ સહમત થયા વિના ચાલે એવું નથી અને એથી આ અપેક્ષાને માન્ય રાખીને એવો જવાબ આપ્યા વિના આપણે ય ન રહી શકીએ કે, વનને બાળતા અગ્નિની સરખામણીમાં વાવાઝોડું, જે રીતે વૃક્ષોને મૂળિયા સાથે ઉખેડીને ફેંકી દે છે અને પોતાની પ્રચંડ-તાકાતનો પરચો બતાવે છે, એ રીતભાત જોતાં તો અગ્નિ કરતાં ય વાયુ આપોઆપ જ વધુ બળવાન સાબિત થઈ જાય છે !

અગ્નિ કરતાં વાયુને વધુ બળવાન સાબિત કરતું સુભાષિત માત્ર આટલી સામાન્ય વાત તરફ જ અંગુલિ-નિર્દેશ નથી કરી જતું, પણ આથી ય વધુ ગંભીર અને મહત્ત્વના મુદ્દાઓ તરફ આપણું ધ્યાન કેન્દ્રિત કરવાના સંકેતો પણ સુભાષિત દર્શાવી જાય છે. આજે આપણે લગભગ એવી ભ્રામક માન્યતાના જ ભોગ બનેલા છીએ કે, ડરવા જેવું તો અગ્નિ જેવા તત્ત્વોથી હોય, વાયુ જેવા તત્ત્વોથી વળી ડર શાનો રાખવાનો ! આ માન્યતાને કારણે જ સાવધાન અને સાવચેત રહેવા જેવા તત્ત્વોની આપણી સૂચિમાં દુશ્મનો, પાપોદય કે દુઃખ; આવી જ નામાવલિ પ્રાયઃ લાલ અક્ષરે લખાયેલી હશે ! એમાં મિત્ર પુણ્યોદય કે સુખઃ આવા તત્ત્વોનો સમાવેશ પ્રાયઃ નહિ જ થયો હોય.

આપણી આ માન્યતા સંપૂર્ણ અંશમાં સાચી નથી, કેમ કે ક્યારેક જ નહિ, ઘણી વાર દુશ્મન પાપોદય કે દુઃખ આપણા જીવનમાં જે નુકસાન નથી નોતરી જતા, એ નુકસાન મિત્ર, પુણ્યોદય કે સુખની ત્રિપુટી તાણી લાવતી હોય છે. પહેલી ત્રિપુટી દ્વારા થતું નુકસાન જો વનને બાળતા અગ્નિથી સર્જાતી તબાહી સાથે સરખાવીએ તો બીજી ત્રિપુટી દ્વારા સર્જાતી તબાહી વૃક્ષોને મૂળથી ઉખેડી નાખનારા વાવાઝોડાના વિનાશ સાથે સરખાવી શકાય. આ વાતને જરાક વિસ્તારથી સમજીએ.

દેખીતા દુશ્મન કરતાં માયાવી મિત્ર ઘણી વાર આપણું વધુ નુકશાન કરતો હોય છે. આ તો એક નરદમ સત્ય છે. આ જ રીતે પાપનો વિપાક ધરાવનારા પુણ્યના ઉદયથી ખેંચાઈને આવનારી ભૌતિક સમાગ્રીઓ આપણું જે જંગી પ્રમાણમાં ધનોત-પનોત કાઢી નાખતી હોય છે, એના પ્રમાણમાં પુણ્યનું ફળ ધરાવનારૂં પાપ પોતાના ઉદય કાળમાં આપણને જે નુકશાન પહોંચાડતું હોય છે, એ સાવ મામૂલી હોય છે. એમાં વાવાઝોડાની જેમ વૈભવના વૃક્ષના મૂળિયા ઉખડી જતા ન હોવાથી વહેલા મોડા એ વૃક્ષનો ફરી વિકાસ સંભવિત હોય છે, જ્યારે પાપાનુબંધી પુણ્યનો ઉદય વાવાઝોડું બનીને વૈભવના વૃક્ષો મૂળથી ઉખેડી નાખતો હોય છે. એથી એ વૃક્ષોનો પુનર્વિકાસ બહુ કષ્ટસાધ્ય ગણાય છે.

આમ, સુભાષિત પાપાનુબંધી પુણ્યના ઉદયથી મળનારી સુખ-સામગ્રીને વાવાઝોડા સાથે સરખાવીને એનાથી તો ખૂબ જ સાવચેત સાવધાન રહેવાનો જે સંદેશ આપણને સુણાવી જાય છે; એ કાળજે કોતરી રાખવા જેવો છે.


## સંઘનાં પ્રકાશનો

**સંઘ તરફથી નીચેનાં પુસ્તકો પ્રકાશિત કરવામાં આવ્યાં છે :**

| | | કિંમત રૂા. |
|---|---|---|
| (૧) પાસપોર્ટની પાંખે-૧ | રમણલાલ ચી. શાહ | ૧૫૦-૦૦ |
| (૨) પાસપોર્ટની પાંખે-૨ | ,, | ૧૫૦-૦૦ |
| (૩) પાસપોર્ટની પાંખે-૩ | ,, | ૨૦૦-૦૦ |
| (૪) ગુર્જર ફાગુસાહિત્ય | ,, | ૧૦૦-૦૦ |
| (૫) આપણા તીર્થંકરો | તારાબહેન ર. શાહ | ૧૦૦-૦૦ |
| (૬) ઝૂરતો ઉલ્લાસ | શૈલ પાલનપુરી (શૈલેશ કોઠારી) | ૮૦-૦૦ |
| (૭) જૈન ધર્મનાં પુષ્પગુચ્છ | ડૉ. બિપિનચંદ્ર હી. કાપડિયાનો અને ડૉ. રમણલાલ ચી. શાહનો લેખ સંગ્રહ | ૧૦૦-૦૦ |

# સ્વામી સમન્તભદ્ર ; વ્યક્તિત્વ અને કૃતિત્વ

□ ડૉ. હંસાબહેન શાહ

શ્રી વર્ધમાન સ્વામીના નિર્વાણ પછી ભારતમાં ભાવિ તીર્થંકર થવાનું સૌભાગ્ય શલાકા પુરુષો અને શ્રેણિક રાજાની સાથે સમન્તભદ્રને પણ પ્રાપ્ત થાય છે અને તેથી જ સમન્તભદ્રનો ઇતિહાસ અને એમના ચરિત્રનું ગૌરવ વધી જાય છે. તેમના ભાવિ તીર્થંકર થવાના ઉલ્લેખો કેટલાય ગ્રંથોમાંથી મળી આવે છે. જેવા કે વિક્રાંત કૌરવ પ્ર.માં.......

'श्री मूलसंघव्योमेन्दुभासते भावीतीर्थकृत ।
देशे समंतभद्राख्यो मुनिर्तीथात्पदद्धिर्कः ॥'

તેમ જ રાજવાર્તિકમાં

'आ भावि तीर्थकरन् अव्व समंतभद्रस्वामि....'

આ સિવાય જિનેન્દ્ર કલ્યાણ અભ્યુદયમાં, રત્નકરંડક શ્રાવકાચારમાં, નેમિદત્ત કૃત આરાધના વગેરે ગ્રંથોમાં પણ ઉલ્લેખ છે. સાથે સાથે એ પણ જાણવા મળે છે કે તેઓ સોળ ગુણ યુક્ત હતા. તે આ પ્રમાણે-(૧) દર્શન વિશુદ્ધિ, (૨) વિનય સમાનતા, (૩) શીલવ્રતેષ્વનતિચાર, (૪) અભીક્ષણ જ્ઞાનપયોગ, (૫) સંવેગ, (૬) શક્તિ પ્રમાણે ત્યાગ, (૭) શક્તિ પ્રમાણે તપ, (૮) સાધુ સમાધિ, (૯) વૈયાવૃત્યકરણ, (૧૦) અર્હત્ ભક્તિ, (૧૧) આચાર્ય ભક્તિ, (૧૨) બહુશ્રુત ભક્તિ, (૧૩) પ્રવચન ભક્તિ, (૧૪) આવશ્યકના કર્તા, (૧૫) માર્ગપ્રભાવના અને (૧૬) પ્રવચન વત્સલ્ય. (શ્વેતાંબરોમાં વીસ સ્થાનક છે.)

તત્ત્વાર્થાધિગમ સૂત્રમાં (૬ઠ્ઠો અધ્યાય, ૨૪મું સૂત્ર) કહેવાય છે કે જેની દર્શન વિશુદ્ધિ હોય તે જીવ તીર્થંકર નામ કર્મ બાંધે. સ્વામી સમન્તભદ્રમાં પણ દર્શન વિશુદ્ધિ સાથે અર્હત્ ભક્તિ ખૂબ જ ઊંચા પ્રકારની હતી. જેમાં અંધશ્રદ્ધા અથવા અંધવિશ્વાસને સ્થાન નહોતું પણ ગુણજ્ઞતા, ગુણપ્રીતિ અને હૃદયની સરળતા હતી. 'જિનસ્તુતિશતક' નામના તેમના લખેલા ગ્રંથને અંતે આ વાતની પ્રતીતિ મળી આવે છે કે તેમની ભક્તિ શુદ્ધ અને નિર્દોષ હતી. જિનસ્તુતિના છેલ્લા ૧૧૪મા શ્લોકમાં તેઓ લખે છે કે, 'હે ભગવન્, આપના જ મતમાં અને આપના જ વિષય સંબંધી મને સુશ્રદ્ધા છે-અંધશ્રદ્ધા નથી. મારી સ્મૃતિ પણ તમને જ તથા તમારા વિષયોથી જ ભરપૂર છે. હું પૂજન પણ તમારું જ કરું છું, મારા હાથ પણ તમને જ પ્રણામ કરવા તલસે છે. મારા કાન પણ તમારા ગુણગાન સાંભળવા તત્પર છે, મારી આંખો પણ તમારા રૂપને જોવા તલશે છે, મને જે વ્યસન છે તે તમારી સુંદર સ્તુતિઓ રચવામાં અને મારું મસ્તક પણ તમને જ પ્રણામ કરવા તત્પર રહે છે. આવા પ્રકારની જો કે મારી સેવા છે અને હું નિરંતર આપનું આવા પ્રકારનું જ સેવન કર્યા કરું છું-તેથી હે તેજપત્તે (કેવળજ્ઞાની) ! હું તેજસ્વી છું, સુજન છું ને સુકૃતી (પુણ્યવાન) છું.'

આવા વ્યસની સમન્તભદ્રે અનેક સુંદર સ્તુતિઓ અને સ્તોત્ર ગ્રંથોનું નિર્માણ કર્યું છે, જે સ્પષ્ટતયા બતાવે છે કે તેઓ અર્હત્ ભક્ત હતા. તેઓ અંધશ્રદ્ધાળુ ન હતા તેનો પરિચય આપણને તેમના લખેલ ગ્રંથ 'આપ્ત મીમાંસા'ના પહેલા પદ્યમાંથી જ મળી રહે છે. જેમાં તેઓ આપ્ત (ભગવાન)ની પરીક્ષા કરતાં કહે છે કે, 'હે ભગવાન્, મહાન આત્માના આધિક્ય કથનને સ્તવન કહેવાય છે, પણ આપનું મહાત્મ્ય અતીન્દ્રિય હોવાથી મારો પ્રત્યક્ષ વિષય નથી, તેથી હું કેવી રીતે તમારી સ્તુતિ કરું ? ઉત્તરમાં ભગવાને કહ્યું કે, 'હે વત્સ, જે પ્રકારે બીજા વિદ્વાન દેવોના આગમન અને આકાશમાં ગમનાદિ હેતુથી મારું માહત્મ્ય સમજીને સ્તુતિ કરે છે, તેવી જ રીતે તું કેમ નથી કરતો ? આના જવાબમાં સમન્તભદ્રે ફરીથી કહ્યું કે, 'ભગવન, આ હેતુ પ્રયોગથી હું આપને મહાન નથી ગણતો-હું દેવોના આપને માટે આગમન અને આકાશમાં ગમન આદિ કરતા તેઓને જોઈને આપને પૂજ્ય નથી માનતો-કારણ કે આ હેતુ વ્યભિચારી છે ! આમ સમન્તભદ્રે આપ્ત મીમાંસાના પ્રથમ પદ્ય દ્વારા ભગવાનના વ્યભિચારને બતાવ્યો છે.

'જિનસ્તુતિશતક' સિવાય 'દેવાગમ' (આપ્તમીમાંસા), યુક્તાનુશાસન અથવા સ્વયંભૂસ્તોત્ર, તેમના ખાસ સ્તુતિ ગ્રન્થો છે. તેમણે સ્તુતિગ્રંથો દ્વારા સ્તુતિ વિદ્યાનો ખાસ કરીને ઉદ્ધાર ને સંસ્કાર કર્યો છે. તેથી તેઓ સ્તુતિકાર કહેવાયા. તેઓ સ્તુતિરચનાના પ્રેમી કેમ હતા, તેનો જવાબ સ્વયંભૂ સ્તોત્રમાંથી મળી રહે છે. તેઓ લખે છે કે, 'સ્તુતિના સમયે અને સ્થાન પર ચાહે સ્તુત્ય હોય કે નહિ, અને ફળની પ્રાપ્તિ સીધી હો ના હો, પરંતુ સાધુએ સ્તોત્રોની સ્તુતિ કુશળ પરિણામથી-પુણ્ય પ્રસાધક પરિણામ માટે જરૂર કરવી જોઈએ ને કરતા હોય છે. અને આ કુશળ પરિણામ અથવા તદ્ જન્ય પુણ્ય વિશેષ શ્રેષ્ઠ ફળદાતા છે. જ્યારે જગતમાં આવી રીતે સ્વાધીનતાથી શ્રેયમાર્ગ સુલભ છે. આપની સ્તુતિ દ્વારા જ-તો હે સર્વદા અભિપૂજ્ય નમિજિન એવા કોણ પરીક્ષા પૂર્વકારી વિદ્વાન અથવા વિવેકી હોય જે આપની સ્તુતિ ન કરે ? જરૂર કરે.'

આ વાતથી સ્પષ્ટ થાય છે કે સમન્તભદ્ર આ અર્હત્ સ્તોત્ર દ્વારા શ્રેય માર્ગને સુલભ ને સ્વાધીન માનતા હતા. તેઓએ આ માર્ગને अप्पं 'जन्मारण्यशिखी' એટલે કે જન્મમરણરૂપી સંસારવનને ભસ્મ કરવાવાળી અગ્નિ માનતા હતા. અને તેથી જ મુક્તિ પ્રાપ્ત વિષયક આ ભાવનાના પોષક રહ્યા. અને તેમાં સાવધાનીથી વર્તતા અને તેથી જ તેમણે 'જિન-સ્તુતિઓ'ને પોતાનું વ્યસન બતાવ્યું હતું. સાથે સાથે તેઓ એમ પણ માનતા હતા કે જેવી રીતે લોઢું પારસમણિના સ્પર્શથી સોનું બની તેનામાં તેજ આવે છે તેવી જ રીતે મનુષ્ય આપની સેવા કરવાથી જ્ઞાની થતાં થતાં તેજસ્વી બને છે અને તેઓનું વચન પણ સારભૂત અને ગંભીર થાય છે.

આવી શ્રદ્ધાને કારણે જ તેઓ અર્હત્ ભક્તિમાં લીન રહેતા અને તેમની આવી ભક્તિના જ પરિણામે તેઓ તેજસ્વી અને જ્ઞાની બનતા ગયા હતા. જેથી તેમના વચનો અદ્વિતીય, અપૂર્વ અને મહાન હતા. આમ સમન્તભદ્ર જ્ઞાનયોગ, ક્રિયાયોગ અને ભક્તિયોગ ત્રણેના સંગમ રૂપ હતા. તેઓ એકાન્તવાદના વિરોધી હતા. મોહ શત્રુનો નાશ કરી કૈવલ્યના સમ્રાટ બનવું, બસ આ બે જ તેમના જીવનનો ઉદ્દેશ હતો. કેવળજ્ઞાન ન હોવા છતાં સમન્તભદ્ર સ્યાદ્વાદ વિદ્યાથી વિભૂષિત હતા. તેમણે કેવળજ્ઞાનીની જેમ બધા જ તત્ત્વોને પ્રકાશિત કરતી વાણી લખી છે અને જેમ કેવળજ્ઞાનમાં સાક્ષાત્-અસાક્ષાત્‌નો ભેદ માનવામાં છે. શ્રી જિનસેનાચાર્યે સમન્તભદ્રના વચનોને કેવળી ભગવાન મહાવીરના વચનો તુલ્ય ગણ્યા છે. શ્વેતાંબર સાધુ જિનવિજયજીના શબ્દોમાં કહીએ તો આટલું માન શાયદ કોઈ આચાર્યને જ આપવામાં આવ્યું હશે. આ પરથી આપણને જણાઈ આવે છે કે તેઓ એક મોટા મહાત્મા હતા, સમર્થ વિદ્વાન હતા, પ્રભાવશાળી આચાર્ય હતા. મહા મુનિરાજ હતા, સ્યાદ્વાદ વિદ્યાના નાયક હતા. એકાંત પક્ષના નિર્મૂલક હતા. અબાધિત શક્તિ તેમનામાં હતી. સાતિશય યોગી હતા, સાતિશય વાદી હતા, સાતિશય વાગ્મી

હતા, શ્રેષ્ઠ કવિ હતા, ઉત્તમ ગમક હતા, સદ્‌ગુણોની મૂર્તિ હતા. પ્રશાંત, ગંભીર, વિશ્વપ્રેમી, પરહિતનિરતિકાર મુનિજનોમાં વંદ્ય હતા. લોક હિતૈષી, હિતમિતભાષી, ભદ્ર પ્રયોજન અને સદ્ ઉદેશ્યના ધારક હતા. મોટા મોટા આચાર્યો ને વિદ્વાનોના સ્તુત્ય હતા અને જૈન શાસનના પ્રભાવક અને પ્રસારક ઉત્તમ પુરુષ હતા.

કવિત્વ, ગમકત્વ, વાદિત્વ અને વાગ્મિત્વ–આ ચાર અસાધારણ ગુણોના તેઓ ધારક હતા.

'कवीनां, गमकानां च वादीनां वाग्मिनामपि ।

यशः सामन्तभद्रीयं मूर्ध्नि चूडामणीयते ॥' (44 आदिपुराण)

શ્રી જિનસેનાચાર્ય લિખિત આદિપુરાણમાંથી ઉર્દૂત કર્યું છે.

યશોધર ચરિતના રચયિતા, વિક્રમની અગિયારમી સદીના વિદ્વાન મહાકવિ વાદિદેવસૂરિના શબ્દોમાં કહીએ તો તેઓ ઉત્કૃષ્ટ કાવ્યો–માણિક્યોના પર્વત હતા. અને એ પર્વત પર ચઢવા માટે સૂક્તિરૂપી રત્નોના સમૂહના આપવાવાળા હતા.

શ્રી શુભચંદ્રાચાર્યે સમન્તભદ્રની કવિતા સાથે તેમની કવિતાને સરખાવતા, પોતાની કવિતા ક્ષુદ્ર બતાવી છે.

કવિ કોને કહેવાય ?

'कविनूतनसंदर्भः' જે નવા નવા સંદર્ભમાં નવી નવી રચનાઓના કર્તા હોય તેને કવિ કહેવાય. પ્રતિભા જ જેમની ઉદ્‌જીવન છે, જે નાના વર્ણનોમાં નિપુણ હોય, નાના અભ્યાસોમાં કુશળબુદ્ધિ વાપરે, લોક વ્યવહારમાં પણ કુશળ હોય તેને પણ કવિ કહેવાય.

સ્તોત્રો દ્વારા તત્ત્વજ્ઞાનને સહેલાઇથી સમજાઈ જાય તેવું બનાવનાર, સમન્તભદ્ર પહેલા કવિ હતા. તેમને કવિવેધા કહ્યા છે. એટલે કે કવિઓને ઉત્પન્ન કરવાવાળા મહાન વિધાતા–મહાકવિ બ્રહ્મા કહ્યા છે.

તેઓ ગમક હતા. 'गमकः कृतिभेदकः' એટલે કે બીજા વિદ્વાનોની કૃતિઓના મર્મને સમજનાર, તેના ઊંડાણમાં પહોંચનાર અને બીજાઓને તેનો મર્મ તથા રહસ્ય સમજાવવામાં પ્રવીણ હોય તેને ગમક કહેવાય. નિશ્ચયાત્મક, પ્રત્યયજનક અને સંશય છેદનાર સમન્તભદ્ર મહાન ગમક હતા.

તેઓ વાદી પણ હતા. તેમના વચનોના વજ્રપાતથી કુમતિરૂપ પર્વત પણ ચૂર થઈ જતો. આમ તેઓ દુર્વાદિયોની વાદી રૂપી ખુજલીને મટાડવામાં અદ્વિતીય મહૌષધી સમાન હતા. કહેવાય છે કે કોઈ તેમને વાદ કરવાનો પડકાર આપે એ પહેલાં તેમને જો કોઈ વાદશાળાની ખબર મળે તો તેઓ જ ત્યાં પહોંચી પડકાર કરતા. હ્યુનત્સંગ અને ફાહિયાનના કહેવા પ્રમાણે, તે સમયે હિન્દુસ્તાનમાં રિવાજ હતો કે નગરના સાર્વજનિક સ્થાન પર ડંકો અથવા નગારૂં રાખવામાં આવતું. જો કોઈ વિદ્વાનને પોતાના મતનો પ્રચાર કરવો હોય અથવા વાદમાં પોતાની નિપુણતા કે પાંડિત્યને સિદ્ધ કરવાં હોય તો તેઓ દ્વારા ડંકા વગાડી વિદ્વાનોને આહ્‌વાન આપવામાં આવતું. કહેવાય છે કે સમન્તભદ્ર સ્યાદ્‌વાદ ન્યાયની તુલા પર તોળીને તત્ત્વભાષણ કરતા. તે સાંભળીને લોકો મુગ્ધ થઈ જતા અને તેમનો વિરોધ પણ કોઈ ન કરતું. આમ તેમણે પૂર્વ, પશ્ચિમ, દક્ષિણ, ઉત્તર લગભગ બધા દેશોમાં એક અપ્રતિદ્વંદ્વી સિંહની જેમ ફરતા ને નિર્ભયતાથી વાદ માટે ઘૂમતા રહેતા.

એક વખત ફરતા ફરતા સમન્તભદ્ર કરહાટક નગરમાં પહોંચ્યા. તે સ્થાન વિદ્યા ને વિદ્વાનો માટે ઉત્કટ ગણાતું. ત્યાંના રાજા પાસે જઈને તેમણે પોતાના પરિચયમાં કહ્યું કે, 'હું પાટલીપુત્ર (પટણા)નગરમાં, માલવ (માળવા)માં, સિન્ધુ અથવા ઠક્ક (પંજાબ) દેશમાં, કાંચીપુરમ્ (કાંજીવરમ) અને વૈદિશ (માલવા)માં વાદની ભેરી બજાવતો આવ્યો છું. કોઈએ પણ ભેરીનો વિરોધ કર્યો નથી.'

બનારસમાં જઇને ત્યાંના રાજાને પરિચય આપતાં તેમણે કહ્યું કે, 'હે રાજન્, હું જૈન નિર્ગ્રંથવાદી છું. કોઈની પણ શક્તિ મારી સાથે વાદ કરવાની હોય તો મારી સામે આવે.' કહેવાય છે કે તેઓએ વાદ કરી વાદીઓને રાજા સામે હરાવ્યા ને બધાના સ્તુતિપાત્ર રહ્યા. તેઓ ચરણસિદ્ધ હતા એટલે કે તપના પ્રભાવની બીજાને બાધા પહોંચાડ્યા વગર માઈલોના માઈલો ઉતાવળથી ચાલી નાખતા. પાદસિદ્ધ હતા.

એમ.એસ. રામસ્વામી આયંગરના 'સ્ટડીજ ઇન સાઉથ ઇન્ડિયન જૈનીઝમ'માં લખે છે કે તેઓ બહુ મોટા જૈન ધર્મના પ્રચારક હતા. તેમણે જૈન સિદ્ધાંતોને ને જૈન આચારોને દૂર સુધી ફેલાવ્યા અને જ્યાં તેઓ ગયા ત્યાં તેમને બીજા સંપ્રદાયોનો સામનો ન કરવો પડ્યો. એડવર્ડ રાઈસના શબ્દો છે કે તેઓ તેજપૂર્ણ પ્રભાવશાળી હતા ને જૈન ધર્મના સ્યાદ્‌વાદ સિદ્ધાન્તનો સારા ભારતમાં પ્રચાર કર્યો.

આમ સમન્તભદ્રની સફળતાનું રહસ્ય તેમના અંતઃકરણની શુદ્ધતા, ચારિત્રની નિર્મળતા ને પ્રભાવશાળી વાણીમાં હતું. તેઓ વાદ પ્રીતિ એટલા માટે હતા કે લોકોને અજ્ઞાન ભાવથી દૂર કરીને સન્માર્ગ દેખાડવાની શુભ ભાવના ભાવતા તથા જૈન સિદ્ધાંતોનું મહત્ત્વ વિદ્વાનોના હૃદયપટ પર અંકિત કરવાની સુરુચિ ધરાવતા હતા. તેથી જ આખા ભારતવર્ષને વાદનું લીલાસ્થાન બનાવ્યું હતું.

સમન્તભદ્ર પરીક્ષાપ્રધાની હતા. તેમણે ખુદ મહાવીર ભગવાનનો 'આપ્ત' રૂપથી સ્વીકાર કર્યો હતો. તેથી જ તેઓ બીજાને પણ પરીક્ષાપ્રધાની બનવાનો આગ્રહ સેવતા હતા. તેમની શિક્ષા પણ એ જ પ્રકારની હતી. તેઓ કહેતા કે કોઈપણ તત્ત્વ અથવા સિદ્ધાંતને અપનાવ્યા પહેલા તેની પરીક્ષા લો. કેવળ બીજાના કહેવાથી માની લઈને સિદ્ધાન્તને અપનાવો નહીં. અનેક યુક્તિઓ દ્વારા બરાબર પરીક્ષા કરી, તેના ગુણદોષ સમજી પછી જ સ્વીકાર કરવો કે નહિ તે મત પર આવો. જબરજસ્તી કોઈપણ મતના માનવીને તેઓએ પોતાના સિદ્ધાન્તો અપનાવવાનો આગ્રહ સેવ્યો નથી. પણ તેઓને ખુલ્લા મનથી, નિષ્પક્ષ દૃષ્ટિથી સ્વ–પરમતના સિદ્ધાન્તોને ચર્ચા કરવાનો વિદ્વાનોને સમય આપતા હતા. તેમના મતે દરેક વસ્તુ એક તરફથી ન જોતાં ચાર બાજુથી બધા જ પાસાનું અવલોકન કરવું. ત્યારે જ તેનું યથાર્થ જ્ઞાન થશે. પ્રત્યેક વસ્તુના અનેક અંગો હોય છે તેથી વસ્તુ અનેકાત્મક બને છે. તેનો કોઈ એક અંગ અથવા ધર્મ લઈ તેનું અવલોકન કરવું તે એકાન્તતા છે. જે મિથ્યા છે, કદાગ્રહ છે, તત્ત્વજ્ઞાનનું વિરોધી છે. આ અધર્મ ને અન્યાય છે. સ્યાદ્‌વાદ ન્યાય આવા એકાન્તવાદનો નિષેધ કરે છે. સર્વથા સત્–અસત્, એક–અનેક, નિત્ય–અનિત્યાદિ. સંપૂર્ણ એકાંતનો વિપક્ષ અનેકાન્તવાદ જ છે. તે સપ્તભંગી ને નયવિવક્ષાને લીધે છે અને હેયદેયના વિશેષક છે. તેનો સ્યાત્ શબ્દ જ અનેકાન્તવાદનો દ્યોતક અને ગતિનો વિશેષક છે. અથવા તો કવંચિત્ આદિ શબ્દ દ્વારા પણ પ્રકટ કરી શકાય છે. તેમનો ગ્રંથ 'આપ્ત મીમાંસા અથવા દેવાગમ' સૂત્ર જ આપણને આ વિષય પર અનુભવ કરાવે છે કે સમન્તભદ્ર સ્વાદવાદના રંગમાં પૂરેપૂરા રંગાયા હતા અને આ જ માર્ગના સાચા ને પૂરેપૂરા અનુયાયી હતા.

ઇતિહાસકારોનું માનવું છે કે ક્યાંક તેમના સમય પહેલા જ સ્યાદવાદ વિદ્યા લુપ્ત થઈ હોવી જોઈએ. અથવા તો વિશેષ પ્રકાશમાં જ ન આવી હોય અથવા તો તેના જાણકારો જ જૂજ હોવા જોઇએ જેથી તે લોકો સુધી ન પહોંચી હોય. જનતા તેનાથી અનભિજ્ઞ હોય. પરંતુ સમન્તભદ્રે તેમની અસાધારણ પ્રતિભાથી આ વિદ્યાને પુનર્જીવિત

કરી. તેથી વિદ્વાનો તેમને સ્યાદવાદ વિદ્યાગુરુ, સ્યાદવાદ વિદ્યાધિપતિ, અને સ્યાદવાદ માર્ગના અગ્રણી જેવા વિશેષણોથી સંબોધતા થયા.

તેઓ વાગ્મી હતા, 'वाग्मी तु जनरंजन:' એટલે કે જે પોતાની વાકપટુતાથી તથા શબ્દચાતુર્યથી બીજાને આનંદ પહોંચાડે અથવા તેના પ્રેમી બનાવવામાં નિપુણતા કેળવે તેને વાગ્મી કહેવાય.

તેમની વચન પ્રવૃત્તિ બીજાના હિત માટે જ હતી. તેઓ સત્યના પ્રેમી હતા, યથાર્થ ભાષણ કરતા, પ્રમત્તયોગથી પ્રેરાઈને બીજાને દુઃખ પહોંચે તેવા સાવદ્ય વચન બોલતા નહિ. અને જરૂર પડ્યે મૌન ધારણ કરતા. તેઓ સંપૂર્ણતયા નિર્ગ્રંથ સાધુ હતા. એક પરિચયમાં તેમણે ગૌરવ સાથે કહ્યું છે કે તેઓ 'નગ્નાટક ને મલમલિનતનું' વાળા છે. ભોજનને તેઓએ માત્ર જીવનયાત્રાનું જ સાધન માન્યું હતું કે જેનાથી જ્ઞાન, ધ્યાન ને સંયમની વૃદ્ધિ, સિદ્ધિ અને સ્થિતિના સહાયક થઈ શકે. ક્ષુધા પરિષહને સહતા તેમના જીવનમાં 'ભસ્મક' નામના રોગે પ્રવેશ કર્યો. એટલે કે ત્રણ લોકનું ખાવાનું મળે તો પણ તેટલી જ ભૂખ લાગે ને મહા વેદનાનો અનુભવ થાય. આ વેદનાથી મુનિજીવનની પ્રતિજ્ઞા નહીં તોડવા, એટલે કે સંલેખના કરવાની પરવાનગી તેમના ગુરુ પાસે માંગી. ગુરુએ યોગબળથી જોયું કે તેનો હજી સંલેખના કાળ પાક્યો નથી અને તેના દ્વારા જ શાસનનો ઉદ્ધાર થવાનો સંભવ છે તેથી સંલેખના કરવાની ના પાડી. ને કહ્યું કે 'વત્સ, તારો સંલેખનાનો સમય હજી નથી આવ્યો. તારા દ્વારા શાસનનો ઉદ્ધાર થવાની ઘણી જ સંભાવના છે. નિશ્ચયથી તું ધર્મનો ઉદ્ધાર ને પ્રચાર કરીશ. માટે મુનિપદ છોડી રોગને શાંત કરવા જ્યાં અને જે વેષમાં રહેવું પડે તેમાં રહે. રોગ શાંત થયા પછી પાછું જૈન મુનિપણું ગ્રહણ કર. એટલે મારી આજ્ઞા છે કે જે અને જેવી રીતે રોગ શાંત થાય તે કરવાની તને રજા આપું છું.' ગુરુની આજ્ઞા શિરોમાન્ય ધરી સમન્તભદ્રે દિગમ્બર વેષ છોડી 'ક્ષુલ્લક' ન બનતા શરીર પર ભસ્મ લગાવી માનુવકહલ્લી છોડીને કાંચી શિવકોટી રાજાના ભીમલિંગ નામના શિવાલયમાં રાજાની રજા લઈ રહ્યા. રાજાએ તેમની ભદ્રાકૃતિ વગેરે જોઈને વિસ્મય પામી શિવ માની પ્રણામ કર્યાં. ધર્મકૃત્યોના હાલ પૂછી રાજા પાસેથી જાણી લીધું કે રાજા શિવભક્ત, શિવાચાર, મંદિર નિર્માણના ઇચ્છુક હતા. અને રાજાએ તેમને ભીમલિંગમાં બાર ખાંડી અન્નકુટ ધરવાની આજ્ઞા આપી. આ વાતને ધ્યાનમાં લઈ સમન્તભદ્રે રાજાને કહ્યું કે, 'હું તમારા આ નૈવેદ્ય ને શિવાપર્ણ કરીશ.' આમ આ ભોજન સાથે તેમણે મંદિરમાં સ્થાન મળ્યું અને કમાડ બંધ કરી બધાને ત્યાંથી ચાલ્યા જવાની આજ્ઞા આપી. ભોજનને જઠરાગ્નિમાં આહુતિ આપતા આપતા એક પણ અન્નનો દાણો ન બચ્યો. તરત જ તેમણે મંદિરના દરવાજા ખોલી નાખ્યા. રાજાને ને લોકોને આ વાતનું આશ્ચર્ય થયું. બીજા દિવસે પણ અધિક ભક્તિથી ઉત્તમ ભોજન ધર્યું, પરંતુ આગલા દિવસના ભરપૂર ભોજનથી જઠરાગ્નિ કંઈક શાંત થયો હતો. તેથી એક ચતુર્થાંસ ભોજન બાકી રહ્યું. ત્રીજા દિવસે અડધું ભોજન બાકી રહ્યું. સમન્તભદ્રે શેષ ભોજનને દેવ પ્રસાદ તરીકે ઓળખાવ્યો. પરંતુ રાજાને આ જવાબથી સંતોષ ન થયો. ચોથા દિવસે એનાથી પણ વધારે ભોજન વધ્યું હતું તેથી રાજાને વહેમ પડ્યો અને પાંચમા દિવસે રાજાએ ચારે બાજુ સૈનિક પહેરો ગોઠવી દરવાજો ખોલવાની આજ્ઞા કરી. તે સમયે સમન્તભદ્રને ઉપસર્ગનો ખ્યાલ આવ્યો ને ઉપસર્ગની નિવૃત્તિ સુધી શરીરની મમતા છોડી, ખાવા પીવાનું છોડી એક ધ્યાનથી ચોવીશ તીર્થંકરની સ્તુતિ કરવાની શરૂઆત કરી. આઠમા તીર્થંકર ચંદ્રપ્રભુની સ્તુતિ કરતાં આંખ ખોલીને ભીમલિંગ પર દૃષ્ટિ કરી ત્યારે તેમને એ જ સ્થાન પર કોઈ દિવ્ય શક્તિથી ચંદ્ર લાંછન યુક્ત અર્હંત ભગવાનની જાજરમાન સુવર્ણમય વિશાલ બિમ્બ વિભૂતિ સહિત પ્રગટ થતું દેખાડ્યું. આ જોઇને તેમણે મંદિરના દરવાજા ખોલી નાખ્યા ને શેષ ભગવાનની સ્તુતિ કરવામાં તલ્લીન થયા. દરવાજો ખોલતાં જ આ મહાત્માને જોઇને શિવકોટી રાજા આશ્ચર્યચકિત થયા. તેમના નાના ભાઈ શિવાયન સહિત યોગીરાજ સમન્તભદ્રના ચરણોમાં નમી પડ્યા. શ્રી સમન્તભદ્રે ભ. મહાવીર પર્યંત સ્તુતિ પૂરી કરીને હાથ ઊંચા કરી બંનેને આશીર્વાદ આપ્યા. તે પછી તેમના મોઢેથી ધર્મનું વિસ્તૃત સ્વરૂપ સાંભળી રાજા ને તેના નાના ભાઈ સંસાર–દેહ–ભોગથી વિરક્ત થઈ, તેમના પુત્ર શ્રીકંઠને રાજ્ય આપી જૈન સાધુ બન્યા, ને કેટલાક લોકોએ શ્રાવક ધર્મ અપનાવ્યો. આમ તેમનો આપ્તકાલ પૂર્ણ થયો. દેહ પ્રકૃતિસ્થ થઈ ગયો જાણે ફરીથી જૈનમુનિએ દીક્ષા ધારણ કરી.

આ ઉપરથી સમજાય છે કે સ્વામી સમન્તભદ્ર કેવા પ્રકારના વિદ્વાન હતા, કેવી ઉત્તમ પરિણતિ તેમનામાં હતી, કેવા મોટા યોગી ને મહાત્મા હતા. તેમના દ્વારા દેશ, ધર્મ ને સમાજની કેટલી બધી સેવા થઈ. સાથે આપણા કર્તવ્યની તેમજ ત્રુટિઓની આપણને જાણ થઈ.

**સ્વામી સમન્તભદ્ર કૃતિત્વ :**

**૧. આપ્ત મીમાંસા :** દેવાગમ સ્તોત્ર પણ કહેવાય છે. શ્લોક કુલ ૧૧૪. અર્હત ભગવાનનું આગમ આ દ્વારા વ્યક્ત થાય છે અને તેમનું તત્ત્વ સમજાઈ જાય છે. આ ગ્રંથ પર ૪ ટીકાઓ છે.

**૨. યુક્તાનુશાસન :** ૬૪ પદનો બનેલો આ ગ્રંથ સ્વમત, પરમતના ગુણ દોષ સૂત્ર દ્વારા માર્મિક રીતે પ્રકટ કર્યું છે અને પ્રત્યેક વસ્તુનું નિરુપણ ખૂબી સાથે યુક્તિ દ્વારા પ્રકટ કર્યું છે.

**૩. સ્વયંભૂ સ્તોત્ર :** બૃહત્ સ્વયંભૂ સ્તોત્ર અથવા સમન્તભદ્ર સ્તોત્ર પણ કહેવાય છે. ચોવીશ તીર્થંકરની સ્તુતિ છે.

**૪. રત્નકરંડક શ્રાવકાચાર :** આ કૃતિ સૌથી પ્રાચીન, સૌથી અધિકૃત, લોકપ્રિય અને વધારે પ્રચલિત છે ને સરળ રચના છે.

આ સિવાય તેમની કૃતિઓ જીવસિદ્ધિ, તત્ત્વાનુશાસન, પ્રાકૃત વ્યાકરણ, પ્રમાણપદાર્થ, કર્મપ્રાભૃતટીકા અને ગન્ધહસ્તિમહાભાષ્ય.


સંઘનું નવું પ્રકાશન

**વીરપ્રભુનાં વચનો**

ભાગ ૧ અને ૨

☐ ડૉ. રમણલાલ ચી. શાહ

કિંમત : ૧૦૦/– રૂપિયા

☐ મંત્રીઓ


**સંઘને ભેટ**

શ્રી વિક્ટર ફર્નાન્ડિસ (હસ્તે શ્રી રમાબહેન વિનોદભાઈ મહેતા) તરફથી રૂા. ૧,૦૦,૦૦૦/– (અંકે એક લાખ) જમનાદાસ હાથીભાઈ મહેતા અનાજ રાહત ફંડ માટે ભેટ મળ્યા છે.

તેનો સાંભાર સ્વીકાર કરીએ છીએ.

☐ મંત્રીઓ

Printed & Published by Nirubahen Subodhbhai Shah on behalf of Shri Mumbai Jain Yuvak Sangh and Printed at Fakhri Printing Works, 312/A, Byculla Service Industrial Estate, Dadaji Konddev Cross Road, Byculla, Mumbai-400 027. And Published at 385, S.V.P. Road, Mumbai-400 004. Tel.: 23820296. Editor: Ramanlal C. Shah.

Regd. With Registrar of Newspapers for India No. R. N. I. 6067/57
Posted at Patrika Channel sorting office Mumbai-400 001 Licence to post without prepayment No. 271
● વર્ષ : (૫૦) + ૧૬ ● અંક : ૭ ● ૧૬ જુલાઈ, ૨૦૦૫ ● ● Regd. No. TECH / 47-890 / MBI / 2003-2005
● ● ● શ્રી મુંબઈ જૈન યુવક સંઘનું માસિક મુખપત્ર ● ● ●

# પ્રબુદ્ધ જીવન

● ● પ્રબુદ્ધ જીવન પાક્ષિક ૧૯૩૯થી ૧૯૮૯ : ૫૦ વર્ષ ● ● વાર્ષિક લવાજમ રૂા.૧૦૦/- ● ● છૂટક નકલ રૂા. ૧૦/- ● ●
તંત્રી : રમણલાલ ચી. શાહ સહતંત્રી : ધનવંત તિ. શાહ

## પ. પૂ. સ્વ. યુગદિવાકર શ્રી ધર્મસૂરીશ્વરજી મહારાજ

પ. પૂ. સ્વ. યુગદિવાકર શ્રી વિજયધર્મસૂરીશ્વરજી મહારાજનું આ જન્મ શતાબ્દી વર્ષ છે.

આ અવસરે એમના એક શિષ્ય પ. પૂ. શ્રી સૂર્યોદયસૂરિજી અને પ્રશિષ્ય પ. પૂ. શ્રી રાજરત્નવિજયજીએ ઘણી બધી વિગતો સાથે અને જૂના વખતના ઘણા ફોટાઓ સાથે આર્ટ પેપર ઉપર વિશાળ, દળદાર (અને વજનદાર) શતાબ્દી સ્મારક ગ્રંથ પ્રગટ કર્યો છે. એમાં ઘણી ઘટનાઓનું સવિગત વર્ણન કર્યું છે. આમ પ. પૂ. શ્રી ધર્મસૂરીશ્વરજી મહારાજ માટે એક યાદગાર ગ્રંથ પ્રકાશિત થયો છે.

ઈસ્વી. સનના વીસમા સૈકામાં જે કેટલાક મહાન પ્રભાવક જૈનાચાર્ય થઈ ગયા તેમાંના એક તે પ. પૂ. સ્વ. વિજયધર્મસૂરિજી મહારાજ છે. એમના સાધુજીવનનો પૂર્વકાળ તલસ્પર્શી અધ્યયન અને લેખનમાં પસાર થયો હતો અને ઉત્તરકાળ જિનમંદિરોનાં નિર્માણ, સાધર્મિક ક્ષેત્રોને સંગીન બનાવવાં વગેરેમાં વીત્યો હતો..

મહારાજશ્રી જ્યાં જ્યાં વિચર્યા અને જ્યાં જ્યાં દેશના આપી ત્યાં ત્યાં મહાન ધર્મપ્રવૃત્તિઓ થઈ છે, જેમાં ગોડીજીના ઉપાશ્રય માટે સાડા પાંચ લાખ, ચેમ્બુર તીર્થ નિર્માણ માટે ૧૦ લાખ, મુંબઈ જૈન ધર્મશાળા-ભોજનાશાળા માટે ૨૦ લાખ, ઘાટકોપર-શ્રી મુનિસુવ્રતસ્વામીના મંદિર માટે ૨૦ થી ૨૫ લાખ, પાલીતાણામાં શ્રમણી વિહાર માટે ૧૦ લાખ, શ્રી શત્રુંજય હૉસ્પિટલ માટે ૨૫ લાખ, આરાધના માટે ધર્મવિહાર બાંધવા ૪ લાખ-આમ, પૂજ્યશ્રીની પ્રેરણાથી કરોડો રૂપિયાનો દાનપ્રવાહ વહ્યો છે.

મહારાજશ્રીનો જન્મ સં. ૧૯૬૦ ના શ્રાવણ સુદ ૧૧ ને શુભ દિવસે સૌરાષ્ટ્રના વઢવાણ શહેરમાં વીશા શ્રીમાળી જૈન કુટુંબમાં થયો હતો. એમના પિતાનું નામ હીરાચંદ રઘુભાઈ શાહ અને માતાનું નામ છબલબેન હતું. મહારાજનું જન્મનામ ભાઈચંદભાઈ હતું. તેમની ૬ વર્ષની વયે પિતાનું અવસાન થયું હતું. વિધવા માતા ધર્મમય જીવન ગાળતાં અને ગુજરાન માટે વઢવાણ તથા આસપાસનાં ગામોમાં પાઠશાળામાં શિક્ષિકા તરીકે કામ કરતાં તેથી બાળક પર નાની વયે ધર્મની ઊંડી અસર થઈ હતી. પાઠશાળામાં ધાર્મિક અભ્યાસમાં ભાઈચંદ અગ્રેસર રહેવા લાગ્યા. તેમણે પંચ પ્રતિક્રમણનાં સૂત્રો કંઠસ્થ કરી લીધાં હતાં તથા તેમને સામાયિક, પ્રતિક્રમણની વિધિ બરાબર આવડતી. નવેક વર્ષની વયે બાજુના લખતર ગામે પર્યુષણ પર્વમાં સાંવત્સરિક પ્રતિક્રમણ કરાવવા તેઓ ગયા હતા. વઢવાણમાં ચાર ગુજરાતી ધોરણનો અભ્યાસ કરી તેઓ અમદાવાદમાં સુપ્રસિદ્ધ સી. એન. (ચીમનલાલ નગીનદસ) છાત્રાલયમાં દાખલ થયા. તીવ્ર બુદ્ધિશક્તિ અને ખંતપૂર્વક અભ્યાસ કરવાની વૃત્તિને લીધે અભ્યાસમાં તેઓ ખૂબ ઝળક્યા. શિક્ષકો આગાહી કરતાં કે આ બાળક ભવિષ્યમાં એક તેજસ્વી મહાન વ્યક્તિ બનશે.

આ બાજુ છબલબહેનની પણ એવી જ અંતરેચ્છા હતી કે પોતાનો પુત્ર ધર્મપરાયણ-ત્યાગી જીવન જીવીને આત્મકલ્યાણ સાધે. માતા તરફથી તેમને અવારનવાર દીક્ષાની પ્રેરણા મળ્યા કરતી. એવામાં સં. ૧૯૭૫ માં બોટાદમાં ચાતુર્માસ કરવા જતાં પ. પૂ. આચાર્યદેવ શ્રી વિજયમોહનસૂરીશ્વરજી મહારાજ રાણપુર મુકામે રોકાયા હતા. ત્યાં પાઠશાળામાં અભ્યાસ કરાવતા માતા છબલબહેનને આંગણે પગલાં પડ્યાં અને ભાઈચંદના લલાટની ભવ્ય રેખાકૃતિઓ જોઈને આગાહી કરી કે, આ બાળક શાસનને અજવાળશે. ઉપદેશ આપી કહ્યું પણ ખરું કે એને શાસનને સમર્પિત કરો. ૧૬ વર્ષની વયે, ભાઈચંદે પૂ. ગુરુદેવશ્રીનું શરણ સ્વીકાર્યું. સં. ૧૯૭૬ના મહા સુદ ૧૧ ના મંગળ દિને મહેસાણા નજીક સાંગણપુરમાં દીક્ષાગ્રહણનો મહોત્સવ ઉજવાયો અને પોતાના શિષ્ય મુનિવર્યશ્રી પ્રતાપવિજયજી મહારાજના શિષ્ય બનાવી 'મુનિશ્રી ધર્મવિજયજી' નામે જાહેર કર્યા.

મુનિશ્રી ધર્મવિજયજીએ જેમના વરદ્ હસ્તે ચારિત્ર ગ્રહણ કર્યું તે દાદાગુરુ પૂ. આચાર્ય દેવ શ્રી વિજયમોહનસૂરીશ્વરજી મહારાજ સમકાલીન આચાર્યોમાં પ્રથમ પંક્તિમાં સ્થાન ધરાવતા હતા. તેઓશ્રી પ્રકાંડ પંડિત અને સમર્થ વ્યાખ્યાનકાર હતા. તેઓશ્રીનાં શિષ્યરત્ન શ્રી વિજયપ્રતાપસૂરિજી મહારાજ પણ મહાન અભ્યાસી વિદ્વાન હતા; આવા સમર્થ ગુરુદેવોની પ્રેરક નિશ્રામાં મુનિરાજશ્રી ધર્મવિજયનો શાસ્ત્રાભ્યાસ દિનપ્રતિદિન વધવા લાગ્યો. ઉચ્ચ કોટિનો વિનયગુણ, ગુરુદેવોની સતત સેવા, કુશાગ્ર બુદ્ધિ, અથાગ અને અવિરત પરિશ્રમને લીધે ધર્મવિજયે થોડાં વર્ષમાં જ વ્યાકરણ, ન્યાય, સાહિત્ય, કોશાદિ-વિષયો તેમજ આગમો, પ્રકરણો, કર્મશાસ્ત્રો આદિનો તલાવગાહી અભ્યાસ કર્યો. ત્યારબાદ પૂ. શાસનસમ્રાટ આચાર્ય ભગવંત શ્રી વિજયનેમિસૂરીસ્વરજી મહારાજ અને પૂ.આગમોદ્ધારક આચાર્ય ભગવંત શ્રી આનંદસાગરસૂરીશ્વરજી મહારાજનો સમાગમ થતાં તેઓશ્રીની પાસે તેમણે બૃહદ્ કલ્પભાષ્ય, વિશેષાવશ્યક મહાભાષ્ય, તત્ત્વાર્થસૂત્ર, પંચમાધ્યાય આદિ ઉચ્ચતર શાસ્ત્રોનો ગહન અભ્યાસ કર્યો. તેમની અભ્યાસની લગની કેવી હતી કે અમદાવાદમાં મરચંટ સોસાયટીથી ૬ માઈલનો વિહાર કરીને પાંજરાપોળમાં પૂ. સાગરજી મહારાજ પાસે અધ્યયન માટે જતા. પૂ. સાગરજી મહારાજ અન્ય સમુદાયના હતા તો પણ ગુરુભગવંતોએ એ માટે સંમતિ આપી હતી. શાસ્ત્રોના અભ્યાસની આવી અપૂર્વ રુચિને લીધે મહારાજશ્રી કર્મપ્રકૃતિ અને કર્મશાસ્ત્રોમાં એટલા

નિષ્ણાત બન્યા કે શ્રમણ સમુદાયમાં તેઓશ્રીની ગણના દ્રવ્યાનુયોગના એક ઉચ્ચતમ જ્ઞાતા તરીકે થવા લાગી.

પૂજ્યશ્રીને ગ્રહણ અને આસેવન-બંને પ્રકારની શિક્ષામાં આગળ વધેલા જોઈ પૂજ્યપાદ આચાર્યશ્રી વિજયમોહનસૂરીશ્વરજી મહારાજે પાલીતાણામાં સં. ૧૯૮૭માં માગશર માસમાં પ્રથમ પ્રવર્તક પદ અને તે પછી સં. ૧૯૯૨માં કારતક સુદ ૧૪ના દિવસે ભગવતીજી વગેરે યોગોદ્વહન કરાવી ગણિ-પંન્યાસપદથી વિભૂષિત કર્યા. ત્યારપછી સં. ૨૦૦૨માં કારતક વદ બીજના દિવસે અમદાવાદમાં પૂ. શાસનસમ્રાટ આચાર્ય ભગવંત શ્રીમદ્ વિજયનેમિસૂરીશ્વરજી મહારાજે વિરાટ માનવમેદનીની ઉપસ્થિતિમાં પૂ. ધર્મવિજયજીને ઉપાધ્યાયપદે આરૂઢ કર્યા. તે પ્રસંગે પૂ. નેમિસૂરિએ સભામાં કહ્યું કે મારી ઇચ્છા તો સીધી આચાર્યપદવી આપવાની હતી, પણ પૂ. ધર્મવિજયજીએ એનો અસ્વીકાર કર્યો, પરંતુ એમ કહ્યું કે જ્યારે પણ પોતે આચાર્યની પદવી લેશે ત્યારે તે મારી (પૂ. નેમિસૂરિ મહારાજ ) પાસે લેશે.

ત્યારબાદ સં. ૨૦૦૬માં મુંબઈ, ગોડીજીના ચાતુર્માસ પ્રસંગે ભાયખલામાં ઉપધાન તપની માલારોપણનો પ્રસંગ ઉપસ્થિત થતાં મુંબઈ મહાનગરનાં તમામ સંઘોની ભાવભરી વિનંતીથી પૂ. આ. શ્રી વિજયપ્રતાપસૂરીશ્વરજી મહારાજના વરદ્ હસ્તે સં. ૨૦૦૭ના પોષ વદ પાંચમે આચાર્યપદવી અર્પણ કરવામાં આવી.

પૂ. મહારાજશ્રીએ તો પૂ. નેમિસૂરિદાદાને વચન આપ્યું હતું, પરંતુ ત્યારે પૂ. નેમિસૂરિદાદા કાળધર્મ પામ્યા હતા એટલે એમના પટ્ટધર પૂ. શ્રી ઉદયસૂરિ પાસે આ આચાર્યપદવી પ્રદાન માટે આજ્ઞા મંગાવવામાં આવી હતી. વિશાળ માનવ સમુદાય વચ્ચે મહામહોત્સવપૂર્વક ઉજવાયેલા આ અવિસ્મરણીય અવસર પછી પૂજ્યશ્રી વિજયધર્મસૂરીશ્વરજી મહારાજ તરીકે વિખ્યાત થયા. સં. ૨૦૨૦માં વાલકેશ્વરમાં ઉપધાન તપ માળારોપણ પ્રસંગે મુંબઈના તમામ સંઘોએ પૂજ્યશ્રીને 'યુગદિવાકર'નું બિરૂદ અપૂર્વ સન્માનપૂર્વક અર્પણ કર્યું.

મહારાજશ્રીને દીક્ષા લેવા માટે પ્રેરણા કરનાર એમનાં માતુશ્રી છબલબહેન હતાં. દીક્ષા લીધા પછી મહારાજશ્રીનાં માતુશ્રી છબલબહેન જ્યાં જ્યાં અવકાશ મળે ત્યાં ત્યાં જઈ પોતાના પુત્રમુનિના વ્યાખ્યાનમાં બેસતાં. ધીમે ધીમે એમને પણ વૈરાગ્યનો રંગ લાગ્યો. મહારાજશ્રી એમને દીક્ષા લેવા માટે પ્રેરણા કરતા રહ્યા. એમ કરતાં એ ધન્ય દિવસ આવ્યો જ્યારે છબલબહેને દીક્ષા લેવાનો નિર્ણય કર્યો. મહારાજશ્રીના માતુશ્રીએ પ. પૂ. શ્રી મોહનસૂરિજીની આજ્ઞાવર્તિની સાધ્વીશ્રી જયંતશ્રીજીનાં શિષ્યા શ્રી ગુલાબશ્રી અને એમનાં શિષ્યા પૂ. શ્રી જ્ઞાનશ્રીજી પાસે અમદાવાદમાં દીક્ષા લીધી. એમનું નામ શ્રી કુશલશ્રીજી રાખવામાં આવ્યું. એમનામાં ત્યાગ વૈરાગ્ય ઉચ્ચ કોટિનાં હતાં. પૂ. મહારાજશ્રીએ એમને શાસ્ત્રાભ્યાસ કરાવ્યો. પોતે પૂર્વાવસ્થામાં ધાર્મિક શિક્ષિકા હતાં અને સંસ્કૃત પ્રાકૃત શીખ્યાં હતાં એટલે અભ્યાસ કરતાં વાર ન લાગી. ઉત્તરાવસ્થામાં તેમને પક્ષઘાતનો હુમલો થયો હતો તો પણ અંતિમ ક્ષણ સુધી એમણે સારી સમતા ધારણ કરી હતી. અંત સમયે મહારાજશ્રીએ એમને નિર્યામણા કરાવ્યાં હતાં.

મહારાજશ્રી વિજયધર્મસૂરિજીના સર્વ પ્રથમ શિષ્ય તે પૂ. શ્રી યશોવિજયજી મહારાજ. ડભોઇના તે વતની અને કિશોરવયમાં તેમણે દીક્ષા લીધી હતી. મહારાજશ્રીને એમને માટે ખૂબ લાગણી હતી. કંઠ્ય સંગીત, નાટક, નૃત્ય, વાજિંત્ર, શિલ્પ સ્થાપત્ય વગરે વિવિધ કળાઓમાં એમણે સારી નિપુણતા મેળવી હતી. મહારાજશ્રીએ એમને ઘણો સંગીન શાસ્ત્રાભ્યાસ કરાવ્યો કે ઉગતી યુવાનીમાં એમણે 'બૃહ સંગ્રહણી' જેવા દળદાર શાસ્ત્રીય ગ્રંથની રચના કરી.

પૂ. મહારાજશ્રી પાસે પ. પૂ. શ્રી યશોવિજયજીને દીક્ષા લેવાના ભાવ થયા હતા, પરંતુ સ્વજનોનો વિરોધ હતો એટલે મહારાજશ્રીએ એમને એકાંત સ્થળે દીક્ષા આપવાનું નક્કી કર્યું. વડોદરા રાજ્યમાં વળી બાલ દીક્ષા ઉપર પ્રતિબંધ હતો. એટલે પ. પૂ. શ્રી યશોવિજયને કદંબગીરી જેવા એકાંત સ્થળમાં દીક્ષા આપવામાં આવી હતી, મહારાજશ્રીને પ્રથમ શિષ્ય શ્રી યશોવિજયજી માટે એટલો બધો ભાવ હતો કે દીક્ષાવિધિ વખતે તેઓ જે સ્થળે ઊભા હતા એ સ્થળની થોડી રજ (ધૂળ) એક ભાઈ પાસે લેવડાવી હતી અને તે એક નાની શીશીમાં ભરી હતી અને એના ઉપર સ્વહસ્તે લખ્યું હતું: यशः पादरजः । આ શીશી ઘણાં વર્ષો સુધી એમના પોટલામાં સચવાઈ રહી હતી, જે એમના કાળધર્મ પછી જડી આવી હતી.

પૂજ્યશ્રીની નિશ્રામાં અનેક મહાન અવિરામ શાસન-પ્રભાવનાનાં કાર્યો થતાં રહ્યાં. તેઓશ્રી જ્યાં જ્યાં ચાતુર્માસ રહ્યાં ત્યાં ત્યાં જપ-તપ-અનુષ્ઠાનોથી વાતાવરણ આનંદ અને મંગળમય બની રહેતું. પૂજ્યશ્રી સમર્થ વ્યાખ્યાતા હતા. ભગવતીસૂત્ર વિશેના વ્યાખ્યાનોમાં તેઓશ્રીની શક્તિ સોળે કળાએ ખીલી ઊઠી હતી. ભગવતી સૂત્રનાં પ્રવચનો પરનો એમનો પ્રગટ થયેલો દળદાર ગ્રંથ આ વાતની સાક્ષી પૂરે છે. ચાતુર્માસ દરમ્યાન મહારાજશ્રી ઉપધાન તપ અવશ્ય કરાવે. તેઓશ્રીની નિશ્રામાં ૨૫ વાર ઉપધાનતપની આરાધનાઓ થઈ છે. આ પ્રસંગોએ પૂજ્યશ્રીની પ્રભાવક પ્રેરણાના બળે લાખો રૂપિયાની ઉપજ થતી. વિવિધ ફંડો પણ થતા અને એ ફંડોમાંથી સુપાત્ર ક્ષેત્રો અને અનુકંપાનાં ક્ષેત્રોને ઘણું ઘણું પોષણ મળતું. પૂજ્યશ્રીની પ્રેરણાથી આશરે ૨૫ જેટલાં ઉજમણાં થયા છે, તેમાં ખાસ કરીને સં. ૨૧૧૬-૧૭ માં મુંબઈ-વાલકેશ્વરમાં ૫૫ અને ૭૭ છોડનાં ઉજમણાં અને સં. ૨૦૧૮ માં ગોડી પાર્શ્વનાથ સાર્ધ શતાબ્દી મહોત્સવ પ્રસંગે શ્રી ગોડીજી ઉપાશ્રયમાં થયેલું ૧૦૮ છોડનું ભવ્ય ઉજમણું યાદગાર રહેશે.

સમ્યગ્જ્ઞાન-ધાર્મિક શિક્ષણના પ્રચાર-પ્રસાર માટે પણ પૂજ્યશ્રીએ ઘણું લક્ષ્ય આપ્યું હતું. ચાતુર્માસ દરમ્યાન અને શેષકાળમાં વિશાળ સંખ્યામાં સાધુ-સાધ્વીઓ અને શ્રાવક-શ્રાવિકાઓને તેઓ કર્મ ગ્રંથાદિની વાચનાઓ આપતા. મુંબઈ જૈન ધાર્મિક શિક્ષણ સંઘ, જૈન એજ્યુકેશન બોર્ડ આદિનાં ઘણાં સંમેલનો પણ તેઓશ્રીની નિશ્રામાં યોજાયાં હતાં. તેઓશ્રીની પ્રેરણાથી મુંબઈ-ગોડીજીમાં જગદ્‌ગુરુ શ્રી હીરસૂરીશ્વરજી સંસ્કૃત-પ્રાકૃત પાઠશાળા સ્થપાઈ. વળી તેના શિક્ષકો અને વિદ્યાર્થીઓના ઉત્કર્ષ માટે કાયમી ફંડની વ્યવસ્થા થઈ.

જૈન સાહિત્યના નિર્માણ અને પ્રકાશનમાં પણ પૂજ્યશ્રી ઘણો રસ લેતા હતા. અને તેના પરિણામે, તેઓશ્રીની પ્રેરણાથી, શ્રી મુક્તિ-કલમ-મોહન જૈન ગ્રંથમાળા દ્વારા અનેક ધાર્મિક પ્રકાશનો પ્રગટ થયાં હતાં. તેઓશ્રીએ પણ સં. ૧૯૯૦માં નવતત્ત્વ પ્રકરણ ઉપર સંસ્કૃત ભાષામાં છ હજાર શ્લોકપ્રમાણ 'સુમંગલા' નામની ટીકા લખેલ હતી. જૈન ભૂગોળનો મહાગ્રંથ લઘુક્ષેત્ર સમાસ, પંચમ (શતક) કર્મગ્રંથ, ષટત્રિંશિકાચતુષ્ક પ્રકરણ, પ્રશ્નોત્તર મોહનશાળા, શ્રાદ્ધ પ્રતિક્રમણ, વંદિતુસૂત્ર આદિના સવિસ્તાર અનુવાદો પણ કર્યા હતા. તેમનો ભગવાન મહાવીરદેવના પૂર્વભવોને આલેખતો મહાગ્રંથ 'શ્રમણ ભગવાન મહાવીર' તેમની ઉચ્ચ કોટિની લેખનશૈલીનો પરિચય આપે છે.

મુંબઈમાં જુદી જુદી ધાર્મિક પાઠશાળાઓમાં જુદો જુદો અભ્યાસક્રમ ચાલતો અને તે દરેક પ્રમાણે પરીક્ષા લેવાતી. શ્રી જૈન શ્વેતામ્બર એજ્યુકેશન બોર્ડ, શ્રી જૈન ધાર્મિક શિક્ષણ સંઘ, શ્રી જૈન ધાર્મિક શિક્ષણ સોસાયટી એ ત્રણેનો પોતપોતાનો જુદો અભ્યાસક્રમ હતો.

કોઈ વિદ્યાર્થી એક વિસ્તારમાંથી બીજા વિસ્તારમાં રહેવા જાય અને ત્યાં પાઠશાળામાં જુદો અભ્યાસ કરાવાતો હોય તો તેણે તે પ્રમાણે નવો અભ્યાસ કરવો પડતો. આ અભ્યાસક્રમ એકસરખો કરવા માટે તે તે સંસ્થાના સૂત્રધારો તૈયાર થવા જોઈએ. કોઈ સમર્થ યોગ્ય વ્યક્તિ નવો એકસરખો અભ્યાસક્રમ તૈયાર કરી આપે તો જ તે માન્ય બને. આ સંજોગોમાં પ. પૂ. શ્રી ધર્મસૂરિજી મહારાજે આ કાર્ય ઉપાડી લીધું. તેમણે વર્તમાન સમયના સંદર્ભમાં વિદ્યાર્થીઓ માટે યોગ્ય એવો અભ્યાસક્રમ તૈયાર કરી આપ્યો. જે ત્રણે સંસ્થાએ માન્ય રાખ્યો. આ અભ્યાસક્રમની જાહેરાત તેમણે ૧૯૭૦ ના જાન્યુઆરીમાં ઘાટકોપરમાં ઉપધાન તપની આરાધના વખતે કરી હતી.

ત્યાર પછી એમણે ધાર્મિક શિક્ષક–શિક્ષિકાના ઉત્કર્ષ માટે એક ફંડની સ્થાપના કરાવી હતી.

સં. ૨૦૩૧ માં ચૈત્ર માસમાં મુંબઈ–ગોવાલીયા ટેંકના ઑગષ્ટ ક્રાંતિ મેદાનમાં ૫ દિવસ સુધી મહાવીર ભગવાનની ૨૫ મી નિર્વાણ શતાબ્દી અભૂતપૂર્વ ઉત્સવ સાથે ઉજવાઈ, તેમાં પૂજ્યશ્રીની પ્રેરણા પ્રમુખ હતી. સં. ૨૦૩૩ માં મુંબઈથી શત્રુંજય મહાતીર્થ પદયાત્રા સંઘ અને સં. ૨૦૩૪ માં પાલીતાણાથી ગિરનાર તીર્થ પદયાત્રા સંઘ પૂજ્યશ્રીની નિશ્રામાં નીકળ્યા હતા. આ સર્વ કાર્યો પૂજ્યશ્રીની પ્રૌઢ પ્રતિભાના સીમાચિહ્નો છે.

જૈન સમાજ અને જૈન ધર્મ ઉપરાંત જનસેવાની પ્રવૃત્તિઓમાં પણ પૂજ્યશ્રી પ્રસંગોપાત યોગદાન આપતા રહ્યા હતા. સં. ૨૦૨૮ અને ૨૦૨૯ માં ગુજરાતમાં પડેલા દુષ્કાળ વખતે તેઓશ્રીની પ્રેરણાથી અનેક રાહતકાર્યો થયા હતાં. પૂજ્યશ્રીએ સં. ૧૯૯૮ માં પોતાના વતન વઢવાણમાં ચાતુર્માસ કરેલું. તે પછી ૩૭ વર્ષે સં. ૨૦૩૫ માં, વઢવાણ સંઘની ઘણી વિનંતીઓને અંતે ચાતુર્માસ પધાર્યા. વઢવાણ અને સુરેન્દ્રનગર તેમ જ ઝાલાવાડ વિસ્તારના અને મુંબઈના ભાવિકોએ પૂજ્યશ્રીનો અમૃત મહોત્સવ ઉજવવાની વિશાળ પાયે તૈયારીઓ કરી, લાખોનું ફંડ એકત્રિત કર્યું; પરંતુ મહોત્સવની ઉજવણી આરંભાય તે પહેલાં મચ્છુ ડેમની મોરબીની હોનારત સર્જાઈ. એટલે પૂજ્યશ્રીએ સર્વ સંઘોને બોલાવીને પોતાના અંતરની ભાવના જણાવી કે અમૃત મહોત્સવ ઉજવવો બંધ રાખો અને એ સઘળા ફંડનો ઉપયોગ હોનારતનો ભોગ બનેલા માનવસમાજ માટે કરો. આ પ્રસંગથી પૂજ્યશ્રીની પ્રતિભા લોકાદર પામીને મહાન બની ગઈ.

પૂજ્ય આચાર્ય મહારાજનો અમારા કુટુંબ ઉપર અનહદ ઉપકાર હતો. હું એમના સંપર્કમાં આવ્યો હતો. એ માટે મને તક અપાવી હતી મારા મિત્ર રોક્ષીવાલા શ્રી બાબુભાઈ (વ્રજલાલ) કપુરચંદ મહેતાએ. તેઓ દર મંગળવારે રાતે આઠ વાગે પૂજ્ય મહારાજ સાહેબ જ્યાં હોય ત્યાં જતા અને ધર્મચર્ચા કરતા. તેમણે મને પણ એમાં જોડાવાનું આમંત્રણ આપેલું. અમે છ-સાત મિત્રો જતા. બાબુભાઈ પોતાની ગાડીમાં દરેકના ઘરેથી લઈ જતા અને પાછા ઘરે મૂકી જતા. ચેમ્બુર ચાતુર્માસ હોય તો ચેમ્બુર સુધી પણ અમે જતા. પૂ. મહારાજજી કોઈ એક શાસ્ત્રગ્રંથનું અમને અધ્યયન કરાવતા. ત્યારે અમને પ્રતીતિ થતી કે એમણે આપણા શાસ્ત્રગ્રંથોનું ઊંડું અધ્યયન કર્યું છે. શાસ્ત્રની તેમને સેંકડો પંક્તિઓ કંઠસ્થ છે. દરેક પ્રશ્નની છણાવટ તેઓ પૂર્વગ્રહ કે પક્ષપાત વિના તટસ્થપણે કરતા. એમનું હૃદય કરુણાથી છલકાતું.

પૂ. મહારાજશ્રી સાથે મારો વિશેષ ગાઢ પરિચય તો પ. પૂ. શ્રી યશોવિજયજી મહારાજે ભગવાન મહાવીરનાં ચિત્રપટોનો સંપુટ તૈયાર કર્યો અને એ નિમિત્તે મારે વારંવાર ઉપાશ્રયે જવાનું થયું ત્યારથી થયો હતો. ત્યારપછી ઉત્તરોત્તર એ સંબંધ ગાઢ થતો ગયો હતો. તે એમના કાળધર્મના પ્રસંગ સુધી રહ્યો હતો.

એક વખત મુંબઈમાં વાલકેશ્વર વિસ્તારમાં મહારાજજી સ્થિર હતા ત્યારે તેમને હૃદયરોગની થોડીક તકલીફ ચાલુ થઈ ગઈ હતી. પરંતુ એથી તેમણે પોતાના આવશ્યક કર્તવ્યોમાં જરા પણ પ્રમાદ સેવ્યો નહોતો. વળી તેઓ મનથી ઘણી મોટી નૈતિક હિંમત ધારવતા હતા. એક વખત કોઈ એક બહેને વિનંતી કરી, 'મહારાજજી, મારા બા બીમાર છે. તેઓ આપના દર્શન માટે, અને આપના મુખે માંગલિક સાંભળવા ઉત્સુક છે. પરંતુ અમે છઠ્ઠા માળે રહીએ છીએ એટલે કહેવાની હિંમત નથી ચાલતી.' મહારાજજીએ કહ્યું, 'તમારાં માજીને કહેજો આવતી કાલે સવારે આઠ વાગે–જરૂર આવીશ. ધીમે ધીમે દાદર ચડી જઈશ. સવારે સાડા સાત વાગે મને તેડવા માટે કોઈક એવું આવે કે જે પોતે મારી સાથે છ દાદર ચડી શકે એમ હોય.' બીજે દિવસે નક્કી કર્યા પ્રમાણે મહારાજજી બે શિષ્યોને સાથે લઈને ત્યાં પધાર્યા, દાદર ધીમે ધીમે શ્વાસ ન ભરાઈ જાય એ રીતે ચઢ્યા અને એ માજીને માંગલિક સંભળાવ્યું અને વાસક્ષેપ નાંખ્યો. એ માજીના જીવનમાં તો કોઈ ઉત્સવ થયો હોય એવું લાગ્યું.

મહારાજજીની સરળતા અને લઘુતા સ્પર્શી જાય તેવાં હતાં. ઈ. સ. ૧૯૫૮ માં અમારાં માતુશ્રીને પક્ષઘાતનો હુમલો આવ્યો. ડાબું અંગ, હાથ, પગ, મોઢું વગેરે રહી ગયાં, તરત જ અમે હૉસ્પિટલમાં દાખલ કર્યાં. તાત્કાલિક સારવાર મળી ગઈ એટલે બચી ગયાં. હૉસ્પિટલમાં થોડા દિવસ રહી ઘરે આવ્યાં. બાથી થોડું થોડું ચલાવા લાગ્યું અને બોલાવા લાગ્યું. બાને રોજ દર્શન–પૂજાનો નિયમ હતો, પણ હવે તે છૂટી ગયો. છતાં કોઈ કોઈ વખત અમે ટેક્ષી કરીને દર્શન કરવા લઈ જતાં. એક વખત બાને ભાવના થઈ કે વાલકેશ્વર બાબુના દહેરાસરે દર્શન કરવાં છે. અમે એમને લઈ ગયાં. મારાં બહેન ઈન્દિરાબહેન હંમેશાં સાથે હોય જ. દર્શન કરતાં અમને જાણવા મળ્યું કે પ. પૂ. શ્રી ધર્મસૂરિજી મહારાજ ઉપાશ્રયમાં પહેલે માળે બિરાજમાન છે. ઇન્દિરાબહેને ઉપર જઈ મહારાજશ્રીને બધી વાત કરીને વિનંતી કરી. તે વખતે સાત આઠ માણસો મહારાજશ્રી પાસે બેઠા હતા અને કંઈક વાત ચાલી રહી હતી, તોપણ મહારાજશ્રી તરત ઊભા થયા, નીચે આવ્યા અને બાને માંગલિક સંભળાવ્યું તથા વાસક્ષેપ નાખ્યો. એ વખતે મહારાજશ્રીની સરળતા હૃદયને સ્પર્શી ગઈ હતી.

પૂજ્ય મહારાજશ્રી પાસે વંદન અર્થે આવેલા લોકોની હંમેશાં ભીડ રહેતી. તેનું કારણ નાનામોટાં સહુની સાથે તેઓ આત્મીયતા દાખવતા. એને લીધે કોઈને એમની પાસે જતાં સંકોચ થતો નહિ. આચાર્ય મહારાજ પોતે દરેકની વાતમાં પૂરો રસ લઈ તેને યોગ્ય માર્ગદર્શન આપતા. સેંકડો નહિ બલકે હજારો માણસોને તેઓ નામથી ઓળખતા. એમની પાસે કોઈ જાય કે તરત તેઓ નામ દઈને બોલાવતા. તેઓ ઉંમરમાં મોટા હતા એટલે કેટલાંયને એક વચનમાં સંબોધતા. પરંતુ એથી તેમનામાં રહેલું પિતૃતુલ્ય વાત્સલ્ય પ્રતીત થયું અને તેને લીધે તે વિશેષ ગમતું.

મારાં બહેન ઈન્દિરાબહેનને એક બહેને કહ્યું, 'ઘાટકોપર ધર્મસૂરિજી મહારાજ ઉપધાન કરાવે છે. તમારે જોડાવું છે ? બહેને કહ્યું, 'મને જોડાવાનું બહુ મન થાય છે. પણ મને કશી વિધિ કે સૂત્રો આવડતાં નથી.' એ બહેને કહ્યું, 'તમને એક નવકારમંત્ર આવડે તો પણ બસ થયું. મહારાજ સાહેબ તમને બધી વિધિ કરાવશે.' વિચાર કરતાં બે દિવસ થઈ પણ ગયા. વળી કોઇનો સંગાથ હોય તો જવું ગમે. મારાં ભાણી સરોજને તૈયાર કરી. ઉપધાન શરૂ થયાંને ત્રણ દિવસ વીતી ગયા હતા. તેઓ બેગમાં કપડાં અને ઉપકરણો લઈ ઘાટકોપર પહોચ્યાં. આચાર્ય મહારાજે કહ્યું, 'બહેન, જગ્યા બધી ભરાઈ ગઈ છે. વળી મોડું પણ થયું છે.' ઈન્દિરાબહેને કહ્યું. 'અમને બે દિવસ પહેલાં

જ ખબર પડી. વળી અમને કશી વિધિ આવડતી નથી. પણ મહારાજજી! આ વખતે થયું તો થયું નહિ તો જિંદગીમાં ક્યારે ઉપધાન થશે એ ખબર નથી.' એમ બોલતાં બોલતાં બહેનની આંખથી દડ દડ આંસુ પડ્યાં. મહારાજજીએ તરત એક કાર્યકર્તાને બોલાવ્યો. ક્યાંય જગ્યા નહોતી. 'પરંતુ અગાશી ખાલી છે, ત્યાં એમને ફાવે તો થાય,' બહેને અગાશી જોઈને તરત સંમતિ આપી. ત્રણ દિવસ થઈ ગયા હતા તો પણ મહારાજજીએ કહ્યું: 'ફિકર ન કરશો. તમને પ્રવેશની વિધિ કરાવી દઇશ.' આમ ઉપધાન થયાં એ બહેનના જીવનનો એક ધન્ય પ્રસંગ બની ગયો. પરંતુ વિશેષ લાભ એ થયો કે મહારાજજી ઈન્દિરાબહેનને નામથી ઓળખતા થયા. કાયમનો પરિચય થયો.

આ પરિચય પછી ઇન્દિરાબહેન વખતોવખત મહારાજજીને વંદન કરવા જતા એટલે પરિચય ગાઢ થયો હતો. મહારાજશ્રી જ્યારે મુંબઇથી શત્રુંજયનો સંઘ લઈને જવાના હતા ત્યારે ઇન્દિરાબહેનના સાસુજીને એ સંઘમાં જોડાવાની ભાવના થઈ. બહેન પોતાનાં સાસુજીને લઈ ગોડીજીના ઉપાશ્રયમાં પહોંચી ગયાં. તે વખતે મહારાજજીએ કહ્યું, 'બધાં નામો ભરાઈ ગયાં છે. હવે એમને લેવાં હોય તો વ્યવસ્થાપકોને પૂછવું પડે.' વ્યવસ્થાપકોએ કહ્યું કે હવે એક પણ જગ્યા નથી. પરંતુ ઈન્દિરાબહેને આગ્રહ રાખ્યો એટલે છેવટે સાંજે મહારાજજીએ જોડાઈ જવા માટે સંમતિ આપી.

પૂ. મહારાજજીના પગલે પગલે ઉત્સવ થતો. તેઓ જ્યાં જ્યાં વિચરતા ત્યાં ત્યાં ઉત્સવનું વાતાવરણ આપોઆપ સર્જાઈ જતું. કેટલેક સ્થળે સ્થાનિક માણસો વચ્ચે સુમેળ ન હોય તો સુમેળ સ્થપાઈ જતો. સુમેળ સ્થાપવા તરફ તેમનું લક્ષ પણ રહેતું. એક પ્રસંગ યાદ છે. દહાણુ પાસે બોરડી અને ગોલવડ નામનાં બે ગામ છે. ત્યાં જૈનોની, ઠીક ઠીક વસ્તી છે. બોરડીમાં પ્રતિષ્ઠાનો મહોત્સવ હતો. હું અને મારાં પત્ની ત્યાં ગયાં હતા. પ્રતિષ્ઠાના મહોત્સવ દરમિયાન પૂજ્ય મહારાજજીને એવો વહેમ પડ્યો હતો કે આ ઉત્સવમાં ગોલવડના આગેવાનો ઉત્સાહભેર ભાગ લેતા નથી અને કંઈક નારાજ રહ્યા કરે છે. મહારાજશ્રીએ તેમાંના કેટલાકને બોલાવીને દિલથી વાત કરી તો બંને ગામોના જૈનો વચ્ચે ઘણો ખટરાગ છે એમ જાણવા મળ્યું. એટલે મહારાજ સાહેબે તેઓને મનાવ્યા અને સભામાં જાહેર કર્યું કે પ્રતિષ્ઠા પછી બીજે દિવસે દ્વાર ઉદ્‌ઘાટનનો લાભ ગોલવડના સંઘને જ મળવો જોઈએ. આથી ઉછામણીમાં તેઓ ઘણી સારી રકમ બોલ્યા. વળી મહારાજજીએ કહ્યું કે ગોલવડનો સંઘ એમ ને એમ નહિ આવે. બોરડીના સંઘે વહેલી સવારમાં વાજતે ગાજતે ગોલવડ જઈ અને ત્યાંથી એ સંઘને આમંત્રણ આપી બોલાવવો જોઈશે. સંઘ આચાર્ય મહારાજ સાથે હોય તો જ શોભે. આચાર્ય મહારાજને હૃદયરોગની તકલીફ હતી તો પણ જવા-આવવાનો એટલો વિહાર કરવાનું તેમણે સ્વીકાર્યું. તેઓ વહેલી સવારે પોતાના શ્રમણ સમુદાય સાથે બોરડીથી વાજતે ગાજતે નીકળ્યા અને ચાર-પાંચ કિલોમિટર ચાલ્યા. ત્યાં દેરાસરમાં દર્શન-ચૈત્યવંદન કર્યાં. અને બોરડી તથા ગોલવડ બંને સંઘો સાથે ત્યાંથી વાજતે ગાજતે નીકળ્યાં. હું તથા મારાં ધર્મપત્ની આ વિહારમાં મહારાજશ્રીની સાથે જ હતાં. આ સુમેળનું દૃશ્ય અત્યંત ઉલ્લાસભર્યું હતું. બોરડી પધારી દેરાસરમાં દ્વારોદ્ધારનો ઉત્સવ સરસ રીતે પાર પડ્યો, પોતાની નાદુરસ્ત તબિયત હોવા છતાં બંને ગામના સંઘો વચ્ચે સુમેળ કરાવવા માટે તેમણે આટલું બધું કષ્ટ ઉઠાવ્યું હતું.

પૂ. મહારાજશ્રીનો પ્રભાવ એવો મોટો હતો કે કેટલાયે માણસો યથાશક્તિ જાહેર કાર્ય માટે પોતે જે રકમ દાન તરીકે વાપરવા ઇચ્છતા હોય તેની જાણ મહારાજશ્રીને કરી જતા. કેટલીક વાર મહારાજશ્રીની સૂચના અનુસાર એ રકમ વાપરવાને માટે કેટલાક દાતાઓને એક-બે વર્ષ કે વધુ સમય રાહ જોવી પડતી. મહારાજશ્રીને કોઈ પણ નવું કાર્ય ઉપાડતાં તે પાર પડશે કે કેમ તે વિશે સંશય રહેતો નહિ, કારણ કે દાતાઓ પાસેથી લાખો રૂપિયાનાં વચનો અગાઉથી તેમને મળેલાં રહેતાં. કોઈ પણ કાર્ય માટે મહારાજશ્રી ટહેલ નાખતા કે તરત તે માટે જોઈએ તે કરતાં વધુ નાણાં એકઠાં થઈ જતાં.

મહારાજશ્રી મુંબઈથી વિહાર કરી ગુજરાત તરફ વિચર્યા હતા ત્યારે ભરૂચ પાસે દહેજ બંદરમાં એમની પ્રેરણાથી અને સહાયથી ત્યાંના જિનમંદિરનો જીર્ણોદ્ધાર થયો હતો અને ત્યાં પ્રતિષ્ઠાનો પ્રસંગ ભવ્ય રીતે એમની નિશ્રામાં યોજાયો હતો. એ પ્રસંગે એમના ઉમળકાભર્યા આગ્રહને વશ થઈ અમે સહકુટુંબ ત્યાં ગયાં હતાં. એથી એમણે બહુ જ પ્રસન્નતા અનુભવી હતી અને અમને પણ એ મહોત્સવમાં ઉપસ્થિત રહેવાનો ઘણો આનંદ થયો હતો.

ઈ. સ. ૧૯૭૪ માં ભગવાન મહાવીરના ૨૫૦૦ માં નિર્વાણ મહોત્સવ પ્રસંગે પૂર્વ આફ્રિકામાં વ્યાખ્યાનો આપવા માટે મને અને મારાં પત્નીને જ્યારે નિમંત્રણ મળ્યું ત્યારે એમની પાસે આશીર્વાદ લેવા ગયેલાં. એ વખતે કેવા કેવા વિષયો પર વ્યાખ્યાનો આપવાં વગેરે ઘણી બાબતો વિશે એમણે સરસ માર્ગદર્શન આપ્યું હતું. એ વખતે આ મહોત્સવ નિમિત્તે મેં ભગવાન મહાવીર અને જૈન ધર્મ વિશે લખેલી અંગ્રેજી પુસ્તિકા માટે એમણે આશીર્વચન લખી આપ્યાં હતાં. એમના જ હસ્તાક્ષરનો બ્લોક બનાવી પુસ્તિકામાં મેં એ બ્લોક એક સંભારણા રૂપે છાપ્યો હતો.

મહારાજજીએ દીક્ષા પછી પ્રથમ ચાતુર્માસ વડોદરામાં કર્યું. ત્યાર પછી સૂરત, અમદાવાદ થઈ તેમણે ડભોઈમાં ચાતુર્માસ કર્યું. મહારાજજીને ડભોઈ સારુ ધર્મક્ષેત્ર જણાયું. તેમને શ્રી યશોવિજયજી (હાલ પ. પૂ. યશોદેવસૂરિજી-ઉં. ૯૦), શ્રી વાચસ્પતિજી, શ્રી મહાનંદવિજયજી, શ્રી સૂર્યોદયવિજયજી વગેરે તથા છેલ્લે પ. પૂ. શ્રી રાજરત્નવિજયજી એમ ઘણા બધા ચેલા ડભોઈમાંથી સાંપડ્યા છે.

મહારાજજીએ રાજકોટ, જૂનાગઢ, વેરાવળ, ધ્રાંગધ્રા, મોરબી, પાલીતાણા, અમદાવાદ, વડોદરા, છાણી, ડભોઈ, સૂરત, નવસારી વગેરે સ્થળે એક અથવા બે કે ત્રણ ચાતુર્માસ કર્યાં હતાં. પોતાના વતન વઢવાણમાં દીક્ષા પછી પહેલું ચોમાસુ લગભગ તેવીસ વર્ષે કર્યું હતું અને છેલ્લે પાલીતાણાથી પાછા ફરતા એક ચોમાસુ ત્યાં કર્યું હતું.

મહારાજજીએ સૌથી વધુ ચાતુર્માસ મુંબઈમાં કર્યાં હતાં. વચ્ચે સળંગ સત્તર ચાતુર્માસ કર્યાં હતાં. મુંબઈનું ક્ષેત્ર ઘણું મોટું છે. મુંબઈ એટલે સિત્તેર ગામનો સમૂહ. એટલે વિવિધ ક્ષેત્રોને લાભ આપતાં ઘણા ચાતુર્માસ થાય એ સ્વાભાવિક છે.

મહારાજશ્રીની નિશ્રામાં મુંબઈથી શત્રુંજય મહાતીર્થનો છ'રી પાલિત સંઘ નીકળ્યો ત્યારે અમે એક દિવસ માટે મુંબઈના હાઈવે પર શિરસાડથી મનોર ગામ સુધી પગે ચાલીને જોડાયા હતા. તદુપરાંત સંઘ અમારા વતન પાદરામાં પહોંચ્યો ત્યારે પણ એક દિવસ માટે અમે ફરીથી જોડાયા હતાં. પાદરામાં મારાં દાદીમા અમથીબહેન અમૃતલાલના નામથી બંધાયેલા ઉપાશ્રયમાં મુખ્ય પ્રેરણા મહારાજશ્રીની જ હતી એટલે ઉપાશ્રયના ઉદ્‌ઘાટનનો કાર્યક્રમ મહારાજશ્રીની નિશ્રામાં, આ સંઘપ્રવેશ વખતે યોજાયો હતો. આ યાત્રાસંઘે જે જે ગામે મુકામ કર્યો ત્યાં ત્યાં જીવદયા, સાધર્મિક ભક્તિ વગેરે પ્રકારનાં ઘણાં સરસ કાર્યો થયાં. વળી એક મહત્ત્વની યાદગાર ઘટના તો એવી બની હતી કે મુંબઈ છોડતા એક કૂતરો સંઘ સાથે જોડાઈ ગયો હતો. પોતે પણ યાત્રિક હોય તેમ સંઘ સાથે તે વિહાર કરતો, વ્યાખ્યાનમાં બેસતો, નવકારશી અને ચોવિહાર કરતો. સંઘ સાથે શત્રુંજય પર્વત પર ચડી આદીશ્વર દાદાનાં એણે દર્શન કર્યાં. પાછાં ફરતાં આ પવિત્ર કૂતરાને

કોણ પોતાને ઘરે રાખે એ માટે મહારાજશ્રીની નિશ્રામાં ઉછામણી બોલાવવામાં આવી હતી.

પૂજ્ય આચાર્ય મહારાજનું મનોબળ અને આત્મબળ કેવું હતું તેનો એક પ્રસંગ યાદ આવે છે. લકવાને લીધે તેમનાં જમણાં અંગો બરાબર કામ નહોતાં કરતાં. લાંબો સમય બેસી શકાતું નહિ. પરંતુ પૂજ્ય યશોવિજયજી મહારાજ અને પૂજ્યશ્રી જયાનંદવિજયજી મહારાજને આચાર્યની પદવી આપવાનો પ્રસંગ પાલીતાણામાં હતો. તે વખતના વડા પ્રધાન માનનીય શ્રી મોરારજીભાઈ દેસાઈ આ પ્રસંગે આવવાના હતા. બપોર પછીનો સમય હતો. જે મંચ તૈયાર કરવામાં આવ્યો હતો ત્યાં આચાર્ય મહારાજને બેસવાનું હતું. તેમની તબિયત ઘણી નાદુરસ્ત હતી. તડકો પણ સખત હતો. તો પણ એ પ્રસંગે પૂજ્ય આચાર્ય મહારાજ પૂરી સ્વસ્થતા સાથે આખા કાર્યક્રમ દરમિયાન મંચ ઉપર બેઠા હતા. અપૂર્વ આત્મબળ સિવાય આવું કષ્ટ ઉઠાવી શકાય નહિ.

પૂજ્ય આચાર્ય મહારાજનો અમારા પ્રત્યે સદ્‌ભાવ ઘણો બધો હતો. ગમે તેટલા તેઓ રોકાયેલા હોય તો પણ અમે જઈએ કે તરત અમને સમય આપતા અને શુભાશિષ દર્શાવતા. વિ. સં. ૨૦૩૫ માં પૂજ્ય આચાર્ય મહારાજ વઢવાણમાં ચાતુર્માસ કરતા હતા ત્યારે હું અને મારાં પત્ની તેમને વંદન કરવા ગયાં હતાં. અમે ઉપાશ્રયે પહોંચ્યાં કે તરત ચંદ્રસેનવિજય મહારાજે કહ્યું, 'મહારાજજી તમને બહુ યાદ કરતા હતા. મહારાજજીને છ ઈંચની ધાતુની બે પ્રતિમાજી કોઈક આપી ગયું છે. એક મહાવીર સ્વામીની અને બીજી ગૌતમ સ્વામીની છે. મહારાજજી કહે આ બંને પ્રતિમાજી રમણભાઈ અને તારાબહેન આવે ત્યારે એમને મારે ભેટ આપવી છે.' ચંદ્રસેન મહારાજની વાત સાંભળી અમને ઘણો હર્ષ થયો. અમે મહારાજજી પાસે ગયાં. તે દિવસે ખાસ કંઈ ભીડ નહોતી મહારાજજી હવે ધીમે ધીમે પણ સ્પષ્ટ બોલી શકતા હતા. વાતચીત કરવામાં બહુ શ્રમ પડતો નહોતો. એ દિવસે અમારી સાથે એમણે નિરાંતે ધર્મની ઘણી વાતો કરી. અમને ખૂબ આનંદ થયો. તેઓ એ દિવસે બહુ જ પ્રસન્ન હતા. મહારાજસાહેબે બંને પ્રતિમા મંગાવી મંત્ર ભણીને તેના ઉપર વાસક્ષેપ નાખ્યો અને એ બે પ્રતિમાજી અમને આપી. અમારા જીવનનો આ એક અત્યંત પવિત્ર, મંગલમય, અવિસ્મરણીય પ્રસંગ હતો. પૂજ્ય આચાર્ય ભગવંત પાસે કેટલાંક વર્ષ પૂર્વે અમે આજીવન ચતુર્થવ્રતની બ્રહ્મચર્યની બાધા લીધી હતી ત્યારથી એમનો અમારા પ્રત્યે અપાર વાત્સલ્યભાવ રહ્યો હતો.

પૂજ્ય મહારાજશ્રી પાસે કેટલીક લબ્ધિસિદ્ધિ હતી. એમનું વચન મિથ્યા થતું નહિ. એમના વાસક્ષેપથી પોતાને લાભ થયો હોય એવી વાત ઘણા પાસેથી સાંભળી છે. એમના વાસક્ષેપથી એક ભાઈ પરદેશમાં અકસ્માતથી બચી ગયાની વાત પણ હું જાણું છું. આ શ્રદ્ધાનો વિષય છે. અનેક લોકોને આવા નિઃસ્વાર્થ કરુણાસભર મહાત્મા પ્રત્યે શ્રદ્ધા હોય એ સ્વાભાવિક છે.

પૂ. મહારાજશ્રીને પાલીતાણામાં લકવાનો હુમલો થયો અને તેઓ બેશુદ્ધ બની ગયા હતા. પરંતુ એ ગંભીર હાલતમાંથી તેઓ બેઠા થયા અને પોતાના આત્મબળ વડે તેમણે પોતાનાં કેટલાંક અધૂરાં રહેલાં મહત્ત્વનાં કાર્યો પાર પાડ્યાં.

પાલિતાણાથી વિહાર કરી, માર્ગમાં એક ચાતુર્માસ વઢવાણમાં કરી મુંબઈ પાછા ફરતાં મુંબઈમાં વિચરતાં વિચરતાં તેઓ છેલ્લે જ્યારે મઝગાંવના ઉપાશ્રયે હતા ત્યારે શનિવાર, તા. ૬ ઠ્ઠી માર્ચ ૧૯૮૨, ફાગણ સુદ ૧૩, સં. ૨૦૩૮ના પવિત્ર દિવસે પરોઢિયે નવકારમંત્રનું રટણ કરતાં કરતાં સમાધિપૂર્વક કાળધર્મ પામ્યા. આ સમાચાર વાયુવેગે ચારે બાજુ પ્રસરી ગયા.

પૂ. મહારાજશ્રીની પાલખી બીજે દિવસે ગોડીજીના ઉપાશ્રયેથી નીકળવાની જાહેરાત થઈ. એમના પાર્થિવ દેહનાં અંતિમ દર્શન માટે સવારથી જ સેંકડો માણસોની લાઈન લાગી ગઈ હતી. હું અને મારાં પત્ની એમનાં દર્શન કરવા ગયાં ત્યારે અડધા કલાકે વારો આવ્યો. અંતિમ દર્શન માટે વ્યવસ્થા પણ સારી રખાઈ હતી. લાખો માણસોએ એમનાં અંતિમ દર્શન કર્યાં.

બીજે દિવસે જય જય નંદા જય જય ભદ્દા બોલાવતી એમની અંતિમ યાત્રા નીકળી. એ માટે ચેમ્બુરના દેરાસરના પટાંગણનું સ્થળ નક્કી થયું. ગોડીજીથી ચેમ્બુર સુધી બાવીસ કિલોમીટર જેટલી અંતિમ યાત્રામાં લાખો માણસોએ ભાગ લીધો હતો. એમને માટેની ગુણાનુવાદ સભા પણ અંતિમ યાત્રાની જેમ અજોડ અને યાદગાર બની હતી.

પૂજ્ય મહારાજશ્રીનો શિષ્ય-પ્રશિષ્યનો સમુદાય વિશાળ છે, એમાં આંતરરાષ્ટ્રીય ખ્યાતિ ધરાવનાર સાહિત્ય-કલારત્ન પૂ. શ્રી યશોદેવસૂરિ છે, શતાવધણી પૂ. શ્રી જયાનંદસૂદ (જે કાળધર્મ પામ્યા છે), પ્રખર વ્યાખ્યાતા પૂ. કનકરત્નસૂરિ અને પૂ. સૂર્યોદયસૂરિ તથા છેલ્લા દીક્ષિત શિષ્ય પંન્યાસ શ્રી રાજરત્નવિજયજી વગેરે ઘણા બધા છે. વર્તમાનકાળમાં જિનમંદિર નિર્માણ કે જિર્ણોદ્ધારના ક્ષેત્રે પૂ. શ્રી સૂર્યોદયસૂરિજી સક્રિય છે. લેખનકાર્યમાં શ્રી યશોદેવસૂરિ પછી શ્રી રાજરત્નવિજયજી સક્રિય છે.

મહારાજશ્રીના સર્વ શિષ્યોમાં અનુપમ ગુરુભક્તિ જોવા મળી છે, પરંતુ તેમાં સવિશેષ ઉલ્લેખનીય છે. પૂ. ચંદ્રસેનવિજયજી મહારાજ, આચાર્ય મહારાજ શ્રી વિજયધર્મસૂરિજીની તબિયત બગડી ત્યારથી જીવનના અંત સુધી એમ સતત પાંચ વર્ષ સુધી રાત અને દિવસ એમની પૂરી કાળજીપૂર્વક સંભાળ લીધી હતી. ઊઠવા-બેસવામાં ટેકો આપવો, શૌચાદિ ક્રિયા કરાવવી, મુખમાંથી ઝરતી લાળ સતત સાફ કરતા રહેવું, સમયે સમયે દવાઓ આપવી, આહારપાણીની સંભાળ રાખવી, મહારાજશ્રી અસ્પષ્ટ વાણીમાં શું કહે છે તે મહાવરાથી સમજીને બીજાને કહેવું તથા મહારાજશ્રીના દર્શન માટે સતત જામતી ભક્તોની ભીડને વ્યવસ્થિત અને નિયંત્રિત રાખવી-આ બધું અત્યંત પરિશ્રમભરેલું કાર્ય પૂરી નિષ્ઠાપૂર્વકની ગુરુભક્તિથી પ્રસન્નતાપૂર્વક કર્યું છે જે બદલ તેઓ ધન્યવાદને પાત્ર છે.

આચાર્યદેવ શ્રીમદ્ વિજયધર્મસૂરીશ્વરજી મહારાજ એટલે જૈન શાસનના તેજસ્વી સિતારા, જૈન ધર્મ સિદ્ધાંતોના પરમ અભ્યાસી, કર્મશાસ્ત્રોના રહસ્યવેત્તા, દ્રવ્યાનુયોગના નિષ્ણાત, સિદ્ધાંત નિરૂપણમાં વિરલ પ્રતિભાના સ્વામી, સમર્થ વ્યાખ્યાતા, અનેક ગ્રંથોના રચયિતા, અનેક આત્માઓને જિનેશ્વર ભગવાનની આરાધના પ્રત્યે વાળનારા, શતાધિક જિનાલયોનાં જીર્ણોદ્ધારક, સંખ્યાબંધ જિનાલયો, ઉપાશ્રયો, પાઠશાળાઓ, ધર્મશાળાઓ, આયંબિલ ભવનો, ભોજનશાળાઓ, સાધર્મિક સંસ્થાઓના પ્રબળ પ્રેરક, અનેક પ્રતિષ્ઠા-અંજનશલાકા-ઉપધાન-ઉદ્યાપન-પદયાત્રા સંઘો, વિવિધ મહોત્સવો આદિના નિશ્રાદાતા, સાતેય સુપાત્રક્ષેત્રો માટે પ્રેરણારૂપ તેમ જ અનેક સામાજિક ક્ષેત્રો માટે કરોડો રૂપિયાની દાનગંગાને વહાવનાર પરમ પ્રભાવી ગુરુભગવંત હતા.

આ લેખમાં પ. પૂ. સ્વ. યુગદિવાકર મહારાજશ્રી માટે સંક્ષેપમાં સંસ્મરણાત્મક રૂપે પરિચય કરાવવામાં આવ્યો છે. હજુ ઘણી વિગતો ઉપર પ્રકાશ પાડી શકાય એમ છે. મહારાજશ્રીનું જીવનકાર્ય ઘણું જ વિશાળ છે. અનેક ભક્તો પાસે પોતાનાં અંતરમાં સ્વ. મહારાજશ્રી વિશે કંઈ અવનવા અનુભવો રહ્યા હશે !

મહાત્માઓનાં જીવન તો આભ જેવાં અગાધ હોય છે.

આ જન્મશતાબ્દીના અવસરે પ. પૂ. મહારાજશ્રીને ભાવપૂર્વક નતમસ્તકે વંદન કરું છું.

☐ રમણલાલ ચી. શાહ

# ત્રણ યાત્રા-કાવ્યો

□ ડૉ. રણજિત એમ. પટેલ (અનામી)

કવિવર રવીન્દ્રનાથ ટાગોરે 'નિરુદ્દેશ યાત્રા' નામે બંગાળીમાં એક સુંદર કાવ્ય લખ્યું છે જેનો અનુવાદ શ્રી નગીનદાસ પારેખે ગુજરાતીમાં કર્યો છે-ગદ્યમાં. તાજેતરમાં જેમને જ્ઞાનપીઠ એવોર્ડ મળ્યો છે તે ગુજરાતી કવિ શ્રી રાજેન્દ્ર શાહે પણ નિરુદ્દેશે નામનું કાવ્ય લખ્યુ છે જે એમના પ્રખ્યાત કાવ્યસંગ્રહ 'ધ્વનિ'માં છે. ફ્રેન્ચ ભાષા-સાહિત્યના એક વિરલ કવિ બોદલેયરે પણ 'LE VOYAGE' નામનું સુંદર કાવ્ય લખ્યું છે. ભિન્ન ભિન્ન ભાષીઓના આ ત્રણેય કવિઓનાં યાત્રા-વિષયક કાવ્યો વાંચતા એમને તુલનાવવાનો વિચાર આવ્યો જેને પરિણામે આ લેખ લખાયો છે.

'યાત્રા' શબ્દના ત્રિ-વિધ અર્થ થાય છે. એક મુખ્ય અર્થ તો, પ્રચલિત અર્થ તો, તીર્થોની મુસાફરીએ જવું એવો થાય છે. બીજો અર્થ છે-દેવ કે મહાપુરુષને નિમિત્તે થતો મોટો સમારંભ કે મેળો અને ત્રીજો અર્થ છે, 'ભરણ-પોષણનો માર્ગ'-જે અર્થ, ઉપર્યુક્ત બંને અર્થની તુલનાએ ઓછો પ્રચલિત છે.

ગુજરાતી કવિ શ્રી રાજેન્દ્ર શાહના કાવ્યનું શીર્ષક કેવળ 'નિરુદ્દેશે' છે, જ્યારે કવિવર રવીન્દ્રના કાવ્યનું શીર્ષક તો છે 'નિરુદ્દેશ યાત્રા'. 'નિરુદ્દેશ' શબ્દ બંનેય કવિઓમાં સામાન્ય છે પણ યાત્રા શબ્દના પ્રયોગને બદલે શ્રી રાજેન્દ્ર શાહ એને 'મુગ્ધ ભ્રમણ' કહે છે જેને કશો ઉદ્દેશ નથી છતાંયે સૂક્ષ્મ ઉદ્દેશ છે. કાવ્યની શરૂઆતમાં તેઓ કહે છેઃ

### નિરુદ્દેશે

સંસારે મુગ્ધ ભ્રમણ
પાંશુ-મલિન વેશે.

કવિ જેવા અલગારી-આવારા જીવને પ્રકૃતિમાતાના સ્તન્યપાનનું આકર્ષણ તો છે જ... એટલે તો કવિ કહે છેઃ

ક્યારેય મને આલિંગે છે
કુસુમ કેરી ગંધ,
ક્યારેક મને સાદ કરે છે
કોકિલ-મધુર કંઠ,
નેણ તો ઘેલાં થાય નિહાળી
નિખિલના સહુ રંગ.

કુસુમ-ગંધનું આલિંગન ને કોકિલ-કંઠનો મધુર સાદ કવિચિત્તને, કવિના સંવિદ્‌ને આનંદ-લોકની યાત્રાએ લઈ જાય છે ને એમનાં ઘેલાં નેણ, નિખિલના સહુ રંગ નિહાળીને એમના અંચલ ચરણમાં નૂતન ચેતના ભરે છે એટલે જ કવિ-સૌંદર્યપ્રેમી કવિ-નિખિલની નીલિમાને વશ થઈ ગાય છેઃ

'મન મારું લઈ જાય ત્યાં જાવુ
પ્રેમને સંનિવેશે.'

'ધ્વનિ', કાવ્યસંગ્રહ કવિએ એમના બે ગુરુઓને અર્પણ કર્યો છેઃ

'ગુરુદેવ શ્રી ઉપેન્દ્રને
જેણે કીધો દીક્ષિત,
અને
શ્રી ત્રિલોકચંદ્રસૂરિને
જેણે દીધી લેખિની.'

તો જે ગુરુએ લેખિની દીધી તેમણે 'સંનિવેશ' શબ્દની અનેક અર્થચ્છાયાઓ પણ દીધી. કવિનું આ તો નિરુદ્દેશે 'મુગ્ધ ભ્રમણ' છે એટલે એમાં પ્રથમથી જ આંકેલા કોઈ રાજમાર્ગ તો હોય નહીં. એટલે એ પરંપરાથી ચાલતા પંથે ચાલવાનું અશક્ય. એટલે જ ગાય છેઃ

ભરું ડગ
ત્યાં જ રચુ મુજ કેડી.

એ કેડી કવિને 'તેજછાયા તણા' લોકે લઈ જાય છે ને ત્યાં પ્રસન્નતાની વીણા પર રાગિણી પૂર્વી છેડે છે ને આપણે કલ્પના કરીએ કે એ રાગિણીને હલેસે (?), આનંદસાગરના જલમાં એમની બેડી લીલયા સરી જાય છે. ભલે કવિએ કાવ્યનું શીર્ષક 'નિરુદ્દેશે' રાખ્યું પણ કવિની જિજ્ઞાસાવૃત્તિ, કુતૂહલવૃત્તિ, ઊભરાઈ જતો ઉત્સાહ એમને આનંદલોકની, સૌંદર્યલોકની યાત્રાએ લઈ જાય છે જ્યાં એ સમષ્ટિના મેળામાં સૌની સંગે અદ્વૈત સાધવા છતાં નિરાળા ને નિરાળા રહેવાને કારણે કહે છેઃ 'હું જ રહું અવશેષે.'

કવિવર ટાગોરની 'નિરુદ્દેશ યાત્રા' પણ નિરુદ્દેશ તો નથી જ. ત્યાં પણ હિરણ્યમયી નૌકા છે. એ નૌકાને અગમ્ય પ્રદેશ તરફ હંકારનાર વિદેશિની, મધુરહાસિની અપરિચિતા અ-નામી સુંદરી છે. જ્યારે પ્રથમવાર એ સુંદરીએ બૂમ મારીને આવાહન આપેલુંઃ કોને મારી સાથે આવવું છે? ત્યારે તેણે હાથ ફેલાવીને પશ્ચિમ તરફ અગાધ સાગર બતાવ્યો હતો-અબોલપણે. સોનાની નૌકામાં બેસીને કવિએ એને અનેકવાર અનેક પ્રશ્નો પૂછ્યા હતા. ત્યાં નવીન જીવન છે શું? ત્યાં આશાનાં સ્વપ્નોને સોનાનાં ફળ આવે છે શું ? ત્યાં સ્નિગ્ધ મરણ છે શું? તિમિર તળે ત્યાં શાંતિ છે, સુપ્તિ છે? કવિના પ્રશ્નો બધા જ અનુત્તરિત રહે છે. એ તો કેવળ મૂંગી મૂંગી આંગળી ઊંચી કરીને હસીને પશ્ચિમ દિશા જ્યાં સંધ્યાને કિનારે દિવસની ચિતા સળગે છે ને જ્યાં ફૂલહીન સમુદ્ર આકુલ બની જાય છે-તે તર્જની દ્વારા દર્શાવે છે. રહીસહી ધીરજ ગુમાવીને કવિ અંતે કહે છે, 'હમણાં અંધારી રાત પાંખ ફેલાવીને આવશે, સંધ્યાકાશમાં સોનેરી પ્રકાશ ઢંકાઈ જશે માત્ર તારા દેહનો સૌરભ ઊડે છે. માત્ર જલનો કલરવ કર્ણે પડે છે. વાયુથી તારો કેશરાશિ શરીર ઉપર ઊડીને પડે છે. વિકલ હૃદયને વિવશ શરીરધારી કવિ બૂમ પાડીને, અધીર બનીને પૂછે છેઃ 'અરે ઓ તું ક્યાં છે? પાસે આવીને મને સ્પર્શ કર.' કવિની આર્જવભરી યાચના નિષ્ફળ જતાં અંતે સમાધાનના બે શબ્દો બોલે છેઃ 'તું શબ્દ પણ નહીં બોલે, તારું નીરવ હાસ્ય હું જોવા નહીં પામું.' કવિવરની આ યાત્રા ઉદ્દેશ વિનાની નથી, રહસ્યમયી છે.' ઉદ્દેશ જીવન-મરણનું રહસ્ય પામવાનો છે. ઋતુની લીલા ને નિર્યાતની બલિહારીનો ઘુંઘટપટ ખોલવાનો છે. ભલે એમાં એ નિષ્ફળ નિવડ્યા. જાણે અગમ્યને ગમ્ય કરવાના પુરુષાર્થનો ઉદ્દેશ કેટલો તો ભવ્ય છે એની પ્રતીતિ, કાવ્યની સમર્થ અભિવ્યક્તિ દ્વારા અવશ્ય થાય છે જ.

ફ્રાન્સમાં જો વિક્ટર હ્યુગો રોમાન્ટીસીઝમની પરાકાષ્ઠારૂપ હતા તો બોદલેયર પ્રથમ કાઉન્ટર રોમાન્ટિક ને કાવ્યમાં 'આધુનિકતાની કેડી' પાડનાર હતા. કૌતુકવાદનાં વિસ્મય અને ઉત્સાહને બદલે વિતૃષ્ણા ને નિર્વેદનું નિરૂપણ એમને અભિપ્રેત હતું. કૌતુકવાદી કવિઓ પ્રેમ ને માધુર્યના કવિઓ હતા તો બોદલેયર કટુતા અને ઘૃણાના! ઈર્ષાની ધારા રોમાન્ટિકોને અમૃતની ધારા લાગે તો બોદલેયરને

When the rain spreading its immense trails
imitates a person of bars.

મતલબ કે જેલના સળિયા જેવી લાગતી હતી. હોસ્પીટલ એમને મન માનવદર્દીઓથી પીડાતું ઊભરાતું પૃથ્વીનું પ્રતીક છે. 'The Voyage' એ યાત્રાકાવ્યમાં એક સ્થળે મૃત્યુને સંબોધીને કહે છેઃ This Cuntry bores, Death ! Let us sail. (આ દેશથી તો તોબાહ ! મૃત્યુ ! ચલો આપણે ઉપડીએ.') મૃત્યુ સાથે એ ક્યાં ઉપડવા માંગે છે? 'મનુષ્યલોકને અને વિશ્વપ્રકૃતિને' તો તેઓ કંટાળાની મરુભૂમિમાં ત્રાસનો મરુદીપ માને છે એટલે ગન્તવ્યસ્થાનની પરવા કર્યા વિના, ગતિ કે પલાયનને જ અંતિમ લક્ષ્ય ગણી, ઘૃણાથી સભર વાણીમાં કહે છેઃ

'To dive into the gulf, Hell or Heaven-What matter? into the unknown in search of the new' (અખાતમાં-પછી એ નરક હોય કે સ્વર્ગ- એની શી પડી છે? ડૂબકી મારવી, નવીનની શોધમાં અજ્ઞાતમાં ઝુકાવવું.) Anerbachના મતાનુસાર 'અલૌકિક કોઈ વસ્તુની તૃષ્ણા નહીં, પણ જગતના બધા જ વિષયો પ્રત્યેની વિતૃષ્ણા જ બોદલેયરના કાવ્યનું મૂળ અને વ્યાપક અનુભૂતિ છે.'

શ્રી રાજેન્દ્ર શાહનું 'નિરુદ્દેશે' નિતાન્ત સૌંદર્યલક્ષી કાવ્ય છે, કવિવર ટાગોરનું 'નિરુદ્દેશ યાત્રા' નખશિખ હૃદયસ્પર્શી કાવ્ય છે જ્યારે કવિ બોદલેયરનું ધી વોયેજ પલાયનવાદી કાવ્ય છે. ત્રણેયની અનુભૂતિ ભિન્ન અને સ્વતંત્ર છે પણ અભિવ્યક્તિ ત્રણેયની સબળ છે.

શ્રી શાહનું કાવ્ય આનંદની, રવીન્દ્રનું કાવ્ય પોએટીક હેલ્થની ને બોદલેયરનું કાવ્ય મોર્બીડીટીની અનુભૂતિ કરાવે છે. ત્રણેયની વ્યુત્પત્તિ, સજ્જતા ને સાધના કલદાર છે પણ ત્રણેયના જીવનદર્શનની ઝલક આગવી છે. ભાવકની સજ્જતા પ્રમાણે એની રસાનુભૂતિ થવાની.

# દૂધે ધોઈને પાછું આપવું

☐ ગુલાબ દેઢિયા

સંસાર વચ્ચે બેઠેલા માણસને માટે લેવડદેવડ તો સ્વાભાવિક છે. થોડા વર્ષે પહેલાં લે-વેચ કરતાં આદાન-પ્રદાનનું વલણ વધુ હતું. વસ્તુ ખરીદવાની જરૂર ન હોય, થોડા સમય માટે જ વાપરવા જોઈએ ત્યારે શું કરવું ? આડોશપાડોશમાંથી લઈ, વાપરી અને પાછી આપવી એ સહજ હતું.

ખરેખર તો અન્ય કોઈ પાસેથી માગવાની જરૂર ઓછી પડે એ સૌ કોઈ ઇચ્છે. માગવામાં મજા નથી હોતી એ પણ સૌ જાણે. છતાં યોગ્ય વ્યક્તિ પાસેથી કોઈ ચીજ માગવામાં વાંધો નથી હોતો. માગનાર, આપનાર અને જરૂરિયાત એ ત્રણેનો સુમેળ એ પણ ખરી ભૂમિકા ભજવે છે.

વર્તમાનકાળ ભલે અળખામણો લાગે. ભૂતકાળ વધુ ગમવાનો. કારણ કે એ હવે જીવવાનો નથી. ભૂતકાળમાં જીવન સરળ હતું. લોકો ભલા હતા એ ખરું પણ આજે પણ ઉદાર માણસો થોડા પણ મળી આવે છે. પરગજુપણું તદ્દન તો લુપ્ત ક્યાંથી થાય !

જમાનો તો એ જ છે. રોજ સૂરજ ઊગે છે, ફૂલો ખીલે છે. બાળકો સ્મિત કરે છે. આપણાં વિચાર, વાણી અને વર્તનથી જ આપણાં સંબંધો ખીલે કરમાય છે.

આજે પણ સરેરાશ માણસને સારપમાં શ્રદ્ધા છે. છેતરાયા પછી પણ માણસ બીજા માણસનો વિશ્વાસ કરે છે. માણસ સુખ ઇચ્છે છે અને બીજાને સુખ મળતું હોય તો પોતે સહાયક થવા પણ તૈયાર હોય છે.

ખપ પડ્યો, કોઈની વસ્તુ લીધી પણ એને કેમ વાપરીએ છીએ એ મહત્ત્વનું છે. આપણું મન પોતાની અને પારકી એવા ખાનાં પણ પાડી શકે છે.

મુખ્ય વાત તો હવે આવે છે. માગવામાં તો બહાદુરી બતાવી શકીએ પણ પરત કરવામાં કેવો વર્તાવ કરીએ છીએ એ મહત્ત્વની વાત છે. અમુક લોકો કોઈની પણ વસ્તુ પાછી વાળવાનું શીખ્યા જ નથી હોતા. સજ્જન તો એ છે જે લીધેલી વસ્તુ સંભાળીને, જતનથી વાપરે, પાછી વાળે, સમયસર પાછી વાળે, આભારના ભાવ સાથે પાછી વાળે.

માગતી વખતે વિનય દેખાડીએ અને પરત કરતી વખતે ઉદ્ધત થઈ જઈએ એ અપલક્ષણ છે. વસ્તુ ગમે તેની સાથે ધકેલી ન દેવી. પોતાની વસ્તુ પાછી મેળવવા કોઈ આવીને કહે, માગે, વિનંતી કરે, ધક્કા ખાય ત્યાં સુધી પ્રમાદ સેવીએ એ તો અધમ વૃત્તિ છે.

સમયસર આપવાનું મહત્ત્વ છે. તે જ પ્રમાણે હાલત ન બગાડવી એ પણ મહત્ત્વનું જ છે. એટલે જ ડાહ્યાજનોએ કહ્યું છે, 'દૂધે ધોઇને આપવું.' આ સલાહ ગાંઠે બાંધવા જેવી છે. સજ્જનનું લક્ષણ છે. વસ્તુને સારી સ્થિતિમાં, સારા ભાવ સાથે પાછી આપવી. દૂધ પોતે પવિત્ર છે, પંચામૃતમાંનું એક અમૃત છે. દૂધને પૂજાની સામગ્રીમાં સ્થાન છે. બીજાની વસ્તુને પૂજ્ય માની, પવિત્ર માની ભાવપૂર્વક પાછી વાળવી જોઈએ.

લેવડદેવડનો વ્યવહાર સંસ્કારનું દર્શન કરાવે છે. યોગ્ય વ્યક્તિને કંઈક આપીએ એમાં કેવી પ્રસન્નતા હોય છે ! એ સ્વીકારે ત્યારે અંતરમાં હર્ષ ઊભરાય છે. આપનાર પોતાને કૃતાર્થ માને છે. જ્યારે પાછી વાળવાનો વારો આવ્યો ત્યારે પરત કરનારે એવા જ, એનાથી સવાયા ભાવ સાથે વસ્તુ જાળવીને આપવી રહી. દૂધે ધોવાનું સ્મરણ રાખવું. આપ-લે થી સંબંધો વિકસે છે, વણસતા નથી જો બન્ને પક્ષે બહુમાનનો ભાવ હોય તો.

મૂળ તો આ સમગ્ર પ્રક્રિયા પાછળ આદરનો ભાવ છે. હોંશથી આપનાર ખાટ્યો અને કૃતજ્ઞતાથી પરત કરનાર ખાટ્યો. હા, આપણા મનના તુચ્છ ભાવ જરૂર નડે છે. પ્રમાદ અને અહંકાર વચ્ચે પાણા નાખે છે. વસ્તુ હોય કે સંબંધ હોય એને ખરાબ કરવાની ઢબે વાપરવું એ આસુરીવૃત્તિ છે.

આગળ જતાં એ વિચાર આવે કે મને જે મળ્યું છે માનવીઓ પાસેથી, કુદરત પાસેથી, તેને જતનથી વાપરું અને ચપટી ઊમેરીને સાવધાની રાખીને પરત કરું.

આપણે લેવડદેવડ શું માત્ર ચીજવસ્તુઓની જ કરીએ છીએ ? ના. આપણે તો વિચારો, જ્ઞાન, લાગણીઓ, ઉષ્મા, પ્રેમ, સાથ, સહકાર, સહાય, માર્ગદર્શન, કેટકેટલું આપીએ-લઈએ છીએ ? ખરીદવા-વેચવામાં પણ ક્યારેક પૈસા ઉપરાંતનું ઉદાત્ત તત્ત્વ કામ કરતું હોય છે. હવે ખરીદવા-વેચવામાં પ્રત્યક્ષતા ઘટતી જાય છે તેથી એ ભાવ પણ લુપ્ત થતો જાય છે.

દૂધની પવિત્રતા, મધુરતા, ધવલતા અને સવાયુ કરીને પરત કરવાની ઉત્કૃષ્ટ વૃત્તિ આદાન પ્રદાનને શુષ્કતામાંથી બચાવી લઈ ગૌરવ બક્ષે છે.

વધુમાં વધુ લેનદેન તો પૈસાની જ થતી હોય છે. ધન ઓળવવી લેવાની કથાઓ પ્રાચીન કાળથી ચાલી આવે છે. ધનની લેનદેનમાં પ્રવાતિહા, સ્વાભાવિકતા અને સરળતા વધુ છે અને એમાં મેલાપણું પણ વધુ છે. દૂધે ધોવા યોગ્ય લક્ષ્મી માટે આંસુ અને લોહી પડે એ કેવો અનર્થ છે. અર્થ અને અનર્થ કેટલાં સમીપ રહે છે !

જે કંઈ પણ લીધું હોય તે દૂધે ધોઇને પાછું વાળવું એ કર્તવ્ય છે પણ હવે એ કર્તવ્યમાં એવી અછત વર્તે છે કે પરત કરનારને ગુણીજન માનવો પડે છે. અને પાછું વાળ્યું માટે તારો ઉપકાર એમ કહેવું પડે છે.

❖❖❖

## પર્યુષણ વ્યાખ્યાનમાળા-આર્થિક સહયોગ
## ડાંગ-સ્વરાજ આશ્રમ

પર્યુષણ વ્યાખ્યાનમાળા દરમિયાન ૨૦૦૫ના વર્ષ માટે સંઘ તરફથી પછાત અને આદિવાસી વિસ્તારમાં આવેલ ડાંગ સ્વરાજ આશ્રમ, (જિલ્લો : ડાંગ-ગુજરાત) ને આર્થિક સહાય કરવાનું ઠરાવવામાં આવ્યું છે.

☐ મંત્રીઓ

## ઑફિસના સરનામામાં ફેરફાર

સંઘની હાલની ઑફિસ ૩૮૫, સરદાર વી. પી. રોડ, પ્રાર્થના સમાજ ઉપર છે તે બિલ્ડીંગ રીપેરીંગ/નવું બનાવવાનું હોઈ સંઘની ઑફિસ કામચલાઉ ધોરણે બીજે ઠેકાણે લઈ ગયાં છીએ.

**નવું સરનામું :** મહંમદી મીનાર, દુકાન નં. ૩૩, ભોંયતળીયે, ૧૪ મી ખેતવાડી, મુંબઈ-૪૦૦ ૦૦૪.

ટેલિફોન નંબરમાં કોઈ ફેરફાર નથી.

સર્વને વિનંતી કરવામાં આવે છે કે સંઘ સાથે બધો પત્રવ્યવહાર હવેથી નવા સરનામે કરવો.

☐ મંત્રીઓ

# શ્રી ચિદાનંદજી રચિત અવધૂ નિરપક્ષ વિરલા કોઈ

☐ સુમનભાઈ એમ. શાહ

પ્રવર્તમાન દુષમકાળમાં વીતરાગ ભગવંત પ્રણીત સાધુપણું આંતર-બાહ્યદશામાં ધરાવનાર મહાત્માની અછત વર્તાય છે. જેઓને સ્યાદ્‌વાદ રગેરગે વર્તે છે, જેઓ પક્ષપાત રહિત છે અને જેઓના મન-વચન-કાયાદિ યોગ માત્ર સંયમના હેતુથી વર્તે છે, એવા સાધુપુરુષની દશા કેવી હોવી ઘટે અથવા તેઓમાં કેવા ગુણો પ્રગટપણે વર્તે તેનો સામાન્ય પરિચય પ્રસ્તુત પદના રચયિતા શ્રી ચિદાનંદજીએ પ્રકાશિત કરેલ છે. હવે પદનો ગાથાવાર ભાવાર્થ જોઈએ.

**અવધૂ નિરપક્ષ વિરલા કોઈ, દેખ્યા જગ સહુ જોઈ. અવધૂ**
**સમરસ ભાવ ભલા ચિત્ત જાકે, થાપ ઉથાપ ન હોઈ;**
**અવિનાશી કે ઘર કી બાતેં, જાનેગે નર સોઈ.**

**અવધૂ નિરપક્ષ વિરલા કોઈ...૧**

વર્તમાન કાળમાં નિઃસ્પૃહી અને પક્ષપાત રહિત સાધુપુરુષ જગતમાં જડવા અતિ દુર્લભ જણાય છે. અથવા કોઈ અવધૂત અને નિરાળા સંતપુરુષ વિરલ હોય છે. આવા સત્પુરુષનું અંતરંગ સમતારસથી ભરપૂર હોય છે. તેઓની ચિત્તવૃત્તિઓ શુદ્ધ ઉપયોગમય અને ધ્યેયલક્ષી હોય છે. તેઓ પોતાના દૃષ્ટિબિંદુ કે મંતવ્યના મંડનમાં કે અન્ય મતના ખંડનમાં પડતા નથી. આવા પુરુષો મધ્યસ્થ ભાવે રહે છે અને તર્ક-વિતર્કથી અળગા રહે છે. તેઓ પ્રતિકૂળ સંજોગો કે અનુપયોગી પ્રસંગોમાં તટસ્થતા જાળવી રાખે છે. આવા જ્ઞાની પુરુષો પરમાત્માના શુદ્ધ સ્વરૂપને યથાર્થપણે જાણી શકે છે, અને તેઓના સંપર્કમાં આવતા ભવ્યજનોના આત્મકલ્યાણમાં ઉપયોગી નીવડે છે. જે આત્માર્થીને આવા સત્પુરુષનો મેળાપ થાય છે, તેને સહજપણે શ્રદ્ધા ઉત્પન્ન થાય છે.

**રાયરંકમેં ભેદ ન જાને, કનક ઉપલ સમ લેખે;**
**નારી નાગણી કો નહીં પરિચય, તો શિવ મંદિર દેખે.**

**અવધૂ નિરપક્ષ વિરલા કોઈ...૨**

જ્ઞાનીપુરુષ પોતાના સંસર્ગમાં આવતા સઘળા ભક્તજનો પ્રત્યે ભેદભાવ રહિત હિતોપદેશ આપે છે, અથવા તેઓના સાન્નિધ્યમાં આવતા સર્વજનો પ્રત્યે સરખી કરુણાદૃષ્ટિ રાખી આત્મકલ્યાણમાં ઉપયોગી નીવડે છે. રાજા કે રંક અથવા તવંગર કે ગરીબ વચ્ચે જ્ઞાનીપુરુષ ભેદભાવ રાખતા નથી. તેમ જ સોનું કે પત્થરને સમાન લેખવે છે એટલે સુવર્ણને જોઈ લલચાતા નથી કે સામાન્ય ગણાતી વસ્તુઓ પ્રત્યે તેઓને તિરસ્કાર હોતો નથી. સત્પુરુષો વિષયાસક્તિ કે વિકાર કરનારી વ્યક્તિઓનો પરિચય ટાળે છે. અથવા સંજોગવશાત્ વિષય-વિકાર કરનારી વ્યક્તિઓનો પરિચય ટાળી શકાય નહીં તો સત્પુરુષો તેઓ પ્રત્યે અદ્વેષપણે ઉદાસીન ભાવે રહે છે. આવા સત્પુરુષો કે જ્ઞાનીપુરુષો આત્માના અનુસાશનમાં રહી સંયમી જીવન વ્યતીત કરતાં મુક્તિમાર્ગના અધિકારી નીવડે છે.

**નિંદા સ્તુતિ શ્રવણ સુણીને, હર્ષ શોક નવિ આણે;**
**તે જગમેં જોગીસર પૂરા, નિત્ય ચઢતે ગુણઠાણે.**

**અવધૂ નિરપક્ષ વિરલા કોઈ...૩**

કોઈ ભક્તજન સત્પુરુષ કે જ્ઞાની પુરુષની પ્રશંસા કે સ્તુતિ કરે તો તેનાથી સાધુપુરુષને કોઈપણ પ્રકારનો હર્ષ કે આવી વ્યક્તિ પરત્વે રાગ થતો નથી. એવી જ રીતે કોઈ વિરોધી મંતવ્ય ધરાવનાર વ્યક્તિ સાધુપુરુષની નિંદા કરે તો તે અંગે તેઓને શોક કે દ્વેષ થતો નથી. ટૂંકમાં લૌકિક માન્યતા મુજબ હર્ષ કે શોકના પ્રસંગો વખતે સત્પુરુષ કે જ્ઞાનીપુરુષ તેને ઉદયકર્મના સંજોગો ગણી તેનો રાગદ્વેષ રહિત સમતાભાવે નિકાલ કરે છે અથવા તેમાં ઉદાસીનતા સેવે છે. સાધુપુરુષની આંતર-બાહ્ય દશામાં આવી નિરપક્ષ વર્તના હોવાથી તેઓને નવાં કર્મબંધ થતાં નથી અને ઉદયકર્મ સંવરપૂર્વક નિર્જરે છે. જ્ઞાનીપુરુષની આંતરિક વર્તના તો માત્ર પોતાના શુદ્ધ જ્ઞાન-દર્શનાદિ આત્મિક સ્વરૂપમાં જે વર્તે છે. આવી દશા પામેલા સત્પુરુષ સાચા અર્થમાં યોગીશ્વર કહી શકાય કારણ કે તેઓ ગુણશ્રેણિમાં ઉત્તરોત્તર ચઢતા પરિણામો પામે છે. આવા સાધુપુરુષ પોતાનું અને અન્યનું આત્મકલ્યાણ સાધી શકે છે.

**ચંદ્ર સમાન સૌમ્યતા જાકી, સાયર જેમ ગંભીરા;**
**અપ્રમત્ત ભારંડપરે નિત્ય, સુર ગિરિસમ શુચિધીરા.**

**અવધૂ નિરપક્ષ વિરલા કોઈ...૪**

આત્મસ્વભાવની સ્થિરતારૂપ ચારિત્ર્યધર્મમાં પ્રમાદરહિત પ્રવર્તમાનનું યથાર્થ સાધુપણું કેવું હોવું ઘટે તેનું વર્ણન પ્રસ્તુત ગાથામાં થયેલ છે, જે નીચે મુજબ છે.

**સૌમ્યતા :** ચંદ્રથી પણ અધિક ઉજ્જવળતા, નિર્મળતા અને શીતળતા. આવા સાધુના સાન્નિધ્યમાં આવતા ભક્તજનો પરમ શાંતિનો અનુભવ થાય છે.

**અપ્રમત્તતા :** ભારંડ પક્ષી જેમ પ્રમાદરહિત, નિત્ય પ્રવૃત્તિમય, રહે છે એવી રીતે સત્પુરુષ મનુષ્યગતિના અવતરણને સાર્થક કરવા ધ્યેયલક્ષી પ્રવૃત્તિ કરે છે, જેથી તે આત્મકલ્યાણ સાધી શકે.

**ગંભીરતા :** જેમ સાગર ધીરગંભીર હોય છે અને સઘળું પોતાની અંદર સમાવી દે છે એવી રીતે સત્પુરુષ પ્રતિકૂળ પરિસ્થિતિમાં પણ ધીરતા રાખી ચલાયમાન થતા નથી.

**સુરગિરિસમ :** જેમ મેરુપર્વત પવિત્ર, શાશ્વત અને અડોલ હોય છે એવી રીતે સાધુપુરુષ પોતાના ધ્યેયમાં કે સાધ્યદૃષ્ટિમાં અચળ હોય છે (અનુકૂળ કે પ્રતિકૂળ પરિસ્થિતિમાં).

**શુચીધીરા :** સાચા સાધુપુરુષ પોતાને જે આત્માનુભવ વર્તે છે એના આધારે તેઓના સાન્નિધ્યમાં આવનાર અન્ય ભવ્યજીવોને હિતશિક્ષા કે બોધ આપે છે, જે કલ્યાણકારી નીવડે છે.

**પંકજ નામ ધરાય પંકશ્યું, રહત કમળ જિમ ન્યારા;**
**ચિદાનંદ ઇશ્યા જન ઉત્તમ, સો સાહિબ કા પ્યારા.**

**અવધૂ નિરપક્ષ વિરલા કોઈ...૫**

ચિદાનંદજી પ્રસ્તુત ગાથામાં જ્ઞાનીપુરુષ કે સત્પુરુષની નિર્મળતા કેવી હોવી ઘટે તેનું સામાન્ય દૃષ્ટાંત આપે છે.

કમળનું ફૂલ તળાવમાં કાદવ-કીચડમાંથી ઊગી પાણીની સપાટી ઉપર ખીલે છે. કમળનું ફૂલ પાણીમાં રહેવા છતાં પાણીથી અળગું રહે છે. એવી રીતે જ્ઞાનીપુરુષ કે સત્પુરુષ ગમે તેવી વિષમ પરિસ્થિતિમાં પણ જળકમળવત્ રહી લેપાયમાન થતા નથી. એટલે તેઓ નિર્મળ અને નિર્દોષદશાને પામેલા હોય છે અને વ્યવહારમાં અશુદ્ધતા ફેલાયેલી હોવા છતાંય તેઓ નિર્લેપભાવે સંયમયાત્રા નિર્વહે છે. આવા સાધુપુરુષ જ પરમાત્મદશાને પામવાના અધિકારી નીવડે છે અને તેઓ આત્માર્થી ભવ્યજનોના આત્મકલ્યાણમાં ઉપયોગી નીવડે છે.

## પર્યુષણ વ્યાખ્યાનમાળા

સંઘના ઉપક્રમે પર્યુષણ વ્યાખ્યાનમાળા ગુરુવાર તા. ૧લી સપ્ટેમ્બર ૨૦૦૫ થી ગુરુવાર તા. ૮ મી સપ્ટેમ્બર ૨૦૦૫ સુધી એમ આઠ દિવસ માટે પાટકર હૉલ, ન્યૂ મરીન લાઈન્સ, ચર્ચગેટમાં યોજવામાં આવી છે. રોજ સવારે ૭-૩૦ થી ૮-૨૦ ભક્તિગીતો તથા ૮-૩૦ થી ૧૦-૧૫ સુધી બે વ્યાખ્યાનો રહેશે. સવિગત કાર્યક્રમ હવે પછી પ્રકાશિત કરવામાં આવશે. સૌને પધારવા નિમંત્રણ છે. ☐ મંત્રીઓ

Printed & Published by Nirubahen Subodhbhai Shah on behalf of Shri Mumbai Jain Yuvak Sangh and Printed at Fakhri Printing Works, 312/A, Byculla Service Industrial Estate, Dadaji Konddev Cross Road, Byculla, Mumbai-400 027. And Published at 385, S.V.P. Road, Mumbai-400 004. Tel.: 23820296. Editor: Ramanlal C. Shah.

Regd. With Registrar of Newspapers for India No. R. N. I. 6067/57
Posted at Patrika Channel sorting office Mumbai-400 001 Licence to post without prepayment No. 271
● વર્ષ : (૫૦) + ૧૬ ● અંક : ૮ ● ૧૬ ઑગસ્ટ, ૨૦૦૫ ● ● Regd. No. TECH / 47-890 / MBI / 2003-2005
● ● ● શ્રી મુંબઈ જૈન યુવક સંઘનું માસિક મુખપત્ર ● ● ●

# પ્રબુદ્ધ જીવન

● ● પ્રબુદ્ધ જીવન પાક્ષિક ૧૯૩૯થી ૧૯૮૯ : ૫૦ વર્ષ ● ● વાર્ષિક લવાજમ રૂ.૧૦૦/- ● ● છૂટક નકલ રૂ. ૧૦/- ● ●

તંત્રી : રમણલાલ ચી. શાહ સહતંત્રી : ધનવંત તિ. શાહ

## સાધર્મિક વાત્સલ્ય

સાધર્મિક વાત્સલ્ય એ જૈનોનો વિશિષ્ટ પારિભાષિક શબ્દ છે. સાધર્મિક વાત્સલ્ય ઉપરાંત સાધર્મિક ભક્તિ, સ્વામિવાત્સલ્ય જેવા શબ્દો પણ પ્રયોજાય છે.

પર્યુષણ પર્વમાં શ્રાવકોનાં કર્તવ્યોમાં એક મહત્ત્વનું કર્તવ્ય તે સાધર્મિક વાત્સલ્ય છે. કહ્યું છે :

संघार्चादि शुद्धत्यानि प्रतिवर्षविवेकिता ।
यथाविधि विधेयानि एकादश मितानि च ॥

[વિવેકી શ્રાવકે દર વરસે સંઘપૂજા આદિ ૧૧ પ્રાકરનાં સુકૃત્યો વિધિપૂર્વક કરવાં જોઇએ.]

પૂર્વાચાર્યોએ પર્યુષણ પર્વમાં જે અગિયાર પ્રકારે સુકૃત્યો કરવાનાં ફરમાવ્યાં છે તે આ પ્રમાણે છે:

(૧) સંઘપૂજા, (૨) સાધર્મિક ભક્તિ, (૩) યાત્રા, (૪) જિનમંદિરમાં સ્નાત્રોત્સવ, (૫) દેવદ્રવ્યની વૃદ્ધિ, (૬) મહાપૂજા, (૭) રાત્રિજાગરણ, (૮) સિદ્ધાંતપૂજા, (૯) ઉજમણું, (૧૦) ચૈત્ય પરિપાટી, (૧૧) પ્રાયશ્ચિત.

આમ અગિયાર કર્તવ્યમાં સાધર્મિક ભક્તિને સ્થાન આપવામાં આવ્યું છે.

કેટલાક જ્ઞાની ભગવંતોએ પાંચ મુખ્ય પ્રકારે પર્યુષણ પર્વની આરાધના કરવાનું કહ્યું છે: અમારિ પ્રવર્તન, સાધર્મિક વાત્સલ્ય, સાંવત્સરિક પ્રતિક્રમણ, પ્રભાવના અને ચૈત્ય પરિપાટી.

ક્યાંક પર્યુષણ પર્વનાં કર્તવ્યો ૨૧ બતાવ્યાં છે. આમ જુદી જુદી રીતે જે કર્તવ્યો બતાવાયાં છે એમાં સાધર્મિક ભક્તિ-સ્વામિવાત્સલ્યને મહત્ત્વનું સ્થાન આપવામાં આવ્યું છે.

સાધર્મિક અથવા સાધર્મી કોને કહેવાય ? જે પોતાના જેવો ધર્મ પાળતો હોય છે. જૈન ધર્મમાં જે શ્રાવક કુળમાં જન્મ્યો હોય, શ્રાવક ધર્મ-જૈન ધર્મમાં શ્રદ્ધા ધરાવતો હોય, દેવ-ગુરુની પૂજા-ભક્તિ કરતો હોય, નવકારમંત્રનો આરાધક હોય તેને સાધર્મી કહી શકાય. શ્રાવક કુળમાં જન્મ અનિવાર્ય નથી. કેટલાક શ્રાવક કુળમાં જન્મ્યા હોવા છતાં અન્ય ધર્મ પાળતા હોય છે. પરંતુ એકંદરે એમ કહેવાય કે જે જૈન કુળમાં જન્મ્યો હોય અને જૈન ધર્મમાં શ્રદ્ધાવાળો હોય તેને સાધર્મિક કહેવાય.

આજે આપણે દેરાસર, ઉપાશ્રય વગેરેમાં જઈને જે કંઈ ધર્મ આરાધના કરીએ છીએ તે આપણા સાધર્મિકોના પ્રતાપે, મંદિર કોઇકે બંધાવ્યું હોય, તેનો ઉપયોગ આપણે કરીએ છીએ. એ માટે કોઈ ફી આપવી પડતી નથી. આપણને વ્યાખ્યાન માટે ઉપાશ્રયમાં જઈને એનો ઉપયોગ કરીએ છીએ. આ બધું આપણા સાધર્મિક વડીલો-પૂર્વજોએ બધા સાધર્મિકો માટે કરાવ્યું છે. માટે એ શક્ય છે. એટલે સાધર્મિક તરીકે આપણી ફરજ છે કે આપણા આવતી પેઢીના સાધર્મિકો માટે આપણે યથાશક્તિ કંઈક કરી છૂટવું જોઇએ. આ રીતે આપણી સાધર્મિક પરંપરા હજારો વર્ષથી ચાલી આવી છે. જ્યાં જ્યાં જૈનો છે ત્યાં ત્યાં દેરાસર, ઉપાશ્રય, સ્થાનક, પાંજરાપોળ વગેરે સર્વત્ર છે અને હોવાં જોઇએ.

जिनै समान धर्माण: साधर्मिका उदाहृता: ।
द्विधापि तेषां वात्सल्यं कार्यं तदिति सप्तम: ॥

[શ્રી જિનેશ્વર ભગવંતોએ સરખા-સમાન ધર્મવાળાને સાધર્મિક કહ્યાં છે, તે સાધર્મિકનું બંને રીતે દ્રવ્યથી અને ભાવથી વાત્સલ્ય કરવું તે સાતમો દર્શનાચાર છે.]

સાધર્મિકોને અન્ન, વસ્ત્ર, ઔષધ, રહેઠાણ ઇત્યાદિ વડે સહાય કરવી તે દ્રવ્ય સાધર્મિક વાત્સલ્ય છે. સાધર્મિકો પ્રત્યે બંધુભાવ, પ્રેમભાવ રાખવો તે ભાવ વાત્સલ્ય છે.

જૈન ધર્મમાં પંચાચારનું મહત્ત્વ ઘણું છે. આ પાંચ આચાર છે: (૧) જ્ઞાનાચાર, (૨) દર્શનાચાર, (૩) ચારિત્રાચાર, (૪) તપાચાર અને (૫) વીર્યાચાર. આ દરેક આચારના વળી પેટા પ્રકારો છે.

સાધર્મિક વાત્સલ્ય એ દર્શનાચારનો એક ભેદ છે. દર્શનાચારના આઠ ભેદ નીચેની દર્શનાચારની ગાથામાં બતાવવામાં આવ્યા છે:

निस्संकिय, निक्खंकिय, निवितिगुच्छा, अमूढदिट्ठीय ।
उववूह,थिरीकरणे, वच्छल पभावने अट्ठ ॥

(૧) નિઃશંક, (૨) નિઃકાંક્ષા, (૩) નિર્વિચિકિત્સા, (૪) અમૂઢ દૃષ્ટિ, (૫) ઉપબૃંહણા-ધર્મીજનની પ્રશંસા, (૬) સ્થિરીકરણ, (૭) વાત્સલ્ય, (૮) પ્રભાવના. આમાં વાત્સલ્ય એટલે સાધર્મિક વાત્સલ્ય.

આમ, સાધર્મિક વાત્સલ્યને દર્શનાચારનો એક પ્રકાર કહ્યો છે. એનો અર્થ કે જે વ્યક્તિમાં સાધર્મિક વાત્સલ્ય ન હોય તેને સમ્યગ્દર્શન ન થાય.

સાધર્મિક વાત્સલ્યની પ્રથા ઋષભદેવ ભગવાનના સમયથી ચાલી આવે છે. એક વખત ઋષભદેવ ભગવાન અષ્ટાપદગિરિ ઉપર સમોસર્યા. એ વખતે ભગવાનની ભક્તિ કરવા માટે ભરત મહારાજાએ વિવિધ પ્રકારના ભોજનની વાનગી તૈયાર કરાવી અને એ બધી પાંચસો ગાડામાં ભરાવીને તૈયાર કરાવ્યાં (એ કાળે આહાર પણ એટલો બધો થતો હતો.) પછી એમણે ભગવાનને, વિનંતી કરી, 'ભગવાન, આપ ગોચરી વહોરવા પધારો.'

ત્યારે ભગવાને કહ્યું, 'ભરત ! તું રાજા છે. એટલે અમને તારા મહેલનું અન્ન-રાજપિંડ ખપે નહિ. મારા મુનિઓ જે વિચરે છે તેમને પણ મેં એ પ્રમાણે સૂચના આપી છે.'

તે વખતે ભગવાને ત્યાં આવેલા ઈન્દ્રને મુનિઓ માટે કઈ કઈ વસ્તુ પ્રતિબંધિત તે વિશે સમજાવ્યું. એમાં મુનિઓ રાજપિંડ, દેવપિંડ, વગેરે શું શું ન ગ્રહણ કરી શકે તે સમજાવ્યું. કહ્યું છે કે:

राजपिंडं न गृह्णंति आद्यांतिमजिनर्षय: ।
भूपास्तदा वितन्वंति श्राद्धादिभक्तिमन्वहम् ॥

[પ્રથમ (ઋષભદેવ) અને અંતિમ (મહાવીર સ્વામી) તીર્થંકરના મુનિઓ રાજપિંડ ગ્રહણ કરતા નથી. આથી તે સમયના રાજાઓ હંમેશાં શ્રાવકોની ભક્તિ કરતા.]

ત્યાર પછી ભરત મહારાજાએ ઇન્દ્ર મહારાજાને પૂછ્યું, 'પણ આ હું પાંચસો ગાડાં ભરીને આહારપાણી લાવ્યો છું તેનું શું કરવું ? ઈન્દ્ર મહાજાએ કહ્યું, 'હવે તમે એ બધું લાવ્યા છો તો એનાથી તમારા બધા વ્રતવાન-બારવ્રતધારી શ્રાવકોની પૂજા-ભક્તિ કરો.'

આથી ભરત મહારાજાએ શ્રાવકોને બોલાવી કહ્યું: 'હવેથી તમારે બધાંએ મારે ઘરે જ ભોજન કરવાનું છે. તે વખતે તમારે બધાંએ રોજ સભામાં આવીને મને કહેવું. 'તું જિતાયો છું. ભય વધ છે માટે હણીશ નહિ, હણીશ નહિ.' (जितो भवान्, वर्धते भयं, तस्मान्मा हण, मा हण ।)

રોજ આ સાંભળીને ભરત મહારાજા મનન કરે છે કે હું છ ખંડનો ચક્રવર્તી કોનાથી જિતાયો છું ? મનન કરતાં એમને સમજાયું કે હું પોતે અજ્ઞાન અને કષાયોથી જિતાયો છું. માટે મારે મારા આત્માને હણવો જોઇએ નહિ.'

ભરત મહારાજાએ જ્યારથી સાધર્મિકોને જમાડવાનું ચાલુ કર્યું ત્યારથી સાધર્મિક ભક્તિની પ્રથા ચાલુ થઈ.

આમ રાજના રસોડે દિન-પ્રતિદિન જમનારાઓની સંખ્યા વધી ગઈ. બિન શ્રાવકો પણ ઘૂસી જવા લાગ્યા. રસોડાના સંચાલકોએ ભરત મહારાજાને ફરિયાદ કરી. ભરત મહારાજાએ એમને કાકિણી રત્ન આપીને કહ્યું કે જે બાર વ્રતધારી શ્રાવકો હોય તેમના હાથ ઉપર આ કાકિણી રત્નથી જ્ઞાન, દર્શન અને ચારિત્રરૂપી ત્રણ લીટા કરવા. એ લીટા ભૂંસાશે નહિ. પછી નવા કોઈ આવે તો બાર વ્રતધારી શ્રાવક છે કે નહિ તેની ખાતરી કરીને ત્રણ લીટા કરવા.

આમ સાધર્મિકની પૂજા-ભક્તિ કરવાની પરંપરા ઋષભદેવના વખતથી થઈ.

ભરત મહારાજાના પછીના કાળમાં કાકિણી રત્ન રહ્યું નહિ. એટલે એમના પુત્ર આદિત્યયશાએ શ્રાવકોને ઓળખવા માટે સોનાના તારની યજ્ઞોપવિત કરાવી. ત્યાર પછીના રાજાઓએ સમય બદલાતાં ચાંદીના તારની યજ્ઞોપવિત કરાવી અને ત્યાર પછીના રાજાઓએ સૂતરના તારની કરાવી. આ રીતે આ ઓળખપ્રથા ચાલી હતી. ત્યારથી યજ્ઞોપવિતની જે પ્રથા ચાલુ હતી તે પછીના કાળમાં જૈનોમાં ન રહેતાં બ્રાહ્મણોમાં ચાલુ થઈ.

સાધર્મિક વાત્સલ્યના વિષયમાં પ્રાચીન કાળનું દંડવીર્ય રાજાનું દૃષ્ટાન્ત જાણીતું છે. દંડવીર્ય રાજા ભરત ચક્રવર્તીના વંશજ હતા. તેમનો નિયમ હતો કે રોજ સવારે રાજ્ય તરફથી સાધર્મિક શ્રાવકોને ભોજન કરાવ્યા પછી જ પોતે ભોજન કરતા. રાજ્ય તરફથી સંખ્યાબંધ રસોઈયા અને સંખ્યાબંધ વ્યવસ્થા કરનારા રાખવામાં આવતા કે જેથી બધાંને વ્યવસ્થિત રીતે અને જલદી ભોજન કરાવવામાં આવતું એટલે મધ્યાહ્ન સુધી બધા ભોજન કરી લેતા. રાજા પોતે જમવા બેઠેલાને બધાંને પ્રણામ કરતા અને ભાવથી જમાડતા. કોઈવાર રાજાને પોતાને ભોજન કરતાં મોડું થાય તો પણ તેઓ અસ્વસ્થ કે અપ્રસન્ન થતા નહિ. પૂરી હોંશ અને પ્રસન્નતાથી તેઓ સાધર્મિકોની ભક્તિ કરતા.

ઈન્દ્રદેવે રાજા દંડવીર્યની સાધર્મિક ભક્તિની પ્રશંસા સાંભળી. તેમણે એમની કસોટી કરવાનું વિચાર્યું. એક દિવસ એમણે પોતાની લબ્ધિથી હજારો શ્રાવકો વિકુર્યા. દંડવીર્યે એથી આશ્ચર્ય અનુભવ્યું, તો પણ પોતાના સેવકોને આજ્ઞા કરી કે સૌની પ્રેમથી આદરપૂર્વક ભક્તિ કરવી. પરંતુ એમ કરતાં કરતાં સાંજ પડી ગઈ. દંડવીર્ય થાક્યા નહિ, પણ પોતાના ચોવિહારનો સમય પૂરો થઈ ગયો. એથી દંડવીર્ય રાજાને ઉપવાસ થયો. બીજા દિવસે પણ એ જ પ્રમાણે બન્યું. બીજે દિવસે પણ ઉપવાસ થયો. પણ રાજાને થયું કે એક સારું કામ કરતાં ઉપવાસ થયો તો એથી લાભ જ છે. એમ કરતાં આઠ દિવસના ઉપવાસ થયા. દંડવીર્યે માન્યું કે પોતાને સહજ અઠ્ઠાઈનો લાભ થયો. ઈન્દ્રમહારાજાની કસોટીમાં પાર ઊતર્યા એટલે ઈન્દ્ર મહારાજાએ પ્રત્યક્ષ થઈ દંડવીર્ય રાજાને ધન્યવાદ આપ્યાં-વળી દંડવીર્ય રાજાને દૈવી રથ, ધનુષ્યબાણ, હાર અને કુંડલ ભેટ આપ્યાં. સાથે સાથે એમણે દંડવીર્યને શત્રુંજયની યાત્રા કરીને એ શત્રુંજયનો તીર્થોદ્ધાર કરવાની ભલામણ કરી અને પોતે એમાં સહાય કરશે એવું વચન આપ્યું. દંડવર્યે એ પ્રમાણે શત્રુંજયનો ઉદ્ધાર કર્યો.

સાધર્મિક ભક્તિના વિષયમાં પ્રાચીન સમયનું બીજું એક જાણીતું નામ તે શુભંકર શ્રેષ્ઠીનું.

ઉપદેશપ્રાસાદમાં શ્રી લક્ષ્મીસૂરિએ કહ્યું છે કે સાધર્મિક વાત્સલ્યથી તીર્થંકર નામકર્મ બાંધવાના વિષયમાં ત્રીજા સંભવનાથ ભગવાનનું ચરિત્ર ઉત્તમ ઉદાહરણ રૂપ છે. પૂર્વના ત્રીજા ભવમાં તેઓ ઘાતકીખંડના ઐરાવતક્ષેત્રે ક્ષેમાપુરી નગરીના રાજા હતા. એમનું નામ વિમલવાહન હતું. તેમના રાજ્યકાળ દરમિયાન એક વખત ભયંકર દુકાળ પડ્યો. ભૂખથી અનેક લોકો ટળવળતા હતા, પરંતુ વિમલવાહન રાજાએ મંત્રીઓને સૂચના આપી કે કોઇનું પણ ભૂખથી મૃત્યુ થવું ન જોઇએ. અન્ન ભંડારો ખુલા મૂકી દીધા. એ વખતે એમણે સાધર્મીઓની પણ પૂરી સંભાળ લીધી. આથી તેમણે તીર્થંકર નામકર્મ બાંધ્યું. ત્યાર પછી પોતાની ગાદી પુત્રને સોંપી તેમણે દીક્ષા લીધી. અનુક્રમે તેઓ કાળધર્મ પામ્યા અને આનત દેવલોકમાં દેવ થયા. ત્યાંથી ત્યારપછી ચ્યવીને તેઓ સંભવનાથ નામે તીર્થંકર થયા.

તેમનો જન્મ થયો તે પહેલાં તે દેશમાં દુકાળ પડ્યો હતો પરંતુ તેમનો જન્મ થતાં ચારે બાજુથી અનાજ આવી પહોંચ્યું અને બીજું ઘણું અનાજ આવી રહ્યું હતું. અનાજ આવવાની સંભાવના હતી એ ઉપરથી પણ એમનું નામ સંભવનાથ પાડવામાં આવ્યું છે.

હેમચંદ્રાચાર્યે કુમારપાળ રાજાએ સાધર્મિક ભક્તિ માટે જે ઉપદેશ આપ્યો તેથી એમણે સાધર્મિક ભક્તિ માટે ચૌદ કરોડ દ્રવ્યનો ખર્ચ કર્યો હતો. ભૂતકાળમાં ભરત ચક્રવર્તી અને ત્યાર પછી સંપ્રતિ મહારાજાએ સાધર્મિક ભક્તિના ક્ષેત્રમાં જે મહાન કાર્ય કર્યું હતું એની યાદ અપાવે એવું કુમારપાળ મહારાજાએ કાર્ય કર્યું હતું. એમણે જિનાલયો અને પૌષધશાળાઓની જેમ અનેક દાનશાળાઓ સ્થાપી હતી.

સાધર્મિક વાત્સલ્યના વિષયમાં કુમારપાળ મહારાજાનું નામ મોટું છે. તેઓ ક્ષત્રિય અને શૈવધર્મી હતા, પરંતુ કલિકાલ સર્વજ્ઞ હેમચંદ્રાચાર્યના સંપર્કમાં આવીને એમણે જૈન ધર્મ અંગીકાર કર્યો હતો. એટલું જ નહિ તેમણે શ્રાવકના બાર વ્રત ધારણ કર્યાં હતાં.

એક વાર હેમચંદ્રાચાર્ય મહારાજ શાકંભરી નગરીમાં પધાર્યા હતા. ત્યાં એક ગરીબ શ્રાવક રહેતો હતો. એક વાર એણે આચાર્ય મહારાજને પોતાને ઘરે પધારવાની વિનંતી કરી. આચાર્ય મહારાજ પધાર્યા ત્યારે એણે પોતે હાથે વણેલું જાડું કાપડ-થેપાડું (જાડા ધોતિયાને થેપાડું કહેવામાં આવે છે.) વહોરાવ્યું. મહારાજશ્રીએ હર્ષથી એ વહોર્યું. ત્યાર પછી તેઓ પાટણ પધાર્યા. એક દિવસ મહારાજશ્રીએ થેપાડું ઓઢ્યું હતું. એ વખતે ત્યાં આવેલ કુમારપાળ રાજાએ કહ્યું, 'મહારાજ ! આવું થેપાડું ઓઢાય ? હું અઢાર દેશનો માલિક, અને મારા ગુરુમહારાજ આવું થેપાડું ઓઢે ?' મહારાજશ્રીએ કહ્યું, 'જે મળે તે ઓઢીએ. અમને સાધુઓને કશાની શરમ નહિ. પણ તમારે શરમાવું જોઇએ કે તમારા રાજ્યમાં કેવા ગરીબ શ્રાવકો છે.' આ સાંભળીને કુમારપાલ રાજાએ પોતાના તરફથી સાધર્મિક ભક્તિની જાહેરાત કરી. રાજ્યમાં કોઈ શ્રાવક ગરીબ ન રહેવો જોઇએ.

સાધર્મિક ભક્તિને લીધે જ ગરીબ શ્રાવક ઉદો મારવાડી ઉદયન

કવિના અવસાનના સમાચાર જાણી હું સીધો સ્મશાન ઘાટે ગયો હતો. મને એ વાતનું આશ્ચર્ય થાય છે કે કવિ શ્રી દેશળજી પરમારે આ સમાચાર શા આધારે આપ્યા ? કવિને બંગલેથી નીકળેલી સ્મશાનયાત્રામાં કેટલા જણ હશે તેની તો મને ખબર નથી પણ દૂધેશ્વરના સ્મશાન ઘાટે પંદર વીસ નહીં પણ સોથી ય વધારે લોકો હતા. પંદર વીસ તો મારા મિત્રો જ હતા. હા, ગાંધીજી, સરદાર અને કોંગ્રેસનો વિરોધ ન હોત તો સંભવ છે કે એ સંખ્યા વધારે હોત પણ જે હતા તે ય ઓછા તો નહોતા જ. આજે ૫૯ સાલ બાદ પણ મને શ્રી ઉમાશંકરભાઈ જોષીએ ચિતાની પાછળ બે-ત્રણ પ્રદક્ષિણા કરી કવિની જે ભસ્મ લીધેલી ને કપાલે મૂકી વંદન કરેલું તેની સ્મૃતિ ગઈકાલ જેટલી જ તાજી છે. એ પછી તો, એકવારના મદ્રાસના ગવર્નર શ્રી પ્રભુદાસ પટવારીના પ્રયાસથી કવિનું બાવલું અમદાવાદમાં મૂકાયેલું પણ એમના 'વાલેસરીઓએ' ઉખેડીને ફેંકી દીધેલું. ઉમાશંકર જોષી, બલ્લુભાઈ ઠાકોર, મેઘાણીભાઈ, ધૂમકેતુ, જીવણલાલ દીવાન, પ્રભુદાસ પટવારી, વિષ્ણુભાઈ ભટ્ટ, પ્રો. અનંતરાય રાવળ, ડૉ. ધીરુભાઈ ઠાકર...આ બધાની શ્રદ્ધા ગાંધી-સરકાર-કોંગ્રેસમાં હતી છતાં યે કવિ સાથે મધુર સંબંધ હતો, અરે, અમદાવાદની કૉલેજોની અર્ધી સદી સુધી જ્ઞાનની ઝડીઓ વર્ષાવનાર, અજાતશત્રુ જેવા પારસી પ્રોફેસર ફિરોજ કાવસજી દાવર સાહેબ તો કવિવર ન્હાનાલાલના ભક્ત જેવા હતા. કોઈપણ કોંગ્રેસી કરતાં એમની રાષ્ટ્રભક્તિ રજમાત્ર ઊણી નહોતી.

સતત આઠ વર્ષ સુધી મેં જોયું છે કે કવિ-દમ્પતીનું આતિથેય આદર્શ હતું. દૂધ જ્યારે બે આને રતલ હતું ત્યારે પણ એકલા દૂધનું માસિક બજેટ રૂપિયા એંશીનું હતું. નોકરીમાં હતા ત્યારે તો ઠીક છે પણ નોકરી છોડ્યા પછીની આર્થિક કટોકટી વિષમ હતી. કવિ સૌરાષ્ટ્રમાં શિક્ષણ ખાતામાં વિદ્યાધિકારી હતા ત્યારે પણ ઉદારતા તો એની એ. એકવાર ટ્રેનિંગ કૉલેજના રસોડાની મુલાકાતે ગયા. છાત્રો ઘી કે તેલ વિનાની લુખ્ખી રોટલી ખાતા હતા. માસિક છ રૂપિયાની છાત્રવૃત્તિમાં ઘી ક્યાંથી પોષાય ? સરકારમાં બમણી છાત્રવૃત્તિ માટે લખાણ કર્યું ને એ બાર મહિને મંજુર તો થયું પણ ત્યાં સુધી કવિને ત્યાંથી બારેમાસ ઘીનો ડબ્બો જતો. આઠ સાલમાં મેં કવિને અપ-ટુ-ડેટ પોષાકમાં જોયા નથી. નીચલા મધ્યમવર્ગને પોષાય એવી એમની આર્થિક સ્થિતિ. સ્કૂલ-કૉલેજોમાં એમનાં કેટલાંક પુસ્તકો ટેક્સ તરીકે નિયુક્ત થયાં તેમાંથી ને કેટલાક પ્રશંસકો તરફથી એમને થોડીક મદદ મળતી જેથી રાહત રહેતી...આવી સ્થિતિમાં પણ એમની ગરિમા ને ગરવાઈ તો કવિ-રાજાની... આત્મસંયમ અદ્ભૂત, દીનતા, લાચારી એમનાથી બાર ગાઉ દૂર. સિંહ ભૂખ્યો રહે પણ ઘાસ ન ખાય...તેમાં ય કવિવર તો એકલવીર. વાડાબંધીમાં સ્વપ્ને ય ન પૂરાય. સિંહ વિચરે ત્યાં વાટ પડે. શરીરસંપત્તિ એકદમ સારી. માંસલ-સ્નાયુબદ્ધ શરીર પણ ૬૬ સાલ બાદ મેં જોયું છે કે એમને ચામડીનો વ્યાધિ હતો. હાથ સતત ખણ્યા કરે...રોગ ગંભીર નહીં પણ ધ્યાન ત્યાંનું ત્યાં જ જાય !

આર્થિક સંકડામણમાં એમણે કદાપિ રોદણાં રડ્યાં નથી. કરકસર કરી હશે, કંજૂસાઈ કદાપિ નહીં. એ બાબતમાં એ મ્હોરેલા નર્મદ...ગરીબાઈને ગૌરવ આપનારા. શક્તિશાળીને છંછેડવામાં આવે તો એની રીતનું બહારવટુ ખેડે, પ્રતિકારનું ગમે તેવું જોખમ ખેડીને પણ. શક્તિનો અહંકાર ખરો. વ્યવહારપટુની જેમ થોડુંક નમતું જોખ્યું હોત તો ઘણુંબધું અંકે કરત પણ એ એમની પ્રકૃતિમાં જ નહીં. શક્તિ સ્વીકારે મળ્યાનો આનંદ-સંતોષ. ન મળ્યાનો કશો જ રંજ નહીં. થોડોક આત્મસંયમ દાખવી શક્યા હોત તો સાધુ પેરે પૂજાતા હોત. શક્તિનો સ્વીકાર તો ગુજરાતે કર્યો જ હતો. પ્રબોધમૂર્તિ ગોવર્ધનરામે 'લીગલ પ્રેક્ટીસ' ને નાનાલાલે નોકરી છોડ્યા બાદ જીવનનાં શેષ વર્ષો સરસ્વતીની ઉપાસનામાં જ ગાળ્યાં છે. એ બંનેય સાહિત્ય વિભૂતિઓએ એમની જીવનની શક્તિઓનો ઠેઠ સુધી પૂરો હિસાબ આપ્યો છે. નોકરી છોડ્યા પછીની ખાસ્સી પચ્ચીસીના યોગક્ષેમની જવાબદારી સરસ્વતીમાતાએ નિભાવી છે. કલમને ઉદ્દેશીને બોલાયેલા નર્મદના શબ્દો: 'મા ! આજથી હું તારે ખોળે છું'...ન્હાનાલાલના જીવનમાં પણ સાર્થક થયા છે.

સને ૧૯૪૬ માં કવિનું ૬૮ મે વર્ષે અવસાન થયું એના બે દિવસ અગાઉ કૃષ્ણ-વિષયક સુંદર ભક્તિ કાવ્ય લખેલું, મતલબ કે જીવનના અંતકાળ સુધી એમની સિસૃક્ષા જીવંત હતી.

આ લેખમાં તો મારે કવિના સર્જનની સમીક્ષા કરવાની નથી પણ એમની સાથેનાં કેટલાંક સંસ્મરણો જ રજૂ કરવાનાં છે. તા. ૧-૮-૧૯૩૮ના રોજ, મુંબઈની જોગેશ્વરી કૉલેજના ગુજરાતી સાહિત્યમંડળના ઉપક્રમે સત્રારંભક (Inaugural) વ્યાખ્યાન અંગ્રેજીમાં આપતાં પ્રો. બ. ક. ઠાકોરે 'અર્વાચીન ગુજરાતી સાહિત્ય'ના ચાર દિગ્ગજોની સાહિત્ય સેવાઓનું સમાપન આ શબ્દોમાં કરેલું:-

'બંધુઓ અને બ્હેનો ! મારી તમને સલાહ છે કે **ત્હમે શ્રી ન્હાનાલાલને એમના ગ્રંથોમાંની ભાવનાઓ માટે વાંચશો**, શ્રી મુનશીને જોમ અને સ્ફુર્તિ માટે, શ્રી મોહનભાઈને (ગાંધીજીને) શ્રદ્ધા અને આશા માટે અને શ્રી ગોવર્ધનરામને આપણી પચરંગી ધરતી અને પ્રજાની સહૃદય સમજણ માટે વાંચશો.'

❖❖❖

# મનુષ્ય જન્મ ઉત્ક્રાંતિ માટે છે

□ પ. પૂ. શ્રી પ્રદ્યુમ્નસૂરિજી મહારાજ

વ્યથા ઠાલવવા જ આ લખું છું. આજે એમ થયું કે મારા મનની વ્યથા તમને વહેંચું. વાત તો તમે બધા જાણો છો તે જ છે.

આજના આ સમયમાં ચો-તરફ ફેલાયેલા આ મીડિયા-વર્તમાન પત્રો, ટી.વી.નું ધ્યેય અને પ્રયોજન તો પ્રજાની ચેતનાના ઉત્થાન માટેનું હોવું જોઈએ એમ માનવું ગમે છે પણ...પરિસ્થિતિ વિપરીત જણાય છે. જો એવું ઉદાત્ત ધ્યેય હોય તો આવા જબરજસ્ત માધ્યમ દ્વારા પ્રજાની નોંધપાત્ર સેવા થઈ શકી હોત. હવે તો મીડિયા જ શિક્ષણનો સબળ સ્રોત બન્યો છે. એ ઉત્થાનનું કારણ બની શકે છે. વાસ્તવમાં એ પતનનું કારણ બન્યું છે.

બાળકને એના માતા-પિતા અને કુટુંબ પરિવાર દ્વારા સંસ્કાર ઘડતરનું વાતાવરણ મળતું હતું એનાથી એના જીવનનું ઘડતર શરૂ થતું હતું. બાળપણમાં એ વાવેતર થતું હતું તે લગભગ જિંદગીના છેડા સુધી પોષણ આપ્યા કરતું હતું. એ સ્રોત હવે જાણે ભૂતકાળની ઘટના બની ગઈ છે ! બાળપણની એ અવસ્થા શાહીચૂસ (બ્લોટીંગ પેપર) જેવી હોય છે. એ વયે એને જે મળે, જ્યાંથી મળે તે ગ્રહણ કરી લે છે. સંસ્કૃતમાં એ અંગે કહેવાય છે:

यन्नवे भाजने लग्नः संस्कारो नान्यथा भवेत् ।

'નવા વાસણમાં લાગ્યા રંગ-ગંધ સદા રહ્યા.'

ચિત્તમાં કોઈ પણ દૃશ્યની છબિ ખેંચાઈ, તે નીકળે તો નીકળે પણ જો રહી જાય તો તે સદાકાળ રહી જાય. આવા કુમળા માનસમાં

ટી.વી.ના દૃશ્યો અને છાપાંના શબ્દો વવાઈ જાય તેથી તેનું માનસ કેવું ઘડાય ? ટી.વી.ની સીરીયલો કે એની સંગીત ચેનલોના રિ-મીક્ષ ગીતોનાં દૃશ્યો કેવા ઈરાદાથી દેખાડાતા હશે ? અને છાપાં તો કામુકતાને ઉત્તેજે, હિંસક ભાવોને બહેકાવે તેવું જ એના એક-એક પાને છાપે છે. એમાં છપાતાં અક્ષરે-અક્ષરનું કામ જાણે વાચકને પશુતા તરફ લઈ જવાનું હોય તેમ લાગે !

અરે ભાઈ ! માણસ પશુની જાતિમાં રહીને ત્યાંના સંસ્કારોમાં જિંદગી સુધી તરબોળ થઈને આવ્યો છે. એની જિંદગી માત્ર દેહ કેન્દ્રી ભોગ-વિલાસ માટે અને મન હિંસક ભાવોની દ્વેષ, ભાવનાથી ખદબદતું રાખવા માટે જ હોય તેમ આ મીડિયા તેમાં સહાયક બની રહ્યું છે.

અરે મનુષ્યને તો ઊંચે જવાનું છે. જીવનને શીલ-સદાચાર-મૈત્રી-સ્નેહ-પરોપકાર-નીતિ-પ્રમાણિકતા જેવી દૈવી સંપદાથી મઘમઘતું બનાવવાનું છે. દિવ્ય ગુણોથી સજાવવાનું છે. તે અહીં જ થઈ શકે તેવું છે. માણસ જ્યાં છે ત્યાંથી થોડો-થોડો ઊંચે જાય અને વધુ સારો બને તેવું થવું જોઈએ. એને બદલે, આ દુનિયામાં જે કાંઈ થોડું દુષિત છે; માંડ ૮/૧૦ ટકા જેટલું ખરાબ છે તેને જ ખૂણે-ખાંચરેથી શોધીને ટી.વી.ના સ્ક્રીન પર કે છાપાંના પાનાંઓ પર મૂકવામાં આવે તો એ ટીકી-ટીકીને જોનાર બાળક કેવો ઘડાય? એની આવતી કાલ કેવી થાય ? એ જેવું જોશે તેવો તે થશે ! હાલરડામાં જેવા શબ્દો પીવરાવવામાં આવે તેવા સંતાનનું નિર્માણ થાય !

આપણી ઋષિપ્રધાન સંસ્કૃતિમાં કેવો જાજરમાન અને ઉજળો ઈતિહાસ ભર્યો પડ્યો છે ! મદાલસા જેવી માતાએ દીકરાને હાલરડામાં કેવા અમૃતનું પાન કરાવ્યું ! કેવા-કેવા શૂર-વીર, પાણીદાર, પ્રાણના ભોગે પણ પ્રતિજ્ઞાને પાળનારા અને સત્ત્વથી ઉભરાતાં પુરુષો અને વીરાંગના જેવા નારી-રત્નો, આ વસુંધરાને શોભાવનારા થયા છે. નામ રોશન કરીને પ્રાતઃસ્મરણીય બન્યા છે...આ જ પરંપરાનું ધાવણ આપણી વસુધાની રેણુમાં હજી ફોરે છે. એવી ધરતીના જાયાને તમે નટ-નટીના નામ રટાવો છો ? તમારે આવતીકાલ કેવી બનાવવી છે ?

ભાઈઓ ! હવે એ બધું અળખામણું થઈ પડ્યું છે. અણગમતું થયું છે ! ના, ના. મારા અંતરમાંથી આવો જવાબ આવે છે. મનને ધીરજ બંધાવી અઘરી થઈ પડી છે. હદ સે જાદા અધમનો અનુરાગ વધ્યો છે અને અમર્યાદિતપણે ઉત્તમની ઉપેક્ષા થઈ રહી છે. આ લક્ષણો સારાં નથી. કોઠાસૂઝવાળા અને ડાહ્યા કહેવાય એવા પુરુષો કહેતા હોય છે કે આ એંધાણી સારી નથી. જે વાતો, દૃશ્યો, ઘટનાઓ ઢાંકવા લાયક છે તેને આવી રીતે ઉઘાડીને શું હાંસલ કરવું છે ?

તમને ખબર હશે. એક પ્રસંગે રાજા અને રાણી અને તેઓનો વરસની આસપાસની વયનો બાળક-આ ત્રણેને રાજપાટ-ગામ-નગર છોડીને જવાનો વારો આવ્યો ત્યારે એ વિકટ વાટમાં વિસામો લેવા ક્યાંક ઝાડને છાંયડે બેઠાં હતાં. ત્યાં એ નાનાં ભૂલકાની હાજરીમાં યુવાન રાજા રાણીની સામે ટગર-ટગર જોવા લાગ્યા. તે પછી સહજ આવેગને વશ થઈ નાનું અડપલું કરી બેઠાં. રાણી ચોંક્યા. છાતીએ વળગેલા બાળક તરફ હાથ કરી કહે કે આનો તો વિચાર કરવો હતો ! આની હાજરીમાં તમે આવું કર્યું ! દિલ વલોવાઈ ગયું. મન કડવું થઈ ગયું. ક્ષણભરમાં તો જીભ કચરી પ્રાણ છોડ્યાં ! સંસ્કૃતિના આ પાનાં છે. તમારે એ જ ચોપડીના પાનાંમાં જુદું જ ચીતરવું છે કે શું ? તમારો ઈરાદો તો જાહેર કરો ! ઉત્તમ રત્નો પકવવા હશે તો માટી-ખાતર-પાણી બધું જ જુદું જ લાવવું પડશે. જુદું એટલે કશું નવું નહીં. આપણી મૌલિક પરંપરા પાસે બધું જ છે. એ ક્યારે પણ જૂનું નથી થતું. આજની પ્રજા માટે તો મીડિયા એક નિસરણી છે. ઊંચા મહાલય ચણવા માટેની આ નિસરણી જે ઊંચે-ઊંચે લઈ જાય, તમે તેને બદલે એને કૂવાના ચણતર માટેના ઉપયોગમાં કેમ લેવા લાગ્યાં ? એ તો નીચે પાતાળ સુધી લઈ જશે !

આપણી પ્રજા ખમીરવાળી અને ખમતીધર છે. એની નસ્લ ઉમદા અને ખાનદાન છે. તમે તો તેને નિર્માલ્ય અને નિર્વીર્ય બનાવવાનું લક્ષ્ય તાકીને સજ્જ થયા હો તેવું લાગે છે. ક્રમશઃ તેને નિષ્પ્રાણ ને નિર્જીવ પ્રેતની ફોજ બનાવી દેવા માંગો છો એવું સ્પષ્ટ દેખાય છે. ભાઈઓ ! કાંઈક વિચારો. આવતી કાલ તમને શાબાશી દે એવું કરો. માફ ન કરે તેવું કરશો નહીં.

બાળકનું ચારિત્ર ઘડનાર સ્ત્રી છે. નારી તો સમગ્ર પરિવારનું પાવર-હાઉસ છે. એના હૃદયના શુભભાવો જ કુટુંબના તમામ સભ્યોનું સિંચન કરે છે. સંતાનોમાં દોષ-દુર્ગુણ-દુષણ ન પ્રવેશે તેની એને સતત કાળજી હોય છે. આવી માતા-મોટી બહેન કે દીકરીના અંગ-ઉપાંગ જોવાની ઈચ્છા જ કેમ થાય ? નારીના દેહને ખૂલ્લો કરી-કરીને છાપાં-ટી.વી.ના માધ્યમ દ્વારા બતાવવા છે અને સાથે-સાથે બળાત્કારની સંખ્યા વધી રહી છે, હિંસાના બનાવો ઠેર-ઠેર વધી રહ્યા છે તેની ફરિયાદ પણ કરવી છે ! અરે ભાઈ ! ચિત્તવૃત્તિને ઉપર-ઉપર રમાડવાની નથી. તેને તો ઊંડાણમાં લઈ જવાની છે. તેની ક્ષમતા અને શક્યતાઓનો અંદાજ લગાવવો આસાન નથી.

શિક્ષણની આડ લઈને જે જાતિય શિક્ષણના પાઠ ભણાવાય છે એ તો ભારે લપસણી અને ઢાળવાળી સડક બાંધી છે. અહીં પેંડલ મારવાના ન હોય પણ બ્રેક પર કાબૂ રાખવાનો હોય. મન કાબરચીતરું અને ઓઘરાળું થાય એવી-એવી સામગ્રી શા ધ્યેયથી પીરસવામાં આવે છે ? ખરેખર તો કુમળા માનસમાં એવા બીજોનું આરોપણ કરવું જોઈએ કે તેનું મન સંસારના ચંચળ સુખોને ઉત્તરોત્તર ગૌણ સમજે, આ સુખ મેળવવા એ જ જીવનનું પ્રયોજન છે એવું માને નહીં, ઉલટાનું એથી ઊંચે ઉપાધિ-મુક્ત સુખ હોય છે અને તેની સુખાનુભૂતિની ક્ષણો ઘણું ટકે તેવી લાંબી હોય છે તે સમજે. ભૌતિક સુખ-સગવડના સાધનોની લંબાતી જતી યાદી સરવાળે તો ક્ષણજીવી નીવડે છે. જેમકે, કોઈએ એક મોટરગાડી ખરીદી. એમાં સફર પણ કરી. માલિકીનો અહં સંતોષાયો પણ ખરો. થોડા દિવસ પછી જાણ થઈ કે તેના ભાઈએ એથી પણ સુંદર અને મોંઘી ગાડી ખરીદી ! આનંદ અને સુખનો અનુભવ ક્ષણવારમાં વરાળ થઈને ઊડી ગયો ! સુખનું સાધન તો રહ્યું પણ સુખનો અનુભવ તો થયો ન થયો ત્યાં વિલય પામ્યો, દુઃખમાં ફેરવાયો !

ભૌતિક સુખની આ તાસીર છે. તે બરાબર સમજવી જરૂરી છે. દેહથી પર, ઇન્દ્રિયોથી પર, મનથી પણ પર જઈને; દેખીતા સાધનો વિના પણ દેહજનિત સુખથી નિરાળું સુખ મળે છે. આ આપણા ભારત દેશની સાચી ઓળખ છે. એના પ્રત્યક્ષ ઉદાહરણો મળે છે.

ક્યારેક તો કોઈકે તો કહેવું પડશે કે મનને બહેકાવી ઉત્તેજિત કરીને શું મળે છે ? મીડિયાના માંધાતાઓ જ એ માટે જવાબદાર છે. આ મનુષ્યભવ મળ્યો છે તે પાછા આદિમ યુગમાં જવા માટે નહીં પરંતુ ઉપર ચડવા માટે, ઉત્ક્રાંતિ તરફ જવા માટે મળ્યો છે. ઉત્ક્રાંતિનો અર્થ જ ઊંચે હજી વધુ ઊંચે-જીવનના શિખરો તરફ મન લઈ જવા માટે જ આપણે જન્મ્યા છીએ. ❖❖❖

# સાધુચરિત સ્વ. હિંમતભાઈ બેડાવાલા

□ ડૉ. રમણલાલ ચી. શાહ

પરમ પૂજ્ય પંન્યાસજી મહારાજ શ્રી ભદ્રંકરવિજયજીએ કેટલાકને મુનિદીક્ષા આપવા ઉપરાંત જે કેટલાક ગૃહસ્થોને ધર્મના પાકા રંગે રંગ્યા એમાં સ્વર્ગસ્થ શ્રી હિંમતલાલ વનેચંદભાઈ બેડાવાલાનું નામ પ્રથમ શ્રેણિમાં મૂકી શકાય. જો અંતરાયાદિ કર્મોએ એમને પ્રતિકૂળતા ન કરી હોત તો તેઓ અવશ્ય દીક્ષા લઈને સંયમ અને ચારિત્રના માર્ગે વિચર્યા હોત ! તો પણ હિંમતભાઈનું સદ્‌ભાગ્ય કેવું કે એમની તબિયત બગડી અને અંતિમ ક્ષણે અર્ધભાનમાં હતા ત્યારે એમને હાથમાં ઓઘો મળ્યો હતો. આમ થવાનું કારણ એ કે આખી જિંદગી તેઓ દીક્ષા એટલે કે ચારિત્ર ઝંખતા હતા.

સ્વ. હિંમતભાઈ બાર વ્રતધારી શ્રાવક હતા. બાર વ્રત પણ તેઓ બહુ ચુસ્ત રીતે પાળતા. આયંબીલ, એકાસણા, જિનપૂજા, સામાયિક, પ્રતિક્રમણ, પૌષધ, દિક્‌પરિણામ વગેરેનું તેઓ બરાબર પાલન કરતા. બાર વ્રતધારી શ્રાવક સાધુની લગોલગ કહેવાય. પરંતુ હિંમતભાઈ તો એવા શ્રાવકથી પણ આગળ વધ્યા હતા. એક અનુભવી ભાઈ પાસે તેઓ વખતોવખત લોચ કરાવતા. તેઓ કાયમ ઉઘાડા પગે ચાલતા તપશ્ચર્યામાં આયંબિલની વર્ધમાન તપની ઓળી ચાલતી હતી. તેઓ ૯૪ મી ઓળી સુધી પહોંચ્યા હતા. તેઓ રોજ ૫૦૦ થી ૧૦૦૦ લોગસ્સનો કાઉસગ્ગ ઊભા ઊભા કરતા. એમની ઈચ્છા દીક્ષા લેવાની હતી, પણ કુટુંબના સભ્યો તેમને દીક્ષા લેવા દેતા નહોતા. એટલે દીક્ષા ન લેવાય ત્યાં સુધી એમણે કેટલીક વિગઈનો ત્યાગ કર્યો હતો. તેઓ ઘણો સમય પ. પૂ. શ્રી પંન્યાસજી મહારાજ પાસે રહેતા અને એમના કાળધર્મ પછી પ. પૂ. શ્રી કલ્યાણપૂર્ણસૂરિ સાથે રહેતા. તેઓ સાધુ થઈ શક્યા નહોતા, પણ ઘણો સમય તેઓ સાધુઓની સંગતમાં રહેતા અને બીજાને દીક્ષા લેવાની પ્રેરણા કરતા.

હિંમતભાઈ સાથેનો મારો પહેલો પરિચય તે સિદ્ધચક્રપૂજન નિમિત્તે. ૧૯૭૪ માં મુંબઈમાં અમારા મિત્ર શ્રી મહેન્દ્રભાઈ મહેતા અને આશાબહેનને ચોપાટીના દેરાસરે સિદ્ધચક્ર પૂજન ભણાવવાની ભાવના થઈ. એ માટે એક ભાઈએ શ્રી હિંમતભાઈના નામની ભલામણ કરી. અમે એમની મુંબઈમાં ધનજી સ્ટ્રીટમાં આવેલી ચંદા ખુશાલની પેઢીમાં મળવા ગયા. એમણે એ વિશે જરૂરી માહિતી આપી. પૂજન માટે પોતે કશું લેતા નથી એ પણ કહ્યું. પછી જરૂરી સામગ્રી અને બીજી સૂચનાઓનું લિસ્ટ આપ્યું. પછી છેલ્લે કહ્યું, 'જુઓ, પૂજનમાં ભાગ લેનાર બધાએ કેવદેવી બનવાનું છે. એ માટે તમને જે મુગટ આપવામાં આવે તે મુગટ અને ગળામાં હાર પહેરવાં જ પડશે. અને ધોતિયું, અંતરાસન પહેરવાં પડશે. પાયજામો, પહેરણ નહિ ચાલે. આ શરત મંજૂર હોય તો જ હું આવું.' અમે એમની શરત મંજૂર રાખી અને તેમણે દેરાસરે આવીને સરસ પૂજન ભણાવ્યું.

શરૂઆતમાં હિંમતભાઈ મુગટ અને હાર માટે બહુ જ આગ્રહી હતા, પણ પછી જેમ સમય જતો ગયો તેમ આગ્રહ છૂટતો ગયો.

હિંમતભાઈ રોજ સવારે પોતાનું અંગત સિદ્ધચક્રપૂજન સરસ ભણાવતા. તેઓ વાલકેશ્વરમાં ચંદનબાળા એપાર્ટમેન્ટમાં રહેતા. વાલકેશ્વરના અમારા બાબુના દેરાસરે જેઓ પૂજન ભણાવવા ઈચ્છતા હોય અને તેઓને ખાસ કોઈ વિધિકાર માટે આગ્રહ ન હોય તો મેનેજર ફોન કરીને હિંમતભાઈનું નક્કી કરાવી આપતા. આ રીતે વર્ષોથી અઠવાડિયામાં એકાદ વખત હિંમતભાઈ દેરાસરમાં પૂજન ભણાવવા આવતા. સવારના ૧૨-૩૯ મુહૂર્તે પૂજન ચાલુ થાય. હિંમતભાઈ સવા બાર વાગે દેરાસરમાં આવી બધી તૈયારી નિહાળી લેતા, મારે રોજ સવારે બાર વાગે દેરાસરે પૂજા કરવાનો નિયમ હતો. એટલે હિંમતભાઈ ઘણીવાર મળી જતા. હિંમતભાઈ પૂજનના વિષયમાં વર્ષોના અનુભવી હતા. તેઓ અરિહંત પરમાત્મા, સિદ્ધ પરમાત્મા વગેરેનું સ્વરૂપ સરસ સમજાવતા. એ વિશે એમની અનુપ્રેક્ષાગહન હતી. તેઓ શ્લોકો મધુર કંઠે ગાતા. પૂજનમાં તેઓ તન્મય થઈ જતા, તેઓ શિસ્તના આગ્રહી હતા. કોઈને વાતો કરવા કે ઘોંઘાટ કવરા દેતા નહિ. આપણાં પૂજનો ધાર્મિક અનુષ્ઠાનને બદલે સામાજિક મેળાવડા જેવા બની ગયા છે તે એમને ગમતું નહિ.

પ. પૂ. શ્રી ચંદ્રશેખર મહારાજે નવસારી પાસે તપોવન સ્થાપના કરાવી ત્યારે એના વિકાસમાં સ્વ. હિંમતભાઈને સારું યોગદાન આપ્યું હતું.

એક વખત મારે હિંમતભાઈને રાજસ્થાનમાં લુણાવામાં મળવાનું થયું હતું. વસ્તુતઃ અમે કેટલાક મિત્રો રાજસ્થાનનાં તીર્થોની યાત્રાએ નીકળ્યા હતા. ત્યારે અમને ભાવ થયો કે લુણાવામાં પ. પૂ. શ્રી પંન્યાસજી મહારાજનું ચાતુર્માસ છે તો ત્યાં જઈ એમને વંદન કરીએ. અમે લુણાવાના ઉપાશ્રયમાં ગયા ત્યારે ખબર પડી કે પંન્યાસજી મહારાજની તબિયત બરાબર નથી. તેઓ સૂતા છે. તેથી કોઈને મળવા દેવામાં આવતા નથી. આથી અમે નિરાશ થયા. તે વખતે ત્યાં શ્રી હિંમતભાઈ અને રાજકોટવાળા શ્રી શશિકાન્તભાઈ હતા. અમે એમને કહ્યું કે 'અમે જઈએ છીએ. મહારાજજીને અમારી વંદના કહેજો.' એટલે શ્રી હિંમતભાઈએ અંદર જઈ મહારાજજીને મારી વંદના કહી. તો મહારાજશ્રીએ અમને અંદર બોલાવ્યા. અમને કહેવામાં આવ્યું, પાંચ-સાત મિનિટમાં ઊભા થઈ જજો, કારણ કે મહારાજશ્રી વધુ બેસી શકતા નથી. હિંમતભાઈ અને શશિકાન્તભાઈ પણ સાથે આવ્યા. મહારાજશ્રીને તાત્ત્વિક વાતો સમજાવવામાં એટલો બધો ઉત્સાહ આવ્યો કે દસ મિનિટને બદલે એક કલાક થઈ ગયો, જાણે કે એમના પેટનું દર્દ અદૃશ્ય થઈ ગયું. પૂ. પંન્યાસજી મહારાજના કાળધર્મ વખતે પોતાને માથેથી શિરછત્ર ગયું એમ લાગ્યું અને ત્યારથી હિંમતભાઈને લાગ્યું અને ત્યારથી એમણે એના પ્રતીકરૂપે ટોપી પહેરવાનું છોડી દીધું હતું.

એક વખત અમે કેટલાક મિત્રો રાજસ્થાનમાં રાતા મહાવીરજીની યાત્રો ગયા હતા. આ તીર્થ થોડે દૂર ખૂણામાં આવેલું છે, એટલે બહુ ઓછા યાત્રીઓ ત્યારે ત્યાં જતા હતા, એકાન્તની દૃષ્ટિએ આ તીર્થ સારું છે. અહીંના પ્રતિમાજી વિશિષ્ટ રાતા રંગનાં અને ભવ્ય છે અને અત્યંત પ્રાચીન છે. પરમ પૂજ્ય પંન્યાસજી મહારાજ રાતા મહાવીરજીમાં રહીને, ત્યાં ભોંયરામાં ભગવાન મહાવીર સ્વામીનાં બીજા મોટા આછા રાતા રંગનાં પ્રતિમાજી સામે નીરવ એકાંતમાં બેસીને ધ્યાન ધરતા. અમે જ્યારે રાતા મહાવીરજી ગયા ત્યારે અમને હિંમતભાઈ ત્યાં મળ્યા. વાત કરતાં જાણવા મળ્યું કે તેઓ પોતાના એક મિત્ર સાથે ચાતુર્માસની આરાધના કરવા પધાર્યા હતા. આવડા મોટા તીર્થમાં માત્ર બે જ જણ હતા, પરંતુ આરાધના માટે અદ્‌ભુત એકાંત હતું. ભોંયરામાં બેસીને રાતના પણ ધ્યાન ધરી શકાય. હિંમતભાઈ અને એમના મિત્ર એ રીતે ધ્યાન ધરતા. તેઓ સાધુ જેવું જીવન જીવતા હતા.

હિંમતભાઈ સ્વભાવે વિનમ્ર, સરળ અને માત્ર ધર્મની વાતોમાં જ રસ ધરાવનાર હતા. એમણે પોતાના ધર્મમય જીવનને સાર્થક કર્યું હતું.

આવા સાધુચરિત સતત આત્મભાવમાં રહેનારા વિરલ ગૃહસ્થ મહાત્માને ભાવથી અંજલિ અર્પું છું.

❖❖❖

# ડાંગ સ્વરાજ આશ્રમ–આહવા

□ મથુરાદાસ ટાંક

પ્રતિવર્ષ સંઘ તરફથી પર્યુષણ વ્યાખ્યાનમાળા દરમિયાન આદિવાસી કે પછાત વિસ્તારમાં લોકસેવાનું કામ કરતી કોઈ એક સંસ્થાને આર્થિક સહાય આપવા માટે નિર્ણય કરવામાં આવે છે અને તે માટે વ્યાખ્યાનમાળા દરમિયાન શ્રોતાઓને અપીલ કરવામાં આવે છે. સંઘ તરફથી આ રીતે અત્યારસુધીમાં સોળ જેટલી સંસ્થાઓને આર્થિક સહાય કરવામાં આવી છે.

આ વર્ષે ડાંગ જિલ્લામાં આદિવાસી, પછાત અને નિરક્ષર પ્રજા માટે કામ કરતી ડાંગ સ્વરાજ આશ્રમ, આહવાને પસંદ કરવામાં આવી છે. એનું સંચાલન નાયક બંધુઓમાંથી હાલ શ્રી ઘેલુભાઈ નાયક કરે છે.

આ સંસ્થામાં આજુબાજુના ડાંગ જિલ્લાના નાના નાના ગામડાંઓના બાળકો શિક્ષણ માટે આવે છે. રહેવાશી આશ્રમ શાળામાં બાળકો રહે છે. આ વિસ્તારની પ્રજાને ડાંગી પ્રજા કહેવામાં આવે છે. આ પ્રજામાં શિક્ષણનું સ્તર ખૂબ જ નીચું છે. જૂની માન્યતાઓ અને જૂનવાણી રહેણી કરણીને લીધે એમનો વિકાસ ખાસ થયો નથી.

સંઘની પ્રણાલિકા મુજબ આર્થિક સહાય માટે સંસ્થા નક્કી કરતાં પહેલા સંસ્થાની રૂબરૂ મુલાકાત લઈ, સંસ્થાનું કામકાજ સંતોષકારક લાગે અને ખરેખર સંસ્થાને મદદ કરવા જેવું લાગે તો જ તેની ભલામણ સંઘની સમિતિમાં કરવામાં આવે છે. તે મુજબ મે ૨૦૦૫માં સંઘના કેટલાક હોદ્દેદારો અને અન્ય સભ્યો સંસ્થાની મુલાકાતે મુંબઈથી નીકળી આહવા ગયાં હતાં. ડાંગ સ્વરાજ આશ્રમનો હાલનો વહીવટ સંસ્થાના એક આદ્ય સ્થાપક શ્રી ઘેલુભાઈ નાયક સંભાળે છે. એમણે અમારું ભાવભર્યું સ્વાગત કર્યું હતું. સંસ્થાની સ્થાપના તેમના મોટાભાઈ સ્વ. છોટુભાઈ નાયકના સહયોગથી ૧૯૪૮માં થઈ હતી. રાષ્ટ્રપિતા ગાંધીજી અને સ્વ. સરદાર વલ્લભભાઈ પટેલના આગ્રહને માન દઈ, પોતે શિક્ષણક્ષેત્રે ખૂબ જ ભણેલા હોવા છતાં ડાંગ જેવા અતિ પછાત વિસ્તારમાં ગામડાની ગરીબ અને અભણ પ્રજાની સેવા કરવા માટે એમને કહેવામાં આવ્યું અને એ રીતે આ સંસ્થાનો જન્મ થયો છે. મુખ્ય ધ્યેય શિક્ષણને લક્ષમાં રાખીને આ સંસ્થાની સ્થાપના થઈ.

આદ્ય સ્થાપક સ્વ. છોટુભાઈ નાયક અને ઘેલુભાઈ નાયકે સ્થાપેલી આ ડાંગ સ્વરાજ આશ્રમ સંસ્થાએ શરૂઆતમાં ખૂબ જ લોકચાહના મેળવી હતી–કારણ કે તે અરસામાં સ્વ. છોટુભાઈ નાયક પ્રથમ લોકલ બોર્ડના પ્રમુખ ચૂંટાયા. તેમને ડાંગના 'છોટે સરદાર' કહેતાં હતાં. સરકાર તરફથી વધારેમાં વધારે સહાય મળવાથી ડાંગ રાજ્યમાં આ સંસ્થાનું શિક્ષણ ક્ષેત્રે સ્તર ખૂબ ઊંચું લાવ્યાં. નિરક્ષરતા નિવારણ અને પશુ સુધારણા કાર્યક્રમ પાર પાડ્યા અને સંસ્થાને શિક્ષણના ક્ષેત્રે ખૂબ જ ઉચ્ચ આસને બેસાડી. સ્વ. છોટુભાઈ નાયકના ૧૯૮૭માં અવસાન પછી બધી જવાબદારી શ્રી ધીરુભાઈ નાયક અને શ્રી ઘેલુભાઈ નાયક ઉપર આવી પડી. એમની સાથે છોટુભાઈના જમાઈ ગાંડાલાલ પટેલ સંસ્થાનો કારભાર સંભાળવામાં ખૂબ જ સક્રીય છે. તેઓને ગૃહપતિ તરીકે નિયુક્ત કરવામાં આવ્યાં છે.

નાયક બંધુઓના નેજા નીચે ડાંગ સ્વરાજ આશ્રમની સાથે કાળક્રમે બીજી પાંચ સંસ્થાઓની સ્થાપના એમના માર્ગદર્શન નીચે શરૂ કરવામાં આવી જેનો તમામ વહીવટ અને ખર્ચ ડાંગ સ્વરાજ આશ્રમ કરે છે. સંસ્થાની દરેક પ્રવૃત્તિઓ સરકારી ગ્રાંટ, ખેતીની આવક, ભાડાની આવક ઉપર નિર્ભર રહે છે. તેઓએ કોઈ દિવસ સંસ્થાના વિકાસ અને કારભાર ચલાવવા માટે કોઈ પાસે આર્થિક સહયોગ માંગ્યો નથી કે નથી હાથ લાંબો કર્યો. તદુપરાંત ગુજરાત રાજ્યના ખૂબ જ અવિકસિત અને પછાત વિસ્તારમાં વસવાટને લીધે દાતાઓની નજરમાં આ સંસ્થા બહુ આવી નથી.

સંઘના હોદ્દેદારોએ સંસ્થાની મુલાકાત લીધી ત્યારે સ્કુલમાં વેકેસન હતું. સંકુલનું અવલોકન કરતાં એવું અનુભવ્યું કે આ સંસ્થાને ખરેખર કોઈના સહારાની જરૂર છે. એમણે સહાય માટે હાથ લાંબો નથી કર્યો પણ આપણે તેને હાથ લાંબો કરી આર્થિક સહાય કરવી એવું અમને લાગ્યું. શરૂઆતમાં આ સંસ્થાને હરિઃ ઓમ આશ્રમ સુરત તરફથી કંઈક મદદ કરી હતી. પરંતુ સંસ્થાના વિકાસ માટે સહાયની હાલમાં ખૂબ જરૂર છે.

અમારી આ મુલાકાતનો અહેવાલ કાર્યવાહક સમિતિમાં રજૂ કરવામાં આવ્યો અને બધાએ પર્યુષણ વ્યાખ્યાનમાળા દરમિયાન આ માટે અપીલ કરવી એમ સર્વાનુમતે ઠરાવવામાં આવ્યું.

સંઘના સભ્યો, દાતાઓ તથા અન્ય મહાનુભાવોને આ કાર્યમાં સાથ સહકાર આપવા અમારી નમ્ર વિનંતી છે.

## ઑફિસના સરનામામાં ફેરફાર

સંઘની હાલની ઑફિસ ૩૮૫, સરદાર વી. પી. રોડ, પ્રાર્થના સમાજ ઉપર છે તે બિલ્ડીંગ રીપેરીંગ/નવું બનાવવાનું હોઈ સંઘની ઑફિસ કામચલાઉ ધોરણે બીજે ઠેકાણે લઈ ગયાં છીએ.

**નવું સરનામું :** મહંમદી મીનાર, દુકાન નં. ૩૩, ભોંયતળીયે, ૧૪ મી ખેતવાડી, મુંબઈ–૪૦૦ ૦૦૪.

ટેલિફોન નંબરમાં કોઈ ફેરફાર નથી.

સર્વને વિનંતી કરવામાં આવે છે કે સંઘ સાથે બધો પત્રવ્યવહાર હવેથી નવા સરનામે કરવો.

□ મંત્રીઓ

## અસ્થિ સારવાર કેન્દ્ર

સંઘના ઉપક્રમે હાડકાના નિષ્ણાત ડૉ. જમશેદ પીઠાવાલા દ્વારા હાડકાના દર્દીઓને મફત સારવાર આપવામાં આવતી હતી તે બિલ્ડીંગ રીપેરીંગ/નવું બનાવવાનું હોઈ એમની પ્રવૃત્તિ કામચલાઉ ધોરણે બંધ કરવામાં આવી છે જેની સૌએ નોંધ લેવા વિનંતી.

**જયાબેન વીરા** — **સંયોજક**

**નિરુબહેન એસ. શાહ**
**ડૉ. ધનવંત ટી. શાહ**

## સંઘનાં પ્રકાશનો

**સંઘ તરફથી નીચેનાં પુસ્તકો પ્રકાશિત કરવામાં આવ્યાં છે :**

| | | | કિંમત રૂા. |
|---|---|---|---|
| (૧) | પાસપોર્ટની પાંખે–૩ | રમણલાલ ચી. શાહ | ૨૦૦-૦૦ |
| (૨) | ગુર્જર ફાગુસાહિત્ય | ,, | ૧૦૦-૦૦ |
| (૩) | વીરપ્રભુના વચનો | ,, | ૧૦૦-૦૦ |
| (૪) | સાંપ્રત સહચિંતન ભાગ-૧૫ | ,, | ૮૦-૦૦ |
| (૫) | જિન તત્વ ભાગ-૮ | ,, | ૫૦-૦૦ |
| (૬) | આપણા તીર્થંકરો | તારાબહેન ર. શાહ | ૧૦૦-૦૦ |
| (૭) | જૈન ધર્મનાં પુષ્પગુચ્છ | ડૉ. બિપિનચંદ્ર હી. કાપડિયા અને ડૉ. રમણલાલ ચી. શાહ | ૧૦૦-૦૦ |

મંત્રી બન્યો હતો. ઉદા પાસે કશો વેપારધંધો નહોતો. કશી આવક નહોતી. એ વખતે કર્ણાવતી નગરી (હાલનું અમદાવાદ) અત્યંત સમૃદ્ધ હતું. ઉદાને થયું કે ત્યાં જાઉં તો કંઈક રોજી મળી રહેશે. દોરી લોટો લઈ તે કર્ણાવતી આવ્યો. ત્યાં કોઈ ઓળખે નહિ. ત્યાં એને થયું કે મોટામાં મોટો આસરો દાદાનો (તીર્થંકર ભગવાનનો) છે. એટલે એક દેરાસરમાં જઈને ત્યાં સ્તુતિ ભક્તિ કરી અને પછી બહાર ઓટલે બેઠો. એ વખતે લાછી નામની એક શ્રીમંત બાઈ દર્શન કરવા આવી. એને ઉદાને જોયો એટલે થયું કે આ કોઈ નવા શ્રાવક દર્શન કરવા આવ્યા લાગે છે. એણે જિજ્ઞાસાથી પૂછ્યું, 'ભાઈ, તમે ક્યાંથી આવો છો ? ક્યાં રહો છો ?' ઉદાએ કહ્યું, 'મારું કોઈ ઘર નથી. ગરીબ છું. બહારગામથી નોકરીધંધો શોધવા અહીં આવ્યો છું. લાછીએ એને બેસવા કહ્યું અને દર્શન કરી બહાર આવીને ઉદાને પોતાને ઘરે જમવા લઈ ગઈ. પછી રહેવા માટે પોતાનું એક જૂનું ઘર આપ્યું અને ફેરી કરવા ચીજ વસ્તુઓ અપાવી. એમ કરતાં ઉદો મારવાડી પોતાની બુદ્ધિ અને હોંશિયારીથી આગળ વધતો ગયો. વળી એના ઘરમાંથી સુવર્ણમહોરનો ચરુ નીકળ્યો. લાછીએ એ સુવર્ણમહોર ઉદાને જ રાખવા આપી દીધી. આમ ગરીબ મારવાડીમાંથી એનું ભાગ્ય પલટાયું અને પછી તે પોતાની હોંશિયારીથી એટલો આગળ વધ્યો કે તે સિદ્ધરાજ મહારાજાનો ઉદયન મંત્રી થયો. આપણને હેમચંદ્રાચાર્ય જેવા મહાન આચાર્ય ભગવંત મળ્યા તે પણ ઉદયન મંત્રીની ભેટ છે.

શ્રાવકોએ પોતાના વ્યવહારજીવનમાં વિવિધ પ્રકારના આનંદ-ઉત્સવના પ્રસંગો આવે છે. પુત્ર કે પુત્રીને જન્મ, પોતાનો કે કુટુંબના અન્ય કોઈ સભ્યનો જન્મદિન હોય, નવું ઘર લીધું, નવી દુકાન લીધી, સગાઈ કે લગ્નના પ્રસંગો-આમ વિવિધ પ્રકારના પ્રસંગે ખાવાપીવામાં એકલપેટા ન થતાં પોતાનાં સાધર્મિકોને સહભાગી કરવા જોઇએ. વળી એવે પ્રસંગે નિશ્ચિત રકમ જુદી કાઢી, ગરીબ, દીનદુ:ખી સાધર્મિકોને યથાશક્તિ સહાય અવશ્ય કરવી જોઇએ અને તે પણ સન્માન-બહુમાન સાથે કરવી જોઇએ.

શાસ્ત્રકારોએ 'સાધર્મિક ભક્તિ' શબ્દ વાપર્યો છે, જ્યારે સાધર્મિકો પ્રત્યે ભક્તિ બહુમાન પ્રગટે છે ત્યારે સાધર્મિકો કોઈ યાચક નથી એ વિચાર અંતરમાં સ્પષ્ટ થાય છે. સાધર્મિકના કપાળમાં તિલક કરાય, હાથમાં શ્રીફળ અપાય છે, શક્ય હોય તો ખેસ પહેરાવાય છે અને ત્યાર પછી તેઓને ભોજન, વસ્ત્ર, દવા અન્ય ઉપકરણો વગેરે અપાય છે અને નમસ્કાર કરાય છે. સાધર્મિક ભક્તિમાં માત્ર ચીજ વસ્તુઓ અપાય છે એટલું જ નહિ, સાધર્મિકો ધર્મક્રિયાઓ કરી શકે તે માટે તેમને ધાર્મિક ઉપકરણો અપાય છે અને તેમને માટે પૌષધશાળા-ઉપાશ્રય ઇત્યાદિ બાંધી શકાય છે.

આમ સાધર્મિકો પ્રત્યે સ્નેહાદર બતાવવાં જોઇએ. કહ્યું છે કે-

समानधार्मिकान् वीक्ष्य वात्सल्यं स्नेहनिर्भरम् ।
मात्रादि स्वजनादिभ्योप्यधिकं क्रियते मुदा ॥

[સાધર્મિકને જોઇને માતાપિતાદિ સ્વજનો કરતાં પણ અધિક સ્નેહપૂર્વક વાત્સલ્ય કરવું.]

સાધર્મિક ભક્તિ એટલે સાધર્મિકોને ધનથી સહાય કરવી એટલો જ અર્થ નથી. દુ:ખી સાધર્મિકોને ભૌતિક સહાય ઉપરાંત ધાર્મિક અને આધ્યાત્મિક સહાય પણ કરવી જોઇએ. જેઓ શ્રીમંત હોય પણ ધર્મથી વિમુખ બન્યા હોય અથવા ધર્મકાર્યમાં પ્રમાદી બન્યા હોય એવા સાધર્મિકોને ધર્મકાર્ય તરફ આવવા માટે પ્રેરણા કરવી જોઇએ.

સાધર્મિક વાત્સલ્યમાં ઔચિત્યની વાત ભૂલવી ન જોઇએ. આંધળી સાધર્મિક ભક્તિ ન કરવી જોઇએ. કોઈ ગરીબ સાધર્મિક શ્રાવકને આર્થિક મદદ કરીએ અને પછી જાણવા મળે કે એ તો પૈસા મળતાં જુગાર રમવા લાગે છે અથવા અન્ય વ્યસનોમાં ડૂબેલો છે તો એને આર્થિક મદદ ન કરવી જોઇએ, પણ અવકાશ મળે તો વહાલથી એને સમજાવવો જોઇએ. એટલે કે સાધર્મિક ભક્તિમાં પણ વિવેક હોવો જોઇએ.

સાધર્મિક વાત્સલ્ય પરથી સ્વામિવાત્સલ્ય શબ્દ આવ્યો છે, પરંતુ સંઘોમાં સ્વામિવાત્સલ્ય એટલે સંઘના જૈનોએ ભેગા મળી ભોજન કરવું એવો મર્યાદિત અર્થ થઈ ગયો છે. એ જરૂરી છે. સહભોજનથી સ્નેહ વધે છે. પરંતુ આવા સ્વામિવાત્સલ્યથી આપણું કર્તવ્ય પૂરું થઈ ગયું એમ ન માનવું જોઇએ.

શીરા માટે શ્રાવક થયા એવી કહેવત પડી છે. ઠેઠ પ્રાચીન કાળથી આવી ઘટનાઓ બનતી આવી છે. એવા કેટલાય ખોટા શ્રાવકો પછીથી સાચા શ્રાવક બની ગયા હોય એવાં ઘણાં દૃષ્ટાંતો છે. માટે એવા શ્રાવકો પ્રત્યે સદ્‌ભાવભર્યું વર્તન રાખવું જોઇએ. એમાં અલબત્ત ઔચિત્ય જાળવવું જોઈએ. કહ્યું છે-

साधर्मिकस्वरुपं यत् व्लीकमपि भृभृता ।
सन्मानितं सभायां तत् तर्हि सत्यस्य का कथा ॥

[બનાવટી સાધર્મિકાના સ્વરૂપને-સાધર્મિકને પણ રાજાએ ભરસભામાં સન્માન આપ્યું. જો આ પ્રમાણે હોય તો સાચા સાધર્મિકની વાત શી ?]

કોઈ વ્યક્તિ લાભ લેવાના આશયથી પોતે જૈન છે એમ કહે તો તેથી તેના પ્રત્યે ઘૃણા કે તિરસ્કાર કરી એને તરત ન ધુત્કારી કાઢવો જોઇએ. કેટલાયે કિસ્સા એવા બન્યા છે કે લાભ લેવા માટે જૈન થયો હોય અને પછી પાછળથી જૈન ધર્મમાં એની શ્રદ્ધા દૃઢ થઈ હોય. રાજા કુમારપાળના વખતમાં જૈનોને કરવેરામાંથી મુક્તિ હતી. એક વખત એક અજૈનની કરવેરો ન ભરવા માટે ધરપકડ કરીને રાજ્યમાં સિપાઇઓ લઈ જઈ રહ્યા હતા ત્યારે રસ્તામાં પોતે જૈન ન હોવા છતાં જૈન મંદિરમાં દર્શન કવરાની ઇચ્છા બતાવી. સિપાઈઓએ એને જવા દીધો. એ મંદિરમાં જઈ મસ્તકમાં મોટું તિલક કરી, ખભે ખેસ નાખીને બહાર આવ્યો. સિપાઈઓ એને રાજ્ય દરબારમાં રાજા કુમારપાળ પાસે લાવ્યા. અને ફરિયાદ કરી કે આ માણસે કરવેરો ભર્યો નથી. એના મસ્તક પર તિલક જોઈને કુરમાપાળે કહ્યું, 'આ તો જૈન શ્રાવક છે અને જૈનોના કરવેરા માફ છે.' સિપાઈઓએ કહ્યું, 'મહારાજ ! એ જૈન નથી, પણ રસ્તામાં દેરાસરમાં જઈ એને તિલક કરી લીધું છે.' કુમારપાલે કહ્યું, 'ભલે એ જૈન ન હોય, એણે કપાળમાં તિલક કર્યું છે એટલે એનો કર હું માફ કરું છું.' આથી એ માણસ ગળગળો થઈ ગયો અને એણે જૈન ધર્મ સ્વીકારી લીધો.

આમ સાધર્મિક વાત્સલ્યનું મહાત્મ્ય ઘણું છે. આથી આખી દુનિયામાં જૈનો સૌથી ઉદાર ગણાય છે. તેઓ ફક્ત જૈનો માટે નહિ પણ અજૈનો માટે પણ એટલા જ ઉદાર હોય છે. સાચા જૈનનું હૃદય હંમેશા મૃદુ અને કરુણામય હોય છે. જે માણસ કંજૂસ છે, ક્રૂર છે તે સાધર્મિક વાત્સલ્ય અનુભવી શકે નહિ.

સાધર્મિકનો મહિમા દર્શાવતાં શાસ્ત્રકારોએ કહ્યું છે:

साधर्मिवत्सले पुण्यं यद्भक्तेद् वचोऽतिगम् ।
धन्यास्ते गृहिणोऽवश्यं तत्कृत्वाश्नन्ति प्रत्यहम् ॥

(સાધર્મિકવાત્સલ્ય કરવાથી જે પુણ્ય થાય છે તે શબ્દોથી કહી શકાય તેમ નથી. જે ગૃહસ્થો હંમેશાં અવશ્ય સાધર્મિક વાત્સલ્ય કરીને જમે છે તેઓને ધન્ય છે.)

રતલામમાં એક શ્રાવકની વાત સાંભળી છે. તેઓ રોજ રતલામ સ્ટેશને ફ્રન્ટિયર મેલમાંથી જે કોઈ ઊતર્યા હોય તેમને પોતાને ઘરે ચાપાણી કે ભોજન માટે લઈ જતા અને ત્યારપછી જ પોતે ભોજન કરતા, કેટલાય એવા છે કે જેમને ઘરે જમવામાં મહેમાન ન હોય તે દિવસે ખાવાનું ભાવે નહિ. એટલે જ કહેવાયું છે :

न कयं दीणुद्धरणं, न कयं साहमिआण वच्छलं ।
हिअयंमि वीयराओ, न धारिओ हारिओ जम्मो ॥

[જેમણે દીન દરિદ્રનો ઉદ્ધાર કર્યો નથી, સાધર્મિકનું વાત્સલ્ય કર્યું નથી અને હૃદયમાં શ્રી વીતરાગપ્રભુને ધારણ કર્યા નથી તે પોતાનો જન્મ હારી ગયા છે એમ સમજવું.]

□ રમણલાલ ચી. શાહ

# ન્હાનાલાલ કવિ

□ ડૉ. રણજિત એમ. પટેલ (અનામી)

તા. ૧૬-૫-૨૦૦૫ નું 'પ્રબુદ્ધ જીવન' વાંચી શ્રી મહેન્દ્રભાઈ મેઘાણી લખે છે: ' બાદરાયણ પછી બ. ક. ઠા. વિશેનો તમારો લેખ પણ રસથી વાંચ્યો. 'બ્રહ્મચર્ય પાળો' વાળી તેમની શીખ તો આજે પણ કેટલા બધા લેખકોને લાભદાયી થઈ પડે ! આવી સંસ્મરણાત્મક રજૂઆત બીજા સાહિત્યકારો વિષે પણ કરવાના હશો.'

સને ૧૯૩૮ માં, ગુજરાત કૉલેજના મારા સીનિયર પ્રાધ્યાપક શ્રી અનંતરાય રાવળ સાહેબે મારી ઓળખાણ કવિવર ન્હાનાલાલ સાથે કરાવી એને હું મારા જીવનનું સદ્‌ભાગ્ય સમજુ છું. કવિના નામથી ને થોડાક કામથી તો હું પરિચિત હતો જ. મારા ગામની અંગ્રેજી શાળામાં જ્યારે હું બીજા ધોરણમાં ભણતો હતો ત્યારે અમારા વિદ્વાન આચાર્ય શ્રી શંકરપ્રસાદ રાવળે ભક્તકવિ દયારામભાઈ, કવિ ન્હાનાલાલ અને 'ભદ્રંભદ્ર' તથા 'રાઈનો પર્વત' ના લેખક શ્રી રમણભાઈ નીલકંઠનો ઠીક ઠીક ખ્યાલ આપેલો. 'દયારામ રસસુધા' અને 'માંડણ બંધાર' (પ્રબોધ બત્રીસીનો કવિ)-એ બે રાવળ સાહેબના સંપાદનો. ન્હનાલાલનાં 'જય જયંત' અને ઈન્દુકુમાર' નાટકથી પણ અમને પરિચિત કરેલા. કવિનાં કેટલાંય ગીતો એમને કંઠસ્થ. શ્રી શંકરપ્રસાદ અમદાવાદ જાય ત્યારે કવિને મળે ને એમની વાત અમને વર્ગમાં કરે.

પ્રો. અનંતરાય રાવળે કવિને મારો પરિચય કરાવ્યો એટલે પ્રથમ પ્રશ્ન કવિએ કર્યો: 'પટેલ ! તમારું ગામ કયું ? મેં કહ્યું: 'ડભોડા'...એટલે તરત જ કહે:..'સાદરાવાળું ડભોડાં ?' મેં હા કહ્યું: એટલે કહે : 'ડાભોડા તો મેં અનેકવાર જોયું છે.' મેં કહ્યું: 'ક્યારે ?' તો કહે: 'રાજકોટની રાજકુમાર કૉલેજ જેવી સાદરામાં ઠાકોરોની કૉલેજ એજન્સીના વહીવટ નીચે ચાલે, સાદરાની ઠાકોરોની કૉલેજમાં હું અધ્યાપક હતો. સાદરા જવા માટે અમદાવાદથી આગગાડીમાં ડભોડા સુધી આવવું પડે ને ડભોડાથી સીધી બસ સાદરા સુધી જાય.' સાદરામાં ફાર્બસ સાહેબ, કવિના પિતાશ્રી કવિ દલપતરામ, વિદ્યાસભાના અધ્યક્ષ પ્રો. રસિકલાલ છોટાલાલ પરીખ અને 'શેષ' તથા 'ધિરેફ'ના તખલ્લુસથી કાવ્યો ને વાર્તાઓ લખનાર પ્રો. રામનારાયણ પાઠક પણ કેટલાંક વર્ષો ત્યાં રહેલા. સને ૧૯૩૮ માં કવિ એલિસબ્રિજ વિસ્તારમાં આવેલા લાલશંકર ઉમિયાશંકરના બંગલામાં રહે. હું વાડીલાલ સારાભાઈ હૉસ્પિટલ પાછળ આવેલી પાટડી દરબારની સુરજમલજી બોર્ડિંગમાં રહેતો હતો. કવિના બંગલાની નજીક જ ટાઉન હૉલ ને માણેકલાલ જેઠાભાઈ પુસ્તકાલય. ત્યાંથી બે મિનિટને રસ્તે 'આકાશવાણી' ને ગુજરાત કૉલેજ. મારા નિવાસસ્થાનેથી કૉલેજ સુધી ચાલી નાખું તો માંડ દશ જ મિનિટથાય ને રસ્તે કેટલાંક બધાં 'તીર્થસ્થાનો આવે'. ટાઉન હૉલમાં મેં સુભાષ બોઝને સાંભળેલા. ભાષણ આપતાં ભાવાવેશમાં મૂર્છા પામેલા ! માણેકલાલ જે. પુસ્તકાલયમાં હું નિયમિત વાંચવા જતો. 'આકાશવાણી'માં મારા બેત્રણ મિત્રોને ગુજરાત કૉલેજમાં તો અભ્યાસ અંગે જવું જ પડે. કૉલેજ જતાં-આવતાં લાલશંકરના બંગલાના વિશાળ કંપાઉન્ડમાં કવિને આંટા મારતા અનેકવાર જોઉં. સને ૧૯૩૮ થી સને ૧૯૪૬ સુધીમાં...એ આઠ વર્ષમાં હું કવિને અનેકવાર મળ્યો હોઇશ. મોટા ગજાના સાહિત્યકારોમાં લાંબા સમયનો ને ઘનિષ્ઠ પરિચય મારો કવિવર ન્હાનાલાલ સાથેનો. પ્રથમ પરિચયે જ મને કહેલું: 'જુઓ પટેલ ! મારા બંગલાને ઝાંપો કે ખીડકી નથી. દરવાજા સદાય ખુલ્લા છે...મકાનના ને દિલના...પણ મને જીરવવો કપરો છે.' હું મૌન રહ્યો. મારાં ખાદીનાં વસ્ત્રો જોઈ કદાચ કવિ આવું બોલ્યા હોય એવી મને શંકા થઈ. છૂટા પડ્યા બાદ રસ્તામાં પ્રો. રાવળ સાહેબે મને સૂચના આપી કે કવિને ત્યાં અવારનવાર જવું પણ કૉંગ્રેસ કે કૉંગ્રેસીઓની વાત ભૂલેચૂકે પણ કરવી નહીં.' મેં ખાસ્સાં આઠ વર્ષ સુધી પ્રો. રાવળ સાહેબની સૂચનાનો ચુસ્ત અમલ કર્યો..ને અમારો સંબંધ શાશ્વસ્ત સુખદ રહ્યો.

એકવાર મેં 'મોડર્ન રીવ્યૂ' માં પ્રો. હીરાલાલ કાપડિયાનો ન્હાનાલાલ વિષયક લેખ વાંચેલો. એમાં એમણે એવું વિધાન કર્યાનું સ્મરણ છે કે કવિનું સાહિત્ય વાંચનાર ને કવિને પ્રત્યક્ષ મળનારને એકને બદલે બે ન્હાનાલાલ હોવાનો ભ્રમ થાય ! પ્રો. કાપડિયાની વાત મને તો શું, કોઈને પણ સાચી લાગે. 'જયા જયંત', 'ઇન્દુકુમાર', શાહાનશાહ અકબરશાહ ! કે 'સંઘમિત્રા'ના નાટ્યકાર-કવિ ન્હાનાલાલ જુદા અને સાધારણ શિક્ષિત, તળપદી ભાષામાં વ્યવહારુ વાત કરનાર ન્હાનાલાલ જુદા. આ વાત તો કલ્પનાસમ્રાટ 'સાક્ષરવર્ય શ્રી ગો. મા. ત્રિપાઠી માટે પણ સાચી હતી.

સને ૧૯૪૦ માં, ગુજરાત કૉલેજમાં મારે 'ગુજરાતી સાહિત્યમંડળ'ના ઉપક્રમે પ્રો. ઠાકોરની અર્થઘન કવિતા સંબંધે વ્યાખ્યાન આપવાનું હતું. આ વિષયની ચર્ચા કરવા માટે હું કવિને બંગલે ગયો તો કહે: 'ઠાકોરે આજ સુધીમાં કેવળ બે જ ઉત્તમ કાવ્યો લખ્યાં છે. 'ખેતી' અને 'રાસ'. મેં એમનાં 'ભણકાર' ને 'મારાં સોનેટ'ના પ્રેમ-વિષયક...દામ્પત્ય વિષયક કેટલાંક સારાં કાવ્યોની વાત કરી પણ મારી વાતમાં તેઓ સંમત થયા નહીં. મેં ઠાકોરના 'આરોહણ' કાવ્યની વાત કરી તો કહે: 'એ બધો બુદ્ધિનો પ્રપંચ છે. એમાં કાવ્ય નથી. મેં 'મોગરો', 'વધામણી' જેવાં કેટલાંક સારાં સોનેટની વાત કરી પણ મૂળે જ એમને 'સોનેટ'ના કાવ્ય પ્રકાર પરત્વે ઉમળકો જ નહીં. નરસિંહરાવની જેમ એ પણ એને વિદેશી ભૂમિનો છોડ માને...બ. ક. ઠાકોરે પ્રચલિત કરેલ સોનેટ પ્રકારમાં શ્રી ન. ભો. દીવેટિયા ને કવિ ન્હાનાલાલે અકકેક સોનેટ લખ્યાનું સ્મરણ છે. બ. ક. ઠાકોરને મતે, તે કાળે સારા કવિઓ બેઃકાન્ત ને કલાપી. મને ન્હાનાલાલની ઉપેક્ષા થઈ લાગે છે.

કવિ 'કાન્ત'ની સાથે, પ્રો. બ. ક. ઠાકોરની પ્રગાઢ મૈત્રી. 'વિવિધ વ્યાખ્યાનો'-ગુચ્છ-૨, પૃ. ૧૦૪ પર ઠાકોર કહે છેઃ'મણિશંકર અને મ્હને જેવા અમારા બેનો અભેદ લાગતો હતો તેવો એમને કે મને બીજા કોઈ સાથે નહીં. 'ભણકાર'ના ગુચ્છ ૩ માં ઠાકોરે કાન્ત વિષયક નવેક કાવ્યો લખ્યાં છે તો 'પૂર્વાલાપ'માં કાન્તે પણ ઠાકોરને ઉદ્દેશીને કેટલાંક કાવ્યો લખ્યાં છે. 'પૂર્વાલાપ'માં ઠાકોર વિષયક ને 'ભણકાર'નાં કાન્ત-વિષયક કાવ્યોમાં બંને મિત્રોના હૃદયજીવન ને બુદ્ધિજીવનના સ્પષ્ટ ધબકાર સંભળાય છે. આ બંનેની મૈત્રી સંબંધે વાત નીકળતાં કવિ ન્હાનાલાલ કહે: 'એ બંનેની વાત સાચી છે પણ કાન્તે ખ્રિસ્તી ધર્મનો સ્વીકાર કર્યો પછી પ્રો. ઠાકોરના પ્રેમ સંબંધમાં એકદમ ઓટ આવેલી ને એ સંબંધ કેવળ નામનો જ રહેલો. કાન્તનાં પત્ની નર્મદાગૌરીની સુવાવડ વખતે ઠાકોરની મૈત્રી ક્યાં ગયેલી ? નર્મદાગૌરીની સુવાવડ કરવા તો મારી માણેક ગયેલી.' કવિના આ વિધાનની ચોકસાઈ કરવા હું ગયો નથી. પ્રો. રામનારાયણ પાઠક કે શ્રી મુનિકુમાર ભટ્ટ કે શ્રી ભૃગુરાય અંજારિયા અધિકારપૂર્વક કંઈક કહી શકે પણ એક વાતની મને પ્રતીતિ થઈ ગયેલી કે કવિને પ્રો. બ. ક. ઠાકોર સાથે મેળ નહોતો !' 'જયા જયંત' નાટકની કડક

આલોચના કરનાર ને કવિને સંસ્કૃતનું જ્ઞાન નથી એમ કહેનાર શ્રી ન. ભો. દીવેટિયા માટે કવિને અભાવ નહોતો. બલ્કે એમના ભક્તહૃદય માટે અહોભાવ હતો. કાર્ડિનલ ન્યૂમેનના Lead kindly light–પ્રાર્થના કાવ્યના 'કાન્ત' અને શ્રી ન. ભો. દીવેટિયાના અનુવાદો...'ઓ સ્નેહજ્યોતિ ! દોરો, દોરો, દોરો રે મને' અને પ્રેમળ જ્યોતિ ત્હારો દાખવી, મુજ જીવનપંથ ઉજાળ'–માં ન્હાનાલાલ 'કાન્ત' કરતાં ન. ભો. દી. ના અનુવાદને સારો ગણતા હતા, અલબત્ત, કાન્ત મિત્ર હોવા છતાંય !

કવિવર ન્હાનાલાલને ત્યાં રાષ્ટ્રીય શાયર મેઘાણીભાઈ, 'ધૂમકેતુ', ઉમાશંકર જોષી, પ્રો. ફિરોજ કાવસજી દાવર, પ્રો. બાલચંદ્ર પરીખ, ડૉ. તનસુખ ભટ્ટ, સ્નેહરશ્મિ, દેશળજી પરમાર, ઈન્દુબહેન મહેતા, બલ્લુભાઈ દીવાન, શ્રી પ્રભુદાસ પટવારી, શ્રી વિષ્ણુ ભટ્ટ વગેરે અવારનવાર આવતા. પ્રો. રાવળ સાહેબ તો અનેકવાર એમને દર્શને જતા. 'મળેલા જીવ' લઈને શ્રી પન્નાલાલ પટેલ ગયેલા પણ એમને સુખદ અનુભવ થયેલો નહીં ! કવિના કહેવા પ્રમાણે તેઓ ત્રણેકવાર પ્રો. આનંદશંકર ધ્રુવને બંગલે ગયેલા પણ ધ્રુવ સાહેબ એક્કેય વાર કવિને ત્યાં ગયેલા નહીં...આ પ્રસંગની વાત કરતાં કહેઃ 'કર્ટસી જેવી કોઈ ચીજ ખરી ? વન–વે–ટ્રાફીક આપણને ન પાલવે, પણ ધ્રુવ સાહેબ માટે એમને ઠેઠ સુધી માનની લાગણી હતી. કવિનો પૂજ્યભાવ ત્રણ પ્રત્યે ઊભરાઈ જતો જોવા મળે. કહેઃ આ મસ્તક ત્રણ જણાને નમ્યું છે. એક પરમાત્માને, બીજા મારા ગુરુ પ્રો. કાશીરામ દવેને ને ત્રીજા સાક્ષરવર્ય શ્રી કેશવ હર્ષદ ધ્રુવને. હું અંગત રીતે જાણું છું કે કવિને પ્રો. વિષ્ણુપ્રસાદ ર. ત્રિવેદી માટે પણ સદ્ભાવ હતો.

એકવાર સાંજના હું કવિને બંગલે ગયો તો બહાર જવા માટે તૈયાર થતા હતા. મેં પૂછ્યું તો કહેઃ 'પાટડી દરબાર શ્રી પ્રતાપસિંહજી દેસાઈને બંગલે જાઉં છું...તારે આવવું છે ? શ્રી દેસાઈ મારા સારા 'પેટ્રોન' છે. હું પાટડી દરબારની બોર્ડિંગમાં જ રહેતો હતો...એમના એક પિતરાઈ ભાઈ જેમની ગુજરાત કૉલેજ પાસે નર્સરી હતી તેમને પણ હું ઓળખતો હતો...સને ૧૯૩૮ માં એમણે મારા પ્રથમ કાવ્યસંગ્રહ 'કાવ્યસંહિતા'ની પચાસ નકલો ખરીદેલી...પ્રતાપસિંહની દીકરી પદ્માબહેન તે અંબિકા મિલ્સવાળા શેઠ શ્રી જયકૃષ્ણ હરિવલ્લભદાસનાં ધર્મપત્ની ને જયકૃષ્ણભાઈ શેઠ અમારા ગામના ભાણાભાઈ...એટલે કવિ સાથે જવામાં કોઈ જ વાંધો નહોતો. પણ મને એ ઉચિત લાગ્યું નહીં. કવિની આર્થિક મુશ્કેલીમાં પાટડી દરબારે ઠીક ઠીક મદદ કરેલી.

કવિ, મોટે ભાગે પોતાનાં પ્રકાશનો જાતે જ કરતા. લગભગ ૩૦૦ નકલો ખપે એટલે રોકેલી મૂડી ગજવામાં આવી જાય. આવાં લગભગ સાતેક ડઝન પ્રકાશનો થયેલાં. એમના બંગલાની અંદર પુસ્તકોની દીવાલે હજ્જારો પુસ્તકો. એકવાર બન્યું એવું કે કુટુંબમાં નાદાન બાળકોને પુસ્તકો આપીને ખૂમચાવાળા પાસેથી સેવ–મમરા લીધા. કવિને આની જાણ થઈ...એટલે આક્રોશપૂર્વક નહીં પણ કરુણાભાવથી મને કહેઃ 'જોયું ને ! મારા જયા–જયંત' ને 'ઇન્દુકુમાર' સેવ–મમરા રળે છે ! મારા જીવતેજીવત જો આ દશા છે તો મારા મૃત્યુ પછી શું ? એમના મૃત્યુ પછી પુસ્તકોના ઘણાં સેટ પડી રહેલા. એમના પૌત્ર અશોક કવિએ એકવાર મને મળીને આ બધા 'સેટ'નું કૈંક કરવાનું કહ્યું. તે વખતનાં ગુજરાત રાજ્યનાં ડેપ્યુટી ડાયરેક્ટર ઓફ એજ્યુકેશન...શ્રીમતી કુસુમબહેન શંકરભાઈ પટેલ મારાં મિત્ર હતાં. તાકડે વાકળ કેળવણી મંડળના મકાનમાં વડોદરા જિલ્લાની હાઈસ્કૂલોના આચાર્યોનું અધિવેશન હતું. શ્રીમતી કુસુમબહેનને હું મળ્યો ને કવિના સેટના વેચાણમાં મદદ કરવાની વિનંતી કરી. એમણે મારી વિનંતી સ્વીકારી ને મને કવિવર ન્હાનાલાલ ઉપર ભાષણ કરવા કહ્યું. મેં કલાકેક ભાષણ આપ્યું ને જે તે હાઈસ્કૂલોના આચાર્યોને બે સેટ ખરીદવા અપીલ કરી. ઘણો સારો પ્રતિભાવ સાંપડ્યો. મેં પણ બે સેટ ખરીદેલા. કવિનું ઋણ ચૂકવવાની મને આવી સુવર્ણ તક મળી તેને હું મારું સદ્ભાગ્ય સમજું છું. હું જાણું છું એ પ્રમાણે ઈંગ્લેન્ડ–આફ્રિકામાં પણ થોડુંક વેચાણ થયેલું. આ વિધાન હું મારા કવિ–બેરીસ્ટર મિત્ર શ્રી ડાહ્યાભાઈ પટેલ (કવિ દિનેશ)ની વાતચીતને આધારે કરું છું. એમણે પણ કવિનાં પુસ્તકોના વેચાણમાં થોડીક મદદ કરેલી.

સને ૧૯૪૩ માં એક વિચિત્ર ઘટના ઘટી. એમ.એ.માં મારી સાથે ભણતાં એક બહેનને મુંબઈની એક સંસ્થાની ઈનામી હરીફાઇમાં ભાગ લેવાની ઈચ્છા થઈ. એમણે વિષયની ચર્ચા કરી મારી પાસેથી કેટલાંક પુસ્તકોની માગણી કરી. એ પુસ્તકો મેળવીને હું આપવા ગયો તો ઘરે કોઈ મળે નહીં ને તાકડે મારે ઉનાળાની રજાઓમાં મારે ગામ જવાનું થયું...એટલે એ પુસ્તકો પેલાં બહેનને આપવા હું કવિની દીકરી ચિ. ઉષાને આપીને ગયો. પેલાં બહેન આવ્યાં એટલે ઉષાએ પુસ્તકો તો આપ્યાં પણ કવિને આ વાતની ખબર પડી. એટલે એમણે તો મારે વતનને સરનામે ત્રણ કે પાંચ પૈસાનું પોસ્ટ–કાર્ડ લખી નાંખ્યુંઃ કાર્ડમાં કેવળ બે જ વાક્યો લખેલાંઃ 'એક કહું ? જુવાન છોકરીઓ સાથે ઝાઝી લપ્પન છપ્પન રાખવી સારી નહીં.' અમારા સંયુક્ત કુટુંબમાં ખાસ્સાં વીસ માણસો. સારું થયું કે પોસ્ટ–કાર્ડ મારા હાથમાં આવ્યું. આ પ્રસંગ પછી અનેકવાર મળવાનું થયું પણ એમણે કે મેં પેલા પોસ્ટકાર્ડની વાત જ કરી નથી. કવિ, ખૂબ જ પ્યુરીટન પ્રકૃતિનાં.

સને ૧૯૫૧ માં મારા વડીલ બંધુ શ્રી મણિભાઈ એમ. પટેલ, વડોદરાની મ. સ. યુનિ.માં બી. ટી. નો કોર્સ કરતા હતા ત્યારે કવિનો દીકરો જયંત એમનો સહાધ્યાયી હતો. કવિના મારી સાથેના સંબંધને કારણે એમની વચ્ચે મૈત્રીભાવ જામેલો.

આઠ સાલ દરમિયાન મેં એ જોયું છે કે કવિની ખૂબી અને ખુમારીનો, કોઠે પડી ગયેલી ગરીબાઈએ, સ્વપ્ને પણ પરાભવ કર્યો નથી. એ એમની સિસૃક્ષા–ધૂન કે ખુમારીમાં અહર્નિશ મસ્ત રહેતા. સાહિત્યસર્જનની કૈંકને કૈંક પ્રવૃત્તિ કર્યા જ કરે. મૌલિક ન લખાય તો સંસ્કૃત શિષ્ટ ગ્રંથોનાં ભાષાન્તર કરે. જે દિવસે કશું જ ન લખાય તો એમનાં કુલયોગિની માણેકબાઇને ઉદ્દેશીને કહેવાના; 'બાઈ ! આજે તારા રોટલા મફતના ટીચ્યા.' માણેકબાઈને તેઓ 'બાઈ' કહીને બોલાવતા. હું એમને બંગલે જાઉં તો પત્નીને કહેઃ 'બાઈ ! પટેલ આવ્યા છે'...બુલંદ પડછંદ, ઘોઘરા અવાજે નવા લખાયેલાં ગીતોમાંથી કો'ક ગાઈ બતાવે, બુલંદ રાગમાં, ઘરમાં રહીને પણ અવાજ તો બુલંદ–ભલેને ગીતનો ભાવ ગમે તે હોય ! મારી સમક્ષ ગાયેલું **'મધરાતનો પેલો મોરલો'**ની કેકા હજીય મારા કર્ણપુરમાં ગૂંજ્યા કરે છે–છ દાયકા બાદ પણ. 'ટેરો આ ગયો' એ પદ પણ ગાયેલું.

પ્રો. બ. ક. ઠાકોરે એમના જમાનાના બે કવિઓનો ઉલ્લેખ કર્યો–'કાન્ત' ને 'કલાપી'નો–એ કાળની દૃષ્ટિએ યોગ્ય હશે પણ 'કાન્ત'ના ચાર ખંડકાવ્યો અને કેટલાક અન્વયે સુંદર ગીતો...સરવાળે એમનું સર્જન સીમિત છે. જ્યારે કલાપીનું સર્જન ઘણું બધું છે. પણ કાચુય ઓછું નથી. કવિતાને કલાપીએ લોકપ્રિય બનાવી પણ લોકપ્રિયતા એ ઉંચી કવિતાની પારાશીશી નથી. 'અર્વાચીન કવિતા'માં સુંદરમ્ કહે છે તે પ્રમાણે 'કાન્ત'ની કવિતા ગુજરાતી કવિતામાં કળાની વસન્તના આગમન જેવી છે તો કાન્તની પાછળ પાછળ ચાલ્યા

આવતા ન્હાનાલાલની કવિતા એ કળાવસંતના ઉત્સવ જેવી છે. ન્હાનાલાલનું કાવ્ય, શબ્દ, અર્થ અને ભાવનાઓ, સૌંદર્ય અને રસમાં કોક નવીન સત્ત્વવાળી ફોરમથી મઘમઘી ઉઠે છે. એમની કવિતામાં પ્રાચીન અને અર્વાચીન કાવ્ય કળાનું કાન્ત કરતાં ભિન્ન રીતિનું અભિનવ સમૃદ્ધિવાળું મિશ્રણ જોવામાં આવે છે. 'કાન્ત'ની ને ન્હાનાલાલની વિશેષતાઓ દર્શાવતાં સુંદરમ્ લખે છે. 'પ્રાચીન અંતર્દેશીય સંસ્કૃત કવિતા અને વિદેશી અંગ્રેજી કવિતા તથા અર્વાચીન ગુજરાતી કવિતામાં ઉત્તમ તત્ત્વોનો મેળ અત્યાર લગી 'કાન્ત'માં સિદ્ધ થયો હતો. ન્હાનાલાલે એ ત્રિવિધ સિદ્ધિમાં આપણાં મધ્યકાલીન જીવનની, ભાષાની, કવિતાની અને રંગદર્શિતાની છટા ઉમેરી ગુજરાતી ભાષામાં એક નવીન મઘમઘાટ, એક નવીન અર્થછટા પ્રગટાવી. ન્હાનાલાલની સમગ્ર કવિતાનું મહાન પ્રસ્થાન તે આ છે.' વિશેષમાં આચાર્યશ્રી આનંદશંકર ધ્રુવ કહે છે તેમ, ન્હાનાલાલ જેટલા 'તેજે ઘડિયા' શબ્દો ગુજરાતી કવિતાને બીજા કોઈ કવિએ ભાગ્યે જ આપ્યા હશે.'

'જગત-કાદમ્બરીઓમાં સરસ્વતીચંદ્રનું સ્થાન'ના લેખક-કવિ મને અનેકવાર કહેતા... વિશ્વના અર્થ-બજારમાં ડોલર ને પાઉન્ડની તુલનાએ રૂપિયાનું મૂલ્ય શું ? વિશ્વ સાહિત્યમાં આપણા સાહિત્ય ને સાહિત્યકારોનું સ્થાન શું ?' એમની દૃષ્ટિ આવી વિશાળ હતી. હું માનું છું કે કવિતામાં ભવ્યતા (Sublime) ના નિરૂપણની દૃષ્ટિએ આદિ કવિ નરસિંહ પછી કવિવર ન્હાનાલાલનું સ્થાન છે. આના સમર્થનમાં એમના અનેક કાવ્યો ટાંકી શકાય તેમ છે.

કવિ એમની ડોલન શૈલીમાં લખાયેલી મોટી કૃતિઓની પ્રેસકોપી મને વાંચવા આપતા. કોઈ સૂચન સુધારા માટે કહેતા પણ હું શું સૂચવવાનો હતો ! મને એ ભેટ નકલ આપે તો પણ હું એનું મૂલ્ય ચૂકવતો. મને કહે: 'તું પટેલ થઈ આટલું કેમ સમજતો નથી.' તારા ખળામાંથી કોઈને તું સૂપડું કે સૂંડલો ભરીને અનાજ આપે તો તું એના પૈસા લે છે ? આ પણ મારા ખળાનો પાક છે, એના પૈસા ન લેવાય, છતાંયે બે પુસ્તકોના અપવાદ સિવાય મેં બધી જ કૃતિઓની જે તે કિંમત ચૂકવી છે; એટલું જ નહીં પણ એમની બધી જ કૃતિઓનો એક સેટ ખરીદી કલાપીના મિત્ર 'દીવાને સાગર'વાળા સાગર મહારાજની ચિત્રાલની હાઈસ્કૂલને ભેટ આપ્યો છે. જે બે કૃતિઓના પૈસા મેં નહોતા આપ્યા તે છે 'હરિદર્શન' અને 'વેણુવિહાર'. 'હરિદર્શન'માં આવતું ગીત 'મધરાતનો મોરલો' કવિએ મને ગાઈ સંભળાવેલું. કવિના બંગલાની પાસે-પ્રવેશદ્વાર નજીક-મેંદીનું ઝૂંડ હતું. એમના કહેવા પ્રમાણે એમને એ મેંદી ઉપર કૃષ્ણનું પ્રત્યક્ષ દર્શન થયેલું...આ અંગત અનુભૂતિની કથા 'હરિદર્શન'માં છે-એમના જ શબ્દોમાં:-

'ત્હાં તો તેજલ વેલ કો ઝળહળી, જ્વાળા વિરાટે ઢળી,
ઝૂલન્તો ઝબકાર એક ઝબક્યો, વેણુ થઈ વીજળી;
ખૂલ્યાં દ્વાર અનન્તનાં, હરિ ગયા-હૈયે શું ? વા વ્યોમમાં ?
ને ત્હાં બ્રહ્મકુમારની પગલીઓ યાત્રી ઊભો ઢૂંઢતો.
રેલાયે પ્રભુપૂર પૃથ્વિપટમાં પ્રાતઃસમે પ્રોજ્જવળાં,
ને પાછાં વળી જાય, રશ્મિ વિશમે સાયં સમે સૂર્યમાં;
લ્હેરી લ્હેરખડો હસી, ઉરવસી, ડોલી, દિગન્તો ભરી,
આવ્યો આંગણિયે, રમ્યો, શમી ગયો અંભોધિ અમ્ભોધિમાં:
'મારાં નયણાંની આળસ રે ન નિરખ્યા હરિને જરી' ગાનારને
આંગણિયે સ્વયં હરિ રમી ગયો ને સાગરમાં સાગર શો સમાઈ ગયો !

ખૂબ ઓછા સાહિત્યકારોનાં દામ્પત્યજીવન આટલાં બધાં સુખી, પ્રસન્ન, સંતોષપ્રદ ને ઉભય-ઉપકારક બન્યાં હશે.' મારા આઠ સાલના અનુભવમાં મેં જે જીવનનો સંવાદ જોયો-જાણ્યો છે તે કલ્પનાતીત છે. કવિએ પત્નીને ઉદ્દેશીને લખેલાં કેટલાંક કાવ્યોમાં-'પ્રાણેશ્વરી', 'કિરીટ', 'આપણી લગ્નતિથિ', 'સ્હાંજના પડછાયા', 'સંસ્કૃતિનું પુષ્પ' અને આ બધામાં આગવી ભાત પાડે એવા 'કુળયોગિની'માં, પ્રસન્ન દામ્પત્યજીવનમાં સુખ-સંતોષ સુપેરે આલેખાયાં છે. 'ગુજરાતનો તપસ્વી'માં પૂ. કસ્તુરબાનું જે અદ્ભુત શબ્દચિત્ર...ગુણચિત્ર અંકિત થયું છે તે પણ કવિના આવા અભિગમનું દ્યોતક છે.

અમારા ગામનો લાલુ મીર અતિ બોલકો (Vocal)...થોડોક વાયડો પણ ખરો. મૂક ચલચિત્રોના જમાનામાં એ પિક્ચરની કોમેન્ટ્રી આપતો. પંચોતેર સાલ પૂર્વે મને મળ્યો ને વાતવાતમાં દલપત-નર્મદની ચર્ચા થઈ...એ ચર્ચા દરમિયાન કવિ ન્હાનાલાલનું એ ઘસાતું બોલ્યો. કવિત કોનું છે એ મને ખબર નથી પણ જિન્દગીમાં પ્રથમવાર મેં સાંભળ્યું લાલુ મીરને મુખેથી:-

ડાહ્યા ભાઈનો દીકરો, દલપત જેનું નામ,
ડફોળ પાક્યો ન્હાનિયો, બોળ્યું બાપનું નામ.

એના જમાનામાં કવિઓ બેઃ દલપત ને નર્મદ. મારા દાદા ને પિતાજી પણ એ બે કવિઓને ભણેલા. એ બેમાં પણ લોકપ્રિયતાની દૃષ્ટિએ દલપત ચઢે. લાલુ મીર ન્હાનાલાલ સંબંધે ખાસ કશું જાણે નહીં. મેં એને ન્હાનાલાલની કેટલીક વાતો કરી અને પેલો દૂહો આ પ્રમાણે કહ્યો:-

'ડાહ્યાભાઈનો દીકરો, દલપત જેનું નામ;
સપુત પાક્યો ન્હાનિયો દીપવ્યું બાપનું નામ.'

ગુજરાતી ભાષા-સાહિત્યના ઈતિહાસમાં, પિતા-પુત્રે ખાસ્સી ૧૧૪ વર્ષની અતૂટ સેવા આપી હોય એવા કિસ્સા કેટલા ? કદાચ વિશ્વ-સાહિત્યના ઇતિહાસમાં આવી ઘટનાઓ વિરલ હશે !

કેટલાક વિવેચકો 'કાન્ત'ને ચાર ખંડકાવ્યોના સારા ને સફળ કવિ તરીકે ઓળખાવે છે તો કવિ બ. ક. ઠાકોર કહે છે. 'કાન્તે વત્સલનાં નયનો' ને 'સાગર અને શશી' લખીને હાથ ધોઈ નાખ્યા છે.' વિવેચનની આ એક શૈલી છે. સારાં, સફળ કાવ્યો કોઈપણ કવિએ વધુમાં વધુ સંખ્યામાં આપ્યાં હોય તો, સંભવ છે કે તેમાં કવિવર ન્હાનાલાલનો નંબર પ્રથમ આવે. ધોરણ પાંચમામાં ભણતો હતો ત્યારથી મારા પ્રિયમાં પ્રિય કવિ બે રહ્યા છે. 'કાન્ત' ને ન્હાનાલાલ. મારા પર વધુમાં વધુ અસર એ બે કવિઓની રહી છે. આજે પણ એ બે કવિઓનું આકર્ષણ ઓછું થયું નથી. કવિતાને ને કુંદનને કાળનો પણ કાટ ચઢતો નથી. સાચી કવિતાની એ ચરમ ને પરમ કસોટી છે.

વડનગરના ગુજરાતખ્યાત સેવાભાવી નેત્રરોગ-નિષ્ણાત ડૉ. વસંતભાઈ પરીખ સારા સાહિત્યકાર પણ છે. એમણે અમૃતનું સુંદર સંપાદન કર્યું છે...તેમાં પૃ. ૫૯ ઉપર મકરંદ દવેનું આ લખાણ ઉધ્ધૃત કર્યું છે:-

'કવિના અવસાન દિને સવારમાં દેશળજી પરમાર આવ્યા. બોલ્યા: 'કવિ ગયા'. સમાચાર આપતાં તે ધ્રુસકે ધ્રુસકે રડી પડ્યા. ગુજરાતના આ મહાન કવિની (ન્હાનાલાલની) સ્મશાનયાત્રામાં માંડ પંદર વીસ જણ હતા. ગાંધીજી, સરદાર અને કોંગ્રેસ સામેનો કવિનો વિરોધ જાણીતો હતો, પણ એટલા માટે જ આ ઉપેક્ષા ? અવજ્ઞા ? કે પછી એક સાહિત્યસ્વામીના મૂલ્યની અવગણના ? આ મહાનગરમાંથી ગુજરાતના મહાકવિની ચિર વિદાય વેળાએ મુઠ્ઠીભર માણસો હોય એની નામોશી આટલા વરસે પણ હૃદયને કોરી ખાય છે.' કવિનું અવસાન થયું ત્યારે હું પેટલાદ કૉલેજમાં ગુજરાતીનો પ્રોફેસર હતો.

# શ્રી દેવચંદ્રજી રચિત શ્રી વિમળનાથ જિન સ્તવન

□ સુમનભાઈ શાહ

સ્વ-દ્રવ્ય, ક્ષેત્ર, કાળ અને ભાવની અપેક્ષાએ શ્રી વિમળનાથ પ્રભુના દરેક આત્મ-પ્રદેશમાં રહેલા અનંતા ગુણ-પર્યાયોની અસ્તિતા છે, તેમ જ 'પર' દ્રવ્યોની પ્રત્યેક સમયે નાસ્તિતા છે. આમ પરમાત્મામાં 'સ્વ' અને 'પર' ગુણ-પર્યાયોની સમકાલે અસ્તિતા અને નાસ્તિતા રહેલી છે, જે તેઓની વિશુદ્ધતા કે વિમલતા વ્યક્ત કરે છે. જે ભવ્યજીવ આદર અને બહુમાનપૂર્વક પ્રભુની નિર્મળતાનું ગુણકરણ, મનન, ચિંતન, ધ્યાનાદિરૂપ ઉપાસના કરે છે, તેમાં એકાકાર થઈ અભેદ થવાની રુચિ ધરાવે છે તે પોતાનું સત્તાગત આત્મ-સ્વરૂપ પ્રગટ કરવાનો અધિકારી નીવડે છે. હવે સ્તવનનો ગાથાવાર ભાવાર્થ જોઇએ.

**વિમલજિન વિમલતા તાહરીજી, અવર બીજે ન કહાય;**
**લઘુ નદી જેમ તેમ લંઘીએજી, સ્વયંભૂરમણ ન તરાય.**

**વિમલજિન....૧.**

હે વિમલનાથ પ્રભુ ! આપે જે આત્મિક જ્ઞાન દર્શનાદિ ગુણોનું સંપૂર્ણ નિરાવરણ કરી નિર્મળતા પ્રગટ કરી છે તેનું વર્ણન કરવું મારા જેવા છદ્મસ્થ માટે અશક્ય છે. સર્વજ્ઞ ભગવંત પોતાના કેવળજ્ઞાન ગુણથી શુદ્ધ-સ્વરૂપને જાણતા હોવા છતાંય તેઓથી પરિપૂર્ણ વર્ણન કરી શકાતું નથી, કારણ કે વચન-વ્યવહાર સીમિત અને ક્રમિક છે. દાખલો આપતાં સ્તવનકાર જણાવે છે કે નાની નદીને જેમ તેમ કરી તરી શકાય, પરંતુ અસંખ્ય કોડાકોડી યોજનના વિસ્તારવાળા સ્વયંભૂરમણ મહાસાગરને કેવી રીતે ઓળંગી શકાય ? હે પ્રભુ ! આપના લોકાલોક પ્રકાશક કેવળ જ્ઞાન-દર્શનાદિ સ્વરૂપનો પાર પામી શકાય તેમ નથી.

**સયલ પુઢવી ગિરિ જલ તરુજી, કોઈ તોલે એક હથ્થ;**
**તેહ પણ તુજ ગુણ-ગણ ભણીજી, ભાખવા નહીં સમરથ.**

**વિમલજિન...૨.**

ધારો કે કોઈ બળવાન અને બુદ્ધિશાળી માનવ સમસ્ત પૃથ્વી, પાણી, પર્વત, વનસ્પતિ વગેરે એક હાથે ઉઠાવી, માપી કે ગણી શકવા કદાચ ક્ષમતા ધરાવે, પરંતુ હે પ્રભુ ! તે આપના ક્ષાયિક-ભાવે પ્રવર્તતા સઘળા આત્મિક-ગુણોને કહી શકવા કે ગણવા સમર્થ નથી. કોઈ કેવળી પોતાના જ્ઞાનગુણના ઉપયોગથી શ્રી વિમળનાથ પ્રભુના આત્મિક ગુણોની વિશાળતા અવશ્ય જાણી શકે પરંતુ તેને વાણીથી પૂરેપૂરું કહી શકાય નહીં એટલી અનંતતા છે.

**સર્વ પુદ્‌ગલ નભ ધર્મનાજી, તેમ અધર્મ પ્રદેશ;**
**તાસ ગુણ ધર્મ પજ્જવ સહુજી, તુજ ગુણ ઈક તણો લેશ.**

**વિમલજિન...૩**

સમસ્ત લોકમાં રહેલ પુદ્‌ગલ, આકાશ, ધર્મ, અધર્માસ્તિકાયના (અજીવ દ્રવ્યો) અસંખ્ય પ્રદેશો અને દરેક પ્રદેશમાં રહેલ ગુણ-પર્યાયોનો જો સરવાળો કરવામાં આવે તો તે પ્રભુને પ્રગટપણે વર્તતા કેવળ-જ્ઞાનાદિ ગુણનો એક અંશ માત્ર છે. ઉપરોક્ત અજીવ દ્રવ્યોમાં રહેલા સર્વ-ભાવોનું ત્રિકાલિક જાણપણું એક સમય માત્રમાં કરવાનું સામર્થ્ય શ્રી તીર્થંકર પરમાત્મામાં છે, એવી વિશાળતા તેઓની છે. ટૂંકમાં કેવળજ્ઞાન ગુણની શક્તિ અજીવદ્રવ્યોના સઘળા ભાવોથી અનંત-ગણી અધિક છે.

**એમ નિજભાવ અનંતની જી, અસ્તિતા કેટલી થાય;**
**નાસ્તિતા 'સ્વ'-'પર' પદ અસ્તિતાજી, તુજ સમ કાલ જણાય.**

**વિમલજિન...૪**

શ્રી તીર્થંકર પ્રભુના જ્ઞાન, દર્શન, ચારિત્ર્ય, વીર્યાદિ અનંત સ્વગુણોના શુદ્ધ પરિણમનની અસ્તિતા વિશાળ છે. તેમ જ તેઓને 'પર' પુદ્‌ગલાદિ અજીવ-દ્રવ્યોના ગુણ-પર્યાયોની નાસ્તિતા પણ પ્રત્યેક સમયે વર્તે છે. સ્તવનકાર વિશેષ ફોડ પાડી જણાવે છે કે જે 'પર' પદાર્થોના ગુણ-પર્યાયોની નાસ્તિતા છે, તેનું તેઓમાં અસ્તિતા છે. ટૂંકમાં 'સ્વ' અને 'પર'ના ગુણ-પર્યાયોની અસ્તિતા અને નાસ્તિતા દરેક સમયે પ્રભુને વર્તે છે, જેની અનંતતાનું વર્ણન કરવું અશક્યવત્ છે.

**તાહરા શુદ્ધ સ્વભાવને જી, આદરે ધરી બહુમાન;**
**તેહને તેહી જ નીપજે જી, એ કોઈ અદ્‌ભુત તાન.**

**વિમલજિન...૫**

પ્રસ્તુત ગાથામાં સ્તવનકારે સાધકને મુક્તિમાર્ગમાં ચઢતા પરિણામો કેવી રીતે સાધ્ય કરી શકાય તેની સરળ રીત બતાવી છે. સૌ પ્રથમ તો સાધક શ્રી તીર્થંકર પરમાત્માને પ્રગટપણે વર્તતા અનંતા સ્વ-ગુણોને ગુરુગમે ઓળખે. આવા જ ગુણો સાધકની સત્તામાં અપ્રગટપણે (આવરણયુક્ત) રહેલા છે, તે પણ ગુરુગમે જાણે. સાધક સદ્‌ગુરુની નિશ્રામાં પ્રભુને વર્તતા આત્મિક શુદ્ધગુણોનું શ્રદ્ધાપૂર્વક સ્મરણ, મનન, ચિંતન, ધ્યાનાદિ આદર અને બહુમાનથી આરાધન કરે. સાથે-સાથે સાધકમાં અનાદિકાળથી જડ ઘાલી ગયેલ દોષો ઓળખી તેનો હૃદયપૂર્વક પશ્ચાત્તાપ કરી, ફરી આવા દોષો ન થાય તેનો દૃઢ નિશ્ચય કરે. સાધકની આવી ધ્યેયલક્ષી ઉપાસનાથી પોતાના સત્તાગત નિજગુણો નિરાવરણ થવા માંડે. છેવટે સાધક પોતાનું નિર્મળ, અદ્‌ભુત અને આનંદમય સ્વરૂપનો આસ્વાદ કરવાનો અધિકારી નીવડે.

**તુમ પ્રભુ તુમ તારક વિભુજી, તુમ સમ અવર ન કોઈ;**
**તુમ દરિશણ થકી હું તર્યો જી, શુધ્ધાવલંબન હોઈ.**

**વિમલજિન...૬**

હે વિમલનાથ પ્રભુ ! આપ તરણતારણ અને પતિતપાવન છો. આપની કૃપા અપરંપાર છે. આપ ભવરોગ નિવારક સુજાણ વૈદ્યરૂપ છો. હે પ્રભુ ! ગુરુગમે મને નિશ્ચય-વ્યવહારદૃષ્ટિથી આપનું સમ્યક્-દર્શન થયું છે. હે પ્રભુ ! આપના પુષ્ટ-શુધ્ધાવલંબનથી હું સંસાર-સાગર હેમખેમ પાર કરીશ એવો નિશ્ચય મને વર્તે છે. હે પ્રભુ ! આપના પ્રગટ જ્ઞાન-દર્શનાદિ ગુણોનું સ્મરણ, ચિંતન, મનન, ધ્યાનાદિ થવાથી મને આત્મ-પ્રકાશ થયેલો જણાય છે. હે પ્રભુ ! આપની સાથે મને અનન્યતા થવાથી, આપ સિવાય અન્ય કોઈનું આલંબન લેવાનો વિચાર પણ મને આવતો નથી. હે પ્રભુ ! આપ અજોડ અને અદ્વિતીય છો.

**પ્રભુ તણી વિમલતા ઓળખીજી, જે કરે સ્થિર મન સેવા;**
**દેવચંદ્ર પદ તે લહેજી, વિમલ આનંદ સ્વયમેવ.**

**વિમલજિન...૭**

આ પ્રમાણે જે ભવ્યજીવ પરમાત્માની નિર્મળતાને ગુરુગમે યથાતથ્ય ઓળખી, સ્થિર મન-ચિત્તાદિથી પ્રભુની સેવા-પૂજન-ગુણકરણ-મનન-ચિંતનાદિ ભક્તિરૂપ ઉપાસનામાં પ્રવૃત્ત થાય છે, તે ક્રમશઃ દર્શન-જ્ઞાનાવરણીય ઇત્યાદિ કર્મનો ક્ષય કરી, ચંદ્ર સમાન ઉજ્જવળતાને પ્રાપ્ત કરે છે. છેવટે આવો ભવ્યજીવ નિર્મળ-આનંદ અને સનાતન-સુખ ભોગવવાનો કાયમી અધિકારી નીવડે છે.

❖❖❖

# પર્યુષણ વ્યાખ્યાનમાળા - ૨૦૦૫

## આર્થિક સહયોગ : સેવંતીલાલ કાન્તિલાલ ટ્રસ્ટ

શ્રી મુંબઈ જૈન યુવક સંઘ તરફથી ગુરુવાર, ૧-૯-૨૦૦૫ થી ગુરુવાર તા. ૮-૯-૨૦૦૫ સુધી એમ આઠ દિવસની વ્યાખ્યાનસભાઓ, પાટકર હૉલ, ન્યુ મરીન લાઈન્સ, મુંબઈ-૪૦૦ ૦૨૦ મધ્યે યોજવામાં આવી છે. આ આઠેય દિવસની વ્યાખ્યાનસભાઓનું પ્રમુખસ્થાન ડૉ. રમણલાલ ચી. શાહ શોભવશે. દરેક સભામાં પ્રાર્થના પછી સવારે ૮-૩૦ થી ૯-૧૫ અને ૯-૩૦ થી ૧૦-૧૫ એમ રોજ બે વ્યાખ્યાન રહેશે. વ્યાખ્યાનમાળાનો વિગતવાર કાર્યક્રમ નીચે મુજબ છે :

| દિવસ | તારીખ | વ્યાખ્યાતાનું નામ | વિષય |
|---|---|---|---|
| ગુરૂવાર | ૧-૯-૨૦૦૫ | પૂજ્ય સાધ્વીશ્રી આનંદશ્રીજી | जैन धर्म और अनेकांत |
| | | ડૉ. ગૌતમ પટેલ | અઢી અક્ષરની માયા |
| શુક્રવાર | ૨-૯-૦૫ | ડૉ. કલા શાહ | કર્મ સિદ્ધાંતો અને મનોવિજ્ઞાન |
| | | ડૉ. બળવંત જાની | વહોરા સંત : જીવન-કવન |
| શનિવાર | ૩-૯-૨૦૦૫ | શ્રી રશ્મિભાઈ ઝવેરી | વાણીમાં સંયમ-સ્વાદમાં સંયમ |
| | | પ્રા. વિજય પંડ્યા | જૈન રામાયણ |
| રવિવાર | ૪-૯-૨૦૦૫ | ડૉ. વિનોદ અધ્વર્યુ | અભય |
| | | ભાગવતાચાર્ય પૂ. શ્રી ભૂપેન્દ્રભાઈ પંડ્યા | અર્જુનનો વિષાદ : આપણો પ્રસાદ |
| સોમવાર | ૫-૯-૨૦૦૫ | ડૉ. હંસાબેન શાહ | 'આપ્ત મીમાંસા' |
| | | શ્રી અરુણ ગુજરાતી | જીવનમાં ધર્મનું સ્થાન |
| મંગળવાર | ૬-૯-૨૦૦૫ | પ્રો. નવીન કુબડિયા | સાત સોપાન સદ્ગતિના |
| | | ડૉ. નલિની મડગાંવકર | બાઉલ સંત પરંપરા |
| બુધવાર | ૭-૯-૨૦૦૫ | પદ્મશ્રી મુજફ્ફર હુસૈન | અહિંસા ઔર ઈસ્લામ |
| | | શ્રીમતી વર્ષા અડાલજા | સાહિત્યકાર અને ધર્મ |
| ગુરૂવાર | ૮-૯-૨૦૦૫ | ડૉ. નરેશ વેદ | ભારતીય સંસ્કૃતિમાં જૈન ધર્મ-દર્શનનું યોગદાન |
| | | યોગાચાર્ય શ્રી ચંદ્રસેન કોઠારી | જૈન આગમોમાં ક્ષમાપના |

વ્યાખ્યાનની શરૂઆતમાં દરરોજ સવારે ૭-૩૦ થી ૮-૨૫ પ્રાર્થના અને ભજનો રહેશે. તે રજૂ કરશે અનુક્રમે (૧) શ્રીમતી પારૂલબહેન પંડ્યા, (૨) શ્રીમતી ઉષાબહેન ગોસલીયા, (૩) શ્રીમતી ઇંદીરાબહેન બદીયાણી, (૪) શ્રીમતી ચંદ્રાબહેન કોઠારી, (૫) શ્રીમતી અપૂર્વબહેન ગોખલે, (૬) શ્રીમતી કોકીલાબહેન ઝવેરી, (૭) શ્રી લલિતભાઈ દમણિયા, (૮) શ્રીમતી શારદાબહેન ઠક્કર.

**આ વ્યાખ્યાનનો લાભ લેવા સંઘના સર્વ શુભેચ્છકો અને મિત્રોને ભાવભર્યું નિમંત્રણ છે**

**ચંદ્રકાન્ત દીપચંદ શાહ**
ઉપપ્રમુખ

**રસિકલાલ લહેરચંદ શાહ**
પ્રમુખ

**નિરુબેન એસ. શાહ**
**ધનવંત ટી. શાહ**
મંત્રીઓ

**ભૂપેન્દ્ર ડી. જવેરી**
કોષાધ્યક્ષ

**વર્ષાબહેન રજ્જુભાઈ શાહ**
સહમંત્રી

Printed & Published by Nirubahen Subodhbhai Shah on behalf of Shri Mumbai Jain Yuvak Sangh and Printed at Fakhri Printing Works, 312/A, Byculla Service Industrial Estate, Dadaji Konddev Cross Road, Byculla, Mumbai-400 027. And Published at 385, S.V.P. Road, Mumbai-400 004. Tel.: 23820296. Editor: Ramanlal C. Shah.

Regd. With Registrar of Newspapers for India No. R. N. I. 6067/57
Posted at Patrika Channel sorting office Mumbai-400 001 Licence to post without prepayment No. 271
● વર્ષ : (૫૦) + ૧૬ ● અંક : ૯ ● ૧૬ સપ્ટેમ્બર, ૨૦૦૫ ● ● Regd. No. TECH / 47-890 / MBI / 2003-2005

● ● ● શ્રી મુંબઈ જૈન યુવક સંઘનું માસિક મુખપત્ર ● ● ●

# પ્રબુદ્ધ જીવન

● ● પ્રબુદ્ધ જીવન પાક્ષિક ૧૯૩૯થી ૧૯૮૯ : ૫૦ વર્ષ ● ● વાર્ષિક લવાજમ રૂા.૧૦૦/- ● ● છૂટક નકલ રૂા. ૧૦/- ● ●

તંત્રી : રમણલાલ ચી. શાહ સહતંત્રી : ધનવંત તિ. શાહ

## સ્વ ડૉ. પ્રવીણભાઈ મહેતા

ગાયનેકોલોજીના ક્ષેત્રે જેમનું ઘણું મોટું નામ છે, 'નો એક્સપોઝર લેપ્રોસ્કોપી'ના સૌથી વધુ ઓપરેશન કરવા માટે જેમનું નામ ગિનેસ બુક ઓફ વર્લ્ડ રેકોર્ડ્સમાં દાખલ થયેલું છે, ડાંગ અને ધરમપુર જીલ્લાના આદિવાસીઓમાં સમાજસેવાનું ઉત્તમ કામ કરનાર, બહુવિધ પ્રતિભા ધરાવનાર પાલનપુરનિવાસી ડૉ. પ્રવીણભાઈ મહેતાનું થોડા દિવસ પહેલાં ૭૧ વર્ષની ઉંમરે અવસાન થતાં આપણે એક ખ્યાતનામ ગાયનેકોલોજિસ્ટ અને ધુરંધર સમાજસેવકને ગુમાવ્યા છે. અંગત રીતે અમે તો અમારા એક હિતેચ્છું ભાઈ ગુમાવ્યા છે.

મારા મિત્ર મહેન્દ્રભાઈ મહેતા એક દિવસ એક ભાઈને લઈને મારે ઘરે આવ્યા. મને કહે આજે તમને એક સરસ પરિચય કરાવું, 'આ ડૉક્ટર પ્રવીણભાઈ મહેતા. મને ઘણા વખતથી કહે છે કે મને રમણભાઈને ત્યાં લઈ જાવ, એટલે આવ્યો છું.'

પ્રવીણભાઈએ કહ્યું, 'સર, તમે મને નહિ ઓળખો. પણ હું તમારો વિદ્યાર્થી છું. ઝેવિયર્સ કૉલેજમાં તમારા હાથ નીચે ભણતો હતો. વળી હું એન.સી.સી.નો કેડેટ પણ હતો. ત્યારે તમે કેપ્ટન શાહ તરીકે ઓળખાતા. ત્યારથી તમારા પ્રત્યે માન હતું.'

પોતાના ભૂતપૂર્વ વિદ્યાર્થીને મળતાં કોને હર્ષ ન થાય ? હું બહુ રાજી થયો. વળી પ્રવીણભાઈએ કહ્યું, 'તમે નહિ જાણતા હો કે અમે કેટલાક ડૉક્ટર મિત્રો આપણી વ્યાખ્યાનમાળામાં નિયમિત આવીએ છીએ. વ્યાખ્યાન પછી અમારે તરત જવાનું હોય એટલે કોઈ તમને મળવા રોકાતું નથી. વળી ત્યાં તમને મળવાવાળા ઘણા હોય છે. એટલે નિરાંતે મળી શકાય નહિ. અમે વ્યાખ્યાનમાળામાં એટલા માટે આવીએ છીએ કે તમે ઘડિયાળના ટકોરે છાપેલા સમય પ્રમાણે વ્યાખ્યાન બરાબર ચાલુ કરો છો અને બરાબર સમયે પૂરું કરો છો. મને લાગે છે કે તમારી એન.સી.સી.ની અસર છે. એટલે અમારે સમયસર ક્યાંક પહોંચવું હોય તો પહોંચી શકીએ છીએ.'

પરિચયથી જાણવા મળ્યું કે પ્રવીણભાઈ પ્રસિદ્ધ ગાયનેકોલોજીસ્ટ છે, પરંતુ હવે તેમણે સેવાના ક્ષેત્રમાં ઝંપલાવ્યું છે.

પછી જેમ જેમ એમને મળવાનું થયું તેમ તેમ આશ્ચર્ય થાય એવી એમની સિદ્ધિઓ અને એવું એમનું વ્યક્તિત્વ જણાયું.

મુંબઈમાં અમે વાલકેશ્વરથી મુલુંડ રહેવા ગયાં હતાં. અને પ્રવીણભાઈને તેની જાણ કરી હતી. અવસાનના થોડા દિવસ પહેલાં પ્રવીણભાઈ અને એમનાં પત્ની કુમુદબહેન મારી ખબર કાઢવા નેપીયન્સી રોડના પોતાના નિવાસ સ્થાનેથી ઠેઠ મુલુંડ અમારે ઘરે ગાડી લઈને મળવા આવ્યા હતા. ત્યારે જાણે કે ન ઓળખાય એવા પ્રવીણભાઈ હતા. એમના માથાના બધા વાળ ઊતરી ગયા હતા. તદ્દન ટાલ જેવું મસ્તક થઈ ગયું હતું. તેમણે કહ્યું કે દવાઓની ગરમીને લીધે વાળ ગયા હતા. પણ બીજી રીતે તેઓ બહુ સ્વસ્થ હતા. એમણે જ્યારે સાંભળ્યું કે એન્ડોસ્કોપી કરાવતાં જણાયું કે મારી અન્નનળી સાંકડી થઈ છે અને એક મહિનાથી હું સૂતો રહું છું, ત્યારે એમણે કહ્યું કે એમ સૂઈ રહેવાથી પગ ઝલાઈ જશે. એમની વાત સાચી પડી. તેમણે કહ્યું, 'તમે વોકરથી ચાલો. તમારી પાસે વોકર ન હોય તો હું લઈને આવું છું.' અમે કહ્યું: 'વોકર મહેન્દ્રભાઈ મહેતા લઈને આવવાના છે.' પછી પ્રવીણભાઈ મહેતાએ પોતાની વાત કરી. ત્રણ મહિના સુધી સૂઈ રહેવાને કારણે એમના પગ ઝલાઈ ગયા હતા, પરંતુ મન મક્કમ કરી એમણે વોકર વાપરી પોતાના પગ સારા કરી નાખ્યા હતા અને પછી તો બહાર પણ એકલા જતા હતા. તે દિવસે ઘરે આવ્યા ત્યારે અમારા સ્વાસ્થ્ય માટે એમણે જુદા જુદા ઉપાયો બતાવ્યા હતા. ત્યાર પછી થોડા દિવસમાં જ તેમનું અવસાન થવાના સમાચાર સાંભળી અમને ઘણો આઘાત લાગ્યો.

ડૉ. પ્રવીણભાઈ મહેતાનો જન્મ કલકત્તામાં ઈ. સ. ૧૯૩૪ના પંદરમી ઓગસ્ટે થયો હતો. એમના પિતા પાલનપુરના જૈન શ્રી વ્રજલાલભાઈ મહેતા હતા. એમની માતાનું નામ મણિબહેન. વ્રજલાલભાઈનો કલકત્તામાં ઝવેરાતનો વ્યવસાય હતો. પ્રવીણભાઈએ પ્રાથમિક શિક્ષણ પાલનપુરમાં અને માધ્યમિક શિક્ષણ અમદાવાદની ઝેવિયર્સ હાઈસ્કૂલમાં લીધું હતું. ત્યાર પછી તેઓ મુંબઈ સેંટ ઝેવિયર્સ કૉલેજમાં વિજ્ઞાન શાખામાં જોડાયા હતા. ત્યાર પછી તેઓ મુંબઈ ગ્રાન્ટ મેડિકલ કૉલેજમાં એમ.બી.બી.એસ. થયા. તેઓ એથી આગળ વધવા ઇચ્છતા હતા. તેઓ કોઈ વિષયમાં સ્પેશિયાલિસ્ટ થવા ઇચ્છતા હતા. એટલે તેમણે ગાયનેકોલોજીસ્ટ થવાનું પસંદ કર્યું. તેમને પિતાના ઝવેરાતના ધંધામાં જવાનું ગમતું નહોતું. એટલે વેપારી ન થતાં તેઓ ડૉક્ટર થયા. તેઓ ૧૯૬૪માં ગાયનેકોલોજીમાં એમ.ડી. થયા.

ડૉ. પ્રવીણભાઇએ ત્યાર પછી મુંબઈમાં 'મધર એન્ડ ચાઈલ્ડ' નામની હૉસ્પિટલ શરૂ કરી. પ્રવીણભાઈના પત્ની ડૉ. કુમુદબહેન બાળકોના સ્પેશિયાલિસ્ટ–પેડિયાટ્રિક છે. એટલે 'મધર એન્ડ ચાઈલ્ડ' નામ નવું અને સાર્થક હતું. કુમુદબહેન બાળકોની ચિકિત્સા કરે અને પ્રવીણભાઈ પ્રસૂતિ વિભાગ સંભાળે. મુંબઈમાં મધર એન્ડ ચાઈલ્ડનું નામ બહુ પ્રખ્યાત થઈ ગયું છે.

પ્રવીણભાઈનાં પત્ની ડૉ. કુમુદબહેન શ્રીધરભાઈ મહાલેનાં પુત્રી છે. તેઓ કર્ણાટકમાં કારવારના ગોડ સારસ્વત બ્રાહ્મણ કુટુંબનાં છે. પ્રવીણભાઈએ આંતરજ્ઞાતીય લગ્ન ૧૯૬૨માં કર્યાં. એ માટે બંને પક્ષે સંમતિ હતી. બંનેનો મેળાપ ડૉક્ટર થયા પછી ઈન્ટર્નશિપ

કરતાં હતાં ત્યારે થયેલો. પરસ્પર અનુરાગ થતાં તેઓ બંનેએ લગ્ન કરવાનો નિર્ધાર કર્યો. અને ઉભય પક્ષે સ્વજનોની સંમતિ મળતાં એ નિર્ણય સહર્ષ પાર પડ્યો હતો. એમનાં લગ્ન ધામધૂમપૂર્વક થયાં હતાં. પ્રવીણભાઈ અને કુમુદ બહેનનું દામ્પત્યજીવન ઉદાહરણરૂપ હતું. જ્યાં જવું હોય ત્યાં બંને સાથે અને સાથે. દવાખાનામાં સાથે અને બહાર પણ સાથે. પ્રત્યેક કોન્ફરન્સમાં બંને સાથે જાય. કુમુદબહેન ગુજરાતી એટલું સરસ બોલે કે કોઈને ખબર ન પડે કે તેઓ કર્ણાટકી છે.

૧૯૭૭ સુધી પ્રવીણભાઇએ ગાયનેક તરીકે સારી પ્રેક્ટિસ કરી. પોતાના વ્યવસાયમાં વધુ અભ્યાસ અને અનુભવ થતાં તેમણે સંતતિ નિયમન માટે એક સરસ પદ્ધતિ વિકસાવી. ભારત દેશ ગરીબ છે અને ખાસ કરીને ગામડાંમાં સ્ત્રીઓ વસ્ત્ર ઉતારી સંતતિ નિયમનનું ઓપરેશન કરાવવામાં ઘણો ક્ષોભ અનુભવતી હોય છે અને એવું ઓપરેશન કરાવવાનું ટાળે છે. પ્રવીણભાઇએ 'નો એક્સપોઝર' પદ્ધતિ શોધી. એટલે ઓપરેશન કરાવતાં સ્ત્રીઓએ વસ્ત્ર ઉતારવાની જરૂર નહિ. પ્રવીણભાઈ નાભી પાસે જરા કાપો મૂકી નસ બાંધી લેતા. આખું ઓપરેશન કરતાં તેમને એક–બે મિનિટ લાગતી. ઓપરેશન થિયેટરનાં બારીબારણાં ખુલ્લાં રહેતાં. એટલે લાઈનમાં ઊભેલી બીજી સ્ત્રીઓ પણ ઓપરેશન જોઈ શકતી. આ પદ્ધતિનો પ્રચાર થતાં સરકારે પણ તેમની સેવા લેવાનું વિચાર્યું. એમ કરતાં તેઓ સમગ્ર ભારતમાં ફરી વળ્યા. ઠેર ઠેર એમના કેમ્પ યોજવા લાગ્યા. આ ટેકનિકનો સૌથી વધુ લાભ બુરખાધારી મુસલમાન સ્ત્રીઓએ લીધો. તેઓને બુરખો પણ ઉતારવાનો નહિ. ઓપરેશન ટેબલ પર સૂઈ જાય અને એક મિનિટમાં ઓપરેશન કરાવી નીચે ઊતરી જાય. આ ઓપરેશનમાં સ્ત્રીઓની મર્યાદા પૂરી સચવાતી. એટલે તે બહુ લોકપ્રિય થઈ.

ડૉ. પ્રવીણભાઈએ જાણે કે યુદ્ધના ધોરણે આ કાર્ય કર્યું. એને પ્રસિદ્ધિ એટલી બધી મળી કે બી.બી.સી.ના પત્રકારોએ 'સમ થિંગ લાઈક વોર' નામની નાની ફિલ્મ બનાવી અને બી.બી.સી. ટી.વી. ઉપર એને બ્રોડકાસ્ટ કરવામાં આવી અને એનું બીજું નામ 'No Exposure Laproscopy' એવું આપવામાં આવ્યું. એ દિવસોમાં તેમણે ૪,૬૦,૦૦૦ ઓપરેશન કર્યાં હતાં. એક વખત તો તેમણે સવારથી રાત સુધીમાં ૬૮૪ જેટલાં ઓપરેશન કર્યાં હતાં. તે વખતના પ્રમુખ જ્ઞાની ઝૈલસિંહે પણ તેમના કામની પ્રશંસા કરી હતી. વળી તેમની સિદ્ધિની કદરરૂપે Guinees Book of World Records માં તેઓ સ્થાન પામ્યા હતા. તેમના આ ભગીરથ કાર્યમાં તેમનાં પત્ની કુમુદબહેને સારો સહકાર આપ્યો હતો. પ્રવીણભાઇએ જુદે જુદે સ્થળે સરકારના કહેવાથી રેલ્વેના પ્લેટફોર્મ ઉપર જ પાંચ હજાર જેટલા નસબંધીનાં ઓપરેશન કર્યાં હતાં. એટલા માટે મુંબઈ મ્યુનિસિપલ કોર્પોરેશને એમને તે સમયના આરોગ્ય મંત્રી શ્રી કે. કે. શાહના હસ્તે સ્પેશિયલ એવૉર્ડ આપ્યો હતો. વળી સંતતિ નિયમન અને કુટુંબ કલ્યાણ (Family Planning અને Family Welfare) માટે તેમને ગોદરેજ ટ્રસ્ટ, ફિક્કી (FICCI), રોટરી કલબ, લાયન્સ કલબ, જાયન્ટસ ગ્રુપ, દિવાળી બહેન ટ્રસ્ટ વગેરે તરફથી એવૉર્ડ મળ્યા હતા. વળી સમગ્ર ભારતમાં જ્યાં જ્યાં કોલસાની ખાણો છે ત્યાં ત્યાં સંતતિ નિયમનનું કાર્ય કરવા માટે તેમને Coal India Ltd. તરફથી ધન્વંતરી એવોર્ડ મળ્યો હતો. ૧૯૮૩માં યુનાઈટેડ નેશન્સ તરફથી તેમને અમેરિકાનો Population Award આપવામાં આવ્યો હતો. આ ઉપરાંત લેટિન અમેરિકામાં ચીલીમાં ગાયનેકોલોજિસ્ટની આંતરરાષ્ટ્રીય પરિષદ વખતે ચીલીના પ્રેસિડેન્ટે તેમને એવૉર્ડ આપ્યો હતો.

આ બધા એવૉર્ડ પરથી પ્રવીણભાઈએ પોતાનાં ક્ષેત્રમાં કેટલી બધી સિદ્ધિ પ્રાપ્ત કરી હતી એનો ખ્યાલ આવશે. આમ છતાં વ્યવહારમાં તેઓ સામાન્ય માણસની જેમ રહેતા અને ક્યાંય મોટાઈ બતાવતા નહિ.

ગાયનેકોલોજિસ્ટ તરીકે પોતાની પ્રેકટિસ તેમણે વહેલી છોડી દીધી. પછી તેમણે વર્ષો સુધી પોતાની સેવા ડાંગ, ધરમપુર, વાંસદા, કપરાડા વગેરે આદિવાસી વિસ્તાર તરફ વાળી. મુંબઈથી નીકળી દર શુક્ર, શનિ અને રવિ તેઓ આ આદિવાસી વિસ્તારોમાં યોજનાબદ્ધ કાર્ય કરતા. આંખ, ચામડીના રોગો, કૃમિના રોગોના કેમ્પ જુદે જુદે ઠેકાણે સતત ચાલતા. સમય બચે એટલા માટે એમણે વલસાડમાં એક ફ્લેટ લીધો હતો. તેઓ રાતના વલસાડમાં પોતાના ફ્લેટમાં રોકાતા. બીજા કર્મચારીઓ અને કાર્યકર્તાઓ તેમની સાથે હોય.

પ્રવીણભાઈ એટલે ગરીબોના બેલી. સૌનું ધ્યાન રાખે અને સૌની સાથે વહાલથી વાત કરે. પ્રવીણભાઈએ આ આદિવાસી વિસ્તારોમાં આશરે સો જેટલી આશ્રમશાળાઓ રાહત આપી ચાલુ કરાવી હતી. એ રીતે પંદર હજારથી વધુ આદિવાસી બાળકોને શિક્ષણ લેતા કર્યા હતા. આ બધી આશ્રમશાળાઓની તેઓ નિયમિત મુલાકાત લેતા અને તેમની જરૂરિયાતો માટે પોતાના ટ્રસ્ટમાંથી રકમ આપતા અથવા યોગ્ય દાતાઓ મેળવી આપતા.

પ્રવીણભાઈને મળવા અમે ઘણીવાર એમના ક્લિનિકમાં જતા. કંઈક યોજનાઓ વિચારાતી. તેમને મારા પ્રત્યે આદર ઘણો હતો. તેઓ કોઈને પણ માટે ચિઠ્ઠી લખે તો તેમાં 'My Guru Ramanbhai' અવશ્ય લખે.

અમારા જૈન યુવકસંઘનું મકાન બહુ જર્જરિત થઈ ગયું હતું. અમારે તે ખાલી કરવાનું હતું. અમારી મણિલાલ મોકમચંદ લાયબ્રેરી ચાલતી હતી. એમાં દસ હજાર પુસ્તકો હતાં. ખાલી કરીને ક્યાં રાખવી એ ચિંતાનો વિષય હતો. એવામાં પ્રવીણભાઈ સાથે વાત થઈ. એમણે કહ્યું, તમારી લાયબ્રેરી ડાંગની એક શાળામાં આપી દો. ત્યાંની પ્રજાને અક્ષરજ્ઞાન મળ્યું એટલે તેમની વાચનભૂખ ઉઘડી છે. તમે હા પાડો તો તમારે કશું કામ નહિ કરવું પડે. ત્યાંજ માણસો અને મીસ્ત્રીઓ આવશે. તમારાં પુસ્તકો અને બધુ જ ટ્રકમાં ભરીને સીધું ડાંગમાં લઈ જશે. ત્યાં ગોઠવીને તમારા નામની લાયબ્રેરી કરશે. અમે અમારી સમિતિમાં સર્વાનુમતે ઠરાવ કરી અને આખી લાયબ્રેરી ડાંગની શાળામાં આપી દીધી.

લાયબ્રેરીના સ્થળાંતર પછી પ્રવીણભાઈને બીજો એક વિચાર સ્ફુર્યો. જે કોઈ પાસે જૂનાં પુસ્તકો, સામાયિકો, વાસણો, કપડાં વગેરે વધારાનાં હોય તે એમના ક્લિનિકમાં આપી જાય અથવા ફોન કરે તો પ્રવીણભાઈના સ્ટાફનાં ભાઈ-બહેનો જઈને લઈ આવે. એમના ક્લિનિકમાં જગ્યા ઘણી છે. વળી દર શુક્ર-શનિવારે ડાંગના કાર્યકર્તાઓ આવીને લઈ જાય અને ત્યાં વિતરણ કરે.

પ્રવીણભાઈ અને કુમુદબહેને પોતાની આવકમાંથી તબીબી મદદ અને શિક્ષણકાર્ય માટે ૧૯૯૩ માં એક ટ્રસ્ટ સ્થાપ્યું હતું જેનું નામ 'કુમુદ પ્રવીણ મહેતા ચેરિટેબલ ટ્રસ્ટ' આપ્યું હતું. આ ટ્રસ્ટમાં બહારથી પણ રકમ આવતી. ટ્રસ્ટ દ્વારા વિવિધ કાર્યો માટે સહાય કરવામાં આવતી. ટ્રસ્ટના ઉપક્રમે મોતિયાના ગરીબ દર્દીઓને મફત ઓપરેશન કરાવી આપવામાં આવે છે. ટ્રસ્ટ તરફથી મોટી રકમ પણ અપાતી. તેઓએ મુંબઈમાં જરબાઈ વાડિયા હૉસ્પિટલમાં બાળદર્દીઓ માટે વોર્ડની સ્થાપના માટે મોટી રકમ આપી હતી. એનો જ્યારે કાર્યક્રમ થયો ત્યારે હું અને મારાં પત્ની તારાબહેન ગયાં હતાં. વળી તેઓએ નવરોજી વાડિયા હૉસ્પિટલમાં 'એન્ડોસ્કોપી' ડિપાર્ટમેન્ટની સ્થાપના માટે માતબર રકમ આપી. એમાં યુવાન ડૉક્ટરોને તાલીમ

આપવાનું કેન્દ્ર પણ સ્થાપવામાં આવ્યું હતું.

પ્રવીણભાઈ સાથે જેમ સંબંધ ગાઢ થતો ગયો તેમ અમને યુવક સંઘના સભ્યોને એમના કેમ્પ જોવા આમંત્રણ આપ્યું હતું.

એ રીતે એક વખત સંઘના કેટલાક સભ્યો મુંબઈથી વહેલી સવારની ટ્રેનમાં નીકળી વલસાડ પહોંચ્યાં. ડૉ. પ્રવીણભાઈ સ્ટેશને સ્વાગત કરવા ઊભા હતા. પહોંચીને તરત સ્ટેશન પાસે જ ચા-પાણી કરી, જીપમાં અમે ધરમપુર પાસે કપરાડા ગામે પહોંચ્યા. આ નાનું ગામ પ્રવીણભાઈની સેવાનું એક મોટું કાર્યક્ષેત્ર. દર શનિ, રવિ તેઓ કપરાડામાં હોય. ત્યાંથી અમારે જંગલમાં કેડીએ કેડીએ પગે ચાલતા એક કિલોમિટર જવાનું હતું. આ જંગલના ડુંગરાળ વિસ્તારની કેડી, એટલી ઊંચીનીચી, આડીઅવળી જાય. કેડીમાં વચ્ચે મોટા મોટા પથ્થરો પડ્યા હોય. બહુ સંભાળીને ચાલવું પડે. ત્યાં અમે એક નાના ગામ પાસે પહોંચ્યા. ત્યાં એક મકાનના મોટા હૉલમાં દર્દીઓ માટે કેમ્પ રાખ્યો હતો. ત્યાં ઘણા લંગોટીભર આદિવાસીઓ લાઈન લગાવીને બેઠા હતા. અમે પહોંચ્યા એટલે પ્રવીણભાઈએ એક લાઈનમાં બધાને ઊભા રાખી કૃમિની ગોળીઓ ત્યાં જ ગળવા આપી, પછી ચામડીના દર્દી જુદા બેસાડ્યા અને દરેકને ત્યાં જ મલમ લગાડી આપવા લાગ્યા. મેલાઘેલા દર્દીને પોતાને હાથે મલમ લગાડતાં પ્રવીણભાઈને જરા પણ સંકોચ નહિ. વળી તેઓ દરેકને વાત્સલ્યથી બોલાવતા. મેલા, ગંદા માણસોને જોઈને તેમને જરા પણ સૂગ નહિ.

એક બાજુ આંખના દર્દીઓની આંખ તપાસવા જુદી લાઈન હતી. આંખના એક ડૉક્ટર મિત્ર સેવા આપવા આવ્યા હતા. બીજી એક બાજુ કાનના ડૉક્ટર દર્દીઓના કાન તપાસી આપતા હતા. તાવવાળા દર્દીઓનો કે કમળાના દર્દીઓનો જુદો વિભાગ હતો. દોઢસો, બસો દર્દીઓ દર વખતે આ કેમ્પનો લાભ લેતા.

જૈન યુવક સંઘના ઉપક્રમે પ્રવીણભાઈ ચામડીના દર્દીઓ માટે કેમ્પ કરતા. એક વખત એમની સાથે ધરમપુરમાં કેમ્પમાં અમે ગયા હતા. સાડા ત્રણસો દર્દીઓ આવેલા. ધરમપુરના જંગલોમાં વસતા આદિવાસીઓ ન્હાય નહિ અને કપડાં પણ બદલે નહિ. કેટલાક પાસે બદલવા માટે કંઈ હોય પણ નહિ. એટલે એવા લોકોને ચામડીના રોગ વધુ થાય. કેમ્પમાં જાતજાતના દર્દીઓ આવ્યા હતા. પ્રવીણભાઈ જાતે તે બધાને દવા લગાવી આપે. કેટલાકને તો બ્રશથી લપેડા કરવાનાં હોય. કેટલાકનો રોગ ચીતરી ચડે એવો હોય. પરંતુ બધાને વહાલથી અડીને દવા લગાડી કહે કે થોડા દિવસમાં મટી જશે હોં. દવા ધોઈ નહિ નાખવાની. ચામડીના કેમ્પમાં પ્રવીણભાઈનું જુદું વ્યક્તિત્વ દેખાય-મિશનરીનું.

પ્રવીણભાઈ દર શનિ, રવિ જુદાં જુદાં ગામડાંઓમાં જતા. તેઓ એક મિશનરીની જેમ કામ કરતા.

ડાંગ જિલ્લામાં અને ધરમપુર જિલ્લામાં તેઓ વિવિધ સ્થળે કામ કરતા. કેટલાક નાના ગામોની શાળાઓમાં જઈ તેઓ બાળકોમાં યુનિફોર્મ, નોટબુક વગેરેનું વિતરણ કરતા.

જૈન યુવક સંઘ તરફથી એક વખત ડાંગ જિલ્લાના એક ગામની શાળામાં યુનિફોર્મ વિતરણનો કાર્યક્રમ હતો. અમે પહેલાં સાપુતારા જઈ, ત્યાંનો કાર્યક્રમ પતાવી ડાંગ જવાના હતા. સાપુતારામાં શ્રી પૂર્ણિમાબહેન પકવાસાની ઋતંભરા વિદ્યાપીઠમાં અમારો મુકામ હતો. જીપની વ્યવસ્થા ઋતંભરા તરફથી કરવામાં આવી હતી. અમે મુંબઈથી વહેલી સવારે નીકળી નાસિકના રસ્તે સાપુતારા પહોંચ્યા. ત્યાં ડૉ. પ્રવીણભાઇએ બાળાઓને આરોગ્ય વિશે વિસ્તારથી સમજાવ્યું. ત્યાર પછી મેં અને અમારા મંત્રી નિરુબહેને પ્રાસંગિક ગેસ્ટ હાઉસમાં મુકામ કર્યો. બીજે દિવસે સવારે અમે નીકળી ડાંગમાં બે શાળામાં યુનિફોર્મનું વિતરણ કરી, આહ્‌વામાં ફર્યા અને શ્રી ઘેલુભાઈ નાયકના ઘરે એમને મળ્યા. ત્યાર પછી આહ્‌વાથી નીકળી, રસ્તામાં વાઘઈ માતાનાં દર્શન, ગરમ કુંડ નિહાળી વલસાડના રસ્તે મુંબઈ પાછા ફર્યા.

ડૉ. પ્રવીણભાઇએ એક વખત આંખના ગરીબ દર્દીઓ માટે એક યોજના અમારી સમક્ષ રજૂ કરી. આંખના મોતિયાના ઓપરેશન લેન્સ બેસાડીને કરવા માટે ત્યારે મુંબઈમાં બાર હજાર રૂપિયા ડૉક્ટરો લેતા હતા. (ફેકો મશીન ત્યારે આવ્યાં નહોતાં.) પ્રવીણભાઇએ કહ્યું કે તેઓ આંખના ડૉક્ટર પાસે એક હજાર રૂપિયામાં ઓપરેશન કરાવી આપશે. જૈન યુવકે દર્દી દીઠ એક હજાર રૂપિયા આપવાના અને દર્દીનું નામ આપવાનું. અમે એમની આ યોજના સ્વીકારી લીધી. અમે દાતાઓ પાસે ઓપરેશન માટે દાન મેળવતા. એમ કરતાં ૨૫,૦૦૦/- રૂપિયા થયા એટલે એમને આપ્યાં. તેઓ પોતાના ઓપરેશન થિયેટરમાં આંખના ડૉક્ટર મિત્ર ડૉ. કોડિયાલને બોલાવતા. તેઓ સેવાભાવથી ઓપરેશન કરતા. એમ પચાસ જેટલાં ઓપરેશન થયાં. પ્રવીણભાઈ અમારો ભલામણ પત્ર, દર્દીનો ફોટો-નામ, ઉંમર અને ઓપરેશનની તારીખ. એમ રેકોર્ડ રાખતાં. પછીથી દવાઓ બહુ મોંઘી થઈ ત્યારે દવાના પૈસા પણ અમે આપતા. આ રીતે પાંચેક વર્ષ યોજના ચાલી. પછી ફેકો મશીન આવ્યાં અને ઓપરેશન બહુ મોંઘાં થયાં એટલે એ યોજના બંધ થઈ.

જીવનના પાછલાં વર્ષો ડૉ. પ્રવીણભાઈએ હેપીટાઈટીસ નામના કમળા જેવા રોગ માટે ઝુંબેશ ઉપાડી હતી. પત્રિકા દ્વારા તેઓ પ્રચાર કરતા અને અનેક ઠેકાણે બાળકોને એની રસીનો ડોઝ આપવા માટે કેમ્પનું આયોજન મુંબઈમાં અને મુંબઈ બહાર કરતા. વળી પોતાની ઑફિસમાં ગમે ત્યારે કોઈ બાળકને લઈને આવે કે તરત નામ, સરનામું નોંધી ડોઝ આપતા.

પ્રવીણભાઇના હાર્ટનું ઓપરેશન એક વાર થઈ ગયું હતું. ૨૦૦૦માં ફરી કરવાની જરૂર પડી. અહીંના ડૉક્ટરોએ તેમને અમેરિકા જવાની સલાહ આપી. અમેરિકાની ન્યુયોર્કની હૉસ્પિટલમાં ઓપરેશન થયું. પરંતુ ત્યાં એમની તબિયત બગડી. એ હૉસ્પિટલના નિષ્ણાંત સર્જનોને ખૂબ ચિંતા થઈ. કારણ હજુ સુધી એ હૉસ્પિટલમાં કોઈ ઓપરેશન નિષ્ફળ નહોતું થયું. આ પહેલી વાર ચિંતાજનક સ્થિતિ ઊભી થઈ. ડૉક્ટરોએ ખૂબ મહેનત કરી. વળી ત્યાં રહેનાર અને આવનાર સર્વ ધર્મના લોકોએ પોતપોતાના ધર્મસ્થાનમાં પ્રવીણભાઈ માટે પ્રાર્થના કરી. લગભગ ત્રણ મહિના I.C.U. માં તેમને રાખવા પડ્યા. બધાંની પ્રાર્થના ફળી. હૉસ્પિટલના ડૉક્ટરોને યશ મળ્યો. દરમિયાન કુમુદબહેનનો સતત સાથ રહ્યો. અને છેવટે બધાંના આનંદ વચ્ચે પ્રવીણભાઈને સાથે લઈને કુમુદબહેન ભારત પાછા આવ્યા. કુમુદબહેનએ જાણે સતી સાવિત્રીનું કામ કર્યું. સાવિત્રીએ સત્યવાનને યમના હાથમાંથી ઊગાર્યા હતા તેવી રીતે.

મુંબઈ આવ્યા પછી પ્રવીણભાઈની તબિયત ક્રમે ક્રમે સુધરતી ગઈ અને ફરી પાછા તેઓ કાર્યરત થઈ ગયા. તેઓ અગાઉ મુજબ ડાંગ અને ધરમપુર એકલા જતા થઈ ગયા.

એમ કરતાં ચાર વર્ષ વીતી ગયાં. તેઓ અમારા ઘરે પણ આવી ગયા. ફરી પાછી તેમના સ્વાસ્થ્યની તકલીફ ચાલુ થઈ અને હોસ્પિટલમાં થોડા દિવસમાં એમણે દેહ છોડ્યો.

પ્રવીણભાઈના ધ્યેય અને ધગશને કેવી રીતે બિરદાવી શકીએ !

પ્રવીણભાઈના પુણ્યાત્માને ભાવભીની વંદના !

# નેચરોપથી અને જૈનો

□ ડૉ. મહેરવાન ભમગરા

આપણા દેશમાં નેચરોપેથીના અભ્યાસ માટે વિધિવત્ સાડા-પાંચ વર્ષના અભ્યાસક્રમવાળી પહેલી કૉલેજ ૧૯૮૯માં હૈદ્રાબાદમાં શરૂ થઈ હતી, જેને 'બાપુ'ની સ્મૃતિમાં 'ગાંધી નેચર-ક્યોર કૉલેજ' નામ અપાયું હતું. એ જ વર્ષમાં કર્ણાટકના ઊજીરે શહેરમાં પણ એક નેચરોપેથિક કૉલેજ ઊભી કરાઈ હતી. ત્યાર પછી તામીલનાડુના ઊટી અને સાલેમ શહેરોમાં તથા છત્તીસગઢ અને અન્ય સ્થળોએ એવી જ પાંચ કે સાડા-પાંચ વર્ષના કોર્સવાળી નેચરોપેથિક કૉલેજો મોટે ભાગે દક્ષિણનાં રાજ્યોમાં સ્થપાઈ હતી. આ વર્ષે મહારાષ્ટ્રમાં એક અને ગુજરાતમાં પણ એક, એવી જ ફુલ-ફ્લેજ્ડ લાંબા કોર્સની કૉલેજ આ મહિનાથી શરૂ થવાના સમાચાર મળ્યા છે. ગુજરાતી પ્રજા માટે આ આનંદની વાત ગણાવી જોઈએ કે વડોદરાના કરેલી બાગ જેવા સમૃદ્ધ વિસ્તારમાં, કેશવ બાગની પાસે, આ કૉલેજનું નવું મકાન નિર્માણ થઈ ચૂક્યું છે. વડોદરામાં લોકસેવક મંડળ (ગુજરાત) સંચાલિત બળવંતરાય મહેતા નિસર્ગોપચાર આરોગ્ય ભવનમાં જે ઉપચાર કેન્દ્ર છેલ્લા બે દાયકાથી સફળતાપૂર્વક ચાલી રહ્યું છે, તેની નજીક જ આ કૉલેજનું મકાન તૈયાર થઈ ગયું છે. આ કૉલેજ ઉભી કરવામાં સૌથી મોટો ફાળો ભૂતપૂર્વ સાંસદ શ્રી મનુભાઈ પટેલનો રહ્યો છે, પ્રથમ વર્ષમાં ત્રીસ વિદ્યાર્થીની મંજુરી મળી છે. કૉલેજમાંથી ઉત્તીર્ણ થનાર સ્નાતકને BNYS યાને 'બેચેલર ઓફ નેચરોપેથી એન્ડ યોગીક સાયન્સીસ'ની ડીગ્રી એનાયત થશે. ફીઝીક્સ, કેમીસ્ટ્રી અને બાયોલોજીના વિષયો સાથે બારમા ધોરણમાં પચાસ ટકા માર્ક્સ સાથે સફળ થનાર વિદ્યાર્થી આ BNYS ડીગ્રી કૉલેજમાં દાખલ થવા માટે અરજી કરી શકશે.

ગાંધીજીને પગલે ચાલી નિસર્ગોપચારના પ્રચાર માટે જેમણે પોતાની લાંબી આયુનાં છેલ્લાં ત્રીસેક વર્ષ અર્પણ કર્યાં એ મહાનુભાવ શ્રી મોરારજી દેસાઈ સાથે આ કૉલેજનું નામ જોડીને એને 'મોરારજી દેસાઈ પ્રાકૃતિક ચિકિત્સા અને યોગ મહાવિદ્યાલય' એવું નામ અપાયું છે. આપણા દેશની પ્રાકૃતિક ચિકિત્સાની આ નવમી ડીગ્રી કૉલેજ છે, જેને ગુજરાત સરકાર તેમજ કેન્દ્ર સરકાર તરફથી સ્વીકૃતિ મળી છે, અને જે જામનગરની ગુજરાત આયુર્વેદિક યુનિવર્સિટી સાથે એફીલીએટ કરાઈ છે. બળવંતરાય મહેતા આરોગ્ય ભવન જે એકસો ખાટલાની હૉસ્પિટલ છે, તેનો લાભ વિદ્યાર્થીઓને મળતો રહે એવી ગોઠવણ કરાઈ છે. આયુર્વેદ, હોમિયોપેથી, વગેરેની પાંચ વર્ષના કોર્સવાળી કૉલેજો દેશભરમાં અનેક ઠેકાણે ચાલી રહી છે, તે પ્રમાણેના પાયાના અભ્યાસક્રમ સાથે પ્રાકૃતિક ચિકિત્સાના સિદ્ધાંતોની તાલીમ આપવાની જોગવાઈ આ નવી કૉલેજમાં કરવામાં આવી છે. આ રેસિડન્શીઅલ કૉલેજ હોવાથી છોકરાઓ અને છોકરીઓ માટે અલગ-અલગ હોસ્ટેલોની સગવડ પણ કરાઈ છે. ચીફ મેડીકલ ઑફિસર તરીકે ડૉક્ટર પ્રભાકરની નિમણૂંક થઈ છે. વધુ માહિતી મેળવવા માટે 'મોરારજી દેસાઈ ઈન્સ્ટીટ્યુટ ઑફ નેચરોપેથી એન્ડ યોગીક સાયન્સીસ'ની ઑફિસમાં આ સરનામે પૂછતાછ કરી શકાય. 'બળવંતરાય મહેતા આરોગ્ય ભવન, કરેલી બાગ, વડોદરા, ૩૯૦૦૨૨.' ફોન નંબર છે: ૫૫૯૬૧૫૫.

પ્રાકૃતિક ચિકિત્સાનો પાયો અહિંસા છે, તેથી જૈન સમાજ ઉપરોક્ત કૉલેજને અનેક રીતે મદદરૂપ થાય એવી અપેક્ષા સહેજે રાખી શકાય. લાયબ્રેરી, પ્રયોગશાળાનાં સાધનો, હોસ્ટેલો, રસોડાંઓ વગેરે અનેક સવિધાઓ માટે મોટી રકમની જરૂર પડશે જે પૂરી પાડવા જૈન મંડળો, સંઘો, સંસ્થાઓ આગળ આવે એ જરૂરી છે. પરંતુ એથી પણ વધુ મોટી જરૂર છે કૉલેજમાં પોતાનાં પુત્ર, પુત્રીઓ કે પૌત્ર, પૌત્રીઓને દાખલ થવા માટે પ્રોત્સાહિત કરવાની ! જૈન સમાજે હજારો એલોપેથીક ડૉક્ટરો, શ્રેષ્ઠત્તમ સર્જ્યનો, ભિન્નભિન્ન રોગોના નિષ્ણાત સ્પેશ્યાલિસ્ટો અને સુપર સ્પેશ્યાલિસ્ટો પેદા કર્યાં છે. દેશમાં જ નહિ, વિદેશમાં પણ એ જૈન મહાનુભાવોનું યોગદાન નોંધપાત્ર રહ્યું છે. જૈન મેડિકલ ડૉક્ટરની આંતર-રાષ્ટ્રીય કોન્ફરન્સ પણ ગયા વર્ષથી ભરાવા લાગી છે. આ વર્ષે જાન્યુઆરીમાં કાંદિવલી મુંબઈ ખાતે યોજાયેલી કોન્ફરન્સમાં અમેરિકા, ઇંગ્લેન્ડ જેવા દેશમાં પ્રેક્ટીસ કરતા હોય એવા, ઉપરાંત દેશમાં પ્રેક્ટીસ કરનાર મળી, કુલ એક હજાર ઉપરાંત ડૉક્ટરોએ ભાગ લીધો હતો. કેટલાક મહારાજ સાહેબો, મુનિ-ભગવંતોએ પણ આ કોન્ફરન્સમાં પોતાનાં મંતવ્યો રજૂ કર્યાં હતાં, જેમાંના કેટલાક મહાનુભાવોનો અંગત મત એવો હતો કે એલોપેથિક ડૉક્ટરી અભ્યાસ દરમ્યાન અને એક સ્નાતક પ્રેક્ટીસ શરૂ કરે ત્યારપછી, જાણતાં કે જાણ-બહાર, એની પ્રેક્ટીસમાં હિંસાનાં તત્ત્વો દાખલ થઈ જતાં હોય છે. અભ્યાસકાળ દરમ્યાન જ ગીનીપીગ, ઉંદર, દેડકાં, વાનર વગેરે અનેક પ્રાણીઓ પર એ લાગણીશીલ જીવોને ભારે ત્રાસ થાય એવા પ્રયોગો કરાતા હોય છે. ઉપરાંત ફાર્માસ્યુટીકલ કંપનીઓ જે દવાઓ, રસીઓ વગેરે બનાવે તેની ચકાસણી કરતી વેળા પણ એવા જ સંવેદનશીલ પ્રાણીઓ પર અનેક જાતના અખતરા કરવામાં આવે છે. આવા અખતરાઓ પછી, મોટે ભાગે, એનાં પરિણામો જાણવા માટે એ પ્રાણીને મારી નાખી એના હૃદય, મગજ, લીવર, જ્ઞાનતંતુઓ, વગેરે પર દવાઓની જે અસર પડી હોય તેનો અભ્યાસ કરવામાં આવે છે. વિવિસેક્શન નામે આ પ્રયોગો દુનિયાભરમાં મેડિકલ રિસર્ચ સેન્ટરોમાં દોઢસો વર્ષથી થતા આવ્યા છે, જેમાં આપણા યાને માનવીના, રોગો દૂર કરવાના હેતુસર લાખો પ્રાણીઓનો ભોગ લેવાતો હોય છે.

ઉપરોક્ત ઉપરાંત એવાં બીજાં અનેક પ્રબળ કારણ ધ્યાનમાં રાખીને જૈન સમાજે એલોપેથીક ચિકિત્સાને પ્રોત્સાહન આપતી પ્રવૃત્તિઓથી દૂર રહેવું જોઇએ એવું હવે કેટલાક મુનિ-મહારાજો પોતે સમજવા લાગ્યા છે, અને એ મહાશયો પોતાની માંદગી કે સ્વાસ્થ્ય સંબંધી સમસ્યા માટે નિર્દોષ ઉપાયો-નિસર્ગોપચાર, યોગ-ચિકિત્સા કે આયુર્વેદમાં શોધતા હોય છે. 'આહાર એ જ ઔષધ છે ! જે આહાર તરીકે એક સ્વસ્થ માનવી લઈ શકે, તેવો જ કુદરતી ખોરાક એક રુગ્ણ વ્યક્તિ પોતાને સાજો કરવા માટે લઈ શકે !' એ પ્રાકૃતિક ચિકિત્સાનું મહત્ત્વનું સૂત્ર છે. એલોપેથીક ડૉક્ટરો પોતાની ડૉક્ટરી કારકિર્દીની શરૂઆત કરતાં પહેલાં જે શપથ લે છે-જે 'હિપોક્રેટિક ઓથ' કહેવાય છે-તે હિપોક્રેટીસ નામના ઋષિ તુલ્ય ચિકિત્સક પોતાના દર્દીઓ અને વિદ્યાર્થીઓને હંમેશ એક મહામંત્ર પામવાનો અનુરોધ કરતા કે, 'આહાર જ એવો લેવો જે સ્વયં ઔષધ બની રહે.' આયુર્વેદ પણ સ્પષ્ટ શબ્દોમાં કહે છે કે 'દરદી જો પથ્ય ન પાળે તો એને માત્ર ઔષધોથી કઈ રીતે ફાયદો પહોંચે ? અને એ જો પથ્ય પાળે, તો એને ઔષધોથી જરૂરત જ ક્યાં રહે ?'

આયુર્વેદ સુદ્ધાં અન્ય ચિકિત્સા-પદ્ધતિઓમાં માંસાહાર વર્જીત નથી ગણાતો-જેમ પ્રાણીઓ પરના પ્રયોગો યાને 'વિલિસેક્શન'

એલોપેથીક હૉસ્પિટલો જ ઉભી કરવા હંમેશ ઉત્સુક હોય છે. મુંબઈ ઉપરાંત ગુજરાત, કચ્છ, સૌરાષ્ટ્રનાં ડઝનો શહેરોમાં જૈન સમાજે ડઝનો હૉસ્પિટલો, સાર્વજનિક લાભાર્થે ખોલી છે જે એક રીતે અત્યંત પ્રશંસનીય સખાવતનું કામ છે. પરંતુ 'એલોપેથી'નો પાયો હિંસામાં છે એ હકીકત સ્વીકાર્યા વિના ચાલે એમ નથી. જૈન સમાજે નેચરોપેથીની એક પણ કૉલેજ કે એક પણ મોટી હૉસ્પિટલ ચાલુ કરી નથી, એ બન્ને કસરો બને તેટલી વહેલી તકે દૂર કરવી જરૂરી છે. એ કરાય તે પહેલાં હાલ તુરંત વડોદરાની કૉલેજમાં પોતાના પરિવારનાં છોકરાંઓને કુદરતી ઉપચારોની જાણકારી માટે એડમીશન અપાવવાની તજવીજ કરાય તો એક મોટું પુન્યનું કામ, અહિંસાનું કામ, ધર્મનું કામ થયું ગણાશે. પોતાના પરિવારમાંથી યોગ્ય વ્યક્તિ વિદ્યાર્થી તરીકે ન ઉપલબ્ધ હોય, તો અન્ય યોગ્ય વિદ્યાર્થીઓના અભ્યાસમાં સહાયરૂપ થવા સ્કોલરશિપ કે સ્પોન્સરશિપ પણ વડોદરાની કૉલેજને સૂચવી શકાય, જેથી ગરીબ વિદ્યાર્થી એ કૉલેજમાં દાખલ થઈ શકે. તત્કાળ આ અહિંસા-પ્રચારનું કાર્ય કરવું જરૂરી છે.

❖❖❖

# સમાધિ : મંગલમયતાથી છલોછલ છલકાતો એક શબ્દ

❑ આચાર્ય શ્રી પૂર્ણચન્દ્રસૂરીશ્વરજી મહારાજ

આ વિશ્વમાં વસતા માનવોના વિભાગ પાડવા હોય, તો પ્રાયઃ બે વિભાગમાં સૌ વહેંચાઈ જાય : એક વર્ગ જ્ઞાનાર્જન કરનારો, બીજો વર્ગ ધનાર્જન કરનારો ! વિદ્યાર્થી અવસ્થા જ્ઞાનાર્જનની અવસ્થા ગણાય, વેપારીવર્ગ કે નોકરીયાત વર્ગ ધનાર્જન કરનારમાં આવે. આજના વિદ્યાર્થીનું પણ જ્ઞાનાર્જન પછીનું ધ્યેય તો ધનાર્જન જ જોવા મળે છે, ધનાર્જનના કારણ તરીકે એ જ્ઞાનાર્જનને થોડું ઘણું પણ મહત્ત્વ આપે છે. નિવૃત્તિ અનુભવતા માણસોનો ત્રીજો પણ એક વર્ગ પાડી શકાય, જેને ધનાર્જનના નફાની મજા માણતા વર્ગ તરીકે બિરદાવી શકાય !

આટલી ભૂમિકાની વાત પાકી કરીને આપણે જે વિચારવું છે, એ તો વળી જુદું જ છે. સમાધિનું જીવન-મરણમાં કેટલું બધું મહત્ત્વ છે એ વિચારવા આટલી ભૂમિકા પર્યાપ્ત છે. જીવન-મરણની ફલશ્રુતિ 'સમાધિ' છે. આ સમજવા વિદ્યાર્થી અને વેપારીના જીવનને નજર સામે લાવીએ.

વિદ્યાર્થી પોતાના જીવનમાં ભણવાની જે મહેનત કરે છે, અમુક દિવસોમાં તો રાત-દિવસના ઉજાગરા વેઠીને ય કિતાબના કીડા જેવું જ જીવન જીવતો તે જોવા મળે છે અને આની પાછળ ધૂમ નાણાં વેરાતાં ય નજરે ચડે છે. આ બધાનો હેતુ જાણવા પ્રશ્ન કરીશું તો વિદ્યાર્થી જવાબ વાળશે કે, પુરુષાર્થ કર્યા વિના કાંઈ ચાલે ? પુરુષાર્થ કરીએ તો જ પરીક્ષામાં પાસ થવાય.

વેપારી વર્ગ પણ કડી મહેનત કરે છે. સીઝનના દિવસોમાં તો ખાવું-પીવું હરામ કરીને એ દુકાનમાં ગોંધાઈ મરતો હોય છે. આવા પ્રચંડ પુરુષાર્થનો હેતુ જણાવતાં એ પણ કહે છે કે, દિવાળીનો ચોપડો નફાથી છલકાતો જોવો હોય તો આથી ય વધુ મજૂરી કરવી જ પડે.

વિદ્યાર્થીની સામે પરીક્ષા છે, વેપારીની સામે નફો છે, તો કષ્ટ પણ એને માટે ઈષ્ટ બની રહે છે. સાચા ધર્મીના જીવનમાં વિદ્યાર્થી કરતાં વધુ ખંત અને વેપારી કરતાં વધુ જહેમત જોવા મળતી હોય છે. તપ-જપ જ્ઞાન-ધ્યાનના માધ્યમે આ ખંત અને જહેમત આપણા માટે પ્રત્યક્ષ બનતા હોય છે, એથી પ્રશ્ન જાગે કે, ધર્મી સમક્ષ પરીક્ષા કે નફા તરીકે કયું તત્ત્વ તરવરતું હશે કે, જેથી કષ્ટને ઈષ્ટ ગણી શકવામાં એને સફળતા વરે ! આના તત્ત્વ તરીકે સમાધિનું દર્શન કરાવતા એક સુભાષિત કહે છે કે :

જીવનમાં જે તપ તપાય, જે વ્રત પળાય કે જે શ્રુત ભણાય, એનું ફળ જો કોઈ હોય તો તે સમાધિ છે.

જીવનમાં ય સમાધિ ને મરણમાં ય સમાધિઃ એ આ બધા કડવા કષ્ટોનું મીઠું ફળ છે. તપ, વ્રત કે શ્રુત જો માત્ર ભણ્યા કરવા જેવી કે અને એને કોઈ રસ રેડીને આદરત પણ નહિ, પરંતુ પરીક્ષા અને નફા સાથે સરખાવી શકાય એવું સમાધિ નામનું તત્ત્વ અસ્તિત્વ ધરાવે છે, એથી જ તપ-જપની એ પ્રવૃત્તિ સાર્થક, સરસ અને સફળ-સબળ બની રહે છે.

જે આટલી બધી મહત્ત્વની ચીજ છે એ સમાધિનું સ્વરૂપ પણ જાણવું અતિ જરૂરી છે. ઘણાને સમાધિ શબ્દના ઉચ્ચાર સાથે જ મૃત્યુ યાદ આવી જતું હોય છે. એથી આ શબ્દોની મંગલમયતા તેઓ કલ્પી પણ શકતા નથી. પરંતુ સમાધિ તો મંગલમયતાથી છલોછલ છલકાતો એક શબ્દ છે ! જીવનથી મૃત્યુ લગીની અંતિમ પળ સુધીની યાત્રા શાંતિ-સંતોષ-ઇતિકર્તવ્યતા-પ્રસન્નતા વગેરેથી ભરપૂર બનાવવી હોય તો સમાધિને સમજીને અપનાવી લેવી જ રહી.

સમાધિ કાંઈ મૃત્યુ ટાણે જ યાદ કરવા જેવી ચીજ નથી ! જીવનની પળેપળમાં જીવવા જેવી ચીજ સમાધિ છે. આ જીવન તો આધિ-વ્યાધિ-ઉપાધિ જેવી ચીજોથી જ ભરપૂર રહેવાનું ! એવી કાળ-અનાદિની અવળી ચાલના કારણે જીવ સુખ આવતાં હસીને એને ભેટી પડવાનો, દુઃખ આવતા એને ઠોકર મારવાનો અને આ કારણે જ સુખનું આગમન ઠેલાતું જવાનું તેમ જ દુઃખનું આગમન અફર બનીને દૃઢ બની જવાનું. આવા આ જીવતરમાં જો સમાધિ હાથવગી બની જાય, તો સુખ ઉપરનો સ્નેહ ચાલ્યો જવાનો ને દુઃખ સાથે દોસ્તી બંધાઈ જવાની. પછી સુખ. સુખ ને સુખનું જ સામ્રાજ્ય સ્થપાઈ જાય એમાં નવાઈ શી ?

સુખમાં વિરાગ અને દુઃખમાં સમતા-આ સમાધિનું ટૂંકું સ્વરૂપ છે. જેની સામે આવી સમાધિ ધ્યેય રૂપે સ્થિર થઈ જાય એને પછી તપ-વ્રત અને જ્ઞાનના કષ્ટ કષ્ટદાયક ન જ જણાય, કેમ કે આને તો એ ધર્મી સમાધિની પરીક્ષાની પૂર્વ તૈયારી સમજતો હોય, ધર્મારાધના માટે સદ્‌ગતિ જરૂરી છે. એના માટે મૃત્યુ ટાણે સમાધિ જોઇએ. મૃત્યુને સમાધિમય બનાવવા જીવનને સુખમાં અલીન ને દુઃખમાં અદીન રાખવું જોઈએ. આટલું થઈ જાય, તો પછી વ્રત, તપ ને શ્રુતનું વૃક્ષ સમાધિના ફળથી લચી પડ્યા વિના રહે જ નહિ !

❖❖❖


સંઘનું નવું પ્રકાશન

## સંસ્કૃત નાટકોની કથા

ભાગ ૧

❑ લેખિકા-પ્રો. તારાબહેન ર. શાહ

કિંમત : ૧૦૦/- રૂપિયા

# ભૂતના મારા અનુભવો

□ ડૉ. રણજિત પટેલ (અનામી)

આજથી ૭૭ સાલ પૂર્વે હું મારા ગામની (ડભોડા : જિલ્લો ગાંધીનગર) કુમારશાળામાં ભણતો હતો ત્યારે અમારે એક પાઠ ભણવાનો હતો...જેનું શિર્ષક હતું: 'શંકા ભૂત ને મંછા ડાકણ'. તે સમયે મને મંછાનો અર્થ ન સમજાય પણ અમારા ગામમાં મંછા નામે એક પ્રૌઢા હતી જેને લોકો ડાકણ ને અપશુકનિયાળ ગણતા હતા. કોઈ એનો પડછાયો લે નહીં. લોકો કહે કે એ એના ધણીને ને દીકરાને ભરખી ગઈ છે. બિચારી પ્રૌઢ વિધવા મોટે ભાગે તો ઘરમાં જ ભરાઈ રહે. લોકોએ એનું નામ 'દૂતી' પણ પાડેલું જેનો અર્થ આજ સુધી હું જાણી શક્યો નથી. નાનાં બાળકો પણ એને કાંકરી મારે. દશેક વર્ષની વયે હું આ મંછા વિધવાને ડાકણ સમજતો હતો. પછી જ્યારે ખબર પડી કે મંછા એ સંસ્કૃત મનીષાનું જ રૂપ છે, જેનો અર્થ ઇચ્છા, ઉમેદ, વિચાર થાય છે. મતલબ કે ડાકણ બાહ્ય જગતમાં નહીં પણ આપણી ઇચ્છાઓમાં, આપણા વિચાર વિશ્વમાં જ વસે છે !... મતલબ કે 'ભૂત-ડાકણ આપણી જ શંકાઓ ને મનીષાઓ છે. દૂતીનો પ્રચલિત અર્થ તો સંદેશો પહોંચાડનાર સ્ત્રી એવો થાય છે પણ વિશેષણ 'દૂતું' (પ્રા. ધૃત સં. ધૂર્ત) લુચ્ચું એવો થાય છે. મંછા વિધવા જેને લોકો ડાકણ સમજતા હતા તે ધુર્ત તો નહોતી જ. ડાકણમાં ધૂર્તતાનો અવગુણ કદાચ અપેક્ષિત હશે ! મોટપણે મેં પિતાજીને પૂછેલું કે આપણા ગામની મંછા વિધવા ખરેખર ડાકણ હતી? તો પિતાજીએ કહેલું 'ડાકણ કેવી ને વાત કેવી ? એ તો એના કુટુંબીઓએ પતિ-પુત્રનું મૃત્યુ થયા બાદ એની મિલ્કત પડાવી-પચાવી પાડવાની તરકીબ માત્ર હતી !'

મારા પિતાજી ચૌદ સાલના હતા ત્યારથી અમારી જમીન ઉપર રહેતા હતા. ગામથી અમારી જમીન લગભગ બે કિ.મી. દૂર...લગભગ ૧૦૪ વર્ષ પૂર્વે વસ્તી પણ ઓછી ને એ. પી. રેલ્વે પણ નહીં. લોકો કહે છે કે આગગાડીના આગમન બાદ વનવગડાનાં બધાં ભૂતડાં ભાગી ગયાં ! લગભગ ૭૪ સાલ સુધી (૮૮ વર્ષનાં થયા ત્યાં સુધી) તેઓ વગડામાં જ પડી રહેતા...મોટે ભાગે એકલા જ. ખૂબ વરસાદ હોય તો બે માસ ગામમાં રહે. એકવાર મેં પિતાજીને પૂછ્યું: 'તમો ૭૪ સાલથી ઉજ્જડ જેવા વગડામાં પડી રહો છો તો તમને કોઈ દિવસ ભૂતનો ભેટો થયો છે ? પિતાજીએ કહ્યું: 'ભૂત જેવી કોઈ સૃષ્ટિ જ નથી. એ બધા મનના વહેમ છે. ભીતિગ્રસ્ત મનના એ બધા ખેલ છે. એમ કહી એમણે બે દૃષ્ટાંત આપેલાં.

ગાડામાં લગભગ ૪૦ મણ રીંગણ ભરીને અમદાવાદ વેચવા જવાનું હતું ! પિતાજી ગાડામાં બેઠેલા...ઉધડિયો ગાડું હાંકે. બારેક કિ.મી. ગયા બાદ એક સાંકડું નેળિયું આવે. એકવાર વાડ તરફ જોઈ બળદ ભડક્યા ને ગમે તેટલા ડચકારા કરે, આળ ઘોંચે પણ બળદ આગળ જ વધે નહીં. ઉધડિયો કહે : 'માનો ન માનો પણ મોહન પટેલ્ય ! આ બધાં વંતરીઓનાં ચરિતર લાગે છે મને તો.' ઉધડિયો ગભરાઈ ગયો. પિતાજી લાકડી લઇને નીચે ઉતર્યા...નેળની વાડની બંને બાજુ લાકડી ઠોકી તો લોંકડી-શિયાળ કે શાહુડી જેવું કોં'ક વગડાઉ જનાવર ઊભી પૂંછડીએ ભાગ્યું ને બળદ આગળ વધ્યા. બીજું દૃષ્ટાંત એમણે ગામના બેકાર ઠગ લોકોનું આપેલું. રાતના આઠ કે નવના સુમારે કેટલાક લોકો ભાત લઈને ખેતરે આપવા જાય. આ બેકાર ઠગો નેળિયાની બંને બાજુ આવેલાં ઝાડ પર સંતાઈ જાય અને માથે ભાત લઈને જનાર પર દોરડું એ રીતે ફેંકે કે માથા પરથી ભાત પડી જાય અને ભાત લઈ જનાર ભૂતની બ્હીકે ઊભી પૂંછડીએ ભાગે. બેકાર ઠગોનો આ ધંધો જ થઈ પડેલો. વળી ઝાડ પર ચઢીને ભડકા કરે જેથી વાસો કરનાર ડરીને ઘર ભેગા થઈ જાય ને આ લોકો પછી ખેતરમાંથી ચોરીઓ કરે. ભાભો નામે એક પારસી–ફોજદાર...એને આવા બધા બેકાર ઠગોની ખબર પડી એટલે મારી મારીને એમને અધમૂઆ કરી નાખ્યા પછી લોકોમાંથી ભૂતની ભીતિ ટળી.

અમારી જમીનને અડીને મગન ભગતની જમીન. દર પૂનમે એમને ત્યાં ભજનમંડળી ભજનો કરે. ત્યારે મારી વય માંડ પંદરની. રાતના દશથી એક વાગ્યા સુધી ભજનો ચાલે. પિતાજી નિયમિત એ મંડળીમાં જાય ને ભજનો પણ ગાય. એકવાર મેં એમની સાથે રાતવાસો કરેલો. ભજન મંડળીમાં જતાં પહેલાં મને દશ બાર ફૂટની છાપરી પર સૂવાડેલો...ને જતાં જતાં કહે: 'જો બેટા ! આપણા આ ખળાવાળા આંબા પાસે ત્રણેક લીંબડા આવેલા છે...ત્યાં ઘૂવડ રહે છે. રાતના એ એવી ભેંકાર રીતે બોલે છે કે ભલભલાના છક્કા છૂટી જાય. તું એ ઘૂવડોનો અવાજ સાંભળી ગભરાઈ જતો નહીં. કેટલાક વહેમી લોકો માને છે કે અવગતિયા થયેલા એ અધમ જીવો છે એટલે ભાતભાતના ઉધામા ને ભાતભાતનાં ચરિતર કરે છે. રાતના બારે ઘૂવડ ઘૂરક્યાં, ભાતભાતના અવાજો કરે પણ પિતાજીની સૂચના પછી મને કોઈ વાતની ભીતિ ન રહી. 'ઘૂવડ' નામનું કવિ ન .ભો. દીવેટિયાનું કાવ્ય વાંચતાં, વિચાર સાહચર્યને કારણે, અમારી લીંબડીનાં 'ઘૂવડો' યાદ આવેલાં. ભૂતપ્રેતની સાધનામાં ઘુવડો પણ લેખે લાગતાં હશે ! મારા એક દીવેલિયા મિત્રને મારો એક બીજો મિત્ર 'ઘૂવડ' કહેતો. ઘૂવડની વાત આવે એટલે 'પંચતંત્ર'નું ત્રીજું તંત્ર-જેમાં કાગડાને ઘુવડનો વિગ્રહ નિરૂપ્યો છે તે કાકોલૂકીય તંત્ર પણ યાદ આવે.

એકવાર અમારા ખળામાં અન્નના ઢગલા તૈયાર થઈ ગયેલા. રાતના આઠે પિતાજીને ખાસ કામે ગામમાં જવાનું થયું. અમો બંને ભાઇઓને ખળાની રખેવાલી સોંપીને પિતાજી ગયા...જતાં જતાં કહ્યું કે હું નવના સુમારે આવી જઇશ...ત્યાં સુધી તમારે ક્યાંય પણ ફરકવાનું નહીં: ત્યારે મોટાભાઇની ઉંમર ૧૭ વર્ષની, મારી પંદરની. સાડા દશ થવા આવ્યા તોય પિતાજી આવ્યા નહીં ને અમને ગભરામણ થવા લાગી. એ આવે પછી બે કિ.મી.નું અંતર કાપીને ગામમાં જવાનું. લગભગ અગિયારના સુમારે પિતાજી આવી ગયા...અમને ઘરે જવાની પરવાનગી મળી....રાતના રેલ્વે સ્ટેશન બાજુથી જવાની સખત મનાઈ...એટલે દૂધિયા તળાવનો રસ્તો લેવો પડે...તળાવની આજુબાજુ ભયંકર ઘીચ ઝાડી, સાપનો ભય મોટો. તળાવમાં જંગલી પશુઓ પણ પાણી પીવા આવે. આમ છતાંયે અમો બંને ભાઇઓ ઘરે જવા નીકળ્યા...થેલીમાં પથ્થર ભરી લીધા-રેલ્વેના સ્તો ! જેવા તળાવને કિનારે આવ્યા તેવા 'ઊંવાઉં... ઊંવાઉં... ઊંવાઉં'ના અવાજો આવ્યા...લાગ્યું કે ભૂતનાં ચરિતર હોય ! મોટાભાઇએ થેલીમાંથી બે પથ્થર કાઢી મોટે અવાજે પડકાર કર્યો: 'કોણ છે તું ? બોલ નહીંતર આ પથ્થર તારો સગો નહીં થાય...'ને ત્યાં તો કોક સ્ત્રીનો કરુણ અવાજ આવ્યો: 'જો જો ભૈ પથ્થર મારતા...એ તો હું સગુ પરમારની ઘરવાળી છું....એમનું ભાથું લઇને આવતી'તી ને આ દુધિયા તળાવની ઝાડીમાં જ પ્રસવ થઈ ગયો.' બે ફર્લાંગ દૂર આવેલી એની જમીન પર અમો મૂકી આવ્યા. વગડામાં જન્મેલ બાળકનું નામ વાઘો-વાઘોજી રાખેલું. ભીતિગ્રસ્ત થયા હોત તો ભૂત સમજીને ભાગ્યા હોત પણ સ્હેજ હિંમતને કારણે ભૂતના ભયને મનમાંથી ભગાડ્યો.

લગભગ એંશી સાલ પૂર્વે હું મારાં ગંગાદાદીને પિયર શાહપુર ગયેલો. અમારા ગામથી શાહપુર લગભગ આઠેક કિ.મી.ને અંતરે. શાહપુર નજીક જતાં રસ્તાની બન્ને બાજુએ સાબરનાં મોટાં આંઘા, ભેખડો ને કોતરો આવે. રસ્તો લગભગ નિર્જન એટલે ભેંકાર, બ્હીક લાગે તેવો. લગ્ન પૂર્વે, દાદી ન્હાનાં હશે ત્યારે એમના મનમાં એવું ઠસી ગયેલું કે આ લગભગ દશ મિનિટને રસ્તે ભૂતોનો નિવાસ છે એટલે મને ખાસ સૂચના આપે કે હવે અહીંથી તારે 'હેંડ' કે 'ચાલ' શબ્દ નહીં બોલવાનો...જો તું 'ચાલ' કે 'હેંડ' બોલીશ તો ભૂતડાં તારી સાથે આવશે...એમને દૂર રાખવા માટે તારે દશ મિનિટ સુધી મનમાં 'જય અંબે, જય અંબે, જય અંબે' બોલ્યા કરવાનું ને દાદી મનમાં બબડે: 'હે મારી માતા ! જો તું અમને હેમખેમ

ઘરે પહોંચાડીશ તો ઘરે જઇને તારા નામના પાંચ દીવા કરીશ ! અંબા મા, તો મારી માતાનું પણ નામ. અંબા ભવાની દાદીનું અવલંબન બની રહેતાં, પણ આઠેક વર્ષની વયે, 'જય અંબે, જય અંબે'નો મનમાં જાપ કરવાથી ભૂતડાં દૂર રહે એ સંસ્કાર મન પર પડેલા. ભૂત ભલે ખોટાં હોય પણ આ સંસ્કાર સાચા હતા. ભયને કારણે એ મળેલા પણ સમજણ સાથે એ દૃઢ પણ થયા.

૬૦-૭૦ સાલ પૂર્વે મેં મારા ગામમાં, અનેક સ્ત્રીઓને ધૂણતી જોઇ છે. એમાં મોટે ભાગે મોટી વયની કુમારિકાઓ હોય ને નવોઢાય હોય. ધૂણે એટલે કાં તો હોય તો ભૂવાને બોલાવે અથવા અનુભવી પ્રૌઢાઓ પ્રસંગ સાચવે. ધૂણતી સ્ત્રીને ભૂવો કે અનુભવી પ્રૌઢા પૂછે કે તું કોણ છે, ક્યાંથી આવી છે ને શા માટે આવી છે ? તો ધૂણતાં ધૂણતાં કહે કે હું તો ભગવાનદાસના ત્રીજા માળના ગોખલે બેઠી હતી ને આ રાંડે મને 'હેંડ' કહ્યું એટલે હું આવી. દિવાળી પર હું માટી લેવા ગઈ'તી...માટી ધસી, હું દટાઇ ને મારાં ખીચડી, અથાણાં ખાધા વિનાનાં રહી ગયાં...પાલી કાકીની દીકરી હું ગૌરી છું.' તારે શું જોઇએ છે ? એમ પૂછતાં કહે: 'મને ખીચડી ને અથાણું આપો તો, ડભોયાની પાસે આવેલી પીલુડીની બખોલમાં જતી રહું.' એક ઠીબમાં થોડી ખીચડી ને ચમચી અથાણું મૂકી ચૌટે મૂકવા જાય એટલે ધૂણતી સ્ત્રી એકદમ દોટ કાઢી એની પાછળ જાય...૪૦-૫૦ ડગલાં જઇને ફસડાઈ પડે. પછી ધૂણવાનું બંધ થઈ જાય. ઠીબમાં અથાણું મૂકતી સ્ત્રીને બીજી સ્ત્રી સૂચના આપે કે અથાણામાં થોડું એરંડિયું નાખ...બાકી ચટાકેદાર અથાણું આપીશ તો બીજીવારે ટૅશ કરવા ફરી પાછી આવશે ! પાંચ છ ધૂણતી સ્ત્રીઓને મેં જોઇ છે...એમની સાથેનો ભૂવાનો કે પ્રૌઢાનો વ્યવહાર લગભગ ઉપર વર્ણવ્યો તેવો...એમાં સ્થળ, વ્યક્તિઓ ને વાનગીઓ બદલાય પણ 'પેટર્ન' લગભગ સરખો. હું આને ભૂતપ્રેતના વળગાડમાં (કહેવાતા વળગાડમાં) મૂકતો નથી પણ મનની નબળાઇનું એ પરિણામ છે એટલે હીસ્ટીરીઆમાં એને મૂકવો જોઇએ. સાધારણતઃ પ્રવૃત્તિશીલ નૂતન સંસ્કૃતિમાંથી જન્મેલ અનેકવિધ માનસિક મૂંઝવણોની ફળદ્રૂપ પેદાશ સમાન રોગ તે હિસ્ટીરીયા છે...જે દેશી વૈદ્યોમાં ગુલ્મ, કામોન્માદ, પોષાયસ્પાર, આક્ષેપક કે તંદ્રા તરીકે જાણીતો છે. શું શહેર કે ગામડામાં અતિ વ્યાપક ને અતિ પરિચિત છે. શારીરિક કરતાં વિશેષે તો એ માનસિક રોગ છે.હિસ્ટીરીઆ અનેક કારણોનું પરિણામ-ફળ છે. પુરુષો કરતાં સ્ત્રીઓમાં-વિશેષ તો મોટી ઉંમરની કુમારિકાઓમાં, વિધવાઓમાં, નવોઢાઓમાં-સાધારણ રીતે ૧૪ થી ૨૪ વર્ષમાં અને અટકાવ જતાં ૪૦-૪૫ પછી જોવામાં આવે છે. વંધ્યાને, શારીરિક, માનસિક, બૌદ્ધિક ને આર્થિક કજોડાં હોય, ચિંતા, શોક, ભીતિ હોય, માનસિક ને મગજના રોગ હોય, અતિ વિલાસી, અતિ બેઠાડું લાગણીપ્રધાન સ્ત્રીઓને આ રોગ થતો હોય છે. એમાં વળગાડ જેવાં લક્ષણો જોવા મળે છે. શરીર તંગ થાય, તાણ આવે, બૂમબરાડા કરે, છાતી પર મૂક્કા લગાવે. મોં બંધ રાખે, મોમાં ફીણ આવે. ધમપછાડા કરે, હાથમાં આવે તે તોડે–ફોડે, આંખો ઘેરાય, ઘડીમાં હસે, ઘડીમાં રડે. દાંત ખીલી પેઠે મજબૂત ભીડે, દમ ઘૂંટે, કેસ પીંખે વગેરે એના લક્ષણો છે. એની તાણ બંધ થતાં શિર, પેઢું, પેટ ને છાતીની કળતર ઉપડે. અરુચિ, કબજિયાત ને આર્તવદોષની ફરિયાદ રહ્યા કરે. કોઈ કોઈ સ્ત્રીઓ તો પોતાને ન આવડે એવી ભાષામાં પણ ગીતો ગાય. મારાં એક કાકીને વર્ષોથી હિસ્ટીરીઆનું આવું ઝોડ વળગેલું...જેને બધાં ભૂત-પ્રેતનો વળગાડ કહેતા હતા. એની અસર નીચે કાકીમાં એટલી બધી રાક્ષસી તાકાત આવતી કે ચાર સશક્ત પુરુષો પણ એમના હાથ-પગ-મસ્તક દબાવી રાખવામાં નિષ્ફળ જતાં. એમને હિંદી ન આવડે પણ ફક્કડ હિંદીમાં ગીતો ગાય. ભુવાની ગરીમાઓથી મટ્યું નહીં, એટલે હું આણંદના ખ્રિસ્તી ડૉક્ટર કૂક પાસે લઈ ગયેલો. તે વખતે સમગ્ર ગુજરાતમાં ડૉ. કૂકની બોલબાલા હતી. હિસ્ટીરીઆનો હૂમલો આવ્યો એટલો ડૉ. આવ્યા. બે હાથ પકડી ઝાટકો મારી ઊભાં કરી એક ધોલ ગાલે ને બીજી નિતંબ પર લગાવી દીધી ને પૂછ્યું: 'ક્યા હૈ ?' ગરીબડી ગાય જેવાં બની ગયેલાં કાકીએ કહ્યું: 'કશું જ નથી.' પાંચ રૂપિયા ફીના આપી હું જતો હતો ત્યારે ડૉ. કૂકે કહ્યું: 'She is not possessed buy a ghost but she is possessed by your Uncle ghost !' 'એમને કોઈ ભૂતપ્રેત વળગ્યું નથી પણ તમારા કાકાનું ભૂત વળગ્યું છે.' વાત એમ હતી કે કાકાએ પ્રથમ કાકી (મારી કાકી) ગામડિયણ લાગતાં ફારગતિ આપી આ નવી કાકી કરેલાં. ચૌદ સાલની કાકી ને ૨૫ સાલનાં કાકા. હીસ્ટીરીઆ થવાનું કારણ માનસિક હતું જે જતે દિવસે દૂર થયું !

સને ૧૯૪૩માં મને એક એવો વિચિત્ર અનુભવ થયો જેને હું વળગાડ કે હીસ્ટીરીઆ–શેમાં, એનો સમાંસ કરવો તે હજી સુધી નક્કી કરી શક્યો નથી, ત્યારે હું દરબાર સૂરજમલજી બોર્ડિંગમાં રહીને ગુજરાત કૉલેજમાં એમ.એ.માં ભણતો હતો. મારી સાથે એમ.એ.માં શ્રી પિતાંબરભાઈ પટેલ પણ હતા. અભ્યાસમાં ને વયમાં અમો સીનિયર. અમારી સાથે વીસનગર તાલુકાના એક નાનકડા ગામનો શિવાભાઈ પટેલ રહે ને અમદાવાદની હાઈસ્કૂલમાં અંગ્રેજી ધોરણ પાંચમાં ભણે. ચુસ્ત સ્વામીનારાયણ. એકદમ વિવેકી...મિતભાષી, શરમાળ ને સીધો. આપણી સામે બોલવાની પણ હિંમત ન કરે. આવા શિવાભાઈ એક દિવસ મીયાંભાઇની જે ટેડી ટોપી મૂકી, હાથમાં ડંડુકો લઈ, સિગરેટ પીતો પીતો મારી રૂમમાં આવી, ખુરસી પર લંબાવી મને ઉદ્દેશીને કહે: 'અબે કવિ ! ચલ નાચ કર.' મારા બે સાથીઓ, મોરથાનીઆના દ્વારકાદાસ જી. પટેલ (બી.એસસી.)ને ગોઝારીઓના શ્રી છોટાભાઈ અમીચંદ પટેલ (એલએલ.બી.) ડઘાઈ ગયા ને એને પકડી ગૃહપતિ શ્રી જમનાદાસ બાબુને હવાલે કરી દીધો. એના પિતાને જાણ કરી...પિતા ગામડે લઈ ગયા...ત્રણ-ચાર માસ બાદ બધું ઠેકાણે પડ્યું....વર્ષ તો બગડ્યું...પણ બીજે વર્ષે શિક્ષક કૃષ્ણ ફલક પર દાખલો ગણતા હતા ત્યાં શિવાભાઈ એકદમ ઊભો થઈ ગયો...શિક્ષકને કેડ્યેથી પકડી ભોંય પર પટક્યા ને છાતી પર ચઢી બેસી ધીબવા લાગ્યો. છોકરાઓએ એને પકડી આચાર્યને સુપરત કર્યો....ફરી એના પિતા લઈ ગયા...હિંદીમાં બક્યા કરે, સીડી પરથી ભૂસ્કો મારે...ભૂવા-પીરને બતાવતાં, એનામાં રહેલ 'સ્પીરીટ' બોલ્યું: એ મારી કબર પર મૂતર્યો હતો એટલે એનો જીવ લીધા વિના નહીં છોડું. અમારી બોર્ડિંગની સામે ૨૫૦-૩૦૦ ફૂટને અંતરે, સાબરમતી નદી બાજૂ, કેટલીક કબરો હતી. એણે ત્યાં લઘુશંકા કરેલી કે નહીં, ભગવાન જાણે, પણ થોડાંક દિવસો બાદ શિવાભાઈ આમને આમ ગુજરી ગયો. હું ભૂતપ્રેતમાં માનતો નથી પણ જો આ કેઈસ હિસ્ટીરીઆનો હોય...તો અતિ જટીલ ને સંકુલ 'કેઈસ' છે. ભૂતપ્રેતના કહેવાતા વળગાડને અતિક્રમી જતો 'કેઈસ !' આપણને શંકાના વમળમાં ઘૂમાવે એવો 'કેસ'.

પછી તો સને ૧૯૪૪માં એમ.એ. થઈ હું પીલવાઇની શેઠ ગિરધરલાલ ચુનીલાલ શાહ હાઇસ્લુકમાં શિક્ષક તરીકે જોડાયો. મારી સાથે મેટ્રીકમાં ભણતો મારો નાનો ભાઈ (ડૉ હીરાલાલ પટેલ-હાલ મુંબઈમાં) પણ હતો. અમો એક માણેક શેઠાણી (નાગર વાણિયા)ના મકાનમાં ભાડે રહેતા હતા પણ અમને એ મકાન ખૂબ સાંકડું પડતું હતું એટલે એ ખાલી કરી અમો એક વિશાળ બંગલામાં ગયા ! ગયા પછી ખબર પડી કે એ તો ભૂતિયા બંગલા તરીકે ઓળખાતો હતો. એવી પણ વાતો સાંભળવા મળી કે મારા પહેલાંના ભાડૂતને ભૂતે ત્રીજે માળેથી નીચે પટક્યો હતો. અરે ! એ બંગલાના માલિકના સગાને એ જ્યારે આગગાડીમાં મુસાફરી કરતો હતો ત્યારે એ જ ભૂતે એને આગગાડીના ડબ્બા બહાર ફેંકી દીધો હતો ! મને આ બધા તરંગ ને તુક્કા લાગતા હતા પણ સગર્ભા મારી પત્ની આવું બધું સાંભળી ડઘાઈ ગઈ હતી ને મકાન બદલી નાખવાની વાત કરતી હતી...એ દરમિયાન એણે ડૉ. વાડીલાલ રવચંદ શાહના મેટરનિટી હોમમાં પુત્રને જન્મ આપ્યો...જે આજે ૫૮ સાલનો છે. ભગવાન શિવની કૃપાથી અમો તો સાલભર એ જ ભૂતિયા બંગલામાં રહ્યા ને સને ૧૯૪૫માં બી.ટી. કરવા માટે હું વડોદરે આવ્યો.

પણ આ ભૂતિયા બંગલામાં શિયાળાની એક રાતે વિચિત્ર ઘટના ઘટી. રાતના લગભગ દોઢેકના સુમારે હું કંઈક લખવા બેઠો...તો લગભગ બે વાગે બંગલાની આજુબાજુ લગભગ ૨૦-૨૫ માણસો ભેગાં થઈ ગયેલાં ને મેં થોડાક સમય બાદ શબ્દો સાંભળ્યા: 'માસ્તર સાહેબ ! માસ્તર સાહેબ !' શબ્દો સાંભળીને હું ત્રીજા માળની એક ઓરડીમાંથી બહાર આવ્યો તો ટોળું ભેગું થયેલું જોયું. મેં પૂછ્યું: 'શું છે ? તો ટોળામાંથી એક ટહૂકો આવ્યો: 'સાહેબ ! બધું સલામત છે ને ? મેં 'હા' ભણી...એટલે ટોળામાંથી એક જણ બોલ્યું: 'સાહેબ ! શિયાળાની રાતના બે વાગ્યાનો દીવો બળતો જોઈ અમને વહેમ પડ્યો કે કોઈ વંતરનું આ ચરિતર છે.' આ પહેલાં પણ, ખાલી બંગલામાં આવા જ દીવા થતા હતા ! એક જણ બોલ્યો: 'પટેલ ભાગ્યે જ આવા ભૂતિયા બંગલામાં રહી શકે !'

આજે સને ૨૦૦૩માં પણ મારી સોસાયટીમાં, મારી લાઈનમાં જ...છટ્ઠો બંગલો ભૂતિયા તરીકે જાણીતો છે. વર્ષોથી એ ખાલી પડી રહ્યો છે. કોઈ એમાં રહેવાની હિંમત કરતું નથી. કોઈ એને ખરીદતું પણ નથી. અજ્ઞાનજન્ય આવા વહેમો તો વિશ્વની બધી જ પ્રજાઓમાં, માત્રાના ફેરફાર સાથે સર્વત્ર પ્રચલિત છે. મારા ગામની કુમારશાળામાં ભણતો હતો ત્યારે 'શંકા ભૂત ને મંછા ડાકણ' એ પાઠ હજી પણ મને યાદ છે, ને મારા ગામની કહેવાતી 'મંછા ડાકણ-દૂતી' પણ સ્મરણમાં તાજી થાય છે-૭૭ સાલના વહાણા વિત્યા બાદ પણ !

❖❖❖

# કલ્પસૂત્રકાર, અંતિમ શ્રુતકેવલી, ચૌદપૂર્વધર શ્રી ભદ્રબાહુસ્વામીજી

**□ પ. પૂ. મુનિશ્રી વાત્સલ્યદીપ**

જૈન સંઘના પ્રભાવશાળી અને પુણ્યશાળી આચાર્યોમાં જેમની ગણના થાય છે તેવા આચાર્ય શ્રી ભદ્રબાહુસ્વામી સમર્થ યુગપ્રધાન હતા. તેમનો જન્મ વીરનિર્વાણ સં. ૧૦૪ (વિ. સં. પૂર્વે ૩૬૬)માં થયો હતો. તેમના વતનનો ઉલ્લેખ પ્રતિષ્ઠાનપુર તરીકે મળે છે પણ તે ઉત્તર ભારતીય કે દક્ષિણ ભારતીય કે અન્ય ક્ષેત્રિય છે તેની માહિતી ઉપલબ્ધ નથી.

શ્રી ભદ્રબાહુસ્વામી બ્રાહ્મણ હતા, પ્રાચીન ગોત્રીય હતા, મહાન જૈનાચાર્ય શ્રી સંભૂતિવિજયજીના નાનાભાઈ હતા અને પ્રકાંડ વિદ્વાન હતા. ૪૫માં વર્ષે તેમણે દીક્ષા લીધી. આચાર્ય શ્રી સંભૂતિવિજયજી પછી તેમણે સં. ૧૫૬માં આચાર્ય પદ પ્રાપ્ત કર્યું. દર્શનશાસ્ત્રો અને જ્યોતિષ વિદ્યાના તેઓ વિશેષ જ્ઞાતા હતા.

શ્રમણ ભગવાન મહાવીર સ્વામીજી પટપરંપરામાં શ્રી પ્રભવ સ્વામીજીથી પ્રારંભિત શ્રુતકેવલીની પરંપરામાં શ્રી ભદ્રબાહુસ્વામીજી અંતિમ અને પાંચમા શ્રુતકેવલી છે. તેમના પછી કોઈ, અર્થ અને મૂળ બન્નેથી સંપૂર્ણ ચૌદપૂર્વના જ્ઞાની થયા નથી.

તેમનું શ્રુતજ્ઞાન અપૂર્વ હતું. તેઓ ભવિષ્યને હસ્તકમલવત્ જોઈ શકતા હતા. વિદ્યમાન ૪૫ આગમોમાં છેદ સૂત્રોનું મહત્ત્વ ઘણું છે. આચારશુદ્ધિ સંબંધિત વિધિવિધાનો તેમાં સૂત્રરૂપે મળે છે. છેદ નામના પ્રાયશ્ચિત્તના આધારે તે રચાયેલ છે. તેમાં, ૧. દશાશ્રુતસ્કંધ, ૨. બૃહત્કલ્પ, ૩. વ્યવહારશ્રુત, ૪. નીશિથ સૂત્ર-આ ચારેય છેદ સૂત્રોની રચના શ્રી ભદ્રબાહુસ્વામીની મનાય છે. શ્રી ભદ્રબાહુસ્વામીએ અનેક નિર્યુક્તિ રચી છે તેથી તેઓ નિર્યુક્તિકાર તરીકે પણ પ્રસિદ્ધ છે. પર્યુષણમાં વંચાતું અતિ પ્રસિદ્ધ જૈનાગમ 'કલ્પસૂત્ર' તેમની જ રચના છે.

શ્રી ભદ્રબાહુસ્વામી એક પ્રમાણિત અને મૂર્ધન્ય કથાકાર પણ હતા. તેમણે પ્રાકૃત ભાષામાં સવા લાખ શ્લોક પ્રમાણ 'વસુદેવ ચરિયં' પણ રચ્યું હતું કિંતુ આજે આ ગ્રંથ ક્યાંય પણ ઉપલબ્ધ નથી. કલિકાલસર્વજ્ઞ શ્રી હેમચંદ્રાચાર્યના ગુરુદેવ શ્રી દેવચન્દ્રસૂરિશ્રીએ પોતાના પ્રાકૃત 'સંતિનાહ ચરિયં'માં ઉપરોક્ત ગ્રંથનો પ્રશંસારભેર ઉલ્લેખ કર્યો છે. એમ કહેવાય છે કે પ્રાકૃતમાં જ તેમણે જ્યોતિષ વિદ્યાનો ગ્રંથ 'ભદ્રબાહુ સંહિતા' રચેલ, પણ તે પણ ઉપલબ્ધ નથી-જો કે તેના આધારે બીજા ભદ્રબાહુએ સંસ્કૃતમાં 'ભદ્રબાહુ સંહિતા' રચેલ છે તે મળે છે.

મૌર્ય વંશીય સમ્રાટ ચંદ્રગુપ્ત તેમના અનુયાયી હતા. તેણે પાછળથી દીક્ષા પણ લીધી હતી. આ ચંદ્રગુપ્તે, કાર્તિક પૂર્ણિમાની રાત્રે, સ્વપ્નમાં સોળ સ્વપ્નો જોયા. આ સ્વપ્નોમાં તેણે એક બાર ફણાવાળો નાગ પણ જોયેલો. આ સ્વપ્નોનું ફળ કથન કહેતા શ્રી ભદ્રબાહુસ્વામીએ કહ્યું કે હવે બાર વર્ષનો દુષ્કાળ પડશે.

અતિ વિકટ અને વિકરાળ દુષ્કાળ પડ્યો.

તે સમયે શ્રી ભદ્રબાહુસ્વામીજી નેપાળ ચાલ્યા ગયા. ત્યાં તેમણે મહાપ્રાણ ધ્યાનની બાર વર્ષીય સાધનાનો પ્રારંભ કર્યો. દુષ્કાળની પૂર્ણાહૂતિના સમયમાં શ્રી સ્થૂલિભદ્રજીની નિશ્રામાં સૌ પ્રથમ અને ઇતિહાસ પ્રસિદ્ધ શ્રમણ સંઘની પરિષદા મળી. તેમાં સકળ શ્રુત જ્ઞાનનું સંકલન કરવામાં આવ્યું. ૧૧ અંગોનું સંકલન થયું પણ ૧૨ મું 'દૃષ્ટિવાદ' કોઇને આવડતું ન હતું.

તે માટે પાટલિપુત્રના સંઘની વિનંતીથી નેપાળમાં જ તેમણે ભણવા આવેલા ૧૫૦ મુનિઓને ત્રણ વાચના આપવા માંડી. એક વાચના ગોચરી પછી, બીજી ત્રણ વાચના સંધ્યા સમયે અને ત્રીજી ત્રણ વાચના પ્રતિક્રમણ પછી-એમ રોજ સાત વાચના આપવા માંડી. પરંતુ તે અંતપર્યંત ભણવા માટે શ્રી સ્થૂલિભદ્રજી એક જ ત્યાં રહી શક્યા.

એકવાર વર્ષો પછી, સ્થૂલિભદ્રજીએ પણ પૂછ્યું કે 'ભગવંત, હજુ કેટલોક અભ્યાસ બાકી હશે ?'

શ્રી ભદ્રબાહુસ્વામીએ કહ્યું કે, 'હજુ તો એક બિંદુ જેટલું શાસ્ત્રજ્ઞાન મેં કહ્યું છે, અને સમુદ્ર જેટલું બાકી છે !'

શ્રી સ્થૂલિભદ્રજી તેમની પાસે મૂળથી ચૌદ અને અર્થથી દસ પૂર્વો સુધી જ અભ્યાસ કરી શક્યા હતા.

આમ, શ્રી ભદ્રબાહુસ્વામીને અંતિમ શ્રુતકેવળી માનવામાં આવે છે.

જીવનના ૬૨ માં વર્ષે તેઓ આચાર્ય થયા. વી. વિ. સં. ૧૭૦ પછી ૭૬ માં વર્ષે સ્વર્ગવાસ પામ્યા. શ્રી ભદ્રબાહુસ્વામીજીને ૪ શિષ્યો હતા પણ તે પછી તેમની શિષ્યપરંપરા આગળ વધી નથી, પછીનો શિષ્ય સમુદાય, આચાર્યશ્રી સંભૂતિ વિજયજીની પાટે શ્રી સ્થૂલિભદ્રજી આવ્યા અને તેમની પાટે શિષ્ય પરંપરા આગળ વધી.

❖❖❖

Printed & Published by Nirubahen S. Shah on behalf of Shri Mumbai Jain Yuvak Sangh and Printed at Fakhri Printing Works, 312/A, Byculla Service Industrial Estate, Dadaji Konddev Cross Road, Byculla, Mumbai-400 027. And Published at 385, SVP Rd., Mumbai-400004. Temparary Add. : 33, Mohamadi Minar, 14th Khetwadi, Mumbai-400004. Tel.: 23820296. Editor: Ramanlal C. Shah.

Regd. With Registrar of Newspapers for India No. R. N. I. 6067/57
Posted at Patrika Channel sorting office Mumbai-400 001 Licence to post without prepayment No. 271
● વર્ષ : (૫૦) + ૧૬ ● અંક : ૧૦ ● ૧૬ ઓક્ટોબર, ૨૦૦૫ ● ● Regd. No. TECH / 47-890 / MBI / 2003-2005
● ● ● શ્રી મુંબઈ જૈન યુવક સંઘનું માસિક મુખપત્ર ● ● ●

# પ્રબુદ્ધ જીવન

● ● પ્રબુદ્ધ જીવન પાક્ષિક ૧૯૩૯થી ૧૯૮૯ : ૫૦ વર્ષ ● ● વાર્ષિક લવાજમ રૂા.૧૦૦/- ● ● છૂટક નકલ રૂા. ૧૦/- ● ●

તંત્રી : રમણલાલ ચી. શાહ સહતંત્રી : ધનવંત તિ. શાહ

## સ્વ. મફતલાલ મહેતા-મફતકાકા

જૈન સમાજના અગ્રણી, દેશ-વિદેશમા પણ ભારતની એક જાણીતી વ્યક્તિ, હીરાબજારના એક અગ્રગણ્ય વેપારી, અનેક સંસ્થાઓને માતબર દાન આપનાર, દિવાળીબહેન મોહનલાલ મહેતા ટ્રસ્ટના સૂત્રધાર શ્રી મફતલાલ મહેતા-મુ. મફતકાકાનું ૧૨મી સપ્ટેમ્બર ૨૦૦૫ના રોજ મુંબઈમાં અવસાન થતાં આપણને એક સમર્થ સમાજસેવક અને દાનવીરની ખોટ પડી છે. મફતકાકાને કેટલાક વખત પહેલાં હૃદયની તકલીફ હોંગકોંગમાં થઈ હતી. સાજા થઇને ભારત આવ્યા પછી તેઓ સ્વસ્થતાથી બધે હરફર કરતા અને બહારગામ પણ જતા. આ છેલ્લા હુમલા પછી તેમનો જીવનદીપ બુઝાઈ ગયો. બહોળો સ્વજન પરિવાર અને અનેક મિત્રો, સંબંધીઓને મૂકી તેઓ ચાલ્યા ગયા.

અમારા શ્રી મુંબઈ જૈન યુવક સંઘ તરફથી પર્યુષણ વ્યાખ્યાનમાળામાં બહારગામની પછાત વિસ્તારની જે સંસ્થાને આર્થિક સહાય માટે અપીલ કરવામાં આવે તે સંસ્થા માટે કાકા રૂપિયા એક લાખ કે તેથી વધુ રકમ અવશ્ય લખાવતા. સામાન્ય રીતે કાકાએ ઘણી ખરી સંસ્થાઓની અગાઉ મુલાકાત લીધી હોય. પરંતુ કાકાએ મુલાકાત ન લીધી હોય અને અમે કોઈ સંસ્થા પસંદ કરીએ તો કાકા એ સંસ્થાની અવશ્ય મુલકાત લઈ આવે. જ્યારે અમે એકત્ર થયેલ રકમ આપવા માટે કાર્યક્રમ ગોઠવીએ ત્યારે કાકા સીધા ત્યાં અચૂક પધારે. જો કાકા ત્યાં પધારવાના હોય તો અમે કાકાના પ્રમુખપદે એ કાર્યક્રમ ગોઠવતા. કાકા સાથે આ રીતે અમારે દોઢ દાયકાથી એક પ્રકારનો ગાઢ સંબંધ થયો હતો.

મારે પહેલી વાર મફતકાકાને મળવાનું થયું ૧૯૭૧માં એન્ટવર્પમાં. ૧૯૭૧ માં જ્યારે હું અમેરિકા ગયો હતો ત્યારે લંડન, એન્ટવર્પ, પેરિસ થઈને મુંબઈ આવવાનો હતો. તેસમયે એન્ટવર્પ મારા કાર્યક્રમમાં નહોતું પણ મારા મિત્ર મહેન્દ્રભાઈ મહેતાએ કહ્યું: રમણભાઈ, એ વખતે હું એન્ટવર્પમાં મફતકાકાને ત્યાં છું. આપણે એક દિવસ સાથે રહીશું. તમે તમારા પ્રવાસમાં એ પ્રમાણે ફેરફાર કરી જરૂર આવો.

લંડનથી એન્ટવર્પ જવા માટે હું વિમાનમાં બેઠો ત્યારે તે જેટ નહિ પણ પંખાવાળું ૨૧ સીટનું વિમાન હતું. મને આશ્ચર્ય થયું કે મારે આંતરરાષ્ટ્રીય સફર આવા વિમાનમાં કરવાની હતી ! પરંતુ પ્લેનમાં ફક્ત અગિયાર પેસેન્જરો હતા. મેં એરહોસ્ટેસને પૂછ્યું તો જાણવા મળ્યું કે મોટા ભાગના પ્રવાસીઓ મોટરકારમાં કે સ્ટીમરમાં એન્ટવર્પ જાય છે. ઇંગ્લિશ ખાડી ઓળંગતાં વાર શી ? જેઓ વૃદ્ધ હોય કે ગાડી ન ચલાવી શકતા હોય કે અજાણ્યા હોય તેઓ વિમાનમાં બેસે છે. એન્ટવર્પ પહોંચી ટેક્ષી કરી હું તરત મફતકાકાને ત્યાં પહોંચી ગયો.

મફતકાકાનો આ મારો પહેલો પરિચય હતો. તેઓ સ્વભાવના કડક છતાં પ્રેમાળ લાગ્યા. ભારતમાં દવાઓમાં ભેળસેળ કરનારા પ્રત્યે તેમને નફરત હતી. તેમનું ઘર અને તેમની ઑફિસ વિશાળ હતાં. ઑફિસમાં જે કોઈ વેપારી, દલાલ વગેરે હીરા લઈને આવતા તે પોતાની બેગને કે મોટા પાકીટને લાંબી ચેન બાંધી અને બીજો છેડો પોતાના કોટના ગાજમાં ભરાવતા. લૂંટાવાની બીક ઓછી, પણ ક્યાંક વાતવાતમાં તે ભૂલી ગયા તો સાથે ખેંચાઈને આવે.

મફતકાકા યુવાન વયે પોતાના હીરાના વ્યવસાયના વિકાસ અર્થે એન્ટવર્પ ગયા હતા અને ત્યાં જ કાયમ રહી ગયા હતા. તેઓ બેલ્જિયમના સિટિઝન થઈ ગયા હતા.

એક દિવસ એન્ટવર્પમાં ફરી સાંજે હું બ્રસેલ્સ જવા ઊપડ્યો. પંખાવાળું એવું જ નાનું વિમાન હતું. ચારેક પેસેન્જર હતા, કારણ કે પોતાની ગાડીમાં બ્રસેલ્સ જવું સહેલું હતું.

મફતકાકાનો જન્મ ૧૯૧૭ના ફેબ્રુઆરીમાં મુંબઈમાં થયો હતો. એમના પિતાશ્રીનું નામ મોહનલાલ મહેતા. એમના માતુશ્રીનું નામ દિવાળીબહેન હતું. એમના મોટાભાઈનું નામ ચંદુલાલ હતું. મફતકાકાએ બાલ્યવયમાં જ પિતાશ્રીનું છત્ર ગુમાવ્યું હતું. એમના માતુશ્રી દિવાળીબહેને એમના ઉછેરનું ધ્યાન રાખ્યું હતું. આથી જ મફતકાકાએ પોતાના માતુશ્રીનું નામ બહુ રોશન કર્યું હતું.

મફતકાકાએ પોતાનું શિક્ષણ મુંબઈની ફેલોશિપ હાઈસ્કૂલમાં લીધું હતું. દરમિયાન તેઓ પોતાના મોટાભાઈએ સ્થાપેલી હીરાના વેપારની મે. મોહનલાલ રાયચંદની કંપનીમાં જોડાઈ ગયા હતા અને એ વ્યવસાયમાં સારી પ્રગતિ કરી હતી.

૧૯૫૫ માં મફતકાકા પ. પૂ. શ્રી ઉજ્જવળકુમારીજીના સંપર્કમાં આવ્યા હતા. ત્યારથી માનવ સેવા તરફ એમનું લક્ષ્ય દોરાયું હતું.

દરમિયાન મફતકાકા પોતાના હીરાના વ્યવસાય માટે એન્ટવર્પ ગયા હતા અને ત્યાં પોતાની આવડતથી ધંધો ખૂબ વિકસાવ્યો હતો. અને ત્યાં પોતાની સ્વતંત્ર મોટી ઑફિસ અને મોટું ઘર વસાવ્યાં હતા. પોતાની શ્રીમંતાઇથી ત્યાં એન્ટવર્પના ગોરા સ્ત્રીપુરુષોને પોતાને ત્યાં ઘરકામ માટે રોક્યાં હતાં. રસોઈઓ તેઓ ભારતથી લઈ ગયા હતા. એ દિવસોમાં એક ભારતીય માણસને ત્યાં ગોરા માણસો નોકરી કરે એ આપણે માટે નવાઈની વાત હતી. મફતકાકાએ ત્યાંની ફ્લેમિશ ભાષા ઉપર ઘણું પ્રભુત્વ મેળવી લીધું હતું. અનુક્રમે એમણે ન્યુયોર્કમાં પણ પોતાની ઑફિસ ખોલી હતી. મુંબઈમાં પણ એમની ઑફિસ સારી ચાલતી હતી.

મફતકાકાને વ્યાવહારિક શિક્ષણ અને પ્રેરણા એમના પૂજ્ય માતુશ્રી દિવાળીબહેન તરફથી મળતું રહેતું હતું. ૧૯૭૦ માં

માતુશ્રીનું અવસાન થયું ત્યારે એમણે માતુશ્રી દિવાળીબહેન મોહનલાલ મહેતાના નામથી એક ટ્રસ્ટ સ્થાપ્યું હતું. તેમાં તેમની મુંબઈ, એન્ટવર્પ અને ન્યુયોર્કની પેઢીઓ તરફથી સારી રકમ અપાતી રહી હતી. એટલે કાકાએ પોતાની લોકસેવાની પ્રવૃત્તિઓ વિશાળ ધોરણે વિકસાવી હતી. મફતકાકા આ ટ્રસ્ટ દ્વારા વિદેશથી વહેંચણી માટે મળેલાં ગરમ અને સુતરાઉ કપડાં, ધાબળા, દવાઓ, હૉસ્પિટલમાં જરૂરી સાધનો મંગાવીને સ્થાનિક સંસ્થાઓ દ્વારા મફત વિતરણ કરતાં.

મફતકાકાએ જે માણસો બહારગામથી મુંબઈ દવા કરાવવા આવે તેઓને કોઈ આશરો ન હોવાથી ધર્મશાળાઓ બંધાવી. એમણે અનાથ છોકરા-છોકરીઓ માટે સંસ્થાઓ સ્થાપી હતી. અંધ કન્યાઓ માટે તેમણે રહેઠાણ અને શિક્ષણવાળી એક સંસ્થા સ્થાપી હતી, જેનો લાભ અનેક અંધ વિદ્યાર્થિનીઓએ લીધો છે. તદુપરાંત રસ્તે રખડતા છોકરાઓ માટે તેમણે સંસ્થા સ્થાપીને અનેક છોકરાઓને ધંધે લગાડ્યા છે.

મફતકાકાએ ગુજરાત-સૌરાષ્ટ્ર અને ભારતના ઇતર પ્રદેશોમાં જાતે ફરીને અનેક સંસ્થાઓને માતબર દાન આપ્યું છે. ચિખોદરાની આંખની હૉસ્પિટલ સરસ કામ કરે છે. એના સૂત્રધાર ડૉ. રમણીકલાલ દોશીનો મને એમણે પરિચય કરાવ્યો હતો. દોશીકાકાનાં ધર્મપત્ની ભાનુબહેનને એમણે પોતાની બહેન માન્યા હતાં અને પરદેશથી આવેલાં ગરમ અને સુતરાઉ કપડાં તેઓ ગરીબોમાં વિતરણ કરવા માટે તેમને નિયમિત મોકલતા.

મફતકાકાને વિવિધ પ્રકારની સેવાપ્રવૃત્તિ માટે કેટલાયે એવોર્ડ મળ્યા છે. એ આખી યાદી અહીં આપતાં ઘણો વિસ્તાર થાય. એ બધામાં વિશ્વ ગુર્જરી એવોર્ડ, ગાડગે મહારાજ એવોર્ડ, જૈન રત્ન, ન્યુયોર્કની સંસ્થા તરફથી 'લાઇફ ટાઇમ એચીવમેન્ટ', 'નવજીવન દાતા' (વિશાખાપટ્ટમ્) વગેરે ગણાવી શકાય.

મહાસતી ઉજ્જવળકુમારી પછી મફતકાકા ઘણા સાધુ સંતોના સંપર્કમાં આવવા લાગ્યા હતા. તેઓ સૌ પ્રથમ મધર ટેરેસાના સંપર્કમાં આવ્યા હતા. મધરે એમને બેલ્જિયમ ખાતેના ફાઉન્ડેશનના ઉપપ્રમુખ બનાવ્યા હતા. ત્યાર પછી ભારતમાં આવ્યા પછી પણ તેઓ મધરના સંપર્કમાં નિયમિત રહેતા. મધર ઉપરાંત તેઓ બાબા આમટે અને પાંડુરંગ શાસ્ત્રીના ગાઢ સંપર્કમાં હતા. ગુજરાતના ઘણાં સંતોનો પણ તેમના પર ઘણો પ્રભાવ પડ્યો હતો. તેઓની સંસ્થાને કાકાએ સારું મોટું અનુદાન આપ્યું હતું.

મફતકાકાએ ૮૭ વર્ષનું આયુષ્ય ભોગવ્યું. તેઓ પોતાના સ્વાસ્થ્ય માટે સભાન હતા. તેઓ વહેલી સવારે ફરવા જતા. ત્યાર પછી યોગાસનો, ધ્યાન, મસાજ વગેરે કરાવતા. જમવામાં તેઓ સંતરાનો રસ, સરગવાનો સૂપ, મોળુ દહીં રોજ લેતા. સ્વાસ્થ્ય માટે તેઓ સતત કાળજી રાખતા.

મફતકાકા પોતાની જ્ઞાતિના લોકો તથા સગાં સંબંધીઓ વગેરે સાથે સારો વ્યવહાર રાખતા. દિવાળીના દિવસે તેઓ અનેકને મિઠાઈ કે ડ્રાયફ્રુટના બોક્ષ મોકલતા. સગાઈ, લગ્ન, બિમારી, અવસાન પ્રસંગે ગરીબ, તવંગર સૌના ઘરે તેઓ પહોંચી જતાં. સંબંધો કેમ બાંધવા અને સાચવવા એની કળા એમની પાસે હતી.

આમ વિવિધ પ્રકારની અનોખી પ્રતિભા ધરાવનાર કુશળ વેપારી અને મોટા દાનવીર એવા મફતકાકાને અંજલિ અર્પીએ છીએ.

☐ રમણલાલ ચી. શાહ

# શ્રીપાલરાજાના રાસનું કેન્દ્રિય તત્ત્વ

☐ ડૉ. બિપિનચંદ્ર હીરાલાલ કાપડિયા

જૈન ધર્મ જગતના અન્ય ધર્મોથી તેના કેટલાંક સિદ્ધાન્તો, તત્ત્વજ્ઞાન, અહિંસા, સ્યાદ્‌વાદ, કર્મના વિવિધ દૃષ્ટિબિંદુઓ અને ધાર્મિક તહેવારોથી જુદો પડે છે. તેના વિવિધ તહેવારોમાં બે જનતા પ્રિય તહેવારો તે પર્યુષણ પર્વ તથા આયંબિલની ઓળી છે. આ બંનેના નવ દિવસો હોય છે; જેમાં આબાલવૃદ્ધ સ્ત્રીપુરુષો, બાળકો પણ ઉત્સાહપૂર્વક ભાગ લે છે. પર્યુષણ શ્રાવણ-ભાદરવામાં તથા આયંબિલની ઓળી ચૈત્ર શુદ-સાતમથી પુનમ તથા આસો સુદ સાતમથી પુનમ સુધી આવે છે. આયંબિલની ઓળી વિષે તેના બે મુખ્ય પાત્રો શ્રીપાલરાજા તથા મયણા સુંદરીને કેન્દ્રમાં રાખી તેમના જીવનના મુખ્ય પ્રસંગો જોઈએ તથા તેનું રહસ્ય જોઈએ.

જૈન શાસનમાં નવપદજીનો મહિમા તથા ગૌરવ અદ્વિતીય, મહામંગળકારી હોઈ જેની આરાધના જીવને ક્રમે ક્રમે ઊંચે લઈ જઈ સર્વોચ્ચ સ્થાન એટલે કે મોક્ષે પહોંચાડે છે. નવપદમાં અદ્‌ભુત શક્તિ છે તેથી જેવું તેનું નિર્મળ આરાધન તેવું તેનું ઉત્તમ ફળ મળે છે. નવપદની આરાધના દર્શન, જ્ઞાન, ચારિત્ર, તપ રૂપી આત્મવિકાસના સોપાનો તથા ગુણો દ્વારા આરાધ્ય અરિહંત, સિદ્ધ, આચાર્ય, ઉપાધ્યાય, સાધુના પંચપરમેષ્ઠી થકી આરાધક ગુણો સંપાદન કરે છે.

આ આરાધના આયંબિલ તપથી કરાય છે. જેમાં રસ, કસ, સ્વાદની મોહ જંજાળથી દૂર રહી દેહને દાપું આપવા પૂરતો નીરસ, સ્વાદ વગરનો આહાર એક ટંક ખાઈને કરાય છે.

પર્યુષણ પર્વની પવિત્ર આરાધના જેવી રીતે વ્યાખ્યાનો
વગેરેથી કરાય છે જે વ્યાખ્યાનો ભાવિક જનસમુદાય ભાવપૂર્વક, એકાગ્ર ચિત્તે સાંભળે છે તેવી રીતે આ બે ઓળી દરમ્યાન ઉપાશ્રયો, જ્ઞાનશાળા કે અન્ય સ્થળો શ્રોતાઓથી ભરપુર રહે છે.

ધર્મસ્થાનોમાં શ્રીપાળરાજાના રાસમાં વહેતી સુરસની સાકર શેલડી જેવી અમૃત વાણીના રસપાનની પરબો બની જાય છે જે ભાવિક જનોના હૃદયને સ્પર્શી જાય છે.

આ રાસના રચયિતા નિર્માતા ઉપાધ્યાય શ્રી વિનયવિજયજી મહારાજ તથા ઉપાધ્યાય શ્રી યશોવિજયજીની જોડીએ ધર્મરસપૂર્ણ લુપ્ત કવિવાણીએ પુણ્યશાળી પુરુષોના ઉપર વીસર્યો વીસરાય નહીં એવો ઉપકાર કર્યો છે.

સંસ્કૃત સાહિત્યમાં પ્રસિદ્ધિ પામેલી મહાકથા કાદંબરીનો પ્રારંભ મહાકવિ બાણભટ્ટના હાથે થયો, પરંતુ સ્વર્ગવાસી થતા એમના પુત્રે પિતાનું અધુરું કાર્ય દક્ષતાપૂર્વક પૂરું કરી પિતૃઋણમાંથી મુક્ત થયા. શ્રીપાલરાજાના રાસનું પણ તેવું જ થયું. સૂરત પાસેના રાંદરના સંઘની વિનંતીથી ઉપાધ્યાય શ્રી વિનયવિજયજી મહારાજ સાહેબે વિ. સં. ૧૭૩૮ માં રાસની રચના કરી; પરંતુ રાસ પૂરો થાય તે પૂર્વે ત્રીજા ખંડની પાંચમી ઢાળની અમુક ગાથા રચી તેઓ સ્વર્ગવાસી થતાં સાડા સાતસો ગાથાઓ પછીની અધુરી કાવ્યકૃતિના ભાવ તથા માધુર્યનું સાતત્ય જાળવી ઉપાધ્યાય શ્રી યશોવિજયજી મહારાજે અંતરમાં કવિતા સ્વરૂપ સરસ્વતી માતાની કૃપાનો તથા ઊંડા અવગાહનો સંગમ સાધી અધૂરી કાવ્યકૃતિ પૂરું કરવાનું સ્વીકારી

મિત્ર ધર્મ અદા કરી કાવ્યકૃતિમાંનો, સરસ્વતીની ઉપાસનાનો પ્રસાદ મેળવ્યો.

વધુ ન લખતાં આ રાસના હાર્દ સમાન કેટલાંક રહસ્યો રજૂ કરવા માંગું છું.

ભર રાજદરબારમાં કર્મના સિદ્ધાન્તને વળગી રહેનારી મયણા પિતાના કોપનું કારણ બની અને પિતાએ કોઢિયા સાથે લગ્ન કરાવ્યા છતાં પણ મયણાએ મુખને નવિ પાલટે અને પિતાના વચનને માન્ય કરી ઉંબરરાણાની ડાબી બાજુએ ઊભી રહી. પતિએ બીજો પતિ કરવા જણાવ્યું પણ એક ભવમાં બે ભવ નથી કરવા કહી બીજે દિવસે પ્રભુની પૂજા-અર્ચનાદિ હૃદયના ઉલ્લાસ તથા ભક્તિપૂર્વક કરતાં તરત જ સુકૃત્યનું ફળ, નિજ કંઠથી કુસુમમાળા તથા ફળ દેવે આપ્યું. વળી ગુરુગમે નવપદની આરાધનાદિ કરવામાં તલ્લીન બની નવમે આયંબિલે શ્રી સિદ્ધચક્રના નમમણ લગાડવાથી શ્રીપાલનું શરીર રોગ વગરનું થયું. શ્રીપાલ રાજાએ ધવલશેઠના વહાણ બહાર કાઢ્યા અને ઉપકારો પર ઉપકાર કરવા છતાં પણ તેણે મૃત્યુ પામેલા શેઠના કારજ યોગ્ય રીતે કર્યા. જ્યારે શ્રીપાલ દોરી તૂટતાં પાણીમાં પડ્યા ત્યારે કશી પણ હાયવોય વગર નવપદનું ધ્યાન ધરે છે અને તેથી મત્સ્યની પીઠ પર બેસી ગંતવ્ય સ્થાને આવે છે. એ મયણાને પરણ્યા પછી બીજી જે ૮ પત્નીઓ સાથે લગ્ન થયા તેમાં પણ નવકારની સાચી શ્રદ્ધાએ કામ પાર પાડ્યું છે. જેમાં એક ઠેકાણે મંદિરના બંધ થયેલાં દ્વાર દૃષ્ટિથી ખોલ્યા તથા મૃત્યુ પામી છે તે કન્યાને પણ જીવંત છે તેવું પુરવાર કરી તેને પણ પત્ની બનાવી.

આ રાસની પ્રત્યેક પંક્તિ ઉપર ખૂબ વિચાર કરીએ તો ઘણું લખાઈ શકે, જે રહસ્યમય વાતો જણાવતાં પાનાના પાના ભરાઈ જાય. મયણા જે વૈભવમાં ઉછરી હતી છતાં માતાએ બાલિકાને જૈનદર્શનનું તત્ત્વજ્ઞાન મેળવવા પાઠશાળામાં યોગ્ય શિક્ષકને સોંપી. તેથી જૈનદર્શન પામેલી મયણા જ્ઞાનની આવશ્યકતા, ઉપાકારતા વગેરે હૈયામાં અંકિત થવાથી હેય, ઉપાદેયનું જ્ઞાન સમજી ઉપયોગ કરે છે. તેથી પુણ્ય-પાપ, કર્તવ્ય, અકર્તવ્ય, ભક્ષ્ય, અભક્ષ્ય, હિતકારક, હાનિકારકનો સચોટ ખ્યાલ ધરાવતી હતી. આજે સારા સારા જૈન કુળોમાં ભક્ષ્યાભક્ષ્ય પેયાપેયનો વિવેક પ્રતિદિન ભૂલાતો જાય છે જે ભાવી પેઢી માટે ખતરનાક છે. જેવી રીતે સમકિતવંત જીવ આઠ દૃષ્ટિ સહિત નવમી સર્વ વિરતિને ઇચ્છે છે; આઠ પ્રવચન માતા (પાંચ સમિતિ અને ત્રણ ગુપ્તિ) સહિત ગુણવંત મુનિ નવમી સમતા ઇચ્છે છે તેમ શ્રી શ્રીપાળ મહારાજા નવ નવોઢા પરણી, નવપદની શ્રેષ્ઠ શક્તિ અને ધન ખર્ચી અરિહંત વગેરેની શ્રેષ્ઠ આરાધના કરી ચૈત્યો કરાવ્યાં જેમાં નવ નવીન પ્રતિમાઓ ભરાવી, નવ જિન મંદિરોનો ઉદ્ધાર કરાવ્યો, નવે પદની આરાધના કરી નવ પુત્રો થયા, નવ હજાર હાથી, નવ હજાર રથ, નવ લાખ જાતિવંત ઘોડાઓ, નવ કરોડ સૈનિક, નવ પ્રકારની રાજ્યની તિથી, શત્રુરહિત રાજ્યનું પાલન, નવસો વર્ષ કરી, પૂર્વે ત્રીજા ભવમાં શ્રેષ્ઠ ૨૦ સ્થાનકનું તપ કરી તીર્થંકર નામકર્મ નિકાચિત કર્યું હતું.

આપણે દેરાસર જઈએ, પૂજાદિ કરીએ વ્યાખ્યાન સાંભળીએ, માળા ગણીએ, ચૈત્ય વંદન, સામાયિક, પ્રતિક્રમણો કરીએ છતાં પણ આપણે ઉપરની શ્રેણિમાં કેમ ન ગયા ? શું ખૂટતું હતું ? હલેસાં મારીને થાક્યા પણ હતા ત્યાં ને ત્યાં જ કેમ રહ્યા ?

શ્રીપાલ રાજા સર્વ વિઘ્નો સિદ્ધચક્ર દૂર કરશે એમ વિચારી મન, વચન અને કાયાને સ્થિર કરી સિદ્ધચક્રના ધ્યાનમાં લીન રહ્યા. ચિત્તને તદાકાર કર્યું. આપણામાં શ્રીપાલના જેવી શ્રદ્ધા, સ્થિરતા, એકાગ્રતા ક્યાં છે ?

શ્રીપાલ સમુદ્રમાં પડે છે છતાં પણ હાયવોય નહીં ! પડતાંની સાથે જ નવપદના ધ્યાનમાં તલ્લીન, વિપત્તિમાં બીજું કંઈ નહીં પરંતુ નવપદનું સ્મરણ, કેવી વસી ગઈ હશે શ્રદ્ધા ! એમની શ્રદ્ધા કેટલી પ્રબળ અને આપણી કેટલી પાંગળી ! આપણી ઇચ્છા ન ફળે તેમાં આશ્ચર્ય કેમ લગાડવું ? નાનામાં નાની ક્રિયામાં આપણા ચિત્તની સ્થિરતા ટકતી નથી. ક્રિયામાં રસ નથી. વેઠ ઉતારીએ છીએ. તલ્લીનતા દૂર છે. ઉતાવળ, ઉદ્વેગ, ખેદ વગેરે તથા આપણી આરાધનાદિ શ્રદ્ધા, મેહા, ધૃતિ, ધારણા, અનુપ્રેક્ષા જે વૃદ્ધિગત થવી જોઈએ તેવી નથી.

આપણી ઇચ્છાઓ ન ફળે તેમાં શા માટે આશ્ચર્ય થવું જોઈએ. નાનામાં નાની ક્રિયામાં સ્થિરતા ટકતી નથી. ક્રિયા પ્રત્યે આદર, સમર્પણ તાત્ત્વિક ભાવો સક્રિય બનતાં નથી. ચિત્ત વારંવાર ડામાડોળ થયા કરે છે; પછી તેમાં રસ તલ્લીનતા ક્યાંથી આવી શકે ? ચિત્તને ભટકતું રાખવું, અસ્થિરતા, ક્રિયા સાથે તન્મયતા એકરૂપતા નથી જે રોગ આજકાલનો નથી, અનાદિનો છે. તે દૂર કરવા ભગીરથ પુરુષાર્થ, પ્રયત્ન જોઈએ. બીજું પુદ્ગલાદીપણું, ભવાભિનંદપણું દૂર કરી ચરમયથાપ્રવૃત્તિકરણ કરી સમકિત મેળવવા માટે એકાગ્રતા મેળવી લેવાથી શ્રીપાલ રાજાએ જે હાંસલ કર્યું છે તેનાથી આ રાસનું હાર્દ મળી શકે છે, પામી શકાય તેમ છે.

તે ક્યારે સિદ્ધ થાય ? કેમકે આપણે બાંધી નવકારવાળી ગણી હોય, દેરાસરમાં જઈ પૂજાદિ કર્યા હોય, સામાયિક પ્રતિક્રમણ વ્રત, ઉપવાસાદિ કર્યા હોય, ઓળીઓ કરી હોય, દાનાદિ કર્યું હોય તેથી આપણે ધર્મ કર્યો છે તેમ મનાય પણ ધર્મનો મર્મ જ ન સમજ્યા ! તેમાંથી બહાર નીકળાય ? હા. તે માટે તીવ્ર પરમોચ્ચ કક્ષાનો પુરુષાર્થ જે દ્વારા નવકારનો પ્રભાવ ઘટ્યો છે, દેખાતો નથી, ચમત્કાર ન થયો જેથી એમ મનાય કે નવકારાદિમાં શક્તિ ઘટી ગઈ છે. તેની શક્તિ ઘટી નથી. આપણી તે માટેની રીત પદ્ધતિ જ ખોટી છે.

એક ઉદાહરણથી સ્પષ્ટ કરું: તે માટેની પ્રક્રિયા સમજવી તથા ચરિતાર્થ કરવી પડે. રોટલી ખાવી હોય તો ઘઉં જોઈએ, તેનો લોટ થાળીમાં રાખી પાણી નાંખી કણેક બનાવવાની, તેના લુઆ વણી તાવી પર તે કાચી રોટલી શેકવી પડે. તે પછી તેને થાળીમાં મૂકી કટકા મોંઢામાં મૂકી ચાવવાથી રોટલી ખાધી છે તેમ થાય. તેવી રીતે ધર્મ કરતાં પહેલાં અનંતાનંત ભવોમાં કરેલાં પાપો પ્રત્યે તીવ્ર સંતાપના, વેદના, પશ્ચાત્તાપ પુરઃસર ફરી તે ન થાય તેવો દૃઢ મનસુબો નિર્ધાર કરી સૌની સાથે ખમતખામણાં, વૈરવિરોધ માટે માફી તથા ક્ષમા કરી જગતના સર્વ જીવોને ખમાવી અંતઃકરણપૂર્વક મૈત્રી, પ્રમોદ, વાત્સલ્ય, ગુણાનુરાગ દર્શાવી ઉચ્ચત્તમ ભાવના ભાવી સૌનું કલ્યાણ થાઓ, કોઈ પણ પાપ ન આચરે, જગતના સર્વ જીવો દુઃખ ન પામે, સર્વ જીવો કર્મથી મુક્ત થાય, મુક્ત બને તેવી ઉત્કટ ભાવનાથી અંતઃકરણને ભીંજવી દેવાની આ પ્રક્રિયા દ્વારા જીવનની પાટી સ્વચ્છ, સુઘડ, અંકિત થાય તેવી બનાવવાની આ વિધિ પૂર્ણ કરી હવે નવી ગિલ્લી નવો દાવની જેમ ભક્તિ, ભાવના સભર રીતે જે કંઈ ધાર્મિક ક્રિયા, વિધિ, આચરણ, આરાધનાદિ સુંદર ઊર્ધ્વગામી પરિણામ પ્રાપ્ત કરાવે જ તે શ્રદ્ધાથી જીવન નૌકાને હલેસા મારી પેલે પાર પંચપરમેષ્ઠીના પવિત્ર પ્રાસાદે પહોંચાડે જ.

શ્રીપાલ મહારાજનું આ રાસનું રહસ્ય, નિચોડ પામવામાં તે પમાડવા પાછળ પાપી એવા શ્રીપાલને સન્માર્ગે ચઢાવી પ્રત્યક્ષ પ્રભુ કૃપાનો સાક્ષાત પરિચય તથા અનુભવ કરાવનારી તે દિવ્ય શક્તિ તથા શ્રદ્ધા સમર્પણાદિ ગુણોથી પ્રજ્વલિત બનેલી મયણાસુંદરીએ શ્રીપાલને મોક્ષના દ્વાર સુધી પહોંચાડનારી વિપુલ સામગ્રીનો થાળ તેના ચરણમાં મૂકી દીધો. ❖❖❖

# 'સર્વમંગલ માંગલ્યં'

□ ડૉ. કવિન શાહ

પ્રત્યેક મનુષ્ય જીવનમાં સર્વ રીતે કલ્યાણ થાય તેવી ભાવના રાખે છે. આવા કલ્યાણની ભાવનાનો સૂચક શબ્દ મંગલ છે. આ ત્રણ અક્ષરના શબ્દમાં મંગલની વૈવિધ્યપૂર્ણ વિચારધારાનો સમાવેશ થયેલ છે. મંગલનો સામાન્ય વ્યવહારમાં કલ્યાણ અર્થ પ્રચલિત છે પણ શાસ્ત્રોમાં તેના વિવિધ અર્થનો ઉલ્લેખ મળે છે.

મંગલ એટલે જેના વડે હિત મગાય, સમજાય, કે સધાય તે મંગલ કહેવાય છે.

मांगलयति इति मंगलम्–અર્થાત્ મારાપણું હુંપણું (અહમ્‌ની ભાવના) અભિમાન દૂર કરે તેને મંગલ કહેવાય છે.

સંસારના ભવ ચક્રમાંથી ઉદ્ધાર કરે, બચાવે તેને મંગલ કહેવાય છે. વિશ્વના સર્વ પ્રાણીઓનું હિત કરે તે પણ મંગલ સૂચક છે.

જેનાથી અદૃષ્ટ દુર્ભાગ્યરૂપ દુઃખ દૂર ચાલ્યું જાય તેને મંગલ કહેવાય છે. મંગળનો એક અર્થ 'ધર્મ' થાય છે. એટલે જે ધર્મને લાવે, પ્રાપ્ત કરાવે તે પણ મંગલ છે :

मां गलयई जवाओ मंगलमिहेवमाइ नेरुता

(મં અથવા મા એટલે કે પાપને જે ગોળી નાખે છે તે મંગલ કહેવાય છે)

मां गलयति भवायिति मंगलं संसारायापनं तीत्थर्थः ।
अथवा भा भूत शास्त्रस्त गलो विघ्नो अस्मायिति ।।

(મને ભાવથી એટલે કે સંસારથી દૂર કરે છે એટલા માટે તે મંગલ છે અથવા ગલ એટલે વિઘ્ન. શાસ્ત્રના અધ્યયનમાં પ્રારંભમાં અમને વિઘ્ન ન હો માટે મંગલ.)

વળી, 'વિશેષાવશ્યક ભાષ્ય'માં કહ્યું છે:

मंगजिवणडधिगम्मइ जेण हियं तेणं मंगलं होई ।
अहवा भंगो धम्मो तं लाइ तयं समायते ।।

(જેના દ્વારા હિતની માંગણી કરવામાં આવે છે અને પ્રાપ્તિ થાય છે તે મંગલ કહેવાય છે. અથવા 'મંગલ'નો અર્થ ધર્મ થાય છે અને એ જે ધર્મ પ્રાપ્ત કરે છે તે મંગલ કહેવાય છે.)

'મંગલ' શબ્દની બીજી વ્યાખ્યા

मा गलो भूयिति मंगलम्

(જે ગલ અર્થાત્ વિઘ્નનો નાશ કરે છે તે મંગલ.)

मधान्ति ध्ययन्ति अनेनेति मंगलम्

(જેના વડે પ્રસન્ન થાય તે મંગલ.)

महान्ते पूज्यन्तेऽनेनेति मंगलम्

(જેના વડે પૂજા થાય તે મંગલ.)

મંગલના પ્રકારની વિગતો પણ તેના ગર્ભિત રહસ્યને પ્રગટ કરે છે. લૌકિક મંગલ અને લોકોત્તર મંગલ એમ બે પ્રકારે મંગલનું સ્વરૂપ છે.

લૌકિક મંગલ એટલે કે જેનાથી આ ભવમાં સર્વ રીતે દુઃખ દારિદ્રય દૂર થાય અને સર્વ રીતે શાંતિ–સમતા પ્રાપ્ત થાય.

લોકોત્તર મંગલ એટલે સર્વ પાપ કર્મોનો નાશ કરીને આત્માના શાશ્વત સુખ–સ્વરૂપની પ્રાપ્તિ કરાવે છે. માનવ જીવનમાં સાધના કરવા લાયક લૌકિક મંગલ કરતાં લોકોત્તર મંગલ જ ઇષ્ટ છે. લૌકિક મંગલથી આ ભવમાં શાંતિ થાય પણ જન્મ, જરા અને વ્યાધિ તથા જન્મ–મરણના ભવ ભ્રમણમાંથી મુક્તિ તો મળે જ નહિ માટે લોકોત્તર મંગલ જ ઇષ્ટ ગણાય છે.

નમસ્કાર મહામંત્રમાં પ્રથમ પાંચ પદ અરિહંત, સિદ્ધ, આચાર્ય, ઉપાધ્યાય અને સાધુને નમસ્કાર એ સર્વ પાપનો નાશ કરનાર છે એટલે તે લોકોત્તર મંગલ હોવાથી પાપ કર્મોનો નાશ કરીને મોક્ષ સુખ આપવા માટે સમર્થ છે.

સંથારા પોરિસી સૂત્રમાં ચાર મંગલનો ઉલ્લેખ મળે છે.

અત્તારિ મંગલમ્ અરિહંતામંગલમ્ સિધ્ધા
મંગલમ્ સાહૂ મંગલમ્, કેવલિ પન્નતો ધમ્મો મંગલમ્.

ચિરંતનાચાર્ય કૃત પંચસૂત્રના પ્રથમ અધ્યયનમાં ચાર મંગલનો ઉલ્લેખ થયો છે તેની માહિતી નીચે પ્રમાણે છે.

**અરિહંત**–ત્રણ લોકના સર્વશ્રેષ્ઠ નાથ, અનુત્તર પુણ્યનિધાન, જેમના રાગદ્વેષ અને મોહ ક્ષીણ થયા છે તેવા અચિંત્ય ચિંતામણિ, ભવ સમુદ્રમાં જહાજ સમાન એકાંતે શરણ કરવા રૂપ અરિહંત એ મંગલ સ્વરૂપ છે.

**સિદ્ધ**–જેઓના જરા મરણ સંપૂર્ણ નાશ પામ્યાં છે. કર્મના કલંકને જેઓએ વેદવાના નથી, જેમની સર્વ પીડાઓ નાશ પામી છે. કેવળજ્ઞાન અને કેવળદર્શનને ધારણ કરનારા સિધ્ધપુર નિવાસી, અનુત્તર સુખથી યુક્ત સર્વથા કૃતકૃત્ય એવા એવા સિધ્ધ ભગવંતો મંગલ સ્વરૂપ છે.

**સાધુ**–પ્રશાંત ગંભીર, આશયવાળા, આવદ્ય યોગમાં અટકેલા, પાંચ પ્રકારના આચારને જાણનારા, પરોપકારમાં રક્ત, પદ્માદિની ઉપમાવાળા, ધ્યાન, અધ્યયનથી યુક્ત વિશુદ્ધ ભાવવાળા સાધુઓ મંગલ સ્વરૂપ છે.

**ધર્મ**–સુર, અસુર અને મનુષ્યોથી પૂજિત, મોહરૂપી અંધકારને દૂર કરવા માટે સૂર્ય સમાન, રાગદ્વેષ રૂપી ઝેરનો નાશ કરવા માટે શ્રેષ્ઠ મંત્ર સમાન, સઘળા કલ્યાણનું કારણ, કર્મવનને બાળવા માટે અગ્નિ સમાન, સિદ્ધપણાના સાધક, કેવળજ્ઞાનીઓએ પ્રરૂપેલો ધર્મ સર્વ જીવોને માટે મંગલ સ્વરૂપ છે.

આ ચાર મંગલ સ્વરૂપનું જ આત્માઓ શ્રદ્ધાપૂર્વક મન, વચન અને કાયાના શુભ યોગથી શરણ સ્વીકારે છે તેનું અવશ્ય મંગલ થયા વગર રહે નહિ એટલે કે લોકોત્તર મંગલ થાય છે. દ્રવ્યથી મંગલ માનીએ પણ તેની સાથે ભાવ આવી જાય તો આત્માનો અવશ્ય ઉદ્ધાર થઈ જાય છે. આત્મા જ્યાં સુધી શાશ્વત સુખ ન મેળવે ત્યાં સુધી ભવો ભવ આ ચાર મંગલની ઉપાસના અને શરણ એ જ સિદ્ધિનો રાજમાર્ગ છે. ભાવ ધર્મની પરમોચ્ચ સ્થિતિના દૃષ્ટાંતરૂપ જિન શાસનમાં મરૂદેવી માતા, જીરણ શેઠ અને પ્રસન્નચન્દ્ર રાજર્ષિના દૃષ્ટાંત પ્રચલિત છે. તેનું ચિંતન અને મનન પણ મંગલની ભાવ ઉપાસનામાં શક્તિવર્ધક બને તેમ છે. દ્રવ્ય મંગલ એ ભાવ મંગલનું નિમિત્ત છે એમ જાણવું જોઈએ. ભાવ મંગલની સિદ્ધિ માટે વિશુદ્ધ ભાવનાથી અરિહંત, સિદ્ધ, સાધુ અને ધર્મનું આલંબન સ્વીકારવું જોઈએ અને માત્ર આત્મસિદ્ધિનું જ લક્ષ રાખીને એકાગ્રતાપૂર્વક ઉપાસનાથી આત્મા મુક્તિના અવ્યાબાધ અને અનંત શાશ્વત સુખનો ભોક્તા બને છે.

નમસ્કાર મહામંત્રમાં પાંચ મંગલ અને આ મંગલ નવપદમાં પણ પ્રથમ પાંચ પદમાં બિરાજમાન છે. એટલે નમસ્કાર મહામંત્ર પંચ મહામંગલયુક્ત છે. નવપદ પણ આ પાંચની આરાધનાથી સિદ્ધિ પદની પ્રાપ્તિ કરાવે છે. સિદ્ધચક્ર યંત્ર નામનો અર્થ શાશ્વત સુખ આપનાર નવપદની આરાધના છે.

જિનાલયમાં ભગવાન પાસે અષ્ટમંગલની પાટલી મંગલ રૂપે મૂકવામાં આવે છે. સ્વસ્તિક, શ્રીવત્સ, નંદાવર્ત, વર્ધમાનક, ભદ્રાસન, કળશ, મીનયુગલ, દર્પણ. આ અષ્ટમંગલ પણ

મહામંગલકારી છે. વ્યવહાર જીવનમાં મંગલનાં અન્ય દૃષ્ટાંતો પ્રાપ્ત થાય છે.

મંગલં ભગવાન વીરો, મંગલં ગૌતમ પ્રભુઃ ।
મંગલં સ્થૂલિભદ્રા, જૈન ધર્મોસ્તુ મંગલમ્ ।।

આસન્ન ઉપકારી શ્રી મહાવીર સ્વામી ભગવાન આ કળીયુગમાં સર્વ જીવોને માટે કલ્યાણરૂપ છે. પ્રભુ મહાવીર સ્વામીના પ્રથમ ગણધરથી ગૌતમ સ્વામી અનંતલબ્ધિનિધાન હતા તે પણ ગુરુઓના પણ સર્વશ્રેષ્ઠ ગુરુ તરીકે પૂજ્ય છે તે પણ મંગલ-કલ્યાણ કરનારા છે.

અંગુઠે અમૃત વસે, લબ્ધિ તણો ભંડાર,
શ્રી ગુરુ ગૌતમ સમરીએ, વાંછિત ફળ દાતાર.

અષ્ટાપદ પર્વત ઉપર ૧૫૦૦ તાપસોને ખીરના આહારથી પારણું કરાવનાર એ લબ્ધિનિધાન શ્રી ગૌતમસ્વામી હતા તેનો મંગલ સ્થાન રૂપ સમાવેશ થયો છે. જેથી શાસનમાં શ્રી સ્થૂલિભદ્રનું નામ લોક જીભે રમતું જોવા મળે છે. શીલવ્રત (બ્રહ્મચર્ય)નું વિશુદ્ધ પાલન કરીને ૮૪ ચોવીશી સુધી જેમનું નામ અમર છે એવા સ્થૂલિભદ્ર પણ મંગલરૂપ છે. રૂપકોશાને ત્યાં ચાતુર્માસ કરીને શીલવ્રતની રક્ષા કરી અંતે કોશાને પણ બાર વ્રતધારી શ્રાવિકા બનાવનાર શ્રી સ્થૂલિભદ્ર જીવોનું મંગલ કરનારા છે.

દશવૈકાલિક સૂત્રના પ્રારંભમાં ધર્મ એ ઉત્કૃષ્ટ મંગલ છે એવો ઉલ્લેખ કરીને જણાવ્યું. ધર્મ એ ઉત્કૃષ્ટ મંગલ છે. અહિંસા, સંયમ અને તપ એ ત્રણ પ્રકારનો ધર્મ મંગલરૂપ છે. આવા ધર્મનું પાલન કરનારાને દેવો પણ નમસ્કાર કરે છે. ચાર મંગલમાં ધમ્મો મંગલનો સમાવેશ થયો છે તે દૃષ્ટિએ ઉપરોક્ત પ્રકારનો ધર્મ મંગલ વાચક-કલ્યાણકારી બને છે.

સમાજમાં લગ્ન પ્રસંગ અપૂર્વ આનંદ અને ઉલ્લાસથી ઉજવાય છે. લગ્નની વિધિમાં મંગલાષ્ટક ગવાય છે અને દંપતીના જીવનની મંગલકામનાની અભિવ્યક્તિ-શુભેચ્છા વ્યક્ત કરવામાં આવે છે. આ મંગલ ભાવના માત્ર સંસારી જીવન સુખ-સમૃદ્ધિમય બને તેનો જ સંદર્ભ દર્શાવે છે. એટલે લૌકિક મંગલ તરીકે ગણવામાં આવે છે. ધાર્મિક મહોત્સવની ઉજવણી પ્રસંગે પ્રભાતના પહોરમાં મંગલ ગીતો ગાવાની પ્રણાલિકા આજે પણ પ્રચલિત છે. દીક્ષા મહોત્સવ, જિનમંદિરની પ્રતિષ્ઠા, પર્યુષણ પછી ચાતુર્માસ દરમ્યાન થયેલી આરાધનાની અનુમોદનાનો મહોત્સવ, જિનાલયની સાલગીરી, ગુરુ ભગવંતની પધરામણી, ઉપધાન તપની આરાધના જેવા પ્રસંગોએ પ્રાસંગિક મંગલ ગીતો ગવાય છે.

પર્યુષણની થોયમાં મંગલનો ઉલ્લેખ થયો છે તે જોઈએ તો

'ધવલ મંગલ ગીત ગહુંલી કરી એ'માં મંગલ શબ્દ પ્રયોગની લોકપ્રિયતા દર્શાવે છે.

પ્રભુની દ્રવ્યપૂજા-અષ્ટ પ્રકારી પૂજા પછી 'આરતી' ઉતારવામાં આવે છે. ત્યારપછી 'મંગલદીવો' ઉતારવામાં આવે છે. મંગલ દીપકમાં દીપકની એક વાટ (જ્યોત) છે જે આત્માના જ્યોતિર્મય સ્વરૂપનું પ્રતીક છે. આરતીની પાંચ વાટ પાંચ જ્ઞાનના પ્રતીક સમાન છે. પાંચમું જ્ઞાન કેવળજ્ઞાન આવે તો આત્માનું જ્યોતિર્મય સ્વરૂપ પ્રાપ્ત થાય છે. આત્મા સિદ્ધ, બુદ્ધ, નિરંજન, નિરાકાર સ્વરૂપ ધારણ કરીને સિદ્ધ શીલા ઉપર બિરાજમાન થાય છે. કવિ રૂપચંદની મંગલદીવાની રચનામાં ચાર મંગલનો ઉલ્લેખ થયો છે. પ્રથમ મંગલ પ્રભુની ભવ્ય પૂજા રચાવવી, બીજા મંગલમાં પ્રભુની સૌરભયુક્ત ધૂપ પૂજા, ત્રીજા મંગલમાં પ્રભુની આરતી ઉતારવી અને ચોથા મંગલમાં પ્રભુનાં ગુણગાન ગાવાનો ઉલ્લેખ મળે છે. પ્રથમ ત્રણ મંગલ એ દ્રવ્યપૂજા છે અને ચોથું મંગલ પ્રભુની ભાવપૂજા છે એટલે વિધિવત્ ચૈત્યવંદન કરીને અનંત ઉપકારી તીર્થંકર ભગવંતના ગુણગાન સ્તવન દ્વારા કરવાનો સંદર્ભ છે. ચાર મંગલનો સાર એટલો કે પ્રભુની પૂજા એ લૌકિક અને લોકોત્તર મંગલ પ્રાપ્ત કરાવનારી છે. મંગલ ગાવાની ભાવના મનુષ્ય લોકમાં પ્રચલિત હોય તે તો સ્વાભાવિક છે પણ સ્વર્ગમાં રહેલાં દેવ-દેવીઓ પણ પ્રભુના કલ્યાણકના દિવસે નંદીશ્વર દ્વીપ ઉપર મહોત્સવ કરે છે ત્યારે 'મંગલ' ગીત ગાય છે. ઉદાહરણ જોઈએ તો-

મારા નાથની વધાઈ વાજે છે,
'ઇન્દ્રાણી મિલ મંગલ ગાવે, મોતીયન ચોક પુરાવે છે
મારા નાથની વધાઈ વાજે છે.'

પ્રભાતના પહોરમાં મંગલ ગાવાનો રિવાજ છે તે અંગેની વિગતો નીચે મુજબ છે.

ચાલો સહીયર મંગલ ગાઈએ,
લઇએ પ્રભુનું નામ.
પહેલું મંગલ વીર પ્રભુનું, બીજું મંગલ ગૌતમ સ્વામી રે
ત્રીજું મંગલ સ્થૂલિભદ્રનું, ચોથું જૈન ધર્મ. ચાલો. ।।૧।।
મંગલ ગાવાનો રંગ લાગ્યો હો બેની,
મંગલ ગાવાનો રંગ લાગ્યો રે લોલ.
વિનતી સ્વીકારી નેમશ્રીજી પધાર્યા,
સાત વર્ષે સંયમ ધારી રે લોલ.

'મંગલ હેમ પ્રભાતિયાં' પુસ્તિકામાં વિવિધ ગીતોનો સંચય થયો છે. કેટલીક પંક્તિઓ ઉદા.રૂપે અત્રે નોંધવામાં આવી છે તે ઉપરથી મંગલ ગીતોનો પરિચય થાય છે.

મોંઘી માલેણ વેલા આવો, લાવો ચંપો ફૂલ રે,
સરખી સૈયર સાથે આવો, ગાવો મંગલ ગીત રે.
પહેલું મંગલ વીર પ્રભુનું.
શાંતિ જિન રાજમાં સૌએ એક તાનમાં,
મીઠા મીઠા મંગલ ગાવો, પ્રભુજીના ધામમાં.
ઊંચા નીચા દેરાસરે શિખર શોભે,
ત્યારે ફરકાવો રૂડી મોંઘેરી ધજા.
એરે દેરાસર શ્રાવક ભાઈ બંધાવે
શ્રાવિકા બહેન રૂડી પૂજા રચાવે.
મોર જાજે ઉગમણે દેશ, મોર જાજે આથમણે દેશ.
મોર જાજે શેત્રુંજા ઉપર રે, સોનાની ચાંચ મોરલીમાં જી.
સવામણ સોનું ને અધોમણ રૂપું રે,
તેનું ઘડાવો વીરનું પારણું રે.
ઝુલો ઝુલો વીર મારા પારણીયામાં.

મંગલ ગીતોની ઉદાહરણરૂપ પંક્તિઓ મંગલ ગાવાનો અનન્ય હર્ષોલ્લાસ દર્શાવે છે. સમાજમાં ઉત્સવોની શોભા બીજી રીતે ગમે તેવી હોય તો પણ સ્ત્રીઓની ઉપસ્થિતિ ઉત્સવની શોભારૂપ છે. સ્ત્રીઓ ઉત્સવપ્રિય છે.

ભારતીય સંસ્કૃતિમાં સામાજિક અને ધાર્મિક તહેવારોની ઉજવણીમાં સ્ત્રીઓની હાજરી અને ઉલ્લાસ નોંધપાત્ર છે.

મંગલ વાચક શબ્દના સંદર્ભમાં વિવિધ પ્રકારની માહિતી આત્માને ઐહિક અને પારલૌકિક નિમિત્ત પ્રાપ્ત કરાવવામાં ઉપયોગી છે.

અજ્ઞાની જીવો ઐહિક મંગલથી પરિતૃપ્ત થઈને સંસારના ક્ષણિક અને નશ્વર સુખમાં રાચે છે. જ્ઞાની જીવો ઐહિક મંગલથી અતૃપ્ત બનીને સુખ શાંતિના કાળમાં પારલૌકિક મંગલ પ્રાપ્ત કરવાની મોંઘેરી ઘડી આવી છે એમ માનીને આત્માના શાશ્વત સુખ માટે આર્ત રૌદ્રધ્યાનથી મુક્ત થઈને ધર્મધ્યાનમાં પુરુષાર્થ કરે છે. માનવ જીવનની આ એક માત્ર અનુકરણીય અને આવકારદાયક પ્રવૃત્તિ છે તે સિવાય મંગલની ભાવના ભવભ્રમણ દૂર કરવા સમર્થ નથી. એટલે મંગલ ઇચ્છનાર વ્યક્તિએ જીવન મંગલ કેવી રીતે કરવું તે જાણીને તેમાં પુરુષાર્થ આદરવો જોઈએ. ❖❖❖

# ડાંગ સ્વરાજ આશ્રમ, આહવા

## (આર્થિક સહાય કરવા માટે નોંધાયેલી રકમની યાદી)

સંઘના ઉપક્રમે પર્યુષણ વ્યાખ્યાનમાળા-૨૦૦૫ દરમિયાન 'ડાંગ સ્વરાજ આશ્રમ, આહવાને આર્થિક સહાય કરવાનું ઠરાવવામાં આવ્યું હતું. અમને જણાવતાં આનંદ થાય છે કે આશરે સોળ લાખ જેવી માતબર રકમ નોંધાઈ છે. એ માટે દાતાઓના અમે ઋણી છીએ. યાદી નીચે મુજબ છે.

૧,૦૦,૦૦૦ શ્રી પીયૂષભાઈ શાંતિલાલ કોઠારી અને શ્રીમતી ચંદ્રાબહેન કોઠારી (પી.ડી.કોઠારીએન્ડ કું.)
૧,૦૦,૦૦૦ શ્રી શ્રેયાંસ ટ્રસ્ટ હસ્તે : રમાબહેન કાપડિયા
૧,૦૦,૦૦૦ માતુશ્રી સમતાબેન માણેકલાલ શેઠ હસ્તે : સુરેશભાઈ માણેકલાલ શેઠ
૧,૦૦,૦૦૦ શ્રી કાકુલાલ છગનલાલ મહેતા હસ્તે : મનીષ એ. મહેતા
૫૧,૦૦૦ કે. એમ. ચેરિટેબલ ટ્રસ્ટ હસ્તે : શ્રી કાંતિલાલ નારણદાસ શાહ
૫૧,૦૦૦ મે. કોનવેસ્ટ પબ્લિક ચેરિટેબલ ટ્રસ્ટ
૫૧,૦૦૦ શ્રી પ્રવિણભાઈ શાંતિલાલ કોઠારી
૫૧,૦૦૦ માતુશ્રી રતનબાઈ ચેરિટી ટ્રસ્ટ
૫૧,૦૦૦ શ્રી કાંતિલાલ રમણલાલ પરીખ
૨૫,૦૦૦ શ્રી અમીચંદ આર. શાહ
૨૫,૦૦૦ શ્રી વિક્ટર ફરનાન્ડીસ હસ્તે : રમાબેન વી. મહેતા
૨૧,૦૦૦ શ્રી સેવંતીલાલ કાંતિલાલ ટ્રસ્ટ
૧૫,૦૦૦ શ્રી શૈલા હરેશ મહેતા (ઓનવર્ડ ફાઉન્ડેશન)
૧૫,૦૦૦ શ્રી કાશીબેન સંઘરાજકા અને શ્રીમતી ડાહીબેન મોદી ફાઉન્ડેશન
૧૫,૦૦૦ મે. હેપ્પી હોમ એન્ટરપ્રાઇસીઝ (JV)
૧૫,૦૦૦ શ્રી જીતેન્દ્ર કે. ભણશાલી
૧૫,૦૦૦ સ્વ. ઇન્દુભાઈ શેઠના સ્મરણાર્થે હસ્તે : કમલેશભાઈ શેઠ
૧૨,૦૦૦ શ્રી એ. આર. ચોકસી
૧૨,૦૦૦ શ્રી અરુણાબેન અજિતભાઈ ચોકસી
૧૧,૦૦૦ શ્રી પ્રવીણ કે. ભણશાલી-HUF
૧૧,૦૦૦ શ્રી પ્રમોદભાઈ સોમચંદ શાહ પરિવાર
૧૧,૦૦૦ શ્રી ચીમનલાલ એલ. વસા પરિવાર
૧૧,૦૦૦ મે. કમ્ફર્ટ ટ્રાવેલ્સ હસ્તે : ધર્મેશ એમ. શાહ
૧૦,૦૦૦ શ્રી ઉમેદભાઈ દોશી
૧૦,૦૦૦ શ્રી રાજેશ શ્રીશ્રીમાલ
૧૦,૦૦૦ શ્રી મહેતા વીરચંદ મીઠાલાલ ચેરિટેબલ ટ્રસ્ટ
૯,૦૦૦ ડૉ. રમણલાલ ચીમનલાલ શાહ તથા પ્રો. તારાબહેન રમણલાલ શાહ
૯,૦૦૦ શ્રી રસિકલાલ લહેરચંદ શાહ તથા રસીલાબહેન રસિકલાલ શાહ
૯,૦૦૦ શ્રી ચંદ્રકાંતભાઈ દીપચંદ શાહ
૯,૦૦૦ શ્રી નીરૂબહેન સુબોધભાઈ શાહ
૯,૦૦૦ ડૉ. ધનવંતભાઈ તિલકરાય શાહ
૯,૦૦૦ સ્વ. જ્યોત્સના ભૂપેન્દ્ર જવેરીના સ્મરણાર્થે હસ્તે : શ્રી ભુપેન્દ્ર ડાહ્યાભાઈ જવેરી
૯,૦૦૦ શ્રી કુસુમબહેન નરેન્દ્રભાઈ ભાઉ
૯,૦૦૦ શ્રી રમાબહેન જયસુખલાલ વોરા
૯,૦૦૦ શ્રી વર્ષાબહેન અને ડૉ. રજ્જૂભાઈ શાહ
૯,૦૦૦ શ્રી યશોમતીબહેન શાહ
૯,૦૦૦ શ્રી ભાનુ ચેરિટિ ટ્રસ્ટ હસ્તે: શ્રી પ્રવીણભાઈ શાહ / ઉષાબહેન પ્રવીણભાઈ શાહ
૯,૦૦૦ શ્રી દિલીપભાઈ વીરેન્દ્રભાઈ કાકાબળીયા
૯,૦૦૦ શ્રી સુશીલાબહેન રમણીકભાઈ શાહ
૯,૦૦૦ શ્રી આશિતા એન્ડ કાંતિલાલ કેશવલાલ શેઠ ચેરિટેબલ ટ્રસ્ટ
૯,૦૦૦ શ્રી જે. વી. મહેતા ચેરિટેબલ ટ્રસ્ટ
૯,૦૦૦ શ્રી શાંતિલાલ મંગળજી મહેતા
૯,૦૦૦ શ્રી પંકજભાઈ વિસરીયા એન્ડ ફેમિલી
૯,૦૦૦ શ્રી મફતલાલ ભીખાચંદ ફાઉન્ડેશન
૯,૦૦૦ મે. સ્મીથ ટુલ્સ કોરપોરેશન
૯,૦૦૦ શ્રી શાંતિલાલ ઉજમશી ચેરિટેબલ ટ્રસ્ટ
૯,૦૦૦ શ્રી એ. પી. શેઠ ચેરિટેબલ ટ્રસ્ટ
૯,૦૦૦ શ્રી રશેશ વિનુભાઈ જીવનલાલ મહેતા
૮,૮૮૮ ડૉ. બિપિનચંદ્ર હીરાલાલ કાપડિયા
૬,૦૦૦ શ્રી હર્ષા વિક્રમ શાહ
૬,૦૦૦ શ્રી ગાંગજી પોપટલાલ શેઠિયા ફેમિલી ચેરીટેબલ ટ્રસ્ટ
૬,૦૦૦ શ્રી હર્ષરંજન ચેરિટેબલ ટ્રસ્ટ હસ્તે શ્રી હર્ષદભાઈ દીપચંદ શાહ
૬,૦૦૦ શ્રી પૌલોમી પ્રકાશ શાહ
૬,૦૦૦ શ્રી ગુણવંતી પી. શાહ
૬,૦૦૦ મહેતા બહેનો તરફથી
૬,૦૦૦ શ્રી તરૂણા વીપીનભાઈ શાહ
૬,૦૦૦ શ્રી રોહન ચંદ્રકાંત નિર્મળ
૬,૦૦૦ મે. સમકિત એડવર્ટાઇઝીંગ હસ્તે : શશિકાંત તીજોરીવાલા
૬,૦૦૦ મે. સમ્યક માર્કેટીંગ હસ્તે : શશિકાંત તીજોરીવાલા
૬,૦૦૦ સ્વ. રમાબેન જયંતીલાલ શાહના સ્મરણાર્થે હસ્તે : જયંતીલાલ ફતેહચંદ ફાઉન્ડેશન
૬,૦૦૦ શ્રી રતિલાલ ઓધવજી ગોહિલ ચેરિટેબલ ટ્રસ્ટ
૬,૦૦૦ શ્રી સંતોકબા જેઠાલાલ દેસાઈ ચેરિટેબલ ટ્રસ્ટ
૬,૦૦૦ સ્વ. રમણીકલાલ પુંજાભાઈ પરીખના સ્મરણાર્થે હસ્તે : અતુલભાઈ
૬,૦૦૦ સ્વ. જશુમતીબેન હસમુખલાલ કુવાડિયાના સ્મરણાર્થે હસ્તે : ડૉ. હેમંત આર. કુવાડિયા
૬,૦૦૦ શ્રી ચિરાગ ચંદ્રકાંત શાહ ચેરિટેબલ ટ્રસ્ટ હસ્તે : પટ્ટણી ઓપ્ટીકલ્સ
૬,૦૦૦ શાહ પબ્લિક ચેરિટેબલ ટ્રસ્ટ હસ્તે : ડૉ. જ્યોતિબેન શાહ
૫,૦૦૧ શ્રી અંજન આઈ. ડાંગરવાલા
૫,૦૦૦ શ્રી વસંતભાઈ ગાલા
૫,૦૦૦ શ્રી બાબુભાઈ ચંપકલાલ તોલાટ
૫,૦૦૦ શ્રી નિર્મળાબહેન બાબુભાઈ તોલાટ
૫,૦૦૦ શ્રી વી. એસ. ગાંધી ચેરિટેબલ ટ્રસ્ટ હસ્તે : મુકુંદભાઈ ગાંધી
૫,૦૦૦ શ્રી વસંતલાલ કાંતિલાલ શાહ
૫,૦૦૦ શ્રી વનીતા જયંત શાહ
૫,૦૦૦ શ્રી દીપચંદ ઘેલાભાઈ શાહ
૫,૦૦૦ શ્રી મંજૂલા આર. શાહ
૫,૦૦૦ શ્રી અદિતિ દેવાંગ નગરશેઠ
૫,૦૦૦ એક બહેન
૫,૦૦૦ મે. રમણીકલાલ ગોસલીયા એન્ડ કું.
૫,૦૦૦ શ્રી પુષ્પાબેન કે. ભણશાલી
૫,૦૦૦ શ્રી ઉમંગ ફાઉન્ડેશન
૫,૦૦૦ શ્રી હસમુખ જી. શાહ
૩,૫૦૦ શ્રી પદમાવતી બી. શાહ
૩,૫૦૦ શ્રી ભાઇચંદભાઈ મહેતા ચેરિટેબલ ટ્રસ્ટ
૩,૦૦૧ શ્રી હર્ષા મહેન્દ્ર સંઘવી
૩,૦૦૦ શ્રી વસુબહેન ચંદુલાલ ભણશાલી
૩,૦૦૦ શ્રી કલાવતીબહેન શાંતિલાલ મહેતા
૩,૦૦૦ શ્રી નિયતા અજય ગોયેલ
૩,૦૦૦ શ્રી ટી. એમ. શાહ ચેરિટેબલ ટ્રસ્ટ હસ્તે શ્રી પુષ્પાબહેન ચંદ્રકાંત પરીખ
૩,૦૦૦ શ્રી દિલીપભાઈ એમ. શાહ
૩,૦૦૦ શ્રી કે. એમ. સોનાવાલા ચેરિટેબલ ટ્રસ્ટ
૩,૦૦૦ શ્રી દિપ્તી જતીન સોનાવાલા
૩,૦૦૦ શ્રી ગ્રીષ્મા જય સોનાવાલા

| | |
|---|---|
| ૩,૦૦૦ | મે. ત્રિશલા ઇલેકટ્રોનિક્સ |
| ૩,૦૦૦ | મે. ફ્રેન્ડલી પ્રિન્ટર્સ |
| ૩,૦૦૦ | શ્રી જયવંતીબેન જોરમલભાઈ મહેતા |
| ૩,૦૦૦ | ડૉ. ધીરેન્દ્રકુમાર વરજીવનદાસ શાહ |
| ૩,૦૦૦ | શ્રી પ્રવિણાબહેન ધીરેન્દ્રકુમાર શાહ |
| ૩,૦૦૦ | શ્રી રાજેન્દ્રભાઈ અમરતલાલ-HUF |
| ૩,૦૦૦ | શ્રી દેવકાબહેન નાનજી શાહ |
| ૩,૦૦૦ | શ્રી મીનાબહેન ગાંધી |
| ૩,૦૦૦ | શ્રી કાંતિલાલ કે. શાહ |
| ૩,૦૦૦ | શ્રી મણીબહેન વીજપાર સામત નીસર |
| ૩,૦૦૦ | શ્રી વિક્રમ રમણલાલ શાહ |
| ૩,૦૦૦ | શ્રી રક્ષાબહેન હેમંત કુવાડિયા |
| ૩,૦૦૦ | ડૉ. હેમંત હસમુખલાલ કુવાડિયા |
| ૩,૦૦૦ | શ્રી નર્મદાબહેન એમ. શેઠ |
| ૩,૦૦૦ | શ્રી મુક્તાબહેન લાભુભાઈ સંઘવી |
| ૩,૦૦૦ | શ્રી રોમેશ જે. શાહ |
| ૩,૦૦૦ | શ્રી ચંદ્રકાંત યુ. ખંડેરિયા |
| ૩,૦૦૦ | શ્રી જયવંતી પ્રવીણચંદ્ર વોરા ચેરિટેબલ ટ્રસ્ટ |
| ૩,૦૦૦ | શ્રી પ્રવિણચંદ જમનાદાસ શાહ |
| ૩,૦૦૦ | શ્રી હર્ષદરાય કે. દોશી |
| ૩,૦૦૦ | શ્રી જયંતીલાલ ચુનીલાલ શાહ |
| ૩,૦૦૦ | શ્રી વિજય કે. શાહ |
| ૩,૦૦૦ | શ્રી પૂણ્ય યાત્રિક ઝવેરી |
| ૩,૦૦૦ | શ્રી રમેશભાઈ પી. મહેતા |
| ૩,૦૦૦ | શ્રી નંદુભાઈ વોરા / રેખાબહેન વોરા |
| ૩,૦૦૦ | શ્રી બીનાબહેન અનિલભાઈ મહેતા |
| ૩,૦૦૦ | શ્રી વ્યોમાબહેન રાકેશભાઈ શેઠ |
| ૩,૦૦૦ | શ્રી શશિકાંત મણીલાલ મહેતા |
| ૩,૦૦૦ | શ્રી અનિલા શશિકાંત મહેતા |
| ૩,૦૦૦ | શ્રી વિનોદભાઈ મહેતા |
| ૩,૦૦૦ | શ્રી ભારતી એમ. મજમુદાર |
| ૩,૦૦૦ | ડૉ. જે. આર. શાહ |
| ૩,૦૦૦ | શ્રી રમણીકલાલ ઉમેદચંદ શાહ |
| ૩,૦૦૦ | શ્રી અંજુલાબેન રમણીકલાલ શાહ |
| ૩,૦૦૦ | શ્રી અર્પણ પ્રફુલભાઈ શાહ |
| ૩,૦૦૦ | શ્રી ચારૂબેન હરેન્દ્રભાઈ પુનાતર |
| ૩,૦૦૦ | શ્રી વનલીલા મુકુંદભાઈ વોરા |
| ૩,૦૦૦ | શ્રી કુંજબાળાબેન રમેશચંદ કોઠારી |
| ૩,૦૦૦ | શ્રી એચ. ડી. ઇન્ડસ્ટ્રીઝ |
| ૩,૦૦૦ | શ્રી નિરંજન હરગોવિંદદાસ ભણશાલી |
| ૩,૦૦૦ | શ્રી નીલાબેન ચંદ્રકાંત શાહ |
| ૩,૦૦૦ | શ્રી રેખાબેન કાપડિયા |
| ૩,૦૦૦ | શ્રી ભાનુમતી નેણશી વીરા |
| ૩,૦૦૦ | શ્રી સરોજરાણી શાહ ચેરિટેબલ ટ્રસ્ટ |
| ૩,૦૦૦ | શ્રી રમીલાબહેન રમેશભાઈ મહેતા |
| ૩,૦૦૦ | શ્રી દીપાલી સંજય મહેતા |
| ૩,૦૦૦ | શ્રી સુચિત અશ્વિન દોશી |
| ૩,૦૦૦ | શ્રી વી. એન. સંઘવી |
| ૩,૦૦૦ | શ્રી મીનાક્ષી વી. સંઘવી |
| ૩,૦૦૦ | મે. ગુલાબદાસ એન્ડ કું. |
| ૩,૦૦૦ | શ્રી હરિલાલ તારાચંદ શાહ |
| ૩,૦૦૦ | શ્રી શારદાબહેન બાબુભાઈ શાહ |
| ૩,૦૦૦ | શ્રી હર્ષાબહેન ભરતભાઈ ડગલી |
| ૩,૦૦૦ | શ્રી લીના વી. શાહ |
| ૩,૦૦૦ | શ્રી તનસુખભાઈ કામદાર |
| ૩,૦૦૦ | શ્રી મહેશભાઈ મહેતા |
| ૩,૦૦૦ | શ્રી પુષ્પાબહેન સુરેશભાઈ ભણશાલી |
| ૩,૦૦૦ | શ્રી રમેશભાઈ પોપટલાલ શાહ |
| ૩,૦૦૦ | શ્રી જવલબેન રામચંદ શાહ |
| ૩,૦૦૦ | શ્રી ઇન્દુમતી અને હરકિશન ઉદાણી ચેરિટેબલ ટ્રસ્ટ |
| ૩,૦૦૦ | શ્રી જે. કે. ફાઉન્ડેશન |
| ૩,૦૦૦ | શ્રી મહેન્દ્ર વીરચંદ મહેતા |
| ૩,૦૦૦ | શ્રી હસમુખરાય વીરચંદ મહેતા હસ્તે : સ્વ. બિન્દુના સ્મરણાર્થે |
| ૩,૦૦૦ | શ્રી કનુભાઈ રસિકલાલ શાહ (કોલસાવાળા) |
| ૩,૦૦૦ | સ્વ. સરલાબેન શાં. દોશીના સ્મરણાર્થે હસ્તે : પ્રકાશ શાં. દોશી |
| ૩,૦૦૦ | શ્રી જમનાદાસ હેમચંદ હેમાણી ચેરિટેબલ ટ્રસ્ટ |
| ૩,૦૦૦ | શ્રી ગુણવંતીબેન ગુલાબચંદ ઝવેરી |
| ૩,૦૦૦ | સ્વ. ભાનુમતી મહેન્દ્ર સંઘવીના સ્મરણાર્થે (વેન્ગાર્ડ સ્ટુડિયો) |
| ૩,૦૦૦ | શ્રી જયંતભાઈ છેડા |
| ૩,૦૦૦ | શ્રી બીના ચોકસી |
| ૩,૦૦૦ | શ્રી મૃદુલા કે. શાહ |
| ૩,૦૦૦ | શ્રી મહેન્દ્રભાઈ એચ. શાહ |
| ૩,૦૦૦ | શ્રી સદ્‌ગૃહસ્થ |
| ૩,૦૦૦ | શ્રી મહેન્દ્રભાઈ આર. શાહ |
| ૩,૦૦૦ | શ્રી વિનયચંદ યુ. શાહ |
| ૩,૦૦૦ | શ્રી ભારતીબેન ગજેન્દ્રભાઈ કપાસી |
| ૩,૦૦૦ | શ્રી ભગવતીબેન પનાલાલ સોનાવાલા |
| ૩,૦૦૦ | શ્રી જિતેન્દ્ર ધરમદાસ |
| ૩,૦૦૦ | સ્વ. રસિકલાલ છોટાલાલ શાહના સ્મરણાર્થે હસ્તે : શરદ શાહ |
| ૩,૦૦૦ | સ્વ. સરસ્વતીબેન રસિકલાલ શાહના સ્મરણાર્થે હસ્તે : શરદ શાહ |
| ૩,૦૦૦ | સ્વ. બાલુભાઈ છોટાલાલ શાહના સ્મરણાર્થે હસ્તે : હંસાબેન બાલુલાલ શાહ |
| ૩,૦૦૦ | સ્વ. ભોગીલાલ સુખલાલ શાહના સ્મરણાર્થે હસ્તે : લતા શાહ |
| ૩,૦૦૦ | શ્રી વનલીલા એન. મહેતા |
| ૩,૦૦૦ | શ્રી જયેશ ડી. અજમેરા |
| ૩,૦૦૦ | શ્રી કુમુદ આર. ભણશાલી |
| ૩,૦૦૦ | એક બહેન |
| ૩,૦૦૦ | શ્રી પી. એન. મહેતા HUF |
| ૩,૦૦૦ | શ્રી સી. એન. સંઘવી ચેરિટેબલ ટ્રસ્ટ |
| ૩,૦૦૦ | શ્રી લક્ષ્મીચંદ વોરા પબ્લિક ચેરિટેબલ ટ્રસ્ટ |
| ૩,૦૦૦ | શ્રી મહેન્દ્રભાઈ ભાઇલાલ વોરા |
| ૩,૦૦૦ | શ્રી આરતીબેન મધુભાઈ વોરા |
| ૩,૦૦૦ | શ્રી સવિતા કે. પી. શાહ |
| ૩,૦૦૦ | શ્રી ભૂપતલાલ જે. શેઠ |
| ૩,૦૦૦ | શ્રી જયંતીલાલ જે. શેઠ |
| ૩,૦૦૦ | શ્રી નીના એન. શાહ |
| ૩,૦૦૦ | મે. સંજય વોરા એન્ડ કું. |
| ૩,૦૦૦ | મે. શાકો પ્લાસ્ટીક હસ્તે : ઇન્દુબેન જવેરી |
| ૩,૦૦૦ | શ્રી એમ. એમ. મોહનલાલ ફાઉન્ડેશન ટ્રસ્ટ |
| ૩,૦૦૦ | સ્વ. પૂ. પિતાશ્રી તારાચંદ ટોકરશી શેઠ તથા સ્વ. પૂ. માતુશ્રી ચંચળબેન તારાચંદ શેઠના સ્મરણાર્થે હસ્તે : શેઠ ભાઇલાલ તારાચંદ (ફોકસ લાઇટનીંગ) |
| ૩,૦૦૦ | શ્રી ચંદ્રકુમાર જી. ઝવેરી |
| ૩,૦૦૦ | શ્રી ઓજસ અરવિંદ ધરમશી લુખી |
| ૩,૦૦૦ | શ્રી વિરલ અરવિંદ ધરમશી લુખી |
| ૩,૦૦૦ | શ્રી વીણાબહેન જવાહર કોરડીયા |
| ૩,૦૦૦ | શ્રી ભૂપેન્દ્ર શાહ |
| ૩,૦૦૦ | શ્રી સ્મિતા એસ. શાહ |
| ૩,૦૦૦ | શ્રી પ્રવીણચંદ્ર એમ. શાહ |
| ૩,૦૦૦ | શ્રી ધૈર્યકાન્તાબેન પી. શાહ |
| ૩,૦૦૦ | શ્રી નીલા શાહ |
| ૨,૫૦૦ | શ્રી જાદવજીભાઈ સોમચંદ મહેતા હસ્તે : પ્રભાવતીબેન |
| ૨,૫૦૦ | શ્રી ભાનુભાઈ દલીચંદ ગાંધી |
| ૨,૫૦૦ | સ્વ. ચંદ્રાબહેન રસિકભાઈ ગાંધીના સ્મરણાર્થે હસ્તે : શિરીષ |
| ૨,૧૦૦ | શ્રી ભવરમલ વી. મહેતા |
| ૨,૦૦૧ | શ્રી આર. એ. સંઘવી |
| ૨,૦૦૦ | શ્રી તુષાર તલસાણીયા |
| ૨,૦૦૦ | શ્રી વિનોદચંદ્ર હરીલાલ મહેતા |
| ૨,૦૦૦ | એક સદ્‌ગૃહસ્થ |
| ૨,૦૦૦ | શ્રી ભદ્રાબેન વી. શાહ |
| ૨,૦૦૦ | શ્રી બાલચંદજી સોલંકી |
| ૧,૫૦૦ | શ્રી મનીષાબેન ધીરેન ભણશાલી |
| ૧,૧૦૧ | શ્રી પરેશ ચૌધરી |
| ૧,૧૦૧ | શ્રી મધુસુદન આર. શાહ |
| ૧,૦૦૧ | શ્રી ચંદ્રકાંત બસંતલાલ નરસિંહપુરા |
| ૧,૦૦૦ | શ્રી જગદીશ એમ. ઝવેરી |
| ૧,૦૦૦ | શ્રી ઉષાબેન રમેશભાઈ ઝવેરી |
| ૧,૦૦૧ | શ્રી ફાલ્ગુની મહેન્દ્ર સંઘવી |
| ૧,૦૦૧ | શ્રી વંદન શાહ |
| ૧,૦૦૦ | શ્રી સ્વાતિ શેઠ |
| ૧,૦૦૦ | શ્રી રમણલાલ કે. શાહ |
| ૪,૯૪૩ | એક હજારથી ઓછી રકમનો સરવાળો |

❖❖❖

# સંઘ માટે નોંધાયેલી રકમની યાદી

વધતાં જતાં ખર્ચ અને ઘટતાં જતાં વ્યાજના દરને કારણે સંઘને પોતાના વહિવટી ખર્ચને પહોંચી વળવા માટે આર્થિક સહાયની આવશ્યકતા ઊભી થઈ છે. એ માટે દાતાઓને પર્યુષણ વ્યાખ્યાનમાળા દરમિયાન અપીલ કરવામાં આવતા સારો પ્રતિસાદ મળ્યો છે. એ માટે સર્વ દાતાઓના અમે ઋણી છીએ. યાદી નીચે મુજબ છે:

૫૦,૦૦૦ શ્રી શ્રેયાંસ ટ્રસ્ટ
હસ્તે : રમાબહેન કાપડિયા
૨૫,૦૦૦ શ્રી પીયૂષભાઈ શાંતિલાલ કોઠારી અને શ્રીમતી ચંદ્રાબહેન કોઠારી (પી.ડી.કોઠારી એન્ડ કું.)
૧૧,૦૦૦ શ્રી પ્રમોદભાઈ સોમચંદ શાહ પરિવાર તરફથી સ્વ. પ્રમીલાબહેનની સ્મૃતિમાં
૫,૦૦૦ ડૉ. રમણલાલ ચીમનલાલ શાહ તથા પ્રો. તારાબહેન રમણલાલ શાહ
૫,૦૦૦ શ્રી રસિકલાલ લહેરચંદ શાહ તથા રસીલાબહેન રસિકલાલ શાહ
૫,૦૦૦ શ્રી ચંદ્રકાંતભાઈ દીપચંદ શાહ
૫,૦૦૦ શ્રી નીરૂબહેન સુબોધભાઈ શાહ
૫,૦૦૦ ડૉ. ધનવંતભાઈ તિલકરાય શાહ
૫,૦૦૦ સ્વ. જ્યોત્સના ભૂપેન્દ્ર જવેરીના સ્મરણાર્થે
હસ્તે ભૂપેન્દ્ર ડાહ્યાભાઈ જવેરી
૫,૦૦૦ શ્રી કુસુમબહેન નરેન્દ્રભાઈ ભાઉ
૫,૦૦૦ શ્રી રમાબહેન જયસુખલાલ વોરા
૫,૦૦૦ શ્રી ગાંગજી પોપટલાલ શેઠિયા
૫,૦૦૦ શ્રી સુશીલાબહેન રમણીકલાલ શાહ
૫,૦૦૦ શ્રી ટી. એમ. શાહ ચેરિટેબલ ટ્રસ્ટ
હસ્તે શ્રી પુષ્પાબહેન ચંદ્રકાંત પરીખ
૫,૦૦૦ શ્રી દિલીપભાઈ વિરેન્દ્રભાઈ કાકાબળીયા
૫,૦૦૦ શ્રી વી. એસ. ગાંધી ચેરિટેબલ ટ્રસ્ટ
હસ્તે : મુકુંદભાઈ ગાંધી
૫,૦૦૦ શ્રી વસંતલાલ કાંતિલાલ શાહ
૫,૦૦૦ શ્રી અમીચંદ આર. શાહ
૫,૦૦૦ શ્રી મીનાબેન ઝવેરી અને કુસુમબહેન ઝવેરી
૫,૦૦૦ શ્રી શૈલા હરીશ મહેતા- (ઓનવર્ડ ફાઉન્ડેશન)
૪,૦૦૦ શ્રી શાંતિલાલ મંગળજી મહેતા
૩,૦૦૦ શ્રી કે. એન. શાહ ચેરિટેબલ ટ્રસ્ટ
૩,૦૦૦ શ્રી અરુણાબેન અજિતભાઈ ચોકસી
૩,૦૦૦ શ્રી એ. આર. ચોકસી
૩,૦૦૦ શ્રી રમેશભાઈ એ. મહેતા
૩,૦૦૦ શ્રી જયંતીલાલ ચુનીલાલ શાહ
૩,૦૦૦ શ્રી સુરેખાબેન હરીશ શાહ
૩,૦૦૦ શ્રી વંદના રશ્મિભાઈ શાહ
૩,૦૦૦ શ્રી સુવર્ણા જીતેન્દ્ર દલાલ
૩,૦૦૦ શ્રી યશોમતીબહેન શાહ
૩,૦૦૦ શ્રી સિદ્ધાર્થ લલ્લુભાઈ સંઘવી
૩,૦૦૦ શ્રી જયેશ ડી. અજમેરા
૩,૦૦૦ શ્રી આરતીબહેન મધુભાઈ વોરા
૩,૦૦૦ શ્રી આશિતા એન્ડ કાંતિલાલ કેશવલાલ શેઠ ચેરિટેબલ ટ્રસ્ટ
૨,૧૦૦ મે. સોનલ ઇન્ડસ્ટ્રીઝ, અમદાવાદ હસ્તે : શ્રી ગિરીશભાઈ પટેલ (મંથનવાળા)
૨,૦૦૦ શ્રી વસુબહેન ચંદુલાલ ભણશાલી
૨,૦૦૦ શ્રી કલાવતીબહેન શાંતિલાલ મહેતા
૨,૦૦૦ શ્રી દિલીપભાઈ એમ. શાહ
૨,૦૦૦ શ્રી ભાનુ ચેરિટી ટ્રસ્ટ
હસ્તે : ઉષાબહેન અને પ્રવીણભાઈ
૨,૦૦૦ શ્રી હર્ષ નીતીનભાઈ સોનાવાલા
૨,૦૦૦ શ્રી રસેશ વિનુભાઈ જીવનલાલ મહેતા
૨,૦૦૦ શ્રી પૌલોમી પ્રકાશ શાહ
૨,૦૦૦ શ્રી પ્રવીણ કે. ભણશાલી HUF
૨,૦૦૦ શ્રી મીનાબેન ગાંધી
૨,૦૦૦ શ્રી રમેશભાઈ પી. મહેતા
૨,૦૦૦ શ્રી ફ્રેન્ડલી ટાઇપ સેટર્સ
૨,૦૦૦ શ્રી એ. પી. શેઠ ચેરિટેબલ ટ્રસ્ટ
૨,૦૦૦ શ્રી જે. કે. ફાઉન્ડેશન
૨,૦૦૦ શ્રી રક્ષાબહેન શ્રોફ
૨,૦૦૦ એક બહેન
૨,૦૦૦ શ્રી ઉમંગ ફાઉન્ડેશન
૨,૦૦૦ શ્રી જે. વી. મહેતા ચેરિટેબલ ટ્રસ્ટ
૧,૫૦૦ શ્રી મનીષાબેન ધીરેન ભણશાલી
૧,૦૦૧ શ્રી શારદાબેન બાબુભાઈ શાહ
૧,૦૦૦ મે. ત્રિશલા ઇલેકટ્રોનીક્સ
૧,૦૦૦ શ્રી પ્રમોદભાઈ સોમચંદ શાહ
૧,૦૦૦ શ્રી તુષાર તલસાણીયા
૧,૦૦૦ શ્રી રમણીકલાલ ઉમેદચંદ શાહ
૧,૦૦૦ શ્રી જયંતીલાલ ફતેચંદ શાહ
૧,૦૦૦ શ્રી રમણીકલાલ એસ. ગોસલીયા
૨૫૦૪ એક હજારથી ઓછી રકમનો સરવાળો

❖❖❖

# વાર્ષિક સામાન્ય સભા

શ્રી મુંબઈ જૈન યુવક સંઘની વાર્ષિક સામાન્ય સભા શનિવાર તા. ૧૨-૧૧-૨૦૦૫ના રોજ સાંજના ૫-૩૦ કલાકે **મારવાડી વિદ્યાલય હાઈસ્કૂલ, સરદાર વી. પી. રોડ, ઓપેરા હાઉસ, મુંબઈ-૪૦૦૦૦૪** ખાતે મળશે જે વખતે નીચે પ્રમાણે કામકાજ હાથ ધરવામાં આવશે.

(૧) ગત વાર્ષિક સામાન્ય સભાની મિનિટ્સનું વાંચન અને બહાલી.

(૨) ગત વર્ષ ૨૦૦૪-૨૦૦૫ ના સંઘ તેમ જ શ્રી મણિલાલ મોકમચંદ શાહ સાવર્જનિક વાચનાલય અને પુસ્તકાલયના વૃત્તાંત તથા ઑડિટેડ થયેલા હિસાબો મંજૂર કરવા.

(૩) સને ૨૦૦૫-૨૦૦૬ ની સાલ માટે સંઘના પદાધિકારીઓ તેમ જ કાર્યવાહક સમિતિના ૧૫ સભ્યોની ચૂંટણી.

(૪) સને ૨૦૦૫-૨૦૦૬ ની સાલ માટે સંઘ તેમ જ શ્રી મણિલાલ મોકમચંદ શાહ સાવર્જનિક વાચનાલય અને પુસ્તકાલયના અંદાજી બજેટને મંજૂરી આપવી.

(૫) સને ૨૦૦૫-૨૦૦૬ ની સાલ માટે સંઘ તેમ જ વાચનાલય અને પુસ્તકાલયના ઑડિટર્સની નિમણૂંક કરવી તથા વાચનાલય-પુસ્તકાલયની ભાવિ પ્રવૃત્તિઓ અંગે વિચારણા કરી નિર્ણય કરવો.

(૬) પ્રમુખશ્રીની મંજૂરીથી અન્ય રજૂઆત.

ઉપર જણાવેલી વાર્ષિક સામાન્ય સભાના અનુસંધાનમાં જણાવવાનું કે સંઘ તેમ જ વાચનાલય અને પુસ્તકાલયના ઑડિટ થયેલા હિસાબો સંઘના કાર્યાલયમાં રાખવામાં આવ્યા છે. તા. ૭-૧૦-૨૦૦૫ થી તા. ૧૦-૧૧-૨૦૦૫ સુધીના દિવસોમાં બપોરના ૩ થી ૬ સુધીમાં સંઘના કાર્યાલયમાં કોઇપણ સભ્ય તેનું નિરીક્ષણ કરી શકશે. કોઇને આ સામાન્ય સભામાં હિસાબો અંગે પ્રશ્ન પૂછવાની ઇચ્છા હોય તો વાર્ષિક સામાન્ય સભાના બે દિવસ અગાઉ લેખિત મોકલવા તેઓને વિનંતી.

જે સભ્યોને ઑડિટ કરેલા હિસાબોની નકલ જોઇએ તો તેમની લેખિત અરજી મળતાં નકલ મોકલવામાં આવશે. વાર્ષિક સામાન્ય સભામાં સર્વ સભ્યોને ઉપસ્થિત રહેવા વિનંતી છે.

**કાર્યાલયનું નવું સરનામું :**
૩૩, મહંમદી મીનાર, ભોંયતળિયે,
૧૪ મી ખેતવાડી,
મુંબઈ-૪૦૦૦૦૪.
ટે. નં.: ૨૩૮૨૦૨૯૬.

નિરુબહેન એસ. શાહ
ડૉ. ધનવંત ટી. શાહ
મંત્રીઓ

# આકૃતિ : ગુણાન્ કથયતિ

☐ ડૉ. રણજિત એમ. પટેલ 'અનામી'

અતિશયોક્તિના રજમાત્ર ભય કે સંકોચ વિના આપણે કહી શકીએ કે જન સમાજની કહેવતો એ બહુજન સમાજનાં ઉપનિષદનાં સૂત્રો છે. કેટલાંક પુષ્પો કે દ્રવ્યોના અર્ક સારવી લેવામાં આવે છે. છ બાર માસથીય વિશેષ ચાલે તેવા કેટલાંક શાકભાજી કે ફળફળાદિના વિટામીનને વિજ્ઞાન એકાદ નાની ડબ્બીમાં સમાસ આપે છે ત્યારે તે વામન દેહ વિરાટ આત્માને ધારણ કરતાં લાગે છે. સમાજના પ્રત્યેક સ્તરમાં પ્રચલિત આવાં સૂત્રો–કહેવતો પણ સમગ્ર સમાજની અનુભવવાણી હોય છે. બિનઅનુભવી કે અર્ધદગ્ધ અનુભવવાણીને કહો કે પોપટવાણીને-સમયના વહન સાથે સમાજ ઉશેટીને ફેંકી દેતો હોય છે. બલ્કે જે વાણી સમાજના ઊંડા અંતરાત્મામાંથી આવતી હોતી નથી તે હવામાં જ વહી જાય છે. જન સમાજની આ લોકવાણી–અનુભવવાણી વૈજ્ઞાનિક કસોટીમાંથી પસાર થાય છે ત્યારે તે એક વૈજ્ઞાનિક સત્ય કે નિયમ બને છે.

'કમજોર ને ગુસ્સા બહોત', 'કાયર ધણી બૈયર પર સૂરો', 'પુત્રનાં લક્ષણ પારણામાંથી' ને 'વહુનાં લક્ષણ બારણામાંથી', 'યથા યથા મુચ્યતિ વાક્યબાણમ્ તથા તથા જાતિકુલ પ્રમાણમ્', 'બહોત લંબા બડા બેવકૂફ', 'બાડો બત્રીસ લખ્યાણો', 'ફેસ ઈઝ ધ મીરર ઓર ઈન્ડેક્સ ઓફ ધ સોલ' (Face is the Mirror or Index of the Soul)–મનુષ્ય સ્વભાવને વ્યક્ત કરતી સમાજની આવી ઘણી બધી કહેવતો પાછળ અનેક જનની અનેક વર્ષોની કસાયેલી બુદ્ધિ ને તીક્ષ્ણ નિરીક્ષણ શક્તિ પડેલી છે.

દરેક સમાજ, પોતાની તળપદી ભાષામાં આવાં અર્થાન્તરન્યાસી સત્યો તારવે છે. સમાજને જો ભાષાનાં બાહ્ય વ્યવધાનો નડતાં ન હોય તો એમાં વહેતી અનુભવની ગંગાઓનું આદ્ય પ્રભવ–સ્થાન–પિયર–એક જ હોય છે. ભાષાનાં વળગણ પૂરાં થતાં વિશ્વમાં બધે એક જ મનુષ્યસ્વભાવ ને એક જ અનુભવ–સત્યની લીલા છતી થાય છે.

'આકૃતિ : ગુણાન્ કથયતિ' એ સંસ્કૃત ઉક્તિ તો હું અંગ્રેજી ધોરણ પાંચમામાં ભણતો હતો ત્યારે સાંભળેલી પણ આકૃતિની સ્પષ્ટ વિભાવનાનો ત્યારે ખ્યાલ નહીં, અને આજેય સ્પષ્ટ ખ્યાલ હોવાનો દાવો કરી શકતો નથી. કારણો કહું,

જૂની વાત છે–લગભગ અર્ધી–સદી પુરાણી. એક પ્રોફેસરને ગેરકાયદે શરાબની શીશી લઈ જતાં એક્સાઈઝ પોલીસે પકડ્યા. પૂછ્યું: 'તમે કોણ છો ?' જવાબ મળ્યો : 'ફલાણી કૉલેજમાં હું માનસશાસ્ત્રનો પ્રોફેસર છું.' પોલીસે મુખ પર આશ્ચર્ય સાથે હાથમાં લહેકો કરતાં કહ્યું: 'તમારાં 'દકન' પ્રોફેસર જેવાં લાગતાં નથી.

x x x

વડાપ્રધાન પંડિત જવાહરલાલને વિદ્યાનગરમાં સાંભળી આણંદની એક દુકાનમાં કૈંક ખરીદી કાજે પેસતાં જ દુકાનદારે આવકાર આપતાં કહ્યું: 'પધારો સાહેબ', મેં કહ્યું : 'અરે ભલાભાઈ ! હું સાહેબ નથી, નોકર છું.' વેપારી કહે, એમ તે હોય સાહેબ ! બનાવટ શા માટે કરો છો ? મેં કહ્યું: 'જો ભાઈ, તારા ધંધાને અર્થે તું મને સાહેબ કહીશ એથી હું કંઈ ફુલાઈ જવાનો નથી, બાકી સાચું કહું તો હું તો કૉલેજમાં માસ્તર છું.' વેપારી કહે: 'પ્રોફેસર ને ? એ તો 'આકૃતિ ગુણાનુ-કથયતિ'. રૂપિયા–આના–પાઈમાં બોલવાને બદલે તે સંસ્કૃત સુભાષિત દ્વારા સંભાષણ કરવા લાગ્યો એટલે મેં કહ્યું: 'જોષી [illegible] કર્મથી, પણ બ્રાહ્મણ તો છું જ.'

x x x

અંગ્રેજી ધોરણ પાંચમામાં સાંભળેલું આ વાક્ય તે કાળે તો વાચ્યાર્થ પૂરતું સીમિત હતું પણ વર્ષો બાદ એક દુકાનદારને મુખેથી સાંભળતાં તે સંબંધે અનેક વિચારો મગજમાં ઉમટ્યા. અવસ્થા, અભ્યાસ, અનુભવ ને અવલોકન એક જ વસ્તુને તેના અનેકવિધ અર્થના કેવા કેવા પ્રકાશમાં જુએ છે.

ઉપર વર્ણવેલા બંને ય સાચા પ્રસંગોમાં મેં 'દકન' ને 'આકૃતિ' ને મોટા ટાઈપમાં મૂક્યા છે. 'દકન', 'દિદાર' 'સિકલ', 'આકૃતિ'–આ બધા શબ્દો 'સોળે સોળ આની' પર્યાય નથી. એ સાચું, તો પણ અમુક હદ સુધી તો તે એક જ અર્થના દ્યોતક છે. પેલા એક્સાઈઝ પોલીસે 'દકન' શબ્દ વાપર્યો, તે જ અર્થમાં પેલા બ્રાહ્મણ વેપારીએ 'આકૃતિ' શબ્દ વાપર્યો. મતલબ કે 'દિદાર' ને 'આકૃતિ' એટલે નખથી શિખ સુધીમાં શરીર–ઉઠાવ અને 'દકન', 'સિકલ', ચહેરો–એટલે ભાલપ્રદેશ, બે જડબાં ને 'દાઢી'–એમ એ ચાર અસ્થિમાં કેવળ આકાર પામતી મુખાકૃતિ–એમ નહીં પણ આપણે આ બધાં શબ્દોને તેના સાચા ને વિશાળ અર્થમાં સમજવાના છે. બાકી જો આકૃતિ જ ગુણોનું કથન કરતી હોય તો, દુનિયાના પ્રથમ સત્યાગ્રહી સોક્રેટિસ માટે શું કહેવું ? એની આકૃતિ જરાય સુંદર નહોતી. અર્વાચીનોમાં વાત કરીએ તો સ્વામી આનંદે આલેખેલું સાને ગુરુજીનું આ શબ્દચિત્ર જુઓ–૩૦,૩૨ વરસની ઉમ્મર, ઠીંગણો, મરેઠી બાંધો, ને રોતલ દયામણા ચહેરા પર વૈષ્ણવ બૈરાંઓની વેવલી ઘેલછા, પણ આંખો તેજ તેજનાં અંબાર ! વેધક બુદ્ધિમત્તા જાણે ડોળામાં સમાય નહિ. હું અવાક્ બની ગયો. આંખ–ચહેરા વચ્ચે આવડો ફેર ! મનમાં થયું, આ કઈ કોટિનું પ્રાણી હશે ! પ્રાણીનું નામ હતું સાને ગુરુજી.' આજકાલ મીચ આલ્બોમ (Mitch Albom) ના પુસ્તક 'Tuesday with Morrie'એ જે ધૂમ મચાવી છે..જગતની અનેક ભાષાઓમાં એનો અનુવાદ થયો છે એવી જ ધૂમ સાને ગુરુજીના પુસ્તક 'શ્યામચી આઈ'એ મચાવેલી...પણ એમની આંખો ને ચહેરા વચ્ચે આભ–જમીનનો ફેર ! અલબત્ત, આંખો એ અંતરની–આત્માની આરસી સમાન છે પણ ગુણોનું નિદર્શન કરતી આકૃતિનું શું ?

નવલકથામાં કેટલાંક ગુણવાંચક વિશેષ–નામો ને તેમના બાહ્ય દેખાવ ને આંતરવર્તનના અભ્યાસ ઉપરથી પણ 'આકૃતિ : ગુણાન કથયતિ' એ સૂત્ર સિદ્ધાંતમાં પણ કેટલું બધું સાચું છે તેનો સ્પષ્ટ ખ્યાલ આવે છે. જો કે અસાધારણ ને લબ્ધપ્રતિષ્ઠ કલાકારોની સિસૃક્ષાશક્તિ–વૃત્તિનો ઉદ્રેક ગમે તેટલો ઉદ્દામ હોય ને એમના અતિ બહોળા અનુભવ વ્યાપમાંથી એ ગમે તેટલાં વ્યાવર્તકુલ ક્ષણોવાળાં પાત્રો સર્જે તો પણ સર્જનની અમુક કક્ષાએ એકવિધતાનો દોષ આવ્યા વિના રહેશે નહીં. એકમાત્ર વિશ્વકર્મા જ એવા અપ્રતિમ કલાકાર છે કે જેનાં વિપુલ સર્જનોનાં એ એકવિધતાના દોષને સ્હેજ સાજ પણ અવકાશ નથી. ઘણીવાર ઘણાં પશુ જેવાં માનવી ને માનવી જેવાં પશુઓની વિપુલ ને વિવિધ ચહેરાસૃષ્ટિ જોતાં ઉક્ત કથન સત્ય લાગશે !

એકવાર કૉલેજના 'સોશિયલ ગેધરીંગ' વખતે ફીશ પોન્ડ (Fish--Pond) ના કાર્યક્રમમાં, ખાસ કરીને કૉલેજની વિદ્યાર્થિનીઓએ મને મારા 'સોગિયા' ચહેરા ઉપરથી 'કેસ્ટર ઓઈલ'ની શીશી ભેટ [illegible]

શ્વાન, ગર્દભ, કાગડા, હાથી, ઊંટ, સર્પના ચહેરા જોવાનો મારો રસ ખૂબ જ વધી ગયો છે. ત્યારથી મેં એક પ્રકારની 'અદૃષ્ટિ દર્શન' કરવાની કલા ખીલવી છે. આ કલાએ જ્યારે બે–ત્રણ વાર દગો દીધો છે ત્યારે જે તે સ્ત્રી–પુરૂષોએ, બાઘાની માફક તાકી તાકીને અહીં શું તારા બાપનું કપાળ જુએ છે ? એમ કહીને તતડાવી પણ નાખ્યો છે. કર્ણના અસ્ત્રશસ્ત્રની માફક આ કલા પણ ખરે તાકડે દગો દેનારી નીવડી છે ! એ ગમે તેમ, પણ એક વાત તો સાચી કે ચહેરો, મુખ, આકૃતિ એ અંતરનું સાચું દર્પણ–આભલું છે. અંતરની શુદ્ધિ આંખોમાં–આકૃતિમાં પ્રતિબિંબિત થયા વિના રહી શકતી જ નથી. અંતરના સાત્ત્વિક, રાજસી કે તામીસ ભાવો મુખકમલ કે મુખફલક પર ચિત્રિત થાય એ સાવ સ્વાભાવિક છે. 'હેત હોય તો આંખોમાં ઊભરાય જો', 'નયણામાં નેહ હસન્ત' કે 'જેવો બત્તીમાં પ્રકાશ ઝળકે રે, તેવો સુંદરી–નયનમાં રવિ રસ ચમકે રે'–એ કવિઓની કેવળ હવાઈ કલ્પનાઓ નથી પણ વાસ્તવિક અનુભવ જગતનું નર્યું સત્ય છે. હા, એ વાત ખરી કે આંખમાં ને મુખની આકૃતિ ઉપર અંતર ચીતરાય છે, પણ એ એની સ્વાભાવિક સ્થિતિમાં જ્યારે વ્યક્તિના અંતરમનના વ્યાપારો સભાનપૂર્વક ને સજાગ રીતે ચાલતા હોય છે ત્યારે છેતરાવાનો ભય ખરો, પણ માણસ ધારે તો પણ દીર્ઘકાળ માટે આંતર વિચારભાવ ને મુખ પરના તેના પ્રદર્શનના વ્યભિચાર–એ વંચના ચલાવી શકતો જ નથી. સાચા માનસશાસ્ત્રીઓ ને મનુષ્ય સ્વભાવના અઠંગ અભ્યાસીઓની નજરમાં 'અસલ' ને 'નકલી', 'સહજ' ને 'કૃત્રિમ'નાં વર્ગીકરણો આપોઆપ થઈ જાય છે.

એક જમાનો બાળકોને સેતાન ગણતો. મેડમ મોન્ટેસોરી ને 'બાળકોની મૂછાળી મા', ગિજુભાઇએ તેને 'દેવનો દીધેલ' ને 'પ્રભુનો પયગંબર' પૂરવાર કર્યો. સામાન્ય રીતે બાળ ચહેરા પર નિર્દોષતા, મધુરતા ને કોમળતાના ભાવ ભર્યા હોય છે. ૧૩ થી ૧૮ યૌવનનો અરુણકાળ લ્યો કે ૧૮ થી ૨૫ યૌવનનો પ્રાતઃકાળ લ્યો, ૨૫ થી ૩૫ યૌવનનો મધ્યાહ્ન લ્યો કે ૪૦ થી ૫૫ યૌવનનો સંધ્યાકાળ લ્યો–એ અવસ્થાની લીલા આકૃતિનાં પરિવર્તનોમાં અભિવ્યક્ત થાય છે ને એ આકૃતિઓમાં અવસ્થાને અનુરૂપ ભાવ પરિવર્તન પામે છે. બુકાની કે બુરખામાં કેવા કેવા ક્રૂર, ઘાતકી સ્વભાવ ને સૌંદર્ય કે કુરૂપતા છૂપાયેલાં રહે છે ! એ બંને મૂલ વ્યક્તિત્વને છૂપાવનારાં સાધન છે એ વસ્તુનો આકાર અને ગુણનો અવિનાભાવી સંબંધ પૂરવાર કરે છે એટલું જ નહીં પણ દૃઢીભૂત કરે છે.

'બિલ્લી વાઘ તણી માસી જોઈને ઉંદર જાય નાસી' એમ કવિએ જ્યારે બિલ્લીને વાઘની માસી કહી ત્યારે તેણે કઈ પ્રાણી વિદ્યાનું અધ્યયન કર્યું નહીં હોય, પણ પ્રાણી વિદ્યાના નિષ્ણાંતો જ્યારે એનું વર્ગીકરણ કરે છે ત્યારે બિલ્લીનો વાઘની માસીનો કવિતાઈ સંબંધ ખુદ વિજ્ઞાન પણ ખોટો પૂરવાર કરતું નથી. આમ આકૃતિ એ પણ મનુષ્યને પારખવાનું પ્રધાન સાધન છે. માનવ આકૃતિશાસ્ત્ર એ પણ મહત્ત્વની વિદ્યા છે. આજે નૃવંશશાસ્ત્રના એવા કેટલાક વિધાનો હશે કે જે કેવળ મસ્તક જોઈને જ તે કઈ પ્રજાનો માણસ છે તે પણ કહી આપે. મસ્તક શાસ્ત્રનો વિકાસ નોંધપાત્ર થયો છે. મગજનો વિકાસ, મગજ ને ખોપરીનો સંબંધ, તે ઉપરથી તેનાં માપ, ઘાટ, રૂપ, મગજનું વજન, તે પરથી કાઢેલો બુદ્ધિઆંક (આઈ. ક્યૂ) આમ સર્વજ્ઞાન અમુક હદે સિદ્ધ થયું છે.

વિશાળ ભાલ ઘણીવાર તેજસ્વી બુદ્ધિનું રમણક્ષેત્ર હોય છે, જો કે કોઈકવાર એ 'ખુલ્લી અગાશી'માંથી પ્રજ્ઞાનું પંખેરુ ઊડી પણ ગયું હોય છે ! 'ટાલિયા નર કો દુઃખી' કહેવતની સામી બાજુએ કાળીમજૂરી ને જટિલ જીવનસંગ્રામમાં સંસારના ટપલા ખાઈ ખાઈ ટાલ પડેલ અનેક દુઃખી જીવડાઓનાં દૃશ્ય પણ વિરલ નથી હોતાં. કોઈ જોષીના કહેવા મુજબ શ્રી ઉમાશંકરના નાકને ટેરવે જો તલ હોત તો તે કોઈ રાજ્યના દીવાન થાત ! ગુજરાતી સાહિત્યના સદ્‌ભાગ્યે એવો કોઈ તેલવાળો તલ નથી, બાકી રાજાશાહીના

સદ્‌ભાગ્યે એવો કોઈ તેલવાળો તલ નથી, બાકી રાજાશાહીના

અંતકાળે પણ જ્યાં એક તલ પર સમરકં–બુખારા ન્યોચ્છાવર થતાં હોય ત્યાં દીવાનગીરી ન મળે તે ક્યાંની વાત ? મતલબ કે ઘાટીલી આકૃતિમાંથી જેમ રૂપ ઉપસે છે તેમજ એ આકૃતિનાં અમુક લક્ષણો ઉપરથી મનુષ્યનાં કેટલાંક લક્ષણો પણ કહી શકાય. આકૃતિશાસ્ત્રના નિષ્ણાંતો ને કેંક અંશે જોષીઓ આનો વ્યવહારમાં ઠીક ઠીક લાભ ઉઠાવે છે.

વર્ષો પૂર્વે મેં અંગ્રેજી ધોરણ ત્રીજામાં, 'કરણઘેલો' સંબંધે એક 'ઘેલો' પ્રશ્ન પૂછેલો. પ્રશ્ન આ પ્રમાણે હતો. 'કરણ રાજાને બધા 'ઘેલો' કેમ કહેતા ? કેટલાકે તેને અભિમાની ને લંપટ હતો એમ કહી 'ઘેલો' ઠરાવવા પ્રયત્ન કરેલો. એક વિદ્યાર્થીનો જવાબ આ પ્રમાણે હતો. 'કરણ ઘેલો હતો, કારણ કે એનું મુખ ગોળ હતું.' કોઈપણ મોં–માથા વિનાનો તેનો જવાબ મને તો તે વખતે વિચિત્ર ને ઘેલો લાગેલો ને તેના 'ત્રીજા માળ' સંબંધે પણ હું શંકાશીલ બન્યો હતો. આજે મને તેનો જવાબ ગૂઢ અર્થની ખૂબી વાળો લાગે છે. સ્વની કે પરની ખૂબીઓ કે ખામીઓનો આધાર આપણી સૂઝ પર હોય છે !

નિરીક્ષણ કરતાં જણાશે કે મુખ્યત્વે કરીને ગોળ ચહેરા એ બાળકો અને સ્ત્રીઓની આગવી વિશિષ્ટતા છે. પુરુષોમાં એકદમ ગોળ ચહેરા એ વિરલ દૃશ્ય છે અને 'સ્ત્રીઓની બુદ્ધિ પગની પ્હાનીએ' એ સમાજના અનુભવ સૂત્રને કામ લગાડો. બાળકોનું મગજ અવિકસિત, એટલે ત્યાં પણ બુદ્ધિનો દુકાળ. આમ થવાનું મુખ્ય કારણ તેમના ગોલ ચહેરા સિવાય બીજું શું હોઈ શકે.' કરણ રાજાને પણ સ્ત્રીઓ ને બાળકોની માફક એવો ચહેરો હતો એટલે જ સ્ત્રી–બાળકોની માફક, તે પુરુષ હોવા છતાં પણ, ગોળ ચહેરાને કારણે તેનામાં અક્કલની માત્રા અલ્પ હતી ને અક્કલ બાઝખાંઓ જેમનામાં અક્કલ ઓછી હોય તેને 'ઘેલો' ન કહે તો શું 'ગાંડો' કહે ?

ચહેરો એ જેમ, મનુષ્યને પિછાનવાનું પ્રધાન સાધન છે તેમ તેના સ્વભાવની પરખમાં પણ તે પ્રધાન ભાગ ભજવે છે. નવલમાં પાત્રનો સ્વભાવ, મન, વચન અને કર્મ-અથવા તો મનન, ચિંતન ને ક્રિયા–એ ત્રણ પરથી પારખી શકાય છે. રામાયણ કે મહાભારતનાં પાત્રો જેવાં ને જેટલાં કર્મો કરી શકે છે તેવાં અને તેટલાં કર્મો આધુનિક નવલોમાં–વાર્તાઓમાં શક્ય નથી. એટલા માટે ક્રિયા કરતાં વર્ણનો ને મનનનો ઉપયોગ કરવો પડે છે. કેટલાક લેખકો પાત્રોનાં, શરીરનાં અને વસ્ત્રોનાં અનુકરણ કરે છે. તે કોઈ વખત કેવળ વર્ણન ખાતર વર્ણન હોય છે.' કોઈ વખત પાત્રને પ્રત્યક્ષ કરવા અને કોઈ વખત તેનો સ્વભાવ દર્શાવવા હોય છે. શ્રી ક. મા. મુનશીની ઐતિહાસિક નવલકથાઓમાં વારંવાર દૃઢાગ્રહથી બીડેલા હોઠનું વર્ણન આવે છે. ઘણી વખત મુખનું કે આંખનું વર્ણન તેઓ કરે છે. આ જાતના વર્ણનોની સફળતા અને સચ્ચાઈ માટે બેમત હોઈ શકે પણ વ્યવહારના કામકાજમાં એક માણસ બીજાનું અંતઃકરણ પોતાના અનુભવથી ઘણી વખત કળી જાય છે. વ્યવહારમાં આવા ઇંગિતોથી ઘણુંબધું કામ સરળ થાય છે, પણ ભાષા મારફતે ઇંગિત દર્શાવવું લગભગ દુર્ઘટ કાર્ય છે. પંચતંત્રકાર પણ મનુને ટાંકતાં કહે છે: 'આકાર ઇંગિત, ગતિ, ચેષ્ટા અને ભાષણથી તથા નેત્ર અને મુખનાં

વિકારોથી અંતર્ગત મનનો અભિપ્રાય જાણી શકાય છે.' અલબત્ત, કેટલાંક ઇંગિતો ખૂબ જ પ્રચલિત છે, પણ કેટલાંક ઇંગિતો એવાં સૂક્ષ્મ હોય છે, સંકુલ હોય છે, જ્યાં વૈખરી લથડી પડે છે ત્યારે એ વાણીની અપૂર્ણતાને કુશળ નટ પૂરી પાડે છે. આપણે બધા પણ આ સંસાર વ્યવહારની રંગભૂમિના કુશળ કે અકુશળ નટો જ છીએ ને ! મતલબ કે આકૃતિના અભિનયમાં આવાં અસરકારક ઇંગિતો મનુષ્ય સ્વભાવના સૂક્ષ્મમાં સૂક્ષ્મ ભાવો વ્યક્ત કરે છે.

આનું મુખ્ય કારણ એ છે કે લગભગ બધી જ ઇંદ્રિયોનાં દ્વાર ચહેરા પર આવેલાં છે. ચુંબન ચોડતા, પરિમલ શું સ્મિત વેરતા, પ્રેમ પાથરતા, આકર્ષણ જમાવતા કે આશ્વાસન આપતા, વાચા મંદિરના પ્રવેશદ્વાર જેવા હોઠમાં કેટલા બધા જાદુઈ ભાવ ભર્યા છે ! ભમર ભાંગતાં, તીરછી નજર થતાં ને નાકનું ટેરવું ચઢતાં રોષ ને ઘૃણાના ભાવનું નાટક મુખના તખ્તા પર કેવું ભજવાઈ જાય છે ! પવિત્રતાના પ્રતીક શી શરદ જલ જેવી ગાંધીજીની આંખો જોઈએ કે અધ્યાત્મ-ચિંતન-નિમગ્ન કોઈ યોગીની આંખો જોઈએ, પ્રેમી, પાગલ, મૂર્ખ, ખૂની, નપુંસક-ગમે તેની આંખો જોઈએ તો આપણને ત્યાં સાચું વ્યક્તિત્વ અંકિત થયેલું દેખાશે. જેવી વૃત્તિ તેવી કૃતિ, જેવી કૃતિ તેવી સ્થિતિ, જેવી આકૃતિ તેવી છબિ, તેવી જ રીતે જેવા અંતરભાવ, તેવી જ મુખરેખાઓ. વેદાંતની ગહન મીમાંસા લખતા શંકરાચાર્યની ભાવમૂર્તિ કલ્પો ને સરળ હૃદયે ગોવિંદને ભજવાનું ભક્તિ સ્તોત્ર રચતા-લલકારતા શંકરાચાર્યની આકૃતિ-રેખાઓ કલ્પો-મતલબ કે શોક, આનંદ આશ્ચર્ય, ક્રોધ, વિચાર, ધ્યાન, તર્ક, સમતા, સંવેદન, જડતા-આ અને આવી અનેક સર્વભાવ છબિઓ-આબાદ ને આચ્છી રીતે મુખફલક પર ચિત્રિત થાય છે. આપણું શરીર એ જીવતું જાગતું અવયવી છે. તેના અમુક અંગોના સાપેક્ષ વિકાસ પ્રમાણે વ્યક્તિનો વિકાસ સ્થંભિત થાય, કુંઠિત બાળકોના ચહેરાના વિકાસ પરથી બીનેટ, મોન્ટેસોરી ને અન્ય વિધાનોએ જે આંકડા કાઢ્યા છે તે માનવશાસ્ત્ર, માનસશાસ્ત્ર ને કેળવણીશાસ્ત્રના અભ્યાસીઓ કે રસિકો માટે અત્યંત મહત્ત્વના છે.

આકૃતિની ખોડ ખાંપણને કારણે લોક-અનુભવે તારવેલી કેટલીક કહેવતો અતિશયોક્તિભરી હોય છે વા આંશિક તથ્યવાળી હોય છે. એના પાયામાં કૈંક સત્ય તો હોય છે. દા.ત.:-

(૧) સાજામાં સાત બુદ્ધ, બાડામાં બુદ્ધ બાર,
કાણામાં કોડ બુદ્ધ, અંધા કરે વિચાર. બુદ્ધ એટલે ખોડ.

(૨) અકર જાનાં, મકર જાનાં, જાનાં હિંદુસ્તાન,
તીન જનકા સંગ ન કીજે, લંગડ, બુચક, કાના. કાના એટલે કાણો.

(૩) કાંણિયા નર કોક સાધુ, કોક દાતા માંજરા,
ખોપાડદંતા કોક મૂર્ખા, કોક નિર્ધન ટાલિયા.

(૪) ઠાંઠા ઠૂંઠા સિત્તેર ફંદી, માંજરા ફંદા એંશી,
ટૂંક ગરદનિયા હજાર ફંગી, કાણાનો હિસાબ નહીં.'

આ ઉપરાંત, બહોત લંબા બડા બેવકૂફ, ટૂંક ગરદનિયા મહાપાપી, કાણાં કેફિયતી, લંગડા હિકમતી, પગ મોટા તે અકર્મી શિર. મોટા તે સકર્મી, આવી અનેક લોકોક્તિઓ છે.

એકવાર મારો નાનો દીકરો 'સંજીવન' માસિકમાંથી ફોટા જોતો હતો. તેમાં એક દારૂના દૈત્યનો ફોટો જોઈ મારી પાસે દોડતો આવી કહેવા લાગ્યો, 'મોટાભાઈ ! જુઓ, જુઓ આ વાઘ તો જુઓ-જમડા જેવો.' હિંસા બળને પશુ રૂપે વ્યક્ત કરતાં ઘણાં ચિત્રો આપણે જોઈએ છીએ. ઘણા ખરા સમર્થ કલાકારો રાક્ષસી વૃત્તિઓને પશુ સરખી આલેખે છે. નૈતિક ને માનસિક વિકૃતિઓને શારીરિક વિકૃતિઓના માધ્યમ દ્વારા, વાચ્યાર્થ કે વ્યંગ્યાર્થ મારફતે આમ છતી કરવામાં આવે છે. આમ દેહ ને દેહીની પ્રગતિ કે અધોગતિ અવિનાભાવી સંબંધે કેવી તો સંકળાયેલી છે તેનો ખ્યાલ આ આકૃતિનું શાસ્ત્ર આપે છે. લેવ્યુટ ને મોરેલ તો ચોક્કસ માને છે કે વ્યક્તિની નીતિનો ને તેના શરીરનો અભ્યાસ અન્યોન્યનો પૂરક ને ઉભય અપેક્ષિત છે. મતલબ કે આકૃતિની કુરુપતા એ નીતિની કુરુપતાની સૂચક છે ને આકૃતિનું સૌષ્ઠવ નીતિની સાપેક્ષ ને સહજ પ્રગતિ દર્શાવે છે; એટલે જ 'आकृतिः गुणान् कथयति' એ જનસમાજે રચેલા મનુષ્ય સ્વભાવના ઉપનિષદનું સૂત્ર છે. ❖❖❖

# પૂ. શ્રી આનંદઘનજી મહારાજ રચિત-શ્રી વાસુપૂજ્ય જિન-સ્તવન

☐ સુમનભાઈ એમ. શાહ

શ્રી આનંદઘનજીએ પ્રસ્તુત સ્તવનમાં નિશ્ચય અને વ્યવહાર દૃષ્ટિથી દર્શન-જ્ઞાનમય ચેતનાની વિચારણા કરેલી છે. નિશ્ચયદૃષ્ટિએ અથવા શુદ્ધ-સ્વરૂપે આત્મા નિરાકાર, અભેદ અને ચેતનામય છે. વ્યવહારદૃષ્ટિએ આત્મા શરીર-વ્યાપી, સાકાર અને કર્મનો કર્તા-ભોક્તા છે. બીજી રીતે જોઇએ તો આત્માનું શુદ્ધ સ્વરૂપ નિરાકાર અને અભેદ છે, જે દર્શનગુણનું પરિણમન છે, જ્યારે જ્ઞાનગુણમાં જીવનું સ્વરૂપ સાકાર, ભેદસહિત અને કર્મનો કર્તા-ભોક્તા છે. માનવને પોતાનું દરઅસલ સ્વરૂપ ઓળખવા માટે પ્રસ્તુત સ્તવન અત્યંત ઉપકારી જણાય છે. હવે સ્તવનનો ગાથાવાર ભાવાર્થ જોઇએ.

**વાસુપૂજ્ય જિન ત્રિભુવન સ્વામી, ઘનનામી પરનામી રે;**
**નિરાકાર સાકાર સચેતન, કરમ કરમફલ કામી રે...૧**

શ્રી વાસુપૂજ્ય જિનેશ્વરની નામના ત્રણે લોકમાં સુખ્યાત છે, અથવા તેઓની પ્રતિષ્ઠા ત્રણે લોકમાં ફેલાયેલી છે. તેઓ અતિદુર્લભ એવા તીર્થંકરપદને વરેલા છે, અથવા તેઓ સર્વશ્રેષ્ઠ પરિણામ પામેલા છે. શ્રી તીર્થંકર પ્રભુનું નિશ્ચયદૃષ્ટિએ સ્વરૂપ નિરાકાર કે અરૂપી છે, જ્યારે તેઓ શરીર સહિત હોવાથી તેમનું વ્યવહારદૃષ્ટિએ સ્વરૂપ સાકારી છે. તેઓની જ્ઞાન-દર્શનમય શુદ્ધચેતનાનું આવું અદ્‌ભુત સ્વરૂપ છે.

આવા સર્વજ્ઞદેવ જો સાધકના હૃદયમંદિરમાં અંતર્‌પ્રતિષ્ઠિત થાય તો, તેઓના સ્વામીત્વમાં સાધક સાકારપણામાં રહી સદ્‌ગુરુની નિશ્રામાં સંવરપૂર્વકની નિર્જરા કરતાં આત્મકલ્યાણ સાધે. પરંતુ આથી ઉલ્ટું જે જીવ દેહાવસ્થાને પોતાની માની લઈ 'હું અને મારાપણા'ના વિભાવો કરે તો તેને ઉત્તરોત્તર કર્મબંધ અને કર્મફલની પરંપરા સર્જાતી રહે, જેથી તે ચારગતિમાં પરિભ્રમણ કરતો રહે.

**નિરાકાર અભેદ સંગ્રાહક, ભેદ ગ્રાહક સાકારો રે;**
**દર્શન-જ્ઞાન દુભેદ ચેતના, વસ્તુ ગ્રહણ વ્યાપારો રે...૨**

પ્રસ્તુત ગાથામાં સ્તવનકારે આત્મિક દર્શન અને જ્ઞાનગુણનું પરિણમન કે જોવા-જાણવારૂપ પ્રક્રિયા સ્યાદ્‌વાદ રીતે પ્રકાશિત કરેલી જણાય છે, જેનું અર્થઘટન નીચે મુજબ થઈ શકે છે.

સદેહે ઉદયપૂર્વક વિહરમાન શ્રી અરિહંત પરમાત્માની દર્શન-જ્ઞાનમય ચેતનાના ઉપયોગનું પરિણમન બે પ્રકારનું હોય છે. તેઓની કાયમી આંતરિક સ્થિરતા નિરાકાર (અરૂપી) અને અભેદ સ્વરૂપે

નિરંતર વર્તતી હોય છે, જે સામાન્ય ઉપયોગરૂપ દર્શનગુણનું પરિણમન છે. આ અપેક્ષાએ તેઓને સ્તવનકારે નિરાકાર-અભેદ સંગ્રાહક તરીકે સંબોધ્યા છે, કારણ કે નિશ્ચયદૃષ્ટિએ દરેક જીવમાં રહેલ ચેતનતત્ત્વનું આ મૂળ સ્વરૂપ કે સ્વભાવ છે.

શ્રી અરિહંત પરમાત્માને જ્યારે વિશેષપણે જાણવાનો ઉપયોગ વર્તે છે અથવા જ્ઞાનગુણનું પરિણમન થાય છે, ત્યારે તેઓને જીવ-અજીવ, જડ-ચેતન વગેરેમાં રહેલી ભિન્નતા કે ભેદ સાકારપણામાં વર્તે છે. શ્રી તીર્થંકર પ્રભુ જ્યારે દેશનારૂપ બોધ સ્યાદ્વાદ રીતે જગતના જીવોના આત્મકલ્યાણાર્થે પ્રરૂપે છે ત્યારે તેઓ જીવ-અજીવ કે જડ-ચેતનનો યથાયોગ્ય ભેદ કે મર્મ પ્રકાશિત કરે છે, જે જ્ઞાનગુણનું પરિણમન છે. આ અપેક્ષાએ સ્તવનકારે તેઓને સાકાર-ભેદ ગ્રાહક તરીકે સંબોધ્યા છે, જે વ્યવહારદૃષ્ટિએ સુયોગ્ય છે.

આમ દર્શન-જ્ઞાનમય ચેતનાનું સ્વરૂપ અથવા વસ્તુ-ગ્રહણના વ્યાપારનો દરઅસલ મર્મ નીચે મુજબ પ્રકાશિત થાય છે.

૧. સામાન્ય ઉપયોગરૂપ દર્શનગુણમાં આત્માનું શુદ્ધ સ્વરૂપ નિશ્ચયદૃષ્ટિએ નિરાકારી અને અભેદ હોય છે.

૨. વિશેષ ઉપયોગરૂપ જ્ઞાનગુણમાં જીવનું સ્વરૂપ વ્યવહારદૃષ્ટિએ સાકારી અને ભેદપણે હોય છે.

**કર્તા પરિણામી પરિણામો, કર્મ જે જીવે કરીએ રે;**
**એક અનેક રૂપ નયવાદે, નિયતે નર અનુસરીએ રે...૩**
**દુઃખ-સુખરૂપ કરમફલ જાણો, નિશ્ચય એક આનંદો રે;**
**ચેતનતા પરિણામ ન ચૂકે, ચેતન કહે જિનચંદો રે...૪**

ઉપરની ગાથાઓમાં સ્તવનકારે જીવદ્રવ્યમાં રહેલ કર્તૃત્વ-ભોક્તૃત્વ સ્વભાવનું સ્વરૂપ કે ચેતનાનું પરિણમન વિવિધ પ્રકારે સ્યાદ્વાદ રીતે પ્રકાશિત કર્યું છે.

નિશ્ચયદૃષ્ટિએ આત્મા પોતાના નિજગુણ અને સ્વભાવનો કર્તા-ભોક્તા છે, જે તેની શુદ્ધતા વ્યક્ત કરે છે. એટલે આત્મા જ્યારે પોતાની શુદ્ધ દશામાં પરિણમે છે, ત્યારે તે સનાતન-સુખ અને સહજાનંદનો ભોક્તા થાય છે. બીજી રીતે જોઇએ તો જીવ જ્યારે પોતાના સહજ-સ્વભાવમાં વર્તે છે ત્યારે તે આત્મિક જ્ઞાન-દર્શનાદિ ગુણોના પરિણામો ભોગવે છે અથવા તેને આત્માનુભવ વર્તે છે.

જીવ વ્યવહારદૃષ્ટિએ ભાવકર્મ-નોકર્મ-દ્રવ્યકર્માદિનો કર્તા છે અને તેના પરિણામરૂપે તે ચારગતિમાં સુખ-દુઃખાદિ કુદરતી નિયમાનુસાર ભોગવે છે. એટલે જીવ જ્યારે મિથ્યાત્વ (અજ્ઞાન), અવિરતિ, કષાય, પ્રમાદાદિ કર્મબંધ થવાનાં કારણો સેવે છે ત્યારે તે યથાસમયે કર્મફલ સુખ-દુઃખાદિરૂપે ભોગવે છે. આમ વ્યવહારદૃષ્ટિથી જીવનો સ્વભાવ પરિણમનશીલ હોવાથી, પ્રાપ્ત-સંજોગોમાં તે તન્મય કે ઓતપ્રોત થાય છે, જેથી તે કર્મનો કર્તા-ભોક્તા થાય છે.

સઘળા સાંસારિક જીવોમાં રહેલા શાશ્વત ચેતન-તત્ત્વ સત્તા અને શક્તિએ કરીને એક-સરખા કાયમી ગુણો ધરાવે છે એવું જ્ઞાનીપુરુષોનું કથન છે. આ અપેક્ષાએ દરેક જીવમાં એકપણું કે અભેદપણું નિશ્ચયદૃષ્ટિએ રહેલું છે એવું કહી શકાય. પરંતુ દરેક જીવ સ્વતંત્ર હોવાથી અને તેની વર્તમાનદશા અલગ-અલગ હોવાથી તેનામાં વ્યવહારદૃષ્ટિએ અનેકપણું કે ભિન્નપણું રહેલું છે.

આમ જીવ જો પોતાના દરઅસલ સ્વભાવમાં વર્તે તો તે સહજાનંદ ભોગવે અને વિભાવમાં વર્તે તો તે સુખ-દુઃખાદિ અનુભવે. સ્તવનકારે 'ચેતનતા પરિણામ ન ચૂકે' એવું દર્શાવ્યું છે, એનું મુખ્ય કારણ જીવતત્ત્વમાં રહેલી ચૈતન્યતા છે. જીવનું આવું સ્વરૂપ સ્યાદ્વાદ રીતે જ્ઞાની-ભગવંતોએ પ્રરૂપ્યું છે.

ઉપર મુજબની સૈદ્ધાંતિક હકીકતો જે સાધકને ગુરુગમે પ્રકાશિત થાય છે, તેને કર્મબંધ-કર્મફલની પરંપરામાંથી છૂટવાની રુચિ પેદા થાય છે. ઉત્તરોત્તર આવા ભવ્યજીવને આત્માના જ અનુશાસનમાં વર્તવાનો નિશ્ચય થાય છે, જેથી તેને કર્મફલની નિર્જરા સંવરપૂર્વકની થાય છે.

**પરિણામી ચેતન પરિણામો, જ્ઞાન કરમફલ ભાવી રે;**
**જ્ઞાન કરમફલ ચેતન કહીએ, લેજો તેહ મનાવી રે...૫**

એ તો અખંડ સિદ્ધાંત છે કે જીવ જેવા ભાવ કરે છે, તે મુજબ જ તે કુદરતી નિયમાનુસાર ફળ ભોગવે છે. બીજી રીતે જોઇએ તો આત્માનો સ્વભાવ કલ્પ-સ્વરૂપ છે, એટલે જીવ જેવું કલ્પે તેવો યથાસમયે કુદરતી નિયમાનુસાર થાય. દા. ત. જીવ જો કર્મફલ ભોગવતી વખતે 'હું અને મારું' એવો કર્તાભાવરૂપ વિભાવ સેવે તો તેનું અચૂક ફળ તેને સુખ-દુઃખાદિરૂપે ચારગતિના પરિણમનમાં ભોગવવું પડે. પરંતુ જીવને પૂર્વકૃત કર્મ ભોગવતી વખતે દેહાદિથી ભિન્નપણાનું ભાન અને નિશ્ચય વર્તે તો તેને નવાં કર્મબંધ-કર્મફળ અટકી જાય અથવા તેને સંવરપૂર્વકની નિર્જરા થાય. ટૂંકમાં 'હું દેહાદિથી ભિન્ન આત્મા છું, ઉપયોગી સદા અવિનાશ' એવા નિશ્ચયને 'જ્ઞાન' કહી શકાય એવો જ્ઞાનીપુરુષનો અભિપ્રાય છે. આવી સમજણને આત્મસાત્ કરી તેમાં વર્તના કરવાની મુક્તિમાર્ગના સાધકોને સ્તવનકારની ભલામણ છે.

જે ભવ્યજીવને સંસારના પરિભ્રમણમાંથી છૂટવાની તીવ્ર જિજ્ઞાસા વર્તે છે, તે કોઈ એવા સત્પુરુષની શોધખોળ કરે છે કે જે પોતે જીવનમુક્ત આંતરિક દશા અનુભવતા હોય અને જેમનામાં અન્યને તેવી દશા પમાડવાની ક્ષમતા હોય. આવા સત્પુરુષના સાન્નિધ્યમાં સાધકને જીવ-અજીવ કે દેહ-આત્માની ભિન્નતાનો યથાર્થ ભેદ પડે. જીવને આવું ભેદ-જ્ઞાન વર્તતું હોવાથી તે પ્રાપ્ત સંજોગોમાં ઓતપ્રોત થતો નથી. સાધકની આવી ઉપાસનાથી તે મુક્તિમાર્ગનો છેવટે અધિકારી નીવડે છે.

**આતમજ્ઞાની શ્રમણ કહાવે, બીજા તો દ્રવ્યલિંગી રે;**
**વસ્તુગતે જે વસ્તુ પ્રકાશે, આનંદઘન મત સંગી રે...૬**

જે ભવ્યજીવને જડ અને ચેતનમાં રહેલી ભિન્નતાની જેમ છે તેમ સમજણ ગુરુગમે પ્રગટ થઈ છે, જેનો નિશ્ચય માત્ર આત્માના અનુશાસનમાં વર્તવાનો છે અને જે આત્મદશા સાધે છે, તેને જ ખરેખર શ્રમણ કહી શકાય. આ સિવાયના અન્ય તો માત્ર વેશધારી કે દ્રવ્યલિંગી છે. એટલે જે બાહ્ય દેખાવમાં સાધુ છે, પરંતુ જેઓને આત્મા-અનાત્માનો ભેદ પડ્યો નથી અને વિષય-કષાયમાં મંદતા આવી નથી તે તો નામમાત્રના સાધુ છે. પરંતુ ખરેખરો શ્રમણ પોતાના આત્માનુભવના આધારે વસ્તુને યથા સ્વરૂપે પ્રગટ કે પ્રકાશિત કરી શકે. આવા સાધુ આનંદઘન મતના પ્રેમધારી છે અથવા ખરેખર આત્માનંદ માણનાર છે એવું કહી શકાય.

Printed & Published by Nirubahen S. Shah on behalf of Shri Mumbai Jain Yuvak Sangh and Printed at Fakhri Printing Works, 312/A, Byculla Service Industrial Estate, Dadaji Konddev Cross Road, Byculla, Mumbai-400 027. And Published at 385, SVP Rd., Mumbai-400004. Temparary Add. : 33, Mohamadi Minar, 14th Khetwadi, Mumbai-400004. Tel.: 23820296. Editor: Ramanlal C. Shah.

Regd. With Registrar of Newspapers for India No. R. N. I. 6067/57
Posted at Patrika Channel sorting office Mumbai-400 001 Licence to post without prepayment No. 271
● વર્ષ : (૫૦) + ૧૬ ● અંક : ૧૧ ● ૧૬ નવેમ્બર, ૨૦૦૫ ● ● Regd. No. TECH / 47-890 / MBI / 2003-2005

● શ્રી મુંબઈ જૈન યુવક સંઘનું માસિક મુખપત્ર ● ● ●

# પ્રબુદ્ધ જીવન

● ● પ્રબુદ્ધ જીવન પાક્ષિક ૧૯૩૯થી ૧૯૮૯ : ૫૦ વર્ષ ● ● વાર્ષિક લવાજમ રૂા.૧૦૦/- ● ● છૂટક નકલ રૂા. ૧૦/- ● ●

તંત્રી : ધનવંત તિ. શાહ

## ઋષિ તુલ્ય વ્યક્તિત્વ આપણા રમણભાઈ

**ડૉ. રમણલાલ ચી. શાહ તા. ૨૪-૧૦-૨૦૦૫ના પ્રાતઃકાળે શાંત થયા.**
**પૂ. રમણભાઈ શાહ તા. ૨૪-૧૦-૨૦૦૫ના બ્રહ્મ મુહૂર્તે અરિહંતશરણ થયા.**
**પરમ પૂજ્ય રમણભાઈ તા. ૨૪-૧૦-૨૦૦૫ના ૩-૫૦ના પરમ શાંતિ પામ્યા.**

શુંશું સંભારું ? ને શી શી પૂજું પૂણ્ય વિભૂતિ યે ?
પુણ્યાત્માનાં ઊંડાણો તો આભ જેવાં અગાધ છે.

**–કવિ ન્હાનાલાલ**

વિધિની કેવી વિચિત્રતા ! 'પ્રબુદ્ધ જીવન'ના છેલ્લા બે અંકમાં બે મહાનુભાવોને શ્રદ્ધાંજલિ આપતા આપણા પૂ. રમણભાઈએ લેખો લખ્યા, પછી આજે મારે એઓશ્રી વિશે જ શ્રદ્ધાંજલિ લેખ લખવો પડે છે! ત્રણ પળ, ત્રણ કલાક, ત્રણ દિવસ, કે ત્રણ મહિના, ને ત્રણં લોક, જાણે એઓશ્રીને જ ત્રણનો આંકડો પૂરો કરવો હોય. ભૂત અને વર્તમાનકાળના તો એઓ જ્ઞાતા હતા જ, પણ જ્ઞાન સમૃદ્ધે ભવિષ્યકાળના જ્ઞાન તરફ એમની ગતિ હતી જ.

આજથી બે મહિના પૂર્વે એઓશ્રીએ મને કહેલું કે 'હવે ડિસેમ્બર પછી તંત્રી લેખ તમારે લખવાનો છે,' આમ મને ધીરે ધીરે બધું સોંપતા ગયા, તે આ વખતની પર્યુષણ વ્યાખ્યાનમાળા સુધી. એઓ 'જાણી' ગયા હતા, એટલે જ ધીરે ધીરે બધું છોડતા ગયા હતા. પાર્થિવ અને અપાર્થિવ.

ચારેક મહિના પહેલાં સંઘે નિર્ણય કર્યો કે રમણભાઈના વિપુલ સાહિત્ય ભંડારમાંથી કેટલાંક લેખો પસંદ કરી જુદા જુદા વિષય ઉપર પાંચ ગ્રંથો તૈયાર કરવા. આ કાર્ય માટે એઓશ્રીની સંમતિથી પ્રા. જશવંત શેખડીવાળાને અમે વિનંતિ કરી, જે એઓશ્રીએ સ્વીકારી અને પ્રત્યેક ગ્રંથ માટે અલગ વિદ્વાન સંપાદકો ડૉ. હસુ યાજ્ઞિક, ડૉ. પ્રવીણ દરજી અને ડૉ. પ્રસાદ બ્રહ્મભટ્ટને વિનંતિ કરી. રમણભાઈની સુવાસ એવી કે સર્વ વિદ્વાન મહાનુભાવોએ એ સ્વીકારતા આ કાર્ય માટે પોતાને સદ્ભાગી માન્યા. શીર્ષક નક્કી કર્યું 'ડૉ. રમણલાલ શાહ સાહિત્ય સૌરભ–ગ્રંથ ૧ થી ૫.' આ કાર્ય કેટલું આગળ વધ્યું એ હું એઓશ્રીને જણાવું તો, ઉત્તરમાં નિસ્પૃહ ભાવ! અમે વિચાર્યું કે એક ગ્રંથમાં એમના જીવનની વિગતો, ફોટોગ્રાફ્સ અને એઓશ્રીના સંપર્કમાં જે જે મહાનુભાવો આવ્યા હોય, તે સર્વ પાસેથી એઓશ્રીના વ્યક્તિત્વ માટે લેખો મંગાવીએ. વાત વાતમાં મેં એઓશ્રીને આ વાત કરી, તરત જ, એ જ ક્ષણે મને કહ્યું, 'એવું કાંઈ ન કરશો, નવું સૂક્ષ્મ કર્મ બંધાય.' આટલા બધાં નિસ્પૃહ, અને આમ, પાર્થિવ અપાર્થિવ બધું છોડ્યું.

તંત્રી લેખની વાત માટે મેં મારો ક્ષોભ પ્રસ્તુત કર્યો. કહ્યું, 'સાહેબ, તમારી 'જેમ' અને તમારા 'જેવો' લેખ તો મારાથી નહિ લખાય,' તો કહે, 'જેમ'–'જેવો' ભૂલી જાવ, 'કેમ' અને 'કેવ''ને કેન્દ્ર સ્થાને રાખો, લખાશે જ, વિષયની કોઈ ખોટ નહિ પડે.' આવું કહી મારામાં આત્મવિશ્વાસનું અમૃત સિંચ્યું, શ્રદ્ધા પ્રગટ કરી અને આશીર્વાદ આપ્યા.

મારો એઓશ્રી સાથેનો પરિચય ચાર દાયકાનો. હું એટલો પરમ ભાગ્યશાળી કે મને કિશોર અવસ્થામાં, પૂ. દુલેરાય કારાણી, કૉલેજના સમયગાળામાં પૂ. રામપ્રસાદ બક્ષી અને અધ્યાપનના ક્ષેત્રકાળમાં પૂ. રમણભાઈ જેવા ત્રણ મહાત્મા ગુરુજનો પ્રાપ્ત થયા. ત્રણે પોતાના ક્ષેત્રના પ્રકાંડ પંડિતો અને વિશેષ તો ત્રણેનું જેવું કવન એવું જ ઋષિતુલ્ય જીવન.

રમણભાઈ હું અધ્યાપન ક્ષેત્રે પ્રવેશ્યો ત્યારથી મારા માત્ર માર્ગદર્શક જ નહિ, એમના જીવનને જેમ જેમ નિરખતો ગયો તેમ તેમ એઓ મારા આદર્શ બનતા ગયા. યુવક સંઘમાં રસ લેતો મને એઓશ્રીએ જ કર્યો. હંમેશા મારા લેખન–નાટકો અને સંશોધનકાર્યને પ્રોત્સાહિત કરે. મારા ઉદ્યોગ–વ્યવસાયમાં ક્યાંક ક્યારેક મુસીબત આવે ત્યારે હિંમત અને માર્ગદર્શન આપે, અને મારા કુટુંબીજનો માટે તો પિતા સમાન જ. પૂ. તારાબેનના વચંનો મારા કુટુંબને કેવા કેવા ફળ્યાં છે એની તો શી શી વાતો કરું ? જ્યારે જ્યારે ફોન કરીએ ત્યારે સામે છેડેથી સાહેબનો ઉષ્માભર્યો સ્વર 'બોલો...બોલો...' સંભળાય. એ શબ્દ ધ્વનિમાં ગ્રંથિત થયેલી પ્રસન્નતા આપણે પામી જઈએ અને આપણી એ પળ અને પછીની પળો આનંદોત્સવ જેવી બની જાય. એ હવે ક્યાં સાંભળવા મળવાની છે ?

ક્યાંક કોઈ જગ્યાએ અટકી પડીએ એટલે એઓશ્રી પાસે દોડી જઈએ, સલાહ આપે, પણ ફરી બીજી વખત મળીએ ત્યારે એ આપેલી સલાહનો હિસાબ ક્યારેય ન પૂછે એવા નિસ્પૃહી માનવ.

રમણભાઈ આપણી વચ્ચે નથી એ સમાચાર મેં અમેરિકા મારી પુત્રી પ્રાચી અને જમાઈ અનીશને આપ્યા, એ અત્યંત ગમગીન બની ગયાં. લગ્ન પછી એ બન્ને હમણાં જ એઓશ્રીના આશીર્વાદ લેવા ગયા હતા, અને ચિ. પ્રાચીને એ પાંચ વર્ષની હતી ત્યારે પૂ. રમણભાઇએ જ શત્રુંજયની જાત્રા પગે ચાલીને કરવા એનો

પ્રોત્સાહિત કરી બાળ સુલભ ઇનામ પણ આપેલું. આવા તો કેટલાંક જીવોને એમણે પૂણ્ય કાર્ય કરાવ્યું હશે!

રમણભાઇના કયા કયા ગુણોને યાદ કરીએ ? જેટલા યાદ કરો એટલા આપણે સત્ત્વશીલ થતાં જઈએ.

હમણાં મારા મુરબ્બી મિત્ર શ્રી નટવરભાઈ દેસાઈએ રમણભાઇના ગુણો અને વિવિધ ક્ષેત્રે એમના યોગદાન અને મા શારદાની એમની પરમ સાધના વિશે વાત કરતાં કહ્યું કે રમણભાઈ પૂર્વજન્મના યોગભ્રષ્ટ આત્મા હતા. મેં કહ્યું મારી સમજ પ્રમાણે હું સંમત નથી થતો, આવો આત્મા ક્યારેય ભ્રષ્ટ થાય જ નહિ, પણ પોતાના બાકી રહેલા કર્મોને ખપાવવા જ જન્મ લે. આવા આત્મા તો પ્રત્યેક જન્મે ઉર્ધ્વગામી જ હોય, કર્મ ખપાવવાનો ક્રમ પૂરો થાય એટલે દેહને વિદાય આપી દે.

વનમાં રહે એ ઋષિ હોય, ન પણ હોય, પણ જનમાં રહીને ઋષિતુલ્ય જીવન જીવે એ ઋષિ હોય જ હોય. પૂ. રમણભાઈ આવા જનઋષિ હતા.

રમણભાઈ આ સંસ્થા સંઘનો પ્રાણ હતા. એઓશ્રીની રાહબરીથી સંઘે અનેરી ઊંચાઇઓ પ્રાપ્ત કરી, એ સર્વ વિગતો આ સાથેના શોક ઠરાવમાં છે. ઉપરાંત એઓશ્રીના જીવન-સર્જન વિશે મારા વિદ્વાન મિત્ર ડૉ. કુમારપાળ દેસાઈએ આ અંકમાં 'ચેતનગ્રંથની વિદાય' દ્વારા આલેખી છે એટલે એ હકીકતોને પ્રસ્તુત કરી પુનરાવર્તનના દોષથી મુક્ત થવા પ્રયત્ન કરું છું.

એઓ સંઘનો 'આત્મા' હતા, છતાં હંમેશાં પોતાને સંઘનો 'સેવક' સમજતા. શરીર અને પ્રાણના અણુએ અણુમાં નમ્રતા જ ફોરમતી એવા રમણભાઈને આપણે શત શત વંદન કરી ધન્ય થઈએ.

ભાવિને પ્રકાંડ પંડિતો તો મળશે, કારણ કે પુરુષાર્થથી પાંડિત્ય પ્રાપ્ત કરી શકાય છે, પણ જેનું જીવન અને કવન, જીવન અને સર્જન, જીવન અને શબ્દ એકરૂપ જ નહિ, પણ એકરસ હોય એવી વ્યક્તિનું નિર્માણ કરવા માટે તો કાળને ય તપ કરવું પડશે.

'પ્રબુદ્ધ જીવન'નો આ નવેમ્બરનો અંક 'શ્રદ્ધાંજલિ' અંક અને ડિસેમ્બરનો 'સ્મરણાંજલિ' અંક સ્વીકારો રમણભાઈ !

તમારા દર્શાવેલા કાર્યો અમે આગળ ધપાવીએ એ અમારી કાર્યાંજલિ અને ભાવાંજલિ! આશીર્વાદ આપો.

વ્યક્તિભક્તિ નહિ પણ ગુણભક્તિ કરવાનો તો અમારો અધિકાર છેજ !

☐ ધનવંત શાહ

❖❖❖

# ડૉ. રમણલાલ ચી. શાહ પ્રાર્થના અને ગુણાનુવાદ સભા

શ્રી મુંબઈ જૈન યુવક સંઘના ભૂતપૂર્વ પ્રમુખ, સંઘ યોજિત પર્યુષણ વ્યાખ્યાનમાળાના પ્રમુખ અને 'પ્રબુદ્ધ જીવન'ના તંત્રી ડૉ. રમણલાલ ચી. શાહનો તા. ૨૪-૧૦-૨૦૦૫ના દેહવિલય થતાં, મુંબઇના પાટકર હૉલ, મરીન લાઈન્સમાં તા. ૨૭-૧૦-૨૦૦૫ના સાંજે ૫ થી ૭ શ્રી મુંબઈ જૈન યુવક સંઘ અને ચીમનલાલ અમૃતલાલ શાહ પરિવાર તરફથી પ્રાર્થના સભા અને ગુણાનુવાદ સભાનું આયોજન થયું હતું.

પ્રારંભમાં એક કલાક પ્રસિદ્ધ ગાયક કલાકાર શ્રી કુમાર ચેટરજીએ મીરાં, આનંદઘનજી વગેરેના ભાવભર્યા પદો અને ભજનો પ્રસ્તુત કરી પોતાના ભાવવાહી સ્વર અને સંતોના શબ્દથી વાતાવરણમાં સાત્ત્વિકતા પ્રસરાવી હતી.

ભજન-પ્રાર્થના પછી પ્રારંભમાં ત્રિશલા ઇલેકટ્રોનિકે સાચવી રાખેલ ડૉ. રમણભાઈ શાહના પ્રવચનના શબ્દધ્વનિ સંભળાવ્યા હતા અને પડદા ઉપર ડૉ. રમણભાઈ શાહના વિવિધ ફોટો સ્લાઇડ સાથે દર્શાવ્યા હતા.

શ્રી ચેતનભાઈ શાહે આચાર્ય પૂ. યશોદેવ સૂરિશ્વર મહારાજના શ્રદ્ધાંજલિ સંદેશાનું વાચન કર્યું હતું.

ગુણાનુવાદની સભાનું સંચાલન કરતા સંઘના મંત્રી ડૉ. ધનવંત શાહે પ્રારંભમાં કહ્યું હતું કે 'આજ સ્થળે છેલ્લા ચાર-પાંચ વર્ષથી ડૉ. રમણલાલ શાહ વ્યાખ્યાનમાળાના પ્રમુખસ્થાને બિરાજતા હતા અને આજે એ જ સ્થાને એમની છબી મુકતાં અમે-આપણે સર્વે અસહ્ય વેદના અનુભવીએ છીએ. પૂ. રમણભાઈ હંમેશાં કહેતા કે પ્રત્યેક પળે, પ્રત્યેક સત્યનો સ્વીકાર કરીએ તો વેદના કે આનંદ સત્ય અને સુંદર બને છે. આજે આપણે આ સત્યને સ્વીકારવું જ પડે છે. ડૉ. રમણભાઈ સાચા શ્રાવક અને વૈષ્ણવજન હતા. આજે અમારા માથેથી તો છાપરું નહિ આખું આકાશ ખસી ગયું હોય એમ લાગે છે. એઓશ્રીના ગુણોને આપણે ઘરે લઈ જઇએ એ જ એઓશ્રી પ્રત્યેની સાચી શ્રદ્ધાંજલિ. એઓશ્રીના જીવન અને સર્જનમાં પૂરી એકરૂપતા હતી. આવી ઋષિતૂલ્ય વ્યક્તિ ભાગ્યે જ જન્મે છે.'

શ્રી મુંબઈ જૈન યુવક સંઘના પ્રમુખ શ્રી રસિકભાઈ શાહે કહ્યું હતું કે ડૉ. રમણભાઈ શાહના વિરાટ વ્યક્તિત્વ વિશે ઘણું કહી શકાય અને જેટલું બોલીએ એટલું ઓછું પડે. સિત્તેર વર્ષની વયે તેઓ સંઘના પ્રમુખ તરીકે નિવૃત્ત થયા, પણ મને હંમેશાં તેમનું માર્ગદર્શન મળતું રહ્યું છે. મને તેઓ પાસેથી પિતા, મોટાભાઈ અને મિત્ર સહિત બધાં જ રૂપે પ્રેમ અને માર્ગદર્શન મળ્યાં છે. મને અસંખ્ય પ્રશ્નોના જવાબ તેમની પાસેથી મળ્યાં છે. એમના 'પાસપોર્ટની પાંખે' પુસ્તકના વિકલાંગે વાંચકે તેમને પત્ર લખીને આભાર માન્યો હતો, તે વાચકને મળવા તેઓ ગુજરાતના નાનકડા ગામડામાં ગયા હતા. તેમની પાસેથી મને કલ્પના બહારનું જ્ઞાન અને જાણકારી મળ્યા હતા. તેમના માટે શ્રદ્ધાંજલિ શબ્દ વાપરતા મારું રૂવાડું ધ્રુજી જાય છે.'

સંઘના ઉપપ્રમુખ શ્રી ચંદ્રકાંતભાઈ શાહે જણાવ્યું હતું કે, 'ડૉ. રમણલાલ શાહ વંદનીય સંતપુરુષ હતા. તેમની પાસેથી મને ઘણું જ્ઞાન અને અનેક પ્રશ્નોના ઉકેલ મળ્યાં છે. તેમની સાથે કામ કરવાનું સદ્ભાગ્ય મને મળ્યું હતું. પર્યુષણ વ્યાખ્યાનમાળા દરમિયાન પછાત પ્રદેશની સંસ્થાને આર્થિક મદદ કરવા માટે એવી સંસ્થાની તપાસ માટે અમે ગુજરાતના ઘણાં ગામડાંઓમાં સાથે ફર્યા છીએ. આવી સંસ્થાઓને આર્થિક મદદ માટે કોઇની પાસે રકમ માગવી નહિ કે કોઇને આગ્રહ ન કરવો એવો એમનો નિયમ હતો, અને આશ્ચર્ય વચ્ચે માતબર રકમ એકઠી થતી અને આજ સુધી લગભગ અઢી કરોડની રકમ ૨૧ સંસ્થાઓ સુધી પહોંચી છે અને આ બધી સંસ્થાઓએ આજે સંતોષકારક પ્રગતિ કરી છે. કેટલીક તો વટવૃક્ષ જેવી વિશાળ બની છે. પૂ. રમણભાઇનો આત્મા જ્યાં હશે ત્યાં અમને દોરવણી આપતો રહેશે એવી મને શ્રદ્ધા છે.'

સંઘના મંત્રી નિરુબહેન શાહે જણાવ્યું હતું કે 'ડૉ. રમણલાલ શાહના નિધનના સમાચાર સાંભળીને મન વિષાદથી ભરાઈ જાય

છે. દેહાવસાન છતાં લોકોના દિલોમાં તેમની યાદ જીવંત છે. તેમણે અનેક કરુણા પ્રકલ્પો વડે 'સંઘ'ને નવી દિશા આપી છે. તેમની વાતોમાં ક્યારેય ફરિયાદી સૂર નહોતા. તેમના નિધનથી ધરતીએ પનોતો પુત્ર ગુમાવ્યો છે.'

ડૉ. રમણભાઈ શાહના માર્ગદર્શન હેઠળ પીએચ.ડી. કરનારા પૂ. શ્રી રાકેશભાઈ ઝવેરીનો સંદેશ વાંચી સંભળાવતા શ્રીમદ્ રાજચંદ્ર આશ્રમ ધરમપુરના મેનેજિંગ ટ્રસ્ટી મહેશ ખોખાણીએ જણાવ્યું હતું કે 'ભાષા અને સાહિત્ય તેમ જ ધર્મ અને સમાજના પ્રેમી ડૉ. રમણલાલ શાહ આપણી વચ્ચે ઉપસ્થિત નથી પણ સદ્‌ગુણોની સુવાસ આપણી વચ્ચે લાંબા સમય સુધી રહેશે. અસાધારણ વિદ્વાન અને વયોવૃદ્ધ છતાં વિનોદ સાથે સંબંધ, કુશળ વક્તા અને સાધક તેમ જ વિદ્યાર્થીપ્રિય શિક્ષક હતા. સ્વભાવ અને ભાષાની સાદગીને કારણે જ મેં તેમને પીએચ.ડી. માટેના માર્ગદર્શક બનાવવાનું નક્કી કર્યું હતું. સાત વર્ષ સુધી મને એઓશ્રી સાથે વિદ્યાવ્યાસંગ કરવાની તક મળી હતી. સરળતા, હળવાશ ને વાત્સલ્યની તેઓ જાણે મૂર્તિ હતા.'

સાયલાના શ્રીમદ્ રાજચંદ્ર આશ્રમના ટ્રસ્ટી મીનલબહેન શાહે જણાવ્યું હતું કે 'ડૉ. રમણભાઈ અને તારાબહેન ઉચ્ચ વિચારો, જિનેશ્વર ભગવાન પ્રત્યેનો ઉચ્ચ પ્રેમ, દંભ વિનાનું જીવન અને મિલનસાર સ્વભાવ ધરાવતા હતા. તેમની વિદ્વતાનો ભાર કોઇને લાગ્યો નથી. ગુણોનો ભંડાર છતાં લઘુતામાં તેઓ જીવતા હતા. મારા પિતા સમાન લાડકચંદ વોરા અંગેના પુસ્તક તૈયાર કરવાના કામથી તેઓ આશ્રમ આવતા હતા. ત્યારપછી ઉપાધ્યાય યશોવિજયજી લિખિત 'અધ્યાત્મસાર' અને 'જ્ઞાનસાર' પુસ્તકોનો અનુવાદ અને ભાવાર્થ તૈયાર કર્યા. ડૉ. રમણભાઈ શાહના જીવનની તે અતિ મહત્ત્વની કામગીરી હતી. 'પાસપોર્ટની પાંખે' નહીં પણ સત્કર્મ અને સત્કાર્યની પાંખે ઉડતા ડૉ. રમણભાઈના આત્માએ હવે નવું કાર્ય આરંભ્યું હશે.'

ડૉ. રમણલાલ શાહના પુત્ર ડૉ. અમિતાભ શાહે અંગ્રેજીમાં પ્રતિભાવ આપતાં જણાવ્યું હતું કે 'મારા પિતા ખૂબ જ સાદી વ્યક્તિ હતા. આમ છતાં જીવનમાં અનેક સિદ્ધિઓ હાંસલ કરી હતી. તેમના મૃત્યુનો શોક કરવાને બદલે આપણે તેમના જીવનને ઉજવવું જોઇએ. અમેરિકાના બગીચામાં લખેલું હોય છે કે તમારા પગલાની છાપ છોડી જાવ અને તસવીરો સાથે લઈ જાવ. પ્રવાસના શોખીન મારા પિતા કહેતા કે સંસ્મરણો અને અનુભવ લઇ જાવ અને ગુડવીલ છોડી જાવ. સુરતમાં એકવાર પુસ્તકાલયની પ્લેટિનમ જ્યુબિલીની ઉજવણીમાં અતિથિવિશેષ તરીકે જવાનું થયું પણ પહેલા મારા પિતા, મેં અને યજમાને હૉલમાં ઝાડું કાઢ્યું, બેઠકો ગોઠવી, પુષ્પાહાર તૈયાર કર્યા પછી કપડાં બદલવા ધર્મશાળામાં ગયા. તેમને કોઈ કામ કરવામાં નાનમ લાગતી નહોતી. તેઓ ચેસ, પત્તા, સ્વીમિંગ, સાઇકલીંગ અને ક્રિકેટ સારું રમતા હતા. બહુ ઓછા જાણે છે કે તેઓ સારા બોલર હતા. મને બીજગણિતના અમુક કોયડા શીખવ્યા હતા તે આજે પણ મને કામ આવે છે. બાળકો સાથે તેઓ બાળક જેવાં થઇને આનંદ માણતા અને સાથે સુસંસ્કારોનું સિંચન પણ કરતા.'

ડૉ. શાહના દીકરી શ્રીમતી શૈલજાબહેને જણાવ્યું હતું કે 'તેઓ માત્ર મારા પિતા જ નહીં પણ ગુરુ, માર્ગદર્શક અને પરમમિત્ર પણ હતા. સાથે ધર્મના સંસ્કારો પણ આપ્યા હતા. મને તેઓ ભવેભવ પિતા તરીકે પ્રાપ્ત થાય એવી પ્રાર્થના હું ઇશ્વરને કરું છું. મારા પિતા મને અને ભાઈ અમિતાભને એક ગુરુચાવી બતાવી હતી. તે એ કે મને બધું ભાવે, મને બધે ફાવે અને મને બધાની સાથે બને. તેના કારણે જીવનમાં વિખવાદ જ ન રહે. મેં તેમને જીવનમાં ક્યારેય નિરાશ થતાં અથવા ડરતા જોયા નથી. તેને કારણે જ તેઓ આખા પરિવારમાં લોકતાંત્રિક વાતાવરણ ઉભું કરી શક્યા હતા. તેઓ એન.સી.સી.ના કેડેટ તરીકે શસ્ત્રના પારંગત અને ચિંતક-સર્જક તરીકે શાસ્ત્રોના વિશારદ હતા. મારા બાળકો કૈવલ્ય અને ગાર્ગી તેમજ ભાઈ અમિતાભના બાળકો અર્ચીત અને અચીરાને તેમણે નાની શાંતિ અને રક્ષામંત્ર શીખવ્યો હતો. આજે મારો ભાઈ બહારગામ જાય ત્યારે બાળકો આ પાઠ સંભળાવે છે.'

ડૉ. રમણલાલ શાહના વિદ્યાર્થી ડૉ. ગુલાબ દેઢિયાએ પોતાની આગવી શૈલીથી પોતાના ગુરુ પ્રત્યેનું સત્ત્વ અને તત્ત્વભર્યું ભાવવાહી અંજલિ કાવ્ય પ્રસ્તુત કર્યું હતું.

આ ઉપરાંત અન્ય પૂ. સાધુ-સાધ્વી ભગવંતો, મહાનુભાવો, મુંબઈ વિશ્વવિદ્યાલય ગુજરાતી વિભાગ, ફાર્બસ ગુજરાતી સભા અને મુંબઈ ગુજરાતી પત્રકાર સંઘના શોક સંદેશાઓનું પણ વાંચન કરાયું હતું.

આ પ્રસંગે ડૉ. બિપીન દોશીએ જણાવ્યું હતું કે 'જૈન એકેડેમી એજ્યુકેશન એન્ડ રીસર્ચ સેન્ટર ઓફ મુંબઈ યુનિવર્સિટી' હવેથી પ્રત્યેક વરસે ડૉ. રમણભાઈ શાહની સ્મૃતિમાં એક વ્યાખ્યાનનું આયોજન કરશે.

અંતમાં ડૉ. રમણભાઈ શાહના બહેન શ્રી ઇન્દિરા બહેને 'મોટી શાંતિ'નું પઠન કર્યું હતું.

ડૉ. રમણભાઈ શાહના બહોળા પરિવારજનોને આશ્વાસન આપવા મુંબઇના અનેક મહાનુભાવો અને ડૉ. રમણભાઈ શાહના પ્રશંસકો અને મિત્રો ખૂબ મોટી સંખ્યામાં પધાર્યા હતા.

ડૉ. રમણભાઈ શાહના પુત્ર ડૉ. અમિતાભ અમેરિકાથી આવતા ડૉ. શાહના પાર્થિવ દેહને અગ્નિદેવને અર્પણ કરતા પહેલાં તા. ૨૫-૧૦-૨૦૦૫ના સવારે નવથી સાડા નવ એઓશ્રીના પાર્થિવ દેહને એઓશ્રીના મુલુંડના નિવાસસ્થાને નીચે દર્શનાર્થે મૂકાયો હતો. ત્યારે શ્રીમદ્ રાજચંદ્ર આશ્રમ સાયલાના સાધકો શ્રી વિક્રમભાઈ શાહ અને મિનળબેન શાહ તેમજ શ્રીમદ્ રાજચંદ્ર આશ્રમ ધરમપુરના સાધક શ્રી મેઘલ દેસાઇએ પોતાના ભાવવાહી આર્દ્ર સ્વરે ભક્તિગાન વહેતા કર્યા હતા. ❖❖❖

### પ્રબુદ્ધ જીવનનો ડિસેમ્બર અંક

આ અંક **ડૉ. રમણલાલ શાહ સ્મૃતિ અંક** તરીકે પ્રગટ થશે. ડૉ. રમણભાઇના સંપર્કમાં આવેલા સર્વ પૂ. મુનિ ભગવંતો અને પૂ. સાધ્વીશ્રીઓ અને સર્વે મહાનુભાવોને અમે વિનંતિ કરીએ છીએ કે ડૉ. રમણભાઈ સાથેના પોતાના સંસ્મરણો બે થી અઢી પાનામાં અમોને તા. ૩૦-૧૧-૨૦૦૫ પહેલાં સંઘના નવા સરનામે રવાના કરે. —તંત્રી

### ડૉ. રમણલાલ શાહનું સાહિત્ય અને પ્રવચનો

ડૉ. રમણલાલ શાહના વિપુલ સાહિત્ય ભંડારમાંથી લેખો એકત્રિત કરી 'ડૉ. રમણલાલ શાહ સાહિત્ય સૌરભ' શીર્ષકથી પાંચ ગ્રંથોનું સંપાદન થશે.

એ જ રીતે ડૉ. રમણલાલ શાહે અત્યાર સુધી પર્યુષણ વ્યાખ્યાનમાળામાં તેમ જ અન્ય સ્થળોએ વિવિધ વિષયો ઉપર પ્રવચનો આપ્યાં છે. એ સર્વ પ્રવચનોની સી.ડી. ત્રિશલા ઇલેક્ટ્રોનિક તૈયાર કરશે, જેથી ડૉ. રમણલાલના જ્ઞાન સાથે શબ્દ ધ્વનિનો લાભ પણ જિજ્ઞાસુઓને પ્રાપ્ત થાય. આ ગ્રંથો અને સી.ડી. જે જિજ્ઞાસુઓને વસાવવી હોય એઓશ્રી સંઘને જણાવે એવી વિનંતિ.

# ચેતનગ્રંથની વિદાય

**☐ પદ્મશ્રી ડૉ. કુમારપાળ દેસાઈ**

તેજસ્વી ધર્મનિષ્ઠા, ઉત્કૃષ્ટ આભિજાત્ય અને જિજ્ઞાસાપૂર્ણ સાહસવૃત્તિને પરિણામે મુરબ્બી રમણભાઈના જીવનમાં ગહન તત્ત્વચિંતન, સ્પષ્ટ જીવનશૈલી અને અદમ્ય પ્રવાસશોખ જોવા મળ્યા. એમના અવસાનથી મધ્યકાલીન ગુજરાતી સાહિત્યના સંશોધક, પ્રવાસકથાઓના સર્જક અને જૈનદર્શનના અભ્યાસીની ખોટ પડી છે, પરંતુ મને અંગત રીતે એમને એટલો બધે સ્નેહ સાંપડ્યો કે પરિવારના વડીલજન ગુમાવ્યા હોય તેવો ખાલીપો અનુભવાય છે.

જીવનના પ્રારંભે પાદરામાં કપરી આર્થિક પરિસ્થિતિ વચ્ચે રહીને રમણભાઈએ ચાર ધોરણ સુધી અભ્યાસ કર્યો. એમના પિતા ચીમનભાઇને મુંબઈની સ્વદેશી માર્કેટમાં નોકરી મળી, આથી પાંચમા ધોરણના અભ્યાસ માટે રમણભાઈને મુંબઈ આવવું પડ્યું. મુંબઇની ખેતવાડીની ચાલીમાં એક નાનકડી ઓરડીમાં ચીમનભાઈનો દસ સભ્યોનો પરિવાર રહેતો હતો. સ્વદેશી માર્કેટની બંધિયાર હવા અને પંદરથી અઢાર કલાકની નોકરીને કારણે રમણભાઈના પિતા ચીમનભાઇને ત્રણેક વર્ષમાં દમનો વ્યાધિ લાગુ પડ્યો અને નોકરી છોડવી પડી. આર્થિક વિટંબણાને કારણે ચીમનભાઈના મોટા બે દીકરા વીરચંદભાઈ અને જયંતિભાઈને નિશાળના અભ્યાસને તિલાંજલિ આપીને નોકરી કરવી પડી. ઘણી મુસીબતે કુટુંબનો નિર્વાહ થતો હતો, પરંતુ ખંત, ચીવટ, પ્રમાણિકતા, ધર્મશ્રદ્ધા વગેરેને કારણે કુટુંબ ધીરે ધીરે પગભર થતું ગયું. ચીમનભાઈના બીજા પુત્રોએ વેપાર શરૂ કર્યો, ત્યારે રમણભાઈએ વેપાર-ધંધામાં જોડાવાની સારી તક હોવા છતાં શિક્ષણ અને સાહિત્યના ક્ષેત્રમાં ગતિ કરવાનું પસંદ કર્યું. તારાબહેનના પિતા દીપચંદભાઇની સાહિત્યપ્રીતિને કારણે રમણભાઈની એ ક્ષેત્રની કામગીરીને બળ મળ્યું.

ગુજરાતી સાહિત્યને યશસ્વી પ્રવાસગ્રંથો આપનાર રમણભાઈને અભ્યાસકાળ દરમ્યાન ભૂગોળ બહુ ગમતી હતી. એમને મળીએ ત્યારે કોઈ નવા દેશના પ્રવાસની વાતો એમની પાસેથી સાંભળવા મળે. ક્યાંય પ્રવાસે જાય તે પૂર્વે એની સઘળી વિગતો મેળવી લે. સુંદર આયોજન કરે અને પ્રવાસ કરતા જાય તેમ ડાયરીમાં નોંધ ટપકાવતા જાય. તીવ્ર યાદશક્તિને કારણે એ વર્ષો પછી પણ એ ટાંચણને આધારે પ્રવસાકથા લખી શકતા. 'પાસપોર્ટની પાંખે'ના ત્રણ ભાગ તથા ઑસ્ટ્રેલિયા, ન્યુઝીલેન્ડ અને ઉત્તરધ્રુવની શોધ સફરના એમના પ્રવાસગ્રંથો ગુજરાતી પ્રવાસસાહિત્યની અનુપમ સમૃદ્ધિ છે.

નિશાળના અભ્યાસકાળ દરમિયાન આઠમા ધોરણના વર્ગશિક્ષક ઇન્દ્રજિત મોગલ પાસેથી ચાર વિશિષ્ટ સંસ્કાર મળ્યા. એમની પાસેથી પહેલાં સંસ્કાર સારા અક્ષર કાઢવાના મળ્યા. બીજી બાબત એ હતી કે ઇન્દ્રજિત મોગલ સ્વચ્છતા પર ખૂબ ભાર આપતા હતા અને કપડાં, બૂટ, નખ વગેરે ડાઘ વગરનાં, એકદમ ચોખ્ખાં હોવાં જોઈએ તેવો આગ્રહ રાખતા. ખિસ્સામાં રૂમાલ અને પેન્સિલ તો હોવાં જ જોઈએ.

એમનો સારી ટેવો માટેનો આગ્રહ વર્ગના બીજા વિદ્યાર્થીઓ જેમ વિદ્યાર્થી રમણભાઈને અસર કરી ગયો. એ જ રીતે ઇંદ્રજિત મોગલની ભાષા અને શબ્દો માટેની ચોકસાઈ પણ રમણભાઈને સ્પર્શી ગયા. જે કાંઈ લખીએ કે વાંચીએ એમાં પૂરેપૂરી ચોકસાઈ હોવી જોઈએ.

નિશાળના અભ્યાસકાળ દરમ્યાન રમણભાઈને ગણિત અને વિજ્ઞાનના વિષયમાં ઘણા સારા ગુણ આવતા હતા. તેમ છતાં એમની ઇચ્છા ચિત્રકાર થવાની હતી. સ્કૂલ આર્ટિસ્ટ થવું એ એમનું સ્વપ્ન હતું, આથી ચિત્રકલા માટેના ખાસ વર્ગોમાં જઈને વિશેષ નિપૂણતા માટે પ્રયાસ કરતા હતા. પરંતુ દસમા ધોરણ પછી અભ્યાસક્રમમાં ચિત્રકલાનો વિષય નહોતો તેમ જ એમાં પ્રોત્સાહન આપનાર શિક્ષક રાહલકર પણ અવસાન પામ્યા. આથી આ ક્ષેત્રમાં એમને પ્રેરણા કે માર્ગદર્શન આપનાર કોઈ રહ્યું નહીં, વળી એ સમયે મેટ્રિકના વર્ગમાં અભ્યાસ કરતા રમણભાઈએ 'વગડાનું ફૂલ' એ વિશે સુંદર નિબંધ લખ્યો હતો, તે વાંચીને અમીદાસ કાણકિયાએ નિબંધ નીચે નોંધ લખી કે, 'જો તમે સાહિત્યમાં રસ લેશો તો સારા લેખક બની શકશો.' આ નાનકડી નોંધે રમણભાઈના અભ્યાસમાં દિશાપરિવર્તન આણ્યું અને વિજ્ઞાન વિદ્યાશાખામાં જવાને બદલે વિનયન વિદ્યાશાખામાં અભ્યાસાર્થે જોડાયા.

એ સમયે મુંબઇમાં યોજાયેલા કૉંગ્રેસના અધિવેશન સમયે સ્વયંસેવક તરીકે ગાંધીજી, સરદાર વલ્લભભાઈ પટેલ, જવાહરલાલ નહેરુ, 'સરહદના ગાંધી' ખાન અબ્દુલ ગફારખાન અને શ્રી રાજેન્દ્રબાબુની નજીક મંચ પર સ્વયંસેવક તરીકે રહ્યા અને આ ઘટનાએ યુવાન રમણભાઈમાં રાષ્ટ્રીયતાની ઊંડી છાપ પાડી.

મહાવીર જૈન વિદ્યાલયમાં હતા ત્યારે નાટક, રમતગમત અને વક્તૃત્વ સ્પર્ધામાં ભાગ લીધો અને ઇન્ટર આર્ટ્સમાં અભ્યાસ કરતા હતા, ત્યારે 'શ્યામ રંગ સમીપે' અને 'સ્વપ્નાંનો સુમેળ' જેવી નાટકની રચના કરી. આમ રમણભાઈના સર્જનનો પ્રારંભ નાટિકાથી થયો, કુમાર માસિકમાં તેમના નાટકો છપાયાં અને 'શ્યામરંગ સમીપે' નામથી ગ્રંથસ્થ થયા.

પ્રારંભમાં પત્રકાર તરીકે કામગીરી શરૂ કરી. એ પછી મુંબઈની સેન્ટ ઝેવિયર્સ કૉલેજમાં અધ્યાપક તરીકે કામ કરતી વખતે એમને એન.સી.સી.નું વધારાનું કામ સોંપવામાં આવ્યું. રમણભાઈએ એન.સી.સી.ની સખત તાલીમ લેવા માંડી અને રાયફલ, સ્ટેનગન, મશીનગન, પિસ્તોલ, ગ્રેનેટ, બે ઇંચ મોર્ટાર, બાયોનેટ ફાઇટિંગ જેવાં લશ્કરી સાધનોની પૂરી તાલીમ લીધી. તેઓ આ લશ્કરી સાધનોને આસાનીથી ચલાવી જાણતા હતા. બેલગામના મિલિટરી ટ્રેનિંગ સેન્ટરમાં લશ્કરી તાલીમ લીધા બાદ તેઓ સેકન્ડ લૅફ્ટનન્ટ બન્યા અને સમય જતાં ફર્સ્ટ લેફ્ટનન્ટ, કેપ્ટન અને છેવટે મેજર થયા. એક સમયે એમણે બટાલિયન કમાન્ડર અને કૅમ્પ કમાન્ડન્ટ તરીકેની જવાબદારી પણ સંભાળી હતી. આ લશ્કરી તાલીમ દરમ્યાન રમણભાઈને સમાજસેવાના પ્રોજેક્ટનું આયોજન સોંપવામાં આવતું તેમજ ફિલ્ડમાર્ચનું કામ સોંપવામાં આવતું. એ વખતે એક સાથે, ક્યાંય બેઠા વગર રોજના પચ્ચીસથી ત્રીસ માઇલ સુધી રમણભાઈ ફિલ્ડમાર્ચ કરતા હતા.

થોડા મહિના અગાઉ રમણભાઈ સાયલામાં શ્રી રાજસોભાગ સત્સંગ મંડળના કાર્યક્રમ નિમિત્તે મળ્યા. એ સમયે એમના શરીરમાં ખૂબ અશક્તિ હતી અને કોઈનો ટેકો લઈને માંડ માંડ ચાલતા હતા. પણ આવી પરિસ્થિતિને અનોખી સમતાથી એમણે સ્વીકારી હતી. એમણે એમના વક્તવ્યમાં કહ્યું કે એક સમયે માઇલોના માઇલો સુધી ફિલ્ડમાર્ચ કરતો હતો અને આજે થોડાંક ડગલાં ચાલવું હોય તો પણ મુશ્કેલી પડે છે, પરંતુ આનાથી વ્યથિત થયા વિના એમણે કહ્યું કે વિશ્વના સૌથી ઊંચા શિખર એવરેસ્ટ પર આરોહણ કરનાર શેરપા તેનસિંગને એની પાછળની અવસ્થામાં ઘરનો ઉંબરો ઓળંગતા એવરેસ્ટ આરોહણ કરતાં પણ વધુ શ્રમ લાગતો હતો.

આમ જીવનની વિદારક પરિસ્થિતિને તેઓ હળવાશથી લઈ શકતા અને એમની વાણીમાં હકીકતના સ્વીકારની સચ્ચાઈનો રણકો સંભળાતો.

૧૯૫૩માં રમણભાઈના તારાબેન શાહ સાથે લગ્ન થયા અને બંને ગુજરાતીના અધ્યાપક તરીકે તો કામગીરી કરતા હતા, પરંતુ બંનેએ જૈનદર્શન વિશેનો ઊંડો અભ્યાસ કરી એમના પ્રવચનો દ્વારા સમાન જનપ્રિયતા મેળવી. રમણભાઈ અને તારાબહેનનું દામ્પત્ય એ એક આદર્શ દામ્પત્ય હતું. રમણભાઈની એકેએક વાતની ચિંતા તારાબહેન કરતા હોય અને તારાબહેનની નાનામાં નાની સગવડો સાચવવાનું રમણભાઈ હંમેશા ધ્યાન રાખતા હોય. સંવાદી દામ્પત્યના તેઓ બંને દૃષ્ટાંતરૂપ ગણાય. અને એથી જ રમણભાઈએ જ્યારે પીએચ.ડી.ની પદવીનો મહાનિબંધ લખવાનું કામ હાથ પર લીધું ત્યારે એમને માથે અનેક જવાબદારીઓ હતી. રોજ બે કૉલેજોમાં અધ્યાપન માટે જતા. સાંજે એન.સી.સી.ની પરેડ કરાવવાની હોય વળી એમ.એ.ના લેક્ચર પણ લેવાના હોય. આખા દિવસની આ કામગીરીમાંથી પીએચ.ડી. માટેનો સમય ક્યાંથી કાઢવો? આ સમયે ઝેવિયર્સ કૉલેજના પ્રિન્સિપાલ ફાધર ડિ ક્રુઝે એમને કૉલેજમાં બેસીને કામ કરવાની સગવડ કરી આપી. રાતના આઠ વાગ્યાથી બે વાગ્યા સુધી કૉલેજના સ્ટાફરૂમમાં થિસિસનું લેખન કરે. એ સમયે ઝેરોક્સ થતી નહીં. આથી પેન્સિલથી નીચે કાર્બન પેપરો રાખીને ચાર કોપી તૈયાર કરવી પડે. આથી ખૂબ ભાર દઈને લખવું પડે. તેઓ ઘેર આવે ત્યારે તારાબહેને આંગળા બોળવા માટે ગરમ પાણી તૈયાર રાખ્યું હોય! સતત ભારપૂર્વકના લેખનને કારણે રમણભાઈના આંગળા એટલા દુઃખતા કે ગરમ પાણીમાં થોડીવાર બોળી રાખવાથી રાહત થતી.

રમણભાઈ મુંબઈ યુનિવર્સિટીમાં ગુજરાતીના અધ્યક્ષ તરીકે કામગીરી બજાવતા હતા અને મુંબઈના અધ્યાપકોમાં આગવો આદર પામ્યા હતા. ત્રણેક વખત એ અધ્યાપક સંઘની સભામાં વક્તવ્ય આપવાનું બન્યું ત્યારે રમણભાઈ પ્રત્યેક અધ્યાપકને અને એના પરિવારને ઓળખતા હોય તેવા આત્મીયજન લાગ્યા. આવા અધ્યાપક પૂજાના કપડાં પહેરીને દેરાસરમાં પૂજા કરવા જાય તે કેટલાકને ગમતું નહીં, પરંતુ રમણભાઈને માતા-પિતા પાસેથી ધર્મના સંસ્કારો મળ્યા હતા. આથી સામાયિક અને સેવાપૂજા રોજ કરતાં. અમદાવાદમાં મારે ત્યાં આવ્યા હોય ત્યારે પણ પૂજાના વસ્ત્રો પહેરીને નજીકના દેરાસરમાં પૂજા કરવા જતા. મુંબઇના વ્યસ્ત જીવનમાં શાંતિ મેળવવી મુશ્કેલ હોય, પરંતુ સામાયિકની ક્રિયા દરમિયાન આવી શાંતિ મેળવી લેતા અને આ સામાયિક દરમિયાન એમણે અનેક પુસ્તકોનું વાચન અને મનન કર્યું. ઉપાધ્યાય યશોવિજયજી મહારાજના 'જ્ઞાનસાર' અને 'અધ્યાત્મસાર' ગ્રંથનું ભાષાંતર અને ભાવાર્થ લખવાનું કાર્ય સાયલાના શ્રી રાજસોભાગ દ્વારા સોંપવામાં આવ્યું. આ માટે રમણભાઈ ઘણીવાર દસ કે પંદર દિવસ સુધી સાયલા જઈને આશ્રમમાં રહેતા હતા. આશ્રમમાં ઉપલબ્ધ સગવડો વચ્ચે પોતાનું કાર્ય કરતા હતા. રમણભાઈનો નિયમ એવો કે સાયલાના આશ્રમમાં હોય, ત્યારે એણે સોંપેલું જ કામ કરવું. બીજું કોઈ કામ અહીં ન થાય. સાયલાના આશ્રમના પ્રેરક શ્રી લાડકચંદભાઈ વોરા (પૂ. બાપુજી) એમને કહે પણ ખરા કે અહીં રહીને તમે અન્ય કાર્ય કરો તો એમાં કશું ખોટું નથી. તમારું કાર્ય જનહિત કરનારું જ હોય છે. આમ છતાં રમણભાઈએ ક્યારેય આશ્રમમાં આશ્રમે સોંપ્યા સિવાયનું કામ નહીં કરવાનો પોતાનો દૃઢ નિશ્ચય જાળવી રાખ્યો. ઉપાધ્યાય યશોવિજયજી મહારાજના 'જ્ઞાનસાર' અને 'અધ્યાત્મસાર' જેવા ગ્રંથોના ભાષાંતરની સાથોસાથ એને ભાવાર્થમાં આની વિસ્તૃત છણાવટ કરીને આ ગહન ગ્રંથો અધ્યાત્મરસિકો માટે સુલભ કરી આપ્યા છે.

ધર્મ અને તત્ત્વજ્ઞાનના અભ્યાસથી એમના જીવનમાં પણ પરિવર્તન આવ્યું. તેઓ કહેતા કે યુવાનીમાં એમના સ્વભાવમાં થોડી ઉગ્રતા હતી. ક્યાંક ખટપટ કે અન્યાય જુએ તો મનમાં થઈ આવતું કે આનો પ્રબળ વિરોધ કરીને એને ખુલ્લો પાડી દઉં? પરંતુ ધર્મ અને જૈન તત્ત્વજ્ઞાનના અભ્યાસથી રમણભાઈમાં એક એવી શ્રદ્ધા જાગી હતી કે જે ખોટું કરે, તેને ચૂકવવાનું હોય જ છે, તો પછી એ અંગે ગુસ્સે થઇને કે ક્રોધ કરીને આપણે આપણા મનના ભાવ શું કામ બગાડવા? આર્તધ્યાન શા માટે કરવું ? આમ રમણભાઈની જીવનદૃષ્ટિમાં પરિવર્તન આવ્યું. દ્વેષ, ઇર્ષ્યા કે વેરભાવ ઓછા થતા ગયા અને શાંત, સ્થિર જળ સમો સમતાભાવ જાગ્યો અને એ દ્વારા એમને માણસમાં શ્રદ્ધા જાગી. સાથોસાથ ભૌતિક આકાંક્ષાઓ પણ ઓછી થતી ગઈ. એકાદ મહિના પૂર્વે એમને મળવા ગયો, ત્યારે એ સહુને એમનાં પુસ્તકો ભેટ આપતા હતા. રમણભાઈનું કોઈપણ પુસ્તક પ્રગટ થાય એટલે તેઓ તેની નકલો અમુક લેખકોને મોકલી આપતા.

એમના જીવનમાં બીજી એક વિશેષતા એ હતી કે ખટપટ કરીને કે યાચના કરીને કશું પ્રાપ્ત કરવું નહીં. સહજ મળે તેનો આનંદ માણવો. એમનામાં એવો પરમ સંતોષ હતો કે એમણે પોતાના પુસ્તકોના કોપીરાઈટ પણ રાખ્યા નહીં. ગુજરાતના કદાચ આ પ્રથમ સર્જક હશે કે જેમનાં પુસ્તકમાં 'નો કોપીરાઈટ' એમ લખ્યું હોય. એથીય વિશેષ પુસ્તની પ્રથમ આવૃત્તિ માટે પણ કોપીરાઈટ આપ્યા હોય તો તેનું પણ એમણે વિસર્જન કર્યું હતું. તેઓ વારંવાર કહેતા પણ ખરા કે પં. સુખલાલજી, શ્રી બચુભાઈ રાવત, પરમાનંદ કાપડિયા, ચીમનલાલ ચકુભાઈ વગેરેના જીવનમાંથી ઘણું શીખવા મળ્યું.

રમણભાઈ સાથેનો પ્રથમ મેળાપ મુંબઇમાં મુંબઈ જૈન યુવક સંઘ દ્વારા યોજાતી પર્યુષણ વ્યાખ્યાનમાળામાં થયો. એમણે વ્યાખ્યાનમાળામાં આવવાનું નિમંત્રણ આપ્યું અને જીવનમાં એક નવો અનુભવ આપ્યો. શ્રોતાઓની હાજરી, એની શિસ્ત અને એનું આયોજન આદર્શરૂપ લાગ્યાં. વળી રમણભાઈ વક્તાના વક્તવ્યને અંતે સંક્ષિપ્ત પણ માર્મિક સમાલોચના આપતા. એમની આ સમાલોચનામાં એમના ચિંતનનો નીચોડ મળતો. એમણે ૧૯૮૧ના વર્ષમાં પ્રવચન માટે બોલાવ્યો. વળી પ્રવચન પૂરું થાય અને બહાર નીકળીએ ત્યારે આયોજન એવું કે હાથમાં એની કૅસેટ પણ મળી જાય. હકીકતમાં મારા પ્રવચનની કૅસેટ સાંભળીને શ્રી કપૂરભાઈ ચંદરયાને મારા વિશે જાણવાની જિજ્ઞાસા થઈ. એમણે રમણભાઈને પૂછ્યું અને પછી શ્રી કપૂરભાઈ ચંદરયા સાથે મેળાપ થતા એમણે મને લંડનના પ્રવાસે આવવાનું નિમંત્રણ આપ્યું. મારા આંતરરાષ્ટ્રીય પ્રવાસોનો એ સમયથી પ્રારંભ થયો એની પાછળ મુરબ્બી રમણભાઇનો સદ્ભાવ કારણભૂત હતો.

પર્યુષણ વ્યાખ્યાનમાળામાં રમણભાઈ સ્વયં જૈનદર્શનના જુદા જુદા વિષય પર પ્રવચન આપતા હતા. એમનું આ પ્રવચન એ જૈન ધર્મના જુદા જુદા સિદ્ધાંતોને આધારિત રહેતું અને એક સાત્ત્વિક, સઘન અને જૈનદર્શનના ગહનમાં ગહન સિદ્ધાંતને તેઓ વિશાળ જનમેદનીને અત્યંત સરળ રીતે સમજાવતા હતા. એમના આ પ્રવચનો એ જૈનતત્ત્વજ્ઞાનની મોટી મૂડી છે.

ધર્મની ભાવનાનું માત્ર પ્રવચનમાં પૂર્ણવિરામ આવી જતું નથી.

અહિંસાની ભાવના સાથે કરુણાની સક્રિયતાનો સુમેળ થવો જોઈએ. છેલ્લા કેટલાક વર્ષોમાં મુંબઇની પર્યુષણ વ્યાખ્યાનમાળા સમયે કોઈ સેવાભાવી, સામાજિક સંસ્થાને માટે દાન એકત્રિત કરવામાં આવતું અને અત્યાર સુધીમાં ૨૧ જેટલી સામાજિક સંસ્થાઓને અઢી કરોડની સહાય કરવામાં આવી. પરંતુ કોઈપણ સંસ્થાને દાન આપવાનું નક્કી કરતાં પૂર્વે પહેલા એના વિશે પૂરતી તપાસ કરતા. કોઈ મહાનગર કે નગરની સંસ્થાની પસંદગી કરવાને બદલે કોઈ દૂરના ગામડામાં આવેલી અને આર્થિક જરૂરિયાત ધરાવતી સંસ્થાને પસંદ કરતા. શ્રી મુંબઈ જૈન યુવક સંઘના કારોબારીના સભ્યો સાથે એ સંસ્થાની મુલાકાતે જતા. પછી સહુને અભિપ્રાય પૂછતા. એમાંથી એક વ્યક્તિ પણ નામરજી બતાવે, તો એ અંગે વિચાર થોભાવી દેતા. સહુની સંમતિ હોય તો જ આગળ વધતા અને પછી રમણભાઈ મુંબઈ જૈન યુવક સંઘના સભ્યો સાથે એ સંસ્થામાં જઈને દાન આપતા. જૈન સમાજમાં આવી પર્યુષણ વ્યાખ્યાનમાળાની સાથે માનવકરુણાનું સુંદર ઉમેરણ કરવાનું કામ રમણભાઇએ કર્યું. એમણે ગુજરાતી સાહિત્ય પરિષદને પણ શ્રી હેમચંદ્રાચાર્ય સ્વાધ્યાયપીઠ માટે પર્યુષણ વ્યાખ્યાનમાળા સમયે પાંચ લાખ રૂપિયાનું દાન આપ્યું હતું પરંતુ એ પછી એ સ્વાધ્યાયપીઠની કામગીરી અંગે તેઓ ક્યારેક અસંતોષ પણ વ્યક્ત કરતા હતા.

આજે જૈનદર્શન વિશે અનેક વિદ્વાનો, પંડિતો અને નિષ્ણાતો વિદેશમાં પ્રવચન આપવા જાય છે પરંતુ રમણભાઈએ છેક ૧૯૭૪માં ભગવાન મહાવીરના ૨૫૦૦મા જન્મકલ્યાણક વર્ષે પૂર્વ આફ્રિકાનો બે મહિનાનો પ્રવાસ ખેડ્યો હતો. આ સમયે શ્રી ચીમનલાલ ચકુભાઈને આ માટે નિમંત્રણ આપવામાં આવ્યું હતું, પણ તેઓ જઈ શકે તેમ નહોતા, તેથી તેમણે રમણભાઈને જવાનું કહ્યું. એ જ રીતે ૧૯૭૭માં શ્રી દેવચંદભાઈ ચંદરયાના સૂચનથી લંડનના પ્રવાસે ગયા. એ પછી એમણે ઇંગ્લૅન્ડ, અમેરિકા અને યુરોપમાં પણ પ્રવચનો આપ્યા.

૧૯૭૭ની એક ઘટનાનું પણ સ્મરણ થાય છે. એ સમયે લંડનમાં એક યુવાન રમણભાઈ પાસે આવ્યો. એ જૈન હોવા છતાં માંસાહાર કરતો હતો, એટલું જ નહીં પણ માંસાહારની તરફેણમાં જોરશોરથી દલીલો કરતો હતો. એ રોજ રમણભાઈ પાસે આવતો, ભારે ઝનૂનથી દલીલો કરતો. રમણભાઈ એને શાંતિથી એક પછી એક બાબત સમજાવતા હતા. ચોથે દિવસે આ યુવાન રડી પડ્યો. એણે કહ્યું કે, 'હવે મને સમજાય છે કે જીવદયાની દૃષ્ટિએ અને ધર્મત્ત્વની દૃષ્ટિએ મારે માંસાહાર છોડવો જોઈએ.'

આફ્રિકા અને બ્રિટનમાં રમણભાઈ અને તારાબહેને જૈનદર્શન ઉપરાંત સમાજ, શિક્ષણ અને સાહિત્ય વિશે પણ પ્રવચનો આપ્યાં હતાં. જૈન સાહિત્ય અને સંશોધનના કાર્ય માટે ૧૯૮૪માં રમણભાઈને ઉપાધ્યાયશ્રી યશોવિજયજી સુવર્ણચંદ્રક તથા ૨૦૦૩માં સમદર્શી આચાર્ય હરિભદ્ર સુવર્ણચંદ્રક પ્રાપ્ત થયા હતા. એમણે બૌદ્ધધર્મનો પણ એટલો જ ઊંડો અભ્યાસ કર્યો હતો અને જાપાનની બૌદ્ધધર્મ સભાએ એમને વ્યાખ્યાન આપવા માટે જાપાન આવવાનું નિમંત્રણ આપ્યું હતું અને તેઓ જાપાન ગયા હતા.

રમણભાઈના જીવનમાં રસરુચિના ક્ષેત્રો બદલાતા રહ્યા, પહેલાં સર્જનાત્મક સાહિત્યના સર્જનમાં જે રસ હતો તે પાછલા વર્ષોમાં ધર્મતત્ત્વજ્ઞાનમાં વહેવા લાગ્યો.

ધર્મ અને તત્ત્વજ્ઞાન વિશે ગુજરાતી અને અંગ્રેજીમાં તેરથી પણ વધુ પુસ્તકો મળે છે. આ ઉપરાંત જીવનચરિત્ર, રેખાચરિત્ર અને એકાંકીઓ પણ એમણે લખ્યાં છે. મુંબઈ જૈન યુવક સંઘના પ્રમુખ ઉપરાંત 'પ્રબુદ્ધ જીવન'ના તેઓ તંત્રી હતા અને એ નિમિત્તે લખાયેલા લેખો 'જિનતત્ત્વ' (૧ થી ૮), 'વંદનીય હૃદયસ્પર્શ' (૧ થી ૩), પ્રભાવક સ્થવિરો' (૧ થી ૧૦) અને 'સાંપ્રત સહચિંતન' (૧ થી ૧૪)ને નામે પ્રકાશિત થયા. તેઓ પૂજ્ય જંબૂવિજયજી અને આચાર્ય પ્રદ્યુમ્નવિજયજી મહારાજ પાસે વાચના લેવા જતા હતા. ત્રણ કે ચાર દિવસ પૂજ્ય જંબૂવિજયજી મહારાજની નિશ્રામાં કોઈ ધર્મગ્રંથનો અભ્યાસ કરવામાં આવતો. રમણભાઈના માર્ગદર્શન હેઠળ પીએચ.ડી.ની પદવી મેળવનાર પ્રથમ સંશોધક ડૉ. સરયૂબહેન મહેતાએ 'શ્રીમદ્‌ની જીવનસિદ્ધિ' વિશે મહાનિબંધ લખ્યો અને એમના માર્ગદર્શન હેઠળ છેલ્લે તૈયાર થયેલો મહાનિબંધ પૂ. શ્રી રાકેશભાઈ ઝવેરીનો 'આત્મસિદ્ધિશાસ્ત્ર' પર છે. આમ પ્રારંભ અને સમાપન શ્રીમદ્ રાજચંદ્રજીના વિષય પરના સંશોધનથી થયો, પણ એ ઉપરાંત વિવિધ વિષયો પર વિદ્યાર્થીઓએ તેમના માર્ગદર્શન હેઠળ પીએચ.ડી.ની પદવી મેળવી, જેમાં ચંદરાજાનો રાસ, ખંડકાવ્ય, સ્વામીનારાયણ સંપ્રદાય કે ભગવદ્‌ગીતા વિશે તૈયાર કરાવેલા મહાનિબંધોનો સમાવેશ થાય છે. તેઓ શોધાર્થીઓ માટે અઠવાડિયામાં એક દિવસ મુકરર કરી રાખતા. એક વિદ્યાર્થી આવે ને એ જાય એટલે બીજો વિદ્યાર્થી આવે. જાણે પીએચ.ડી.ના વર્ગો ચાલતા હોય! મુંબઈમાં જૈનદર્શનના વિષયો લઈને જહેમતપૂર્વક મહાનિબંધ લખવાનું કાર્ય અત્યારે ખૂબ વેગથી ચાલી રહ્યું છે એના પ્રણેતા રમણભાઈ ગણાય.

રમણભાઈના સાહિત્ય વિવેચન વિષયક ગ્રંથોના નામ પણ લાક્ષણિક રહેતા. એમના પ્રથમ વિવેચન સંગ્રહનું નામ 'પડિલેહા' છે. પ્રાકૃતભાષાના આ પારિભાષિક શબ્દનો અર્થ છે, સ્વતંત્ર દૃષ્ટિથી ઝીણવટપૂર્વક અભ્યાસ કરવો. એ જ રીતે એમનો બીજો વિવેચન સંગ્રહ 'બંગાકુ-શુમિ' જાપાની ભાષાના આ શબ્દનો અર્થ થાય છે સાહિત્યમાં અભિરુચિ. એમણે એમના ત્રીજા વિવેચન ગ્રંથનું નામ લેખકે રશિયન ભાષાના શબ્દ પરથી 'ક્રિતિકા' રાખ્યું છે.

રમણભાઈના અવસાનના સમાચાર ડલાસમાં રહેતા મારા પુત્ર નીરવને આપ્યા ત્યારે એણે રમણભાઈએ બાળપણમાં કરેલી માછલીની વાતનું સ્મરણ કર્યું. રમણભાઈ બાળકો સાથે જાતજાતની વાતો કરતા, મજા કરતા અને બાળકો પણ તેમના આવવાની વાટ જોતા. આવા રમણભાઈ અમદાવાદમાં આવે ત્યારે મારે ત્યાં ઉતરતા. એ સમયે અમદાવાદના ઘણા સાક્ષરો એમને મળવા આવતા. ક્યારેક ઘેર નાની સાહિત્ય પરિષદ ભરાઈ જતી.

આગામી ત્રીજી ડિસેમ્બરે રમણભાઈ એંસીમા વર્ષમાં પ્રવેશ કરવાના હતા. પણ તેઓ હંમેશાં એમ કહેતા કે જે કંઈ વાચ્યું-લખ્યું, તેનો મને પરમ સંતોષ છે. સીત્તેર વર્ષ પછીનું જીવન એ 'બોનસ' જ ગણાય. તેઓ એમના અંતિમ છેલ્લા બે દિવસ હૉસ્પિટલમાં હતા. બીજા દિવસે એમની તબિયત સુધારા પર હતી. કુટુંબના સહુ સભ્યોને એમણે કહ્યું કે આજે કુટુંબના વડીલ તરીકે તમને કહું છું કે બધા સંપથી રહેજો. આટલું કહીને તેઓ મોટેથી ત્રણ વાર નમસ્કાર મહામંત્ર બોલ્યા. ૨૪મીની વહેલી સવારે બે વાગ્યે એમણે ભગવાન મહાવીરનાં આવેલાં સ્વપ્નની વાત કરી અને ૩-૫૦ મિનિટે દેહ છોડ્યો.

આવા રમણભાઈના અવસાનથી જૈન સમાજે એક જીવંત ચેતનગ્રંથ ગુમાવ્યો છે. ગુજરાતી સાહિત્યએ અનેક દેશોનો પ્રવાસ ખેડનાર લેખકને વિદાય આપી છે અને અંગત રીતે મેં મારા પરિવારના મોભી ગુમાવ્યા છે.

❖❖❖

# શ્રદ્ધાંજલિ સંદેશા

**આચાર્ય યશોદેવસૂરિ તથા મુનિ જયભદ્રવિજય તરફથી.**

દેવગુરુ ભક્તિકારક ધર્માત્મા, ભક્તિવંત શ્રી તારાબેન તથા તેમના પરિવાર યોગ્ય ધર્મલાભ.

દેવગુરુ ભક્તિકારક ધર્માત્મા, ભક્તિવંત સુશ્રાવક શ્રી રમણભાઇના અચાનક થયેલા અવસાનના સમાચાર સાંભળી અત્યંત દુઃખ થયું.

તેઓ મારા ધર્મ–મિત્ર હતા. તેઓ આટલા જલ્દી ચાલ્યા જશે તેવી ધારણા ન હતી. તેમના હાથે ઘણાં કાર્યો કરાવવાનાં હતાં.

તેમના જીવન માટે તેમના માસિકનું નામ જ સાર્થક લાગે છે. તેઓ વરસોથી 'પ્રબુદ્ધ જીવન' માસિકના તંત્રી હતા. તેવું જ તેમનું પ્રબુદ્ધ જીવન હતું. તેઓ હંમેશાં આત્મા પ્રતિ જાગૃત હતા. તેમના જીવનમાં અધ્યાત્મનો ખજાનો હતો તેથી તેમનાં જીવનમાં અને તેમનાં સંપર્કમાં આવતી વ્યક્તિઓનું જીવન પ્રબુદ્ધ થતું.

આવી ગૃહસ્થ સાધુ જેવી વ્યક્તિએ પોતાના જીવનમાં ધન કરતાં ધર્મને પરાધાન્ય આપ્યું હતું તેથી તેઓનું મન વ્યાપારિકને બદલે વ્યવહારિક હતું. પોતાના આ વ્યવહારિક મનને તેમણે જ્ઞાનના માર્ગે જોડી એવો જ્ઞાનયજ્ઞ માંડ્યો કે હર સાલ એક પુસ્તક પ્રગટ થતું. ફક્ત ધાર્મિક નહીં વ્યવહારિક જ્ઞાન ખીલે, વ્યક્તિ કુશળ બને તેવું મૌલિક લખાણ તેમનું થતું. ભવિષ્યની પ્રજા તેમના આ જ્ઞાન માટે તેમને હંમેશા યાદ કરશે. તેમનાં હાથ નીચે તૈયાર થયેલી વ્યક્તિઓને તેમની ખોટ સતત સાલશે.

તેઓ જે કાર્યનો આરંભ કરતાં તે કાર્ય પૂર્ણ થાય ત્યાં સુધી તેઓ અન્ય કાર્યને લેતા નહીં અને તેથી તેમનું કાર્ય જલ્દી પૂર્ણતાને પામતું.

પૂ. ઉપાધ્યાય શ્રી યશોવિજયજી મ.સા.નો છેલ્લો ગ્રન્થ જ્ઞાનસાર હતો. તેમ શ્રી રમણભાઈનું છેલ્લું પુસ્તક જ્ઞાનસાર અનુવાદ છે એ પણ એક યોગાનુયોગ છે.

શ્રી રમણભાઈ જે આ સુંદર જ્ઞાનસેવા કરી શક્યા તેનો બધો યશ તેમના સહધર્મચારિણી, ધર્માત્મા, ધર્મપત્ની, શ્રી તારાબેનને જાય છે. તેમનાં સુંદર સહકાર વિના આવું કાર્ય થવું અશક્ય છે. તેમના સુંદર સહકારથી રમણભાઈ આવું સુંદર કાર્ય કરી શક્યા છે. તેમની સુપુત્રી શ્રી શૈલેજા, પુત્ર અમિતાભ અને પરિવારે પણ તેમના જ્ઞાનયજ્ઞની પ્રવૃત્તિમાં સુંદર સાથ દાખવ્યો છે.

તેમના જવાથી મને–તમને–સૌને ખૂબ ખોટ પડી છે. તેમની યાદ હંમેશાં આવ્યા કરશે. તેમનો આત્મા જ્યાં ગયો હોય ત્યાં પરમ શાંતિને પામે તેવી શુભકામના.

**–યશોદેવસૂરિ. દ. મુનિ જયભદ્રવિજય**

x x x

**અચલગચ્છાધિપતિ પ. પૂ. આ. ભ. શ્રી ગુણસાગરસૂરિજી મ.ના વિનેયમુનિ સર્વોદયસાગર તરફથી.**

**જૈન સાહિત્યના મુર્ધન્ય સિતારા**

શ્રીમાન રમણલાલ ચી. શાહની અચાનક વિદાયથી આપણે એક શ્રેષ્ઠ સાહિત્યકારને ખોયો છે. જેઓએ અચલગચ્છના સુસાધ્વી શ્રી મોક્ષગુણાશ્રીજીને Ph.D. માટે પાંચ વર્ષ સુધી સુંદર માર્ગદર્શન આપેલ. વર્ષોથી પ્રબુદ્ધ જીવનમાં સંકળાયેલા રહ્યા. પ્રભુ એમના આત્માને શીઘ્ર મોક્ષગામી બનાવે. એ જ

**–સર્વોદય સાગર**

x x x

વિદ્વદ્વર્ય જૈન ધર્મના અનન્ય ઉપાસક શ્રી રમણભાઇના સ્વર્ગવાસના સમાચાર સાંભળી હૃદય એક ધબકારો ચૂકી ગયું. આવા મહાન આત્માની તો શી પ્રશંસા કરવી ? પરંતુ રમણભાઈ તેમના ગુણોથી આપણા સહુની વચ્ચે અમર થઈ ગયા.

તેઓના માર્ગદર્શન હેઠળ ઘણાં સાધ્વીજી ભગવંતોએ Ph.D. કર્યું. તેઓ આગવી સૂઝ ધરાવતા હતા. જૈન ધર્મના મજીઠીયા રંગે લોકોને રંગી તેમણે શાસન સેવાના અપૂર્વ કાર્યો કર્યા છે. ભગવાન મહાવીરની જયપતાકા લહેરાવી તેઓએ જૈન ઇતિહાસને પુનર્જિવીત કર્યો છે. તમો સહુ ખૂબ સમતા રાખજો. ધર્મના ભાવમાં રહેજો. રમણભાઈ ખૂબ સરસ જીવન જીવી ગયા. તમો પણ તેમના પગલે ચાલી ખૂબ સમભાવ રાખજો.

**ગોંડલ સંપ્રદાયના હીરાબાઈ મ., સ્મિતાબાઈ મ. મુંબઈ**

x x x

આજે વાલકેશ્વર ઉપાશ્રયેથી રમણભાઇના અવસાનના સમાચાર આવ્યા. જે વાત સાંભળવા કાન તૈયાર ન હતા. મગજ મૂઢ જેવું થઈ ગયું, બુદ્ધિ બુઠી બની ગઈ. પણ ઘણી મથામણને અંતે મને બધાને સમજાવ્યા ને જે ઘટના બની છે તે સત્ય છે. તેવું કબૂલ કર્યું.

ખરેખર આજે સાહિત્ય જગતનો એક સિતારો ખરી પડ્યો. સાહિત્યના સર્જનહારનું દેહવિસર્જન થઈ ગયું.

તેઓશ્રીએ જૈન સિદ્ધાંતો જીભને ટેરવે નહીં પણ જીવનમાં ઉતાર્યા હતા. તેમના શ્વાસે શ્વાસમાં અરિહંત ભક્તિનો ગુંજારવ હતો. પૂજાના ડ્રેસમાં રમણભાઈ ખરેખર અરિહંત ભક્ત લાગતા હતા.

મને તેમણે Ph.D. એક દીકરીને કરાવે તે રીતે કરાવ્યું છે.

શ્રી રમણભાઈ વ્યક્તિ રૂપે ભલે આપણી વચ્ચે નથી પણ તેઓશ્રીનું વ્યક્તિત્વ સૌના દિલ–દિમાગમાં અમર રહેશે.

આપની મહાનતાના ગીત ગાતા જીભ પણ ટૂંકી પડે છે. શબ્દો શોધવા પડે છે. કારણ કે મહાજ્ઞાની શ્રી રાકેશભાઈને Ph.D. કરાવી આપે તો આપના જીવનમાં કલગી લગાવી દીધી છે.

આપે તો વિનયથી વિદ્યાદેવીને વશ કરી લીધી હતી. સ્વર્ગસ્થ શ્રીમાન રમણભાઇનો આત્મા જ્યાં હોય ત્યાં શાંતિ–સમાધિ પામે.

**–ગોંડલ સંપ્રદાયના ડૉ. જશુબાઈ સ્વામી, ઠા. સર્વેની ભાવાંજલિ**

x x x

આજે જ તત્ત્વચિંતક ડૉ. રમણભાઈ શાહના સ્વર્ગવાસ થયાના સમાચાર મળ્યા. સાંભળતાં જ આત્મિયભાવને કારણે લાગણીને ઠેસ લાગી કે શું રમણભાઈ ચાલ્યા ગયા !

રમણભાઇના જવાથી સારાયે જૈન સમાજને, બોમ્બે યુનિવર્સિટીને એક તત્ત્વજ્ઞાનીની, દીર્ઘદૃષ્ટા વિદ્વાનની, વિચક્ષણ અનુભવીની, સરસ્વતીપુત્રની, ન પૂરી શકાય તેવી ખોટ પડી ગઈ. રમણભાઇની સરળતા, સમન્વયદૃષ્ટિ, સૂઝ, બૂઝ, સાહિત્યના પ્રત્યેક અંગોને સ્પર્શતી તેમની વિચારશૈલી, લેખનશૈલી અદ્ભુત હતી. તે હવે ક્યાં મળશે ? પ્રત્યેક જિજ્ઞાસુ સ્નાતકને તેમની જિજ્ઞાસા પ્રમાણે સમજાવવાની શૈલી, વિષયને આરપાર સમજાવી આત્મસાત્ કરાવવાની આવડત અજબ ગજબની હતી.

મને Ph.D. કરવા માટેના વિષયની પસંદગીથી લઇને, ગાઇડ –બળવંતભાઈ જાનીને ભલામણ કરી થિસિસ પૂરો કરાવવામાં જે તેઓએ સહાય કરી છે તે ક્યારેય ભૂલાશે નહિ.

રમણભાઈ સદા જાગૃત, આત્મભાવમાં રહેતા. તેઓએ જીવનભર જ્ઞાનની ઉપાસના કરી, અનેક આત્માઓને કરાવી આત્મિક કમાણી કરીને ગયા છે. તેઓશ્રી પરમાત્માના જ્ઞાનને સ્વયંના પુરુષાર્થથી, સ્વની જાગરુકતાએ સૌને સમજાવવાનો પ્રયત્ન કરતા એ જ્ઞાનગુણનો એકાદ અંશ પણ આપણા જીવનમાં આત્મઉજાગર દશામાં સહાયભૂત બને એ જ અંતરભાવના.

**–એ જ પૂ. મુક્તાબાઈ સ્વામીની આજ્ઞાથી સાધ્વી ડોલર**

x x x

સમવેદના સહ લખવાનું કે–પ્રો. રમણભાઈ ચી. શાહના દેહ વિલયના સમાચાર મુંબઈ સમાચારમાં વાંચીને આઘાત અનુભવ્યો.

તેઓ એક પ્રબુદ્ધ પુરુષ હતા. તેમના મૃત્યુની ઘટનાને પંડિત મરણ જ કહી શકાય, કારણ જ્ઞાનીઓએ બે મરણ બતાવ્યાં છે તેવું બાળમરણ અજ્ઞાનીનું હોય છે પરંતુ પ્રજ્ઞાવાન, પ્રબુદ્ધ જીવોનું મરણ પંડિત મરણ કહેવાય છે. આ એક વિરલ ઘટના જ કહી શકાય કે–તેમણે લખેલું વાક્ય કેટલું બધું અર્થસૂચક છે, 'અમે 'ઘર' બદલ્યું છે. નવું સરનામું નોંધી લેશો.'

ચોક્કસ તેમને તેમની વિદાય વેળાની પ્રતીતિ થઈ હશે જ.

મેં તેમને મલ્લિનાથ ભગવાનના લેખ સંદર્ભે પત્ર લખેલો–તેમણે તેના

જવાબમાં ઉપરના–ઉદ્‌ગારો રજૂ કર્યા છે.

**લિ. મૃગેન્દ્ર વિજયના ધર્મલાભ**

x x x

મુંબઈ વિદ્યાપીઠમાં ગુજરાતી વિભાગના અધ્યક્ષ તરીકે ઇ. સ. ૧૯૭૦ થી ૧૯૮૬ સુધી કાર્યરત રહી પોતાની સંનિષ્ઠ અધ્યાપન પ્રવૃત્તિ આદરનાર સાહિત્યમર્મજ્ઞ વિદ્વાન પ્રો. ડૉ. રમણલાલ શાહના તા. ૨૪–૧૦–૨૦૦૫ના રોજ થયેલ દુઃખદ અવસાન બદલ મુંબઈ વિદ્યાપીઠ–ગુજરાતી વિભાગના શૈક્ષણિક–બિન શૈક્ષણિક કર્મચારીગણ ઊંડા દુઃખની લાગણી અનુભવે છે અને સ્વર્ગસ્થના આત્માને શાંતિ મળે તેવી પરમકૃપાળુ પરમાત્માને પ્રાર્થના કરે છે.

સ્વર્ગસ્થના આત્માને ભાવભીની શ્રદ્ધાંજલિ !

**ડૉ. રતિલાલ રોહિત, ડૉ. ઉર્વશી પંડ્યા, ડૉ. નિતીન મહેતા, શ્રીમતી આરતી ડોંગરેકર, શ્રી મધુભાઈ તાંબોલી ડિપાર્ટમેન્ટ ઓફ ગુજરાતી મુંબઈ યુનિવર્સિટી**

x x x

**એક બહુમુખી વ્યક્તિત્વની ચિરવિદાય**

છેલ્લા લગભગ પાંચ દાયકાથી સાહિત્ય, જૈન પત્રકારત્વ, જૈન તત્ત્વજ્ઞાન અને મુંબઈ જૈન યુવક સંઘ, 'પ્રબુદ્ધ જીવન'ના પ્રકાશનમાં તથા જૈન ધર્મનાં ઉચ્ચ શિક્ષણમાં જેમનો સિંહફાળો હતો તેવા આદ. મુરબ્બી શ્રી રમણભાઈ ચી. શાહની ચિરવિદાયથી સમસ્ત સંસ્કારપ્રેમી સમાજને અને મુંબઈ જૈન સમાજમાં એક અપૂરણીય ક્ષતિ ઉભી થઈ છે. ઇ. સ. ૧૯૮૧ માં કોબાની સંસ્થાના ખાતમુહૂર્તની વેળાએ, સર્વશ્રી ચી. ચ. શાહ અને દુર્લભજીભાઈ ખેતાણી સાથે તેઓ હાજર હતા અને ત્યાર પછી મુંબઈ, સાયલા, પાલીતાણા અને ધરમપુર મુકામે તેઓનો પણ સમાગમ રહ્યો.

તેમના બહુમુખી વ્યક્તિત્વમાંથી નવી પેઢી પ્રેરણા પ્રાપ્ત કરીને જીવનને ઉન્નત બનાવે તે જ તેમની સાચી શ્રદ્ધાંજલિ ગણી શકાય.

ૐ શાંતિ ૐ શાંતિ

**–પરમ શ્રદ્ધેય સંતશ્રી આત્માનંદજી**

x x x

તા. ૨૭–૧૦–૨૦૦૫ ના રોજ મળેલ સંસ્થાની વ્યવસ્થાપક સમિતિની સભાએ આ સંસ્થાના ભૂતપૂર્વ વિદ્યાર્થી, મંત્રી, પેટ્રન અને દાતાશ્રી ડૉ. રમણલાલ ચી. શાહના તા. ૨૪–૧૦–૨૦૦૫ના રોજ થયેલ દુઃખદ અવસાનથી પસાર કરેલ શ્રદ્ધાંજલિ ઠરાવ.

આ સંસ્થાના ભૂતપૂર્વ વિદ્યાર્થી, ભૂતપૂર્વ મંત્રી, પેટ્રન અને દાતાશ્રી ડૉ. રમણલાલ ચી. શાહના તા. ૨૪–૧૦–૨૦૦૫ના રોજ થયેલ દુઃખદ અવસાનથી આજરોજ મળેલ સભા ઘેરા શોકની લાગણી અનુભવે છે. સદ્‌ગત આ સંસ્થાના ભૂતપૂર્વ વિદ્યાર્થી હતા અને તેનો તેઓ ગર્વ અનુભવતા હતા. તેમના જીવનની પ્રગતિમાં સંસ્થાનો મોટો ફાળો રહ્યો છે અને સંસ્થા પ્રત્યેનું ઋણ અદા કરવા સદાયે તત્પર એવા ડૉ. રમણલાલ ચી. શાહ સંસ્થા પ્રત્યેનું ઋણ અદા કરવાની દૃષ્ટિએ તેમના માતુશ્રી–પિતાશ્રીના નામે બે ટ્રસ્ટ યોજના તથા વિદ્યાલયના વિદ્યાર્થીઓને પ્રતિ વર્ષ સુવર્ણચંદ્રક અને રૌપ્યચંદ્રક આપવાની ભાવનાથી રૂા. ૪,૦૦,૦૦૦/– જેવી માતબર રકમ સંસ્થાને દાનમાં આપેલ છે.

વિદ્યાલયના વિદ્યાર્થીઓ/વિદ્યાર્થિનીઓના ધાર્મિક શિક્ષણની શ્રેણી–૧ થી શ્રેણી–૪ સુધીનો અભ્યાસક્રમ તૈયાર કરવામાં ખૂબ જ જહેમત ઉઠાવેલ છે.

સંસ્થાની સાહિત્યને લગતી પ્રવૃત્તિઓમાં આજ દિન સુધીમાં જુદા જુદા સ્થળે ૧૭ જૈન સાહિત્ય સમારોહ યોજવામાં આવેલ, તેના તેઓશ્રી સંવાહક હતા અને તેનું તેઓએ સફળ સંચાલન કરેલ છે અને જૈન સાહિત્યની પ્રવૃત્તિને વેગ આપેલ છે અને તેમાં તેમની વિદ્વતાના પણ દર્શન થાય છે. તેઓશ્રીએ જૈનસાહિત્ય પર ઘણા લેખો લખ્યા છે અને ઘણા પુસ્તકો પણ લખેલ છે. અન્ય સંસ્થાઓની પ્રવૃત્તિમાં પણ સંકળાયેલા હતા. તેઓશ્રી ધર્માનુરાગી, ઉદાર દિલ અને કોઈને માટે કંઈક કરી છૂટવાની ભાવના ધરાવતા હતા. તેઓના અવસાનથી આ સંસ્થાને, સમાજની અન્ય સંસ્થાઓને અને તેમના પરિવારને કદી ન પૂરાય તેવી ખોટ પડી છે.

આજરોજ મળેલ સભા તેમના પવિત્ર આત્માને પરમ શાંતિ મળે તેવી પરમ કૃપાળુ પરમાત્માને પ્રાર્થના કરી ભાવભરી શ્રદ્ધાંજલિ અર્પે છે.

**–દીપચંદ એસ. ગાર્ડી–પ્રમુખ**
**શ્રી મહાવીર જૈન વિદ્યાલય**

x x x

આપણી ભાષાના અગ્રણી અભ્યાસી, સંશોધક, વિવેચક, સંપાદક, વિદ્યાનિષ્ઠ અને વિદ્યાર્થીપ્રિય પ્રાધ્યાપક ડૉ. રમણલાલ ચીમનલાલ શાહના અવસાનથી વિદ્યાજગતને મોટી ખોટ પડી છે. વિદ્યા અને ધર્મની ઉપાસનાને વરેલું તેમનું જીવન એક અખંડ યજ્ઞ સમાન હતું. ૭૯ વર્ષના આયુષ્યમાં તેમણે સંખ્યાબંધ પુસ્તકો પ્રગટ કર્યાં હતાં. પણ અપરિગ્રહના આદર્શને અપનાવીને તેમણે પોતાનાં તમામ પુસ્તકોના કોપીરાઇટનું વિસર્જન કર્યું હતું. સેન્ટ ઝેવિયર્સ કૉલેજમાં અને પછીથી મુંબઈ યુનિવર્સિટીમાં તેમની પાસે અભ્યાસ કરનારા અસંખ્ય વિદ્યાર્થીઓના તેઓ માત્ર માનીતા પ્રાધ્યાપક જ નહોતા, પણ તેઓ દરેક વિદ્યાર્થીના આપ્તજન બની રહેતા.

તેમની પાસે એક વાર અભ્યાસ કરનાર તેમને ક્યારેય ભૂલી ન શકે એવું પ્રેમાળ તેમનું વ્યક્તિત્વ હતું.

તેઓ ફાર્બસ ગુજરાતી સભાના પ્રમુખ હતા ત્યારે, અને એ સિવાય પણ સભાની પ્રવૃત્તિઓમાં રસ લઈ યોગ્ય માર્ગદર્શન આપતા. સભા સાથેના તેમના લાંબા અને સક્રિય સંબંધને કારણે અમારા સૌના મનમાં તેમને માટે સવિશેષ સ્નેહાદર હતાં.

આ આઘાત સહન કરવાનું બળ મળે એવી પ્રાર્થના સાથે ફાર્બસ ગુજરાતી સભા આ ઠરાવ દ્વારા ઊંડા શોકની લાગણી વ્યક્ત કરે છે.

ફા.ગુ.સભાનાટ્રસ્ટીઓ અને કારોબારી સમિતિના સભ્યો વતી

**–દીપક મહેતા**

x x x

જૈન સાહિત્ય–પ્રાચીન મધ્યકાલીન સાહિત્યના ઊંડા અભ્યાસી અને આંતરરાષ્ટ્રીય ખ્યાતિ ધરાવનાર સંશોધક–ચિંતક રમણલાલ ચી. શાહનું તાજેતરમાં મુંબઈ ખાતે દુઃખદ અવસાન થયાના સમાચારથી મેં ઊંડું દુઃખ અનુભવ્યું. સૌરાષ્ટ્ર યુનિવર્સિટી ભવનનાં તમામ અધ્યાપકો, વિદ્યાર્થીઓ અને કર્મચારીઓ ઊંડા શોક અને આઘાતની લાગણી અનુભવે છે.

રમણલાલ ચી. શાહે વર્ષો સુધી એકનિષ્ઠભાવે સાહિત્યની આરાધના કરી છે. તેઓએ આજીવન પોતાની લેખનપ્રવૃત્તિ અવિરતપણે ચાલુ રાખીને શતાધિક પુસ્તકો દ્વારા ગુજરાતી સમાજ અને સાહિત્યની બહુમુલ્ય સેવા કરી છે.

આજે તેઓ આપણી વચ્ચે ક્ષરદેહે નથી, પરંતુ તેઓ અક્ષરદેહે અને સેવાકાર્યથી ચિરંજીવી રહેશે. તેમનું જીવનકાર્ય ભાવિ પેઢીને સતત પ્રેરણા પૂરી પાડતું રહેશે.

ઇશ્વર સદ્‌ગતના આત્માને ચિરઃશાંતિ અર્પે અને તેમના પરિવારજનોને આઘાત સહન કરવાની શક્તિ આપે તેવી અભ્યર્થના સહ.

**–ડૉ. બળવંત જાની**

પ્રાધ્યાપક અને અધ્યક્ષગુજરાતી ભાષા સાહિત્ય ભવન સૌ.યુનિ. રાજકોટ

x x x

ગુજરાતી અને જૈન સાહિત્યના વિદ્વાન, શિક્ષક, લેખક અને તત્ત્વચિંતક ડૉ. રમણલાલ ચીમનલાલ શાહે 'પ્રબુદ્ધ જીવન'ના તંત્રી તરીકે પત્રકારત્વની પોતાની આગવી શૈલીના દર્શન કરાવ્યા.

ડૉ. શાહની ચિર વિદાય વિશિષ્ટ પત્રકારત્વ જગતને મોટી ખોટ છે. મુંબઈ ગુજરાતી પત્રકાર સંઘ એક બહુમુખી પ્રતિભાવાન પત્રકારના નિધનથી શોક સંતપ્ત છે.

**કેસરસિંહ ખોના**, પ્રમુખ મુંબઈ, ગુજરાતી પત્રકાર સંઘ વતી

x x x

શ્રી રમણભાઈએ આ મંડળના પ્રમુખ અને ટ્રસ્ટી તરીકે ઘણાં વર્ષો સુધી યશસ્વી અને કિંમતી સેવા આપેલ છે. જૈન સાહિત્યના એક સમર્થ અભ્યાસી, વિવેચક અને વિદ્વાન લેખક હતા. યોગનિષ્ઠ આચાર્ય બુદ્ધિસાગર રચિત સાહિત્યને આ મંડળ દ્વારા પ્રગટ કરવામાં એઓશ્રીએ ઉત્તમ કોટીનો ફાળો

આપેલ છે. તેમના અવસાનથી આ મંડળે એક સંનિષ્ઠ તારો ગુમાવેલ છે.

મારા પરમ મિત્ર હતા. તેમની સાથે કામ કરવામાં ઘણું માર્ગદર્શન મળતું હતું. મારી નાદુરસ્ત તબીયતને કારણે ઘણી ઇચ્છા હોવા છતાં પ્રાર્થના સભામાં હાજરી આપી શકતો નથી.

**ગૌતમલાલ ચી. શાહ**, ઉપપ્રમુખ
**પ્રદ્યુમનભાઈ ભાંખરીયા**, માનદ્ મંત્રી
શ્રી આધ્યાત્મ જ્ઞાન પ્રચારક મંડળ–મુંબઈ

x x x

મૂર્ધન્ય સાહિત્યકાર, ધર્મપ્રેમી, માનવપ્રેમી વંદનીય રમણભાઇના હરિચરણ જવાના સમાચાર મળ્યા. ઘેરા શોકની લાગણી અનુભવી. બાળાઓએ પ્રાર્થનાસભામાં મૌન પાળી, નવકાર મંત્રોચ્ચાર કરી શ્રદ્ધાંજલિ અર્પી.

યુવક સંઘના નેજા હેઠળ અનેક સંસ્થાઓને અને તેના કાર્યકર્તાઓને તેમણે પ્રોત્સાહિત કરેલ છે. પ્રોત્સાહનના કારણે અનેક કાર્યકર્તાઓ પોતાના કાર્યોને સુંદર ઓપ આપી શક્યા છે. નાના–નાના ગામડામાં જઇને પણ તેમણે સેવાના દીપને પ્રજ્વલિત રાખ્યો છે. તેમની વાણી અને જ્ઞાન ખૂબ જ વિચારશીલ અને સમાજ ઉપયોગી હતું. મુંબઈ વ્યાખ્યાનમાળામાં આવતા ત્યારે તેમનું હૈયું, મન સૌને ઉમળકાભેર આવકારતું. તેમણે સમાજને, ધર્મને, પરિવારને સાચા અર્થમાં સાક્ષર બનાવવા અથાગ પ્રયત્ન કરેલ છે. આવા વિરલ વિભૂતિની આપણને ખોટ વર્તાશે. પ્રભુ સદ્ગતના આત્માને શાંતિ અર્પે અને તેમના પરિવારને આ સનાતન સત્યને સ્વીકારવાની તાકાત આપે તેવી પ્રાર્થના.

લિ. **મંથન પરિવાર : નિરૂબેનના જય જિનેન્દ્ર**

x x x

ડૉ. રમણલાલ શાહના અવસાનથી આપ સર્વને તથા મુંબઈ જૈન સંઘ આદિને કદી પણ ન પૂરી શકાય એવી બહુ ભારે ખોટ પડી છે. તેઓશ્રીએ અનેક રીતે જે સેવા કરી છે તેનો જોટો સમાજમાં મળે તેમ નથી. તેઓશ્રીને મારા પ્રત્યે અનન્ય લાગણી હતી. ખાસ કરીને હું અને મારા પત્ની–બન્ને સાહિત્ય સંમેલનમાં જરૂર આવતા અને તેઓશ્રી ખૂબ જ સદ્ભાવ રાખતા હતા. એ બધો એમનો ઉપકાર હું ક્યારેય ભૂલી શકીશ નહિ. હું કુમારપાળભાઈ દેસાઈ વ.ની સાથે આપને ત્યાં આવેલ. તે વખતે એમની સાથે ઘણી સારી વાતો થઈ હતી. તેમણે મને 'જ્ઞાનસાર' ગ્રંથ ખાસ આપ્યો હતો.

શારીરિક અનેક તકલીફોમાં પણ સ્થિર આસને બેસીને જે લેખન આદિ સતત કરી રહ્યા હતા તે જોઇને ઘણું આશ્ચર્ય થયું હતું. અને 'અહોભાવ' પ્રગટ્યો હતો.

જૈન ધાર્મિક શિક્ષણ સંઘ તરફથી તેઓશ્રીને 'શ્રદ્ધાંજલિ' અર્પું છું.

લિ. તેમનો ગુણાનુરાગી **ચીમનલાલ પાલીતાણાકરના પ્રણામ**

x x x

શ્રદ્ધેય શ્રી રમણભાઇના અવસાનના સમાચાર જાણી અત્યંત દુઃખ થયેલ છે. મને ધર્મ પ્રત્યે અભુરિચી જગાડવામાં એમનો મહત્ત્વનો ફાળો હતો. એ આત્માનો ઋણી છું. થોડાંક વર્ષોથી મુલાકાત થઈ ન હતી. જ્યારે પણ મળવાનું થાય ત્યારે મમતાપૂર્વક મારી શંકાઓનું સમાધાન આપતા. એ પુનિત આત્માના અનંતગુણોની સુવાસ મારા હૃદયમાં સદૈવ–સર્વદા રહેશે. એમનું જીવન સાદગી–સરળ અને સમતાથી ભરેલું હતું.

પરમાત્માને એ જ પ્રાર્થના કે એમના આત્માને ચિરશાંતિ બક્ષે.

લિ. **અભય લાલન-ભાનુ લાલન** (અહિંસા મહાસંઘ–મુંબઈ.)

x x x

ડૉ. રમણલાલ ચીમનલાલ શાહના સોમવાર તા. ૨૪-૧૦–૨૦૦૫ના રોજ સ્વર્ગવાસ થયાનાં સમાચાર વાંચ્યા જાણી ઘણું જ દુઃખ થયું છે. તેઓ સેન્ટ ઝેવિયર્સમાં લાંબા સમય સુધી પ્રાધ્યાપક રહ્યા હતા. શ્રી મુંબઈ જૈન યુવક સંઘના પ્રમુખ તરીકે તથા પ્રબુદ્ધ જીવનમાં તંત્રી તરીકે ઘણા લાંબા સમય સુધી સેવા આપી હતી. તેઓએ પોતાની આગવી શૈલીથી ઘણા પુસ્તકોનું સર્જન કર્યું હતું.

આવા જૈન અગ્રણીની ખોટ સમાજને પડી છે.

સદ્ગતના આત્માને શાંતિ પ્રાર્થીએ છીએ.

**સરિતા મહેતા**, સેક્રેટરી, શ્રી વ. સ્થા.જૈન શ્રાવક સંઘ

x x x

તા. ૨૫–૧૦–૨૦૦૫, મંગળની સાંજે શ્રી ધનવંતભાઇએ દુઃખદ સમાચાર આપ્યા...ક્ષણભર તો ડઘાઈ ગયો.

રમણભાઈ મારા કેવડા મોટા મિત્ર હતા એ અમો બે જ જાણીએ. પ્રીતિ–યોગ્ય પરસ્પર !

એ એટલું બધું સારું, શુદ્ધ, પરોપકારી જીવન જીવ્યા છે કે શોક કર્યાનો કશો જ અર્થ નથી.

**રણજીતભાઈ પટેલ 'અનામી'**, વડોદરા

x x x

આત્મીય શ્રી રમણભાઇના અવસાનથી ઘણું દુઃખ થયું છે. ૧૯૪૭ થી આજદિવસ સુધી, શ્રી રમણભાઈ મારા એક વડીલ સ્વજન હતા. મુંબઈ જ્યારે પણ આવું ત્યારે તેમને મળવું મારા માટે એક પ્રશાંત વિસામો હતાં.

'પ્રબુદ્ધ જીવન' એ એક મહાપ્રાજ્ઞ પ્રબુદ્ધશ્રાવક ગુમાવ્યા. તેમની જૈન સાહિત્ય અને જૈન શ્રુતજ્ઞાનની સેવા અજોડ હતી.

મુંબઈ જૈન યુવક સંઘને, મુ. શ્રી ચીમનલાલ ચકુભાઈ પછી એક નવી ઊંચાઇએ લઈ જવામાં તેમનો સિંહફાળો હતો. વ્યાખ્યાનમાળામાં તેમની નિશ્રા ભૂલી ન શકાય તેવી હતી.

તેમની યાદ હરહંમેશ અવિસ્મરણિય બની રહેશે.

મારા તરફથી, પરિવાર તરફથી તથા અહીં ઘણાં ઘણાં મિત્રો તરફથી અંતઃકરણપૂર્વકની શ્રદ્ધાંજલિ સ્વીકારશો.

**–શશીકાંત મહેતાના પ્રણામ**, રાજકોટ

x x x

પૂ. રમણભાઈ ચી. શાહના દેહાવસાનના સમાચાર જાણી આઘાત સાથે દુઃખની લાગણી અનુભવી.

જૈન શાસનના એક મૂર્ધન્ય દાર્શનિક અને તત્ત્વવિદ્ની વિદાયથી અધ્યાત્મક્ષણે રાંક બનેલ છે. જૈનદર્શન અને જૈનધર્મ સંબંધી ગહન તત્ત્વોને તેમણે સુગમ અને સુલભબોધિ શૈલીથી પ્રસ્તુતિ કરી જૈન સમાજની આધુનિક પેઢી ઉપર મહદ્ ઉપકાર કરેલ છે. ધર્મના તત્ત્વ ઉપરાંત ધર્મસાશકોના ચરિત્ર પ્રભાવક સ્થવિરોની જીવનશ્રેણીનું આલેખન ઉપકારણીય રહેશે. અમર ઉપાધ્યાય શ્રી યશોવિજયજી મહારાજના 'જ્ઞાનસાર' અને 'અધ્યાત્મસાર' જેવા બહુમૂલ્ય જ્ઞાનગંભીર ગ્રંથોના વિતરણ સાથેના અનુવાદનું કાર્ય એ અધ્યાત્મજગતના જિજ્ઞાસુઓ અને અભ્યાસુઓ પરનો બહુ મોટો ઉપકાર છે.

આ ઉપરાંત ગચ્છ, મત, વાડા કે ફિરકાભેદથી પર પરમાર્થ સાથે પરોપકારના સમન્વયથી ચાલતી મુંબઈ જૈન યુવક સંઘની પ્રવૃત્તિઓમાં તેઓશ્રીનું યોગદાન અનેરું રહ્યું હતું. વિધવિધ વિષયો અને વિવિધ વક્તાઓ અને લેખકોના સામંજસ્યપૂર્ણ આયોજિત પર્યુષણપર્વની વ્યાખ્યાનમાળાઓ તેમ જ 'પ્રબુદ્ધ જીવન' સંપાદન એ તેમનું અનુપમ યોગદાન છે.

આવી બહુવિધ પ્રતિભાસંપન્ન વ્યક્તિ શ્રી રમણભાઇના દેહવિલયથી દેશ કે વિદેશોમાં તેમનું પ્રત્યક્ષ કે પરોક્ષપણે સતત માર્ગદર્શન મેળવનાર વિદ્યાભૂષણ માટે એક શૂન્યાવકાશ સર્જાયેલ છે તે નિઃશંક છે.

સદ્ગતનો આત્મા પરમ ગતિ પ્રતિ પ્રયાણ કરી ચિરઃશાંતિ પામે તેમજ તેઓશ્રીના આપ્તજનો પરિવારજનોને શાંતિ સમતા પ્રાપ્ત થાઓ એ જ પ્રાર્થના. સદ્ગત શ્રી રમણભાઇના આત્માને મારા અશેષ પ્રણામ...ૐ શાંતિ.

**–વસંતભાઈ ખોખાણીના** આત્મભાવે વંદન,રાજકોટ

x x x

મુ. શ્રી રમણભાઈની આ જગતમાંથી વિદાયથી આપણને સૌને એક અકલ્પનીય એવી ખોટ પડી છે. કાલાંતરે વ્યક્તિની ખોટ પૂરાઈ જાય એમ કહે છે. પરંતુ રમણભાઈ માટે આ વાત સુસંગત નથી. બહુમુખી પ્રતિભા ધરાવતા એવા શ્રી રમણભાઇના એક પાસાને ભુલીએ ત્યાં બીજા પાસાની યાદ આવે. અનેક વિષયોનું જ્ઞાન ધરાવનાર વ્યક્તિ પાસેથી કોઈ ખાલી હાથે પાછું નહિ ગયું હોય.

મૃત્યુના થોડા સમય પહેલાં તેમની સાથે ગાળેલો કલાક-દોઢ કલાકનો સમય અમારા માટે અમૂલ્ય સંભારણું બની રહેશે. અસ્વસ્થ તબિયતે પણ

તેમણે મારા પ્રશ્નનો જવાબ ખૂબ જ સ્વસ્થતાપૂર્વક આપ્યો તે જ તેમની વિદ્વતાની ઝાંખી કરાવે છે. આત્મિયતાપૂર્વકનું તેમનું મારા માટેનું 'ભાભી'નું સંબોધન કાનમાં ગુંજ્યા કરશે.

ખરેખર જૈન સમાજે એક હીરલો ગુમાવ્યો છે. મનના ભાવોને હૃદયની લાગણીઓ વ્યક્ત કરવા શબ્દો પાંગળા પૂરવાર થાય છે.

**રમા-વિનોદની હૃદયપૂર્વકની શ્રદ્ધાંજલિ**

x x x

સૌએ એક સ્વજન ગુમાવ્યા છે, અને મારા માટે એટલે કે, ગીતા માટે તો એક કુટુંબીજન પણ હતા.

અમેરિકાના જૈન સમાજના અગ્રણીઓએ તેમના અવસાનનો શોક પ્રદર્શિત કર્યો છે. મુરબ્બી પરમાનંદભાઇના અવસાન પછી 'પ્રબુદ્ધ જીવન'નું સુકાન થોડા સમય માટે ચીમનભાઈ ચકુભાઈએ સાચવેલું, અને ત્યારબાદ શ્રી રમણભાઇએ બહુ કુશળતાએ એ કામ જીવનના અંત સુધી કર્યું. 'પ્રબુદ્ધ જીવન' એક વિશિષ્ટ પ્રકારનું માસિક છે. એટલે રમણભાઈનું તેના તંત્રી તરીકેનું પ્રદાન બહુ મોટું છે.

**-સૂર્યકાન્ત પરીખ**

x x x

શ્રી રમણલાલ શાહનું ૨૪મી ઑક્ટોબર, ૨૦૦૫ના રોજ અવસાન થતાં આપણને એક સાચા અને સમર્થ સમાજ સેવકની ખોટ પડી છે. તેઓએ શ્રી મુંબઈ જૈન યુવક સંઘના પ્રમુખ તરીકે તથા 'પ્રબુદ્ધ જીવન'ના તંત્રી તરીકે ઘણી સારી લોક-ચાહના મેળવી હતી. સચોટ, માહિતિસભર તથા સરળ ભાષામાં લખેલ અધ્યયન કરવા જેવા તેમના લેખોથી સમાજને જૈન ધર્મનું તથા અન્ય વિષયોનું સુંદર સાહિત્ય મળ્યું છે જે ચિરંજીવ છે અને રહેશે.

તેઓ ગુજરાતી ભાષાના પ્રોફેસર હોવા ઉપરાંત ઘણા બધા વિષયો ઉપર ઊંડી સમજ સાથેનું પ્રભુત્વ ધરાવતા હતા. તેઓ ખૂબ સાદાઇથી રહેતા. તેમના સાદા પહેરવેશ સાથેનો તેમનો કપડાંનો બગલ-થેલો તેમના ટ્રેડ-માર્ક જેવો હતો. હું શ્રી મુંબઈ જૈન યુવક સંઘનો આજીવન સભ્ય થયો પછી સને ૧૯૯૨-૯૩ થી શ્રી રમણલાલના અંગત પરિચયમાં આવ્યો. તેમના વિવિધ વિષયોના જ્ઞાન તથા સરળ ભાષામાં તેને રજૂ કરવાની તેમની શૈલીથી હું ખૂબ જ પ્રભાવિત થયેલ. તેમનામાં માણસ પરખવાની અને તેમની પાસેથી સમાજ ઉપયોગી કામો લેવાની આવડત હતી. કોઇપણ સમસ્યા હોય તેનો શાંતિથી દરેક પાસાનો ચીવટથી અભ્યાસ કરી યોગ્ય નિર્ણય લેવાની તેમની શક્તિ અજોડ હતી. શ્રી મુંબઈ જૈન યુવક સંઘને ટેક્ષ કન્સલ્ટન્ટ તથા લીગલ એડવાઇઝર તરીકે માનદ સેવા આપવાની મારી ઇચ્છાને વાચા આપવા શ્રી રમણભાઇએ મને સંઘના કાર્યવાહક સમિતિના સભ્ય તરીકે સ્થાન જ આપી સેવા કરવાનો મોકો આપ્યો તેનો મને આનંદ છે.

**-વલ્લભદાસ રામજી ધેલાણી**, શ્રી મું.જૈ.યુ.સંઘકારોબારી સભ્ય

x x x

**પૂજ્ય રમણભાઈ**

હું બહારગામ યાત્રાએ કે પ્રવાસે
ગયો હોઉં અને
તમે જેમ વર્તો, તેમ વર્તજો.
હું તમારાથી દૂર ક્યાં છું ?
બની શકે તો થોડોક સ્વાધ્યાય કરજો.
એમાં જાતને પરોવજો.
તમારા પ્રોફેશનનું ગૌરવ વધારજો.
સમજણભરી સરળતા પ્રગટાવજો.
થોડાંક દિલમાં જગા મેળવજો.
હું તમારાથી દૂર ક્યાં છું ?
મારી આંખો તમને બધાંને જુએ છે.
જયાં શ્રાવકની સાધના છે ત્યાં હું છું.
જ્યાં અપ્રમાદની આરાધના છે ત્યાં હું છું.
મેં સદાય માણસ બનવાની કોશિશ કરી છે.
મેં બાહ્યાંતર પ્રવાસમાં સૌન્દર્યનું પાન કર્યું છે.
તમે પણ જીવનમાં જે કંઈ સુંદર છે તેને જાળવજો.
હું તમારાથી દૂર ક્યાં છું ?
શરદનું નિરભ્ર આકાશ અને નદીનાં
નીતર્યાં નીર જોતાં
હું તમને યાદ આવીશ.
મેં તમારા હૃદયમાં જગા મેળવી છે.
મારે યશોવિજયજી, ઉદયરત્નજી,
આનંદઘનજી, સમયસુંદરજી સૌને મળવું છે.
મારે હવે ફેરા પણ કેટલા રહ્યા ?
છતાં હું તમારાથી ક્યાં દૂર છું ?
હું યાત્રામાં હોઉં અને તમે જેમ
વર્તો તેમ વર્તજો.
હું તમારાથી દૂર ક્યાં છું ?

**-ગુલાબ દેઢિયા**, સાહેબનો એક વિદ્યાર્થી

x x x

'મુંબઈ જૈન યુવક સંઘે તેમ જ 'પ્રબુદ્ધ જીવન'એ તો એક મહામૂલો કાર્યકર ગુમાવ્યો પરંતુ સમસ્ત જૈન સંઘે એક અમૂલ્ય રત્ન ગુમાવ્યું.

પ્રભુ તેમનો અમર આત્મા જ્યાં હોય ત્યાં ચિરઃશાંતિ અર્પે એ જ પ્રાર્થના.

**લિ. કેશવજી રૂપસી શાહના** સપ્રેમ પ્રણામ (લંડન)

x x x

પૂજ્ય (ડૉ.) રમણભાઈના આકસ્મિક દેહાવસાનના સમાચાર જાણી અમો સહુને ખૂબ આઘાત લાગ્યો છે. બ્રહ્મલીન પૂ. ડૉ. અધ્વર્યુજી (પૂ. બાપુજી) સાથેનો તેમનો અને આપનો અતૂટ નાતો શિવાનંદ પરિવારના કાર્યકરો માટે પણ સબળ પ્રેરણા આપનારો બની ગયો હતો અને અમો સહુ પણ આ અલૌકિક લાભ મળવા બદલ અમારી જાતને ધન્ય બનાવી શક્યાં છીએ.

સ્વ. પૂ. રમણભાઇની જીવનના તમામ ક્ષેત્રોની ઉપલબ્ધિ, વિદ્વતા અને ખાસ તો માનવતાવાદી અભિગમને લીધે ગુજરાતની અનેક સેવાભાવી સંસ્થાઓને ખૂબ લાભ મળ્યો છે. તેઓશ્રી હર હંમેશ સહુના હૃદયમાં વિરાજમાન રહેશે અને પરમ કૃપાળુ પરમેશ્વર પણ આ અતિ પવિત્ર આત્માનાં ઉર્ધ્વગમનથી ધન્ય થયા હશે.

ૐ શાંતિ જય જિનેન્દ્ર.

**-અનસૂયા ધોળકીયા, શિવાનંદ પરિવારનાં પ્રમુખ તથા ટ્રસ્ટીઓ**

x x x

ધર્મપ્રિય તારાબેન અને તમારો પ્રેમી પરિવાર

છ મહિનાથી ધર્મયાત્રા નિમત્તે ભારત બહાર હતો. આવતાં જ તમારા ફોનથી શ્રી રમણભાઈના પાછા થયાના સમાચાર સાંભળ્યા. આવા વિયોગના સમાચાર આપતાં પણ તમે જે ચિત્તથી સ્વસ્થતા જાળવી છે તે તમારી સમજણ અને સાધનાનું પરિણામ છે.

શ્રી રમણભાઈ ગયા નથી પણ પાછા થયા છે. ધર્મી આત્માઓની વિદાય એ તો પશ્ચિમમાં પણ farewell કહેવાય છે.

આપણે જાણીએ છીએ કે જ્યાં જન્મ છે, ત્યાં મૃત્યુ છે જ, ભલે અજ્ઞાનીને દેખાતું ન હોય, ભલે પ્રતિષ્ઠા અને પાપાનુબંધી પુણ્યને લીધે એ મોહમાં મસ્ત હોય પણ મૃત્યુ તો જન્મમાં છુપાયેલું છે જ.

જન્મ અને મરણ રાત અને દિવસની જેમ અનાદિ કાળથી મોહમત્ત આત્માઓને કાળચક્રમાં ભમાવ્યા જ કરે છે પણ જેને નમો અરિહંતાણનું અમૃત અંતરમાં ઉતરી ગયું છે એને તો સાધનાને અંતે આવતું મૃત્યુ મુક્તિ પ્રત્યેનું પ્રયાણ છે. રાગદ્વેષને પાતળા કરતાં કરતાં પોતાના પરમાત્મ સ્વરૂપનું દર્શન કર્યાનો ઉત્સવ છે.

શ્રી રમણભાઈ સ્થૂલ દેહે નથી પણ એમણે જે ધર્મવર્ધક કાર્યો કર્યા છે,

વિશ્વવિદ્યાલયમાં વિદ્યાર્થીઓને અભ્યાસ કરાવ્યો છે, જૈન યુવક સંઘના નેતૃત્વમાં ચાલતી પર્વાધિરાજ પર્યુષણની વ્યાખ્યાનમાળામાં પ્રાણ પૂર્યા છે અને જે સાહિત્ય સર્જ્યું છે તે તો અક્ષર દેહે જીવંત છે જ.

ધર્મી આત્માઓની વિદાય આત્મ જાગૃતિનું પ્રભાત બનો એવી અભ્યર્થના.

–ચિત્રભાનુ

અમોને મળેલા સંદેશાઓના સ્થળ સંકોચને કારણે અહીં વાક્યાંશો જ પ્રસ્તુત કર્યા છે. ઉપરાંત જેમ જેમ અને જ્યારે જ્યારે સંદેશા મળ્યા એ રીતે ક્રમમાં મૂકતા ગયા છીએ.

આપ સર્વેના ભાવ માટે સંઘ અંતઃકરણપૂર્વક આભારની લાગણી વ્યક્ત કરે છે.

–તંત્રી

XXX

## Tributes Paid to Late Shri Ramamlal C. Shah

The Chandaria Family is distressed to learn of the sad demise of Dr. Ramanlal Shah

We extend our Heartfelt condolences on your sad loss.

With Ramanbhai, we had a long and intimate connection

He was the first person, along with Taraben to be invited by my late brother Devchandbhai for a lecture tour in the UK to further the cause of Jainism

We had the pleasure of enjoying your company and your wisdom.

He served as a professor of Gujarati and Jainism with distinction

He held the distinguished position as The President of Jain Yuvak Sangh for many years We shall all miss him.

We feel how his loss affects you but as a learned person you know All lives have to travel the same path once.

Please keep courage and console your family.

May Bhagwan Mahavir grant you the strength to bear his vacuum

Kindly take comfort in the fact that All throughout his life Ramanbhai gave his best.

In sympathy.

**RATIBHAI**

On behalf of Chandaria Family

26th October, 2005

XXX

We came to know about the sad demise of your Dr. Ramanlal C. Shah. It is shocking news for everybody. It has created a loss to your family members, but it is a severe loss to our family members too.

He was a man of vision. A well-read scholar, having an excellent knowledge of Jainism, an editor of Prabuddhjivan, a man of lovely nature-completely interested in the upliftment of Jains, a profound reader and a great writer-written many books for the mass and class.

A writer is always alive through his writings so how can we believe him as dead.

We have a great loss, but it is all destiny.

May God give you strength to bear this heavy loss. Let his soul have the deep peace for his journey after death.

**Kapoor Chandaria**

XXX

Since every death diminishes us a little, we grieve not so much for the death as for ourselves. (Lymn Caine)

**-Mahendra Meghani**, Bhavnagar

XXX

Pujya Ramanbhai was great scholar, a social reformist and above all a great human being. We are deeply saddened on hearing about his death. May his soul rest in eternal peace.

**Vinod Kapashi**

President Mahavir foundation-U.K.

XXX

I heard the sad news of the demise of Adarniya Dr. Shri Ramanlal C. Shah

Destiny must have made a decision that I was not to meet him in person, as was planned by us, but failed to materialise, several times.

It is a sad loss and one that will affect not only his immediate family, but also the Jain community at large, the scholars if his like, and the academic fraternity with which he was involved for so many years.

His services to the community through his position as a professor, as an active Jain youth, and as a scholar of Jainism will be missed and remembered for ever.

May the forces of karma render eternal peace to the departed soul and give his family the strength to bear this loss with equanimity.

Om Shanti ! Shanti !! Shanti !!!

**Harshad N. Sanghrajka**

XXX

We have learnt with great distress the demise of Dr. Ramanbhai Shah. He was humble and noble soul full of virtues, patience and compassion. He sat example of high standards in public life for young and old. He was highly admired and respected member of the community. I never missed reading, books which he had authored and the articles in Prabudhh Jivan newsletter.

His passing away has left a void in our lives which will remain un-filled.

We extend our heartfelt condolences and join you in prayers for eternal bliss of the departed soul.

**Meena & Nemu Chandaria**-DUBAI

XXX

The Death is unvoidable and we all have to surrender ourselves against the will of Almighty.

We PRAY GOD to give an eternal peace to the DEPARTED SOUL.

We EXPRESS OUR HEARTFELT CONDOLENCE on this most painful berevement.

WE PRAY GOD to give you all enough strength to bear this misfortune.

**Shri MAHASUKHBHAI M. SHAH**

XXX

With Ramanbhai, we had very, very old relation and after coming to Kenya once with Rana Bahen Vora and again with Mahendrabhai Mehta and Asha Bahen. Our whole Jain community and friends will have big loss of this great soul. He was very kind and helpful to us all. He has given us all a lot of Jain knowledge and guidence while I was sick in Mumbai with his prayers and blessings, gave me Mantra to do Mala.

Really Jain Community will have great loss of this religious leader. Our Jai Jinendra and Vandan to you all. With regards, Om shanti, shanti, shanti.

**Kundanbhai-Jyotsna**
**Doshi & Sanghrajka Family and**
**all our Nairobi Jain Community and**
**Jaipur Foor Amputees**

XXX

# શોક ઠરાવ

શ્રી મુંબઈ જૈન યુવક સંઘના પ્રમુખ શ્રી રસિકલાલ લહેરચંદ શાહના પ્રમુખસ્થાને તા. ૮-૧૧-૨૦૦૫ના સાંજે છ વાગે સંઘની ખેતવાડી-મુંબઈની વર્તમાન ઑફિસમાં મળેલી સંઘની કાર્યવાહક સમિતિની મિટીંગ, તેમજ તા. ૧૨-૧૧-૨૦૦૫ના સાંજે સાડા પાંચ વાગે મારવાડી વિદ્યાલય-મુંબઈમાં મળેલી સંઘની વાર્ષિક સામાન્ય સભામાં શ્રી મુંબઈ જૈન યુવક સંઘના ભૂતપૂર્વ પ્રમુખ તેમ જ સંઘ આયોજિત પર્યુષણ વ્યાખ્યાનમાળાના પ્રમુખ અને 'પ્રબુદ્ધ જીવન'ના તંત્રી ડૉ. રમણલાલ ચી. શાહના તા. ૨૪-૧૦-૨૦૦૫ના થયેલા દેહવિલયથી ઊંડા શોકની લાગણી સર્વ ઉપસ્થિત સભ્યોએ વ્યક્ત કરી નીચે મુજબનો શોક ઠરાવ પસાર કર્યો હતો.

ડૉ. રમણલાલ શાહે પોતાના આયુષ્યના ૭૯ વર્ષમાંથી ૪૩ વર્ષ આ સંઘને ચરણે ધર્યાં હતાં. એઓશ્રી આ સંસ્થાના આત્મા હતા અને સંઘને અનેરી ઊંચાઈએ લઈ જનારા એક રાહબર અને કલ્પનાશીલ ચિંતક હતા.

૧૯૬૨માં એઓશ્રી સંઘની સમિતિના સભ્ય બન્યા. ૧૯૩૧ થી આરંભાયેલ પર્યુષણ વ્યાખ્યાનનું ૧૯૭૨ માં એઓશ્રીએ પ્રમુખસ્થાન આ વર્ષ સુધી સતત ૩૩ વર્ષ સુધી શોભાવ્યું. જે વ્યાખ્યાનમાળાના પ્રમુખસ્થાને એઓશ્રી પહેલાં પ્રકાંડ મહાનુભાવ વિદ્વાનો શ્રી કાકા કાલેલકર, પંડિત સુખલાલજી અને પ્રા. ગૌરીપ્રસાદ ઝાલા બિરાજ્યા હતા. ડૉ. રમણલાલે વ્યાખ્યાનમાળાનું ચિંતનસ્તર માત્ર જાળવી રાખ્યું જ નહોતું, પણ વ્યાખ્યાનમાળામાં વિદ્વાન ચિંતકો, શ્રી ચીમનલાલ ચકુભાઈ, ફાધર વાલેસ, પુરુષોત્તમ માવલંકર, પૂ. મોરારિબાપુ અને અનેક વિષયોના તજજ્ઞો તેમજ જૈન ધર્મના સર્વ સંપ્રદાયના મુનિ ભગવંતો અને પ્રકાંડ પંડિતોને આમંત્રી એઓ સર્વેના મુખેથી જ્ઞાન-ચિંતનની ગંગોત્રી વહાવડાવવામાં નિમિત્ત બન્યા હતા. ઉપરાંત નવા વિદ્વાન વ્યાખ્યાતાઓને પણ પ્રોત્સાહિત કર્યા હતા. વિવિધ વિષયોનું વિષદ ચિંતન અને સર્વ ધર્મ સમભાવના વ્યાખ્યાનમાળાના આ ઉદ્દેશ અને આત્માને એઓશ્રી પૂરેપૂરા સમર્પિત રહ્યાં હતાં.

આ વ્યાખ્યાનમાળા માત્ર બૌદ્ધિક વિકાસ અને ઉપદેશ મંચ જ ન બની રહે, પણ એથી વિશેષ આ પુણ્ય-પર્વના દિવસો દરમિયાન સમાજ ઉપયોગી પ્રદાન-પ્રવૃત્તિ થાય એ માટે એઓશ્રીએ પ્રત્યેક વ્યાખ્યાનમાળા દરમિયાન ગુજરાતના પછાત પ્રદેશની સંસ્થાઓ માટે દાન એકત્રિત કરવાની પ્રેરણા પણ આપી, જેથી એ સંસ્થાને મદદ ઉપરાંત સમાજના આમ આદમીને પણ દાન આપવાની તક મળે. આ રીતે અત્યાર સુધી લગભગ અઢી કરોડ રૂપિયા જેટલી રકમ ગુજરાતની ૨૧ સંસ્થાઓ સુધી પહોંચી છે અને એ સર્વે સંસ્થાઓએ આજે પ્રગતિની હરણફાળ ભરી છે અને સમાજને ઉપયોગી બની છે.

ડૉ. રમણભાઈ શાહનું આ કલ્પન અનન્ય અને અનેક સંસ્થાઓ માટે પ્રેરક છે, જે જાળવી રાખવા માટે આ સંસ્થાના ભવિષ્યના કાર્યકરો વચનબદ્ધ રહેશે.

૧૯૩૨ માં પ્રારંભાયેલું આ સંઘનું મુખપત્ર સામયિક 'પ્રબુદ્ધ જૈન' જે ૧૯૫૩માં 'પ્રબુદ્ધ જીવન' બન્યું. આ માતબર અને વૈચારિક સામયિકનું સુકાન પ્રારંભમાં શ્રી ચંદ્રકાંત સુતરિયા, શ્રી મણિલાલ મોકમચંદ શાહ, શ્રી પરમાણંદ કુંવરજી કાપડિયા અને અન્ય મહાનુભાવ વિદ્વાનો તેમ જ તેજસ્વી બુદ્ધિવંત શ્રી ચીમનલાલ ચકુભાઈ શાહ પછી ૧૯૮૨ થી આજ દિવસ સુધી, જીવનના છેલ્લા શ્વાસ સુધી, એટલે કે સતત ૨૩ વર્ષ સુધી તંત્રીપદે રહી સંભાળ્યું અને ડૉ. રમણભાઈની નિષ્ઠાથી આ સામયિક ગુજરાતી ભાષી અન્ય સામયિકોની કક્ષાથી અનેક રીતે વિશિષ્ટ બની રહી ગુજરાતીભાષી વિદ્વાનોની અનન્ય પ્રશંસાને પાત્ર બન્યું છે.

શ્રી મુંબઈ જૈન યુવક સંઘના પ્રમુખસ્થાને ડૉ. રમણભાઈ ૧૯૮૨માં સર્વે સભ્યોના આગ્રહથી બિરાજ્યા, અને પોતાની ૭૦ વર્ષની ઉંમર પછી કોઇ પણ સામાજિક સંસ્થાના કોઈ હોદ્દા ઉપર ન રહેવાની એઓશ્રીએ પ્રતિજ્ઞા લીધી હતી એટલે સંઘના પ્રમુખસ્થાનેથી એઓશ્રીએ ડિસેમ્બર ૧૯૯૬માં સ્વેચ્છિક નિવૃત્તિ લીધી. આમ સતત ૧૪ વર્ષ સંઘના પ્રમુખસ્થાને બિરાજી, એઓશ્રીના માર્ગદર્શન હેઠળ સંઘે અનેક ક્ષેત્રે ઉંચાઈ પ્રાપ્ત કરી હતી. પ્રમુખ સ્થાનેથી નિવૃત્ત થયા પછી પણ જીવનના અંતિમ શ્વાસ સુધી સંઘની પ્રત્યેક પ્રવૃત્તિ સાથે એઓ પૂરા તન, મન, ધનથી સક્રિય રહ્યા હતા.

ગુજરાતી અને જૈન સાહિત્ય ક્ષેત્રે ડૉ. રમણભાઇનું પ્રદાન અનન્ય છે. લગભગ ૧૧૫ થી વધુ પુસ્તકો અને ગ્રંથોનું એઓશ્રીનું સર્જન, એ પણ વિવિધ વિષયો અને વિવિધ સ્વરૂપે, એમાંના કેટલાંક ગ્રંથોનું સર્જન તો એવું કે એ એક એક ગ્રંથ પીએચ.ડી.ની અને એથીય આગળ ડી.લીટની ઉપાધિ માટે સમર્થ. આ બધાં પુસ્તકોની યાદી પ્રસ્તુત કરવી અહીં શક્ય નથી. આમાંના કેટલાંક પુસ્તકોના પ્રકાશન કરવાનો યશ એઓશ્રીએ આ સંઘને આપ્યો, સંઘ એનાથી યશસ્વી બન્યું છે, સંઘનું આ સદ્ભાગ્ય !

પોતાના આ વિપૂલ સર્જનના કોપીરાઇટના હક્કનું પોતે જ વિસર્જન કરી ગુજરાતી અને સમગ્ર સાહિત્ય ક્ષેત્રે એક વિરલ દૃષ્ટાંત સર્જ્યું છે. આવા અમૂલ્ય ત્યાગ માટે સમગ્ર સાહિત્યજગત સદાનું એઓશ્રીનું ઋણી રહેશે.

ઉચ્ચ શિક્ષણ પામી એઓશ્રી પ્રાધ્યાપકથી મુંબઈ યુનિવર્સિટીના ઉચ્ચસ્થાને પહોંચી અનેક વિદ્વાનો અને પૂ. સાધ્વીશ્રીઓના પીએચ.ડી. માટે માર્ગદર્શક બન્યા હતા.

એઓશ્રીના સર્જનમાં ઊંડો મર્મ અને ઊંચું તત્ત્વ છે. સત્ય શોધનની અભિલાષા અને સત્ય પામ્યાની અનુભૂતિની અનુભૂતિ ભાવકને થાય એવી સરલ એઓશ્રીની ભાષા હતી. શબ્દ, અર્થ અને ધ્વનિની સુંદરતા અને ભવ્યતાનો ગુંજારવ એઓશ્રીના સાહિત્યમાંથી રણકે છે.

પોતાના સ્વપુરૂષાર્થે અનેક સિદ્ધિઓ પ્રાપ્ત કરનાર ડૉ. રમણભાઇના જીવન અને સર્જનમાં એકરૂપતા હતી. આવી ઋષિતૂલ્ય વ્યક્તિ ભાગ્યે જ જન્મે છે.

સંઘ પ્રત્યેની એઓશ્રીની આવી અનેક ક્ષેત્રે દીર્ઘ સેવાનું ઋણ તો ચૂકવવું અશક્ય જ છે.

પરંતુ અમારા આત્મસંતોષ અર્થે નક્કી કર્યું છે કે 'પ્રબુદ્ધ જીવન'નો નવમ્બરનો અંક એઓશ્રી પ્રત્યે 'શ્રદ્ધાંજલિ' અંક તરીકે અને ડિસેમ્બરનો અંક 'સ્મરણાંજલિ' રૂપે પ્રગટ થાય. જેમાં એઓશ્રી સાથે સંપર્કમાં આવેલા મહાનુભાવો પોતાના સ્મરણો પ્રસ્તુત કરશે કે જે ભાવિ પેઢીને માર્ગદર્શક અને પ્રેરક બનશે.

ઉપરાંત એઓશ્રીના વિપુલ સાહિત્યનો સંચય કરી પાંચ ગ્રંથો 'ડૉ. રમણલાલ શાહ સાહિત્ય સૌરભ' શીર્ષકથી પ્રકાશિત થશે, તેમ જ આજ સુધી વિવિધ વિષયો ઉપર ડૉ. રમણભાઇએ પર્યુષણ વ્યાખ્યાનમાળા તેમ જ અન્ય સ્થળે પ્રવચનો આપ્યા છે એ સર્વે વ્યાખ્યાનોની સી.ડી.નું પણ નિર્માણ થશે.

આવા મહાન આત્માને આજે અંતરની શ્રદ્ધાંજલિ અર્પી, એઓ સાથેના સહવાસ અને કાર્ય દરમિયાન અમારા કોઈ થકી એઓશ્રીને ક્યાંય પણ દુઃખ પહોંચાડ્યું હોય તો એ આત્માની.અમે અંતરથી ક્ષમા માગીએ છીએ.

જો કે ડૉ. રમણભાઈ તો એવા ઋષિચરિત અને પ્રેમના ભંડાર હતા, અને આ બધાથી તો એઓ પર હતા.

આ આત્મા જ્યાં છે ત્યાં શાંતિમાં જ બિરાજમાન હોય.

આ ઠરાવથી અમો સર્વે એઓશ્રીના કુટુંબીજનો પ્રત્યે સહાનુભૂતિ અને દુઃખ ભાગી થઈએ છીએ, અમે પણ એમના કુટુંબીજનો જ છીએ, શૂન્યાવકાશ સહન કરવા માટે કુદરત આપણને સત્ત્વ અને તત્ત્વ આપે, એ પ્રાર્થના.

ૐ અરિહંત શરણ

ૐ શાંતિ ૐ શાંતિ ૐ શાંતિ.

—રસિકલાલ લહેરચંદ શાહ

પ્રમુખ, મુંબઈ જૈન યુવક સંઘ

તા. ૮ અને ૧૨ નવેમ્બર, ૨૦૦૫

Printed & Published by Nirubahen S. Shah on behalf of Shri Mumbai Jain Yuvak Sangh and Printed at Fakhri Printing Works, 312/A, Byculla Service Industrial Estate, Dadaji Konddev Cross Road, Byculla, Mumbai-400 027. And Published at 385, SVP Rd., Mumbai-400004. Temparary Add. : 33, Mohamadi Minar, 14th Khetwadi, Mumbai-400004. Tel.: 23820296. Editor: Dhanvant T. Shah